એક સાંજને સરનામે

કાજલ ઓઝા - વૈદ્ય

VISIT…

LANZAROTE Caliente.COM


એક સાંજને સરનામે
કાજલ ઓઝા - વૈદ્ય

એક સાંજને સરનામે

કાજલ ઓઝા વૈદ્ય

EK SANJNE SARNAME
Novel Written by Kajal Oza - Vaidya

kaajalozavaidya@gmail.com

First Edition 2009
This Epub Edition 2016

ISBN: 978-00-80000-01-0

eBook by





www.e-shabda.com

અર્પણ

શ્રી સી. બી. પટેલ અને

'ગુજરાત સમાચાર' (લંડન) પરિવારને...

સ-સ્નેહ.

સ-આદર...

પ્રસ્તાવના

સાચો પ્રેમ કઈ ઉંમરે થાય?

જે વ્યક્તિ હયાત ન હોય, એને યાદ કરીને તરફડવું એ વફાદારી છે?

કે પછી, જિંદગીને ભરપૂર માણવી...એનું નામ જિંદગી છે?

પુનર્જન્મની જેમ પુનઃ પ્રેમ થતો હશે?

મહેન્દ્રને આ સવાલ પૂછે છે એની જિંદગી!

લીનાના મૃત્યુ પછી મહેન્દ્રના જીવનમાં પ્રવેશે છે રીમા...

અને, સર્જાય છે જાત સાથેનું દ્વંદ્વ...

આપણે બધા જાત સાથે લડતા રહીએ છીએ. પ્રેમને નહીં સ્વીકારવો એ પુરુષની ફિતરત છે અને સતત પ્રેમમાં રહેવું એ સ્ત્રીની પ્રકૃતિ.

સ્ત્રીને ફના થઈ જવું છે. એક એવા માણસ સાથે, જે એનો “ગમતો પુરુષ” છે.

ગમતો પુરુષ એટલે જેનામાં વિચક્ષણ બુદ્ધિ હોય, જે સારું વાંચી શકે, સારું લખી શકે, અભિવ્યક્ત થઈ શકે અને છતાં સ્ત્રીની, પોતાની સ્ત્રીની સામે હથિયાર નાખીને દલીલ ન કરતાં હાર સ્વીકારી શકે... ગમતો પુરુષ એટલે તૂટેલા બટન સાથે પત્ની કે પ્રેમિકાની સામે ઊભો રહીને બટન ટંકાવતાં એને બાહુપાશમાં જકડીને એક ચુંબન ચોરી શકે અને સિનેમા થિયેટરના અંધારામાં દસ વર્ષ જૂની પત્નીનો હાથ પકડીને એની સંવેદનાના તાર રણઝણાવી શકે એ.

દરેક સ્ત્રીની ગમતા પુરુષની વ્યાખ્યા જુદી હોય છે અને તોય જો એ વ્યાખ્યાઓને સરખાવવામાં આવે તો જુદા જુદા ધર્મોની જેમ એક જ અર્થ, એક જ સંદેશ આપે છે.

સ્ત્રી માટે ગમતો પુરુષ એટલે જેના ખોળામાં માથું મૂકીને મરી શકાય તે.

જેના ખભે માથું મૂકો ને હિમાલયની ઠંડક તમારા આખા શરીરમાં વ્યાપી જાય ને છતાં જેનાં ટેરવાં તમારી ચામડી પર ધગધગતા અંગારાની જેમ ફરી વળે તે. તમે ખોબો માગો અને દરિયો આપે તે, જેના બાહુપાશમાં ઘર સમાઈ જાય તે.

જાહેરમાં ઢગલાબંધ માણસોની વચ્ચે તમને હાથ પકડીને સ્વીકારે તે, નફ્ફટની જેમ લિફ્ટમાં બે માળની વચ્ચે ચૂમી શકે કે જેને અડકો અને લજામણીના છોડની જેમ લજવાઈ જાય તે...

તમે કહ્યું પણ ના હોય અને એને સમજાઈ જાય અને તમે કલાકો સમજાવો તોય જેના જડ ભેજામાં પોતે જે માને છે તે જ સત્ય એવી ગાંઠ ચસોચસ વળેલી હોય - તમે જેમ સમજાવો એમ વળતી જાય!

ગમતો પુરુષ એટલે પોતાની સ્ત્રીની પાછળ લાખો રૂપિયા આંખ મીંચીને ઊઘડે એટલી વારમાં ખર્ચી શકે એવો દિલદાર અને પોતાને માટે કાઈ ખરીદવા જાય ત્યારે પણ પત્ની કે પ્રેમિકા માટે એટલિસ્ટ ચોકલેટ લઈ આવે એવો શાહુકાર! ફોન ઉપર 'આઇ મિસ યુ' કહેતા જેને ડૂમો ભરાય અને બેડરૂમના બંધ બારણામાં ઝઘડા કરતી વખતે જે પ્રામાણિકતાથી કહી શકે, 'તને પરણીને 'તને પરણીને મારી જિંદગી બરબાદ થઈ ગઈ' તે...

તમારી મુશ્કેલીમાં, સવાલોમાં, સમસ્યાઓમાં આવીને તમારી બાજુમાં ઊભો રહે, તમે કહો નહીં ત્યાં સુધી મદદ ના કરે, પણ તમારી આંખમાં લખેલી પીડાને વાંચીને એની આંખોથી તમને જે સધિયારો આપે એ મંદિરમાં ઈશ્વરની મૂર્તિની સામે ઊભા રહીને પણ ના મળે!

ગમતો પુરુષ એટલે ગુનેગાર પત્નીને એક તમાચો મારીને ભાનમાં લાવે, અને ક્યારેક જાતે જ જઈને એને એના પ્રેમી સુધી પહોંચાડી આવે.

આખી જિંદગી રીમા એક ગમતા પુરુષને શોધતી રહી. એની આંખ ઊઘડી ત્યારે એને સમજાયું કે એનો ગમતો પુરુષ તો એની નજર સામે જ હતો આટલાં વર્ષ! જે હાજર નથી એને સતત પોતાની નજર સામે અનુભવતી રીમા પોતાના વ્યક્તિત્વની શોધમાં ફરી એક વાર પ્રવાસે નીકળી ગઈ...

રીમાનો આ પ્રવાસ ક્યાંય પહોંચતો નથી. એનો દરેક પડાવ સ્ત્રી સંવેદનની એવી કથા છે કે જે સ્ત્રી માત્રને ભીડમાં ઘસાઈને, અથડાઈને નીકળે છે.

પારુલ, પમ્મી, માધવી અને રીમા જેવી સ્ત્રીઓ આપણને મળતી રહે છે. સોનાલી અને દેવીના આપણી જિંદગીના ભાગ છે. આ સતત વિસ્તરતા પ્રવાસમાં ક્યાંકથી શરૂ કરીને ક્યાંક પહોંચવાના ઉદ્દેશથી લખાય છે એક પત્ર અને પોસ્ટ થઈ જાય છે "એક સાંજને સરનામે"...

કાજલ ઓઝા વૈદ્ય

308, સુપર પ્લાઝા
સંદેશ પ્રેસ રોડ
વસ્ત્રાપુર, અમદાવાદ-15
ફોન: 26767334

1

મહેન્દ્ર આકાશમાં જોઈ રહ્યો હતો. મુંબઈનું મેલું આકાશ કેસરી થઈ ગયું હતું. સૂરજ ડૂબી ગયા પછીની એક અજબ લાલી મુંબઈના દરિયાને પણ કેસરી રંગે રંગી રહી હતી.

વિશાળ તેજસ્વી કપાળ, નમણું નાક ધરાવતો ચહેરો, ઘઉંવર્ણીથી પણ સહેજ વધુ ડાર્ક કહી શકાય એવી ત્વચા, લગભગ બધા જ કાળા, પરંતુ કાન પાસે અને કપાળ પાસે ધીરે ધીરે ધોળા થઈ રહેલા વાળ, રીમલેસ ચશ્માની પાછળ તેજસ્વી આંખો અને 44 વર્ષે પણ બાળક જેવું સ્મિત ધરાવતા મહેન્દ્ર પારેખના ધોળા વાળ બાદ કરો તો કોઈ પણ માણસ એને આસાનીથી પાંત્રીસ-છત્રીસની ઉંમરનો ધારી લે.

રોજ જીમમાં જવાની આદતે એનું પેટ 44 વર્ષે પણ તદ્દન ફ્લેટ રાખ્યું હતું. પહોળા ખભા એની વીતી ગયેલી મહેનતકશ જિંદગીની સાક્ષી પૂરતા હતા. મજબૂત કાંડાં અને બાવડાં, લાંબી આંગળીઓ, ડાબા હાથની ત્રીજી આંગળી પર જે સોલિટેર હતો એની કિંમત જોતાં મહેન્દ્ર પારેખની હેસિયત બહુ સ્પષ્ટ થઈ જતી હતી.

બહાર લગાવેલી નિયોનનો બ્લ્યુ પ્રકાશ મહેન્દ્રના ચહેરા પર પડતો હતો. દસમા માળની ઑફિસની બહાર "મહેન્દ્ર પારેખ સ્ટોક ઈન્વેટર્સ" લખેલી નિયોન અંધારું થવાની તૈયારી સાથે ઝળહળી ઊઠતી.

'મહેન્દ્ર પારેખ સ્ટોક ઈન્વેટર્સ' મુંબઈ શહેરનું એક આદરથી લેવાતું નામ હતું. છેલ્લાં 20 વર્ષમાં એક પણ વાર મહેન્દ્ર પારેખે કરેલો સોદો ઊલટો નહોતો થયો. લેણદારની પાઈ પાઈ ચૂકવી દેવાની આ કંપનીની શાખ હતી. એના માલિક મહેન્દ્ર પારેખ મુંબઈ શહેરના કરોડપતિઓમાંના એક ગણાતા.

'એક્સપ્રેસ બિલ્ડિંગ'ની સહેજ જ આગળ બે જ બિલ્ડિંગ છોડીને ઓબેરોય પછી મહેન્દ્ર પારેખની ઑફિસ હતી.

મુંબઈ શહેરના મોટા ભાગના ગુજરાતી અને મારવાડી શેઠિયાઓ મહેન્દ્ર પારેખની ટિપને આખરી શબ્દ જેટલું માન આપતા. મહેન્દ્ર પારેખ પોતે ક્યારેય સટ્ટો નહોતા કરતા, પણ સટ્ટો કરનારા બધા જ મોટી રકમ નાખતા પહેલાં એક વાર મહેન્દ્રભાઈની સલાહ પૂછવાનું મુનાસિબ સમજતા. સામાન્ય રીતે મહેન્દ્ર પારેખની સલાહ સામેવાળા માટે કમાણી જ લઈ આવતી.

દસમા માળે આવેલી એની ઑફિસમાંથી બહાર જોઈ રહેલા મહેન્દ્રને આજે આખું શહેર ઉદાસ લાગતું હતું, કારણ કે મહેન્દ્ર આજે રોજ કરતાં સાવ જુદા મૂડમાં હતો. આજે એનું મન રહી રહીને ડૂબવા માંડતું હતું. જિંદગીનાં આટલાં બધાં વર્ષોમાં ક્યારેય આવી હતાશા કે નિરાશા નહોતી થઈ. દરેક પરિસ્થિતિનો સામનો કરવો એ મહેન્દ્રની પ્રકૃતિ હતી.

આજે પહેલીવાર આવી પડેલી આજની પરિસ્થિતિ મહેન્દ્રને નખશિખ ધ્રુજાવી ગઈ હતી. એણે ક્યારેય નહોતું કલ્પ્યું એવી પરિસ્થિતિ એના ટેબલ પર બંધ કવરમાં પડી હતી.

એ કવર ખોલીને જોવાની મહેન્દ્રની તાકાત ન હતી. જોકે એ કવરના બંધ કાગળમાં જે લખ્યું હતું એની મહેન્દ્રને જાણ તો હતી જ તેમ છતાં એ ખોલીને વાંચવાની એની હિંમત નહોતી થતી!

એની ઑફિસના દસમા માળેથી દેખાતો ક્વીન્સ નેકલેસનો ટ્રાફિક સડસડાટ ચોપાટી ભણી દોડી રહ્યો હતો. પોતપોતાના ઘર તરફ જવાની શુક્રવાર સાંજની ઉતાવળ મુંબઈગરાઓમાં છલકાઈ રહી હતી. બી.ઈ.એસ.ટી.ની લાલ બસ, લાંબી-ટૂંકી ગાડીઓ અને ટેક્સીઓ તે અર્ધ ગોળાકાર રસ્તા પરથી થઈને સડસડાટ પસાર થઈ રહી હતી. આસપાસની બિલ્ડિંગમાંથી નીકળતા માણસો જાણે કીડીના દરમાંથી ઊભરાતા કીડિયારાની જેમ બસ-ટ્રેન ટેક્સી પકડવા ઘાંઘા-વાંઘા થઈને દોડી રહ્યા હતા.

મુંબઈ શહેરનું એક વધુ અઠવાડિયું પૂરું થયું હતું!

હવે આવનારા બે દિવસ પગ લંબાવીને જીવવાના દિવસો હતા. સોમવારની સવારે ફરી એક વાર જિંદગીની લડાઈમાં જોડાઈ જવા માટે ફેફસાં ભરી લેવાના દિવસો હતા. સોમથી શુક્ર માત્ર મશીન બનીને દોડતા મુંબઈગરાઓ ધીમે ધીમે આજની સાંજ ઢળે તે પહેલાં માણસ બનવાના હતા, બની રહ્યા હતા.

સોનેરી સાંજ આંખોમાં છલકાઈ રહી હતી, જે સૂરા બનીને કંઈકેટલાય ગળાની નીચે ઊતરી જવાની તૈયારી હતી.

લેન્ડ્સ એન્ડ નરિમાન પોઇન્ટથી શરૂ કરીને ચર્ચગેટ, એનાથીયે આગળ મરીન લાઇન્સ સુધીની ફૂટપાથ સાંજના જોગર્સ અને ટહેલવા નીકળેલા વૃદ્ધોથી ઊભરાવા લાગી હતી. દરિયા તરફ ચહેરા કરીને પાળી પર બેઠેલાં પ્રેમીપંખીડાં જાણે દુનિયાની પડી જ ના હોય એમ શરૂ થનારા વીક એન્ડની સાંજ માણી રહ્યાં હતાં.

નારિયેળ પાણીવાળા, ખારી સીંગ અને કૉફીવાળા, ગંડેરી અને ચણાજોર ગરમવાળા બૂમો પાડતા પસાર થઈ રહ્યા હતા. ફુગ્ગાવાળા અને ઘોડાવાળાની ભીડ લેન્ડસ એન્ડ ઉપર બાળકોના મનોરંજન માટે એકઠી થઈ હતી.

પોતાની ઑફિસના વેનેશિયન ખોલીને આઠ બાય ચારની બારીમાંથી બહાર જોઈ રહેલા મહેન્દ્રને આજની સાંજનું મુંબઈ સાવ અજાણ્યું લાગતું હતું. આજે એને શહેર છોડીને ભાગી છૂટવાની ઇચ્છા થતી હતી. આ ભીડ, આ માણસો અને આથમતી સાંજ સામાન્ય રીતે એનં ગમતું દશ્ય હતાં. દર શુક્રવારે એ પણ ઘર તરફ દોડતી આ ભીડનો એક હિસ્સો બનવા બેબાકળો રહેતો. છેલ્લાં 10-12 વર્ષથી આ વાત એનો સ્ટાફ પણ જાણી ગયો હતો. શુક્રવારે સાંજે પાંચ વાગ્યાથી જ મહેન્દ્ર પોતાનો દિવસ આટોપવા લાગતો. શેર માર્કેટ બંધ થાય એ પછી ક્લોઝિંગ કરવાનો સમય પણ જાણે મહેન્દ્ર માટે વધારાનો સમય બની રહેતો.

'ક્યારે દિવસ પૂરો થાય અને ક્યારે ઘરે પહોંચી જાઉં'ની ઉતાવળ એમને છેલ્લા કેટલાયે વખતથી આ જ રીતે રહેતી હતી.

ક્યારેક એમના જૂના સ્ટાફમાંથી કોઈ મજાક પણ કરતું, "સાહેબ, ઘેર જવાની આટલી બધી ઉતાવળ લગ્નનાં 20 વર્ષે પણ સચવાઈ રહી છે એમ જોઈને આનંદ થાય છે...."

મહેન્દ્ર પારેખ જવાબ ન આપતો, પણ એના સ્મિતમાં એ બધું જ આવી જતું હતું, જે એની 20 વર્ષની જિંદગીનો હિસાબ હતો.

મહેન્દ્ર બહુ જ ઓછું બોલતો. ડોકું ધુણાવવાથી કામ ચાલે તો મહેન્દ્ર શબ્દોનો ઉપયોગ ભાગ્યે જ કરતો. બાળપણથી જ થોડો શરમાળ અને ઓછાબોલો મહેન્દ્ર એકલો જ જીવ્યો. એને ખાસ મિત્રો પણ નહોતા. ઘર અને ઑફિસ સિવાય એવી મોટી દુનિયા પણ નહોતી એની.

ક્લબ્સ, દારૂ, રેસ, જુગાર - આમાંના કરોડપતિઓના કોઈ શોખ મહેન્દ્ર માટે નકામી બાબતો હતી. મોડી રાત સુધી મિત્રો સાથે રઝળવું. કોફી શોપ્સમાં જવું કે બારમાં બેસીને, 'મલેશિયા, સિંગાપોર, મોરેશિયસ, ઇજિપ્તની વાતો કરવી.....' આમાંનું કશું જ મહેન્દ્ર નહોતો જ કરતો.

છતાં એક સપના જેવી અદ્ભુત જિંદગી હતી એની.

એટલિસ્ટ, મહેન્દ્રને તો એમ જ લાગતું.

નાનકડા શહેર ભાવનગરથી મુંબઈ આવ્યો ત્યારે મહેન્દ્ર પારેખ એક સગાને ત્યાં સી. પી. ટેન્કની ચાલીમાં ઊતર્યો હતો. આ શહેરને જોઈને ડઘાઈ ગયેલા મહેન્દ્રને વળતી ગાડીએ પાછા જવાની ઇચ્છા થઈ ગયેલી, પણ મા-બાપ વગરના મહેન્દ્રને મેટ્રિક કરાવીને કાકાએ મુંબઈ ધકેલી દીધો હતો. સાથે જ હાથ ખંખેરી લીધા હતા.

હવે પાછા જવાની કોઈ જગ્યા નહોતી. એણે અહીં જ રહેવાનું હતું અને અહીં જ જીવવાનું હતું!

આ 20 વર્ષની ઊબડ-ખાબડ સફર દરમિયાન મહેન્દ્રએ જિંદગીના ઘણા રંગો જોઈ નાખ્યા હતા. એ બધા જ રંગોની સામે મહેન્દ્ર માટે એક રંગ સૌથી અગત્યનો હતો. એ હતો એની પત્ની માધવીના સાથેના સંબંધનો, સહકારનો, સ્નેહનો રંગ....

મહેન્દ્ર અને માધવીનાં લગ્નને દોઢ દાયકો પૂરો થવા આવ્યો હતો.

છતાં, મહેન્દ્ર માધવીને અથાગ પ્રેમ કરતો. એને સ્પર્શવાની તરસ આ દોઢ દાયકાના લગ્નજીવન પછી પણ, મહેન્દ્રની હથેળી કે હોઠમાં ઘટી નહોતી.

વૈભવી બેડરૂમના રેશમી પલંગ પર પીળા પ્રકાશમાં માધવીના કમરથીયે નીચે પહોંચતા વાળમાં પોતાનો હાથ ફેરવતાં મહેન્દ્ર ઘણી વાર એને પૂછતો, "તને ક્યારેય મારી સાથે ઝઘડવાનું મન નથી થતું?"

"થાય છે ને....." માધવી હસી પડતી.

મહેન્દ્ર એના વાળ પકડીને, એનો ચહેરો પોતાની નજીક લઈ આવતો, એની માછલી જેવી કથ્થઈ આંખોમાં પરોવતો, "તો ઝઘડતી કેમ નથી? ક્યારે ઝઘડ મારી સાથે, ગુસ્સે થા, વાસણ ફેંક, બૂમો પાડ, રડ....."

"ખરું પૂછો તો મારેય આ બધું કરવું છે." માધવી પોતાની કોમળ હથેળી મહેન્દ્રના રૂક્ષ ચહેરા પર ફેરવતી. આંગળીઓથી એના વાળ સરખા કરતી. "પણ તમે મને ઝઘડવાનું કારણ જ નથી આપતા." માધવીની આંખોમાં આછી ભીનાશ તરવરી આવતી, "ક્યારેક મોડા આવો, મને કોઈ વસ્તુની ના પાડો, ખખડાવો, મારી સાથે ઊંચા અવાજે બોલો...." એના ચહેરા પર એક તોફાની સ્મિત આવી જતું. "નાનું-મોટું લફરું કરો... તો ઝઘડો કરું ને?"

"ક્યારેક મને એવું લાગે છે કે આપણા સંબંધમાં કશું એબનોર્મલ છે."

"મહેન્દ્ર..." માધવી મહેન્દ્રના બંને હાથ પોતાની આસપાસ લપેટીને એની છાતી પર માથું ટેકવી આરામથી બેસતી, "લોકોનો પ્રોબ્લેમ એ હોય છે કે એમના ઝઘડા કેમ થાય છે..... મેરેજ કાઉન્સિલર પાસે જાય છે.....સાઇકિયાટ્રિસ્ટ પાસે જાય છે અને આપણે નથી ઝઘડતાં તો તમને એબ્નોર્મલ લાગે છે? ખરા છો!"

"માધવી, ઘણી વાર મને નવાઈ લાગે છે...." પોતાની છાતી પર માથું ટેકવીને બેઠેલી માધવીના વાળમાં મહેન્દ્રની આંગળીઓ ફરતી રહેતી, "તેં ક્યારેય બીજી સ્ત્રીઓ જેવું કશું જ ના કર્યું. ન દાગીના માગ્યા, ન સગવડો માંગી, ન કોઈ બાબતે ફરિયાદ કરી, ન ક્યારેય મારા ઓછાબોલા સ્વભાવ કે અતડાપણા વિશે કોઈ કચકચ કરી...."

"મહેન, મને તમે જેવા છો એવા જ ગમો છો. મેં ચાહ્યા છે તમને, આવા જ! તમે પણ મને આવી ચાહી છે. સાદી-સીધી ને ઘરરખ્ખું ગૃહિણી છું તો પણ..."

"એટલે?"

"મને તો તમારી બિઝનેસ પાર્ટીઓમાં મળતી બીજાઓની પત્નીઓની જેમ અંગ્રેજી બોલતાં અને વાતો કરતાં નથી આવડતું....તમે તો ઘણા આગળ વધી ગયા છો પણ હું તો હજીયે નાનકડા ઘોઘા ગામની એ જ માધવી રહી છું. આટલું કહેતાં તો એ ગળગળી થઈ જતી.

મહેન્દ્ર પારેખની સફળતા પછી અને એની પાસેની સંપત્તિ પછી કદાચ કોઈ એને એના ભણતર વિશે પૂછતું નહોતું. પણ, મહેન્દ્ર મેટ્રિક પાસ હતો! મુંબઈ આવીને આ શહેરમાં જીવવા નીકળેલા મહેન્દ્રએ જાતે ખત્તા ખાઈને અંગ્રેજી, કોમ્પ્યુટર કે શેરમાર્કેટની ચડ-ઊતરનો અભ્યાસ કર્યો હતો.

એનું અંગ્રેજી સાંભળનારને કે એને લેપટોપ વાપરતો જોનારને કલ્પના પણ ન આવે કે મહેન્દ્ર ભાવનગરની "ઘરશાળા"માંથી મેટ્રિક પાસ હતો.

મુંબઈના કરોડપતિઓની પત્નીઓમાં માધવી કદાચ ભળી નહોતી શકતી. એની સાદગી, અંગ્રેજી ન બોલી શકવાની મર્યાદા અને સરળતા એને કહેવાતી 'હાઈ

સોસાયટી'નો ભાગ બનતાં રોકતી હશે. પણ મહેન્દ્ર માટે આ જ માધવી એની જીવનસંગિની હતી.

*

અત્યારે બહાર દેખાતા મુંબઈના ગાંડા ટ્રાફિકને જોતો મહેન્દ્ર જાણે વીતેલાં વર્ષોને ફરી એક વાર સંવેદી રહ્યો હતો.

સી. પી. ટેન્કની ચાલીના ભાડાના ઘરમાંથી અંધેરીના એક બેડરૂમના પોતાના ઘરમાં પહેલી વાર શિફ્ટ થયા ત્યારે માધવી આખા ઘરમાં વાવાઝોડાની જેમ ફરી વળી હતી....

“આ તો બહુ મોટું ઘર છે. મહેન. આપણી પાસે આટલો સામાન જ નથી.” એણે દીવાલોને જે મમતાથી હાથ લગાડ્યો હતો એનાથી જાણે દીવાલ ધબકી ઊઠી હોય એટલો પ્રાણ એ ઘરમાં મહેન્દ્ર અનુભવી શકયો હતો.

“મોટું? તને સાઉથ બોમ્બેના ચાર બેડરૂમના ઘરમાં લઈ જઈશ, યાદ રાખજે....” મહેન્દ્રે માધવીને બાહુપાશમાં ઘેરી લીધી હતી.

“મહેન, આ....આ ‘મારું’ ઘર છે એ વિચાર જ મને રહી રહીને રોમાંચિત કરી જાય છે. આ ઘર મારા માટે જાણે સપનું સાચું પડ્યું હોય એવું, પરીકથાના મહેલ જેવું છે.” માધવીએ મહેન્દ્રની છાતી પર માથું ટેકવી દીધું હતું. એના શર્ટનાં બટન સાથે રમત કરતાં, છાતીના વાળમાં આંગળીઓ પરોવતાં માધવીની આંખો ભરાઈ આવી હતી. “પહેલો પ્રેમ, પહેલું સંતાન અને પહેલા ઘરમાં જઈએ....” એણે મહેન્દ્રની આંખોમાં જોયું હતું, “તમે કહો છો એટલે લઈ જ જશો, મને ખબર છે, પણ આ ઘર ક્યારેય નહીં વેચતા.”

*

અંધેરીનો એ જુહૂ ગલીનો ફ્લૅટ આજે પણ મહેન્દ્રએ વેચ્યો નહોતો!

કોણ જાણે કેમ, અત્યારે, આ પળે મહેન્દ્રને એ ઘરમાં જઈને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડવાનું મન થયું.

“હું છેલ્લો ક્યારે રડ્યો હતો?” મહેન્દ્રએ જાતને જ પૂછ્યું.

દુ:ખી થવું મહેન્દ્રનો સ્વભાવ નહોતો. ગૂંચવણમાંથી માર્ગ કાઢવાની એની કુદરતી દેન હતી જાણે. ફરિયાદ ના કરવી એ એની જિંદગીનો સિદ્ધાંત હતો. એને હંમેશાં હસતા રહેવામાં મર્દાનગી લાગતી.

પણ આજે, કોણ જાણે કેમ, એને રહી રહીને ડૂમો ભરાઈ આવતો હતો.

એણે ઘડિયાળમાં જોયું. સાડા સાત થવા આવ્યા હતા. આટલાં વર્ષોમાં કદાચ આ પહેલા શુક્રવારની સાંજ હતી. જ્યારે મહેન્દ્ર હજી ઑફિસમાં જ હતો.

"સર…." એની સેક્રેટરી મહેર બાટલીવાલા એની ચેમ્બરનો દરવાજો ખોલીને બારસાખમાં ઊભી રહી. બારી પાસે ઊભા રહીને બહાર જોઈ રહેલા મહેન્દ્રના ચહેરા પર એણે કોણ જાણે શું વાંચ્યું કે સીધું જ પૂછી નાંખ્યું. "એની પ્રોબ્લેમ સર?"

"નો….નો…. મહેર! તમારે ઘરે જવું હશે, નહીં?"

"તમારે નથી જવું?" મહેરે જરા ચિંતાથી પૂછ્યું, "સાડા સાત થવા આવ્યા છે સર."

"હું…..?! હું રહીશ થોડી વાર." મહેન્દ્રએ ફરી ચહેરો બારી તરફ ફેરવી દીધો. થોડીક ક્ષણો એમ જ ચૂપચાપ પસાર થઈ ગઈ. મહેર ત્યાં જ ઊભી રહી એટલે મહેન્દ્રએ ધીમેથી કહ્યું, "તમારે જવું હોય તો જાવ. કાશીરામને કહેજો રોકાય, બાકી બધાને જવું હોય તો જાય."

"જી સર…." મહેરે કહ્યું એ દરવાજો બંધ કરવા જતી હતી કે એની નજર ટેબલ પર પડેલા ઇન્ટરકોમ પર પડી. ઇન્ટરકોમનું રિસિવર ઊંચકીને મહેન્દ્રએ એને રોકી, "એ એમ જ રહેવા દે મહેર."

એ જ વખતે એની નજર ટેબલ પર પડેલા મહેન્દ્રના બે મોબાઇલ પર પડી. બંને સ્વીચ ઓફ હતા.

મહેરે નવાઈથી મહેન્દ્ર તરફ જોયું, "સર….."

"ગુડ નાઇટ મહેર… હેવ અ નાઇસ વીક એન્ડ…."

આગળ સવાલો નહીં પૂછવા, ત્યાંથી જતા રહેવા માટે આ સ્પષ્ટ સંકેત હતો એવું મહેન્દ્રને છેલ્લાં દસ વર્ષથી ઓળખતી મહેર સમજી શકી. એ કશું જ બોલ્યા વિના ત્યાંથી બહાર નીકળી ગઈ. પણ એના મનમાં એ સવાલ તો ઘૂંટાતો જ રહ્યો કે મહેન્દ્રએ આવું શું કામ કર્યું? છેલ્લાં દસ વર્ષમાં ક્યારેય મહેન્દ્રએ આવી રીતે કોઈની પણ સાથે સંપર્ક કાપ્યો હોય એવું એને યાદ નહોતું. એ દેશમાં હોય કે પરદેશમાં, અડધી રાત્રે પણ મહેન્દ્રનો મોબાઇલ ચાલુ જ રહેતો.

એણે પોતાનાં ખાનાં લોક કર્યાં અને ઑફિસ પર છેલ્લી નજર નાંખીને નીકળવા જતી હતી કે ઈ.પી.એ.બી.એક્સ. રણકી ઊઠ્યું.

"મહેર…." માધવીનો અવાજ મહેરથી અજાણ્યો નહોતો, "મહેન ક્યાં છે?"

મહેરને સમજાયું નહીં કે એને શું જવાબ આપવો?

એ ફરી પાછી મહેન્દ્રની ચેમ્બરમાં ગઈ, "સર…મેમનો ફોન છે…."

"એને કહી દો હું બહાર છું." મહેન ફરી બારીના કાચ તરફ ફરી ગયો.

*

2

"મહેન…" માધવીનો અવાજ મહેરથી અજાણ્યો નહોતો, "મહેન ક્યાં છે?"

"સર, મેમનો ફોન છે." મહેન્દ્ર પારેખની સેક્રેટરી મહેર બાટલીવાલા એની ચેમ્બરનો દરવાજો ખોલીને ઊભી હતી.

"એને કહી દો હું બહાર છું." એટલું કહીને મહેન ફરી બારીના કાચ તરફ ફરી ગયો. એ મહેર તરફ ફર્યો હતો ત્યારે આછા અજવાળામાં મહેરને તેની આંખોમાં પાણી દેખાયાનો ભાસ થયો હતો, પણ એણે કશું પૂછ્યું નહીં.

બારસાખની વચ્ચે પૂતળાની જેમ થીજી ગયેલી મહેરે ક્યારેય મહેન્દ્રને જૂઠું બોલતો નહોતો જોયો. ગમે તેવા ચીકણા ક્લાયન્ટ કે લેણદારનો ફોન પણ મહેન્દ્ર ક્યારેય ટાળતો નહીં. મહેરે હંમેશાં મહેન્દ્રને એક સરળ, સાચા અને સ્પષ્ટ માણસ તરીકે જોયો હતો. મહેન્દ્રને જુઠ્ઠું બોલતો સાંભળીને મહેરને નવાઈ તો લાગી, એમાંય માધવીનો ટેલિફોન લેવાની મહેન્દ્ર ના પાડે એવું મહેરની દસ વર્ષની નોકરીમાં ક્યારેય નહોતું બન્યું.

મહેન્દ્ર ગમે તેટલી અગત્યની મિટિંગમાં હોય, માધવીનો ટેલિફોન મહેન્દ્રને આપવો જ એવી મહેરને સૂચના હતી. મહેરે પાર્ટીઝમાં કે બીજાં સ્થળોએ મહેન્દ્ર અને માધવીને એકબીજાની સાથે જે રીતે વર્તતાં જોયાં હતાં એ પછી એને હંમેશાં સવાલ થતો, "લગ્નનાં આટલાં વર્ષે આવો અદ્ભુત સંબંધ હોઈ શકે?"

એ જ મહેન્દ્ર આજે માધવીનો ફોન લેવાની ના પાડતો હતો! ઘેર જવાને બદલે ઑફિસમાં રોકાવા માગતો હતો એટલે કંઈક ગરબડ હતી એ તો નક્કી.

પણ મહેન્દ્રના ઓછાબોલા સ્વભાવ અને અતડાપણાને જાણતી મહેર વધુ સવાલો પૂછી શકે તેમ નહોતી.

"જી સર…" કહીને તેણે દરવાજો બંધ કર્યો અને બહાર નીકળીને ફોન પર રાહ જોઈ રહેલી માધવીને કહ્યું, "સર તો નીકળી ગયા છે."

"અચ્છા!" માધવીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું, "એમનો મોબાઇલ પણ બંધ છે." માધવીએ કહ્યું, મહેરે હજુ હમણાં જ બંધ મોબાઇલ જોયો હતો એટલે એ વિશે કંઈ બોલ્યા વિના એણે ચૂપચાપ સાંભળી લીધું, "કંઈ મેસેજ હવે મેસેજ લઈને એ કોને આપવાની છે?

"ના…" માધવીના અવાજમાં આછી અસમંજસ હતી, એણે ફોન મૂકી દીધો. મહેર પણ ઑફિસની બહાર નીકળી ગઈ અને પોતપોતાના ઘર તરફ દોડતાં ટોળાંઓમાં ભળી ગઈ.

આકાશ તરફ જોઈ રહેલા મહેન્દ્રને રહી રહીને એક જ સવાલ થતો હતો, "મારી જ સાથે આવું શું કામ થયું?"

એના ટેબલ પર પડેલું સફેદ રંગનું બંધ કવર મહેન્દ્રના હૃદયની જેમ જ ફફડી રહ્યું હતું. આજે પહેલી વાર મહેન્દ્રને મિત્રોની ખોટ સાલતી હતી.

"કોઈ હોય, જેને પોતાના મનની વાત, મૂંઝવણ કે પીડા કહી શકાય..." મહેન્દ્રને વિચાર આવ્યો, "આ વાત કહું તો કોને? અને જો નહીં કહું તો મનમાં રહ્યે રહ્યે આ વાત મારા માથાની નસો ફાડી નાંખશે."

એણે ભાગ્યે જ કોઈ સાથે એના પ્રોબ્લેમ કે મૂંઝવણની વાત કરી હશે!

બિઝનેસમાં આવતા નાના-મોટા સવાલોને એણે ક્યારેય પ્રોબ્લેમ ગણ્યા જ નહોતા, ને અંગત જીવનની બે દાયકાની સફરમાં નાની સરખીયે ગૂંચ ઊભી જ નહોતી થઈ! "એને સુખ ગણું કે દુ:ખ" મહેન્દ્રને સવાલ થયો, "મુશ્કેલી આવી હોત તો કદાચ એના હલ શોધતાંયે શીખ્યો હોત હું!"

કમાવાની દોડમાં અને મુંબઈ શહેરમાં રોજેરોજ એક ડગલું આગળ વધવાના કમરતોડ પ્રયાસમાં મહેન્દ્રને એટલો સમય જ નહોતો મળ્યો કે એ કોઈ મિત્રો બનાવી શકે. આમ પણ એને ક્યારેય કંપનીની જરૂર જ નહોતી પડતી.

સારાં પુસ્તકો, સારું સંગીત અને માધવી એને માટે જિંદગીની જરૂરિયાતો પૂરી કરી નાખતાં હતાં. સાંજે એક વાર ઘરે પહોંચે પછી મહેન્દ્ર અને માધવી ભાગ્યે જ ક્યાંય બહાર જતાં.

ને જાય તો પણ, મરીન ડ્રાઇવની ફૂટપાથ પર ચાલવા, ચોપાટીની રેતી પર પગ પસારીને બેસવા, પારસી ડેરીની કુલ્ફી ખાવા કે ક્યારેક બી.ઇ.એસ.ટી.ની 132 નંબરની બસના ઉપરના માળે બેસીને મરીન ડ્રાઇવનો આંટો મારવા!

હા, સંગીતના કાર્યક્રમો - અને સારાં નાટકો મહેન્દ્ર ક્યારેય છોડતો નહીં.

ઘરે લોકોને બોલાવીને પાર્ટી કરવાનો શોખ પણ મહેન્દ્રને ઓછો જ હતો. ત્રણથી ચોથો માણસ ઘરમાં આવે તો મહેન્દ્રને ટોળાં જેવું લાગતું.

માધવી ઘણી વાર એની મજાક પણ કરતી, "આવું સુંદર ઘર બનાવ્યું છે, બે-ચાર લોકોને બોલાવો તો જુએ, ને તમારા ઘરનાં વખાણ કરે... તમને તો એવુંય નથી ગમતું."

"મેં મારું ઘર મારા માટે બનાવ્યું છે, તારા માટે બનાવ્યું છે. સોનાલી માટે બનાવ્યું છે... લોકોને દેખાડવા નથી બનાવ્યું."

પણ મહેન્દ્ર પારેખનું ઘર હતું જોવા જેવું!

ઘરની નાની-નાની ડિટેઇલમાં રસ લઈને બનાવાયેલું ચાર બેડરૂમનું આ ઘર ખરેખર કોઈ જુએ તો વખાણ્યા વિના રહી શકે એવું નહોતું જ!

ચર્ચગેટ 'બી' રોડ પર સામે દરિયો દેખાય એવું ચોથા માળનું ઘર જેમાં ડ્રોઇંગરૂમથી શરૂ કરીને બેડરૂમ સુધીની બધી જ દીવાલો વેક્યુમ ગ્લાસની બનાવેલી હતી. બહારના ટ્રાફિકનો અવાજ કે સૂર્યનાં સીધાં કિરણો ઘરને ઇફેક્ટ ના કરે અને છતાંય

યુવી રેઝ ચળાઈને સૂર્યનો પ્રકાશ ઘરમાં પૂરેપૂરો મળી રહે એવી અદ્યતન જર્મન ગ્લાસની આ વિન્ડોઝ એના ડ્રોઇંગરૂમને એક અદ્દભુત લુક આપતી હતી. સીધો દરિયો દેખાય એવી રીતે બાંધેલી પથ્થરની બેઠક, એની આસપાસ ગોઠવેલા ચિનાઈમાટીના - બ્લૂપોટરીના અને ત્રાંબાનાં એન્ટીક કુંડાંઓમાં ઉગાડેલી ગ્રીનરીઝની વચ્ચે માધવી સાથે બેસીને વાતો કરતા મહેન્દ્રને સાંજ ભરી ભરી લાગતી...

એ અને માધવી બે જણા સાથે હોય તો મહેન્દ્રને ક્યારેય મિત્રો કે ત્રીજા કોઈનીય ખોટ સાલી જ નહોતી!

માધવીને પણ પરણીને આવ્યા પછી શરૂઆતમાં મહેન્દ્રનો આ સ્વભાવ થોડોક અલગ, થોડોક વિચિત્ર લાગતો, પણ ધીમે ધીમે એણે પણ મહેન્દ્રના આ સ્વભાવને સ્વીકારી લીધો હતો. એ સમજી શકી હતી કે મહેન્દ્ર એકલવાયો નહોતો, એને એકાંત ગમતું! પોતાની સાંજને, પોતાના ખાલી સમયને ભરવાની એની આગવી રીત હતી.

એ મેટ્રિક પાસ થઈને મુંબઈ આવ્યો પછી પુસ્તકો જ એની યુનિવર્સિટી બન્યા હતા... એનો વાંચવાનો શોખ, માધવીને પણ ધીમે ધીમે લાગ્યો હતો. ગાડર્નિંગ, જીમ, સંગીત અને વાંચનને મહેન્દ્રની જેમ જ સ્વીકારીને માધવીએ મહેન્દ્રના એ એકાંતને ભરી દેવાના પોતાનાથી થઈ શકે એવા અને એટલા પ્રયાસો હંમેશાં કર્યા હતા.

એમના એ ‘ઘર’સાથે એમની બધી જ પ્રવૃત્તિ, એમના બધાં જ સુખ જોડાયેલાં હતાં!

મહેન્દ્રને આજે, આ પળે એ ઘરમાં, એ ડ્રોઇંગરૂમમાં ગાળેલી કંઈ કેટલીયે સાંજ વારે વારે યાદ આવી રહી હતી.

જ્યારે આ ઘર પૂરેપૂરું બની ગયું ત્યારે જ મહેન્દ્ર માધવીને પહેલી વાર આ ઘર જોવા લઈ આવ્યો હતો. એક જૂનો ફ્લૅટ ખરીદીને એને પૂરેપૂરો રિનોવેટ કરીને ઇન્ટિરિયર ડિઝાઇન પૂરી થયા પછી, ક્રોકરી-વાસણ અને ગાદલાં સુધ્ધાં વસાવ્યાં પછી જાણે કોઈ રહેતું હોય એવી રીતે આ ઘર તૈયાર કરીને મહેન્દ્ર માધવીને અહીં લઈ આવ્યો હતો...

“તારું ઘર” મહેન્દ્રએ માધવીના હાથમાં ચાંદીનો ઝૂડો પકડાવ્યો હતો. ઘર ખોલીને માધવી ઘરમાં પ્રવેશી કે પાછળ મહેન્દ્રએ ફૂલોની પાંખડીઓ છાંટીને એને આવકારી હતી!

“દરિયો...” માધવી સૌથી પહેલાં ડ્રોઇંગરૂમમાંથી દેખાતા દરિયાને જોઈને ખુશ થઈ ગઈ હતી. ઘોઘાના દરિયાકિનારેથી મુંબઈ જેવા મહાનગરમાં આવી પડેલી માધવી ઊંચાં ઊંચાં મકાનો અને એકબીજાનાં ઘરોમાં જોઈ શકાય એવી અડોઅડ બાલ્કની ધરાવતાં દીવાસળીનાં ખોખાં જેવાં ઘરો જોઈને ગૂંગળાતી હતી - એ વાતની મહેન્દ્રને ખબર હતી!

લગભગ સૂરજ ઢળવાનો સમય હતો એ. આખા ડ્રોઇંગરૂમમાં કેસરી રંગનાં કિરણો ફેલાઈ ગયાં હતાં.

“ઘર ગમ્યું?”

"બહુ જ સુંદર છે…" માધવી કાચની બહાર જોઈ રહી હતી. એનો ગોરો ચહેરો પણ કેસરિયા વર્ણનો થઈ ગયો હતો.

મહેન્દ્રએ માધવીની કમરમાં હાથ નાખ્યો અને એના ખભા પર પોતાની હડપચી ટેકવી, "તારાથી સુંદર કશું હોઈ જ શકે નહીં."

"બહુ પૈસા ખર્ચી નાખ્યા…"

"મારું આવનારું સંતાન આ ઘરમાં જન્મ લેશે માધવી." મહેન્દ્રએ કહ્યું હતું એ સાંજે મહેન્દ્ર અને માધવીએ બી-રોડ પરના 'અલકા' બિલ્ડિંગના ચોથા માળે જાણે લગ્નની પહેલી રાત ઊજવતાં હોય એવો સમય ગાળ્યો હતો…

આજનું કેસરી આકાશ જોઈ રહેલા મહેન્દ્રને એ સાંજ યાદ આવતાં જ ભીની આંખો સાથે હોઠ પર સ્મિત આવી ગયું.

એ ઘરની એકેએક યાદ સાથે મધુરતા જોડાયેલી હતી, કદાચ એટલે જ મહેન્દ્રને એ ઘરનું અને એ ઘરમાં એની સાથે જીવતી માધવીનું અજબ વળગણ હતું.

મહેન્દ્ર માનતો હતો કે માધવી એના જીવનમાં આવી પછી એની સંપત્તિમાં, શાખમાં રાત-દિવસ વધારો થતો રહ્યો હતો. માધવી મહેન્દ્રના જીવનમાં 'સુખ' નામનો શબ્દ લાવી રહી એમ એ હંમેશા કહેતો!

માધવી માટે પણ એની દુનિયા મહેન્દ્રથી શરૂ થઈને સોનાલી પર પૂરી થઈ જતી હતી.

સોનાલી માધવી અને મહેન્દ્રનું એકનું એક સંતાન હતી.

આજે મહેન્દ્રને સોનાલી પણ ખૂબ યાદ આવતી હતી.

એને અચાનક વિચાર આવ્યો, "આ વાત સોનાલીને કેવી રીતે કહીશ?"

ટેબલ પર બંધ કવરમાં લખેલી એ હકીકત મહેન્દ્ર માટે એક એવો સંદેશ લઈને આવી હતી, જેણે એની વીસ વર્ષની જિંદગીને રેતીના મહેલની જેમ વીખેરી નાખી હતી. સમુદ્રને કાંઠે નાનકડા બાળકે કાળજીપૂર્વક બાંધેલા મહેલ પર દરિયાનું એક મોજું આવે, એનું અસ્તિત્વ ભૂંસીને પાછું વળી જાય એમ આ કવરમાં લખેલા થોડાક શબ્દોએ મહેન્દ્રના કાળજીપૂર્વક બાંધેલા આખાય સંસારના મહેલને વીખેરી કાઢ્યો હતો.

મહેન્દ્ર થોડી થોડી વારે એ કવર તરફ જોઈ રહ્યો હતો. એણે કવર ખોલવાનું તો હતું જ… પરંતુ, એ માટેની હિંમત એ સાંજના ચાર વાગ્યાથી ભેગી કરી રહ્યો હતો.

આજે જ્યારે એ કવર એના હાથમાં આવ્યું ત્યારે એને લાગ્યું હતું કે એણે ભેગી કરેલી બધી સંપત્તિ, એની પહોંચ, એની આવડત એની હોશિયારી નકામાં હતાં. એને આ કવરમાં લખેલા શબ્દો જાણે એણે મેળવેલી બધી જ સિદ્ધિ અને સુખની મજાક ઉડાવતા હોય એવું લાગતું હતું.

મહેન્દ્ર ક્યાંય સુધી એ કવર સામે જોઈ રહ્યો, પછી ધીમેથી આગળ વધીને પોતાની ખુરશી પર બેઠો. ધ્રૂજતા હાથે એણે કવર હાથમાં લીધું અને ખોલવા જ જતો હતો કે એની ચેમ્બરનો દરવાજો ધડાક કરતો ખૂલ્યો, “મને ખાતરી હતી કે તમે ઑફિસમાં જ છો.”

મહેન્દ્રએ કવર સિફતથી કી-બોર્ડની નીચે મૂકી દીધું અને અચાનક ધસી આવેલી માધવી સામે જોઈને ફિક્કું સ્મિત કર્યું, “હું… હું હમણાં જ આવ્યો…”

“તમે ઑફિસની બહાર ગયા જ નથી.” માધવી સામેની વિઝિટર્સ ચેર ખેંચીને ગોઠવાઈ ગઈ. એનો ચહેરો તંગ હતો.

“અરે! તું મારા પર શંકા કરે છે?” મહેન્દ્રએ વાતને જોકમાં પલટીને વાતાવરણ હળવું કરવાનો પ્રયાસ કર્યો, “જ્યારે શંકા કરવાની હતી ત્યારે ના કરી અને હવે 44 વર્ષે…”

“લાઇફ બિગિન્સ એટ ફોર્ટી… તમે જ કહો છો ને?” માધવી જોક કરવા માગતી હતી, પણ એના ચહેરા પરની એકેય રેખા હળવી થઈ શકી નહીં, “કેમ જુઠ્ઠું બોલ્યા?”

“હું ક્યાં કંઈ બોલ્યો જ છું?” મહેન્દ્રએ ફરી એક ફિક્કું સ્મિત કર્યું.

“તમે નહીં ને તમારી સેક્રેટરી… મને મહેરે કહ્યું કે તમે ઑફિસમાં નથી. હું સીધી ઘરેથી નીકળીને અહીંયાં આવી. મને ખાતરી હતી કે તમે અહીં જ હશો.”

“આ તો રિસ્કી કહેવાય, નહીં? તમારી પત્ની તમને પહેલા જ જૂઠાણામાં પકડી પાડે અને તમે ક્યાં છો એ કોઈ શંકા વિના શોધી કાઢે…” મહેન્દ્રએ હસવાનો પ્રયત્ન કર્યો, “એનો અર્થ એવો થાય કે તમે લફરું કરવાને લાયક નથી રહ્યા.”

“શું વાત છે મહેન?” માધવીએ મહેન્દ્રના હાસ્યને તદ્દન અવગણીને ગંભીર ચહેરે સીધું મહેન્દ્રની સામે જોઈને પૂછ્યું, “આજે લગ્નનાં વીસ વર્ષે પહેલી વાર તમે મારાથી કંઈ છુપાવ્યું છે…”

“છુપાવવા જેવું કંઈ છે જ નહીં માધવી.” મહેન્દ્રએ એની સાથે આંખ મિલાવ્યા વિના કહ્યું, “જસ્ટ લાઇક ધેટ, મારે થોડી વાર એકલા રહેવું હતું.”

“તમે એવું મને કહી જ શકો…” માધવીએ મહેન્દ્રની આંખોમાં જોયું, “તમે પહેલાં એવું કહ્યું છે મને, નથી કહ્યું?”

મહેન્દ્ર પાસે કોઈ જવાબ નહોતો. એને સમજણ નહોતી પડતી કે એ શું કહે, જેનાથી માધવીના સવાલો ખાળી શકાય.

અને માધવીની વાત સાવ ખોટીય નહોતી. મહેન્દ્ર અને માધવી વચ્ચે એટલી પારદર્શકતા હતી કે આજનો પ્રસંગ માધવીને વિચલિત કરી મૂકવા માટે પૂરતો હતો.

“મહેન, બિઝનેસનું કોઈ ટેન્શન છે?”

"માધવી..." મહેન્દ્રએ એને સમજાવવાનો પ્રયાસ કર્યો, "મેં આજ સુધી કોઈ દિવસ બિઝનેસનું કોઈ ટેન્શન લીધું છે?" આટલું કહેતાંની સાથે જ એને સમજાયું કે પોતે સાચું બોલી ગયો હતો, સાચું બોલવાનો અર્થ હતો હવે માધવીના વધુ સવાલો...

"મહેન, પ્લીઝ મને કહી દો શું થયું છે?" માધવીનું ગળું ભરાઈ આવ્યું, "મારા કોઈ વર્તનને કારણે..." એની આંખોમાં ભીનાશ તરવરી આવી.

"અરે માધવી..." મહેન્દ્ર ખુરશીમાંથી ઊભો થઈ ગયો. આવીને માધવીના બંને ખભે હાથ મૂકી દીધા. માધવીને ડોકું ઢાળીને મહેન્દ્રના હાથ ઉપર પોતાનો ગાલ ઘસ્યો, "સાચું બોલો..."

"શું?"

"મહેન, તમે ડૉક્ટરને ત્યાં જઈ આવ્યા?"

"જો!" મહેન્દ્રએ પોતાના બંને હાથ માધવીના ગાલ પર મૂકી દીધા અને એનું ડોકું પાછળની તરફ ઢાળીને એના કપાળ પર હળવું ચુંબન કરી લીધું, "મને ક્યારનું થતું હતું કે હું કંઈક ભૂલું છું... અત્યારે તું બોલી ત્યારે યાદ આવ્યું કે ડૉક્ટરને ત્યાં જવાનું રહી ગયું."

"પણ, મેં ફોન કર્યો ત્યારે ડૉક્ટર કાપડિયાની રિસેપ્શનિસ્ટે કહ્યું કે..."

"કે હું નથી આવ્યો." મહેન્દ્રએ એની વાત અધૂરી જ કાપી નાખી, "શું કરું? આજે શુક્રવારના ક્લોઝિંગમાં ચાર વાગ્યાની અપોઇન્ટમેન્ટ સાવ મગજમાંથી જ નીકળી ગઈ." એણે માધવીના ગાલ પરથી હાથ લઈ લીધા અને અદબ વાળીને ચેમ્બરમાં આંટા મારવા માંડ્યા, "કાલે જઈ આવીશ..."

પણ કી-બોર્ડની નીચે મૂકેલું પેલું કવર માધવીને દેખાઈ ના જાય એના ભયનો કંપ મહેન્દ્રનો અવાજ ધ્રુજાવી ગયો.

"મહેન!" માધવી ઊભી થઈ અને મહેન્દ્રની નજીક આવી, એણે વ્યગ્ર થઈને આંટા મારતા મહેન્દ્રના ખભે હાથ મૂક્યા, એણે ફરી એક વાર એની આંખોમાં જોયું, "તમે ડૉક્ટરને ત્યાં જવાનું ભૂલી ગયા? આજે જૂઠ પર જૂઠ બોલવાનું નક્કી કર્યું છે?"

"માધવી..." મહેન્દ્રએ નજર ફેરવી લીધી. એ આગળ કશું બોલી શક્યો નહીં.

*

3

"મહેન!" માધવીએ મહેન્દ્રની આંખોમાં જોયું, "તમે ડૉક્ટરને ત્યાં જવાનું ભૂલી ગયા? આજે જૂઠ પર જૂઠ બોલવાનું નક્કી કર્યું છે?"

"માધવી..."મહેન્દ્રએ નજર ફેરવી લીધી. એ આગળ કશું બોલી શક્યો નહીં. માધવીએ મહેન્દ્રના ગાલ પર હાથ મૂક્યો. મહેન્દ્રથી લગભગ એક ફૂટ નીચી માધવી પોતાના હાથ ઊંચા કરીને મહેન્દ્રના ગાલ પર હાથ મૂકી એની સામે જોઈ રહી હતી. માધવીની આંખો છલછલાઇ આવી. એના ચહેરા પર છેતરાયાના, છલાયાના ભાવ હતા.

"મહેન, મેં ડૉક્ટર કાપડિયાની રિસેપ્શનીસ્ટને ફોન કર્યો હતો. એણે મને કહ્યું કે તમે રિપોર્ટ લઈ ગયા છો."

નાનું બાળક રિપોર્ટકાર્ડ લઈને ઘરમાં દાખલ થાય એમાંયે જ્યારે એને બરાબર ખબર હોય કે રિપોર્ટકાર્ડમાં શું લખ્યું છે ત્યારે એના ચહેરા પર જેવા ભાવ હોય એવા, પકડાઈ ગયાના, અફસોસના ભાવ મહેન્દ્રના ચહેરા પર છુપાવી શકાય એવા નહોતા રહ્યા.

"રિપોર્ટ?" મહેન્દ્ર હસવા લાગ્યો, "રિપોર્ટ તો બાળપણથી ક્યારેય સારો નથી આવ્યો. તને તો ખબર છે, કાંતિલાલ માસ્તર હથેળી ખુલ્લી કરાવીને ઝપાઝપ સોટી મારતા મારા હાથમાં..."

"ટૂંકમાં રિપોર્ટમાં એવી કોઈ વાત છે જે તમે મને કહેવા નથી માગતા." માધવીનો ચહેરો ગંભીર થઈ ગયો.

"એવું કંઈ નથી માધવી!"

"એવું ન હોય તો તમે રિપોર્ટ લઈને સીધા ઘરે આવો, સૌથી પહેલો આઇસ્ક્રીમ ખાવાની વાત કરો...એને બદલે...આજે..." માધવીના હાથ હજી મહેન્દ્રના ગાલ પર જ હતા. એણે વજન આપીને મહેન્દ્રને નજીક ખેંચ્યો. એના હોઠ પર હોઠ મૂક્યા, એણે એક પ્રગાઢ ચુંબન કર્યું. લગ્નનાં 20 વર્ષે એક પત્ની પોતાના પતિને કરે એવું, સંવેદનાથી છલોછલ, સાવ પોતીકું અને એટલું જાણીતું કે જેનાથી કંઈક કેટલાંય સ્મરણોનાં વન લીલાં થઈ જાય! માધવીએ જ્યારે પોતાના હોઠ મહેન્દ્રના હોઠ પર મૂક્યા ત્યારથી જ માધવીને મહેન્દ્રના આંસુની ખારાશ પોતાના હોઠ પર અનુભવી શકાઈ!!

છતાં એણે એક સુંદર ચુંબન કરીને મહેન્દ્રને જ્યારે હળવેકથી છોડ્યો ત્યારે મહેન્દ્રની આંખો છલકાઈ રહી હતી.

"શું આમ રડતા હશો?" માધવીના ચહેરા સ્મિત આવી ગયું. મહેન્દ્ર ભીની આંખે માધવીની સામે જોઈ રહ્યો, લાંબા વાળનો ઢીલો ચોટલો, કપાળ ઉપર કોરા કંકુનો

લાલ ચાંદલો, કાનમાં ખૂબ જ સાદા હીરાના કાપ, ગળામાં મગળસૂત્ર, બે બંગડી અને ફૂલોની ભાતવાળી સાવ સાદી કોટાચેક્સની સાડી…

માધવીની આ સાદગી જ મહેન્દ્ર માટે સૌથી મોટું આકર્ષણ હતું.

પરણીને આવી ત્યારથી માધવી ફક્ત સાડી જ પહેરતી. પરદેશના પ્રવાસમાં કે મુંબઈમાં પણ ઘણી વાર મહેન્દ્ર એને સલવાર કમીઝ કે જીન્સ પહેરવાનો આગ્રહ કરતો પણ માધવી ક્યારેય એને અનુકળ થઈ શકી જ નહીં!

એનું શરીર સુંદર અને એકવડિયું હતું. 39 વર્ષે પણ શરીરમાં ક્યાંય 50 ગ્રામ વધારાની ચરબી નહોતી…સ્ત્રી કરતાં વધારે કોઈ યુવતી જેવું શરીર હતું એનું, મહેન્દ્રના ઘણા ઓળખીતાની પત્નીઓ માધવીના શરીરની ઈર્ષા કરતી - એને અવારનવાર આધુનિક પાશ્ચાત્ય કપડાં પહેરવા, વાળ કપાવવા આગ્રહ કરતી. પરંતુ માધવીએ ક્યારેય સાડી પહેરવાનું છોડ્યું નહીં. ધીમે ધીમે મહેન્દ્રને એનું આ અલગપણું, એની સાદગી જ સૌથી વધારે ગમવા લાગી હતી!

“મહેન…” માધવીના ચહેરા પર એક સ્મિત હતું, “જે હોય તે…આપણે બદલી શકવાનાં નથી” એણે મહેન્દ્રનો ગાલ થપથપાવ્યો, “પ્લીઝ મને કહો, રિપોર્ટમાં શું છે?”

“માધવી…એવું કંઈ ડરવા જેવું નથી.”

“અચ્છા?!” માધવી હસી પડી, “એટલે તમે સાંજના અહીં બેસી રહ્યા છો? એટલે તમારી આંખો ભરાઈ આવી છે?”

“માધવી!” મહેન્દ્રએ માધવીને ખેંચીને પોતાના બાહુપાશમાં લઈ લીધી અને એવી રીતે જકડી લીધી જાણે પોતાની અંદર સમાવી લેવી હોય…એનો બેચેન હાથ માધવીની પીઠ પર, એના વાળમાં જાણે આધાર શોધતો હોય એમ ફરતો રહ્યો. માધવીએ પોતાના બંને હાથ મહેન્દ્રની આસપાસ લપેટીને હળવે હળવે એની પીઠ પસારવા માંડી.

“મહેન…” માધવીના અવાજમાં અજબ શીતળતા અને શાંતિ હતાં.

“માધવી…હું તને ખૂબ ચાહુ છું, આઇ લવ યુ…” મહેન્દ્રનો અવાજ જાણે રૂંધાઈ ગયો હતો.

“ચલો, એક વાત તો સારી થઈ!” માધવી છૂટી પડીને મહેન્દ્રની સામે જોઇ હસવા લાગી, “20 વર્ષના લગ્નજીવનમાં તમે આજે પહેલી વાર મને આઇ લવ યુ કહ્યું! રિપોર્ટમાં જે લખ્યું હોય તે પણ આ…” માધવીએ પંજા પર ઊંચા થઈને મહેન્દ્રના વાળમાં હાથ ફેરવ્યો, “પણ આ, આઇ લવ યુ સાંભળીને મારી જિંદગી સાર્થક થઈ ગઈ.” એ હજીયે હસી રહી હતી. મહેન્દ્રની આંખો ફરી ભરાઈ આવી.

“માધવી…આપણે હજીયે એક વાર બધા ટેસ્ટ કરીશું.” એના અવાજમાં પોતાને જ સધિયારો આપતો હોય એવું પોલું આશ્વાસન હતું, “મને લાગે છે કે કંઈ ભૂલ થઈ છે”

"મહેન!" માધવી હળેવકથી છૂટી પડીને સામે મુકાયેલા વિઝિટર્સ સોફામાં બેસી ગઈ, "રિપોર્ટમાં શું છે એ હજી નથી કહ્યું તમે મને...'

મહેન્દ્ર થોડી વાર કશું જ ના બોલ્યો, ચૂપચાપ માધવી સામે જોતો રહ્યો, પછી એ પણ માધવીની બાજુમાં સોફામાં બેસી ગયો, એણે માધવીના ખભે માથું મૂકી દીધું.

બહાર અંધકાર મુંબઈને પોતાની બાંહોમાં સમેટતો રહ્યો જ્યારે અહીં ઑફિસની અંદર મહેન્દ્રની ચેમ્બરમાં માધવી અને મહેન્દ્ર ખાસ્સી વાર સુધી ચૂપચાપ, મૌન એકબીજાની બાજુમાં બેસીને બહાર ઊતરતા અંધકારના ઓળાને જોતાં રહ્યાં...

બંનેમાંથી કોઈ ખાસ્સી વાર સુધી કોઈ એક અક્ષર પણ ના બોલ્યું. માધવીના હાથ ઉપર, કાંડા અને બાવડા ઉપર મહેન્દ્રનો હાથ બેચેનીથી ફરતો રહ્યો. જાણે આખેઆખી માધવીને સ્પર્શથી ઓગાળીને જાણે પોતાની અંદર સમાવી લેવી હોય એવી રીતે એ માધવીને સ્પર્શી રહ્યો હતો...

મહેન્દ્રને અચાનક ખ્યાલ આવ્યો કે બહાર કાશીરામ રાહ જોઈ રહ્યો હશે. એટલે એણે આંખ બંધ કરીને સોફાના બેકરેસ્ટ પર માથું ઢાળીને બેઠેલી માધવીને ધીમેથી કહ્યું, "માધવી..."

"હંમ..."

"આપણે ઘેર જઈએ?"

માધવી ઊભી થઈ, "મહેન, રિપોર્ટ તમારી પાસે છે ને?"

"હા!" મહેન્દ્ર જાણતો હતો કે હવે ખોટું બોલવાનો કોઈ અર્થ નથી. "સાથે લઈ લેજો" એટલું કહીને માધવી મહેન્દ્રની ચેમ્બરની બહાર નીકળી ગઈ, જાણે મહેન્દ્રને થોડો સમય એકલા પડવા અને સ્વસ્થ થવા માટે આપવો હોય એમ!

મહેન્દ્ર માટે ખરેખર આ સમય પોતાની સ્વસ્થતાના વિખરાઈ ગયેલા ટુકડા સમેટવાનો સમય બની રહ્યો. એણે થોડી વાર પોતાની બંને હથેળીઓ પોતાના ચહેરા પર ઢાંકી, આંખો મીંચીને થોડી પળ ઊંડા ઊંડા શ્વાસ લીધા. પછી જાત સાથે જ વાત કરતો હોય એમ કહ્યું, "ખરેખર તો મારે માધવીને સાચવવાની છે એને બદલે હું જ આમ તૂટવા માંડ્યો?" પછી પી.સી. શટડાઉન કરી પોતાના ટેબલનાં ડ્રોઅર લોક કર્યાં, ઑફિસમાં એક છેલ્લી નજર નાંખી અને ખુરશી પરથી ઊભા થતાં પહેલા કી-બોર્ડની નીચે મૂકેલું સફેદ એન્વેલપ લઈને લેધરની ઑફિસ બ્રિફકેસમાં મૂક્યું.

એ બહાર આવ્યો ત્યારે માધવી કાશીરામ સાથે એના ઘર વિશે, એની પત્ની અને બાળકો વિશે વાતો રહી હતી. મહેન્દ્ર પ્રશંસાભરી નજરે એની આ સરળતા અને આ સ્વાભાવિકતા જોઈ રહ્યો. પછી નજીક આવીને એણે માધવીના ખભે હાથ મૂક્યો, "જઈશું?"

જવાબમાં માધવીએ સ્મિત કર્યું એ બંને જણાં ઑફિસની બહાર નીકળી ગયાં. પાછળ કાશીરામે લાઇટો બંધ કરવા માંડી હતી.

બિલ્ડિંગની બહાર નીકળીને મહેન્દ્રએ ઘડિયાળમાં જોયું, "સાડા આઠ થયા છે."

"તો?"

"ક્યાંક બહાર જમીને ઘેર જઈએ." માધવીએ નવાઇથી મહેન્દ્રની સામે જોયુ. મહેન્દ્રને ભાગ્યે જ બહાર જમવાનું ગમતું. એટલી હદ સુધી કે બિઝનેસ ડિનર અથવા પાર્ટીમાં જવું જ પડે એવું હોય તો મહેન્દ્ર ઘેરથી થોડું જમીને જતો.

મહેન્દ્ર એકદમ દાળ-ભાત, શાક-રોટલીનો માણસ હતો. ચાઇનીઝ, કોન્ટીનેન્ટલ કે પંજાબી ખાણાં એને જરાય નહોતાં ભાવતાં એવું એ વારંવાર કહેતો...અને આજે, એણે સામેથી બહાર જમવાની વાત કરી હતી.

"પણ, હું તૈયારી કરીને આવી છું."

"એથી શું?" મહેન્દ્રએ માધવીની આંખોમાં જોયું, "ચાલ ને, ગેલોર્ડમાં કે જાઝ બાય ધ બેમાં કે ઓબેરોયમાં...તને ગમે ત્યાં જમીએ."

"પણ મહેન..."

"ચાલ ને માધવી! થોડી વાર બેસીશું, વાતો કરીશું..." મહેન્દ્રના અવાજમાં જે ખાલીપો હતો તે સાંભળ્યા પછી એને ના પાડવાની ઇચ્છા ના થઈ.

બંને જણાં ચાલતાં ચાલતાં 'ગેલોર્ડ' સુધી આવ્યાં. સામાન્ય રીતે આવી કોઈક સાંજે ચાલવા નીકળ્યાં હોય તો માધવીને કહેવાનું ઘણું હોય. એને એટલી બધી વાતો કરવી હોય...પરંતુ આજે બંને જણાં સાવ ચૂપચાપ-સાથે ચાલતાં હોવા છતાં જાણે પોતપોતાની દુનિયામાં ખોવાયેલાં અને સાવ એકલવાયાં હતાં.

"મહેન!" માધવીએ અચાનક કહ્યું, એનો ચહેરો અચાનક બદલાઈ ગયો, ઘડીભર પહેલાંની માધવી જે પોતાની જાતમાં ડૂબેલી એકલવાયી અને ઉદાસ લાગતી હતી એ અચાનક જ જાણે રોજની ખુશમિજાજ અને વહાલસોયી માધવી બની ગઈ. એના ચહેરા પર લગભગ એક કલાક પછી ફરી એ જ સ્મિત પ્રગટ્યું જે રોજ સાંજે મહેન્દ્ર માટે દરવાજો ખોલતાં છલકાઈ ઊઠતું. એણે મહેન્દ્રને બાવડામાંથી પકડી લીધો અને બીજા હાથની આંગળીઓ મહેન્દ્રની આંગળીઓમાં પરોવી. એની આંખોમાં અજબ જેવું તેજ ઝળકી ઊઠ્યું, " જુઓ, હું મરી પણ જવાની હોઉં તો મારે આટલી ઉદાસીમાં અને એકલતામાં નથી મરવું."

મહેન્દ્રએ માધવીના હોઠ પર પોતાની આંગળીઓ મૂકી દીધી.

"મરે શું કામ?" મહેન્દ્રએ આ વાક્ય કહ્યું તો ખરું પણ આ વાક્યમાં સંભળાતો બોદાપણાનો ખાલીપો એને પોતાને જ ધ્રુજાવી ગયો, "આમાં મરવાની વાત ક્યાંથી આવી?"

"મહેન...રિપોર્ટમાં કશુંક સિરિયસ છે એ હું સમજી શકું છું." માધવીનો અવાજ ગંભીર હતો પણ ચહેરા પર સ્મિત હતું. બંને જણાં 'ગેલોર્ડ'ની બહાર ઓપનએરમાં મુકાયેલી ખુરશીઓમાં ગોઠવાયાં.

"ગંભીર તો છે!" મહેન્દ્ર હવે ધીમે ધીમે ખૂલવા લાગ્યો હતો. માધવીના ચહેરા પર આવી ગયેલી હળવાશ અને સ્મિત જોઈને એને હિંમત આવી હતી.

એ માધવી સામે જોઈ રહ્યો.

એની આંખો માધવીના ચહેરા પર હતી અને મનમાં આજે બપોરે 4 વાગે ડૉ. કાપડિયાની ચેમ્બરમાં એણે જે સાંભળ્યું હતું એ બધું જ ફરી ફરી પડઘાઈ રહ્યું હતું.

*

"મહેન્દ્રભાઈ, મને એ નથી સમજાતું કે તમે આટલા દિવસ સુધી રાહ કેમ જોઈ?"

"એટલે?" મહેન્દ્રને હજી ચાલી રહેલી વાતની ગંભીરતા નહોતી સમજાઈ.

"મહેન્દ્રભાઈ" ડૉ. કાપડિયાના ચહેરા પર એક અજબ જેવી ગંભીરતામાં ઝબોળાયેલી પીડા હતી, "માધવીબહેનની તબિયત વિશે આપણે તાત્કાલિક નિર્ણયો કરવા પડશે"

"કંઈ સિરિયસ છે?"

"બધું જ સિરિયસ છે મહેન્દ્રભાઈ...પણ છતાં મને હજી થોડા વધારે ટેસ્ટ કરાવવા છે. કંઈ પણ નિદાન કરતાં પહેલાં મારે એકદમ ચોક્કસ થઈ જવું છે."

"નિદાન?" હવે મહેન્દ્રનું ગળું સુકાવા લાગ્યું, એને લાગ્યું કે હવે એરકન્ડિશન ચેમ્બરમાં પણ એને પરસેવો વળતો હતો. એ સ્થિર નજરે ડૉ. કાપડિયા સામે જોઈ રહ્યો.

"હા, મહેન્દ્રભાઈ" ડૉ. કાપડિયા માટે આ નવું નહોતું. એ કંઈ કેટલાયે પેશન્ટને રોજેરોજ આવી વિગતો આપતા જ હશે. એમના માટે સામે બેઠેલી વ્યક્તિના આવા હાવભાવ કંઈ બહુ ડરાવી કે વિચલિત કરી નાંખનારા નહોતા જ..."આપણે હજી એક-બે ડિટેલ ટેસ્ટ કરાવી લઈએ પણ મને લાગે છે કે માધવીબહેનના પેટમાં પાણી ભરાય છે. યુટ્રાઇન કેવીટીમાં એક-બે નાની ગાંઠો તો હતી જ, મેં તમને ત્રણ-ચાર વર્ષ પહેલાં પણ કહેલું..."

"ગાંઠો?" મહેન્દ્રને પોતાનો જ અવાજ ધ્રૂજતો લાગ્યો હતો.

"મહેન્દ્રભાઈ...ડરી જવાની જરૂર નથી. વિજ્ઞાન ઘણું આગળ વધ્યું છે, દરેક રોગની સારવાર છે જ." ડૉ. કાપડિયા માટે કદાચ આ રોજના સંવાદ હતા, "ઈશ્વરે આપેલા ખૂબ પૈસા છે તમારી પાસે...જરૂર પડશે તો માધવીબહેનને પરદેશ લઈ જઈશું."

"માધવીને શું થયું છે?" મહેન્દ્રનો અવાજ અનાયાસે ઊંચો થઈ ગયો. એને પોતાને પણ ખ્યાલ આવ્યો કે એણે આ સવાલ લગભગ બૂમ પાડીને પૂછ્યો હતો. એ જરા સંકોચાઈ ગયો, "આઇ એમ સૉરી!"

"નોટ અ પ્રોબ્લેમ!" ડૉ. કાપડિયાએ ટેબલ પર મુકાયેલા મહેન્દ્રના હાથ ઉપર પોતાનો હાથ મૂક્યો, "ડરી જવાની જરૂર નથી પણ આપણે સમજી લેવું જોઈએ કે માધવીબહેનના લક્ષણો ગર્ભાશયના કેન્સરનાં થર્ડ સ્ટેજના લક્ષણો છે."

"વોટ?" મહેન્દ્રથી ફરી ચીસ પડાઈ ગઈ.

"કેન્સરથી આટલા બધા ડરી જવાની જરૂર નથી મહેન્દ્રભાઈ...દરેક વખતે કેન્સરનો અર્થ આપણે ધારીએ છીએ એટલો ગંભીર નથી હોતો."

"ડૉ. કાપડિયા, માધવીને તાવ આવે તો પણ મારું ઘર અસ્તવ્યસ્ત થઈ જાય છે, મારું અસ્તિત્વ હચમચી જાય છે. મારી ચાના પહેલા કપથી શરૂ કરીને રાતના બેડરુમમાં લાઇટ બંધ કરીને મને બ્લેન્કેટ ઓઢાડવા સુધીનો મારો દિવસ માધવીની આસપાસ જ ધબકે છે...તમે જે બોલો છો એનાથી મારું આખું અસ્તિત્વ હચમચી ગયું છે અને તમે કહો છો, ગંભીર નથી?"

*

'ગેલોર્ડ'માં માધવીની સામે બેઠેલો મહેન્દ્ર માધવીની આંખોમાં જોઈ રહ્યો હતો અને વિચારી રહ્યો હતો કે પોતાની બ્રિફકેસમાં પડેલું એન્વેલપ જે ક્ષણે ટેબલ પર આવશે તે ક્ષણે શું થશે?

*

4

‘ગેલોર્ડ’માં માધવીની સામે બેઠેલો મહેન્દ્ર માધવીની આંખોમાં જોઈ રહ્યો હતો અને વિચારી રહ્યો હતો કે પોતાની બ્રિફકેસમાં પડેલું એન્વેલપ જે ક્ષણે ટેબલ પર આવશે તે ક્ષણે શું થશે?

“શું છે?” માધવીએ ટેબલ પર મૂકેલા મહેન્દ્રના હાથ પર હાથ મૂક્યો, “કહી નાખો.” એના ચહેરા પર સાવ શાંતિ અને સ્વાભાવિકતા હતી.

“માધવી...” મહેન્દ્ર થોડી વાર આમતેમ જોતો રહ્યો, “મને આ કાપડિયા પર બહુ વિશ્વાસ નથી.”

“અરે!” માધવી હસવા લાગી, “કેમ? આપણે જે નહોતો જોઈતો, જે નહોતો ધાર્યો એવો રિપોર્ટ આવ્યો છે એટલે તમને ડૉ. કાપડિયા પર વિશ્વાસ નથી?”

“એવું નથી, પણ મને નથી લાગતું કે એણે બરાબર ચેક-અપ કર્યાં હોય.”

“મહેન...” માધવી મહેન્દ્રના હાથ પર મૂકેલા પોતાના હાથથી ધીરે ધીરે મહેન્દ્રના હાથ પંપાળી રહી હતી, “હું નહીં જીવું એવું કહ્યું?”

“એવું બધું કંઈ નથી થવાનું... કાપડિયામાં બુદ્ધિ નથી.” લગ્નના દોઢ દાયકાથી વધુ સમય સાથે ગાળ્યા છતાં માધવીએ મહેન્દ્રને ક્યારેય આટલો ઉગ્ર, આટલો વિચલિત અને આ ભાષા વાપરતો નહોતો જોયો.

“મહેન...” માધવી જાણે નાના બાળકને સમજાવતી હોય એટલા વહાલથી મહેન્દ્રને સમજાવતી હતી, “મને કહો, ડૉ. કાપડિયાએ શું કહ્યું?” માધવીના અવાજમાં કોણ જાણે શું સાંભળ્યું કે મહેન્દ્રએ એક શબ્દ બોલ્યા વિના નીચા નમી, બ્રિફકેસ લઈ, ઉઘાડી અને એમાંથી કવર કાઢીને ટેબલ પર મૂકી દીધું.

માધવીએ એ કવર હાથમાં લીધું. જાણે કોઈ લગ્નનું ઇન્વિટેશન, પાર્ટીનું આમંત્રણ ખોલતી હોય એટલી સ્વાભાવિકતાથી એ કવર ખોલ્યું અને અંદરથી ચાર-પાંચ કાગળોનો એ બંચ કાઢીને જોવા લાગી... એણે ધ્યાનથી વાંચ્યું, કાગળો ઉથલાવ્યાં, પછી ફરીથી એવી જ રીતે ત્રણ ફોલ્ડ કરીને કાગળ ટેબલ પર મૂકી દીધાં.

“મને કંઈ સમજાયું નહીં. ટૂંકમાં કહોને...”

“ડૉ. કાપડિયાનું કહેવું છે કે...” મહેન્દ્રએ પોતાનો હાથ માધવીના હાથ નીચેથી કાઢીને ઉપર મૂક્યો, “તને...” એણે ટેબલ પર પડેલો પાણીનો ગ્લાસ ઉઠાવી એક શ્વાસે પૂરો કર્યો, “એમનું કહેવું છે, આપણે હજુ ઓપિનિયન લઈશું...”

“હા, હા... પણ એમનું કહેવું શું છે?” માધવી હવે અકળાઈ ગઈ હતી.

“ડૉ. કાપડિયા કહે છે કે તને ગર્ભાશયનું કેન્સર છે.”

"ઓહોહો!" માધવીના ચહેરા પર એકદમ સ્વસ્થતા હતી, "કેન્સર કંઈ અસાધ્ય રોગ નથી મહેન..." એણે બને એટલા સ્વાભાવિક અવાજે કહેવાનો પ્રયત્ન કર્યો, પણ એને પોતાને લાગ્યું કે એના અવાજમાં સહેજ કંપ ભળી ગયો હતો, "બહુ બહુ તો ગર્ભાશય કાઢી નાખશે... એમાં ડરવાનું શું?"

"જો માધવી!" મહેન્દ્રનો અવાજ પહેલાં કરતાં પણ સહેજ વધારે ગંભીર થઈ ગયો, "મેં આજ સુધી જિંદગીમાં કંઈ છુપાવ્યું નથી. એટલે આજે પણ કંઈ છુપાવીશ નહીં." એણે ઊંડો શ્વાસ લીધો, "તેં મને કહેવામાં ઘણી વાર લગાડી એ પછી આપણે ડૉક્ટર પાસે જવામાં એનાથી વધારે વાર લગાડી છે..."

"એટલે?" હવે માધવીના અવાજમાં પણ ગંભીરતા પડઘાઈ.

"એટલે કેન્સર ખાસ્સું વધારે ફેલાઈ ચૂક્યું છે. થર્ડ સ્ટેજથી પણ સહેજ વધારે આગળ કહી શકાય..." એણે માધવીની સામે જોયું. એનો અવાજ અને આંખો બંને ભીનાં થઈ ગયાં, "એવું... એવું ડૉ. કાપડિયા કહે છે."

બંને જણાં ખાસ્સી વાર સુધી સાવ ચૂપચાપ અન્યમનસ્ક બેસી રહ્યાં. બંનેની વચ્ચે કંઈ કેટલીયે અજંપાની પળો ચૂપચાપ પસાર થઈ ગઈ. પહેલી વાત કોણ શરૂ કરે એ પણ જાણે શાંતિને ચીરી નાખવાનો એક ભય હોય એવી રીતે બંનેની આંખો ફરી ફરીને એકબીજાની સામે જોતી રહી, પરંતુ શરૂઆતનો પહેલો શબ્દ બંનેને જાણે જડતો નહોતો!

"મહેન..." માધવીએ ખૂબ શાંતિથી જાણે ક્યાંક ઊંડી ગુફામાંથી બોલતી હોય એમ કહ્યું.

"હં... હં..." મહેન્દ્ર ચોંક્યો.

"ટૂંકમાં, મારી પાસે કેટલો સમય છે?"

"એવું શું કામ વિચારે છે? હું તને પરદેશ લઈ જઈશ, તારી દવા કરાવીશ, તને કંઈ નહીં થવા દઉં માધવી..."

"એમ?" માધવીના ચહેરા પર પીડામાં ડૂબેલું એક સ્મિત આવી ગયું, "એણે મારી ટિકિટ તો ફાડી નાખી છે... તારીખ કઈ છે એટલું જ મારે જાણવું છે."

"માધવી..." મહેન્દ્રએ એના હાથ પર મૂકેલો પોતાનો હાથ જોરથી દબાવી દીધો, "તું જ આશા છોડી દઈશ તો હું કોના ભરોસે લડીશ?"

"આપણે લડવાનું નથી." માધવીના ચહેરા પર હજીયે એવી જ સ્વસ્થતા અને સૌમ્યતા અકબંધ હતી, "સ્વીકારવાની શરૂઆત કરવાની છે મહેન..."

"કાપડિયા કંઈ ભગવાન નથી."

"ને આપણે પણ ભગવાન નથી." માધવીએ મહેન્દ્રની સામે જોયું, "મને ભૂખ લાગી છે. ખાવાનું ઓર્ડર કરો."

મહેન્દ્રએ બે વાર આવીને પાછા ગયેલા સ્ટૂઅર્ટને હાથના ઇશારાથી નજીક બોલાવ્યો એણે કાંદા-લસણ વગરનું ખાવાનું ઓર્ડર કરવા માંડ્યું. માધવી નવાઈથી એની સામે જોઈ રહી. માધવી કાંદા-લસણ નહોતી ખાતી પણ મહેન્દ્રને કાંદા વગર ખાવાનું બેસ્વાદ લાગતું... એમના ઘરમાં હંમેશાં બે જણ માટે બે પ્રકારનું ખાવાનું બનતું!

મહેન્દ્ર માધવીને અવાર-નવાર કહેતો, "તને ખબર જ નથી તું શું ગુમાવે છે... કાંદા-લસણ વગર તે કંઈ ખાવાનું બને? હું મરી જાઉં, પણ કાંદા-લસણ વગરનું ના ખાઉં."

આજે અચાનક મહેન્દ્ર પણ કાંદા-લસણ વગરનું જમવા તૈયાર થઈ ગયો એ જોઈને માધવી હસી પડી.

"શું કામ?" એણે પૂછ્યું.

"બસ, એમ જ..." મહેન્દ્રને જવાબ સૂઝ્યો નહીં.

"મારી પહેલાં તો તમે માની લીધું કે હું મરી જવાની છું." માધવી હજી હસી રહી હતી, "બધું મને ગમે એવું કરવા માંડ્યું? મને ખુશ રાખવા માગો છો, કારણ કે બહુ ઓછા દિવસ છે મારી પાસે?"

"અ...બ... એવું કંઈ નથી. આ તો મને થયું કે બે જણા માટે જુદું ક્યાં મંગાવું?"

"પૈસા બચાવો છો?" માધવીના ચહેરા પર અજબ જેવું સ્મિત હતું. મોટે ભાગે એના ચહેરા પર આવું સૌમ્ય સ્મિત હંમેશાં રહેતું. એ ભાગ્યે જ ચિડાતી. ફરિયાદ કદી ના કરતી. કોઈ પણ વાત કહેવી હોય તો યોગ્ય સમય જોઈને, શાંતિથી, ઓછા શબ્દોમાં પોતાની વાત કહેવાની અજબ આવડત હતી એનામાં!

"માધવી!"

"મહેન..." માધવીએ હાથ લંબાવીને મહેન્દ્રના ગાલને અછડતો સ્પર્શ કર્યો, "આ પહેલાં પણ આપણે ઘણી વાર બહાર જમવા આવ્યાં છીએ અને ઘણી વાર બે જણા માટે જુદું જમવાનું પણ મંગાવ્યું છે."

"તારે દરેક વાતમાં એક જ રીતે જોવું છે." મહેન્દ્ર જાણે પકડાઈ ગયો હોય એમ અકળાઈ ગયો, "સમજતી કેમ નથી?"

"સમજવાનો જ પ્રયત્ન કરું છું મહેન..." અચાનક જ એને ડૂમો ભરાઈ આવ્યો. સ્થળ-કાળનું ભાન ભૂલીને એની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં, "હું જે જીવી છું, જેવું જીવી છું એનો સંતોષ છે મને. તમારી સાથે ગાળેલી એક એક ક્ષણ ખરેખર અથાગ સુખની ક્ષણો હતી..." એણે ગાલ ઉપર આવી ગયેલાં આંસુ હથેળીથી લૂછી કાઢ્યાં, "મને ગમ્યું હોત તમારી સાથે ઘરડા થવું, ચશ્માં પહેરવાં, એકબીજાનો હાથ પકડીને ધ્રૂજતા પગે રસ્તો ક્રોસ કરી, મરીન ડ્રાઇવની પાળે આથમતો સૂરજ જોવો..." હવે માધવીની અંદર સ્વસ્થતા પીગળવા લાગી હતી, "તમારી બાજુમાં બેસીને સોનાલીનું કન્યાદાન કરવું. એને વળાવીને ઘેર પાછાં આવી, તમને ભેટીને ધ્રૂસકે ધ્રૂસકે રડવું... ગમ્યું હોત મને!" એની આંખો જાણે પીગળીને વહેવા લાગી હતી.

આસપાસના ટેબલ પર બેઠેલા એક-બે જણાએ એમની સામે જોયું, પણ મુંબઈ શહેરમાં પોતાની જ પીડાનું વજન એટલું લાગતું હોય છે માણસને, કે કોઈની પીડામાં રસ લેવા જેટલી સંવેદના બચી શકતી નથી...

“મહેન, એક છોકરી પરણેને ત્યારે મહેંદી મૂકેલા હાથની પાછળ છુપાયેલી હસ્તરેખામાં સપનાં લઈને આવતી હોય છે... અગ્નિની જ્વાળાની સામે અપાતાં સપ્તપદીનાં સાત વચનોમાં સાત જનમ સાથે જીવવાની ઝંખના હોય છે...” માધવી એકદમ સંવેદનશીલ થઈ ગઈ હતી. મહેન્દ્રને લાગ્યું કે ઘેર જ ગયાં હોત તો કદાચ સારું થાત...

“મહેન, આપણે સાથે ગાળેલાં આ બધાં જ વર્ષો હું ભરપૂર જીવી છું. સી.પી. ટેન્કના એ એક રૂમના ઘરમાં ઊજવેલી મધુરજનીથી શરૂ કરીને આ પળ સુધી તમે મને એ બધું જ આપ્યું છે, જે એક પત્નીની અપેક્ષા હોય... બલકે એનાથી ઘણું વધારે! સુખનો ઓડકાર આવી ગયો છે મહેન...” એની આંખો હજી વહી રહી હતી, “ઈશ્વરને પણ લાગ્યું હશે કે હવે આનાથી વધારે સુખ નહીં સમાય, મારી જિંદગીમાં, મારા પાલવમાં...”

“માધવી!” મહેન્દ્રની આંખો પણ ભીંજાઈ ગઈ, એ ઊભો થઈ ગયો, “ઘેર જવું છે?”

“ના... અહીં જ વાત કરીશું.” આજે પહેલી વાર માધવીએ મહેન્દ્રની વાતમાં હા પાડવાના બદલે મક્કમતાથી પોતાની મરજી કહી હતી, મહેન્દ્ર બેસી ગયો...

બંને ક્યાંય સુધી ચૂપ રહ્યાં.

ખાવાનું આવ્યું, પીરસાયું, જમાઈ ગયું...

પણ બંનેમાંથી કોઈ એક અક્ષર બોલી શક્યું નહીં. પોતપોતાની રીતે બંને જણાં જાણે જિંદગીના દોઢ દાયકાથી વધુ સમયને રિવાઇન્ડ કરીને જોઈ રહ્યાં હતાં.

*

“શું નામ તમારું?” અઢાર વર્ષની એક છોકરી બંને હાથના અંકોડા એકબીજામાં ભિડાવીને નીચું જોઈને સોફામાં બેઠી હતી. સામે ચા-નાસ્તાની પ્લેટ પડી હતી.

“માધવી...” એ છોકરીએ પોતાની લાંબી લાંબી પાંપણો ઉઠાવીને સામે બેઠેલા 25-26ના છોકરા સામે જોયું.

“હું મુંબઈ રહું છું.” એ છોકરો સામે બેઠેલી છોકરીને ડરાવવા માગતો હતો કે સત્ય કહેવા માગતો હતો એ બેની વચ્ચે સામે બેઠેલી છોકરી ફરક શોધવા મથી રહી, “એક રૂમનું ઘર છે મારું... ત્રીજે માળે, લાકડાની સીડી છે. પાણી નીચેથી ભરવું પડશે. સંડાસ કોમન છે... અહીં જેવું આંગણું, મોટું ઘર, બગીચો કંઈ નથી ત્યાં...”

“વરમાંથી ઘર થાય એવું મારી મા કહે છે.” છોકરીની કાળી આંખોમાં ગજબ આત્મવિશ્વાસ હતો.

"તમે મુંબઈની ઘણી વાતો સાંભળી હશે, પણ એવું ત્યાં કંઈ નથી. મારો પગાર ટૂંકો છે... નાટક-ચેટક, સિનેમા, બહાર ખાવાના ખર્ચા મને નહીં પોસાય."

"મને રાંધતાં આવડે છે."

"અને બીજું, હું તરત નહીં લઈ જાઉં. લગન કરીને અહીં જ રહેવું પડશે..."

"એ મને નહીં ફાવે." છોકરીના અવાજમાં જે રણકાર હતો એ સાંભળીને મહેન્દ્ર એનો કાયલ થઈ ગયો, "હું આવીશ તો જોડે જ. ઘર ભલે નાનું હોય, સગવડો ના હોય, મહેનત કરીશ, પણ તમારા વિના નહીં રહું."

મહેન્દ્ર એની સામે જોઈ રહ્યો. એના ચહેરા પર અજબ પ્રકારનું માર્દવ હતું. સ્ત્રીત્વથી છલકાતો એ ચહેરો મહેન્દ્રની છાતીમાં જડાઈ ગયો. એની મક્કમતા અને સ્પષ્ટતા, નમ્રતા અને છતાં પોતાની વાત કહેવાની દૃઢતા... મહેન્દ્રને લાગ્યું કે એ આટલાં વર્ષોથી આ જ છોકરીને શોધતો હતો!

*

માધવી મહેન્દ્રને પરણીને એની સાથે એ જ ગાડીમાં મુંબઈ આવી હતી.

એ પછી પિયર જવાની કોઈ ઇચ્છા કે જીદ માધવીએ ક્યારેય નહોતી કરી! ક્યારેક મહેન્દ્ર મજાકમાં કહેતો, "બે-ચાર દિવસ જા તો તને યાદ કરું... તને મિસ કરું... પાછી બોલાવવાની ઇચ્છાય થાય..."

માધવી હંમેશાં એક જ જવાબ આપતી, "તમને મૂકીને ક્યાંય જવાનું મન જ નથી થતું."

જોકે થોડાંક જ વર્ષોમાં માધવી મહેન્દ્રના જીવનનો એક એવો ભાગ બની ગઈ હતી કે સોનાલીની ડિલિવરી વખતે માધવીએ મા-બાપ પાસે જવાની વાત કરી ત્યારે મહેન્દ્રએ ઘસીને ના પાડી દીધી હતી!

દોઢ દાયકાથી વધારેના આ સહજીવનમાં મહેન્દ્ર માટે એના હાથરૂમાલથી શરૂ કરીને એની ઑફિસની ફાઇલ અને બ્લેકની કેશ સુધીનું બધું જ માધવીની આસપાસ ફર્યા કરતું...

આજે અચાનક મહેન્દ્રને લાગ્યું કે માધવી એના જીવનનો એવો અભિન્ન ભાગ હતી કે જેના નહીં હોવાના વિચાર માત્રથી મહેન્દ્રનું આખું અસ્તિત્વ લીરેલીરા થઈ ગયું હતું...

*

બિલ ચૂકવીને 'ગેલોર્ડ'થી બી-રોડની ફૂટપાથ પર સાથે સાથે ચાલતાં મહેન્દ્ર અને માધવી પોતપોતાની દુનિયામાં ખોવાયેલાં હતાં. વિચારોમાં ખોવાયેલા મહેન્દ્રએ અચાનક જ પોતાની બાજુમાં ચાલતી માધવીનો હાથ પકડીને એની આંગળીઓમાં આંગળીઓ પરોવી અને એનો હાથ મજબૂતીથી પકડી લીધો.

માધવી પણ મહેન્દ્રનો હાથ પકડીને ચૂપચાપ ચાલતી રહી.

બંનેના પકડાયેલા હાથમાં એક અસહાય વિયોગ હતો, આવનારી પળોથી ધ્રૂજતા બંને પોતાની અસ્વસ્થતા એકબીજાથી છુપાવવાનો પ્રયાસ કરતાં હતાં છતાં બંને જાણતાં હતાં કે આ સમાચાર બંનેને કેટલા ઊંડે સુધી કોરી ગયા છે!

ઘરે આવીને, કપડાં બદલીને મહેન્દ્ર પથારીમાં પડ્યો ત્યાં સુધી કોઈ કશું બોલ્યું જ નહીં...

માધવી કપડાં બદલીને મોઢું ધોવા બાથરૂમમાં ગઈ ત્યારે અરીસામાં પોતાનો ચહેરો જોઈને એને કોણ જાણે શું થઈ ગયું, એણે હાથ લંબાવીને અરીસામાં દેખાતા પોતાના પ્રતિબિંબને સ્પર્શવાનો પ્રયાસ કર્યો. આંગળીનાં ટેરવાં કાચની ઠંડી પરતને સ્પર્શ્યાં... માધવીના શરીરમાંથી ઠંડીનું એક લખલખું પસાર થઈ ગયું, “આ ચહેરો નહીં હોય થોડા દિવસમાં?” એને વિચાર આવ્યો, “આ શરીર, આ સ્પર્શ, અનુભવાતી આ સંવેદનાઓ, જિવાતી ક્ષણો, બોલાતા શબ્દો... કશું જ નહીં રહે?”

એનાથી રડાઈ ગયું.

એના છૂટી ગયેલા ડસકાનો અવાજ કદાચ બહાર મહેન્દ્રના કાને અથડાયો હશે એટલે એ ડ્રેસિંગરૂમનો દરવાજો ખોલીને અંદર ધસી આવ્યો. એણે બાથરૂમના દરવાજા પર ટકોરા માર્યા, “માધવી... માધવી...”

માધવી રડતી રહી!

*

5

માધવીના શરીરમાંથી ઠંડીનું એક લખલખું પસાર થઈ ગયું, “આ ચહેરો નહીં હોય થોડા દિવસમાં?” એને વિચાર આવ્યો, “આ શરીર, આ સ્પર્શ, અનુભવાતી આ સંવેદનાઓ, જિવાતી ક્ષણો, બોલાતા શબ્દો... કશું જ નહીં રહે?”

માધવીના ડૂસકાંનો અવાજ કદાચ બહાર મહેન્દ્રના કાને અથડાયો હશે એટલે એ ડ્રેસિંગરૂમનો દરવાજો ખોલીને અંદર ધસી આવ્યો. એણે બાથરૂમના દરવાજા પર ટકોરા માર્યા, “માધવી... માધવી...”

માધવી રડતી રહી!

મહેન્દ્ર બહારથી ફરી ફરીને માધવીને બોલાવતો રહ્યો, “માધવી, દરવાજો ખોલ... દરવાજો ખોલ માધવી...” થોડી વાર રડી લીધા પછી માધવીએ ચહેરા પર પાણી છાંટીને, વાળ ખોલીને હાથમાં બ્રશ લઈને દરવાજો ખોલ્યો. માધવીના કમ્મરથી નીચે નિતંબ ઢંકાય એટલા વાળ ખુલ્લા હતા, આકાશી બ્લૂ રંગના ગાઉનમાં માધવી ખરેખર સૌમ્ય અને સુંદર લાગતી હતી. ચહેરો હમણાં જ ધોયો હતો એટલે ત્વચા ઉપર એક અજબ પ્રકારની તાજગી હતી.

મહેન્દ્ર એની સામે જોઈ રહ્યો, “આ માધવી! જેની સાથે મેં મારી જિંદગીના સૌથી અમૂલ્ય વર્ષોના લગભગ બે દાયકા વિતાવ્યા છે એ માધવી નહીં હોય?” મહેન્દ્રએ હાથ લંબાવીને માધવીને નજીક ખેંચી, માધવી અનાયાસ ખેંચાઈ આવી. એણે માધવીને પોતાના બંને હાથની વચ્ચે એવી રીતે પીસી દીધી જાણે માધવીને પોતાનામાં ઓગાળી દેવા માગતો હોય.

માધવી પણ મહેન્દ્રને ભેટીને એની પીઠ પર હાથ ફેરવતી રહી. એ સમજી શકતી હતી મહેન્દ્રની પીડા, એની તરસ, એની અકળામણ, એની ચિંતા, એની અસ્વસ્થતા...

“મૃત્યુ કેવી વસ્તુ છે?” માધવી મહેન્દ્રને ભેટીને ઊભી હતી ત્યારે જ એને વિચાર આવ્યો, “હું નહીં હોઉં ત્યારે પણ આ ઘર હશે, ઘરની વસ્તુઓ, મારું ડ્રેસિંગ ટેબલ, કબાટમાં લટકતી મારી સાડીઓ, ઘડીબંધ ગોઠવેલાં બ્લાઉઝ...બધું એમ જ હશે... પલંગ પર આ તરફની જગ્યા ખાલી થઈ જશે, સામે કાચની દીવાલ પાસે મુકાયેલી બે ખુરશીઓની વચ્ચેના ટેબલ પર રોજ સવારે ચાની ટ્રે મુકાશે જ...માત્ર એમાં એક કપ હશે! બે ખુરશીઓમાંથી એક ખુરશી ખાલી રહેશે...આ ઘરમાં રસોઈ બનશે, સૌ જમશે પણ ખરાં...શરૂઆતમાં થીજેલી ચુપકીદી ધીમેધીમે ઓગળશે. સૌ વાતો પણ કરશે...બસ, એક મારો અવાજ નહીં હોય....” એને ફરી રડવું આવી ગયું. મહેન્દ્રએ હળવે હળવે એને પોતાનાથી અલગ કરી, એની ચિબુક પકડીને ચહેરો ઊંચો કર્યો, ગાલ પર આવી ગયેલાં આંસુને પોતાના હોઠથી લૂછ્યાં અને ધીમેથી કહ્યું, “સ્ત્રીઓ રડે ત્યારે આટલી સુંદર કેમ લાગતી હોય છે?”

માધવી રડતાં રડતાં હસી પડી. એને પોતે પરણીને આવી ત્યારના, શરૂઆતના દિવસો યાદ આવી ગયા, ઘોઘા જેવા દરિયાની નજીકના નાનકડા ગામથી આવેલી માધવી મુંબઈમાં ક્યારેક ગૂંગળાઈ જતી. ચાલીના એક રુમના ઘરમાં સતત કોલાહલની વચ્ચે એને દરિયાનો ઘૂઘવાટ અને એની સાથે દૂર સુધી ફેલાયેલો નિર્જન કિનારો યાદ આવતો.

રેતીમાં ડગલાં માંડતી, અને ઓઢણીના પાલવમાં છીપલાં ભેગાં કરતી એ માધવી એને પોતાને જ યાદ આવતી, ક્યારેક મુંબઈ આવવાના નિર્ણય વિશે અફસોસ થતો તો ક્યારેક ભાગી છૂટવાનું મન થતું...

ચાલીમાં સૂકવેલા કપડાં ક્યારેક ચોરાઈ જતાં તો ક્યારેક પિયરની બે-ચાર સાડીઓમાંથી એક ઉંદરડો કાતરી જતો, માધવી અકળાઈ ઊઠતી! મહિનાની આખરમાં પૈસા ખૂટતા હતા. પરચૂરણ ગણી ગણીને દૂધ અને શાકભાજીની વ્યવસ્થા કરવી પડતી. ક્યારેક દાળ અને રોટલી તો ક્યારેક મગ અને મગની દાળ સાથે ભાત ખાઈ લેવા પડતા...

આ બધી વખતે માધવીને લાગતું કે આ શહેર એના માટે નથી...

એ મહેન્દ્ર પર અકળાઈ જતી, "ખબર નહીં શું દેખાય છે તમને મુંબઈમાં! ગામ જઈને આટલી જ મહેનત કરીએ તો આના કરતાં ચાર ગણા રૂપિયા રળશો તમે... અને નિરાંતની જિંદગી જીવશો એ અલગ..." એને ડૂમો ભરાઈ જતો, "દસ વર્ષ જિંદગી ઓછી થઈ જશે આ શહેરમાં...સવારના જાવ છો, અત્યારે દસ વાગ્યા છે. ચૌદ કલાકની મજૂરી પછી ખાવાનું શું રોટલી ને શાક?" આખા દિવસનો થાકેલો મહેન્દ્ર હજી પહેલો કોળિયો માંડે એ પહેલાં માધવીની અકળામાણ છલકાઈ પડતી. ચૌદ કલાકની મજૂરી પછી પતિને પેટ પૂરું ખાવા નથી આપી શકતી એ વિચારે માધવીનું અંતર વલોવાઈ જતું...

"મને જે દેખાય છે એ તને નહીં દેખાય હમણાં..." મહેન્દ્ર જાણે બત્રીસ પકવાન ખાતો હોય એટલા આનંદથી કોળિયા ભરતો, "પણ, હું તને દેખાડીશ કે આ શહેરમાં શું છે!"

માધવી જવાબ તો ન આપતી પણ શરૂઆતનાં વર્ષોમાં એને હંમેશાં એમ લાગતું કે મહેન્દ્ર આ શહેરના મોહમાં જિંદગી બરબાદ કરી નાંખશે.

જો કે, શૅરબજારના ખેલ સમજી રહેલો મહેન્દ્ર ધીમે ધીમે થોડા થોડા કરીને પૈસા કમાવા લાગ્યો હતો. એને સમજાવા લાગ્યું હતું કે આંટીઘૂંટીમાંથી બહાર નીકળીને આ શહેરના મુખ્ય રસ્તા પર કઈ રીતે આવી શકાય. શૅરબજારમાં એની શાખ બંધાતી જતી હતી...

સી. પી. ટેન્કની ચાલીમાં નીચે કોમન ચોકડીમાં કપડાંને ધોકા મારતી માધવીને કલ્પનાયે નહોતી કે મહેન્દ્ર અંધેરીના ફ્લૅટ માટે પૈસા બચાવી રહ્યો છે.

મહેન્દ્ર જે દિવસે એને પહેલી વાર ઘર જોવા લઈ ગયો એ દિવસે ઘર જોઈને માધવીની આંખો પહોળી થઈ ગઈ હતી, "આ તો બહુ મોટું ઘર છે મહેન! આપણી

પાસે આટલો સામાન જ નથી!"

અત્યારે માધવીને ફરી એકવાર એ શરૂઆતના દિવસો યાદ આવી ગયા. એ જ્યારે રડતી, અકળાઈ જતી ત્યારે મહેન્દ્ર એને આ જ રીતે સંભાળી લેતો! ગજબની ધીરજ અને મક્કમતા હતી મહેન્દ્રમાં, પરિસ્થિતિ સામે ઝૂઝવાની, ગમે તેવા તોફાન સામે અડીખમ ઊભા રહેવાની એની આવડત અને ત્રેવડ પર માધવી ક્યારેક આશ્ચર્યચકિત થઈ જતી!

આજે પણ મહેન્દ્ર જે રીતે આખી પરિસ્થિતિની સામે હિંમતથી ઊભો હતો એનાથી માધવીને એના પર વહાલ આવી ગયું. મહેન્દ્રએ એનો ચહેરો ચિબુકથી પકડ્યો હતો એણે માધવીના ગાલ ઉપરથી હજી હમણાં જ પોતાના હોઠથી આંસુ લૂછયાં હતાં...

માધવી પોતાના બંને પંજા પર ઊંચી થઈ, એણે મહેન્દ્રના હોઠ પર હોઠ મૂકી દીધા. પોતાના બંને હાથ એણે મહેન્દ્રના ગળામાં ભરાવીને મહેન્દ્રને પ્રગાઢ ચુંબન કરવા માંડ્યું.

ક્ષણેક માટે મહેન્દ્રને નવાઈ લાગી, હજી ક્ષણેક પહેલાં જ રડતી, જિંદગીથી હારી ગયેલી માધવી અચાનક આવી રીતે મિજાજ પલટીને...

પરંતુ પછી એણે માધવીના આ મિજાજને પણ સ્વીકારી લીધો એણે પણ માધવીને વહાલ કરવા માંડ્યું.

આટલાં વર્ષોમાં મહેન્દ્રએ માધવીનો આવો મિજાજ ક્યારેય નહોતો જોયો. જાણે મહેન્દ્રને આ શરીરની ભેટ ધરીને સુખના અથાગ સાગરમાં ડુબાડી દેવો હોય એમ માધવી સ્ત્રીત્વના પૂરા ઝનૂનથી એને પ્રેમ કરી રહી હતી. થોડો આશ્ચર્યમાં, અને થોડો આ અચાનક આવી પડેલા સુખના પૂરમાં ડૂબેલો મહેન્દ્ર માધવીના આ વહાલને, એના એકેએક સ્પર્શને એના આ ઝનૂનને માણી રહ્યો હતો. માધવી જાણે કોઈ દેવમંદિરમાં આસ્થાપૂર્વક પોતાની પૂરેપૂરી શ્રદ્ધાથી પોતાના અસ્તિત્વની ભેટ ધરી રહી હતી...

ઓરડાનો આછા પીળા રંગનો નાઇટલેમ્પ પણ આજે બુઝાવવાનો રહી ગયો હતો... પડદા પણ ખુલ્લા જ હતા, મરીન ડ્રાઇવ પરથી પસાર થતી ગાડીઓનાં હોર્ન અને એમની હેડલાઇટનો પ્રકાશ કાચની દીવાલ પર થઈને બેડરુમની દીવાલ પરથી દોડી જતો હતો... પ્રકાશના એ લિસોટાઓમાં બે પડછાયા એકમેકમાં ઓગળી જઈને પોતાનું અસ્તિત્વ ભૂલવા મથી રહ્યા હતા!

મહેન્દ્રના ખભે માથું મૂકીને એની છાતીમાં આંગળાં ફેરવતી માધવીના વાળ ઓશીકા પર થઈને છેક પલંગની બાજુમાંથી નીચે સુધી ફેલાયેલા હતા. મહેન્દ્રની આંગળીઓ એના વાળમાં ફરી રહી હતી...માધવીની આંખો બંધ હતી - પૂર્ણ તૃપ્તિમાં અને અકથ્ય સુખમાં!

"મહેન!...."

"હં..."

"હું નહીં હોઉં ત્યારે મને યાદ કરશો?" માધવીનો અવાજ રૂંધાઈ ગયો.

મહેન્દ્ર ઝાટકા સાથે બેઠો થઈ ગયો, એક ક્ષણેક માધવી સામે જોઈ રહ્યો, ગંભીરતાથી... પછી હસી પડ્યો, ખડખડાટ. માધવી એની સામે જોઈ રહી!

"તેં તો ખરેખર માની લીધું છે કે તું નહીં હોય..." મહેન્દ્ર હજી હસી રહ્યો હતો, "ભગવાનથીયે આગળ નીકળી ગઈ માધવી..."

"મહેન..." માધવીને આ વાત સાંભળીને સહેજ નવાઈ લાગી.

"શું સમજે છે તું? એક કાપડિયાએ પોતાના બે-ચાર-દસ-બાર વર્ષના મેડિકલ જ્ઞાનના આધારે ચાર-પાંચ કાગળિયા પર લખીને કંઈક આપી દીધું...એટલે આપણે છૂટાં પડી જઈશું? હું જવા દઈશ તને? મને છોડીને? એટલી આસાનીથી?"

"મહેન, મેં તો માત્ર એટલું પૂછ્યું કે હું નહીં હોઉં ત્યારે..." માધવી સહેજ ગૂંચવાઈ ગઈ.

"જો માધવી, આ નહીં હોવાની વાત હવે આપણે નહીં કરીએ!" એની આંખોમાં કોઈ અજબ પ્રકારની જીદ કે ઝનૂન આવી ગયાં હતાં, "તું હમણાં, આ પળે અહીંયાં છે એ સત્ય છે - તો પછી નહીં હોવાની ચર્ચા શું કામ કરે છે? દરેક જન્મતું બાળક મૃત્યુ લખાવીને જ આવે છે. એટલે બાળજન્મની ખુશી ઊજવવાને બદલે એક દિવસ બાળક મરી જશે એવું વિચારીને બાળકના જન્મતાંની સાથે કોઈ રડવા માંડે છે?"

"પણ, મારું તો જવાનું નિશ્ચિત થઈ ગયું છે." માધવીની આંખો ફરી છલકાઈ ગઈ.

"કોણ અહીં રોકાવા આવ્યું છે?" માધવીની બાજુમાં બેઠા થઈ ગયેલા મહેન્દ્રે માધવીની આંખો લૂછી, એનો ચહેરો સરખો કર્યો અને એની આંખોમાં જોયું, "તારી પહેલાં કદાચ હું જતો રહું તો?"

"મહેન..." માધવીથી લગભગ ચીસ પડાઈ ગઈ.

"જો માધવી, ખૂબ સાથે જીવ્યાં છીએ, ખૂબ સુખમાં જીવ્યાં છીએ એટલે હવે જેટલો પણ સમય બાકી છે, આપણે સુખમાં જ ગાળીશું, છ મહિના હોય કે છ વર્ષ, જિંદગીને પૂરેપૂરી માણવી છે, આવનારાં 20 વર્ષમાં જીવવાનાં હતાં, એ ઝડપથી જીવી લેવાનું છે, સમજી?" એણે વાંકા વળીને માધવીના હોઠ પર એક ચુંબન કર્યું, "હમણાં થોડી પળો પહેલાં જે હતી એ માધવી જોઈએ મને - રોજેરોજ..."

માધવીના ચહેરા પર સ્મિત આવી ગયું, એ સહેજ શરમાઈ.

"માધવી, ઈશ્વર સિવાય ભવિષ્ય કોઈના હાથમાં નથી." મહેન્દ્ર ધીમે ધીમે સ્વસ્થ થઈ રહ્યો હતો. એની હંમેશની ગંભીરતા અને અડગતા ધીમે ધીમે એની આંખોમાં, એના અવાજમાં, એના આખા વ્યક્તિત્વમાં પાછાં ફરી રહ્યાં હતાં, "હસ્તરેખાઓથી પણ લાંબાં આયુષ્યો હોય છે...અને હસ્તરેખામાં ન લખ્યાં હોય એવાં, જ્યોતિષની કુંડળીઓનાં ખાનાંની બહાર...કેટલાંક સત્યો હોય છે એ સત્યોને સ્વીકાર માધવી... જિંદગી લંબાવવી કે ટૂંકાવવી આપણા હાથમાં નથી, માનું છું!" મહેન્દ્રના અવાજમાં એક અજબ જેવો રણકાર હતો, "પણ, જિંદગી જીવવી એ આપણા જ હાથમાં છે માધવી..." એણે માધવીની બાજુમાં સૂઈને એને પડખામાં લીધી. એની આસપાસ

હાથ લપેટીને પોતાના શરીર સાથે મજબૂત રીતે જડી દીધી…"અને, જિંદગીના દિવસો કેટલા છે એ ગણવાને બદલે હવે કેવા છે એ વિચાર માધવી…"

માધવી મહેન્દ્રના પડખામાં સૂતી સૂતી એના ખભે માથું મૂકીને વિચારમાં પડી ગઈ. મહેન્દ્રની વાત સાવ સાચી હતી, કાપડિયાએ રોગનું નિદાન કર્યું હતું, કોઈ ભવિષ્ય નહોતું ભાખ્યું!

આમ જુઓ તો માધવીને શારીરિક રીતે કોઈ તકલીફ નહોતી, ક્યારેક ભૂખ નહોતી લાગતી તો ક્યારેક ચક્કર આવતા ને ક્યારેક ઊલટી જેવું થતું. ન કોઈ દુખાવો, ન બીજી કોઈ શારીરિક તકલીફ…

એનું વજન થોડું વધવા લાગ્યું હતું. ઇસ્ત્રી થઈ શકે એવું ફ્લેટ પેટ છેલ્લા થોડાક વખતથી ફૂલવા લાગ્યું હતું, ઉંમર અને અચાનક આવી પડેલા આટલા બધા સુખના કારણે - શારીરિક શ્રમના અભાવે વજન વધતું હશે એમ માનીને શરૂઆતમાં માધવીએ એના તરફ ધ્યાન નહોતું આપ્યું. પણ ધીમે ધીમે ભૂખ નહીં લાગવાની, પેટની તકલીફોની ફરિયાદો વધવા લાગી…

પહેલાં પોતે જ ખાસ્સો સમય ટાળ્યા પછી જ્યારે ડૉક્ટર કાપડિયાને ત્યાં ટેસ્ટ કરાવ્યા ત્યારે ગર્ભાશયનું કેન્સર જે હદે ફેલાયેલું જોવા મળ્યું એનાથી ડૉક્ટર કાપડિયા સહિત સૌ ગભરાયા હતા.

માધવીને કોઈ પીડા કે દુખાવો નહોતો, એ એક વાતે ખૂબ રાહત હતી…

મહેન્દ્રએ આખી સાંજ મનોમંથન કરીને એક વાત નક્કી કરી હતી, "હવે વિધાતાને જે કરવું હોય તે કરે…ડૉક્ટરને જે કહેવું હોય તે કહે…સમય એની રીતે પોતાની પછડાટો ખાધા કરે…પણ હું માધવીને હવે એવા દિવસો આપીશ જે એની જિંદગીના સર્વશ્રેષ્ઠ દિવસો હશે…"

પડખામાં સૂતેલી માધવીને મહેન્દ્રએ ખેંચીને વધુ નજીક ભીંસી દીધી, "માધવી…કોણ જીવશે ને કોણ મરશે એ વિશે વાત નહીં કરીએ આપણે… મને એ કહે કે તારાં કયાં સપનાં બાકી રહી ગયાં છે?" મહેન્દ્રનો અવાજ સહેજ રૂંધાયો, "કઈ ઇચ્છા અધૂરી છે? કયું સુખ હજી તારી ઝંખનામાં તરવરે છે? બસ, કહેતી જા મને…તારી દરેક ઇચ્છા, તારી નાનામાં નાની વાત મારે પૂરી કરવી છે! એ બધું જ આપવું છે જે હું તને આવનારાં 20-40 કે એથીયે વધારે વર્ષોમાં આપવાનો હતો…સુખનો ઓડકાર આવી જવો જોઈએ તને! મારે તારી આંખોમાં એક એવી તૃપ્તિ જોવી છે, જે જોયા પછી જો તને કંઈ થાય તો મને એક ક્ષણ માટે પણ અફસોસ ના થવો જોઈએ!"

માધવી બંને હાથે મહેન્દ્રને વળગી પડી. એનાથી ડૂસકું મુકાઈ ગયું…

એ આખી રાત મહેન્દ્ર અને માધવી એકમેકને શોધતાં, એકમેકને પામતાં, એકમેક સુધી પહોંચતાં અને એકમેકને પોતાનામાં ઓગાળતાં જાગતાં રહ્યાં!

*

6

"મારે તારી આંખોમાં એક એવી તૃપ્તિ જોવી છે, જે જોયા પછી જો તને કંઈ થાય તો મને એક ક્ષણ માટે પણ અફસોસ ના થવો જોઈએ!"

મહેન્દ્ર કહી રહ્યો હતો અને એની આંખોમાંથી સાચે જ માધવીને સુખી કરવાનો એક ઊભરો છલકાઈ રહ્યો હતો.

એ આખી રાત મહેન્દ્રના પડખામાં લપાયેલી માધવી કોણ જાણે કઈ તંદ્રામાં વીતેલા દિવસોને જોતી રહી. મહેન્દ્ર પણ રાત્રે કાચી ઊંઘમાંથી થોડી થોડી વારે જાગીને માધવીને ચૂમતો-વહાલ કરતો રહ્યો.

"મહેન!" માધવીના અવાજમાં વહેલી સવારનું ઘેન અને ઝાકળની ભીનાશ હતી. એની આંખો હજુ બંધ હતી. એણે મહેન્દ્રના ઉઘાડા ખભા પર માથું મૂકીને હાથ મહેન્દ્રની છાતીની આસપાસ લપેટી રાખ્યો હતો.

"હમ્..." મહેન્દ્રએ પણ આંખો ખોલ્યા વિના જ હોંકારો ભણ્યો.

"મારે તમારી સાથે હનીમૂન ઉપર જવું છે."

"માધુ?" મહેન્દ્રએ આંખ ઉઘાડીને બાજુમાં સૂતેલી માધવી તરફ જોયું.

"હા મહેન, હું આ દુનિયા છોડી જાઉં..."

"મારે ક્યાંય નથી જવું તારી સાથે..." મહેન્દ્ર ઝટકાથી ઊભો થઈ ગયો એ પલંગની સાઇડમાં વોર્ડરોબ ઉપર લટકાવેલો પોતાનો ડ્રેસિંગ ગાઉન પહેરતો બાથરૂમ તરફ જવા લાગ્યો, "ત્યાં જઈને પણ આ જ વાતો કરવાની હોય તો અહીંયાં શું ખોટું?"

"મહેન, મારી વાત તો સાંભળો."

"એક જ શરતે સાંભળીશ." મહેન્દ્ર ઊંધો ફર્યો અને ડ્રેસિંગરૂમમાં જવાના દરવાજા પાસે ઊભો રહીને માધવીની સામે જોઈ રહ્યો, "આજ પછી આપણે મરવાની વાત નહીં કરીએ. એ સિવાયની બધી વાતો કરવાની છૂટ... ફરિયાદ કરવાની, ઝઘડવાની અને એકબીજાનાં માથાં ફોડવાની છૂટ..." મહેનને પણ આછો ડૂમો ભરાયો, પણ એણે જાત ઉપર કાબૂ લઈ લીધો, "બસ, એક મરવાની વાત નહીં કરવાની."

"સારું!" હજી પલંગમાં સૂતેલી માધવીએ હાથ લંબાવીને મહેનને નજીક બોલાવ્યો, "એમ ગુસ્સે થઈને ઊભા થઈ જવાથી હનીમૂન પર જવાની વાત ભૂલી નહીં જાઉં હું..."

બાથરૂમમાં જતો મહેન ફરી પાછો ખેંચાઈ આવ્યો. પલંગની પાંગતે બેઠો અને માધવીના ચહેરા પર - વાળ પર હળવે હળવે હાથ ફેરવવા લાગ્યો, "ક્યાં જવું છે? યુરોપ? મોરેશિયસ? હવાઈ? મિયામી?"

"ના, આપણા ફાર્મહાઉસ પર!"

"ફાર્મહાઉસ?" મહેન્દ્ર હસી પડ્યો, "માધવી…"

"મહેન, દુનિયાની કોઈ પણ જગ્યાએ હું એ નહીં અનુભવી શકું, જે હું આપણા ફાર્મહાઉસમાં અનુભવી શકીશ." એ આંખો ઉઘાડીને બાજુમાં બેઠેલા મહેન્દ્રની આંખોમાં જોઈ રહી, "મારી જિંદગીના ઉત્તમ દિવસો મેં ત્યાં ગાળ્યા છે. તમારી સાથે સૌથી સારો સમય મેં ત્યાં ગાળ્યો છે. મારે ત્યાં જ જવું છે. એ જ દિવસો ફરી વાર તાજા કરવા છે."

"પણ ત્યાં તો…" મહેન્દ્રએ માધવીના ગાલ પર હાથ મૂક્યો, "આપણે ગમે ત્યારે જઈ શકીએ. થોડા દિવસ બહારગામ જઈએ, ચાલને… તું કહે ત્યાં… લંડન જવું છે?"

આટલું કહેતાં તો જાણે વીજળીનો કરંટ લાગ્યો હોય એમ માધવી પથારીમાં ઊછળી અને પોતાના લાંબા વાળ હથેળીની આસપાસ લપેટી અંબોડો વાળવા લાગી.

"ઓહ માય ગૉડ! મહેન, ગરબડ થઈ ગઈ."

"શું થયું?"

"મારે એરપોર્ટ જવાનું છે."

"રીમા આવે છે?"

માધવીએ ડોકું હલાવીને હા પાડી. એ બાથરૂમ તરફ ભાગી. મહેન્દ્ર પણ પાછળ પાછળ બાથરૂમ તરફ ગયો, એ ડ્રેસિંગ રૂમમાં ઊભો રહીને માધવી સાથે વાત કરવા લાગ્યો.

"હજી હમણાં તો આવીને ગઈ, એને ઘડી ઘડી શું છે?" મહેન્દ્રના અવાજમાં સહેજ અણગમો આવી ગયો.

બાથરૂમમાંથી નળ ખોલવાનો અને પાણીની છાલકો મારવાનો અવાજ સંભળાતો હતો. માધવીએ બાથરૂમમાંથી જ કહ્યું, "મહેન, તને શું પ્રોબ્લેમ છે? એ આપણા ઘરમાં તો રહેતી નથી. એનો પોતાનો ફ્લૅટ ખોલીને રહે છે."

"હા, પણ તારો મોટા ભાગનો સમય ખાઈ જાય છે. એ અહીંયાં આવે એટલે તું મને જાણે ઓળખતી જ ના હોય એવી રીતે વર્તે છે."

માધવી બાથરૂમમાં જ હસી પડી. નળનો અવાજ બંધ થઈ ગયો હતો. એણે દરવાજો સહેજ ખોલ્યો. પછી એણે બારસાખ અને દરવાજાની વચ્ચેથી ડોકું કાઢીને મહેન્દ્રની સામે જોયું. માધવીની આંખોમાં તોફાન હતું. ગઈ કાલ રાતનો વિશાદ જાણે પાણીની છાલકોથી ધોવાઈ ગયો હતો. માધવીનો ચહેરો સ્વચ્છ, તગતગતો અને ચમકતો હતો.

મહેન્દ્રએ બાથરૂમના દરવાજાને સહેજ ધકેલ્યો.

માધવીએ મહેન્દ્ર સામે તોફાની નજરે જોયું અને દરવાજો બંધ કરવાનો પ્રયાસ કર્યો, "મહેન…" એના અવાજમાં ચેતવણી હતી.

"એ જ્યારે જ્યારે આવે છે ત્યારે મને એમ લાગે છે કે તારો કોઈ બોયફ્રેન્ડ આવ્યો છે. જમવા એની સાથે, શોપિંગ પર એની સાથે, બે દિવસ શીરડી તો બે દિવસ લોનાવલા, ચાર દિવસ અમદાવાદ તો બે દિવસ દ્વારકા..." મહેન્દ્રએ દરવાજાને સહેજ વધુ ધકેલ્યો. બેધ્યાન માધવી દરવાજાની સાથે ધકેલાઈ. મહેન્દ્ર સિફ્તથી બાથરૂમમાં ઘૂસી ગયો. એણે માધવીને ખભેથી પકડીને બાથરૂમની ભીંતસરસી જડી દીધી. માધવીનું માથું મહેન્દ્રની હડપચીની પણ પહેલાં પૂરું થઈ જતું હતું. મહેન્દ્રએ બંને હાથે માધવીની કમરમાં હાથ નાખ્યો અને એને ઊંચકી...

"મહેન... મહેન... મહેન..." માધવી પગ હલાવવા લાગી. એણે મહેન્દ્રના ગળામાં હાથ નાખીને એના ડ્રેસિંગ ગાઉનને મુઠ્ઠીઓમાં મજબૂતીથી પકડી લીધો, "હું પડી જઈશ."

"તને તો મેં કેટલાય વખત પહેલાં જ પાડી દીધી." મહેન્દ્ર હસી રહ્યો હતો. એણે ચાળા પાડીને માધવીની જેમ જ કહ્યું, "હું આવીશ તો જોડે જ, તારા વિના નહીં રહું." મહેન્દ્ર ખડખડાટ હસતો હતો.

"મારા ચાળા પાડો છો?" માધવીએ મહેન્દ્રની પીઠમાં હળવો મુક્કો માર્યો, "મને નીચે ઉતારો."

"ના, તને યાદ કરાવું છું." મહેન્દ્રએ માધવીને નીચે ઉતારતાં એના હોઠ પર હળવેથી ચૂમી લીધી, "રીમા આવે છે ત્યારે આ બધું ભુલાઈ જાય છે. બે દિવસ પિયર નથી ગઈ મને મૂકીને કોઈ દિવસ, પણ રીમા આવે ત્યારે એક કલાક ઘરમાં પગ નથી ટકતો તારો."

"ઈર્ષ્યા આવે છે?" માધવી મહેન્દ્રની નજીક આવી એણે છાતી પર માથું મૂકી દીધું.

"ના, કંટાળો..." મહેન્દ્ર આગળ કંઈ બોલે એ પહેલાં માધવીએ પોતાની પીઠ પાછળ રહેલો શાવરનો નોબ ચાલુ કરી દીધો. ધડધડાટ ઠંડું પાણી શાવરમાંથી બંને ઉપર વરસવા લાગ્યું. મહેન્દ્રને ઠંડા પાણીથી રીતસર ડર લાગતો. એ મુંબઈ જેવા શહેરમાં બારે મહિના ગરમ પાણીથી નહાતો.

આમ અચાનક ઠંડું પાણી પડ્યું એટલે મહેન્દ્ર જાણે હબક ખાઈ ગયો. ક્ષણેક માટે શ્વાસ અટકી ગયો હોય એવી લાગણી થઈ, પણ ઘણા વખતે એણે માધવીને આવા મૂડમાં અને આવી મનઃસ્થિતિમાં જોઈ, એટલે મહેન્દ્રને પણ માધવીના સુંદર શરીર ઉપર ચીપકેલા રેશમી ગાઉનમાંથી દેખાતા એના વળાંકો જોઈને પાણીની ઠંડક જાણે ઊડી જતી લાગી...

બાથરૂમમાંથી આવતા ખડખડાટ હાસ્યના અને નહાવાના અવાજોએ ઘણા દિવસથી ચુપકીદીમાં લપેટાયેલા આ ઘરને એક વાર ધબકતું - જીવતું કરી નાખ્યું!

*

"હું કાલે સવારે ઇન્ડિયા જાઉં છું." લંડનના ઇલફર્ડ પરાના એક પોશ હાઉસમાં ઢળતી સાંજે એક સ્ત્રી એક પુરુષને કહી રહી હતી.

"વેરી ગુડ!" અખરોટના લાકડાના બાર પાસે હાઈ ચેર પર બેઠેલો, લગભગ પચાસની ઉંમરે પહોંચેલો એ પુરુષ પેલી સ્ત્રી સામે જોવા પણ તૈયાર નહોતો. એણે સ્કોચની બોટલમાંથી ક્રિસ્ટલ ગ્લાસમાં ડ્રિન્ક બનાવ્યું, ગ્લાસને આઇસ ક્યૂબ્સથી ટોપ કરી દીધો અને થોડું હલાવ્યો. આઇસ ક્યૂબ્સના કાચની સતહ પર અથડાવાના મધુર રણકાર સાથે એણે પેલી સ્ત્રીને કહ્યું, "મહિના પહેલાં તો પાછી નહીં જ આવે." પછી એક ઊંડો શ્વાસ ભર્યો, "આઇ હોપ!"

"મારું ચાલે તો ક્યારેય ના આવું."

"કમ-ઓન..." પેલો પુરુષ હસ્યો, "તને અહીંયાં પાછી કોણ બોલાવે છે? તું તારી જાતે આવે છે. તારી જવાની કે આવવાની કોઈ ટિકિટ હું નથી કરાવતો..." પછી એણે ફરીને પેલી સ્ત્રીની આંખમાં જોયું, "માત્ર પાઉન્ડ જોઇન્ટ એકાઉન્ટમાંથી વિડ્રો કરે છે તું..."

"તને પાઉન્ડ ગણતાં મેં શીખવ્યું સુરેશ!" આ એક જ વાક્ય સાંભળતાની સાથે જાણે હાઇ ચેરની નીચે આગ લાગી હોય એવી ત્વરાથી પેલો પુરુષ કદીને નીચે ઊતર્યો. મોટી મોટી ડાફો ફરતો પેલી સ્ત્રીની સામે આવીને ઊભો રહ્યો.

સીધા વાળ, જેમાં એક પણ ધોળા વાળની આછી રેખા પણ ના હોય એવા કાળા, ચમકતા, લીસા વાળ ખભાથી સહેજ નીચે સુધી ફેલાયેલા હતા. એનો ગોરા-ચમકતા સુંદર ચહેરા પર આછો મેક-અપ હતો. કથ્થઈ આંખો, નમણું નાક અને લિપસ્ટિક લગાડેલા હોઠ જોઈને કોઈને પણ ખ્યાલ આવે કે આ સ્ત્રી વર્ષોથી વિદેશમાં વસવાટ કરતી હશે.

એણે બ્રાઉન કલરનું સ્વેટર અને બ્લેક સ્કર્ટ પહેર્યું હતું. એના લાંબા-પાતળા પગ સ્કર્ટની નીચેથી એના સુંદર શરીરનો ખ્યાલ આપતા હતા. ગળામાં લટકાવેલા સિલ્કના સ્ટોલને બે હાથે પકડીને પેલા સુરેશ નામના પુરુષે એને હચમચાવી નાખી... "શટ-અપ રીમા... તું પરણીને મને લંડન લઈ આવી, એનાથી વધારે તેં કંઈ નથી કર્યું."

"કંઈ નથી કર્યું? તારી પાસે પહેલું એક વર્ષ જોબ નહોતી સુરેશ..."

"તો? તેં ખવડાવ્યું મને?" એણે રીમાને ધક્કો માર્યો. રીમા બે-ચાર ડગલાં પાછળ ધકેલાઈ ગઈ, "એક પતિ પાસે નોકરી ના હોય તો એને પત્ની ખવડાવે, એની જરૂરિયાતો પૂરી કરે એમાં કયો ઉપકાર આવી ગયો?" સુરેશનો ધક્કો ખાસ્સો મજબૂત હતો. રીમા લડખડાઈ, એની હિલ સહેજ વાંકી વળી એ બાજુમાં પડેલા સોફામાં એ ધબ્ દઈને બેસી ગઈ.

"સુરેશ, લંડન આવ્યા પછી તેં ક્યારે મારી ફિકર કરી? તારે એક બ્રિટિશ પાસપોર્ટ હોલ્ડરની જરૂર હતી, પત્નીની નહીં."

"શટ-અપ..." સુરેશનું ડ્રિન્ક પૂરું થઈ ગયું હતું. એ ફરીથી બાર તરફ જવા લાગ્યો, "એક વર્ષ મને ખવડાવવા અને મને જોબ અપાવવા સિવાય તેં કર્યું શું મારા માટે?"

"એનાથી વધારે કંઈ કરવાની જરૂર પણ નહોતી સુરેશ, લંડન આવ્યા પછી આપણી વચ્ચે એક જોઇન્ટ અકાઉન્ટ, એક મજિયારી માલિકીનું આ ઘર અને બે સંતાનો સિવાય જોડી રાખે એવું શું હતું?"

"તો શા માટે વારે વારે પાછી આવે છે?" સુરેશનો અવાજ તલવારની ધાર જેવો થઈ ગયો હતો, "રહેને તારા ઇન્ડિયામાં..." એણે ડ્રિન્ક બનાવીને ફરી એક વાર રીમાની આંખોમાં જોયું, "કોઈ સંઘરતું નથી તને, ક્યાંય." એના ચહેરા ઉપર એક વીંધી નાખે એવું સ્મિત હતું, "ન ઇન્ડિયામાં, ન લંડનમાં... તું ક્યાંય ટકી શકતી જ નથી. તને કોઈ સાથે ફાવતું નથી."

રીમા સુરેશ સામે જોઈ રહી. એના હાથ લેધરના સોફા પર કડક રીતે જડાઈ ગયા. એના નખ સોફાના પોચા લેધરમાં ખૂંચી ગયા. એની કથ્થઈ આંખોમાં પાણી છલકાઈ આવ્યાં.

"તને ખરેખર એવું લાગે છે?" રીમાનો અવાજ સાવ મહીન... પાતળો અને ઘવાયેલો હતો, "બધો વાંક મારો જ છે?"

"અફકોર્સ!" સુરેશે ખભા ઊંચક્યા અને એક સિપ પીધો, "વિચાર કર રીમા, મારા જેવો પતિ, હેન્ડસમ... અહીંના ગુજરાતીઓમાં નામ ધરાવતો, સારું કમાતો... એને તું ખુશ રાખી નથી શકતી. તારાં સંતાનો તારી સાથે અડધો કલાક બેસીને વાત નથી કરી શકતાં... ઘરમાં રહેવા તૈયાર નથી, રાત-દિવસ ટોક ટોક કરીને તે બંનેને એક પછી એક ઘરમાંથી કાઢી મૂક્યાં... ધે કોલ મી, એન્ડ નોટ યુ, વ્હાય રીમા, વ્હાય? અહીં કેટલા મિત્રો છે તારા? અને મારા? દેશમાં એક માધવી સિવાય કોણ છે તારું?"

રીમાની આંખોમાંથી સડસડાટ આંસુ વહી રહ્યાં હતાં.

રીમા ઊભી થઈ, સુરેશની નજીક ગઈ એણે એના ઓપન કોલરના ટી-શર્ટને ગળા પાસેથી પકડી લીધું, "શું કામ કહે છે આ બધું?" એનું ડૂસકું છૂટી ગયું, રડતાં રડતાં રૂંધાયેલા ગળે એણે સુરેશની છાતી સાથે માથું અથડાવ્યું, "હવે યાદ આવે છે આ બધું? ઇવાના મળ્યા પછી?"

"ઇવાને વચ્ચે ઘસડવાની જરૂર નથી." સુરેશે રીમાના હાથ કોલરમાંથી છોડાવ્યા, "ઇવાનું નામ નહીં લેવાનું તારે."

"લઈશ... ઇવા... ઇવા... ઇવા..." રીમાએ ફરી સુરેશના કોલર પકડીને એને હચમચાવ્યો, "એ છોકરીને મેં આશરો આપ્યો અને એણે મારા જ ઘરમાં આગ લગાડી. નમકહરામ - બેશરમ..."

"તાડડડડડ!" રીમાના ગાલ પર ચાર આંગળાં ચોખ્ખાં ગણી શકાય એવો તમાચો પડ્યો હતો...

ગાલ ઉપર હાથ રાખીને ધ્રૂસકે ધ્રૂસકે રડતી રીમા આહત, ઘવાયેલી, એકલી... લિવિંગરૂમમાં ઊભી હતી. સુરેશ સડસડાટ બહાર નીકળી ગયો હતો.

7

એવું નહોતું કે આ બધું એ પહેલી વાર સાંભળતી હતી. જ્યારે જ્યારે એને અને સુરેશને નાનકડી વાતમાંથી પણ દલીલ થતી તો સુરેશ ડાર્ટ બોર્ડ પર નિશાન તાકતો હોય એમ આ બધી જ વાત એને એક પછી એક સંભળાવતો... એ જાણતો હતો કે આ બધું જ રીમાને આરપાર વીંધતું.

એકલતા એક જ એવી વસ્તુ હતી કે જેનાથી રીમા તૂટી જતી.

સુરેશે રીમાની આ નબળાઈને પોતાનું હથિયાર બનાવી હતી. દિવસોના દિવસો સુધી એક જ ઘરમાં રહેવા છતાં એની સાથે બોલતો નહીં. એ જ્યાં બેઠો હોય ત્યાં રીમા આવે તો રૂમ છોડી જતો. જાહેર સમારંભોમાં કે મંદિરના ફંક્શન્સમાં રીમાને પોતાની ગાડીમાં સીધા જ આવવાની સૂચના કાં તો ફ્રીઝ પર લગાડેલા મેગ્નેટ બોર્ડ પર લખી જતો, અથવા તો એસ.એમ.એસ. કરીને જણાવી દેતો.

રીમા ફોન કરે કે ઘરમાં એની સાથે વાત કરવાનો પ્રયાસ કરે તો રીમા જાણે ભીંત સાથે વાત કરતી હોય એમ તદ્દન રિએક્શનવિહીન વર્તાવ કરતો...

એકલતાથી થાકીને, તૂટીને રીમા જ્યારે લગભગ પગે પડી જતી, વગર વાંકે પણ માફી માગવા તૈયાર થઈ જતી ત્યારે સુરેશ પોતાનું ધાર્યું કરાવતો. આ છેલ્લા એક દાયકાથી વધુ ચાલ્યો આવતો ક્રમ હતો આ ઘરનો.

રીમા અને સુરેશ આ ઘરમાં બે અજાણ્યા માણસોની જેમ જીવતાં હતાં.

એ બંને શા માટે સાથે જીવતાં હતાં એ સવાલ રીમા વારંવાર સુરેશને પૂછવાનો પ્રયાસ કરતી, પણ જવાબ એને ખબર હતો...

જોઇન્ટ પ્રોપર્ટી, જોઇન્ટ એકાઉન્ટ... અને સંતાનો!

જો આટલું વહેંચી શકાય તો એમની વચ્ચે એવી એક પણ પળ નહોતી, જે સાથે ગાળવા માટે બેમાંથી એકની પણ તૈયારી હોય!

રીમા અને સુરેશનું લગ્નજીવન કદાચ લગ્નના પહેલા જ વર્ષે તૂટી પડ્યું હતું. પણ ત્યાં સુધીમાં એમનું પહેલું સંતાન જય જન્મી ચૂક્યો હતો. જયને મોટો કરવા માટે સાથે રહેતાં રીમા અને સુરેશ કદાચ સંબંધો સુધરે એવી આશામાં કે પછી કોણ જાણે કયા કારણસર બીજા સંતાન દેવીનાને પણ જન્મ આપી ચૂક્યાં. પરિસ્થિતિ રોજ વધારે ને વધારે વિકટ થતી જતી હતી, સાથે રહેવું લગભગ અસંભવ થઈ ગયું હતું અને છતાં કોણ જાણે એવું શું હતું જે રીમાને આ ઘર સાથે જોડી રાખતું હતું.

કદાચ એનો ઉછેર અથવા એના સંસ્કાર.

એનાં સંતાનો લંડનમાં જન્મ્યાં હતાં. રીમાએ એમનામાં ભારતીયતા રેડવાનો પૂરેપૂરો પ્રયાસ કર્યા છતાં જય અને દેવીના કોઈ રીતે રીમાની નજીક આવી જ શક્યાં નહીં. ભારતમાં જન્મેલો અને ભારતમાં ઊછરેલો સુરેશ જાણે ઇંગ્લૅન્ડ આવીને પોતાની

બધી ભારતીયતા ભૂલી ગયો હતો. સંતાનોને બેફામ છૂટ આપવી, વાપરવાના પાઉન્ડ્ઝ આપવા અને કોઈ રોકટોક વગરની આઝાદ જિંદગી આપતો બાપ સંતાનોને એ ઉંમરે સ્વાભાવિક રીતે ટોક ટોક કરતી મા કરતાં વધુ વહાલો લાગતો હતો.

રીમાએ સંતાનોને ઉછેરવામાં પોતાનાથી થઈ શક્યું એ બધું કર્યું હતું. ખરું પૂછો તો સુરેશ ભાગ્યે જ ઘરે રહેતો. સંતાનોનો સાચો ઉછેર રીમાએ જ કર્યો હતો. પણ ટીનએજમાં આવી ગયેલા સંતાનોને ચમકદમક અને પાઉન્ડ્ઝ માની શિખામણ કરતાં વધારે વ્હાલા લાગતા હતા. જય 18 વર્ષનો થતાં જ ઘર છોડીને યુનિવર્સિટી હોસ્ટેલ પાસે એક અપાર્ટમેન્ટ ભાડે લઈને રહેવા લાગ્યો હતો.

એ કોઈ ઓસ્ટ્રેલિયન છોકરી સાથે લગ્ન કર્યા વગર રહેતો હતો. રીમા માટે શરૂઆતમાં આ વાતનો ઘણો મોટો આઘાત હતો. લગભગ દોઢ દાયકાથી વધુ સમય પશ્ચિમમાં-ઇંગ્લૅન્ડમાં જીવ્યા છતાં રીમાના વિચારો અને સંવેદનાઓ નખશિખ ભારતીય હતી.

એ આજે પણ રોજ દીવો કરતી. મધુરાષ્ટક અને યમુનાષ્ટકના પાઠ કરતી, સૂતા પહેલાં હનુમાન ચાલીસા બોલતી...

એનો પોશાક બદલાયો હતો, વિદેશમાં વસવાટ કરવાને કારણે ખૂબ સોફેસ્ટિકેશન ઉમેરાયું હતું એના દેખાવમાં અને વ્યવહારમાં. વાંચનને કારણે ક્ષિતિજો વિસ્તરી હતી. એ સમજી શકતી હતી એના સંતાનોનો વર્તાવ-એક વ્યક્તિ તરીકે. માત્ર સ્વીકારી શકતી નહોતી એક મા તરીકે!

એણે જયના લગ્ન માટે જાતજાતની કલ્પનાઓ કરી હતી. ભારતીય પુત્રવધૂ હવે ક્યારેય નહીં આવે એવું એને સમજાઈ ગયું હતું. પણ આજેય જય ઘરે આવે તો એને માટે દાળ-ભાત, શાક-રોટલી બનાવીને એને પૂરું જમવાનો આગ્રહ કરતી રીમા એક સંવેદનશીલ મા હતી!

“ડોન્ટ ઇન્સીસ્ટ મોમ...મને આ બધું નથી ભાવતું.” જય કહેતો.

“આ આપણું ખાવાનું છે.” રીમા આગ્રહ કરવાનો પ્રયાસ કરતી, “સ્કવેર મીલ! કેટલું પૌષ્ટિક, કેટલું વ્યવસ્થિત ખાવાનું. આ મેંદાના બ્રેડના ડચા અને કોકમાં શું મળે દીકરા?”

“ઓ મોમ! હું છેલ્લાં દસ વર્ષથી આ વાત સાંભળી સાંભળીને થાકી ગયો છું. પણ તું કહેતાં કહેતાં નથી થાકતી.”

“કારણ કે મા છું તારી, ચિંતા થાય છે.”

“મોમ, આઇ એમ ફાઇન.. હવે મારી જિંદગીમાં કે લાઇફસ્ટાઇલમાં કોઈ ફેર નહીં પડે...તું એક્સેપ્ટ કરતાં શીખી જા...”

“બેટા, કોઈ મા એવું સ્વીકારી શકે કે એનો દીકરો ખોટે રસ્તે જાય છે તો જવા દેવો?”

"ખોટો ફોર યુ, નોટ ફોર મી."

"બેટા, ખોટું એ બધા માટે ખોટું છે. એમાં યુ એન્ડ મી ના હોય..."

"મોમ, સ્પેર મી." જય હાથ જોડતો અને રીમા તરત એ વાતને પકડી લેતી.

"જો હાથ જોડ્યા ને તે? તું કંઈ પણ કર, તું ઇન્ડિયન છે, ઇન્ડિયન જ રહેવાનો." રીમા સહેજ દુ:ખી થઈ જતી,"આપણે પરદેશમાં કમાવા આવ્યાં છીએ. આ આપણો દેશ નથી, આપણી પરંપરા, આપણા સંસ્કાર..."

જય ચિડાઈ જતો, "ડેડ સાચું કહે છે, તને આરગ્યુમેન્ટ કરવાનો શોખ છે, પ્લીઝ મોમ...હું એઇટીન યર્સનો છું. મેચ્યોર ઇનફ. મને ખબર છે મારે શું કરવું જોઈએ અને શું નહીં...માઇન્ડ યોર ઓન બિઝનેસ...વીલ યુ?"

"તારી મા સાથે આવી રીતે વાત કરે છે?"

"તું પ્લીઝ ઇન્ડિયા જા અને ત્યાં જ રહે." માંડ માંડ મહિને ઘરે આવેલો જય ધાડ દઈને બારણું પછાડીને નીકળી જતો એ પછી રીમા ક્યાંય સુધી રડ્યા કરતી...

એ જ પરિસ્થિતિ દેવીના સાથે પણ થતી. રીમા પોતાની સંવેદના, પોતાની લાગણીઓ અને પોતાના ઉછેરનું પ્રતિબિંબ દીકરીમાં જોવાનો પ્રયાસ કરતી. પણ દેવીના જે પ્રકારનાં કપડાં પહેરતી, જે પ્રકારનો મેકઅપ કરતી, જે રીતે મોડી રાત્રે પાછી આવતી એ બધું જ રીમા માટે અસહ્ય બની જતું.

જય સાથે જે કંઈ થયું એ પછી રીમાએ નક્કી કર્યું હતું કે એ દેવીના ઉછેરમાં બહુ રોકટોક નહીં કરે!

દેશ જેવો વેશ - સ્વીકારનો પ્રયાસ કરશે. પણ જ્યારે પરિસ્થિતિ એના હાથની બહાર નીકળી જતી ત્યારે એનાથી દેવીનાને કહેવાઈ જ જતું એ પછી મા-દીકરીનું ટેબલ-ટેનિસ એવું ચાલતું કે આખરે એની મા રડતી-રડતી ઓરડો છોડતી અથવા દેવીના જયની જેમ ઘરની બહાર નીકળી જતી.

બંનેમાંથી એકે સંતાન રીમાની નજીક નહોતાં...સુરેશ આના માટે રીમાને જવાબદાર ઠેરવતો.

પોતાની પ્રેમની અને લાગણીની ભૂખ રીમા માટે ખરેખર દિવસે દિવસે વધુ ને વધુ પીડાદાયક પરિસ્થિતિ ઊભી કરતી જતી હતી. એ જેમ જેમ સુરેશને અનુકળ થવાનો, એને જીતવાનો પ્રયાસ કરતી તેમ તેમ સુરેશ એનાથી વધુ ને વધુ દૂર થતો જતો...

સુરેશની ઑફિસમાં કામ કરતી એક છોકરી ઇવા રોબર્ટને એના પતિએ ઘરમાંથી કાઢી મૂકી. ઇવા એના દોઢ વર્ષના સંતાનને મૂકીને ઘર છોડી આવી. રીમાએ ઇવાને એક મહિનો પોતાના ઘરમાં રાખી.

પરદેશમાં આવી રીતે કોઈ કોઈને મદદ કરે એવું ભાગ્યે જ બને છતાં રીમા પોતાના સ્વભાવે અને સંસ્કારે ઇવાને મદદ કરવા મજબૂર થઈ ગઈ...

આજે છેલ્લાં ત્રણ વર્ષથી ઇવા અને સુરેશની 'રિલેશનશિપ' હતી. સુરેશ કેટલીયે રાતો ઘરની બહાર ગાળતો. શરૂઆતમાં રીમા એ વાત પર ઝઘડતી, આરગ્યુમેન્ટ કરતી, રડતી, કકળતી, એને રોકવાનો પ્રયાસ કરતી પણ એ બધાં પછી ધીમે ધીમે એણે પણ હથિયાર નાંખી દીધાં હતાં...

ઇવા સાથેનો સંબંધ જોડાયો ત્યારે શરૂઆતનાં વર્ષોમાં એણે સુરેશને પગે પડીને માંફી માગી હતી, હાથ જોડ્યા હતા, કરગરી હતી...

રાતોની રાતો રડીને કાઢી હતી.

ત્યાં સુધી કે એને? સીવીયર ડિપ્રેશન આવી ગયું હતું. એણે નસ કાપીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. એને થોડા દિવસ મેન્ટલ હેલ્થ હોમમાં રાખવી પડી હતી...આજે પણ એ સાઇકીયાટ્રિસ્ટની ટ્રીટમેન્ટ લેતી હતી છતાં સુરેશ આજે પણ પોતાની જિંદગી પોતાની રીતે જીવતો હતો.

રીમાનું મન આજે પણ એવું સ્વીકારી શકતું નહોતું કે એનાં લગ્ન પૂરાં થઈ ગયાં હતાં, એના સંતાનો એનાથી દૂર થઈ ગયાં...

એને માટે આ બધું એને તોડી નાંખનારું, ચૂરચૂર કરી નાંખનારું હતું.

આજે પણ આ ઘરમાં એટલી જ દલીલો થતી...આજે પણ રીમા ઝનૂનપૂર્વક સુરેશને રોકવાનો પ્રયાસ કરતી રહેતી...

*

આજે સાંજે ફરી એક વાર આ ઘરમાં એવી જ દલીલબાજી થઈ હતી.

"તાડડડડડ!" રીમાના ગાલ પર ચાર આંગળાં ચોખ્ખાં ગણી શકાય એવો તમાચો પડ્યો હતો...

ગાલ ઉપર હાથ રાખીને ધ્રૂસકે ધ્રૂસકે રડતી રીમા આહત, ઘવાયેલી, એકલી... લિવિંગરૂમમાં ઊભી હતી. સુરેશ સડસડાટ બહાર નીકળી ગયો હતો.

રીમા ઊભી ઊભી રડી રહી હતી.

દલીલબાજીનો અવાજ સાંભળીને દેવીના એના રુમમાંથી બહાર આવી હતી. ખભા સુધીના પમ કરેલા વાળ, હેવી મેકઅપ, ટૂંકું, દોઢ વેંતનું સ્કર્ટ ઉપર છાતીના ઉભાર જોઈ શકાય એવું, કમ્મર દેખાય એવું બેલીટોપ... સ્ટીલેટો પહેરીને નીચે ઊતરી રહેલી દેવીનાના પરફ્યુમની મહેક આખા ડ્રોંઇગરૂમમાં છવાઈ ગઈ.

ચ્યુંઇગમ ચાવતી દેવીના રીમાની પાસે આવી, "આઇ એમ સૉરી મોમ...મને ખરેખર તારા માટે સૉરી ફીલ થાય છે."

"તું બહાર જાય છે?"

"યા..." દેવીનાએ ખભા ઉલાળ્યા. એના આખા વર્તાવમાં કે ચહેરા પર 'સૉરી' અથવા દિલગીરીની કે સહાનુભૂતિની એક રેખા પણ નહોતી, "પાર્ટી છે...રોબીને

ત્યાં…"

"હું આજે ઇન્ડિયા જાઉં છું."

"ઓકે બાય…" દેવીના સાવ ઔપચારિક રીતે માને ભેટી એણે ગાલ પર હોઠ પણ ન અડે એનો ખ્યાલ રાખીને ચૂમી કરી.

"દેવી બેટા…આ બધું…"

"મોમ, પ્લીઝ…" દેવીનાએ વાળને ડ્રોઇંગરૂમમાં મૂકેલા વિક્ટોરિયન ફર્નિચરના કાચમાં જોઈને જરા સરખા કર્યા, "ફરી શરૂ નહીં કરતી, તને મોડું થાય કે નહીં, મને મોડું થાય છે…"

રીમા કંઈ બોલે એ પહેલાં બહાર કારનો હોર્ન સંભળાયો અને દેવીનાએ બહાર જતાં પહેલા એક વાર રીમા સામે જોયું, "હેવ ફન? હવે અહીંનું બધું ભૂલી જજે…મજા કરવા જાય છે…તો મજા કરજે." પછી એક ક્ષણ રોકાઈ રીમાની આંખોમાં જોયું ઉમેર્યું, "ડેડ ઇઝ ગોન મોમ! એ તને છોડીને જઈ ચૂક્યા છે. તું શા માટે એમની પાછળ પાછળ ફરે છે? એમણે તને ડંપ કરી છે તો તું એમને ડંપ કર…ફ્રાઇન્ડ અ બોયફ્રેન્ડ, તું સુંદર છે. જુવાન છે, તને તો કોઈ પણ મળી જશે…" એ બહાર નીકળી ગઈ.

રીમાને લાગ્યું કે ડ્રોઇંગરૂમની છત એના માથા પર તૂટી પડશે. એને દીવાલો પોતાના તરફ ખસતી લાગી, ડ્રોઇંગરૂમની ફર્શ પર જાણે તિરાડો પડતી હતી અને રીમાને એમાં સમાઈ જવાની ઇચ્છા થતી હતી.

"ફ્રાઇન્ડ અ બોયફ્રેન્ડ…તને તો કોઈ પણ મળી જશે…ડંપ હીમ…" રીમાને દેવીનાના શબ્દો જાણે માથામાં હથોડાની જેમ ઝીંકાતા હતા…

"વિચાર કર રીમા, મારા જેવો હેન્ડસમ પતિ, અહીંના ગુજરાતીઓમાં નામ ધરાવતો, સારું કમાતો…એને તું ખુશ રાખી નથી શકતી. તારા સંતાનો તારી સાથે અડધો કલાક બેસીને વાત નથી કરી શકતાં…વાય રીમા વાય…" સુરેશનો અવાજ ઘરની દીવાલોમાં અથડાઈ અથડાઈને રીમાની ચારે તરફ ઘુમરાતો, પડઘાતો, પછડાતો હતો…

"ડેડ સાચું કહે છે, તને આરગ્યુમેન્ટ કરવાનો શોખ છે મોમ…" જય વારંવાર બારણું પછાડીને ઘરની બહાર નીકળી જતો રીમાને દેખાતો હતો…

"આઅઅઅઅઅઅઅઅ……..." રીમાએ બંને કાને હાથ દઈ દીધા, એનું માથું ફાટી જતું હતું. એને લાગ્યું કે એની ખોપડીના બે ટુકડા થઈ જશે, લોહી નસો ફાડીને બહાર વહેવા લાગશે. પેટ ફાટી જશે અને આંતરડાં બહાર નીકળી આવશે… એનો શ્વાસ રૂંધાવા લાગ્યો.

એ સોફામાં બેસી પડી.

બાજુમાં પડેલો ફોન ઉપાડી એણે નંબર ડાયલ કરવા માંડ્યો, "હલો…હલો… ડૉક્ટરે…આઇ એમ રીમા…મને ફરી ગભરામણ થાય છે, ફરી ચક્કર આવે છે, મને લાગે છે કે મારું માથું ફાટી જશે, આઇ એમ વેરી અનકમ્ફર્ટેબલ…" એ બોલતાંબોલતાં જોરજોરથી રડતી હતી, એની આંખોમાંથી, નાકમાંથી પાણી વહેતું હતું…

ડૉક્ટરે કોણ જાણે ફોન પર શું કહ્યું એ રીમાએ થોડી વાર સાંભળ્યું. પછી ફોન મૂક્યો, અન્યમનસ્ક જેવી બેસી રહી.

ઊભી થઈ, દવા લીધી. ઘડિયાળમાં જોયું, એની ફ્લાઇટનો ટાઇમ થવા આવ્યો હતો.

એણે પોતાની ટ્રોલી બેગનું હેન્ડલ ખેંચ્યું એક નજર ઘર પર નાંખીને જાણે હોટલનો રૂમ ચેકઆઉટ કરતી હોય એમ ઘરની બહાર નીકળી ગઈ.

*

8

ભારત જવાનો દરેક પ્રસંગ રીમા માટે લગભગ આવો જ રહેતો. એ કેટલાંય વર્ષોથી લંડનમાં રહેતી હતી તેમ છતાં એનું મન અને એનાં મૂળ ભારતીય હતાં. જ્યારે જ્યારે ભારત જવાનું થાય ત્યારે એને માટે એ ઉત્સાહનો, સુખનો પ્રસંગ હતો.

પણ, સુરેશ દરેક વખતે એના ભારત જતાં પહેલાં એની સાથે કોઈ ને કોઈ બહાને ઝઘડતો...એને દુ:ખી કરીને, રડાવીને, અપમાનિત કરીને સુરેશને કોણ જાણે કયું સુખ મળતું? રીમા ધીરે ધીરે આ અપમાનની, આ ઝઘડાની, આ કડવા શબ્દો અને મહેણાથી ટેવાઈ ગઈ હતી.

છેલ્લા કેટલાય વખતથી એને લેવા કે મૂકવા કોઈ નહોતું આવતું. એ ટૅક્સીમાં જ એરપોર્ટ જતી અને ટૅક્સીમાં જ ઘરે પાછી આવતી.

ક્યારેક તો એ પોતાના ઘરે જણાવતી પણ નહીં કે એ ક્યારે પાછી આવવાની છે. એક વાર એ ભારત જતી પછી ભાગ્યે જ સુરેશ કે છોકરાઓનો ફોન આવતો. દરેક વખતે રીમા જ સામેથી ફોન કરતી...એ પણ મોટે ભાગે એન્સરિંગ મશીન પર મેસેજ છોડવા પૂરતો!

જ્યારે મુંબઈમાં ક્યારેય એવું નહોતું થયું કે માધવી રીમાને રિસીવ કરવા એરપોર્ટ પર ન આવી હોય. એ જતી હોય ત્યારે મોટેભાગે મહેન્દ્ર અને માધવી બંને...નહીં તો માધવી તો નક્કી એને મૂકવા એરપોર્ટ આવતી જ...

રીમાનો પોતાનો ફ્લૅટ હતો. જે.વી.પી.ડી. સ્કીમના રોડ નંબર-ચાર પર ભાઈદાસ હોલની બિલકુલ સામે અંદર જતો રસ્તો રીમાના ફ્લૅટ તરફ જતો. આમ તો ફ્લૅટ બંધ રહેતો. પણ એ આવવાની હોય ત્યારે માધવીને જણાવી રાખતી. માધવી એનો ફ્લૅટ ખોલાવી, સાફસૂફ કરાવી એક ગેસ સિલિન્ડર સાથે ફ્લૅટ તૈયાર રાખતી.

“ત્યારે ત્યાં રહેવાની જરૂર શું છે?” માધવી કહેતી, “અમારું ઘર ઘણું મોટું છે, અમે તો બે જ જણાં રહીએ છીએ એમાંય મહેન્દ્ર તો આખો દિવસ હોતા નથી, તું શું કામ એ ફ્લૅટમાં એકલી રહે છે એ હજી મને સમજાતું નથી.”

“માધવી, તું ગમે તે કહે મને ખબર છે, મહેન્દ્રને એકાંત ગમે છે. બહુ માણસો એનાથી સહન નથી થતાં એમાં પણ હું આખો દિવસ તારા ઘરે રહું...માય ગૉડ! મહેન્દ્ર મારો સામાન ઊંચકીને બહાર મૂકી દેશે...”

માધવી હસતી...“તું મારા વરને એટલો ખરાબ સમજે છે?”

“ના રે...હું તો એને બહુ જ સારો સમજું છું.” રીમાના અવાજમાં ગંભીરતા ઊતરી આવતી, “ખરેખર તું નસીબદાર છે, બાકી આવો પતિ આજના જમાનામાં...” રીમા માધવીને ભેટી પડતી, “તારી ઈર્ષા આવે છે ક્યારેક...”

“રીમા, મને પણ તારી બહુ ચિંતા થાય છે.” માધવીને ખબર હતી, સુરેશ અને રીમાના સંબંધો અંગે...ઇવા અંગે...રીમાની એના સંતાનો સાથે ચાલ્યા કરતી

ચકમક વિશે...

"હું શું કરું?" રીમા ક્યારેક સાવ અસહાય થઈ જતી, "અહીં આવું છું તો મારો જીવ ત્યાં રહે છે...ત્યાં રહું છું તો એક પળ પણ સુખી નથી રહી શકતી."

"સલાહ નથી આપતી રીમા, પણ જે છે તે પરિસ્થિતિને સ્વીકારી કેમ નથી લેતી? સતત લડ્યા કરે છે સંજોગો સામે...સંબંધો સામે...તારી જાત સાથે...જ્યારે તને મળું છું ત્યારે અંદરથી લોહીલુહાણ જ જોઈ છે તને..." માધવી ક્યારેક રીમાને સમજાવવાનો પ્રયાસ કરતી, "પરિસ્થિતિ સાથે નાનકડું સમાધાન કરી લે, હવે ઇવા સુરેશની જિંદગીમાં છે..."

"તો મારી જિંદગીમાં કોણ?" માધવી દલીલ કરતી. એની આંખો ભરાઈ આવતી, "સુરેશે મારી સાથે લગ્ન જ એટલા માટે કર્યાં કે હું એક સ્વતંત્ર મિજાજની, પરદેશમાં ઊછરેલી બ્રોડમાઇન્ડેડ છોકરી હતી..." માધવીની આંખમાંથી આંસુ વહેવા લાગતાં, "ધીરે ધીરે એ જ વાત એને માટે આંખની કણી બની ગઈ, મારી સ્વતંત્રતા, મારી સફળતા ખૂંચવા લાગી એને પળેપળ..."

"જો રીમા, તું ચીડાતી નહીં પણ હું તને કહું?" માધવીનો અવાજ સહાનુભૂતિમાં, સ્નેહમાં ભીંજાઈ જતો, "ગમે તેટલી સ્વતંત્ર સ્ત્રીને વખાણતા પુરુષને પોતાની પત્ની તો કહ્યાગરી અને પોતાના તાબામાં જ જોઈએ...માથું ઊંચકતી, વાતે વાતે દલીલ કરતી, સવાલો પૂછતી અને પોતાનાથી વધુ સફળ પત્ની પુરુષ ક્યારેય સાંખી શકે જ નહીં."

"એટલે? સુખ માટે સ્વતંત્રતાનો સોદો કરવાનો?"

"એ તો તારે નક્કી કરવાનું રીમા કે તારે શું જોઈએ? પતિનો પ્રેમ કે જાહેરજીવનની સફળતા...તું તારી કંપનીની સિનિયર એક્ઝિક્યુટિવ બની પણ સુરેશ એટલો આગળ વધી ન શક્યો..."

"આ બધી એ વખતની વાત હતી. એનું આજે શું છે? આજે તો એ ખૂબ કમાય છે..."

"રીમા", માધવીના અવાજમાં એક પ્રકારની સમજદારી રહેતી, "પુરુષ પ્રકૃતિએ જ સત્તા ભોગવવા સર્જાયો છે એને પોતાની પત્ની કે સ્ત્રી એના ઉપર આધારિત રહે, નાની નાની વસ્તુમાં એની મદદ માગે એ ગમે છે." માધવી હસતી, "બધું પોતાની જાતે કરી શકતી સ્ત્રી પુરુષ માટે પ્રેમ કરવા યોગ્ય નથી હોતી..."

"એટલે, સુરેશનો પ્રેમ મેળવવા માટે મારે બિચારા થવાનું? હું દુ:ખી હોઉં, બિચારી હોઉં, નબળી હોઉં તો જ સુરેશ મને પ્રેમ કરે?"

"જો, દરેક પુરુષ એવો નથી હોતો, હું મોટા ભાગના પુરુષોની વાત કરું છું. મહેન તો મને કહ્યા જ કરે છે કે થોડી સ્વતંત્ર થા. તારી જાતે તારું કામ કર..." માધવી હસતી, "હું તારાથી સાવ ઊંધી છું, મને તો જ્યાં સુધી મહેન જવાબદારી લેતા હોય ત્યાં સુધી કશું જાણવામાંય રસ નથી... રીમા એની સામે જોઈ રહેતી... 'ક્યાંથી આવતું હશે આ સમર્પણ? આ તદ્દન બંધ આંખોનો વિશ્વાસ, આટલી બધી શ્રદ્ધા!'

"આ મહેન શૅરની માથાકટ કરે ને, તો મને જ્યાં કહે ત્યાં હું સહી કરી આપું...ઘણી વાર મને કહે પણ ખરા કે પૂછ તો ખરી ક્યાં સહી કરાવું છું..."

"પૂછવું જોઈએ" રીમાની અંદરની સ્વતંત્ર સ્ત્રીએ આળસ મરડી, "શું ખબર પડે ક્યારે ક્યાં સહી કરાવી લે?"

"રીમા!!!" માધવીનો અવાજ આશ્ચર્યથી છલકાઈ જતો, "જેની સાથે જિંદગી જોડી. મન, શરીર અને આત્મા સોંપી દીધો એ ક્યાં સહી કરાવી લેશે એવા અવિશ્વાસનો વિચાર પણ કેમ આવે?"

"બધાંનાં નસીબ તારા જેવાં નથી હોતાં. તને કયારેય નહીં સમજાય..." રીમાનો અવાજ ભરાઈ આવતો, "મારી કાળી મજૂરીના પાઉન્ડ સુરેશે બેફામ રીતે ખર્ચ્યા, અમારા જોઇન્ટ એકાઉન્ટમાંથી ગમે તેમ પૈસા ખર્ચીને પેલી ઇવાને..." રીમા મોઢે રૂમાલ દઈ રડવા લાગતી. માધવી બધું જાણતી હતી એટલે ક્યારેક રીમાને છૂટે મોઢે રડી લેવા દેતી.

બંને બહેનપણીઓ વચ્ચે હંમેશાં સાવ પારદર્શક વાતો થતી.

માધવી કશુંયે છુપાવ્યા વિના મહેન વિશે હંમેશાં રીમાને બધું જ કહેતી. મહેનનો પ્રેમ, એની પોતાના માટેની ઘેલછા, એમનો પરસ્પરનો વિશ્વાસ અને એકબીજા સાથે જોડાયેલા નાજુક છતાં મજબૂત તાંતણા...

...અને, સામે પક્ષે રીમા પાસે કહેવાનું ખાસ કશુંયે નહોતું. એની પાસે દુનિયાની દૃષ્ટિએ એ બધું જ હતું જેની કોઈ પણ સ્ત્રીને ઈર્ષા થાય - સફળ કારકિર્દી, પરદેશનો નિવાસ, પોતાનું ઘર, સુંદરતા...અને છતાં...ઢગલો આંસુ, કોરી ખાતી એકલતા, પતિનો લગ્નેતર સંબંધ, સંતાનોની ઉચ્છૃંખલતા...એ પણ માધવીને બધું જ કહેતી. ખરું પૂછો તો માધવી એક જ હતી જેની સામે રીમા મહોરું ઉતારતી.

બહાર તો એક સફળ સ્ત્રી હોવાની - સુંદર હોવાની - સ્વતંત્ર અને સ્વાભિમાની હોવાની એની ઇમેજ એ કાળજીપૂર્વક સાચવી રાખતી. માધવીને મળતાં જ એનો મુખવટો સરી પડતો...એ બધું જ જે એને ભીતર કોરી ખાતું એ માધવીની સામે એ ખુલ્લું કરીને કહી શકતી! માધવી એને સમજતી, ક્યારેક સમજાવતી તો ક્યારેક માત્ર સાંભળી લેતી.

*

બ્રિટિશ એરવેઇઝની ફ્લાઇટમાં બેઠા પછી રીમાએ સીટ પર માથું ઢાળીને આંખો મીંચી દીધી. અત્યાર સુધી એની છાતી પર જે મણ મણનું વજન લાગતું હતું એ ફ્લાઇટના ટેકઓફ પછી જાણે અચાનક જ હળવું થઈ ગયું...

લંડન છોડીને ભારત જતાં એની અંદર કશુંક સાવ હળવું ઝાકળ જેવું ભીનું અને હવાના ઝોંકા જેવું તાજગીસભર ઊભરાવા લાગતું.

અચાનક જ દેશની માટીની સુગંધ એનાં ફેફસાંમાં છલકાઈ ઊઠતી.

રમાકાકીના હાથની દાળ, મધુમામીના ઘરની લાપસી, કઝિન ભાઈ-બહેનોની સાથે ગુજારવામાં આવતી સાંજ રીમાની અંદર ફરી એક વાર જીવવા માટેની ઇચ્છા જગાડી જતી.

મુંબઈ એને માટે જાણે એક સુખનો ટાપુ બની રહેતું!

પણ, એ બહુ દિવસો માટે નહીં. એને ફરી એક વાર અકળામણ થવા લાગતી, શ્વાસ ઘુંટાવા લાગતો, પોતાનું ઘર અને લંડન યાદ આવતું, સંતાનો પાસે પહોંચી જવા મન ઉતાવળું થઈ જતું...

રીમા ક્યાંય ઠરીને રહી શકતી નહોતી. માધવી એને અવારનવાર કહેતી, “ઉચાટ, અશાંતિ, અકળામણ, ગૂંગળામણ આ બધું તારી અંદર છે રીમા...તું ગમે તેટલું ભાગીશ એ બધું તારી સાથે જ આવશે...” રીમા એની સામે આશ્ચર્યથી જોઈ રહેતી, “ખરું કહું છું” માધવી એને સમજાવતી, “સુખ આપણી અંદર છે રીમા, બહાર ક્યાંય નથી. જ્યાં સુધી સમાધાન કરતાં નહીં શીખે ત્યાં સુધી શાંત નહીં થઈ શકે...અને શાંત નહીં થાય ત્યાં સુધી તું ગમે તેટલું પાછળ દોડે સુખ તારાથી બે ડગલાં આગળ જ રહેવાનું...”

અત્યારે ફ્લાઇટમાં બેઠાં બેઠાં પણ રીમાને માધવીની વાત યાદ આવી રહી હતી. ઘણી વાર રીમાને માધવીની શાંતિ, સ્થિરતા અને આત્મવિશ્વાસ વિચલિત કરી મૂકતાં.

એનો અને મહેન્દ્રનો સંબંધ રીમા માટે હંમેશા એક કોયડો બની રહેતો...એને ઘણી વાર વિચાર આવતો, “જે કંઈ દેખાય છે તે સત્ય હશે? કે પછી એ લોકો જાહેરમાં નાટક કરતાં હશે?” રીમાનું મન, એના અનુભવો, એની આસપાસ જોયેલા સંબંધો અને એના પોતાના ઉઝરડા એને કોઈ રીતે માનવા જ નહોતાં દેતાં કે લગ્નના બે દાયકા પૂરા થવા આવ્યા હોવા છતાં પતિ-પત્ની વચ્ચે આટલો મધુર, આટલો સ્નેહપૂર્ણ, અને આટલી સંવાદિતા ધરાવતો સંબંધ હોઈ શકે...

રીમા જ્યારે પણ વિચારતી ત્યારે એને માધવીની મીઠી ઈર્ષા થતી.

સ્કૂલથી સાથે ભણેલી આ બંને બહેનપણીઓમાં રીમા સ્વાભાવિક રીતે વધુ દેખાવડી હતી, ભણવામાં વધુ હોશિયાર, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ, ગરબા, રંગોળી, સ્કૂલનાં નાટકો...રીમા વિના આ બધું શક્ય જ ન બને.

જ્યારે માધવી સાવ શરમાળ. ભાગ્યે જ બોલે. ભણવામાં પણ સાધારણથી કદાચ વધુ - પણ રીમા જેટલી અસાધારણ તેજસ્વી તો નહીં જ! દેખાવે પણ પ્રમાણમાં સામાન્ય...

માધવીનાં માતા-પિતાની સ્થિતિ પણ આર્થિક રીતે પ્રમાણમાં સામાન્ય જ્યારે રીમાનાં માતા-પિતા પાસે સારી એવી જમીન. ઘરમાં ગાડી. રીમાના કાકા લંડન રહેતા એટલે એ જ્યારે આવે ત્યારે રીમા પાસે વિદેશી ફ્રોક, મોજાં, સેન્ટ અને ક્રીમ, નેઈલપોલિશનો ખજાનો રહેતો...

એ બધાં પછી જ્યારે મહેન્દ્રનું માગું આવ્યું...

ત્યારે રીમા લંડન હતી.

મહેન્દ્ર અને માધવીનાં લગ્ન થયાં ત્યારે પણ રીમા આવી શકી નહોતી…

પહેલી વાર મહેન્દ્રને જોઈને રીમાને ખૂબ નવાઈ લાગી હતી.

સી. પી. ટેન્કનું એક રૂમનું ચાલીનું ઘર! સવારથી જતો, રાત્રે પાછો આવતો મહેન્દ્ર… ઘોંઘાટિયા મુંબઇમાં અઘરી જિંદગી જીવતી માધવીને જોઈને રીમાને દયા આવી ગઈ હતી, "શું જોયું તેં આનામાં?"

"મેં જે જોયું છે તે તને નહીં દેખાય…" માધવીથી અનિચ્છાએ કહેવાઈ ગયું હતું, પણ એણે તરત જ વાત વાળી લીધી હતી, "તારી અને મારી જિંદગીની વ્યાખ્યાઓ અને જરૂરિયાતોમાં ફેર છે રીમા…"

"હશે!" રીમાએ ખભા ઊંચક્યા હતા, "મને આ માણસમાં કશું જ એક્સ્ટ્રા ઓર્ડિનરી નથી દેખાતું, તારી આખી જિંદગી અહીં આ જ ચાલીમાં કપડાં ધોતાં અને ત્રણ ત્રણ માળ પાણી ચડાવતાં પૂરી થઈ જવાની છે…"

"ઈશ્વરને એમ મંજૂર હશે તો એમ જ થશે." માધવી હસી હતી.

અત્યારે ફ્લાઇટમાં બેઠેલી રીમા વિચારી રહી હતી, કેટલી ખોટી હતી પોતે! માધવીની જિંદગી વિશે ભવિષ્યવાણી કરવામાં કેટલી ઉતાવળ કરી હતી! મહેન્દ્ર વિશે કેટલો ખોટો અભિપ્રાય બાંધ્યો હતો…

અત્યારે એણે સુરેશ સાથેની પોતાની પહેલી મુલાકાત યાદ આવી રહી હતી. સ્ત્રી સ્વાતંત્ર્યની મોટી મોટી વાતો કરતો, મોટા મોટા લેખકોને ટાંકતો, પોતે વાંચેલાં પુસ્તકોનું પુસ્તકિયા જ્ઞાન રીમા પર ઝાડીને સુરેશે રીમાને અભિભૂત કરી નાંખી હતી. શબ્દોની જાળમાં ફસાઈ ગયેલી રીમા સુરેશના આત્મા ઉપર ચડેલું ગીલેટ નહોતી જોઈ શકી. એને સુરેશનું જૂઠ નહોતું દેખાયું, માત્ર સુરેશની મોટી મોટી વાતો અને એના શબ્દોએ રીમાને એની સાથે લગ્ન કરવા આંજી નાંખી હતી…

અત્યારે પણ રીમા એ જ વિચારી રહી હતી.

"જેને મેં ખોટો માન્યો હતો એ સો ટચનું સોનું નીકળ્યો અને જેનાથી અંજાઈ ગઈ એ સાવ કથીર બનીને મારી જિંદગી બરબાદ કરી ગયો…કદાચ સંબંધોનું સત્ય આ જ હોય છે." પ્લેનમાં આંખો બંધ કરીને વિચારી રહેલી રીમાની આંખોમાંથી આંસુ સરકીને એના કાન પાછળ ખોવાઈ જતાં હતાં.

વિચારોમાં ને વિચારોમાં સમય ક્યાં પસાર થઈ ગયો એની રીમાને પોતાને ખબર ના રહી. નીચે નજર નાંખતાં ઝીણી ઝીણી લાઇટો સાથેનું મુંબઈ શહેર દેખાતું હતું. એક અદ્ભુત રમકડાંઓથી બનાવ્યું હોય એવું, રંગીન બિલ્ડિંગ્ઝ, રસ્તાઓ, રસ્તાઓ પરની સ્ટ્રીટલાઇટો અને રસ્તાઓ પરથી પસાર થઈ જતાં વાહનો દેખાવા લાગ્યાં હતાં, રીમા નીચે જોઈ રહી… કોણ જાણે આ વખતે મુંબઈમાં એને માટે રાહ જોઈ રહ્યું હતું!

9

શનિવારનો દિવસ સામાન્ય રીતે મહેન્દ્ર અને માધવી માટે એકદમ આરામનો - અલસ દિવસ રહેતો.

બંનેને વહેલાં ઊઠવાની ટેવ હતી એટલે જાગી તો જતાં, પણ મહેન્દ્રને ક્યાંય પહોંચવાનું ના હોય એટલે રસોડાથી શરૂ કરીને દરેક બાબતમાં એક નિરાંત રહેતી.

શનિવારની સવારો ઘણી વાર મફતલાલ બાથના કેફેટેરિયામાં બ્રેકફાસ્ટ કરવાથી શરૂ કરીને ચોપાટીના દરિયાની રેતી પર બેસીને તડકો દઝાડવા માંડે ત્યાં સુધી વાતો કરવાની મજા લેતાં લેતાં વીતી જતી.

આજે શનિવારની સવાર, ગઈ કાલનો ઓથાર લઈને ઊગી હતી એ સાચું, પરંતુ નાહીને નીકળ્યા પછી મહેન્દ્ર અને માધવી બંનેનો મૂડ બદલાઈ ગયો હતો.

બહાર નીકળીને મહેન્દ્રએ જીન્સ અને ટી-શર્ટ પહેર્યાં, “ચાલ, આજે એકાદ ફિલ્મ જોઈ નાખીએ.”

વાળની ગૂંચ કાઢતી માધવીએ નવાઈથી મહેન્દ્ર સામે જોયું, “ફિલ્મ? તમે?”

“કેમ? હું ઔરંગઝેબ છું?” મહેન્દ્રએ નજીક આવીને માધવીના ભીના વાળમાં હાથ નાખ્યો.

“પ્લીઝ, ગૂંચવાઈ જશે...” માધવી સહેજ આઘી ખસી. એને અચાનક યાદ આવી ગયા લગ્નની શરૂઆતના એ દિવસો, જ્યારે મહેન્દ્ર અને માધવી સીપી ટેન્કની ચાલીમાં રહેતાં. આટલા લાંબા વાળ ધોવા માટે માધવીને બે-ત્રણ ડોલ પાણીની જરૂર પડતી. મહેન્દ્રને માધવીના કોરા વાળ બહુ ગમતા...

મહેન્દ્ર ક્યારેક અમસ્તી જ ટકોર કરતો, “આ વાળનો વઘાર કર્યો છે તે કોઈક દિવસ ધોવાનું રાખો...”

માધવી હસતી, “નીચેથી ચાર ડોલ પાણી ભરવું પડશે.”

“ભરી આપીશ.” મહેન્દ્ર કહેતો, “તું કહે તો આખો કવો ખોદાવી દઉં. તારા આ વાળ ઉપર તો તારી સાથે લગ્ન કર્યાં છે.”

“અચ્છા?” માધવી મહેન્દ્રની આંખોમાં આંખો નાખતી, “વાળ એકલા જ ગમ્યા હતા તો કહેવું હતુંને, ચોટલો કાપીને આપી દેત. એમાં લગન કરવાની શી જરૂર?”

એ પછી મહેન્દ્ર માધવીના વાળ પોતાની મુઠ્ઠીમાં પકડતો, “ખબરદાર જો એક ઇંચ પણ વાળ ઓછા થયા છે તો...”

“એટલે આ લગ્ન મારા વાળ પર ટક્યાં છે?”

“આમ જુઓ તો એવું જ...” મહેન્દ્ર માધવીને પોતાના બાહુપાશમાં લપેટી લેતો. નિતંબથી નીચે જતો એનો ચોટલો મુગ્ધતાથી જોતો, “મેં જ્યારે જ્યારે મારી પત્નીનો

વિચાર કર્યો ત્યારે હંમેશાં મને એક લાંબા વાળવાળી, લાલચટ્ટક ચાંલ્લો કરેલી, સાડી પહેરેલી... સુંદર છોકરી દેખાઈ!"

"બાકી બધું તો ઠીક છે, પણ આ સુંદરતામાં તમારે જરા સમાધાન કરવું પડ્યું, નહીં?" માધવી પૂછતી. એની કાળી આંખોમાં તોફાન આવીને બેસી જતું. સ્ત્રીસહજ મુગ્ધતા અને પતિ પાસેથી વખાણ સાંભળવાની અપેક્ષા એના આખા ચહેરા પર જાણે ઊભરાઈ ઊભરાઈ જતી.

"વખાણ સાંભળવાં છે?" મહેન્દ્ર એનો ચહેરો ચિબુકથી પકડીને ઊંચો કરતો.

"કરવા જેવાં હોય તો કરો." માધવી ઊંધી ફરી જતી. મહેન્દ્ર એની કમરમાં હાથ લપેટી લેતો. એની ગરદન પર નાક, હોઠ ઘસતો, એને ભરપૂર વહાલથી નવડાવી દેતો...

"મને તો આમ વખાણ કરતાં આવડે છે..." એ કહેતો, એના હાથ કમર પરથી ઉપરની તરફ સરકે એ પહેલાં માધવી ઝટકો મારીને છોડાવતી. એને હળવો ધક્કો મારતી... "કામધંધો નથી? ઘડિયાળ સામે જુઓ..."

"આનાથી મોટું કયું કામ છે... ઘડિયાળ એનું કામ કરે છે અને હું મારું..." મહેન્દ્ર માધવીને ફરી એક વાર લપેટી લેતો...

અરીસામાં પોતાનો ચહેરો જોઈ રહેલી માધવીને અચાનક જ જાણે આખું દૃશ્ય ફરી એક વાર અરીસામાં ભજવાતું હોય એમ દેખાયું.

હળવો ધક્કો મારીને આઘી ખસી ગયેલી માધવીને પકડીને મહેન્દ્રએ ફરી એક વાર નજીક લીધી, "મેઇડ ફોર ઇચ-અધર..." અરીસામાં દેખાતા બંનેનાં પ્રતિબિંબ સામે જોઈને મહેન્દ્રએ કહ્યું, "આપણે એકબીજા માટે જ બન્યાં છીએ માધવી!"

માધવી ફાટી આંખે અરીસા તરફ જોઈ રહી હતી, પોતાનો ચહેરો - પોતાનો નહીં, પારકો હોય એવા ભાવ હતા એના ચહેરા પર! ઘડીભર પહેલાંની માધવી સાવ બદલાઈ ગઈ!

એણે હાથ લંબાવીને અરીસામાં પોતાના પ્રતિબિંબને સ્પર્શ કર્યો.

મહેન્દ્રએ આ ફેરફાર જોયો તો ખરો, પણ એ માધવીનો આ મૂડ બદલી નાખવા માગતો હતો...

"માધવી... ચલ, જલદી તૈયાર થા." એણે કહ્યું, પણ માધવીના કાને જાણે કશું પડ્યું જ નહોતું. એણે ગૂંચ કાઢતા હાથને અચાનક અટકાવ્યા અને મહેન્દ્ર સામે જોયું, "મને કેન્સર છે ને મહેન્દ્ર?"

"વળી પાછી એની એ વાત?"

"હા કે ના?"

"માધવી, પહેલા રિપોર્ટ પરથી કશું નક્કી ન થઈ શકે. હજી આપણે ઘણા ટેસ્ટ કરવાના છે. ચલ, તૈયાર થા."

માધવીએ મહેન્દ્ર સામે જોયું. એના કપાળ પર પરસેવાનાં બુંદ હતાં. નાકની નીચે - હોઠની ઉપર, ચિબુક પર પસસેવાનાં નાનાં નાનાં ટીપાં જામી ગયાં હતાં. આંખો ભયથી વિસ્ફારિત હતી. એક ક્ષણ પહેલાંની માધવી અને આ માધવી જાણે બે જુદી વ્યક્તિઓ હતી!

"મને... મને શું ટ્રીટમેન્ટ આપશે?"

મહેન્દ્ર સ્તબ્ધ થઈ ગયો, "કેમ?"

"હું કિમોથેરાપી નહીં કરું."

"માધવી..."

"મહેન, મારા વાળ ખરી જશે..." માધવીની આંખો છલકાઈ આવી, "મારા વાળ ખરી જશે તો... તો હું કેવી દેખાઈશ મહેન્દ્ર? કદરૂપી... કાળી થઈ જઈશ હું... મારે... મારે આવા જ મરી જવું છે. મને કોઈ ટ્રીટમેન્ટ નહીં કરતા. હું મરું ત્યારે મારો ચહેરો આવો જ દેખાવો જોઈએ. મને વચન આપો મહેન્દ્ર... મને વચન આપો!" માધવી બંને હાથે મહેન્દ્રને લપેટાઈ ગઈ. એ ધ્રૂજી રહી હતી. મહેન્દ્ર એની અંદર ચાલી રહેલી ભય અને હિંમતની, વિશ્વાસ અને ડરની જુગલબંધીથી અસ્વસ્થ થઈ ગયો.

આટલાં વર્ષોમાં મહેન્દ્ર પહેલી વાર આમ પળેપળે પલટાતો માધવીનો મિજાજ અને મૂડ અનુભવી રહ્યો હતો. એને માટે તો બેવડું યુદ્ધ લડવાનું હતું, પોતાની જાત સાથે અને માધવીની અંદર ચાલી રહેલા આ ભયાનક ઉતાર-ચઢાવ સાથે!

એ તો જાણતો જ હતો કે સત્ય શું હતું. ડૉ. કાપડિયાએ એને જે કંઈ કહ્યું હતું એ ન સમજી શકાય એટલો અભણ કે અણસમજુ મહેન્દ્ર નહોતો. એમણે બહુ જ સ્પષ્ટ અને આમ જુઓ તો લગભગ ભવિષ્ય ભાખવાની જેમ કહ્યું હતું, "મોડું તો થયું જ છે. આપણે સાવ લાઇટલી કે હળવાશથી તો નહીં જ લઈ શકીએ. શરૂઆતનાં લક્ષણો ગર્ભાશયના કેન્સરનાં છે અને સ્ટેજ હું અને તમે ધારીએ છીએ એનાથી આગળ વધી ગયું હોવાની સંભાવના છે."

પોતાને ભેટીને ઊભેલી માધવીની પીઠે મહેન્દ્ર હાથ ફેરવી રહ્યો હતો, પણ ખરેખર તો સધિયારાની જરૂર એને પોતાને હતી.

*

રીમા પોતાની લગેજ ટ્રોલી ધકેલતી ગ્રીન ચેનલમાં બહાર નીકળી ત્યારે એણે જોયું કે માધવી બહાર ઊભી છે. એની આંખો ભરાઈ આવી. આમ તો હજુ છ મહિના પહેલાં જ એ લંડન પાછી ગઈ હતી, પરંતુ ભારત આવવાની આખી લાગણી જ એને મનથી તરબતર કરી નાખતી.

"માધવી…" એ દોડીને ભેટી પડી. માધવી પણ રીમાને ભેટી. બંને સહેલીઓ ક્યાંય સુધી એકબીજાને ભેટીને ઊભી રહી.

બંને છૂટાં પડ્યાં ત્યારે રીમાએ જોયું કે માધવીની આંખોમાં પાણી હતાં.

રીમા જ્યારે પાછી જતી ત્યારે માધવીની આંખો જરૂર ભીની થતી, પણ એ જ્યારે ભારત આવતી ત્યારે એને લેવા આવેલી માધવીની આંખો આજે પહેલી વાર એણે ભીની જોઈ હતી…

એ કશું બોલી નહીં. એણે બંને હાથે માધવીનો ચહેરો પકડ્યો. એની આંખોમાં જોયું. કાળી, ઊંડી, ઘડીભર જોઈ રહેવાનું મન થાય એવી સ્વચ્છ આંખો. એમાં ભરાઈ આવેલાં પાણીથી જાણે કોઈ કાચનું બનેલું તળાવ છલકાઈ ઊઠ્યું હોય એવું લાગતું હતું. આંખમાંથી છલકાઈને પાણી નીચેની પાંપણ પર તોળાઈ રહ્યું હતું… ટપકી જવાની તૈયારીમાં.

"શું થયું છે?" રીમાએ સીધું જ પૂછ્યું.

"કશું નહીં…" માધવી ફરી એક વાર એને ભેટી પડી, "બસ! તને બહુ દિવસે જોઈને…"

પોતાને ભેટેલી માધવીની પકડ જરા વધુ જ મજબૂત હતી એવું રીમા અનુભવી શકી… જાણે નાનું બાળક માથી છૂટું પડવા ન માગતું હોય એવી અસલામત, ડરેલી અને શરીરમાંથી ધ્રુજારી પસાર થઈ જતી હોય એવી પકડ રીમાએ પહેલી વાર અનુભવી.

એણે થોડી વાર માધવીની પીઠ પર હાથ ફેરવ્યા કર્યો. પછી હળવેકથી પોતાનાથી છૂટી પાડી. એ જાણતી હતી કે માધવી અચાનક ખૂલીને કોઈ વાત નહીં કરે. એના મનમાં કંઈક ચાલતું હતું એ નક્કી, પણ એ 'કંઈ' શું હતું? એ સમજવા માટે ઘણો પ્રયાસ કરવો પડશે એની રીમાને ખબર હતી.

લંડનની ફ્લાઇટ્સ સામાન્ય રીતે લગભગ અગિયારથી શરૂ કરીને બે વાગ્યા સુધી - મિડનાઇટ લેન્ડિંગ કરતી હોય છે. અત્યારે ભારતની ઘડિયાળ પ્રમાણે રાતના 12.45 થયા હતા. માધવીને એકલી જોઈને રીમાને નવાઈ લાગી. માધવી ડ્રાઇવર લઈને એકલી જ આવી હતી, સામાન્ય રીતે આટલી રાત્રે મહેન્દ્ર માધવીને એકલી બહાર જવા જ દેતો નહીં!

માધવીના ચહેરા પર એક અજબ જેવી ઉદાસી લીંપાયેલી હતી. એણે વાતો કરવાનો પ્રયાસ જરૂર કર્યો. દેવિનાના, જયના અને સુરેશના પણ ખબર પૂછ્યા… થોડી થોડી વારે એ ચૂપ થઈ જતી હતી. પછી જાણે અચાનક, 'વાત કરવી જ જોઈએ' એવો ખ્યાલ આવતો હોય એમ વાત કરવાનો એક ઠાલો - પોલો પ્રયાસ કરતી…

રીમાએ મહેનના ખબર પૂછ્યા.

સોનાલી વિશે એક સવાલ પૂછો તો માધવી પાસે વાતોનો ઢગલો થઈ જતો. સોનાના ફોન, એનું કામ, એનું ભણવાનું… માધવી કંઈ કેટલુંયે કહી નાખતી, પણ આજે એણે

માત્ર એક શબ્દમાં જવાબ આપીને ફરી એક વાર હોઠ સીવી લીધા.

ત્રણ દાયકાથી વધારે સમયની આ દોસ્તીમાં માધવીની આવી ઉદાસી રીમા પહેલી વાર જોઈ રહી હતી.

માધવીને ભગવાને કોઈ અજબ પ્રકારની ધાતુમાંથી ઘડી હતી એવું રીમા માનતી. ફરિયાદ, તકલીફ બાબતે રડવું... માધવીના સ્વભાવમાં જ નહોતું.

આવે તેને સહી જવું... એથી આગળ વધીને એનો સ્વીકાર કરવો અને એમાંથી રસ્તો કાઢવો એ જ માધવીની ફિલોસોફી હતી.

પણ આજે જાણે માધવી - એ માધવી જ નહોતી રહી.

રીમા ગાડીમાં પણ વારે વારે માધવી સામે જોતી રહી. સામાન્ય રીતે ખૂબ બધી વાતો કરતી માધવી આજે ચૂપ હતી. વારે વારે એને ડૂમો ભરાઈ આવતો હતો. બારીની બહાર જોવાનું બહાનું કરીને એ આંખો લૂછી નાખતી એ રીમા જોઈ શકતી.

રીમાએ એને પોતાનો સમય લેવા દીધો. એને ખાતરી હતી કે માધવી એની સાથે પોતાના મનની વાત કર્યા વિના રહેશે તો નહીં જ. એને પૂછી પૂછીને હેરાન કરવાને બદલે એરપોર્ટથી ઘર સુધીના રસ્તાની ચુપકીદી દરમિયાન ફક્ત માધવીનો હાથ પકડી રાખ્યો. એ પકડી રખાયેલા હાથમાં સ્નેહ હતો, સધિયારો, સહાનુભૂતિ અને એક એવી સમજદારી હતી, જે એક પણ શબ્દ કહ્યા વિના માધવી સુધી પહોંચતી રહી.

બંને જણા માધવીના ઘેર ઊતર્યાં. ડ્રાઇવર સામાન ઉતારવા જતો હતો, પણ રીમાએ કહ્યું, "રહેવા દો. હું થોડી વારમાં ઘરે જ જઈશ." માધવીએ નવાઈથી એની સામે જોયું.

"અત્યારે?" માધવીએ પૂછ્યું.

"આઇ થિન્ક..." રીમાએ કંઈ કહેવાનો પ્રયાસ કર્યો, પણ માધવીએ કશું સાંભળ્યા વિના ડ્રાઇવરને કહ્યું.

"સામાન ઉપર લે કે આઓ..." પછી રીમા સામે જોયું, "અત્યારે જઈશ? સવારે જતી રહેજે." પછી ધીમેથી ઉમેર્યું, "હું આગ્રહ નહીં કરું, બસ?"

દરેક વખતે રીમા આવે ત્યારે એને પોતાના ફ્લૅટ પર નહીં જવા દેવા માટે છેલ્લાં દસ વર્ષથી દલીલો કરતી માધવીએ આજે પહેલી વાર આવું કહ્યું હતું!

રીમા આ બદલાવ જોતી રહી, પણ કશું બોલી નહીં. માધવીએ પણ આગળ ચર્ચા કરવાને બદલે ચૂપચાપ બિલ્ડિંગના ફોયર તરફ ચાલવા માંડ્યું.

ભારત આવવા માટે ઉતાવળી થઈ ગયેલી રીમાને આ વખતે અહીંનું વાતાવરણ સાવ જુદું જ લાગ્યું. સામાન્ય રીતે ઉત્સાહથી છલકતી એરપોર્ટથી ઘર સુધીમાં દસ કાર્યક્રમો બનાવી નાખતી માધવીને 'આવી' જોઈને રીમાને પેટમાં ફાળ પડી હતી.

સુરેશ સાથેના અનુભવ પછી બહુ સ્વાભાવિક રીતે એને સૌથી પહેલો વિચાર મહેન્દ્રનો આવ્યો હતો. 42-44ની ઉંમરે સફળ પુરુષો આવા પ્રકારના 'લફરા'માં સંડોવાતા હોય છે એવું એણે વાંચ્યું પણ હતું અને એના જીવનનો અનુભવ પણ હતો. એટલે એણે મનોમન એ વિશે ગણતરીઓ કરવા માંડી…

"આજે પહેલી વાર મહેન્દ્ર માધવીની સાથે ના આવ્યો… આવું પહેલાં ક્યારેય નથી બન્યું. અડધી રાતે એને એકલી મોકલી દીધી?"

રીમાને હંમેશાં નવાઈ લાગતી, માધવી અને મહેન્દ્રનો સંબંધ એને માટે એક ક્વેશ્ચનમાર્ક જેવો તો હતો જ. આટલો બદલાયેલો, આગળ વધેલો મહેન્દ્ર આવી સાવ 'દેશી' માધવીને આટલું બધું ચાહે એમાં રીમાને હંમેશાં જૂઠની, બનાવટની, ફોલ્સીટીની, છેતરામણીની ગંધ આવતી…

સીધીસાદી, અંગ્રેજી ન બોલી શકતી, સાડી પહેરતી માધવી હવે કદાચ બદલાયેલા મહેન્દ્રને 'મણિબેન' લાગતી હોય… એણે કોઈ સેક્રેટરી કે બિઝનેસ વુમન સાથે કંઈ…!!

એણે મનોમન ગાંઠ વાળી લીધી, "મેં મારા માટે ભલે કંઈ ન કર્યું, પણ માધવીના જીવનમાં જો કંઈ આડુંતેડું હશે તો હું એને માટે જરૂર લડીશ. મહેન્દ્રને પાઠ ભણાવી દઈશ, જો મારી માધવી સાથે કંઈ આડુંતેડું કર્યું તો…"

*

10

મહેન્દ્રએ ઘણી સમજાવી, પણ માધવીએ રીમાને એકલા લેવા જવાનો હઠાગ્રહ કર્યો. સામાન્ય રીતે કોઈ દિવસ રાતના સમયે મહેન્દ્ર માધવીને ક્યાંય એકલી જવા દેતો નહીં. ડ્રાઇવર વિના ગાડી પણ માધવી એકલી લઈને જાય એ મહેન્દ્રને ક્યારેય ગમતું નહીં.

"તમે ક્યારેય મને મારી રીતે કશું કરવા દેતા નથી." માધવી ક્યારેક લાડમાં ફરિયાદ કરતી.

"લો બોલો!" મહેન્દ્ર એને વહાલ કરતો, "બીજી પત્નીઓને તો ફરિયાદ હોય છે કે બધે અમને એકલા મોકલી દે છે... હું તને એકલી નથી જવા દેતો એની તને ફરિયાદ છે?"

"ક્યારેક કહો છો કે થોડી ઇન્ડિપેન્ડન્ટ થા, બધામાં મારા પર અધાર ન રાખ અને આજે કહું છું કે મને જવા દો, તો..."

"માધવી, મારું ચાલે તો તને એક પળ પણ એકલી ના મૂકું..."

"આપણાં લગ્નને વીસ વરસ થવા આવ્યાં. આવાં ઘેલાં કાઢો છો એવું કોઈને કહીએ તો..."

"તો ઈર્ષા થાય..." મહેન્દ્ર માધવીને પોતાના બાહુપાશમાં લઈ લેતો, "માધવી, તું બહાર નથી નીકળતીને... લોકોને નથી મળતી એટલે તને ખબર નથી... વીસ વરસે લગ્ન સડી જતાં હોય છે. લોકો એકબીજાથી ભાગવા લાગે છે. પતિ-પત્ની એકબીજાની સાથે સમય ગાળવાને બદલે ક્યાં અને કઈ રીતે ભાગી શકાય એ જ શોધ્યા કરે છે. એક તું છે, કે તારો પતિ તને આટલો બધો પ્રેમ કરે છે એની સામે તને વાંધો છે."

"મહેન, વાંધો નથી. ક્યારેક તમારી ચિંતા થાય છે."

"મારી? મારી શું કામ ચિંતા થાય?"

"મહેન..." માધવીનો અવાજ ભીનો થઈ આવતો, "ક્યારેક હું નહીં હોઉં તો?"

"હું તને ક્યાંય જવા જ નથી દેવાનો."

"ઉપરથી બોલાવશે ત્યારે તમે પણ રોકી નહીં શકો..." માધવીની આંખો અકારણ જ છલકાઈ આવતી.

માધવીને કોણ જાણે કેમ, છેલ્લાં એકાદ વર્ષથી એવું લાગવા માંડ્યું હતું કે એની આવરદા ટૂંકી છે. અથાગ સુખમાં, ભરપૂર આનંદની પળોમાં કે સારામાં સારા સમયમાં અચાનક જ માધવીની અંદર એક પીડાનો સબાકો ઊઠતો. એની સાવ ભીતરથી, ઊંડે આત્મામાંથી અચાનક જ કોઈ જાણે એને સવાલ પૂછતું, "આ બધું ક્યાં સુધી?"

એ મહેનને દરેક વખતે આ વાત કહેતી નહીં, કારણ કે એ જાણતી હતી કે મહેન આવા બધા ઇન્ટ્યુશનમાં, બાધા-આખડી કે દેવ-દેવલામાં બહુ શ્રદ્ધા ધરાવતો નહીં. એ ઈશ્વરને માનતો. એક સુપરપાવર તરીકે. મહેન્દ્રનો ધર્મ બુદ્ધિમાં અને જાતમાં વિશ્વાસ રાખવાનો ધર્મ હતો. ખોટું નહીં કરવાનો, કોઈને દુ:ખ નહીં પહોંચાડવાનો, બની શકે ત્યાં સુધી કોઈની મદદ કરવાનો એનો ધર્મ હતો...

જ્યારે માધવી મંદિરોમાં, દાન-પુણ્યમાં, કથા-પૂજા-વ્રતમાં વિશ્વાસ રાખતી.

બંને પોતપોતાની માન્યતાઓ સાથે જીવતાં રહેતાં... મહેન્દ્ર એને ક્યારેય કશું કરતી રોકતો નહીં. માધવીનો આગ્રહ હોય તો પૂજામાંય બેસતો, પણ સ્પષ્ટ કહીને, "હું આ તારા માટે કરું છું. મારો ઉદ્દેશ ભગવાન કરતાં વધારે તને રાજી કરવાનો છે..."

મહેન્દ્ર અને માધવી આમ જુઓ તો સાવ જુદી માટીનાં બનેલાં, જુદા વિચારો ધરાવતા અને સાવ જુદું જીવતા બે સાવ અલગ વ્યક્તિઓ હતાં. છતાં બંને વચ્ચે એમના આત્માને જોડતો તાર એમનો પ્રેમ, એમની લાગણી, એકબીજા પરત્વેનો વિશ્વાસ અને વહાલ કોઈને પણ નવાઈ પમાડે એવાં હતાં.

*

"આજે પહેલી વાર મહેન્દ્ર માધવીની સાથે ના આવ્યો... આવું પહેલાં ક્યારેય નથી બન્યું. અડધી રાતે એને એકલી મોકલી દીધી?" એણે મનોમન ગાંઠ વાળી લીધી, "મેં મારા માટે ભલે કંઈ ન કર્યું, પણ માધવીના જીવનમાં જો કંઈ આડુંતેડું હશે તો હું એને માટે જરૂર લડીશ. મહેન્દ્રને પાઠ ભણાવી દઈશ, જો મારી માધવી સાથે કંઈ આડુંતેડું કર્યું તો..."

ઘરની અંદર દાખલ થયા ત્યારે મહેન્દ્ર સફેદ ઝભ્ભો-લેંઘો પહેરીને પથ્થરની બેઠક પર કુંડાંઓની વચ્ચે આડો પડીને વાંચી રહ્યો હતો. રીમલેસ ચશ્માં, કાન પાસે આછી સફેદી અને દેખાવમાં જોતાં જ ગમી જાય એવી પ્લેઝન્ટ પર્સનાલિટી ધરાવતો મહેન્દ્ર સામાન્ય રીતે રીમાને મળતાં જ એની સાથે મજાક શરૂ કરી દેતો.

આજે રીમા ઘરમાં દાખલ થઈ અને પાછળ પાછળ એનો સામાન આવ્યો ત્યાં સુધી મહેન્દ્રએ માત્ર 'કેમ છે?' અથવા 'ટ્રીપ કેવી રહી?' જેવા સામાન્ય સવાલો પૂછીને જાણે પરાણે વાત કરવી પડતી હોય એવું વજનદાર વાતાવરણ ઊભું કરી નાખ્યું હતું.

"બે જણાં વચ્ચે જરૂર કંઈક થયું છે, બાકી બે જણાં વચ્ચે આટલું વજન અને આટલું ટેન્શન મેં આટલાં વર્ષોમાં ક્યારેય નથી જોયું." રીમાએ મનોમન નોંધ્યું.

રીમાનો સામાન સોનાલીના રૂમમાં મુકાયો.

"ન્હાવું છે? જમવું છે?" માધવીએ બંને સવાલો એવી રીતે પૂછ્યા હતા, જેમાં સાવ ઠંડકની સાથે એક પરાયાપણાની બૂ આવી.

"હું આવી એ નહીં ગમ્યું હોય? આ બંને જણાં આ રીતે કેમ વર્તતાં હશે?" રીમાને જાણે પોતાની જ હાજરી ભારે લાગવી માંડી. એણે બધી વાતની ના પાડીને

સોનાલીના રૂમમાં જઈને ઊંઘી જવાની ઇચ્છા પ્રદર્શિત કરી. સામાન્ય રીતે રીમા ગમે તેટલા વાગ્યે પહોંચે, એ રાત તો બે સહેલીઓ વચ્ચે ગપ્પાં-ગોષ્ઠિની રાત જ રહેતી... મહેન્દ્ર અનિચ્છાએ પણ બેડરૂમમાં એકલો સૂઈ જતો. રીમા અને માધવી લગભગ આખી રાત વાતો કરતાં. આજે માધવીના ચહેરા પર એક થાક, એક અજબ પ્રકારની ઉદાસી હતી.

"હું... સૂઈ જાઉં?" માધવીએ પૂછ્યું, "આપણે સવારે વાત કરીશું."

"હા, હા..." રીમાએ કહ્યું, પણ એની અંદર એક ભયાનક ગડમથલ શરૂ થઈ ગઈ હતી. એ 'ગુડનાઇટ' કહીને સોનાલીના રૂમમાં ચાલી ગઈ. માધવી પણ પોતાના બેડરૂમ તરફ ચાલી ગઈ. મહેન્દ્ર ત્યાં જ સૂતો સૂતો વાંચતો રહ્યો...

પોતાના રૂમમાં નાહીને, કપડાં બદલીને, પથારીમાં પડેલી રીમાએ ઘડિયાળ જોઈ, રાતના અઢી વાગ્યા હતા. ડ્રોઇંગરૂમમાં ચાલુ લેમ્પનું અજવાળું બંધ દરવાજાની નીચેની તિરાડમાંથી રીમા જે રૂમમાં સૂતી હતી ત્યાં સુધી રેલાતું હતું. એનો મતલબ હતો મહેન્દ્ર હજી જાગતો હતો.

રીમાએ જાત સાથે સંવાદ કરી જોયો, "જઈને મહેન્દ્ર સાથે સીધી વાત કરી લઉં?"

"તારું કામ કર... માઇન્ડ યોર ઓન બિઝનેસ... તું કોણ છે મને પૂછનારી?" આવું કંઈક કહી બેસે તો? એના મને એને પૂછ્યું.

"માધવી મારી સહેલી છે. મારા સુખ-દુ:ખમાં મારી સાથે રહી છે. આ ઘરમાં કશુંક ખોટું થઈ રહ્યું છે, કશુંક એબ્નોર્મલ છે અને જો હું ખરેખર માધવીની ચિંતા કરતી હોઉં તો મહેન્દ્ર શું કહેશે એની ચિંતા કર્યા વિના જ મારે એની જોડે વાત કરવી જોઈએ."

"એ પહેલાં માધવી જોડે વાત કરવી જોઈએ એવું નથી લાગતું?" એના જ મને એને સવાલ કર્યો... અત્યાર સુધીમાં તો એનું લોહી સડસડાટ ફરતું થઈ ગયું હતું. એનું માથું ધમ ધમ થતું હતું. ટેન્શનમાં એને ઊંઘ નહોતી આવવાની એ નક્કી હતું. પથારીમાં પડ્યાં પડ્યાં દસ જાતના વિચારો કરવા, એને બદલે જઈને સીધી મહેન્દ્ર સાથે વાત કરવી એ જ રીમાને યોગ્ય નિર્ણય લાગ્યો.

એ ઊભી થઈ. મોઢા પર પાણીની છાલક મારી. વાળમાં બ્રશ ફેરવ્યું. નાઇટી પર ડ્રેસિંગ ગાઉન પહેરીને બહાર આવી. એને નવાઈ લાગી. મહેન્દ્ર પથ્થરની બેઠક પર બેઠો બેઠો બહારનો રસ્તો જોઈ રહ્યો હતો... કોઈ ઊંડા વિચારમાં ગરકાવ હોય એમ એના ચહેરા પર શૂન્યતા હતી.

એણે રીમાનો દરવાજો ખૂલતો સાંભળ્યો એટલે એ તરફ જોયું, "આવ..."

મહેન્દ્ર અને રીમા બંને એકબીજાને 'તું' જ કહેતા. 'મહેન્દ્રભાઈ' અને 'રીમાબેન'નો સંબંધ એમની વચ્ચે ક્યારેય થઈ શક્યો જ નહોતો.

"કેમ જાગે છે?"

"ઊંઘ નથી આવતી..." મહેન્દ્રના ચહેરા ઉપર એક અજબ જેવી શૂન્યતા હતી.

"મહેન્દ્ર, મને ગોળ ગોળ વાત કરતાં નથી આવડતી... તમારા બે જણાં વચ્ચે કંઈ થયું છે?"

"શું?" મહેન્દ્રના ચહેરા પર સ્મિત આવી ગયું, "ઝઘડો?"

"મહેન્દ્ર, હું મજાક નથી કરતી. માધવી ખરેખર અપસેટ છે."

"એ મારાથી વધારે કોણ જાણી શકે?" મહેન્દ્રનો અવાજ ભારે થઈ ગયો. એ ફરી મોટી મોટી ગ્લાસ વિન્ડોસની બહાર જોવા લાગ્યો. જાણે રીમા સાથે આંખ ના મિલાવવી હોય એમ...

"તારે કોઈ અફેર છે મહેન્દ્ર?"

મહેન્દ્ર જોરજોરથી હસવા લાગ્યો, "તારો વાંક નથી. તું આ જ વિચારી શકે."

"એટલે?" રીમાનો ચહેરો તંગ થઈ ગયો, "તને શું લાગે છે? સુરેશ સાથે જે કંઈ થયું એને માટે હું જવાબદાર છું?"

"રીમા... વાતને ક્યાંથી ક્યાં લઈ જાય છે?" મહેન્દ્રના અવાજમાં સહાનુભૂતિ હતી, એક ખાલીપો હતો, એક તકલીફ, એક પીડા, એક અધૂરપ હતી, "લફરા જેટલી સાદી વાત હોત તો સારું થાત!"

"વાત શું છે?" રીમા અચાનક જ અકળાઈ ઊઠી, "મેં માધવીને પહેલાં આવી ક્યારેય નથી જોઈ. આવી નંખાયેલી, બુઝાયેલી, ચૂપચૂપ અને તૂટી ગયેલી માધવી મારાથી સહન નથી થતી..." એનો અવાજ ભીંજાઈ ગયો. આંખોમાં આછી ભીનાશ આવી ગઈ, "મારી જિંદગીનાં આ ઊબડ-ખાબડ વર્ષો, મારા ઉઝરડા અને મારી બધી જ તકલીફ જો કોઈ એક વ્યક્તિના આધારે મેં સહી નાખી હોય તો એ માધવી છે મહેન્દ્ર... માધવી મારો આધાર છે. હું ઇમોશનલી એના પર ડિપેન્ડ કરું છું." રીમાની આંખોની ભીનાશ પાંપણ સુધી આવીને આંસુ બનીને તોળાવા લાગી હતી, "એ જ માધવી જો હચમચી જાય તો મને કેટલી તકલીફ થાય, સમજાય છે તને?" રીમાને પોતાને પણ ખબર નહોતી એવી રીતે એનો અવાજ આક્રોશમાં ઊંચો થઈ ગયો.

મહેન્દ્ર એની સામે જોઈ રહ્યો.

"રીમા..." મહેન્દ્રનો અવાજ એકદમ ધીમો, વિષાદી અને મ્લાન હતો, "તમારી આંખ ઊઘડે ત્યારે તમારી બાજુમાં ઊંઘતો એક ચહેરો... અથવા તમને જગાડવા તમારા ચહેરા પર ઝૂકેલો એક ચહેરો કોઈ એક દિવસ નહીં હોય છતાંય તમારી આંખ તો ઊઘડશે જ..." મહેન્દ્રનો અવાજ રીતસર ધ્રૂજી રહ્યો હતો, "આવો વિચાર આવ્યો છે કોઈ દિવસ?"

"મહેન્દ્ર!" રીમાની આંખો પહોળી થઈ ગઈ.

"બપોરે ફોન કરીને એક અવાજ જે તમને ડિસ્ટર્બ કરીને પૂછતો હતો- 'જમી લીધું?' એ અવાજ તમને ડિસ્ટર્બ નહીં કરે તો શું થશે?"

રીમા નિઃશબ્દ એક અક્ષર બોલ્યા વિના મહેન્દ્રની સામે જોઈ રહી હતી.

"મહેરબાની કરીને તારાં બ્લાઉઝ અને ચણિયા તારા કબાટમાં રાખ... બાથરૂમના કાચ પર તારા ચાંલ્લા નહીં ચોંટાડ... કાંસકામાં તારા વાળ હોય છે... દરરોજ શું બનાવું એવું મને શું પૂછે છે?" મહેન્દ્ર જાણે નાના બાળકની જેમ કોઈને ભેટી પડવા, કોઈને વળગી પડવા, કોઈનો અધાર શોધવા બેબાકળો થઈ ગયો હતો, "એવું કહેતાં જેની સાથે અવાજ ઊંચો થઈ જતો હતો, એની સાથે કોઈ સંવાદ જ નહીં થઈ શકે એવી કલ્પના આવે છે તને?"

હવે મહેન્દ્રની આંખોમાં ગમે તેટલો પ્રયાસ કરવા છતાં આંસુ સમાઈ શકે એમ નહોતાં. ગઈ કાલથી આજ સુધી એણે આખી પરિસ્થિતિને જે રીતે પોતાની અંદર ધરબી દીધી હતી એ આખી પરિસ્થિતિ રીમાના સવાલથી જાણે બોમ્બબ્લાસ્ટ થયો હોય એમ ફાટી હતી સાથે જ મહેન્દ્રની સ્વસ્થતાના, હિંમતના અને શ્રદ્ધાના ફુરચેફુરચા થઈને ચારે તરફ ઊડી રહ્યા હતા.

"મહેન્દ્ર?" રીમાએ આગળ વધીને મહેન્દ્રનો હાથ પકડી લીધો. એ મહેન્દ્રની બાજુમાં પથ્થરની બેઠક પર એની સાવ નજીક બેસી ગઈ, "માધવી..."

"માધવીને ગર્ભાશયનું કેન્સર છે." આટલું બોલતાં બોલતાં તો મહેન્દ્રનું ગળું રૂંધાઈ ગયું. એને જાણે છાતીમાં દુખાવો થવા લાગ્યો. જે વાક્ય એ બોલી રહ્યો હતો એ એને પોતાને જ નહોતું માનવું, એવું એના અવાજ પરથી લાગ્યું છતાં રીમા સિવાય એવું કોઈ નહોતું, જેને આ વાત કહીને પોતે મન પરથી બોજ ઉતારી શકે, એવી મહેન્દ્રને પાકી ખબર હતી.

"કેન્સર?" રીમાએ સ્મિત કરવાનો પ્રયાસ કર્યો. એનું સ્મિત કેટલું પોકળ અને કેટલું જૂઠું હતું એની એને પોતાને ખબર હતી. મહેન્દ્રનું એક જ વાક્ય એને અંદરથી આડી-ઊભી ચીરી ગયું હતું. એ એક શબ્દ સાંભળ્યા પછી એની અંદર ઠંડીનું એક લખલખું, ભયની એક કંપારી પસાર થઈ ગઈ હતી. છતાં એણે મહેન્દ્રનો હાથ હિંમતથી દબાવ્યો, "કેન્સર અસાધ્ય નથી મહેન્દ્ર, હવે તો..."

મહેન્દ્ર રીમાની આંખોમાં આંખો નાખીને જોઈ રહ્યો, "ખબર છે... કેન્સર અસાધ્ય નથી, ભયાનક નથી. એનાથી ડરવાની જરૂર નથી.... દવા થઈ શકે છે. માણસો સાજા થઈ શકે છે. વર્ષો જીવી શકે છે..." મહેન્દ્ર લગભગ એકીશ્વાસે બોલી રહ્યો હતો. આટલું બોલીને એ હાંફી ગયો. એણે ઝટકો મારીને રીમાનો હાથ છોડાવી દીધો. પોતાના શરીરને ફરી એક વાર ગ્લાસવિન્ડો તરફ ફેરવી દીધું એ રીમાથી સહેજ દૂર ખસીને બેઠો. જાણે એને કહેવું હતું, "મને એકલો છોડી દો... હવે મારે એકલાએ જ જીવવાનું છે!"

રીમા મહેન્દ્રની સામે જોઈ રહી હતી. એનો ઉદ્વેગ, એનો આક્રોશ, એની તકલીફ, એની પીડા અને એની અસ્વસ્થતા સમજવાનો પ્રયાસ કરી રહી હતી. એણે ફરી એક વાર મહેન્દ્રનો હાથ પકડવાનો પ્રયાસ કર્યો. હાથ છોડાવી એક ઊંડો નિઃશ્વાસ નાખીને મહેન્દ્રએ કહ્યું, "આ બધું જ... આ બધું જ મને મારા ડૉક્ટરે કહ્યું. પણ સાથે એક

વાક્ય બીજું પણ કહ્યું રીમા…" એ ચૂપ થઈ ગયો અને ફરી એક વાર ગ્લાસ વિન્ડોની બહાર જોવા લાગ્યો.

મહેન્દ્ર અને રીમા બંનેની વચ્ચે એક ટાઇમબોમ્બની ટીક ટીક ચાલતી રહી…

રીમાએ મહેન્દ્રને એનો સમય લેવા દીધો. કહેવું કે નહીં, એની ગડમથલમાં ખાસ્સી ક્ષણો વીતી ગયા પછી મહેન્દ્રએ રીમાની સામે જોયું, "માધવીનું કેન્સર થર્ડ સ્ટેજ વટાવી ચૂક્યું છે… ગર્ભાશયની બહાર પણ ગાંઠો છે… યુટ્રાઇન કેવિટી, ઓવરીઝ અને ફેલોપિયન ટ્યુબ સુધી… બધું જ… બધું જ…." મહેન્દ્રએ પોતાનો ચહેરો બે હાથની વચ્ચે ઢાંકી લીધો.

રીમા ડઘાયેલી, સ્તબ્ધ એની સામે જોઈ રહી.

સાવ શાંત, નિ:શબ્દ વાતાવરણમાં થોડીક ક્ષણો પસાર થઈ હશે ત્યાં એક ડૂસકું સંભળાયું. રીમા અને મહેન્દ્રએ ચોંકીને પાછળ જોયું, ડાઇનિંગ ટેબલ પાસે પેસેજમાં નાઇટ ગાઉન પહેરીને ઊભેલી માધવી ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી.

*

11

સાવ શાંત, નિઃશબ્દ વાતાવરણમાં થોડીક ક્ષણો પસાર થઈ હશે ત્યાં એક ડૂસકું સંભળાયું. રીમા અને મહેન્દ્રએ ચોંકીને પાછળ જોયું, ડાઇનિંગ ટેબલ પાસે પેસેજમાં નાઇટ ગાઉન પહેરીને ઊભેલી માધવી ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી.

રીમા અને મહેન્દ્ર બંને ડઘાઇ ગયાં. મહેન્દ્રએ ક્યારેય નહોતું ધાર્યું કે આ વાત માધવી આવી રીતે સાંભળી લેશે.

માધવી ત્યાં જ ઊભી હતી, એના ચહેરા પર પીડા કરતાં વધારે છેતરાયાના ભાવ હતા. એની મોટી મોટી, કાળી આંખો મહેન્દ્ર તરફ મંડાયેલી હતી અને એ આંખો જાણે કહી રહી હતી, 'તમે? તમે મારાથી છુપાવ્યું મહેન?'

મહેન્દ્રના ચહેરા પર અપરાધી જેવો ભાવ આવી ગયો. ડૉક્ટર કાપડિયાએ એને તો સાચું જ કહ્યું હતું. કદાચ શુક્રવારની સાંજે ઑફિસમાં બેસી રહેલા મહેન્દ્રના મનમાં જે ચાલતું હતું તે આ જ દ્વંદ્વ હતું...

અત્યારે જ્યારે માધવીએ સાંભળી જ લીધું હતું ત્યારે એક રીતે પોતાની જાતને અપરાધી અનુભવતા મહેન્દ્રને એક રીતે રાહત પણ થઈ ગઈ! જે વાત એ માધવીને સીધેસીધી ક્યારેય નહોતો કહી શકવાનો એ વાત માધવીને ખબર પડી ગઈ એ વાતની રાહત...

બારસાખ પાસે સ્થિર ઊભેલી માધવીને જોઈને રીમા ઊભી થઈ એ માધવી તરફ ગઈ, પરંતુ જાણે રીમાની હાજરી ન હોય એમ માધવી દોડીને મહેન્દ્રની પાસે પહોંચી ગઈ. એણે પોતાના બંને હાથ મહેન્દ્રની આસપાસ એવી રીતે વીંટાળી લીધા, જાણે નાનું બાળક માથી છૂટા પડવાના ભયથી માને વળગી પડે. મહેન્દ્રએ હળવે હળવે માધવીના માથા પર હાથ ફેરવવા માંડ્યો, માધવીનું બાકી રહેલું રુદન પણ સડસડાટ વહી નીકળ્યું...

માધવી તરફ ગયેલી રીમા પોતાની જાતને એ બંનેથી અલગ સાવ જુદી પડી ગયેલી અનુભવી રહી. રીમાને માધવી અને મહેનના સંબંધની, એકબીજા પરત્વેના આ લગાવની આછી ઈર્ષા પણ થઈ આવી! પોતે જિંદગીમાં ક્યારેય આવો સંપૂર્ણપણે સમર્પિત સંબંધ શોધી શકી નહીં અથવા માણી શકી નહીં એ વાતે રીમાની અંદર અચાનક જ એક ખાલીપો, એક અધૂરપ જાગી ઊઠ્યાં.

માધવી અને મહેન્દ્રથી પાંચ-સાત ફૂટ દૂર ઊભેલી રીમા જાણે એ બંને જણા માટે ત્યાં હાજર નહોતી, એકબીજામાં ઓતપ્રોત થઈને એકબીજાની પીડા વહેંચી રહેલા માધવી અને મહેન્દ્ર એકમેકમાં એવાં તો ખોવાઈ ગયાં હતાં કે જાણે આ પળે જો મૃત્યુ આવે તો માધવીને છૂટી પાડીને એકલી લઈ જવી અઘરી પડે!

માધવી ક્યાંય સુધી મહેન્દ્રને વળગીને રડતી રહી. છેલ્લા બે દિવસથી ચાલી રહેલા આ એકમેકને સધિયારો આપવાના, એકમેકથી છુપાવવાના, જાણતા હોવા છતાં નહીં

જાણવાના અને જાણી લીધા પછી પણ જાણે કશું જ બન્યું નથી એવી રીતે નોર્મલ વર્તતા રહેવાના બધા જ પ્રયાસો અહીં પૂરા થઈ ગયા હતા.

સત્ય ફ્લડલાઇટની જેમ ધોધમાર પ્રકાશ રેલાવતું, આંખો આંજી નાખતું સામે આવીને ઊભું હતું! એક કડવું, સાચું અને સ્પષ્ટ સત્ય! એને સ્વીકાર્યા વિના કોઈનોય છૂટકો નહોતો!

ખાસ્સી વાર સ્તબ્ધ ઊભેલી રીમા બન્નેને એકબીજા સાથે પૂરેપૂરું રડી લેવા દીધા પછી ધીમેથી આગળ આવી. મહેન્દ્ર અને માધવીને પણ ત્રીજી વ્યક્તિની હાજરીનો ખ્યાલ ત્યારે જ આવ્યો.

રીમા આગળ વધી અને માધવીના ખભે હાથ મૂક્યો. માધવીએ પોતાના ખભે મુકાયેલો રીમાનો હાથ પકડી લીધો. રડી રડીને ધોવાઈ ગયેલી એની આંખો વધુ કાળી લાગતી હતી. મહેન્દ્રના ચહેરા પરનો વિષાદ એને વધુ ગંભીર અને વધુ વહાલસોયો દેખાડતો હતો. એણે ચશ્માં કાઢીને આંખો લૂછી, "રીમા, બહુ સારું થયું તું આવી…"

"20 વર્ષમાં પહેલી વાર આવું કહ્યું." રીમાએ પરાણે હસવાનો પ્રયાસ કર્યો. એનો ડૂમો છાતીમાં ક્યાંક અટવાઈ ગયો હતો, માધવી જે રીતે રડી, મહેન્દ્રને જે રીતે ભેટી. એની નજર સામે જે દૃશ્ય ભજવાયું એ પછી એ રડી પણ શકી નહોતી.

અત્યાર સુધી એ મહેન્દ્રને પ્રમાણમાં થોડો બનાવટી, થોડો ઉપરછલ્લો અને થોડો છેતરામણો માનતી હતી, એણે ક્યારેય ખૂલીને કહ્યું નહોતું પણ એને હંમેશાં મહેન્દ્રની સારાઈ વિશે શંકા થતી!

"જિંદગીમાં આટલો સફળ થયેલો માણસ આટલા પૈસા, આટલી પહોંચ અને આવી આવડત પછી આટલો સરળ કેવી રીતે હોઈ શકે?" એ સવાલ એને હંમેશાં થયા કરતો. એ હંમેશાં એમ જ માનતી કે મહેન્દ્ર જે કંઈ કરે છે તે માધવીને સાચવવા, એને સારું લગાડવા કરે છે…

"માધવી જેવી સીધીસાદી પત્નીને ઘરમાં સાચવી લઈને મહેન્દ્ર બહાર પોતાના ભાગની મજા કરી જ લેતો હશે." એવું રીમા દૃઢપણે માનતી…

માધવીની વાતો, મહેન્દ્રનાં વખાણ, મહેન્દ્ર વિશે ગદ્ગદ થઈને વાત કરતી માધવી રીમાને ક્યારેક હાસ્યાસ્પદ લાગતી! એ માધવીને ખૂબ ચાહતી એટલે ક્યારેય એને મોઢે કશું કહેવાની કે એને સવાલ પૂછવાની હિંમત કે જરૂરત એનામાં નહોતી. પણ સત્ય એ હતું કે માધવી અને મહેન્દ્રના સંબંધ વિશે રીમા પહેલેથી અમુક વસ્તુઓ માનતી આવી હતી…

આજે મહેન્દ્ર સાથે પહેલી વાર આટલી વાત કર્યા પછી એને મહેન્દ્રની સરળતા થોડી થોડી સમજાઈ હતી. માધવી ઉપરનો એનો અનુરાગ-માધવી માટેનો એનો સ્વીકાર અને માધવીનું મહેન્દ્ર સાથેનું અતૂટ બંધન એણે પહેલી વાર નજરે જોયું હતું.

"માણસ હંમેશાં બે જ વખતે સાવ સાચો પારદર્શક હોય છે - એક, ખૂબ તકલીફમાં અને બે, ખૂબ સુખમાં…" રીમા હંમેશાં કહેતી. અત્યારે પારાવાર તકલીફમાં એણે જે રીતે પતિ-પત્નીને એકબીજાની નિકટ, એકબીજાને સહારો આપતાં જોયાં એનાથી એને પહેલી વાર એના શબ્દકોશની બહારનો એક સંબંધ સમજાયો હતો…

બે માણસો વચ્ચે લેવડ-દેવડ સિવાયની એક અદ્ભુત, માત્ર સમજદારીનો અને સંવેદનાનો કદીયે ન તૂટે એવો મજબૂત બંધ હોઈ શકે એવું, જિંદગીના ચાર દાયકા વટાવવાની તૈયારીમાં હતી ત્યારે રીમાને પહેલી વાર જાણવા મળ્યું હતું!

પશ્ચિમમાં ઊછરેલી રીમા માટે આ અનુભવ સાવ નવો હતો…

એની અંદરની એક નખશિખ સંવેદનશીલ, ઊર્મિશીલ ભારતીય સ્ત્રી માટે આ આખોય અનુભવ એને તરબોળ કરી નાખનારો હતો!

જોકે, રીમા જે માનતી હતી એ બધામાં રીમાનો કોઈ વાંક કાઢી શકાય એમ પણ નહોતું જ! કોર્પોરેટ ક્ષેત્રમાં કામ કરી ચૂકેલી રીમાએ જે દુનિયા જોઈ હતી, એ જે પ્રકારના પુરુષોને મળતી અને ઓળખતી હતી એમાં ક્યાંય હજી સુધી એકેયવાર એ મહેન્દ્ર જેવા માણસને મળી જ નહોતી.

સ્ત્રીને વસ્તુ સમજતા અથવા કોઈ હરીફ કે સહકાર્યકર સમજતા પુરુષોની દુનિયામાં આવો, સ્ત્રીને સાચા અર્થમાં અર્ધાંગિની, પત્ની બનાવીને એને હૃદયપૂર્વક પ્રેમ કરતો, ચાહતો, સન્માન કરતો પુરુષ રીમાએ પહેલી વાર જોયો હતો!

માધવી હજીયે મહેન્દ્રની છાતી પર માથું મૂકીને બેઠી હતી, એણે રીમાનો હાથ પકડી રાખ્યો હતો. મહેન્દ્રના હાથ હજીયે હળવે હળવે માધવીના વાળમાં ફરી રહ્યા હતા…

સારી એવી વજનદાર ક્ષણો ત્રણેયની વચ્ચે પોતપોતાની ગડમથલમાં વીતી ગઈ.

"મને સાચું કહી દો મહેન, કેટલો સમય છે મારી પાસે?" માધવીએ મહેન્દ્રની આસપાસ લપેટેલો પોતાનો હાથ સહેજ વધુ શક્તિથી લપેટ્યો, મહેન્દ્રએ પણ એનું માથું સહેજ વધારે છાતીસરસું ચાંપ્યું, "પ્લીઝ, મને સાચું કહી દો.."

"માધવી.." મહેન્દ્રના અવાજમાં વરસાદ પડી ગયેલા પછીનો ઉઘાડ હતો, થોડું રડી લીધા પછી એનું પણ મન જરા હળવું થઈ ગયું હતું, જે વાતનો ભાર એ છાતી પર લઈને ફર્યા કરતો હતો એ વાત રીમાને કહી દેવાથી એને પ્રમાણમાં હળવાશ અનુભવાતી હતી… "માધવી…" એણે કહ્યું, "કોઈ ડૉક્ટર આજ સુધી મૃત્યુની તારીખ ભાખી શક્યા નથી કે નથી કોઈ જ્યોતિષ એવી તારીખ આપી શક્યા…"

"તો પણ, બાર મહિના, છ મહિના, ત્રણ મહિના…" માધવીનો અવાજ ધ્રૂજી ગયો, "કે પછી એથી પણ ઓછો?"

"શું બોલે છે માધવી?" રીમાએ એના ખભા પર મૂકેલો હાથ લઈ લીધો અને ત્યાં જ પથ્થરની બેઠક પર જ બેસી ગઈ, "આમ જો, મારી સામે!" એણે માધવીને કહ્યું.

મહેન્દ્રની છાતી પરથી માથું ઊંચકીને માધવીએ રીમા સામે જોયું, "મને કંઇ નહીં સમજાવતી, હું અત્યારે ફિલોસોફી નહીં સાંભળી શકું."

"ફિલોસોફી?" રીમાના ચહેરા પર એક સ્મિત રેલાઈ ગયું, "મૃત્યુ પોતે જ એક મોટી ફિલોસોફી છે માધવી!" રીમાના ચહેરા પર અજબ પીડા ઝળકતી હતી, "ખરેખર જેને મરી જવું છે, અથવા જેની પાસે જીવવાનું કોઈ કારણ નથી એની જિંદગી લંબાયે જાય છે અને જેની પાસે જીવવા માટેનાં બધાં જ કારણો છે એને..." રીમાનો ડૂમો સહેજ સહેજ ઓગળતો જતો હતો. પણ હજીયે એ રડી શકતી નહોતી, "સાચું કહે, મારે શું કામ જીવવું જોઈએ? કોને જરૂર છે મારી? હિન્દુસ્તાનથી લંડન અને લંડનથી હિન્દુસ્તાનની વચ્ચે ફૂટબોલની જેમ ફંગોળાતી, જાતને ક્યાંક ગોઠવવાનો પ્રયાસ કરતી જીવ્યા કરું છું. તોય મૃત્યુ મને નથી બોલાવતું." રીમાના અવાજમાં ઘડીભર જોયેલા સંબંધની ઝલક પણ પોતે નથી માણી શકી એનો ખાલીપો છલકાઈ ગયો, "બોલાવે તો ખુશી ખુશી જતી રહું."

"કેમ?" માધવીએ રીમાની આંખોમાં જોયું.

"એટલું સરળ નથી... રોજ રોજ મરવું! હું રોજ રોજ મરી રહી છું. સાપની જેમ માણસનાં દુ:ખોની કાંચળી ઊતરતી હોત તો કેટલું સારું થાત. ઘણી વાર મારા બે-ચાર સફેદ વાળને અરીસામાં જોઉં છું ત્યારે માગું છું કે આ વાળ ચક્રવૃદ્ધિ વ્યાજની જેમ વધતા જાય. એક વર્ષમાં આઠ-દસ વર્ષ વધી જાય. એક જ શરીર અને એક જ જિંદગી જીવતાં જીવતાં જો આટલો થાક લાગતો હોય તો બીજા જનમની કલ્પના પણ મને ધ્રુજાવી મૂકે છે!" હવે એની આંખો પલળવા લાગી હતી, "સૂર્યાસ્તના સમયે મને રોજ એવી ફિલિંગ આવે છે કે આજે રાત્રે હું આંખ બંધ કરીશ અને સવારે આંખ નહીં ખોલું... પણ એવું થતું નથી..." રીમાની આંખમાંથી આંસુ ટપકી ગયાં. એ નીચું જોઈ ગઈ. ખાસ્સી વાર સુધી ચૂપચાપ બેસી રહી.

"જિંદગીથી ભાગવું એ જિંદગી નથી રીમા." મહેન્દ્ર બહુ જ ધીમા અવાજે, પણ મજબૂતીથી બોલ્યો, "મરી જવાથી પ્રશ્નો પૂરા નથી થઈ જતા."

"કમ-સે-કમ મારા પૂરતા તો પૂરા થઈ જશે." રીમા માધવીની સહેજ વધુ નજીક સરકી. એણે માધવીના ખભે માથું મૂકી દીધું, "બેન્ક અકાઉન્ટમાં પડેલા પૈસાની જેમ જો વર્ષો ટ્રાન્સફર કરી શકાતાં હોય તો મારે તને મારા ભાગનાં વર્ષો આપવાં જોઈએ, નહીં?" મહેન્દ્ર એની ભીની આંખો સામે જોઈ રહ્યો. આટલાં વર્ષો રીમા આ ઘરમાં આવતી અને ચાલી જતી, પણ એ 'માધવીની મિત્ર'થી વધારે કશુંયે, ક્યારેય બની શકી નહીં.

આજે અચાનક જ જાણે ત્રણેય જણા એકબીજાની વધુ નિકટ આવી ગયાં.

"પીડા માણસને એકબીજાની નજીક લઈ આવતી હશે?" મહેન્દ્રને વિચાર આવ્યો, "ખરેખર તો તકલીફના સમયમાં જ સમજાય કે તમે કોની- કેટલા નજીક હતા..." એ રીમાને બોલતી સાંભળી રહ્યો હતો.

"મારે તને મારાં વર્ષો આપવાં જોઈએ, પણ હું આપીશ નહીં માધવી, કારણ કે તું જે જીવી છે એવું ભરપૂર, છલોછલ, નખશિખ ભીંજવી નાખનારું જીવન હું એક કલાક પણ જીવી શકી નથી." રીમાએ પોતાના બંને હાથ માધવીના બંને ગાલ પર મૂકી દીધા, "મારા જેવી જિંદગીના સિત્તેર, પંચોતેર, એંસી વર્ષ કરતાં તારા જેવી જિંદગીનાં ચાળીસ વર્ષ ખરેખર વધુ ભરપૂર છે એવું હું માનું છું..." એણે મહેન્દ્રની સામે જોયું, "આજે હમણાં જે જોયું એ પછી તો ખરેખર માનું છું!"

"રીમા..." શું બોલવું એ મહેન્દ્રને સમજાયું નહીં.

"મને પણ એવું જ લાગે છે રીમા." માધવીએ કહ્યું, "કદાચ એટલું ભરપૂર જીવી ગઈ કે ભગવાનને થયું હવે આપવા માટે કંઈ બચ્યું નથી!" એણે ફરીથી મહેનની આસપાસ હાથ લપેટીને માથું એની છાતી પર મૂકી દીધું.

"બે વાત કહેવી છે, કહું?" માધવીના અવાજમાં નાના બાળક જેવી કોમળતા અને નિર્દોષતા હતાં.

"અફકોર્સ!" મહેન્દ્રની આંગળીઓ ફરીથી અનાયાસે એના વાળમાં ફરવા લાગી, "પૂછવાની જરૂર લાગે છે?"

માધવી મહેન્દ્રની છાતીના ક્યાંક ક્યાંક ધોળા અને બાકીના કાળા-ઘૂંઘરાળા વાળ પર પોતાનાં ગાલ-નાક ઘસતી રહી. પછી ધીમેથી એણે કહ્યું, "મારે કોઈ એવી ટ્રીટમેન્ટ નથી કરાવવી, જેમાં મારો ચહેરો, મારા વાળ કે મારા દેખાવમાં કોઈ ફેરફાર થાય..."

"પણ માધવી..." મહેન્દ્રને કહેવું હતું કે, 'એ તો ડૉ. કાપડિયા નક્કી કરશે...' પણ એ કંઈ બોલ્યો નહીં. માત્ર સાંભળતો રહ્યો. વચ્ચે વચ્ચે એની નજર રીમા સાથે મળી જતી. બંને જણા માત્ર માધવીને સાંભળી રહ્યાં.

"અને બીજું, મેં તમને ગઈ કાલે કહ્યું એમ, મારે તમારી સાથે ફાર્મહાઉસ જવું છે. મારી જિંદગીના છેલ્લા દિવસો ખૂબ શાંતિમાં, તમારા વહાલમાં અને તમારી સાથે ગાળવા છે."

કોઈ કશું બોલ્યું નહીં. રાત્રીના છેલ્લા પ્રહરની નીરવ શાંતિ ક્વિન્સ નેકલેસના રસ્તાઓ પર પણ પથરાઈ ગઈ હતી. માંડ માંડ એકલ-દોકલ ગાડી પસાર થતી, બાકી દરિયાનો ઘૂઘવાટ સ્પષ્ટ સંભળાતો હતો.

"તમે જવાબ ના આપ્યો." માધવીનું માથું હજીયે મહેન્દ્રની છાતી પર વધુ ને વધુ નજીક જવા મથી રહ્યું હતું.

"માધવી, એ તો ડૉક્ટરને..." મહેન્દ્રએ પોકળ-પાંગળા શબ્દો કહેવાનો પ્રયાસ કર્યો.

"મેં જિંદગીમાં તમારી પાસે કંઈ નથી માગ્યું મહેન. હું તમારી પાસે મારી ઇચ્છા મુજબનું મૃત્યુ માગું છું." એણે માથું ઊંચક્યું, મહેન્દ્રની આંખોમાં જોયું. એની નજર જાણે મહેન્દ્રની આંખોમાં તીક્ષ્ણ તલવારની જેમ ઊતરી ગઈ. એની આંખોની આજીજી, અનુનય અને વેદના મહેન્દ્રથી સહી શકાયાં નહીં.

"ભલે માધવી, તું ઇચ્છીશ એમ થશે." મહેન્દ્રએ કહ્યું. માધવી ફરી એક વાર એને વળગીને નાના બાળકની જેમ રડી પડી.

આ વખતે રીમાથી પણ ધ્રૂસકું રોકાયું નહીં. માધવીના ખભે માથું મૂકીને રડતી રીમા અને મહેન્દ્રની છાતી પર માથું મૂકીને રડતી માધવી...

...દૂર ક્ષિતિજમાં જોતો મહેન્દ્ર જાણે વિચારશૂન્ય થઈ ગયો હતો!

*

12

રવિવારની સવારે ડાઇનિંગ ટેબલ ઉપર જાણે હવામાં વજન વજન હતું. માધવીની રડેલી આંખો, રીમાની ઉજાગરાથી લાલ આંખો અને મહેન્દ્રનો નિસ્તેજ ચહેરો ગઈ કાલ રાતની ઘટનાનો ઓથાર લઈને જાણે હજીયે એ ત્રણની વચ્ચે ઘુમરાઈ રહ્યા હતાં.

સવારની ચા સામાન્ય રીતે મહેન્દ્ર અને માધવી એમના બેડરૂમમાં સાઇડમાં ગોઠવેલી ખાસ નાનકડી સિટિંગ અરેન્જમેન્ટ પાસે લેતાં. પણ રીમાની હાજરીને કારણે આજે બધાં ડાઇનિંગ ટેબલ પર બેઠાં હતાં...

વાત કોણ શરૂ કરે એની જાણે રાહ જોવાઈ રહી હતી. ગઈ કાલે રાત્રે રડી રડીને હળવી થઈ ગયેલી માધવી ક્યાંય સુધી જાગતી પડી રહી હતી. છત સામે જોઈને વિચારી રહેલી માધવીને મહેન્દ્રએ જરાય ડિસ્ટર્બ કર્યા વિના એની જાત સાથે જ સંવાદ કરવા દીધો.

સોનાલીના રૂમમાં સૂતેલી રીમા પણ રાતભર પડખાં બદલતી રહી. 'માધવીની શું મદદ થઈ શકે?' એ જ વિચાર એને વારે વારે સતાવતો રહ્યો. જે થવાનું હતું એ લગભગ નિશ્ચિત હતું. હવે એ પરિસ્થિતિને હળવી અને સરળ કઈ રીતે બનાવી શકાય એ વિશે જ રીમા અને મહેન્દ્ર પોતપોતાની રીતે વિચારતાં રહ્યાં.

સવારે પ્રકાશનાં કેસરી કિરણો બેડરૂમમાં પ્રવેશ્યાં કે મહેન્દ્ર માધવીના પડખામાં સર્યો. પોતાનો એક હાથ માધવીની આજુબાજુ લપેટીને એણે માથું માધવીના ખભે મૂક્યું અને એના ગળામાં હળવું ચુંબન કર્યું.

"ઉંહ!" માધવીએ જાતને સહેજ દૂર કરી, પણ મહેન્દ્ર માધવીની વધુ નજીક સર્યો, એણે પોતાના લપેટેલા હાથથી માધવીને નજીક ખેંચી.

"ક્યારે જવું છે ફાર્મ હાઉસ? આજે?"

"આજે?" માધવીની આંખો ખૂલી ગઈ, "મારી પાસે એટલો ઓછો સમય છે?"

મહેન્દ્ર હસી પડ્યો. માધવી હજી હમણાં જ જાગી હતી. રડી રડીને સૂઝેલી આંખો અને ધોવાયેલા ચહેરા સાથે કોણ જાણે કેમ, પણ મહેન્દ્રને એ વધારે રૂપાળી લાગી. એણે સહેજ ઊંચા થઈને માધવીના હોઠ પર ચુંબન કર્યું માધવીએ બંને હાથ ઊંચા કરીને પોતાના પર ઝૂકેલા મહેન્દ્રના ગળામાં લપેટી લીધા, "કહોને... ખરેખર ડૉક્ટરે એવું કહ્યું છે?"

"આપણે કાલે ડૉક્ટર પાસે સાથે જઈશું. તું જ પૂછી લેજે."

"મહેન, મને બીક લાગે છે. હું આખી રાત એ જ વિચારતી રહી. આ શરીર નહીં હોય તો શું હશે મહેન?"

"તું તો ગીતા વાંચે છે... પુનર્જન્મમાં માને છે. કર્મના સિદ્ધાંતમાં માને છે... તને શાની બીક?" મહેન્દ્ર હસી રહ્યો હતો, અત્યારે એનો એકમાત્ર ઉદ્દેશ માધવીને હળવી

કરી નાખવાનો હતો, "તું દરેક વાતને કેન્સર સાથે જોડવાની બંધ કર માધવી! નહીં તો મરતાં પહેલાં જ મરી જઈશ."

"મહેન, તમને બીક નથી લાગતી?" માધવીની મોટી - ભોળી - કાળી આંખો મહેન્દ્રની આંખોમાં પરોવાઈ હતી. મહેન્દ્રને માધવી પર સખત વહાલ આવી રહ્યું હતું. એને અત્યારે જ માધવીને બાહુપાશમાં ભીંસીને, કચડીને જાણે પોતાની અંદર ઉતારી દેવી હતી.

"મને કશાયની બીક નથી લાગતી માધવી." મહેન્દ્રના અવાજમાં એક દૃઢતા હતી, કારણ કે હું આજ ને આજની જેમ જ જીવી લેવામાં માનું છું. આવતી કાલે શું થશે એની ચિંતામાં આજ બગાડવી મને નથી ગમતી. આ પળે, અત્યારે તું મારી સાથે છે... મારી નજીક છે... તને વહાલ કરું કે આવતી કાલે શું થશે એની ચિંતામાં આપણે બંને માથે હાથ દઈને બેસી જઈએ, બોલ?"

"હજી તો સોનુનાં લગ્ન પણ નથી કર્યાં..."

"હે ભગવાન! સોનુનાં લગ્ન, એનાં છોકરાં, એનાં છોકરાંનાં લગ્ન.... જિંદગીમાં કેટલું કરવાનું બાકી છે?" મહેન્દ્રની અંદર માધવીનું દરેક વાક્ય આડા-ઊભા ચીરા પાડતું હતું. એ જાણતો હતો કે માધવી શું અનુભવી શકતી હશે, પણ ગઈ કાલે રાત્રે માધવીને બધી જાણ થઈ ગયા પછી મહેન્દ્ર હળવો થઈ ગયો હતો. ખરું પૂછો તો એણે ઈશ્વરનો આભાર માન્યો હતો. એણે નક્કી કર્યું હતું કે માધવીને આ અથાગ પીડાના સાગરમાંથી બહાર કાઢશે. એની પાસે જેટલો સમય હશે એટલો પૂરેપૂરા આનંદથી ઊજવશે... આ દૃઢ નિર્ધાર પછી જાણે એનામાં એક હિંમત, એક જોશનો સંચાર થયો હતો!

"તમે તો મજાક કરો છો." માધવીની આંખો ભરાઈ આવવાની તૈયારીમાં હતી, "મહેન, તમને બધાંને છોડીને જવું એટલે શું..."

"માધવી, તને કંઈ નથી થવાનું. આપણે કાલે ડૉક્ટર પાસે જઈશું પછી ફાર્મ હાઉસ.... અત્યારે મને કોઈ રડકકળ નથી જોઈતી. આજે રવિવાર છે, તારી બહેનપણી આવી છે. ચાલ, એને પણ સમજણ પડે કે તારો વર કેટલો સારો છે... આપણે એને સરસ રવિવાર કેવો હોય એ બતાવીએ!"

આટલું કહીને મહેન્દ્ર ઊભો થઈ ગયો હતો. માધવી હજીયે અલસ, વિચારોના ઘોડાપૂરમાં તણાતી પથારીમાં પડી રહી હતી. મહેન્દ્રએ ઊઠીને ચા બનાવી હતી. ઉપમા અને બીજો કોરો નાસ્તો ટેબલ પર ગોઠવીને, બ્રેકફાસ્ટની તૈયારી કરીને બૂમ પાડી હતી, "લેડીઝ... બ્રેકફાસ્ટ માટે ચલો..."

ઘડિયાળ જોઈને માધવી ચોંકીને ઊભી થઈ હતી. વહેલી સવારે આંખો મીંચાયા પછી રીમા પણ આ અવાજ સાંભળીને લગભગ ચોંકીને ઊભી થઈ હતી...

અત્યારે ડાઇનિંગ ટેબલ પર ત્રણેય જણાં ચૂપચાપ બેઠાં હતાં.

"ઉપમા સારી છે એટલું તો બોલો કોઈ..." મહેન્દ્રએ બંનેની સામે જોઈને કહ્યું હતું.

"તમે બનાવી?" રીમાએ અમસ્તો જ સવાલ પૂછ્યો હતો.

"ના, બાજુમાં જઈને માગી લાવ્યો." મહેન્દ્રએ માધવી સામે જોયું. એ પ્લેટ અને ચમચી એકબીજા સાથે અથડાવતી, ચૂપચાપ બેઠી હતી. એની નજર નીચી હતી. મહેન્દ્રએ એની પ્લેટ પોતાની નજીક ખેંચી. એમાંથી ચમચી ભરી. માધવીની ચિબુક પકડીને એનો ચહેરો ઊંચો કર્યો અને કહ્યું, "ગમે તેટલી ખરાબ હોય, તારે તો ખાવી જ પડશે. મોઢું ખોલ…"

"તું સાચ્ચે સારો કક છે." રીમાએ એક ચમચી ઉપમા મોઢામાં મૂકી.

"બહુ વખાણ ના કર." મહેન્દ્રએ માધવીની સામે જોયું, "હજી લંચ પણ હું જ બનાવવાનો છું."

"હું તો મારે ઘેર જાઉં છું…" રીમાએ સ્પૉન્ટેન્સિયલી? કહ્યું, માધવી અનાયાસ હસી પડી. મહેન્દ્રએ ઝભ્ભાના ખિસ્સામાં હાથ નાખ્યો, સોની નોટ કાઢી માધવીના માથેથી ઉતારી રીમાના હાથમાં આપી…

"મહેન્દ્ર?!" રીમાએ આંખો પહોળી કરી.

"મારી માધવીને હસાવી તેં… તને ઇનામ તો મળવું જોઈએ."

"નથી જોઈતું મારે તારું ઇનામ." રીમાએ સોની નોટ ટેબલ પર મૂકી મહેન્દ્ર સામે જોયું, "કંજૂસ…"

"બહુ જલદી ઓળખી ગઈ મને." મહેન્દ્ર હસી પડ્યો, "માધવીને હજી ખબર નથી." માધવી બંનેની સામે જોઈને હસી પડી.

"સ્કૂલના બચ્ચાની જેમ લડો છો."

"આજે પહેલી વાર યાદ આવ્યું કે અમે સ્કૂલના મિત્રો છીએ, બાકી મહેન્દ્ર મૂંગો નથી એની ખાતરી કરવા ડૉક્ટર પાસે જવું પડે."

"બસ બસ હવે. હું દર વખતે તારી સાથે વાત કરું જ છું. તને જ માધવીમાંથી ફુરસદ નથી હોતી…" મહેન્દ્ર પણ સહેજ ખૂલી ગયો હતો.

"જા, જા… હું આવું ત્યારે ઘરમાં જ નથી રહેતો તું…" રીમાએ સીધો જ આક્ષેપ કર્યો, પછી માધવી સામે જોયું, "સાચું બોલ માધવી, હું આટલી બધી વાર આવી, મહેન્દ્ર એક પણ વાર આપણી સાથે જમવા આવ્યો છે કે આપણને બહાર લઈ ગયો છે? મને જુએ કે ભાગે છે તારો વર…"

"તું છે જ એવી…" મહેન્દ્રએ કહ્યું, પણ એને અચાનક સમજાયું કે એણે આશય વગર રીમાના કોમળ ખૂણા પર ઘા કર્યો હતો. રીમા એની સામે જોઈ રહી. એ સાચે જ કારણ વગર આહત થઈ ગઈ હતી.

હવે વાતાવરણ હળવું કરવાનો વારો માધવીનો હતો, "ઓ.કે. મહેન લંચ બનાવશે. હું અને તું શું કરીશું?"

"શોપિંગ..." રીમાએ એની લાંબી લાંબી પાંપણોને સ્ટાઇલમાં આંખ પર ટમટમાવી... પછી નાનકડી આળસ મરડી, "મહેન્દ્ર પારેખ... અમારા બંનેનાં બિલ તમારે ચૂકવવાનાં છે આજે."

"કઈ ખુશીમાં?"

"કમ-ઓન મહેન્દ્ર... ક્યારેક તો વોલેટ ખુલ્લું મૂક... એક તારી પત્ની છે, અને એક તારી રૂપાળી બહેનપણી..."

"એક્સક્યુઝ મી..." મહેન્દ્રએ ટેબલ પર હાથ પછાડ્યો.

"પત્ની સુધી બરાબર છે, તું મારી બહેનપણી નથી. અને રૂપાળી?" મહેન્દ્ર હસી પડ્યો.

"હું સુંદર નથી?" રીમાએ મહેન્દ્રને પૂછ્યું.

"હું ના પાડીશ તો મારી પત્નીને ખોટું લાગશે..."

"એક મિનિટ... એક મિનિટ..." રીમા ટેબલ પર ઝૂકી આવી, "મિસ્ટર મહેન્દ્ર પારેખ, તમે ખરેખર એવું માનો છો કે હું સુંદર નથી?" એના અવાજમાં એક રૂપગર્વિતાને પડેલો ઉઝરડો સ્પષ્ટ છલકાતો હતો.

માધવી એને ઓળખતી હતી. મહેન્દ્ર અને રીમા કોઈ દલીલબાજીમાં ઊતરી પડે એ પહેલાં માધવીએ વાત વાળી લીધી, "આપણે ક્યાં જવું છે એ નક્કી કર ને..."

"તારું અને આનું શોપિંગ સાવ જુદું હશે." મહેન્દ્ર કોઈ કારણ વગર રીમાને છંછેડવાના મૂડમાં આવી ગયો હતો, "એને તો કિલોના ભાવે લિપસ્ટિક અને મેક-અપનાં સાધનો ખરીદવાનાં હશે."

માધવી નવાઈથી મહેન્દ્રને જોઈ રહી હતી. એણે આટલાં વર્ષોમાં ક્યારેય મહેન્દ્રને આવી દલીલબાજી કરતો, તોફાન કરતો કે કોઈને ચીડવતો નહોતો જોયો. એ ક્યારેક સોનાલી સાથે તોફાન કરતો. પણ એય બહુ જ ઓછું અને ભાગ્યે જ!

"મહેન્દ્ર... હું સાડત્રીસ વર્ષની છું અને હજી પણ લોકો મને પચીસ-છવીસની સમજે છે..."

"ચશ્માંના નંબર બદલાવવાની જરૂર હશે." મહેન્દ્ર હસી રહ્યો હતો રીમા કોઈ કારણ વગર વધુ ને વધુ ઉશ્કેરાઈ ગઈ હતી.

"તને સુંદરતાની સમજ જ ક્યાં છે?" રીમાએ કહ્યું, "તેં સુંદર સ્ત્રીઓ જોઈ જ ક્યાં છે..."

"મારી માધવીથી વધુ સુંદર સ્ત્રી આ જગતમાં હોય તો મારે જોવી છે." મહેન્દ્રની આંખોમાં સાવ પારદર્શક સચ્ચાઈ હતી, એના ચહેરા પર માધવી માટેનો અનુરાગ ઊભરાઈ જતો હતો. માધવી શરમાઈ ગઈ, "જો..." મહેન્દ્રએ રીમાને કહ્યું, "આ શરમ, આ નજાકત, આ ભોળપણ, આ સ્ત્રીત્વ અને આ સમર્પણને હું સુંદરતા કહું છું.

ગોરી ચામડી, નમણું નાક, ભૂરી આંખો કે શરીરના વળાંકો મારે માટે આકર્ષણ નથી...''

''તમે બંને જણાં આ શાની દલીલ કરો છો?'' માધવીને ભય લાગ્યો કે રીમાને કદાચ ખોટું લાગી જશે. એ રીમાને બાળપણથી ઓળખતી હતી. રીમાનો ગર્વ, પોતાની બુદ્ધિ ઉપર - પોતાની સુંદરતા ઉપર પોતે જ મુસ્તાક રહેતી. જાતના જ પ્રેમમાં ગળાડૂબ રીમા ક્યારેય પોતાની સુંદરતા વિશે, પોતાની બુદ્ધિ વિશે, પોતાના નિર્ણય કે પસંદગી વિશે એક પણ ઘસાતી વાત ક્યારેય સાંભળી લેતી નહીં.

નંબર વન હોવાનો એને શોખ નહીં, નશો હતો!

સામાન્ય સંજોગોમાં માધવીએ જોયું હતું કે મોટા ભાગના પુરુષો કાં તો એની સુંદરતાથી અથવા એની બુદ્ધિમત્તાથી અથવા એના શબ્દભંડોળ, લોજિક અને દલીલબાજીથી હારીને એની સામે હથિયાર નાખવાનું પસંદ કરતા.

આજે પહેલી વાર એ જોઈ રહી હતી કે રીમા મહેન્દ્ર સામે જાણે શબ્દો શોધતી, જવાબ માટે ફાંફા મારતી... દલીલમાં હારી રહેલા એક નબળા યોદ્ધાની જેમ ચીડાતી જતી હતી. માધવીને મહેન્દ્ર પર ગર્વ થઈ આવ્યો. એણે મનોમન આવા અદ્ભુત પતિ બદલ જાણે મહેન્દ્ર પર વહાલ ઊભરાઈ આવ્યું.

એણે જે રીતે રીમાની સામે કોઈ શેહશરમ વગર પોતાનાં વખાણ કર્યાં, પોતાના માટેનું આકર્ષણ કબૂલ કર્યું એનાથી માધવીની અંદર ગઈ કાલ સાંજથી જામતો ગયેલો વિશાદ જાણે ધીમે ધીમે પીગળવા લાગ્યો...

ટેબલ પર મૂકેલા માધવીના હાથ પર મહેન્દ્રએ હાથ મૂક્યો. માધવી હજીયે નીચી નજરે મહેન્દ્રના કહેલા શબ્દો મમળાવી રહી હતી, ''રીમા...'' મહેન્દ્રએ ગંભીર અવાજે કહ્યું, ''આમાં સારું-ખોટું લગાડવાનો કે દલીલબાજી કરવાનો કોઈ આઇડિયા નહોતો... પણ તને એક વાત કહું?'' મહેન્દ્રએ માધવી સામે જોયું. એની એ નજરમાં જાણે બે દાયકાનો આખો સમય ધસમસતો વહી રહ્યો હતો. માધવી એ નજરમાં સરાબોર ભીંજાઈ રહી હતી, ''મેં માધવીને એકાંતમાં પણ નથી કહ્યું, પણ આજે કોણ જાણે કેમ તારી સામે કહેવાની ઝંખના થઈ ગઈ છે...''

થોડીક ક્ષણો માટે ત્રણેય જણાં વચ્ચે મૌન તોળાતું રહ્યું. રીમાની છાતીમાં પોતાની અધૂરપનો ડૂમો ડચૂરો થઈને બાઝી ગયો. ચહેરા પર સ્મિત લઈને એ મહેન્દ્રની વાત સાંભળતી હોય એમ એની સામે જોઈ રહી. પણ મનોમન એને ભય લાગી રહ્યો હતો કે જો મહેન્દ્ર કશું બહુ સંવેદનશીલ બોલી નાખશે તો પોતે રડી પડશે. અત્યારે એની બધી સફળતા, એનું બધું બેન્ક બેલેન્સ, એની જિંદગીના લગભગ ચાર દાયકા એની સામે જોઈને ઊભા હતા...

...સામે એક સીધીસાદી ઘરરખ્ખું ગૃહિણીના ચહેરા પર વિલસી રહેલું શરમાળ સ્મિત એને જગતભરની દોલત સામે તુચ્છ લાગી રહ્યું હતું!

''હું બીજા પુરુષોથી જુદો નથી રીમા, મારા માટે પત્ની એટલે અર્ધાંગિની ખરી, પણ પોતાની મરજી પ્રમાણે, પોતાનું ધાર્યું કરતું અડધું અંગ નહીં... મારે માટે પત્ની એટલે

મારી દરેક પ્રગતિમાં પ્રેરણા બનતી, મારી દરેક નિષ્ફળતામાં મારી બાજુમાં ઊભી રહેતી, મારા દરેક સુખમાં મારી પાછળ અને મારા દરેક દુઃખમાં મારી આગળ ઊભી રહેતી એવી સ્ત્રી. જેની નજર સામે મારી નજર ઝૂકી જાય..." એણે ઊભા થઈને માધવીના બંને ખભે હાથ મૂક્યા, એની સિંદૂર પૂરેલી સેંથીને ચૂમી લીધી, "હું માધવીને એટલે નથી ચાહતો કે એ મારા પર આધારિત છે... ક્યારેય કમાવાની જીદ નથી કરી કે મારી પાસે સ્વતંત્રતાના નામે દલીલો કરીને પોતાનું ધાર્યું નથી કરાવ્યું." રીમા પહોળી આંખો, અધ્ધર શ્વાસે મહેન્દ્રને સાંભળી રહી હતી, "હું માધવીને ચાહું છું, કારણ કે એણે ધીરે ધીરે મને પોતાના પર આધારિત કરી નાખ્યો છે. માધવીમાં એક મા છે, એક પત્ની છે, એક બહેન છે, એક પ્રેમિકા છે..." મહેન્દ્રએ ઊંડો શ્વાસ લીધો, "બાકી ખભેખભો મિલાવીને કામ કરનારી સ્ત્રીઓ તો ઘણી મળે છે... પુરુષ ઘેર પાછો ફરે છે એવી આંખોમાં બંધાઈને, જેમાં પ્રતીક્ષા હોય, પ્રશ્નો નહીં..."

રીમાની જાણ બહાર એની આંખો ભરાઈ આવી હતી, આંસુ ઊભરાઈને એના ગાલ પરથી સરી રહ્યાં હતાં... એ મહેન્દ્ર સામે જોઈ રહી, "આટલું જ તેં મને વીસ વર્ષ પહેલાં કહ્યું હોત તો મહેન્દ્ર?" એનાથી બોલાઈ જ ગયું.

*

13

માધવીની ખાસ ઇચ્છા નહોતી પણ રીમાએ જબરદસ્તી કરીને એને બહાર લઈ જવા તૈયાર કરી. મહેન્દ્રએ પણ રીમાની હામાં હા પુરાવી એટલે માધવી તૈયાર થઈ.

એવું કંઈ જ ખાસ નહોતું કર્યું માધવીએ! એવો જ સાદો ચોટલો, એવો લાલ ચાંદલો, આંખોમાં આંજણની પરત અને બેબી પિન્ક કલરની કલકત્તી સાડી સાથે લેસવાળો સફેદ બ્લાઉઝ પહેરીને માધવી બહાર આવી ત્યારે મહેન્દ્ર એની સામે જોઈ રહ્યો.

રીમા જાણતી હતી, જોઈ શકતી હતી કે પોતે માધવી કરતાં સુંદર હતી. વધુ આકર્ષક અને ઘણી નાની લાગતી હતી. એનું ફિગર પણ પ્રમાણમાં ટાઇટ અને જળવાયેલું રહ્યું હતું. પણ, સુરેશે ક્યારેયે આવી રીતે એની સામે નહોતું જોયું...

"મેં તને કેટલી વાર કહ્યું છે કે તારે પેસ્ટલ રંગો માત્ર મારી સાથે બહાર જાય ત્યારે જ પહેરવાના?"

"મહેન..." માધવીના અવાજમાં જાણે આ વખાણ ખોટાં હોય એવી આછી ફરિયાદ હતી.

"તું પેસ્ટલ રંગોમાં ખૂબ સુંદર લાગે છે માધવી...સાચે જ!" મહેને કહ્યું. રીમાની હાજરીની ચિંતા કર્યા વિના માધવીને ખભેથી પકડીને એના કપાળ પર એક ચુંબન કરી દીધું.

આટલાં વરસોમાં રીમાએ ક્યારેયે મહેન્દ્રને આવી રીતે વર્તતો નહોતો જોયો. અતડો રહેતો, ઓછું બોલતો અને જાતને બંધ બંધ રાખતો મહેન્દ્ર માધવીને એકાંતમાં આટલું બધું વ્હાલ કરતો હશે એવી કલ્પના પણ રીમાને અંદરથી થરથરાવી ગઈ!

માધવી અને રીમા બહાર નીકળતાં હતા, ત્યારે મહેન્દ્રએ માધવીના હાથમાં પાંચસો-પાંચસોની નોટોનું એક બંડલ આપ્યું, "રીમાનું બિલ પણ તું જ આપજે." એણે માધવી સામે જોયું.

રીમાને દસ-દસ પાઉન્ડ માટે ઝઘડતો સુરેશ યાદ આવી ગયો.

ઘરની ગ્રોસરી કોણ લાવે? ઇલેક્ટ્રિસિટીનું બિલ કોણ ભરે? ટેલિફોનનું બિલ, પેટ્રોલ અને છોકરાઓની ફીસ જેવા ખર્ચા માટે કચકચ કરતો, રીમાને અડધોઅડધ આર્થિક જેવા બદલી લેવાની ફરજ પાડતો સુરેશ અત્યારે રીમાને સાવ નાનો અને વામણો લાગ્યો.

એને પોતાને પણ નવાઈ લાગી, "હું આવું વિચારું છું? મારે જ આર્થિક સ્વતંત્રતા જોઈતી હતી...મારે સમોવડિયા થવું હતું..મારે જ એ બધું જોઈતું હતું...અને હવે હું જ આવું વિચારું છું! કેમ?" રીમાએ જાતને જ પૂછી નાંખ્યું.

એના મને એને સીધો જ જવાબ આપી દીધો, "સ્ત્રી માત્રને સ્ત્રી બનીને જીવવું ગમતું હોય છે રીમા! પ્રકૃતિએ ઋજુ, લાગણીશીલ અને સંવેદનશીલ સ્ત્રીને કોઈ પોતાનું

ધ્યાન રાખે, પોતાને ચાહે, પોતાની જવાબદારી લે એ ગમતું જ હોય છે. તું જુદી નથી. તું ભલે તારી જાતને ગમે તેટલી છેતરે...પણ તનેય માધવીની જિંદગી સાથે અદલબદલ કરવી ગમી જ હોત..."

રીમાને ખોવાયેલી જોઈને મહેન્દ્રએ પૂછ્યું, "શું વિચારે છે?"

"હેં! કંઈ નહીં" રીમાને જાણે ચોરી કરતાં પકડાઈ હોય એવી લાગણી થઈ આવી. એણે ખોટું હસવાનો પ્રયત્ન કરતાં કહ્યું, "ચલો જઈશું? મહેન્દ્રનો વિચાર બદલાઈ જાય એ પહેલાં એના પૈસા વાપરી નાંખીએ..." મહેન્દ્ર પણ જાણે રીમાના મનમાં ચાલતી ગડમથલ સમજ્યો હોય એમ એની સામે જોઈ રહ્યો. કશું બોલ્યો નહીં પણ એ બંને વચ્ચે જે દૃષ્ટિની આપ-લે થઈ એમાં જાણે રીમાનો ખાલીપો અને એની અધૂરપ, એને ખૂટેલો જિંદગીનો આ ટુકડો મહેન્દ્ર સુધી પહોંચી ગયો હોય એમ મહેન્દ્ર એની સામે થોડી સહાનુભૂતિ અને થોડી સમજદારીથી જોઈ રહ્યો. એની આંખો જાણે રીમાને કહી રહી હતી, "કભી કિસી કો મુક્કમલ જહાં નહીં મિલતા, કહીં ઝમીં તો કહીં આસમાં નહીં મિલતા..."

રીમાની આંખો ભરાઈ આવી. કંઈ બોલ્યા વિના એણે માધવીનો હાથ પકડ્યો અને ઘરની બહાર નીકળી ગઈ.

એ દિવસે શોપિંગ કરતાં રીમા અને માધવીની વચ્ચે સામાન્ય રીતે ચપડ ચપડ ચાલતી વાતો જાણે ગાયબ હતી. બંને જણાં કરવા ખાતર શોપિંગ કરી રહ્યાં હોય એમ સાડીઓની થપ્પી ઉથલાવતાં, વસ્તુઓ ઊલટ-પલટ કરતાં, હેન્ગર પર લટકતા ડિઝાઇનર કલેક્શનને આંગળીઓથી સળવળાવતા માત્ર સમય પસાર કરી રહ્યાં હતાં.

બંનેના મનમાં ઓથાર એમ જ હતો - રાતનો પણ અને સવારનો પણ..

*

જેવા રીમા અને માધવી ઘરમાંથી નીકળ્યાં કે તરત મહેન્દ્ર ડૉ. કાપડિયાના ક્લિનિક તરફ જવા નીકળ્યો. આજે રવિવાર હતો પણ ડૉ. કાપડિયાએ મહેન્દ્રને ખાસ બોલાવ્યો હતો. મહેન્દ્રને ડર હતો કે જો એ માધવીને વાત કરશે તો એ સાથે આવવાની જીદ પકડશે. આજની ચર્ચામાં માધવી હાજર ન હોય એ જ મહેન્દ્ર અને માધવી બંને માટે હિતાવહ હતું. મહેન્દ્રએ ગઈ કાલે સાંજે ડૉ. કાપડિયાને ફોન કરીને થોડા સીધેસીધા સવાલો પૂછ્યા હતા. ડૉ. કાપડિયાએ એના જવાબો આપવા માટે મહેન્દ્રને આજે ક્લિનિક પર બોલાવ્યો હતો.

મહેન્દ્ર કિલનિકમાં દાખલ થયો ત્યારે ડૉ. કાપડિયા ઇન્ટરનેટ પર કંઈ જોઈ રહ્યા હતા. મહેન્દ્રના દાખલ થવાની સાથે જ ડૉ. કાપડિયા ઊભા થયા અને મહેન્દ્ર તરફ આગળ વધ્યા, "આવો મિ. પારેખ!"

"ડૉ. સાહેબ, માધવી બધું જ જાણે છે. ગઈ કાલે રાત્રે..." મહેન્દ્ર સહેજ અચકાયો.

"સારું થયું...વહેલી મોડી પેશન્ટને ખબર તો પડવાની જ હતી."

"પેશન્ટ? તમારે માટે પેશન્ટ છે, મારા માટે એ પત્ની છે ડૉક્ટર…"

"અમારા દરેક પેશન્ટ કોઈકની પત્ની, કોઇકની મા, કોઈકના પિતા કે કોઈકનો ભાઈ હોય જ છે." એથી કંઈ એ પેશન્ટ મટી નથી જતા…તમને હું એવી સલાહ આપું મિ. પારેખ કે હવે એમને પત્નીને બદલે પેશન્ટ તરીકે ટ્રીટ કરશો તો એમને અને તમને બંનેને ફાયદો થશે."

"એટલે?"

"જુઓ, હવેનો તબક્કો તકલીફોનો તબક્કો આવવાનો છે. હું તમને કોઈ ગેરસમજમાં રાખવા નથી માગતો. માધવીબહેનની ટ્રીટમેન્ટ લાંબી અને પીડાદાયક પ્રક્રિયા બનવાની છે. તમે વાતે વાતે લાગણીશીલ થશો કે અમુક રીતે વર્તશો એનાથી સમસ્યાનો ઉકેલ નહીં આવે…આપણે તો રોજેરોજ લડવું પડશે, ઢીલા પડવાથી નહીં ચાલે."

"મારે તમને કેવી રીતે સમજાવવું ડૉ. કાપડિયા.." મહેન્દ્રને પોતાની જાત પર દયા આવી ગઈ.

"હું નહીં સમજતો હોઉં એવું માનો છો તમે? હું તો રોજેરોજ આવા જ સંબંધો અને સમસ્યાઓ જોડે ડીલ કરું છું. મને બરાબર સમજાય છે મિ. પારેખ…સમજવાની જરૂર તમારે છે. તમે જ આમ ઢીલા થઈને સાવ હથિયાર નાંખીને વર્તવા માંડશો તો માધવીબહેન કેવી રીતે સંભાળશે પોતાની જાતને…તમારે તો બધાંને સંભાળવાનાં છે…હજી તો સોનાલીને નથી કહ્યું આપણે…"

"હું ખરેખર તો એના જ માટે આવ્યો છું."

"એટલે?"

"હું ઇચ્છું છું કે સોનાલી સાથે તમે વાત કરો…આજે જ…હમણાં જ…"

"પણ, મિ. પારેખ…."

"હા, મારાથી વાત નહીં થાય. હું શું જવાબ આપીશ એ છોકરીને?" મહેન્દ્રનું ગળું ભરાઈ આવ્યું, એ આડું જોઈ ગયો.

ડૉ. કાપડિયા માટે આ નવો અનુભવ નહોતો. કેન્સરનું નામ પડતાં જ લગભગ દરેક પેશન્ટ અને પેશન્ટનાં સગાં આ જ રીતે વર્તતાં…ઓન્કોલોજિસ્ટ અને કેન્સર સ્પેશ્યાલિસ્ટની સાથે સાથે એ થોડા થોડા માનસશાસ્ત્રી પણ થઈ જ ગયા હતા.

"ઓ.કે…. હું વાત કરું છું સોનાલી સાથે. પણ તમે તમારી જાત પર કાબૂ રાખશો એવું વચન આપો. એ છોકરી આટલે દૂર અમદાવાદ બેઠી છે એને જણાવવું જોઈએ એ હું સમજી શકું છું, બને એટલું જલદી જણાવવું જોઈએ એ પણ સમજી શકું છું… પણ, તમે ઢીલા થઈ જશો કે ફોન પર રડી પડશો તો એ છોકરી માટે જાતને સંભાળવી અશક્ય થઈ જશે…" એમણે મહેન્દ્રના હાથ પર હાથ મૂક્યો, "સમજો છો ને?"

મહેન્દ્રએ ડોકું હલાવ્યું. એ સમજતો હતો પણ છતાં સોનાલી સાથે વાત કરવી એને જાણે પહાડ તોડવા જેટલું મોટું કામ લાગતું હતું...એણે ખિસ્સામાંથી મોબાઇલ કાઢ્યો અને સોનાલીનો મોબાઇલ નંબર ડાયલ કર્યો.

"હાય ડેડુ..." સોનાલીનો જીવનથી છલકાતો અવાજ જાણે ફોનમાંથી નીકળીને મહેન્દ્રને ભીંજવી ગયો, "હું રાહ જ જોતી હતી...આજે મોડું થઈ ગયું ફોન કરતાં..."

સામાન્ય રીતે દર રવિવારે સવારે મહેન્દ્ર અને માધવી સોનાલીને ફોન કરતાં. આખા અઠવાડિયાની ગોસીપથી માંડીને શું ખાધું, ક્યાં જઈ આવ્યાં અને કોને મળ્યાં સુધીની રજેરજ વિગતો ટેલિફોન પર ચર્ચાતી...

માધવી અને સોનાલી તો લગભગ રોજ જ વાત કરતાં!

મહેન્દ્રને ઘણી વાર નવાઈ લાગતી, "દુનિયા કેટલી નાની થઈ ગઈ છે." એ કહેતો...

એ જ્યારે મુંબઈ આવ્યો ત્યારે કાકાને ખુશી-ખબરના પોસ્ટકાર્ડ સિવાય બીજું ખાસ કોઈ કોમ્યુનિકેશન કરવાની એને જરૂર જ પડી નહોતી. માધવી પણ પરણીને એની સાથે જ મુંબઈ આવી એટલે એણે ક્યારેય પ્રિયજન સાથે લોંગ ડિસ્ટન્ટ કોલની મજા માણી જ નહોતી...

સોનાલી ગયા વર્ષે અમદાવાદ ગઈ એ પછી સોનાલીના અને માધવીના મોબાઇલ ફોનનાં બિલ જોઈને ઘણી વાર એને હસવું આવતું અને ઘણી વાર એને નવાઈ લાગતી!

સ્વભાવે હોય કે પ્રકૃતિએ પણ મહેન્દ્ર રોજ ફોન કરી શકતો નહીં. એ સોનાલી સાથે દર રવિવારે વાત કરતો!

"ડેડુ...ક્યાં ખોવાઈ ગયા? મમા ક્યાં છે?" સામેથી સોનાલી પૂછી રહી હતી. મહેન્દ્રએ એને જવાબ આપવા માંડ્યા. એની ખબર પૂછી, એના અભ્યાસની વિગતો પૂછી..હજી એની હિંમત ડૉ. કાપડિયાને ફોન આપવા સુધી નહોતી પહોંચી.

"ડેડુ, તમારું ધ્યાન મારી વાતમાં નથી. યુ આર પ્રી ઓક્યુપાઇડ...લાઇક ઓલવેઝ!"

"સોનુ બેટા..." મહેન્દ્રનો અવાજ ધ્રૂજવા લાગ્યો હતો.

"શું વાત છે ડેડી?" અમદાવાદ બેઠેલી સોનાલી સુધી મહેન્દ્રના અવાજની ધ્રુજારી પહોંચી ગઈ હતી, "બધું બરાબર તો છે ને? તમારી તબિયત તો સારી છે ને?"

"મારી...મારી તબિયત તો સારી છે પણ..."

"પણ, શું ડેડી? મમા ક્યાં છે?"

"મમા...મમા શોપિંગ ગઈ છે."

"વોટ?" સોનાલીના અવાજમાં આશ્ચર્ય છલકાયું. "સન્ડે સવારે મમા તમને મૂકીને શોપિંગ ગઈ છે? આઇ ડોન્ટ બિલીવ..." દીકરી મા અને પિતા બંનેને બરાબર

ઓળખતી હતી!

"મેં જ મોકલી છે" મહેન્દ્રના અવાજની ધ્રુજારીનો કંપ વધવા લાગ્યો હતો, "હું અત્યારે ડૉ. કાપડિયાને ત્યાં બેઠો છું. ઓન્કોલોજિસ્ટ-કેન્સર સ્પેશ્યાલિસ્ટ છે"

"ડેડુ!" સોનાલીનો અવાજ પણ ધ્રૂજી ગયો.

"એ તને તારી મમાની તબિયત વિશે કશુંક કહેવા માગે છે. શાંતિથી સાંભળજે બેટા..." આનાથી આગળ મહેન્દ્રથી બોલાયું નહીં. એને ડૂમો ભરાયો એ સોનાલીને સમજાઈ ગયું હશે એટલે જેવો ફોન ડૉ. કાપડિયાએ લીધો કે તરત સોનાલીએ સવાલોની ઝડી વરસાવી, બરાબર મહેન્દ્રે કહ્યું એમ જ!

"ગુડમોર્નિંગ ડૉ. કાપડિયા, શું થયું છે મારી મમાને? હજી ટેસ્ટ બાકી છે કે રિપોર્ટ આવી ગયા? શંકા છે કે કશું કન્ફોર્મ થયું છે? કંઈ સિરિયસ નથી ને? આઇ હોપ ચિંતા કરવા જેવું કંઈ નહીં હોય. મારા ડેડી બહુ ઢીલા છે. ખાસ કરીને મારી મમાની બાબતમાં..." સોનાલી એકસરખું બોલી રહી હતી. ડૉ. કાપડિયા પણ પહેલાં એને બોલી લેવા-દેવા માગતા હતા, "એમને જરા સંભાળજો અને સમજાવજો કે હવે જમાનો આગળ વધી ગયો છે. મેડિકલ સાયન્સ ચમત્કારો કરી શકે છે...રાઇટ?"

"હા, કરી શકે છે ચમત્કારો.." ડૉ. કાપડિયાએ સાચી વાત શાંતિથી કહેવાની તક ઝડપી લીધી, "પણ સમયસર નિદાન થઈ શકે તો..." એ ક્ષણભર અટક્યા, ઊંડો શ્વાસ લીધો અને પછી ખૂબ સ્વસ્થતાથી સોનાલી સુધી પોતાની વાત બરાબર પહોંચે એ રીતે એક એક શબ્દ છૂટો પાડીને કહ્યું, "તારાં મમ્મી-પપ્પા મારી પાસે પ્રમાણમાં ઘણાં મોડાં આવ્યાં છે બેટા.. તારી મમ્મીને યુટરસનું કેન્સર કન્ફોર્મ થયું છે. યુટરાઇન કેરીટીઝ ઓવરીઝ અને લગભગ આખા સ્ટમકમાં અસર દેખાય છે. અમે હજી વધારે ટેસ્ટ કરીશું પણ હું તને અત્યારે એટલું ચોક્કસ કહી શકું કે આ સિરિયસ છે..."

સામે છેડે સોનાલી એક અક્ષર બોલી શકતી નહોતી, માત્ર સાંભળી રહી. એના ઝડપભેર ચાલતા ઊંડા ઊંડા શ્વાસનો અવાજ ડૉ. કાપડિયા સાંભળી શકતા હતા... એમણે થોડોક પોરો ખાધો. બંને તરફ મૌન વજનદાર બની ગયું. સોનાલીને પોતાની કહેલી વાત બરાબર પહોંચે, એને સમજાય એ માટે ડૉ. કાપડિયા થોડી વાર સાવ શાંત રહ્યા પછી એમણે ધીમેથી ઉમેર્યું, "બેટા, કેન્સર દરેક વખતે ડરામણો શબ્દ નથી રહ્યો હવે...પરંતુ, તારી મમ્મીના કેસમાં ડર લાગે એવી સ્થિતિ છે. તને ખોટો સધિયારો આપવાને બદલે સાચું જ કહીશું... તારી મમ્મી પાસે આપણે માનતા હતા એટલો સમય નથી રહ્યો હવે..."

ડૉ. કાપડિયાએ આ વાત સોનાલીને કહેવાની સાથે સાથે મહેન્દ્રને પણ સંભળાવી જ દીધી. મહેન્દ્રનું માધવી સાથેનું એટેચમેન્ટ જોતાં ડૉ. કાપડિયાને સમજાયું હતું કે મહેન્દ્રના મનમાં આ વાત સરખી રીતે ઉતારવા માટે એને આ વાત વારંવાર કહેવી પડશે. એમણે સોનાલીને કહેતાં કહેતાં મહેન્દ્રની સામે જોયું, મહેન્દ્ર બંને હાથ કપાળ પર મૂકીને માથું નીચું નાંખીને બેઠો હતો. ડૉ. કાપડિયાના ગ્લાસ ટોપના ટેબલ પર મહેન્દ્રની આંખમાંથી પડતાં ટીપાં ટપ-ટપ ટપકી રહ્યાં હતાં.

*

શોપિંગ કરીને પાછા ફરતાં રીમાએ અચાનક જ માધવીનો હાથ પકડ્યો, “બહુ નસીબદાર છે તું માધવી…” એનું ગળું ભરાઈ આવ્યું, “મહેન્દ્ર જેવો પતિ પાછલા જનમના પુણ્યે જ મળે છે…”

“મારી કુંડળી બતાવી હતી ત્યારે એક બ્રાહ્મણે કહ્યું હતું કે સુખ બહુ છે આના નસીબમાં, પણ ભોગવી નહીં શકે…” માધવીએ રીમા સામે જોયું. એની આંખ ભીની થઈ ગઈ હતી, “ત્યારે મારી માએ મારા માથામાં ટપલી મારીને કહેલું, મૂઈ છે જ એવી… જંપ નથી જીવને… ઠરીને બેસતી જ નથી…” માધવીએ રીમાના ખભે માથું મૂકી દીધું, “ત્યારે મને ખબર નહોતી કે મારે સાચે જ ઠરીને બેસવાનો વારો નહીં આવે જિંદગીમાં…આટલા જલદી ઉચાળા ભરવા પડશે…” એ પછી માધવી છેક ઘર સુધી રીમાના ખભે માથું મૂકીને એમ જ, નિશ્ચેષ્ટ અને શાંત પડી રહી.

રીમા એના વાળમાં હળવે હળવે હાથ ફેરવતી રહી અને અચાનક જ થઈ ગયેલી બે નસીબોની સરખામણીને ફરી ફરીને મનોમન માપતી, તોળતી, મૂલવતી રહી…

*

14

ડૉ. કાપડિયા થોડી વાર સાવ શાંત રહ્યા પછી એમણે ધીમેથી ઉમેર્યું, "બેટા, કેન્સર દરેક વખતે ડરામણો શબ્દ નથી રહ્યો હવે..પરંતુ, તારી મમ્મીના કેસમાં ડર લાગે એવી સ્થિતિ છે. તને ખોટો સધિયારો આપવાને બદલે સાચું જ કહીશું...તારી મમ્મી પાસે આપણે માનતા હતા એટલો સમય નથી રહ્યો હવે..."

સોનાલી એક પણ શબ્દ બોલ્યા વિના ડૉ. કાપડિયાની વાત સાંભળી રહી હતી. સામે બેસીને નાના બાળકની જેમ રડી રહેલા મહેન્દ્ર કરતાં ડૉ. કાપડિયાને સોનાલી વધારે સમજદાર અને અને પરિપક્વ લાગી.

"ડૉક્ટર..." સોનાલીએ ઊંડો શ્વાસ લીધો, "તમે મારા પપ્પાને સાચવજો. હું બને તો કાલે જ મુંબઈ આવું છું."

"બેટા, હું તને કહેવાનો જ હતો. તું આવી જાય તો અહીંયાં પરિસ્થિતિ કદાચ થોડી બદલાઈ શકે એમ છે."

"ઓ.કે. અંકલ..." સોનાલીએ નાનકડું સ્મિત કર્યું, જે કાપડિયાને ફોનને બીજે છેડે પણ અનુભવી શકાયું, "અંકલ કહી શકું ને તમને?"

"શ્યોર..." ડૉ. કાપડિયાએ પણ સ્મિત કર્યું, "તું મુંબઈ આવે કે તરત મને મળવા આવ." પછી ધીમેથી ઉમેર્યું, "એકલી..."

એમણે ફોન મૂક્યો. મહેન્દ્રની સામે જોયું. મહેન્દ્ર નાના બાળકની જેમ ટપ ટપ આંસુ પાડતો રડી રહ્યો હતો. ડૉ. કાપડિયાએ ઊભા થઈને એનો ખભો થપથપાવ્યો, "મહેન્દ્રભાઈ, આમ તો કઈ રીતે ચાલશે? આ તો પહેલો પડાવ છે. હજી ઘણી તકલીફો જોવાની છે. ઘણાં સત્યો સાંભળવાનાં છે. એવી ઘણી પરિસ્થિતિઓ આવશે, જેમાંથી પસાર થવાનું છે. આમ હારીને રડવા બેસશો તો..." ડૉ. કાપડિયાનો અવાજ હજી પણ એટલો જ સ્વસ્થ હતો, "હું તમને તૂટવાની, રડવાની ના પાડું છું. કારણ કે એ બધું કરવા માટે તમારી પાસે ઘણાં વર્ષો છે, પણ માધવીબહેનને ખુશ રાખવા, એમને પ્રેમ કરવા, એમને સુખી કરવા તમારી પાસે સમય સાવ ઓછો છે."

મહેન્દ્રનું રડવાનું જાણે ભુલાઈ ગયું. એ ડૉ. કાપડિયાની સામે આભો બનીને જોઈ રહ્યો. ડૉ. કાપડિયા આગળ બોલી રહ્યા હતા, "મહેન્દ્રભાઈ, આ બધું છોડીને વિષાદને ખંખેરી નાખો. જે થવાનું હતું તે થઈ ચૂક્યું છે અને જે થવાનું છે તે પણ નિશ્ચિત છે. એ બેની વચ્ચેનો સમયગાળો તમારો પોતાનો છે. તમે જેમ ઇચ્છો તેમ જીવી શકશો આ સમયગાળામાં. જે ઇચ્છો તે આપી શકશો માધવીબહેનને... અપાર સુખ કે ભયાનક દુ:ખ! તમારે તો બસ એટલું જ નક્કી કરવાનું છે." ડૉ. કાપડિયા થોડી વાર ચૂપ થઈ ગયા. જાણે આગળ વિચારી રહ્યા હોય એમ.

મહેન્દ્ર પણ એમની વાત પર વિચાર કરવા લાગ્યો. ડૉ. કાપડિયાની વાત સાચી હતી. એમણે જે કહ્યું તે પ્રમાણમાં કડવું, પણ સત્ય હતું. મહેન્દ્રએ પણ ખરેખર તો આ જ

વિચાર્યું હતું. માધવીનો રિપોર્ટ લઈને ઘરે જતાં એણે મનોમન નક્કી કર્યું હતું કે માધવીની સાથે હવે જે વર્ષો નહીં જીવી શકાય એ વર્ષોને આ દિવસોમાં ભરપૂર જીવી લેવા.

માધવીએ પોતે સામેથી ફાર્મહાઉસ જઈને રહેવાની વાત કરી હતી. મહેન્દ્રએ ડૉ. કાપડિયાની સામે જોતાં જોતાં એ જ પળે કહ્યું, "હું હવે કોઈ પણ સંજોગોમાં મારી જાતને તૂટવા નહીં દઉં. માધવીને સંભાળી લઈશ. આવનારા દિવસોમાં હવે જે કંઈ થશે તે બધું જ મારી છાતીના ડાબા ખૂણે દબાવી દઈશ. એ ધગધગતા દાવાનળની ઊની આંચ પણ મારી માધવી સુધી નહીં આવવા દઉં હું!" એણે બંને હાથે આંખોમાંથી સરી રહેલાં આંસુ લૂછી કાઢ્યાં. એણે ડૉ. કાપડિયાની સામે જોયું.

એ ઊભો થયો.

થોડી વાર જાતને સંભાળીને એણે દઢ સ્વરે ડૉ. કાપડિયાને કહ્યું, "હું કાલે માધવીને લઈને આવીશ. આપણે ટેસ્ટ અને ટ્રીટમેન્ટમાં જે કંઈ કરવાનું હોય એ હવે શરૂ કરી દેવું જોઈએ."

"મહેન્દ્રભાઈ, ટેસ્ટ તો હું તમને લખી આપીશ, ટ્રીટમેન્ટ માટે માધવીબહેનને સમજાવવાં પડશે. રેઇઝની ટ્રીટમેન્ટ સરળ નથી. અત્યારે હું જે રીતે પરિસ્થિતિને જોઈ રહ્યો છું એ રીતે કદાચ ધીમે ધીમે માધવીબહેનના પેટમાં પાણી ભરાશે. ઇન્જેક્શનથી પાણી ખેંચવું પડે એમ પણ બને. પ્રમાણમાં ઘણી પેઇનફુલ છે આ ટ્રીટમેન્ટ."

"તમે જરાય ચિંતા ના કરો. હવે હું છું ને... હું સંભાળીશ માધવીને. ડોન્ટ વરી..." મહેન્દ્રએ કહ્યું અને બહાર નીકળી ગયો. ડૉ. કાપડિયા એને જતો જોઈ રહ્યા.

*

માધવી અને રીમા ઘેર પહોંચ્યાં ત્યારે મહેન્દ્રએ સાચે જ સરસ લંચ બનાવ્યું હતું. મહેન્દ્રએ બહારથી રોટી મંગાવી હતી. બાકી બે શાક, કઢી, છૂટી મગની દાળ અને વટાણાનો ભાત બનાવ્યો હતો. સલાડ પણ સમારીને ટેબલ પર ગોઠવ્યું હતું. નાનકડા ફ્લાવર પોટમાં બે ગુલાબ મૂક્યાં હતાં અને સરસ ડાઇનિંગ ટેબલ સજાવ્યું હતું. દાખલ થતાંની સાથે રીમાથી બોલાઈ ગયું, "વાઉ!"

એણે જમતાં જમતાં બે-ત્રણ વાર મહેન્દ્રની રસોઈનાં વખાણ કર્યાં. એનાં વખાણ એટલાં તો સાચુકલાં અને પ્રેમભર્યાં હતાં કે આખરે મહેન્દ્ર હસી પડ્યો.

"ટૂંકમાં હવે બીજું કંઈ કામ નહીં મળે તો રસોઇયા તરીકે તું મને નોકરી આપીશ એટલું નક્કી..."

"એની ટાઇમ..." રીમા ભાત ખાઈને આંગળીઓ ચાટી રહી હતી. એણે મહેન્દ્રની સામે જોયું, "કેટલા દિવસે આમ હાથે કઢી-ભાત ખાધાં!"

"અંગ્રેજ થઈ ગઈ છે તું..." મહેન્દ્રએ કહ્યું અને પછી હસી પડ્યો, "ગમે તે કરી લે, આપણું મૂળ ક્યારેય ના બદલાય..."

"આજે મા યાદ આવી ગઈ. કેટલાં વર્ષો પછી, આવી મા બનાવતી એવી કઢી ખાધી મેં."

"તને જોઈને ક્યારેક નવાઈ લાગે છે રીમા." ક્યારની ચૂપ બેઠેલી માધવી અચાનક બોલી, "આમ નાની નાની વાતમાં તારા બ્રિટિશ એટિકેટ, તારી અમુક વાતો, તારા ગમા-અણગમા અને સોફિસ્ટિકેશન દેખાયા કરે છે ક્યારેક તું સાવ ઘરેલુ, લાગણીશીલ, પ્રેમાળ સ્ત્રી થઈ જાય છે…"

"હું પણ એ જ જાણવા મથું છું." રીમાના અવાજનો ખાલીપો ખણખણાટ કરી રહ્યો, "મારામાંની સાચી રીમા કઈ છે, એ કે જેને ઘર - વર - પરિવાર અને સંબંધોમાં બંધાઈને જીવવું છે કે પછી એ, જે સફળતાની સીડી સડસડાટ ચડતી રહી… જેણે લગભગ સૌને પોતાની સફળતાનાં પગથિયાંઓ ઉપર ધીમે ધીમે પાછળ છોડી દીધાં…" એનું ગળું અનાયાસ ભરાઈ આવ્યું. અત્યાર સુધી જે એકદમ સારા મૂડમાં અને ખુશ દેખાતી હતી એ અચાનક જ જાણે સૂની અને એકલવાયી થઈ ગઈ, "મને જ નથી ખબર કે મારે જિંદગીમાં શું જોઈતું હતું. શું શોધવા નીકળી હતી હું અને શું મેળવીને જીવી ગઈ…"

"કમ ઓન…" મહેન્દ્રએ રીમાનો મૂડ બદલાનો પ્રયાસ કર્યો, "બધા પોતાના ભાગની જિંદગી જીવતા જ હોય છે રીમા. બધાએ પોતાને મળેલી જિંદગી સ્વીકારવી પણ પડે જ છે."

"મહેન્દ્ર, બહુ સાચું કહું તો આ જિંદગી મને મળી નહોતી. મેં લડીને, ઝઘડીને, તરફડીને આ જિંદગીને માગી હતી…" રીમા થોડી ક્ષણો માધવી સામે જોઈ રહી, "હવે આ પળે ફક્ત એક જ સવાલ થાય છે. અત્યારે માધવીના ચહેરા પર જે તૃપ્તિનું - સંતોષનું સ્મિત દેખાય છે એ જિંદગીનું સત્ય છે?" એ ક્ષણેક ચૂપ રહી, "કે પછી બેન્કની પાસબુકમાં અને દર મહિને સ્ટેટમેન્ટમાં આવતા મારા હજારો-લાખો પાઉન્ડ જિંદગીની ઉપલબ્ધિનું સત્ય છે? અત્યારે માધવીની આંખોમાં તારા માટે દેખાતું માન સંબંધોનું સત્ય છે કે મારી અને સુરેશની દલીલબાજીને અંતે એનું બારણું પછાડીને ચાલ્યા જવું, અને મને મારી સફળતા પછી સાંપડેલી એકલતાનો અહેસાસ અપાવવા ઇવા રોબર્ટ સાથે એના પથારી સુધી પહોંચેલા સંબંધો જિંદગીનું કડવું સત્ય છે…"

મહેન્દ્ર આવ્યો ત્યારથી સતત પ્રયત્ન કરી રહ્યો હતો કે વાત કોઈ સિરિયસ દિશામાં ન વળી જાય અને છતાં અચાનક જ વાત એકદમ જ ગંભીર દિશામાં વળી ગઈ હતી. રીમાના અવાજમાં જે ખાલીપો અને પીડા હતી એ સાંભળતાં સાંભળતાં જ માધવીની આંખો ભરાઈ આવી હતી. માધવીએ હાથ લંબાવીને ટેબલ પર મુકાયેલો રીમાનો હાથ પકડી લીધો. રીમાએ માધવી સામે જોઈને ફિક્કું સ્મિત કર્યું.

"સાચું કહું છું, મને આટલા દિવસ આવો વિચાર નથી આવ્યો. પણ આજે - અત્યારે મને સાચે જ આવો સવાલ થયો છે. મને સાચે જ આ વાતનો જવાબ જોઈએ છે. મારું મન આજે પહેલી વાર મને પૂછી રહ્યું છે કે હું જેને જીવ્યું અથવા 'કરી બતાવ્યું' માનતી રહી એ ખરેખર મારી નિષ્ફળતામાં ભરાયેલાં ડગલાં હતાં?"

"શું કામ વિચારે છે આવું બધું?" માધવીના અવાજમાં રીમા માટેનો સ્નેહ છલકાતો હતો, "જે તારા હાથમાં નથી એ વાતને શા માટે ઘંટી ઘૂંટીને તારા ઘાને દૂઝવ્યા કરે છે?"

"તને નહીં સમજાય માધવી, પણ લગ્નનાં વીસ વર્ષે મને અચાનક એવું લાગવા માંડ્યું છે કે મારી અંદર કશુંક બહુ જ અગત્યનું અધૂ રું છૂટી ગયું. જે જીવવાનું સપનું જોયું હતું એ ના જીવી ત્યાં સુધી અફસોસ નથી. અફસોસ એ વાતનો છે કે જે નહોતું કરવાનું એ જ બધું કર્યું. હવે એને ભૂલ કહેવી કે મારું નસીબ - નથી સમજાતું મને."

"જો રીમા, હું જાણું છું કે તારા અને સુરેશના સંબંધો બહુ સમયથી થોડા ખેંચાયેલા…"

"થોડા?" રીમાના ચહેરા પર એક કડવું સ્મિત આવી ગયું, "મને ખબર છે માધવીએ તારી સાથે કોઈ વાત નહીં કરી હોય, એનો સ્વભાવ નથી…" રીમાએ મહેન્દ્રની આંખોમાં આંખો પરોવી, "પણ હું તને કહી દઉં, મારી અને સુરેશ વચ્ચે કોઈ સંબંધો જ નથી રહ્યા. સુરેશ એની ઑફિસની એક અંગ્રેજ સ્ત્રી ઇવા રોબર્ટ સાથે રહે છે… વચ્ચે વચ્ચે ક્યારેક ઘરે આવે છે, મને એવો અહેસાસ કરાવવા, કે એ મારો પતિ છે…" માધવીને હતું કે રીમા રડી પડશે, દુ:ખી થઈ જશે. પણ એવું કંઈ જ ના થયું. એની આંખો સાવ કોરી હતી, ચહેરો ભાવવિહીન! પોતાની જિંદગીની આટલી મોટી વાત સીધી-સ્પષ્ટ કહી રહી હતી, છતાં એના અવાજમાં એક હળવા કંપ સિવાય બીજું કંઈ જ નહોતું.

"રીમા, હું સમજી શકું છું…" ખાસ્સી ક્ષણોના મૌન પછી શું કહેવું તે ન સમજાતાં મહેન્દ્રએ અમસ્તું જ શબ્દો ફેંકવા ખાતર કહેવાનો પ્રયાસ કર્યો.

"ના!" રીમાએ ફરી એટલા જ સ્વસ્થ અવાજે, કોરી આંખોએ મહેન્દ્રની આંખોમાં જોયું, "તું નહીં સમજી શકે. ક્યારેય નહીં સમજી શકે. એને માટે હું તને દોષ પણ નહીં દઉં." રીમાના ચહેરા પર કંઈક અજબ જેવા ભાવ હતા. મહેન્દ્ર એ ભાવને સમજવાનો પ્રયાસ કરતો રહ્યો, પણ એને સમજાયું નહીં. થોડી વાર કોઈ કશું બોલ્યું નહીં. પછી રીમાએ માધવી સામે જોયું, "માધવી, લગ્ન તૂટે ત્યારે શું થાય એ તમારા બંનેમાંથી કોઈ નહીં સમજી શકે. જે માણસની સાથે તમે આખી જિંદગી જીવવાની કલ્પના કરી હોય, જેનાં સંતાનોને તમારા ઉદરમાં ઉછેર્યાં હોય, જેની સાથે ઘરડા થવાની, ધ્રૂજતા પગે એકબીજાનો હાથ પકડીને વોક પર જવાની અને સંતાનોનાં સંતાનોને રમાડવાની કલ્પના કરી હોય એ માણસ કોઈ બીજી સ્ત્રી સાથે સંબંધ ધરાવે છે એ જાણ્યા પછી તમારી અંદર તિરાડ ના પડે, બધું ચૂરચૂર થઈ જાય…"

એ આટલું બોલી રહી પછી જાણે સોપો પડી ગયો.

એક વજનદાર મૌન ડાઇનિંગ એરિયામાં ઘુમરાતું રહ્યું.

કોણ પહેલું બોલે અને આ મૌનની દીવાલને ભેદે એવો સવાલ જાણે ત્રણેય જણા એકબીજાને અબોલ રહીને પૂછી રહ્યાં હતાં.

"પણ સાથે સાથે એક વાત કહી દઉં..." જાણે આટલી ક્ષણોના મૌનમાં રીમાએ પોતાની જાત સાથે વાત કરી હતી. એમાંથી સાંપડેલા નિષ્કર્ષને એણે શબ્દોમાં મૂકી દીધો, "વાંક મારો જ હશે... પુરુષને હંમેશાં સંપૂર્ણ સ્ત્રી જોઈએ છે. પોતાના પર આધારિત... એને માન આપે - દરેક વખતે એની સલાહ પૂછે, એના સવાલોના જવાબો આપે અને સામા સવાલો ના કરે..." રીમાએ ઊંડો શ્વાસ લીધો, "સમોવડી સ્ત્રી માગતા પુરુષને પણ સમોવડી સ્ત્રી પોસાતી નથી. સમોવડી સ્ત્રીની ઝંખના કરવી અને સમોવડી સ્ત્રીને સ્વીકારવી- આ બેમાં ઘણો તફાવત છે..." એનું ગળું હવે ભરાઈ આવ્યું હતું, "અફસોસ નથી થતો, દુ:ખ થાય છે..." એની આંખો પલળવા લાગી હતી, "દુ:ખ... એ વાતનું કે આ સત્ય લગ્નજીવનની શરૂઆતનાં વર્ષોમાં સમજાયું હોત તો કદાચ..."

"રીમા..." મહેન્દ્રને કોણ જાણે કેમ ખરેખર રીમાની દયા આવી ગઈ. એ ઊભો થયો. એની પાસે આવ્યો. એના ખભે હાથ મૂક્યો અને કહ્યું, "મોડું તો મોડું, તને જે સત્ય સમજાયું છે એ જ સત્ય છે એવું માનીને ચાલવાની જરૂર નથી. જિંદગીનાં થોડાં વર્ષો પછી કદાચ કોઈ નવું સત્ય મળે..." પછી એ હસ્યો, "ચલ, એ વાત પર તને આઇસક્રીમ ખવડાવું."

"આઇસક્રીમ?" માધવીએ નવાઈથી પૂછ્યું.

"યેસ..." મહેન્દ્રએ માધવીની આંખોમાં જોયું, "તારો ફેવરિટ... છેક ત્રિવેણીથી લાવ્યો છું."

"મહેન!"

"જો ભઈ... વીસ વર્ષે પહેલી વાર તારી આટલી સેવા કરી છે... હવે નરસિંહ મહેતાના મામેરાની જેમ નણંદની દીકરીનું એક ફ્રોક રહી ન જવું જોઈએ." એણે માધવીના બંને ગાલ પર હાથ મૂક્યા અને કપાળ ચૂમી લીધું, "સ્વીટહાર્ટ, કમ્પલિટ લંચ એટલે કમ્પલિટ લંચ... સૂપ ટુ ડેઝર્ટ!"

હજી ત્રણે જણાનું હાસ્ય શમે એ પહેલાં રીમાનો સેલ રણકી ઊઠ્યો. રીમાએ સ્ક્રીન પર જોયું, 'સુરેશ...'

"હા..."

"દેવિના અહીંયાં આવી છે."

"અહીંયાં એટલે?"

"એટલે ઇવાને ત્યાં."

"તો?"

"એ પ્રેગનન્ટ છે."

"વ્હોટ?" રીમાનો અવાજ ફાટી ગયો. મહેન્દ્ર અને માધવી રીમાની સામે જોઈ રહ્યાં...

15

"દેવિના અહીંયાં આવી છે." સુરેશ લંડનથી ફોન પર કહી રહ્યો હતો.

"અહીંયાં એટલે?" રીમાએ પૂછ્યું અને પોતાના પ્રતિભાવ મહેન્દ્ર અને માધવીને ન દેખાય એવી રીતે ઊભી થઈને ઊંધી ફરી ગઈ.

"અહીંયાં એટલે...." સુરેશ સહેજ ખચકાયો પણ કહ્યા વિના છૂટકો નહોતો, "ઇવાને ત્યાં."

"તો?"

"એ પ્રેગનન્ટ છે."

"વ્હોટ?" રીમાનો અવાજ ફાટી ગયો. મહેન્દ્ર અને માધવી રીમાની સામે જોઈ રહ્યાં... "તું શું બોલે છે એનું ભાન છે તને સુરેશ?"

"ભાન તો તને હોવું જોઈએ, રાત-દિવસ રખડ્યા કરે છે તે જુવાન છોકરીની જવાબદારી લેવાનું ભાન નથી..."

"મેં તમને પહેલાં જ કહ્યું હતું સુરેશ...." રીમાનું ગળું ભરાઈ આવ્યું "એ છોકરીને આટલી બધી છૂટ..." એ થોડી વાર ચૂપ રહી પછી એણે ધીમેથી કહ્યું, "કોણ છે એ છોકરો? લગ્ન કરવા તૈયાર છે?"

"મેં તારાથી મૂર્ખ સ્ત્રી બીજી નથી જોઈ, આ ઇંગ્લૅન્ડ છે... અહીં આવા પ્રસંગે લગ્ન કરવાના આગ્રહો ના હોય..."

"સુરેશ..."

"રીમા, તું હજી ભાવનગરમાં જ જીવે છે..." સુરેશનો અવાજ ઊંચો થઈ ગયો, "દુનિયા બદલાઈ ગઈ છે, જગત આગળ વધી ગયું છે"

"જો કુંવારી છોકરી પ્રેગનેન્ટ થઈ જાય એને સગો બાપ આગળ વધવું કહેતો હોય તો હું મારા ભાવનગરમાં જ સારી છું."

"યુ આર વન હેલ ઓફ વુમન..તારી સાથે કોઈ પણ વાત કરવી નકામી છે."

"મને પણ એવું જ લાગે છે, તમારી સાથે કોઈ વાત થઈ શકે એમ જ નથી." રીમાએ ઊંડો શ્વાસ લીધો, "દેવિનાને ફોન આપો."

"એ તારી સાથે વાત કરવા તૈયાર નથી."

"સુરેશ?!"

"મારા પર બૂમો પાડવાનો અર્થ નથી." સુરેશના અવાજમાં બરફની ઠંડક હતી.

"એણે મને જે કહ્યું એ જ હું તને કહું છું..." એને જાણે આ એક એક વાક્ય બોલવાની મજા પડતી હતી એવું રીમાને લાગ્યું, "દેવિનાએ તો તને ફોન કરવાની પણ

ના પાડી હતી. આ તો મને લાગ્યું કે તું એની બાયોલોજિકલ મા છે એટલે તને જણાવવું તો જોઈએ જ...મારી ફરજ, યુ સી..."

"હું...હું..." રીમા આટલું સાંભળ્યા પછી શું બોલવું એ સમજી જ શકી નહીં. એનું મન તાર-તાર થઈ ગયું હતું. સુરેશે બરાબર મર્મનું નિશાન સાધીને મારેલું તીર રીમાને વાગ્યું હતું., "હું બને એટલી જલદી નીકળીને આવવાનો પ્રયત્ન કરું છું."

"ત્યાં સુધીમાં દેવિનાનું એબોર્શન પતી જશે."

"તો મને શું કામ ફોન કર્યો?" રીમાનો અવાજ સાચા અર્થમાં ફાટી ગયો, એની મુઠ્ઠીઓ ભીંસાઈ ગઈ હતી, એનું ચાલે તો એ સુરેશને તમાચો મારવા માગતી હતી, એની આંખો પહોળી થઈ ગઈ હતી, ગુસ્સામાં કપાળે પરસેવો વળવા લાગ્યો હતો. માધવી અને મહેન્દ્ર એની આ હાલત જોઈ રહ્યાં હતાં. મહેન્દ્રએ માધવીને ઇશારો કર્યો. માધવી ધીમેથી એની નજીક ગઈ, એના ખભે હાથ મૂક્યો. રીમા માધવીના ખભે માથું મૂકીને રડી પડી. એનો ફોન હજી ચાલુ હતો, "સુરેશ તમે આપણી દીકરીની વાત કરો છો."

"ઓહ, અચ્છા..." સુરેશના અવાજમાં જીવતા માણસને વીંધી નાંખે એવી ધાર હતી, "મને તો ખ્યાલ જ નહીં."

"તમને એટલું પણ નથી સમજાતું કે તમે આ છોકરી સાથે શું કરી રહ્યા છો? એની જિંદગી બરબાદ થઈ જશે એને બદલે એને સમજાવો. આ છોકરાને શોધીને..."

"નોનસેન્સ..." સુરેશે ફોન પછાડ્યો. માધવીની સામે જોઈને રીમાનું ડૂસકું છૂટી ગયું.

"શું થયું?" આમ તો રીમાએ જે વાત કરી તે બધી જ માધવીએ સાંભળી હતી, પૂછવાની જરૂર નહોતી, છતાં માધવીથી પુછાઈ ગયું.

રીમા ત્યાં જ સોફા પર બેસી ગઈ, માથે હાથ દઈને ધ્રુસકે ધ્રુસકે રડી રહી. "દેવિના...દેવિના પ્રેગનેન્ટ છે. ઓહ ગૉડ..."

"હવે?" માધવીની આંખમાં પણ પાણી આવી ગયાં. એ કશું બોલી નહીં, રીમાએ એની સામે જોયું, રીમાની આંખોમાં ભય પમાડે એવી અસહાયતા હતી.

મહેન્દ્ર રીમાની નજીક આવ્યો, એણે પણ અનાયાસે એના ખભે હાથ મૂકી દીધો.

"સુરેશ...એબોર્શન કરાવવાનું..." રીમા પૂરું રડી પણ શકતી નહોતી, "હું શું કરું? મારે લંડન જવું જોઈએ?"

"તું મા છે, હું સમજી શકું છું..." માધવી એના ખભે હળવે હળવે હાથ પસવારી રહી હતી, "સોનાલી સાથે આવું કંઈ થાય તો..."

"સોનાલી સાથે આવું કંઈ થાય જ નહીં." રીમાએ મહેન્દ્ર સામે જોયું, "મારા છોકરાઓને ક્યારેય બાપ મળ્યો જ નહીં..." રીમાએ આંખો મીંચી દીધી, "વાંક કદાચ મારો જ છે. હું જ કદાચ મારાં સંતાનોને એ ન આપી શકી, જે તેં અને મહેન્દ્રએ તારા સંતાનને આપ્યું છે."

"કોઈ પણ પરિસ્થિતિ માટે માણસ એકલો જવાબદાર નથી હોતો." મહેન્દ્રએ કહ્યું, "મારી દીકરીના ઉછેર માટે હું એકલો ક્રેડિટ ના લઈ શકું. માધવીએ પણ પોતાનો સમય અને પોતાની જાત નિચોવી નાંખી છે."

"તું સાચો છે મહેન્દ્ર...મેં સફળતાની પાછળ આંધળી દોટ મૂકી હતી, મને જ ખબર નથી મારે શું જોઈતું હતું? સુરેશની વાત કદાચ સાચી હોય, હું જ જુવાન છોકરીની મા તરીકે વર્તી ન શકી...મારામાં જ કદાચ સમજદારી ખૂટી હોય..." રીમા જાણે થોડીક પળોમાં આખેઆખી બદલાઈ ગઈ હતી. થોડી વાર પહેલાં હસતી, મજાક કરતી રીમા અચાનક જ ઉદાસ, એકલી અને ગંભીર થઈ ગઈ હતી.

"તારે જવું છે?"

રીમાએ માધવી સામે જોયું, "જાઉં?"

"એને બદલે દેવિનાને મુંબઈ બોલાવ.." મહેન્દ્રએ કહ્યું, "વાતાવરણ બદલાશે તો કદાચ તમારા સંબંધો પણ સુધરશે."

"સંબંધો!" રીમા ફિક્કું હસી, "જે રહ્યું જ નથી એના સુધરવા-બગડવાની ચર્ચા શું કરવાની મહેન્દ્ર? મારો દીકરો ઘર છોડી ગયો છે, મારી દીકરી મારી સાથે વાત કરવા તૈયાર નથી."

"રીમા..." મહેન્દ્રને શું બોલવું એ સૂઝ્યું નહીં પણ એ રીમાનું દર્દ સમજી શકતો હતો. એક મા તરીકે એના મનમાં અત્યારે શું થતું હશે, કેટલો ઉચાટ, કેટલી પીડા હશે એ મહેન્દ્રને સમજાતું હતું...

"હું આજે મારા ઘરે જવા માગું છું." રીમાએ કહ્યું. પછી દૃઢતાથી ઉમેર્યું, "પ્લીઝ, મને કોઈ રોકતાં નહીં." એણે આંખો લૂછી નાંખી, પછી ઊભી થઈને સોનાલીના બેડરૂમ તરફ ચાલી ગઈ.

માધવી જાણતી હતી કે હવે રીમા નહીં રોકાય. એને રોકવાનો પ્રયત્ન કરવો વ્યર્થ છે.

મહેન્દ્ર ને માધવી એકબીજા સામે જોઈ રહ્યાં. થોડી વાર બંને ચૂપ રહ્યાં પછી મહેન્દ્રએ સહેજ ઢીલા અને લાગણીભર્યા અવાજે માધવી સામે જોઈને કહ્યું, "સોનાલી... સોનાલી કાલે આવે છે."

"સારું થયું, હું તમને કહેવાની જ હતી. મારો હવે કોઈ ભરોસો નથી." માધવીના અવાજમાં જે સ્થિરતા અને સ્પષ્ટતા હતી એનાથી મહેન્દ્ર નવાઈ પામી ગયો. "સોનાલીને બોલાવી લીધી તે સારું જ કર્યું"

"આવું..." મહેન્દ્રએ થૂંક ગળે ઉતાર્યું, "આવું શું કામ વિચારે છે?"

"જુઓ મહેન્દ્ર, સોનાલી આવે એટલે બેસીને થોડી વાત કરવી છે..." માધવી જાણે બહારગામ જતી હોય એટલી સરળતાથી પોતાની વાત કહેતી હતી, "એને થોડું સમજાવવું છે, એના માટે થોડા દાગીના કરાવવા છે. એણે કદાચ કોઈ છોકરો પસંદ

કરી રાખ્યો હોય તો પૂછવું છે..." એણે મહેન્દ્રની સામે જોયું અને મીઠું શરમાળ સ્મિત કર્યું, "પછી તમારી સાથે થોડા દિવસ ફાર્મહાઉસ રહેવા જવું છે."

મહેન્દ્ર કંઈ બોલવા ગયો પણ માધવીએ એના હોઠ પર આંગળી મૂકી દીધી, "મારે કોઈ જવાબ, કોઈ બહાનું નથી જોઈતું..."

"તું જેમ કહીશ એમ જ થશે."

"આમ તો આવું માગવું ના જોઈએ." માધવીના ચહેરા પર સ્મિત આવી ગયું, "પણ, મને લાગે છે કે નાની ઉંમરે મરવાના થોડા ઘણા ફાયદા હોય છે. એમાંનો એક આ પણ છે..." એણે બંને હાથ મહેન્દ્રના ગાલ પર મૂક્યા,"તમને નહીં ગાંઠતો તમારો ધણી સાવ ડાહ્યા સ્ટુડન્ટની જેમ તમારું બધું કહ્યું કરે..." એનું ગળું સહેજ તરડાયું, "ભલે ને થોડા સમય માટે..."

"માધવી!"

"મહેન!" માધવીએ મહેન્દ્રની આંખોમાં જોયું, "હું તમને ખૂબ ચાહું છું, મારી જિંદગીમાં નહોતું કલ્પ્યું, નહોતું માગ્યું એ બધું જ તમે મને આપ્યું છે. એક સૂરજમુખી શોધવા નીકળેલી છોકરીને આખો સૂરજ આપ્યો છે તમે...એક વેંત જેટલી જગ્યા પાંખો ફફડાવી જોવા માટે શોધતી હતી હું અને તમે તો આખું આકાશ આપી દીધું મને..."

"માધવી, આજે રીમા અને સુરેશની વાત સાંભળીને મને પણ સમજાયું છે કે આપણે જે જીવ્યાં એનું નામ સુખ..." મહેન્દ્રએ પોતાના ગાલ પર મુકાયેલા માધવીના હાથ પર પોતાના હાથ મૂક્યા. બંને હાથ પકડીને એને નજીક ખેંચી, "મહત્ત્વ એનું નથી કે તમે જિંદગીનાં કેટલાં વર્ષો સાથે જીવો છો, મહત્ત્વ એનું છે કે તમે જેટલાં વર્ષો સાથે જીવો છો એમાં કેટલી જિંદગીઓ જીવી જાવ છો..."

બંને જણાં હાથ પકડીને ઊભાં હતાં. એમની આંખો ભીંજાઈ આવી હતી!

રીમા બેગ લઈને બહાર નીકળી ત્યારે મહેન્દ્ર અને માધવી એકબીજાની આંખોમાં જોઈ રહ્યાં હતાં. એક પળ માટે રીમાને એમના સંબંધની ઈર્ષા આવી ગઈ!

જિંદગીમાં બધું જ મેળવ્યા છતાં જે નહોતું મળ્યું એનો ખાલીપો રીમાની અંદર જાણે સણસણતા તીરની જેમ પેસી ગયો. આ યુગલનું સુભગ સાન્નિધ્ય અને એમનો મંગલ સંબંધ રીમાની આંખો પણ ભીંજવી ગયો. એને વિચાર આવ્યો, "જેને કશું જ નથી મળતું એને કંઈ કેટલાંય વર્ષો સુધી પોતાના ખાલીપામાં જીવવું પડે છે...જીવવાનું કારણ નથી એણે અણગમતાં વર્ષોને ઇચ્છા-અનિચ્છાએ ખેંચ્યા કરવાં પડે છે. જેને માટે જિંદગીની પ્રત્યેક પળ ભરપૂર -છલોછલ હોય છે એણે સુખનો પ્યાલો હોઠથી અળગો કરીને ચાલી જવું પડે છે..." એનાથી અનાયાસે આકાશ તરફ જોવાઈ ગયું, "આ કેવો ન્યાય છે તારો?" આંખો લૂછીને રીમા આગળ વધી.

"હું...હું નીકળું છું."

મહેન્દ્ર ને માધવી એકબીજા સામે થોડી વાર જોઈ રહ્યાં. એક વજનદાર મૌન ત્રણે જણા વચ્ચે ઘુમરાઈ ઘુમરાઈને ઓરડામાં પછડાતું રહ્યું.

ત્રણે જણાં એકલાં પડવા માગતાં હતાં...પોતપોતાની પીડાને એકલાં સહી જવા માગતાં હતાં અને છતાં અત્યારે ત્રણે જણાં એકબીજાની સાથે રહેવા મથતાં હતાં!

કેવી વિચિત્ર મનોસ્થિતિ હતી ત્રણે જણાંની!

ત્રણે પોતપોતાના દુઃખનો બોજ ઉપાડીને પોતાની પીડામાં ગર્ત આગળ વધી રહ્યાં હતાં...ત્રણે જાણતાં હતાં કે મંઝિલ નામની કોઈ વસ્તુ આ પ્રવાસના છેડે નથી જ... આ એક લાંબી ટનલ જેવો પ્રવાસ હતો. જે ક્યાંયથી નીકળીને ક્યાંય પહોંચવા માટે નહોતો કરવાનો...આ પ્રવાસ પોતાની જ જગ્યાએ ચાલ્યા કરતા છતાં કિલોમીટરો દોડી જતા, થાકી-હાંફી જતા ટ્રેડમિલ જેવો પ્રવાસ હતો...ક્યાંય નહીં પહોંચવા માટેનો પ્રવાસ! હાંફી જવા માટેનો, પરસેવે રેબઝેબ થઈ જવા માટેનો...થાકી જવા માટેનો પ્રવાસ!

“ડ્રાઇવર તને મૂકી જાય છે.” મહેન્દ્રએ કહ્યું. રીમાએ સ્વીકારી લીધું.

મહેન્દ્રએ મોબાઇલ લગાડીને ડ્રાઇવરને ઉપર બોલાવ્યો. રીમાની બેગ લઈ જવા કહ્યું. રીમા આગળ વધીને માધવીને ભેટી પડી. બંનેની વચ્ચે એક ડૂમો ગોરંભાતો રહ્યો...

રીમા છૂટી પડી. એ જવા લાગી...

“મહેન્દ્ર....માધવીને ખૂબ સાચવજે.” એણે મહેન્દ્રનો હાથ પકડી લીધો, “જિંદગીમાં ક્યારેય કોઈની ઈર્ષા નથી કરી. મને જે મળ્યું તેમાં જ સુખ માણ્યું છે...આજે પહેલી વાર...” એણે માધવી સામે જોયું પછી નજર નીચી કરી નાંખી, “આજે પહેલી વાર મને માધવીની ઈર્ષા થાય છે. તારા જેવો પતિ કદાચ લગ્નના અર્થો બદલી નાંખતો હશે. સ્ત્રી-પુરુષનો સંબંધ એટલે સાયુજ્ય-સખ્ય અને સાતત્ય એવું તને નજીકથી ઓળખીને સમજાયું...એટલા માટે પણ તારો આભાર માનું છું મહેન્દ્ર!”

મહેન્દ્ર કશું કહી કે બોલી શકે એ પહેલાં રીમાએ એનો હાથ છોડી દીધો. એ સડસડાટ ઘરની બહાર નીકળીને લિફ્ટની રાહ જોયા વિના પગથિયાં ઊતરી ગઈ.

માધવી એની પાછળ જવા માગતી હતી પણ મહેન્દ્રએ માધવીનો હાથ પકડીને એને રોકી લીધી.

બંને જણાં બારી પાસે આવીને ઊભાં રહ્યાં...ગાડીમાં બેસતી ડૂસકે ડૂસકે રડતી રીમાને જોઈને માધવીનું હૃદય પણ ભરાઈ આવ્યું. એણે મહેન્દ્રના ખભે માથું મૂકી દીધું, એની આંખોમાંથી બે આંસુ મહેન્દ્રના ખભે ટપકી ગયાં.

“સોનુ ક્યારે આવવાની છે?” એણે અમસ્તું જ, કોઈ એક વાત થાય તો વિષાદ વિખરાય એવા ઉદ્દેશથી પૂછ્યું, “મને સોનુ બહુ યાદ આવે છે.”

“કાલે.... મોટે ભાગે સવારની ફ્લાઇટમાં જ આવશે. નક્કી થશે એટલે ફોન કરશે.” મહેન્દ્રએ કહ્યું અને માધવીનો ચહેરો ચિબુકથી પકડીને ઊંચો કર્યો, અને હળવેથી

કહ્યું, “માધવી, મોટા ભાગના પુરુષોને એવો અફસોસ હોય છે કે એમને વધુ સારી પત્ની મળી શકી હોત, મળવી જોઈતી હતી…” એણે માધવીના હોઠ પર હળવેથી ચુંબન કર્યું, “પણ મને લાગે છે જગતમાં કોઈને પણ તારાથી વધુ સારી પત્ની ન મળી શકે!”

*

16

સોનાલી અને મહેન્દ્ર એરપોર્ટથી ઘર તરફ જઈ રહ્યાં હતાં. ઘણું સમજાવવા છતાં માધવી સોનાલીને લેવા ના આવી, મહેન્દ્રને લાગ્યું કે એ પોતાને અને સોનાલીને વાત કરવાનો સમય આપવા માગતી હતી.

માધવીએ દસ બહાનાં કાઢ્યાં, "સાંજે કંઈક સારું બનાવી રાખું", "એને લઈને તમે ઘરે જ આવવાના છો ને? પછી હું શું કામ ધક્કો ખાઉં?", "મને ઠીક નથી લાગતું, થોડી વાર ઊંઘી જઈશ. આ દેવિનાના સમાચાર સાંભળીને મન અસ્તવ્યસ્ત થઈ ગયું છે."

મહેન્દ્ર સમજતો હતો. માધવી કોઈ પણ કારણસર થોડી વાર એકલી રહેવા માગતી હતી. આમ પણ બપોરે રીમા ગઈ ત્યારથી શરૂ કરીને સાંજ સુધીમાં માધવી ભાગ્યે જ કશું બોલી હતી. આખી બપોર મહેન્દ્ર પથારીમાં આડો પડીને કંઈક વાંચતો રહ્યો અને માધવી એના પડખામાં સૂતી સૂતી, એની છાતી પર માથું મૂકીને કોણ જાણે શું વિચારતી રહી. બે-ચાર વાર મહેન્દ્રને વિચાર આવ્યો કે માધવીને પૂછે કે એના મનમાં શું ચાલે છે? પછી કોણ જાણે કેમ, એણે માધવીને એની જાત સાથે એકલી જ રહેવા દીધી. થોડી થોડી વારે એ એક નજર માધવી સામે જોઈ લેતો, 'ક્યાંક રડતી તો નથી ને?' એ સિવાય મહેન્દ્રએ માધવીને બિલકુલ ડિસ્ટર્બ ના કરી...

સામાન્ય રીતે બંને જણા બપોરે એકલાં હોય ત્યારે માધવી ખૂબ વાતો કરતી. ઓછું બોલતો મહેન્દ્ર 'હં', 'હા', 'ના'ના જવાબો આપતો રહેતો, પણ માધવી જાત જાતની ને ભાત ભાતની વાતો કરતી.

પણ આજે જાણે એ પોતાની જાત સાથે વાતો કરી રહી હતી.

"આપણે ફાર્મહાઉસ ક્યારે જઈશું?" એણે અચાનક જ મહેન્દ્રને પૂછ્યું.

"તું કહે..." મહેન્દ્રએ એના વાળમાં હાથ ફેરવ્યો, "સોનુ અહીં છે ત્યાં સુધી તો નહીં જઈ શકીએ. પછી તું કહીશ ત્યારે જઈશું."

"મહેન..." માધવીએ ઊંચું જોયા વગર જ કહ્યું હતું, "ફાર્મહાઉસ ગયા પછી હું મરવાની વાત નથી કરવા માગતી. આપણે બસ સાથે રહીશું, ખૂબ આનંદ કરીશું, ખૂબ વાતો કરીશું. જૂના દિવસો યાદ કરીશું..."

"ઓ.કે."

"મહેન..." માધવી એના ઝભ્ભાના ખુલ્લા બટનમાંથી હાથ નાખીને એની છાતીના વાળમાં હાથ ફેરવી રહી હતી, "હું પણ નહીં હોઉં ને સોનુ પણ નહીં હોય ત્યારે તમે..."

મહેન્દ્રએ માધવીના હોઠ પર આંગળી મૂકી હતી, "આપણે મરવાની વાતો નહીં કરીએ માધવી. આજે તું છે એટલે આપણે હમણાં એટલી જ વાત કરીશું."

"મહેન, તમે એકલા રહેવા ટેવાયેલા નથી. કોઈ બીજાનો વિચાર…"

"એક કામ કર…" મહેન્દ્રએ હસી પડતાં કહ્યું, "મારા બીજાં લગ્ન કરાવી જ દે."

"મારું ચાલે તો એમ જ કરું." માધવીએ કહ્યું અને ઊંચું જોઈને મહેનના હોઠ પર એક હળવું ચુંબન કર્યું, "પણ મારા જીવતા બીજી સ્ત્રી નહીં સહેવાય મારાથી."

"મારી જિંદગીમાં બીજી સ્ત્રી માટે જગ્યા જ નથી માધવી." મહેન્દ્રએ ઊંડો નિઃશ્વાસ નાખ્યો, "તારા જીવતાં કે…" મહેન્દ્ર બાકીના શબ્દો ગળી ગયો. એણે માધવીના ઊંચા થયેલા ચહેરા પર ચુંબનોનો જાણે વરસાદ વરસાવી દીધો. કપાળ પર, ગાલ પર, આંખનાં પોપચાં પર અને હોઠ પર… "તું આકાશની જેમ મારા આખા અસ્તિત્વ પર છવાયેલી છે. ધરતીના કોઈ પણ ખૂણે ઊભો રહીને જોઉં તો માત્ર તું જ દેખાય છે મને."

"એટલે જ ચિંતા થાય છે." માધવીના અવાજમાં સહેજ ભીનાશ હતી.

એ પછી એણે આગળ વાત ના કરી. મહેન્દ્રએ પણ આ ચર્ચાને આગળ વધારવાનું મુનાસિબ ના જ માન્યું. એ સમજી શકતો હતો કે માધવીના મગજમાં વિચારોનું કેવું ઘમસાણ ચાલતું હશે. દરેક વખતે એક જુદો, એક નવો વિચાર એને તકલીફ આપતો હશે. એમાંના કેટલાય વિચારોને તો એ ચાળી જ નાખતી હશે, ગળી જ જતી હશે. પણ જે વિચાર એને માટે અસહ્ય બની જતો હશે એ જ કદાચ…

સોનાલી અને મહેન્દ્ર ઘર તરફ આવતાં હતાં ત્યારે ક્યાંય સુધી ચૂપ રહ્યા પછી અચાનક જ સોનાલીએ ગાડી ચલાવતા મહેન્દ્રના બાવડાની આસપાસ હાથ લપેટી લીધો અને માથું એના ખભે મૂક્યું, "ડેડ, આપણે મમ્મીને સંભાળવાની છે."

"પણ તકલીફ એ છે કે તારી મમ્મી આપણને બધાંને સંભાળવા માગે છે." મહેન્દ્રના ચહેરા પર બપોરની વાત યાદ કરીને એક પીડામાં ડૂબેલું સ્મિત આવી ગયું.

"એટલે?" સોનાલીએ પૂછ્યું.

"તારી મમ્મી મને ફરી પરણાવવા માગે છે."

"ડોન્ટ ટેલ મી…" સોનાલીને ખડખડાટ હસવું આવી ગયું, "મમ્મીને ખરેખર સાચવવી પડશે. એણે તો જવાની તૈયારી કરવા માંડી છે." પછી એનો અવાજ ગંભીર થઈ ગયો અને આંખો સહેજ ભીની, "એ જ જીવવાની આશા છોડી દેશે તો દુનિયાની કોઈ દવા એને સાજી નહીં કરી શકે."

"હું એને એ જ સમજાવવાનો પ્રયત્ન કરું છું." એટલું કહ્યા પછી મહેન્દ્રને લાગ્યું કે એણે સોનાલીને સાચું અને સીધું કહેવું જોઈએ, "જો બેટા, ડૉક્ટર કાપડિયાએ એવું સ્પષ્ટ કહ્યું છે કે બહુ લાંબો સમય નથી તારી મા પાસે…" એણે ગાડી ચલાવતાં ચલાવતાં સોનાલી તરફ જોયું. એક ક્ષણ ચૂપ રહ્યો, "કોઈ પણ એક ક્ષણે તારી મા નહીં હોય એ વાત આપણે સ્વીકારી લેવી પડશે, પણ એ જ્યાં સુધી છે ત્યાં સુધી સુખેથી, આનંદથી, ભરપૂર જીવે એટલું જ હું ઇચ્છું છું."

"સેડ છે?"

"ના, હીંચકાની જેમ ઝૂલ્યા કરે છે. ક્યારેક બહુ મેચ્યોર વાતો કરે છે. ખૂબ સમજદારીથી વર્તે છે. આપણને નવાઈ લાગે એટલી સ્વસ્થ બની જાય છે ક્યારેક..."

"સ્વાભાવિક છે. આવી મેન્ટલ ફ્રેમમાં એની પાસેથી આપણે શું આશા રાખી શકીએ?"

"હું કોઈ આશા નથી રાખતો બેટા. માત્ર ડરું છું, ગૂંચવાઉં છું. સમજી નથી શકતો કે ક્યારે, કઈ રીતે વર્તું..." મહેન્દ્રનો અવાજ ભરાઈ આવ્યો. એણે જમણી તરફ જોયું, ઊંડો શ્વાસ લીધો અને આંસુ રોકવાનો પ્રયત્ન કર્યો.

"સતત એક જ વિચાર આવ્યા કરે છે, મારી જ સાથે આવું શું કામ... કેટલાય લોકો હોય છે, પત્નીઓને ધુત્કારતા, એમને છેતરતા, એમની પીઠ પાછળ બૂરાઈ કરતા, નાનાં-મોટાં લફરાં કરતા... એમાંના કોઈની સાથે કંઈ નથી થતું. એકબીજાને ધિક્કારતા, એકબીજાની ભૂલો શોધતા, વાંધા-વચકા પાડતા લોકો વર્ષો કાઢી નાખે છે એકબીજાની સાથે. જ્યારે અમે તો..." એનો ચહેરો જમણી તરફ હતો, પણ સોનાલી એના અવાજની ભીનાશને અનુભવી શકી. એણે બાવડાની આસપાસ પકડેલો હાથ વધુ કસીને પકડી લીધો.

"પપ્પા, મેં તમને હંમેશાં એક સ્ટ્રોન્ગ માણસ તરીકે જોયા છે, મજબૂત! કોઈ પણ પરિસ્થિતિમાં અડીખમ ઊભા રહેનારા, એક સ્વસ્થ, સમજદાર પુરુષ તરીકે..." એ થોડી વાર ચૂપ રહી. પછી એણે ધીરેથી હાથ છોડીને મહેન્દ્રના વાળમાં આંગળીઓ ફેરવી, "આઇ લવ યુ...તમે હંમેશાં મારા આઇડિયલ રહ્યા છો. મુશ્કેલીમાં, ગૂંચવણોમાં, નબળી પળોમાં કે હતાશાની પળોમાં હું હંમેશાં એમ વિચારું કે મારા ડેડ હોત તો શું કરત?" એ મહેન્દ્રના વાળમાં હાથ ફેરવતી રહી. જેમ જેમ એની આંગળીઓ ફરતી રહી એમ જાણે મહેન્દ્રની અંદરનો ડૂમો શાંત થતો રહ્યો, "જ્યારે જ્યારે મેં આ સવાલ મારી જાતને પૂછ્યો ત્યારે એના જવાબમાં જે કંઈ મળ્યું એ પ્રમાણે વર્તી છું હું. આઇ મીન ઇટ ડેડ... તમે દરેક વખતે મારા માટે એક પરફેક્ટ સોલ્યુશન બનીને આવ્યા છો."

"બેટા, છેલ્લા ત્રણ દિવસમાં મને જીવવાનો થાક લાગવા માંડ્યો છે..."

"ડેડ, આવું કેમ ચાલશે?"

"એકેય વાર નથી બોલ્યો આ વાત હું! કોઈનેય નથી કહ્યું, બસ તારી જ રાહ જોતો હતો. હવે તું આવી ગઈ છે ને..."

"ડેડ, મારી પાસે બહુ રજા નથી. સબમિશન્સ ચાલે છે. મમ્મીની વાત કરી એટલે ત્રણ જ દિવસની રજા આપી છે મને."

"એ પછી અમે ફાર્મહાઉસ જવાનાં છીએ." મહેન્દ્રએ સોનાલી તરફ જોયું, "તારી મમ્મી ત્યાં રહેવા માગે છે. હું પણ રજા લેવાનો છું."

"કેટલી?"

"ખબર નથી. એને જેટલું રહેવું હશે એટલું..." મહેન્દ્રએ ફરી ઊંડો શ્વાસ લીધો, "અથવા એ જેટલું રહી શકે એટલું."

એ પછી જાણે પિતા-પુત્રી બંને આ આખીય વાતને પોતપોતાની રીતે, પોતપોતાની અંદર ઉતારવાનો મરણિયો પ્રયાસ કરતાં ઘર સુધી ચૂપચાપ પોતાની જ અંદર ઊતરતાં, ડૂબતાં, તરતાં, લડતાં, ઝઘડતાં અને પોતાની જ જાતને સમજાવતાં રહ્યાં.

'અલકા' બિલ્ડિંગની નીચે ગાડી પાર્ક કરતા મહેન્દ્રએ સોનાલીને વિચારોમાંથી જગાડી, "બેટા, તારી મમ્મી રાહ જોતી હશે. તારી જાત પર કન્ટ્રોલ કરી લે..."

"યાહ!" સોનાલીએ બંને હાથે ચહેરો ઘસ્યો. વિચારી ખંખેરી નાખવા હોય એમ માથું હલાવ્યું, વાળમાં આંગળીઓ ફેરવી, મહેન્દ્રના ગળામાં હાથ નાખીને, એને નજીક ખેંચીને ગાલ પર ચુંબન કરી લીધું, "આઇ લવ યુ ડેડ, આઇ વીલ ઓલ્વેઇઝ લવ યુ..."

"લવ યુ ટુ સ્વીટી..." મહેન્દ્રએ કહ્યું, નીચે ઊતર્યો અને ગાડીના બૂટમાં મકેલો સોનાલીનો સામાન કાઢવા લાગ્યો.

*

સામાન્ય રીતે આ ઘરમાં રીમાને અજબ જેવું સુકુન લાગતું. એ જ્યારે જ્યારે આ ઘરમાં આવતી ત્યારે એને લાગતું કે એની પાસે એક નાનકડી દુનિયા છે, એની પોતાની... જ્યાં એ મનફાવે એમ જીવી શકે છે. આ એનું પોતાનું, શાંતિથી લપેટાયેલું એકાંત છે...

સવારની ચા લઈને એ બાલ્કનીમાં બેસતી. હળવું શાસ્ત્રીય સંગીત લગાવતી. કલાકો પોતાની જાત સાથે ગાળતી... લંડનમાં આવો સમય એને ભાગ્યે જ મળતો. ગમતું સંગીત પણ એ ઘરમાં સાંભળવું એને માટે લગભગ અસંભવ હતું.

જય જ્યાં સુધી એમની સાથે રહેતો ત્યાં સુધી એ જે અવાજે સંગીત સાંભળતો એનાથી રીમાનું માથું ફરી જતું. સવારની ઉતાવળ આખા ઘરને જાણે ચકરાવે ચડાવી દેતી. બધા પાસે પોતપોતાના બાથરૂમ હોવા છતાં ઘરનો દરેક માણસ સવારના ભાગમાં જાણે એકબીજાને નડ્યા કરતો.

ન્યૂઝ પેપર વાંચતા સુરેશને કંઈ પૂછી કે કહી શકાતું નહીં. મોડી ઊઠેલી દેવિના યુનિવર્સિટી પહોંચવાની ઉતાવળમાં મોટા ભાગે ખાધા વિના નીકળતી. નીકળતી વખતે ખાવાનું નામ નહીં દેવા માગતી રીમા સંકોચમાં એને જ્યુસ પીવાનું કહેતી અથવા દૂધ પીવાનો આગ્રહ કરતી... એ વખતે દેવિના માએ જાણે મોટો ગુનો કર્યો હોય એમ વડચકું ભરી જતી.

જય પોતાનો બ્રેકફાસ્ટ જાતે બનાવતો, પોતાના રૂમમાં લઈ જતો. ઘરના કોઈ સભ્યને પૂછવાની જરૂરિયાત પણ નહોતો સમજતો. એ આ ઘરમાં પેઇંગ ગેસ્ટ રહેતો હોય એમ બને ત્યાં સુધી ઓછું બોલતો અને ચૂપચાપ જીવ્યા કરતો...

આ જ જય નાનકડો હતો ત્યારે એને તૈયાર કરીને સ્કૂલબસ સુધી પહોંચાડવાની દોડાદોડીમાં રીમા કેટલીયે વાર ભૂખી રહેતી, કેટલીય વાર ઑફિસ લેટ થઈ જતી તો કેટલીય વાર સુરેશ સાથે કારણ વગરની ચણભણ થઈ જતી.

આ જ જયને એણે કેટલાં લાડથી અને કેટલા વહાલથી ઉછેર્યો હતો. આ જ દેવિના માટે સમયનો કેટલો ભોગ આપ્યો હતો. એને લેટેસ્ટ કપડાં અપાવવા કે એની જરૂરિયાતો પૂરી કરવા માટે કેટલીય વાર જાત સાથે સમાધાન કર્યાં હતાં...

અત્યારે પોતાના ફ્લૅટમાં એકલી બેઠેલી રીમા વિચારી રહી હતી, "ક્યાં ખોટી હતી હું? શું ઓછું પડ્યું મારાં સંતાનોને? મારા પતિને..."

જવાબ એના મને જ આપી દીધો, "ઓછું એમને નથી પડ્યું, ઓછું તને પડતું રહ્યું રીમા, એ ઓછું પડતા રહ્યાના અભાવમાં તું એટલું બધું દોડતી રહી કે તારા પોતાના લોકો પાછળ છૂટતા ગયા એ તને દેખાયું જ નહીં."

"પણ મેં તો બધું જ કર્યું... એક માની, પત્નીની કઈ ફરજ મેં પૂરી નથી કરી?" રીમાએ જાતને પૂછ્યું.

"તું અંદરથી જ અધૂરી હતી રીમા! ખરેખર તને જે જોઈતું હતું એને નકારીને ભૌતિક સુખો પાછળ ભાગતી રહી..." એનું મન જાણે આજે એને બધું જ સાચું કહી દેવા માગતું હતું. આટલા વખતમાં જાત સાથે ક્યારેય નહીં કરેલી વાત રીમાએ પહેલી વાર ખૂલીને કરવા માંડી હતી, "તારે એક ગૃહિણી બનવું હતું. એક સારો-સમજદાર પતિ, તને વહાલ કરે એવો પુરુષ અને તારી જવાબદારી લે એવો માણસ જોઈતો હતો તને." એનું મન એને કહી રહ્યું હતું, "કોઈ કારણ વગર જે દેશ અને સંસ્કૃતિ તારાં નહોતાં એમાં અટવાઈને તારી અસલિયત, તારાં મૂળ ભૂલી ગઈ તું રીમા... જે મૂળ ભૂલી જાય છે એ ક્યાંય ટકી શકતું નથી. એટલું તો સમજે છે ને તું?"

રીમા ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. દેવિનાના સમાચારે એને ખૂબ વિચલિત કરી નાખી હતી. હવે શું કરવું એ કોઈ રીતે સમજાતું નહોતું એને. એક અસહાય, ન સમજી શકાય એવી મનોદશામાં ચૂપચાપ બેઠી હતી એ.

પછી એને યાદ આવ્યું કે મહેન્દ્રએ દેવિનાને ભારત બોલાવવાની સલાહ આપી હતી. 'બની શકે કદાચ કે એને અહીંયાં બોલાવવાથી અમે બંને જણા એકબીજાની નજીક આવી શકીએ. કોઈ વચ્ચે ના હોય તો એકબીજાને વધુ સમજી શકીએ, વધુ ઓળખી શકીએ કદાચ...'

એણે ફોન ઉપાડ્યો, એણે દેવિનાનો સેલ જોડ્યો.

"મારે તારી સાથે કોઈ વાત નથી કરવી." ફોન ઉપાડતાંની સાથે જ દેવિનાનો અવાજ સંભળાયો.

"બેટા, મા છું તારી... દુશ્મન નથી. તારું ભલું જ ઇચ્છીશ. મારી વાત તો સાંભળી લે..."

"શું સાંભળું? તું શું એમ માને છે હું નથી જાણતી કે તું વારંવાર ઇન્ડિયા કેમ જતી રહે છે? ભારતમાં બોયફ્રેન્ડ છે તારો... હવે ત્યાં જ રહેજે. હું મરું કે જીવું એની ચિંતા નહીં કરતી, ઓલરાઇટ?"

ડઘાયેલી, અપમાનિત રીમા ફોન હાથમાં પકડીને દેવિનાના શબ્દો સમજવાનો પ્રયાસ કરી રહી હતી.

*

"શું સાંભળું? તું શું એમ માને છે હું નથી જાણતી કે તું વારંવાર ઇન્ડિયા કેમ જતી રહે છે? ભારતમાં બોયફ્રેન્ડ છે તારો... હવે ત્યાં જ રહેજે. હું મરું કે જીવું એની ચિંતા નહીં કરતી, ઓલરાઇટ?"

ડઘાયેલી, અપમાનિત રીમા ફોન હાથમાં પકડીને દેવિનાના શબ્દો સમજવાનો પ્રયાસ કરી રહી હતી, "બેટા...તું ઇન્ડિયા આવી જા..."

"કેમ? મારાં લગન કરાવી દઈશ ત્યાં? કે પછી તું પરણે છે?"

"શું બોલે છે?"

"એમ નહીં માનતી કે અમે નથી સમજતાં. અમને સમજાય છે, તેં ક્યારેય અમારી ચિંતા કરી નથી...ક્યારેય મા થઈને મારી સાથે વર્તી છે તું?"

"આ તું મને પૂછે છે?" રીમાનો અવાજ તરડાઈ ગયો, "હું મા થઈને નથી વર્તી? હંમેશા તારી દરેક જરૂરિયાતમાં તારી સાથે ઊભી રહી છું..."

"એમ?" દેવિના કડવું ખડખડાટ હસી રહી હતી, દેવિનાનું એ હાસ્ય રીમાની આરપાર નીકળી ગયું, "તું તારી જરૂરિયાતોમાંથી ક્યારેય ઊંચી જ ના આવી, તારી પાસે સમય જ નહોતો, તેં કોઈ દિવસ તારા પોતાનાં દુઃખોમાંથી બહાર નીકળીને અમારા વિશે વિચારવાનો પ્રયત્ન જ નથી કર્યો." દેવિના કહી રહી હતી અને રીમા સ્તબ્ધ થઈને સાંભળી રહી હતી, "સતત ડેડી સાથે ઝઘડતી રહી, સતત દલીલો, ઝઘડા અને કકળાટમાં ઊછર્યાં છીએ અમે."

"આ બધી ચર્ચા ફોન પર કરવાનો શું અર્થ છે દીકરા?" રીમાએ સાવ ભાંગેલા-નંખાઈ ગયેલા અવાજે કહ્યું, "તું ઇન્ડિયા આવ, થોડા દિવસ અહીં સાથે રહીએ..."

"ના, હું ઇન્ડિયા તો નહીં જ આવું.... આઇ હેટ ઇન્ડિયા..."

"બેટા, તું આટલી બધી કડવી અને આવી કેમ થઈ ગઈ છે? શું બાકી રહી ગયું મારા ઉછેરમાં?" રીમાની આંખો ભરાઈ આવી હતી. એને ખરેખર એટલું બધું દુઃખ થતું હતું કે જાણે એ ચીસો પાડીને, જોરજોરથી રડીને દરેકને આ સવાલ પૂછે.

"ઉછેર? કયો ઉછેર? તને કમાવામાં રસ હતો, છોકરાંઓને મોટા કરવામાં નહીં, તું તારા બેંકના સ્ટેટમેન્ટમાં એ જ જોતી રહી કે તારા ખાતામાં કેટલા પાઉન્ડ્ઝ વધ્યા, તેં ક્યારેય એ જોયું જ નહીં કે અમારા રિપોર્ટકાર્ડમાં અમારા કેટલા માર્ક ઘટ્યા...તારી ઉંમરમાં કેટલાં વર્ષ ઓછાં દેખાડી શકાય એની પાછળ બહુ ટાઇમ કાઢ્યો તેં.. પણ અમારી ઉંમરમાં કેટલાં વર્ષ વધ્યાં એ ક્યારેય નથી જોયું..."

"આ બધી ગેરસમજ છે બેટા..." રીમા રડતાં રડતાં દેવિનાને સમજાવી રહી હતી, "કમાવાની મને ફરજ પડી હતી. સુરેશ ઘરમાં પૈસા નહોતા આપતા."

"કમ ઓન મોમ..." દેવિનાએ સાવ તોછડાઈભર્યા કડવા અવાજે કહ્યું, "હવે હું એટલી નાની નથી કે તું જે સમજાવે તે સાંભળી લઉં..."

"આ જ સાચું છે બેટા..."

"એમ? તો પછી ડેડી પાસે તો અમારા માટે સમય હતો, અમને સ્કૂલે લેવા-મૂકવા તું નથી આવી પણ ડેડી આવ્યા છે, અમને હોમવર્ક ડેડી કરાવતા, અમારા લંચબૉક્સ ડેડી ભરતા, અમારા પેરેન્ટ્સ-ડેના ફંક્શનમાં તું નથી આવી પણ ડેડી આવ્યા છે.."

"સાચું છે..." રીમાનો અવાજ એકદમ ઊંચો થઈ ગયો, એનાથી અનિચ્છાએ બૂમ પડાઈ ગઈ, "કારણ કે હું કમાવામાં બીઝી હતી, તમારા લંચબૉક્સ જરૂર ડેડી ભરતા હશે. પણ એમાં ભરવાની વસ્તુઓ હું લાવતી હતી...તમારા ડેડી તમને લેવા-મૂકવા આવે જ કારણ કે સ્કૂલબસના પૈસા ખર્ચવા ન પડે અને એ ફ્રી ઘરમાં જ બેઠા હોય..." એણે જાત ઉપર કાબૂ મેળવ્યો. સહેજ શાંત થઈ, "બેટા, તું એક વાત સમજી શકતી નથી અથવા સમજવા માગતી નથી કે તારા ડેડી આ બધું કરી શકતા હતા કારણ કે એમની પાસે સમય હતો. જે વાત માટે તું મને મ્હેણાં મારે છે અથવા મને દોષી ગણાવે છે એ બધું મારે એટલા માટે કરવું પડતું હતું કે તારા ડેડી ઘરમાં એક પૈસો નહોતા આપતા."

"નોનસેન્સ...હું નથી માનતી આ વાત..." દેવિનાએ સ્પષ્ટ કહ્યું, "જો એટલી જ ખરાબ સ્થિતિ હતી તો ડિવોર્સ લેવા હતા ને? કેમ ના લીધા? શું કામ એ પેરેસાઇટને પોષતી રહી?"

"કારણ કે એ માણસ તમારો બાપ હતો. એ માણસ તમને વ્હાલ કરતો હતો, તમારું ધ્યાન રાખતો હતો. તમે બાપના પ્રેમથી વંચિત ન રહી જાઓ એટલા માટે..."

"ઓહ કમ ઓન મોમ...મને આ બધા ઇમોશનલ બ્લેકમેલિંગમાં ઘસડવાની જરૂર નથી. પ્લીઝ...તું મને એવું સમજાવાનો પ્રયત્ન નહીં કર કે તેં જે કંઈ કર્યું તે અમારે માટે કર્યું."

"એ જ સત્ય છે દેવિના...હું કોઈ પણ એક સમયે ઘર છોડી શકતી હતી, તારા બાપને કાઢી મૂકી શકતી હતી. પણ મેં એવું ના કર્યું એટલા માટે કારણ કે.."

"બસ મોમ... હવે મારે આગળ નથી સાંભળવું..." એણે વાત પૂરી કરી નાંખી, "હું આખી જિંદગી ચૂપ રહી...એમ માનીને કે તમારું લગ્ન તમારા બે જણાનો પ્રોબ્લેમ છે...પણ આજે મને સમજાય છે કે ખરેખર તમારો પ્રોબ્લેમ અમારા સુધી લંબાયો છે...અમે બંને જણા હું અને જય, આના કરતાં વધારે સારી રીતે તો અનાથઆરમમાં ઊછરી શક્યાં હોત!" એણે ભારોભાર કડવાશથી ઉમેર્યું, "હેવ નાઇસ ટાઇમ...મજા કરજે...બાય..."

ફોન મુકાઈ ગયો હતો. રીમા જાણે પથ્થરની બની હોય એમ સ્તબ્ધ થઈને હાથમાં ફોન પકડીને દેવિનાના શબ્દો સાંભળી રહી હતી. એની અંદર કશુંક ગજબ રીતે ચૂંથાતું હતું, વલોવાતું હતું.

દેવિનાના શબ્દો, સુરેશના શબ્દો, જયના શબ્દો જોરજોરથી એના કાનમાં પડઘાવા લાગ્યા. એને લાગ્યું કે ત્રણે જણા જોર જોરથી એના કાનમાં બૂમો પાડતા હતા.

જયનો ચિડાયેલો, ગુસ્સામાં લાલ થઈ ગયેલો ચહેરો એને કહેતો હતો, “ડેડ સાચું કહે છે, તને આરગ્યુમેન્ટ કરવાનો શોખ છે, પ્લીઝ મોમ...હું એઇટીન યર્સનો છું. મેચ્યોર ઇનફ મારે શું કરવું જોઈએ અને શું નહીં...માઇન્ડ યોર ઓન બિઝનેસ...વીલ યુ? તું પ્લીઝ ઇન્ડિયા જા અને ત્યાં જ રહે.”

સુરેશ એની સામે જોઈને તુચ્છકારપૂર્વક હસી રહ્યો હતો, “એક વર્ષ મને ખવડાવવા અને મને જોબ અપાવવા સિવાય તેં કર્યું શું મારા માટે?”

રીમાની આંખો લગાતાર વહી રહી હતી. એને બંને કાન પર હાથ મૂકી દીધા હતા અને છતાં સુરેશનો અવાજ એને સંભળાઈ રહ્યો હતો. એનો ચહેરો એની સાવ નજીક આવી ગયો હતો, “તો શા માટે વારે વારે પાછી આવે છે?” સુરેશનો અવાજ તલવારની ધાર જેવો થઈ ગયો હતો, “રહેને તારા ઇન્ડિયામાં...કોઈ સંઘરતું નથી તને, ક્યાંય.” એના ચહેરા ઉપર એક વીંધી નાખે એવું સ્મિત હતું, “ન ઇન્ડિયામાં, ન લંડનમાં... તું ક્યાંય ટકી શકતી જ નથી. તને કોઈ સાથે ફાવતું નથી.”

દેવિના ચીસો પાડીને કહી રહી હતી, “તને કમાવામાં રસ હતો, છોકરાંઓને મોટા કરવામાં નહીં. તું તારા બેંકના સ્ટેટમેન્ટમાં એ જ જોતી રહી કે તારા ખાતામાં કેટલા પાઉન્ડ્ઝ વધ્યા, તેં ક્યારેય એ જોયું જ નહીં કે અમારા રિપોર્ટકાર્ડમાં અમારા કેટલા માર્ક ઘટ્યા...તારી ઉંમરમાં કેટલાં વર્ષ ઓછાં દેખાડી શકાય એની પાછળ બહુ ટાઇમ કાઢ્યો તેં...પણ અમારી ઉંમરમાં કેટલાં વર્ષ વધ્યાં એ ક્યારેય નથી જોયું...”

રીમાને ચારે તરફથી દીવાલો જાણે પોતાની તરફ ખસતી હોય. એમ લાગ્યું. આંખે અંધારું આવવા માંડ્યું. ચીસાચીસ કરીને એણે ચારે તરફ દોડવા માંડ્યું...

માથું ભીંતમાં પછાડવા માંડ્યું.

જાતે જ પોતાના વાળ ખેંચવા માંડ્યા. શરીર પર નહોર ભરવા માંડ્યા, પલંગ પર પાથરેલી ચાદર ખેંચીને ફેંકી દીધી. ગોઠવેલી ક્રોકરી એક પછી એક છૂટી ફેંકવા માંડી...

રીમાને લાગ્યું કે એનું માથું ફાટી જશે. એની નસોમાં વહેતું લોહી ધમધમવા લાગ્યું હતું.

આખી જિંદગી કરેલી મહેનત અને વાવેલાં વર્ષો એક જ મિનિટમાં એની પોતાની દીકરીએ શૂન્ય કરીને મૂકી દીધાં હતાં. એનો પોતાનો દીકરો એની સાથે વાત કરવા તૈયાર નહોતો, એનો પતિ એનાથી દૂર ભાગતો હતો...

રીમાને કદાચ પહેલી વાર તીવ્રતાથી સમજાયું હતું કે એ કેટલી એકલી, કેટલી એકલવાયી અને કેટલી અધૂરી હતી... આ સમજણે એની અંદર એક વિચિત્ર પ્રકારની લાગણી ઊભી કરી હતી.

ઘરમાં કોઈ નહોતું. રીમા ઉપર કદાચ માનસિક અસ્વસ્થતાનો હુમલો થયો હતો. એને સંભાળનાર, સાચવનાર કોઈ નહોતું આવા સમયે રીમા પોતાના કાબૂની બહાર નીકળી ગઈ હતી!

જમીન પર અને ભીંતમાં માથાં પછાડતી, વાળ ખેંચતી, ચીસો પાડતી રીમા ચારે તરફ આળોટતી હતી, જોર જોરથી રડતી હતી...

એ અસંબદ્ધ બોલી રહી હતી, "મેં બહુ પ્રેમ કર્યો છે. મેં મારું બધું જ આપી દીધું છે. મેં મારાં વર્ષો ખર્ચી નાંખ્યાં, મારી જિંદગી આપી દીધી. વહાલ, લાગણી, સ્નેહ, કાળજી શું નથી આપ્યું મેં? મને એ ઘરના પુરુષ બનવાની ફરજ પાડી. મારે તો સ્ત્રી જ થવું હતું, ગૃહિણી જ બનવું હતું. તમામ રીતે આપીને જીવવું હતું...મારી પાસે બધું લઈ લીધું, હું એકલી છું, હું ખોટી પડી... સાવ ખોટી, સાવ એકલી, સાવ અધૂરી..."

રડતાં રડતાં માથાં પછાડતાં એ ક્યારે બેભાન થઈ ગઈ એની એને પોતાને જ ખબર નહોતી...

*

સોનાલી દોડતી ઘરમાં દાખલ થઈ. હંમેશની જેમ જ દોડીને માધવીને વીંટળાઈ, "હાય મોમ..."

માધવીએ બે હાથે સોનાલીનો ચહેરો પોતાના હાથમાં પકડ્યો, "કેટલી દૂબળી થઈ ગઈ છે તું?" સોનાલીએ માધવીના મોઢા પર હાથ મૂકી દીધો એ પોતે બોલવા લાગી, "આંખની નીચે ડાર્ક સર્કલ થઈ ગયાં છે. કેટલા ઉજાગરા કરે છે...તમારી કેન્ટીનમાં ખાવાનું સારું નહીં જ મળતું હોય, મલ્ટીવિટામિન પણ નહીં જ લેતી હોય...આમ ને આમ કેવી થઈ ગઈ છે જો..." સોનાલીએ બોલવાનું પૂરું કર્યું, માધવીના મોઢા પરથી હાથ લીધો અને ખડખડાટ હસી પડી, "આટલું જ, કે બીજું કંઈ કહેવાનું છે?"

"કર કર...તારી માની મશ્કરી કર..."

"મોમ!" સોનાલી ફરી એને લપેટાઈ, "હું જાણું છું તને મારી ચિંતા થાય છે, પણ બહારગામ રહીને ભણું છું, ગમે તેટલું કરું તોય ઘર જેવું તો નહીં જ ને મા?"

"મેં તારા પપ્પાને પહેલાં જ ના પાડી હતી..." માધવી સોનાલીના વાળમાં હાથ ફેરવી રહી હતી, "તેલ તો નાંખતી જ નથી..."

"મમ્મી, તું નક્કી કર તારે શું કહેવું છે?" સોનાલી હસી રહી હતી અને મહેન્દ્ર સામાન લઈને દાખલ થયો.

"આટલાં વરસોમાં નક્કી નથી કરી શકી હવે શું નક્કી કરવાની?"

"હાસ્તો!" માધવીનો અવાજ અચાનક બદલાઈ ગયો, "હવે તો ગણતરીના દિવસો બાકી છે."

"માધવી!" મહેન્દ્રએ બેગ જોરથી મૂકી દીધી.

"મોમ!" સોનાલીએ કહ્યું અને માધવીને બંને હાથે ભીંસી દીધી, "આવું નહીં જ બોલવાનું"

"કેટલા દિવસ રોકાવાની છે?" માધવીએ સોનાલીની સામે જોઈને વાત બદલી.

"પરમદિવસે જવું પડશે, મારા સબમીશન ચાલે છે."

"સારું…"

સોનાલીએ મહેન્દ્ર સામે નવાઈથી જોયું. સોનાલી જેટલી વાર ઘરે આવતી એટલી વાર સોનાલીના રોકાવા વિશે માધવીને ફરિયાદ રહેતી. એ જેટલું રહે એટલું માધવીને ઓછું જ લાગતું. આજે પહેલી વાર માધવીએ જે રીતે સ્વાભાવિકતાથી સોનાલીના જવા વિશે 'સારું' કહી દીધું એનાથી સોનાલી સમજી કે નહીં પણ મહેન્દ્ર ચોક્કસ સમજ્યો કે માધવીએ માયા મૂકવા માંડી છે.

આખી સાંજ માધવી અને સોનાલી વાતો કરતાં રહ્યાં, એની કૉલેજની, મિત્રોની, ભણવાની…અને બીજી જાત જાતની વાતો..

આમ પણ સોનાલી આવે ત્યારે માધવીને એના વિશે રજેરજ જાણવાની ઉત્સુકતા રહેતી. એ એના મિત્રોને ઓળખતી હોય કે નહીં, જાણતી હોય કે નહીં પણ બધા વિશે એ સવાલો પૂછતી - અને સોનાલી પણ માધવીને બધું જ કહેતી.

"અને સુજય?" એના વિશે તો તે કંઈ કહ્યું જ નહીં. માધવીએ પૂછ્યું.

છેલ્લા થોડા વખતથી સોનાલી સુજય નામના છોકરા વિશે વારંવાર વાત કર્યા કરતી. બંગાળી મા અને કેરાલિયન ક્રિશ્ચિયન પિતાનો દીકરો સુજય સોનાલીના કહેવા મુજબ 'જીનિયસ' હતો. આમ, સોનાલીથી એક વર્ષ સિનિયર હતો, પણ સોનાલીની દોસ્તી હજી હમણાં જ થઈ હતી.

એન.આઇ.ડી.માં ગ્રાફિક્સ ભણતી સોનાલી આમ બહુ રિઝર્વ્ડ હતી. એને બહુ મિત્રો નહોતા. ગણેલાં બે-ચાર નામ જ ફરી ફરીને માધવીના કાને અથડાયાં કરતાં, જેમાં મોટે ભાગે છોકરીઓ જ હતી…

છેલ્લા છ-એક મહિનામાં આ 'સુજય'નું નામ સોનાલીના મોઢે વારંવાર સાંભળવા મળતું. માધવી સ્પષ્ટ રીતે સમજી શકી હતી કે સુજય ધીમે ધીમે સોનાલીની નજીક આવતો જતો હતો. પહેલી વાર જેણે માત્ર સુજયનો ઉલ્લેખ કર્યો હતો એની વાતોમાં ધીમે ધીમે સુજય એટલો તો ફેલાતો જતો હતો કે એની દરેક વાત સુજયની આસપાસ ગોઠવાયેલી જોવા મળતી.

"સુજય? એને પણ આવવું હતું" સોનાલીએ કહ્યું, "પણ, મને કહે તું તો ફ્લાઇટમાં જઈશ…મારી પાસે એટલા પૈસા નથી…"

મહેન્દ્ર અને માધવીએ એકબીજા સામે જોયું.

"આવવું હતું એટલે? આપણે ઘેર?" માધવીએ પૂછ્યું.

"હા, એ તને મળવા માંગે છે."

"ઓહ!" માધવી મહેન્દ્ર સામે જોઈ રહી, "મને કંઈ થઈ જાય એ પહેલાં મારે પણ એને મળવું છે."

માધવીનું એ વાક્ય એટલું અર્થસૂચક હતું કે ત્રણે જણા ચૂપચાપ પોતાની રીતે એનો અર્થ કાઢવાનો પ્રયાસ કરતાં રહ્યાં. મહેન્દ્ર પથ્થરની બેઠક પાસે જઈને બારી ઉઘાડીને સમુદ્ર તરફથી આવતી હવા અનુભવતો રહ્યો.

"આ સુજય..." મહેન્દ્રએ અચાનક ફરીને જોયું તો માધવી એની પાછળ ઊભી હતી. એનો હાથ મહેન્દ્રના ખભા પર હતો, "આ સુજય વિશે જરા વિસ્તારથી પૂછો તમારી દીકરીને... હું માનું છું ત્યાં સુધી વાત સિરિયસ છે."

"તું ખરી છે મોમ! તને કેવી રીતે...આઇ મીન...તું સમજી...એટલે..." સોનાલી ઝડપથી બે ડગલાં આગળ આવી, "હું કહેવાની જ હતી પણ..."

"બેટા, મારા શરીરનો ભાગ છે તું...મારા લોહી માંસમાંથી ઘડાઈ છે તું! તારી આંખ જોઈને તારી લાગણી ન સમજું હું?"

"સોનુ બેટા" મહેન્દ્રએ હાથનો ઇશારો કરીને સોનાલીને પાસે બોલાવી, "એને બોલાવી લે." સોનાલી આવીને મહેન્દ્રને ભેટી પડી. મહેન્દ્રનો હાથ સોનાલીના વાળમાં ફરી રહ્યો હતો, "અમારે મળવું છે એને..."

*

18

કોણ જાણે ક્યાં સુધી રીમા બેભાન રહી હશે. એની આંખો ખૂલી, બરાબર ત્યારે જ ઘડિયાળમાં રાતના બે વાગ્યાના ડંકા પડ્યા. એ ઘરમાં એકલી જ હતી. વિખરાયેલી ચાદર, ફેંકેલી વસ્તુઓ, ક્રોકરી અને બીજું બધું ઘરમાં તહસ-નહસ થઈને ફેલાયેલું પડ્યું હતું. ઘોર અંધારું હતું. બહારથી આવતી સ્ટ્રીટ લાઇટના આછા ઉજાસમાં ઘર ભેંકાર લાગતું હતું.

રીમાએ કપાળ ઉપર હાથ ફેરવ્યો. બે-ત્રણ ઢીમણાં ઊપસી આવ્યાં હતાં. માથું અસહ્ય દુઃખતું હતું. આઠ-દસ દિવસના તાવ પછી શરીરમાં જેવી અશક્તિ આવે એવી અશક્તિ એને અનુભવાઈ રહી હતી. એ જમીન ઉપર ચત્તીપાટ પડી હતી. એનાં કપડાં અસ્તવ્યસ્ત હતાં. એ ધીમે રહીને ઊભી થઈ...

એણે ચારે તરફ જોયું. એક ભયાનક તોફાન આવીને પસાર થઈ ગયું હતું. હજી થોડા જ કલાકો પહેલાંની એની પોતાની મનોદશા વિશે વિચારતાં રીમાને ફરી એક વાર ડૂમો ભરાઈ ગયો.

એ બાજુમાં મૂકેલા સિંગલ સોફા-ચેર પર બેસી ગઈ. પગ વાળીને ઉપર લઈ લીધા અને ઘૂંટણની આસપાસ હાથ લપેટીને, માથું બે ઘૂંટણની વચ્ચે નાખી દીધું.

એને જે કંઈ બની ગયું એ પછી જાતનો ભય લાગવા માંડ્યો હતો. એ પોતાની જાતને એકદમ સ્વસ્થ અને સંતુલિત સમજતી હતી. જિંદગીની દરેક પરિસ્થિતિઓમાંથી પોતે સાંગોપાંગ બહાર નીકળી હતી એમ માનતી હતી. સુરેશ સાથેના સંબંધ-વિચ્છેદને પણ એણે બહુ જ સમજદારી અને સ્વસ્થતાથી સ્વીકાર્યો હતો એવું એનું પોતાનું માનવું હતું. દરેક ઊબડખાબડ રસ્તાઓ, દરેક તકલીફો, દરેક સમસ્યા સામે એણે હંમેશાં સ્વસ્થ રહીને સામનો કર્યો હતો એવો એને ગર્વ હતો.

ગઈ કાલે સાંજના જે કંઈ બન્યું એ પછી એને લાગ્યું કે એ બધો ભ્રમ હતો. દરેક ઘટના, દરેક પરિસ્થિતિએ એના મન ઉપર એક ઉઝરડો તો પાડ્યો જ હતો. ધીમે ધીમે એ નાના નાના ઉઝરડા ક્યારે ઊંડા ઘા બની ગયા એની એને પોતાને જ ખબર નહોતી પડી, કદાચ!

રીમા સોફા પર બેસીને, ઘૂંટણમાં માથું નાખીને વિચારી રહી હતી, "મારે અહીં પણ મનોચિકિત્સકની સારવાર લેવી જોઈએ. આમ ને આમ તો મને વધુ ડિપ્રેશન આવી જશે." સાંજે જે કંઈ બન્યું એ પછી ફરી આવું નહીં બને એવું કોઈ વચન નહોતું એની પાસે. એ સ્કીઝોફેનિયાનો કે ડિપ્રેશનનો હુમલો નહોતો એવું તો કોઈ ખાતરીપૂર્વક કહી શકે એમ નહોતું જ.

સામાન્ય રીતે સતત સ્વસ્થ રહેનારી, ચહેરા પર મહોરું પહેરી રાખનારી, મેક-અપ કરેલી, સ્મિત કરતી રહેતી, કાર્યદક્ષ, સતત સફળ રહેનારી અને પોતાની જાત વિશે ઊંચો અભિપ્રાય ધરાવતી રીમા અચાનક જ આવી કેમ બની ગઈ એની એને પોતાને નવાઈ લાગી.

એ ઊભી થઈ. ધીમાં ડગલાં ભરતી બેડરૂમમાં પહોંચી. એણે લાઇટ કરી.

"સંતાનો કે પતિ પોતાને છોડી દે કે એકલી પાડી નાખે એનાથી કયું આકાશ તૂટી પડે છે?" રીમાએ વિચાર્યું, "માધવીને તો ખુદ પોતાની જિંદગી છોડીને જઈ રહી છે એ પણ ધીરે ધીરે, ટુકડે ટુકડે... એને પોતાને જ નથી ખબર કે એની સાથે શું થવાનું છે છતાં માધવી કેટલી હિંમતથી આખી પરિસ્થિતિનો સામનો કરી રહી છે..." રીમાની આંખો ભરાઈ આવી, "મને કોઈ અધિકાર નથી ફરિયાદ કરવાનો કે આવી બધી વાતોમાં જાતને પંપાળવાનો. જેને જે કરવું હોય તે કરે, હું મારી જિંદગી જીવીશ, મારી રીતે અને મારા માટે." એ અરીસામાં જોઈ રહી હતી. કપાળ પર ઊપસી આવેલાં ઢીમણાં, ચહેરા પર પોતે જ મારેલા નહોર અને વિખરાયેલા વાળ સાથે પછડાવાના કારણે કાનની નીચે જડબા પાસે એક લીલું ચકામું પણ ઊપસી આવ્યું હતું.

એણે હળવે હાથે બધે જ ટેરવાં ફેરવ્યાં. પછી ઊંડો શ્વાસ લીધો. બાથરૂમમાં જઈને ગીઝર ચાલુ કર્યું. બેગ ખોલીને પહેરવાનાં કપડાં કાઢ્યાં...

શાવર ચાલુ કરી એમાંથી આવતાં ગરમ પાણીનાં ટીપાં ક્યાંય સુધી શરીર પર પડીને વહી જવા દીધાં. એ શરીર જ નહીં, કદાચ મન પણ ધોઈ રહી હતી!

દેવિકાએ કહેલી વાતો, સુરેશના શબ્દો, જયની તોછડાઈ અને મહેણાં.... એણે બધું જ ધોવા માંડ્યું - હળવે હાથે! સુગંધી સાબુ શરીર પર ફરતો રહ્યો થોડા કલાકો પહેલાં ખભા પર વધી ગયેલો બોજ ધીમે ધીમે ધોવાઈને, ફીણ ફીણ થઈને બાથરૂમના સિન્કમાં ઊતરતો રહ્યો.

એ નહાઈને નીકળી ત્યારે ઘણુંબધું ધોવાઈ ચૂક્યું હતું. એણે ભીના વાળ ટોવેલથી ઘસીને કોરા કર્યા. રાતનાં કપડાં પહેર્યાં. ઝીણાં ઝીણાં ભૂરા ફૂલોવાળી સફેદ ચાદર પર આડી પડી ત્યારે શરીર પર બ્લેન્કેટ ખેંચતાં એને અજબ જેવી હળવાશનો અનુભવ થયો.

જે લોકોએ થોડાં વર્ષો પહેલાં જ એને એકલી છોડી દીધી હતી એ લોકોને આજે જાણે એણે પોતાના મન પરથી ખંખેરી કાઢ્યાં, અથવા ધોઈ કાઢ્યાં...

"હવે એમને મારી જરૂર હશે તો હું છું... પણ એમની પાછળ નહીં ભાગું. આમ દોડતાં દોડતાં હાંફી ગઈ છું હું! મને છેક અત્યારે અહેસાસ થયો છે કે જેની પાછળ દોડતી હતી એ સંબંધોનાં મૃગજળ તો જિંદગીના રણમાં દૂર ને દૂર થતાં રહ્યાં." એણે આંખો મીંચી દીધી, "એ ક્યારેય હતાં જ નહીં. બસ, મને જ લાગતું રહ્યું કે એ છે અને હું દોડતી રહી. હવે બસ! સ્વીકાર માટે, લાગણી માટે કે પ્રેમ માટે કોઈ લેવડ-દેવડ નહીં કરું હું." એણે મનોમન નક્કી કર્યું. ઊંડો શ્વાસ લઈને ઊંઘવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

ખાસ્સી વાર સુધી પડખાં બદલતી રહી, એકાદ વાર ઊંઘની ગોળી લેવાનો વિચાર પણ આવ્યો એને. પણ એણે મન મક્કમ કરીને જાતને શાંત કરવાનો પૂરેપૂરો પ્રયત્ન કર્યો... માધવીના, મહેન્દ્રના, સોનાલીના, પોતાના બાળપણના, ગામના ઘરના, સહેલીઓની સાથે રમાતી રમતોના... કોણ જાણે શું વિચારો કરતાં કરતાં ક્યારે

એની આંખો મીંચાઈ ગઈ. એને ક્યારે ઊંઘ આવી ગઈ એની એને પોતાને જ ખબર ના પડી.

એની આંખ ઊઘડી ત્યારે એના સેલફોનની રિંગ જોરજોરથી વાગતી હતી. એનું આખું શરીર દુ:ખતું હતું. માથામાં જાણે કોઈએ જોરદાર ફટકો માર્યો હોય એમ મગજ સુન્ન થઈ ગયું હતું. એણે મહામુશ્કેલીએ આંખો ખોલી. સૂરજનો તડકો તીરની જેમ એની આંખમાં પેસી ગયો.

એણે મહામહેનતે હાથ લંબાવીને થોડે દૂર પડેલો સેલફોન ઉઠાવ્યો અને કાને લગાડ્યો.

“બોલ...” એના અવાજમાં રાતનો ભાર હતો.

“તારી તબિયત સારી નથી?” માધવીએ ચિંતાથી પૂછ્યું.

“એવું કંઈ નથી. આજે જરા વધારે ઊંઘી ગઈ.” રીમાએ એક જ ક્ષણમાં નક્કી કર્યું કે ગઈ કાલ રાતની ઘટના વિશે માધવીને નથી કહેવું, “હજી હમણાં જ ઊઠી છું.”

“રસોઈની કડાકૂટ નહીં કરતી. સોનુ આવી છે. હું ગાડી મોકલું છું.”

“સારું...” રીમાએ પહેલાં તો કહી દીધું. પછી અચાનક એને ખ્યાલ આવ્યો કે એના ચહેરા પર ગઈ કાલ રાતની ઘટનાના ઓછાયા એમ જ છે. કપાળમાં ઢીમણાં, ચહેરા પરના ઉઝરડા અને રડવાથી સૂઝી ગયેલી આંખો લઈને એ કેવી રીતે માધવીને મળશે?

“સાંભળ... મને આજે બહાર નીકળવાની ઇચ્છા નથી.”

“શું વાત કરે છે? સોનુ કાલે જતી રહેવાની છે. તારે સોનુને નથી મળવું?” સામાન્ય રીતે રીમા સોનાલીને મળવા અમદાવાદ સુધી જતી. માધવીની આવી હાલતમાં સોનાલી મુંબઈ આવી હતી અને રીમા એને મળવાની ના પાડતી હતી એ આખી વાત જ એને ગળે નહોતી ઊતરતી, “રીમા, બધું બરાબર તો છે ને?” જાણે કે માધવીને રીમાના મનની હાલત સમજાઈ ગઈ હોય એવી રીતે એણે શંકાભર્યા અવાજે પૂછ્યું.

“બરાબર જ છે. મારે ક્યાંય નથી નીકળવું બસ, એમ જ...”

છતાંય કદાચ રીમાનો અવાજ ધ્રૂજ્યો હશે, એ ધ્રુજારી પકડીને માધવીએ પૂછ્યું, “દેવિના સાથે વાત થઈ?”

“થઈ...” એ પછી ખાસ્સી ક્ષણો રીમા ચૂપ રહી. માધવી સમજી શકી કે મા-દીકરી વચ્ચેની વાતચીતનો સૂર બહુ મીઠો કે સારો નહીં રહ્યો હોય, એટલે એણે પણ આગળ પૂછવાનું ટાળ્યું.

થોડી વાર બંને ચૂપ રહ્યાં. પછી શી વાત કરવી એ ન સમજાતાં રીમાએ પૂછ્યું, “સોનુને... કહ્યું?”

"એને તો ખબર જ છે." માધવીના અવાજમાં સ્વાભાવિકતા હતી, "તને એક ખુશખબર આપવાના છે. સોનુ એક છોકરાની સાથે…"

"શું વાત કરે છે!!" રીમાના અવાજમાં ઉત્સાહ આવી ગયો, "કોણ છે?"

"સુજય છે… એનાં મધર બેંગોલી છે અને ફાધર કેરાલિયન ક્રિશ્ચિયન…"

"ક્રિશ્ચિયન?" રીમાનો અવાજ સહેજ મંદ પડ્યો.

"શું ફરક પડે છે રીમા? આપણે તો છોકરા સાથે સંબંધ છે, એના ધર્મ સાથે નહીં. સોનુ એની સાથે ખુશ રહેતી હોય તો આપણે બીજું શું જોઈએ?"

"પણ બરાબર તપાસ કરજો."

"એ તો મહેન કરશે ને!" માધવીના અવાજમાં એક જાતની શાતા હતી, "એણે મારા જતાં પહેલાં નક્કી કરી નાખ્યું એ વાતે જ મને…" એણે ક્ષણેક મૌન રહીને ડૂમો ગળે ઉતાર્યો, "મને હતું કે મારા જતા પહેલાં આ છોકરીનું કંઈ…"

"તને આ મરવાની વાત કરી કરીને બહુ મજા આવતી લાગે છે."

"રીમા!" માધવીના અવાજમાં સાચે જ પીડા હતી, "સાચું કહું તો જેટલી વાર હું બોલું છું એટલી વાર સાંભળવાનો પ્રયત્ન કરું છું આ વાત. હું તમને કહું છું, એનાથી વધારે હું મારા મનને કહું છું. રીમા, બહુ અઘરું છે. આ હર્યોભર્યો સંસાર છોડીને, એમ ચાલી નીકળવું…" માધવીનું ગળું હવે ઘણો પ્રયત્ન કરવા છતાં ભરાઈ આવ્યું હતું.

રીમા સાંભળતી રહી, માધવી જે કંઈ કહેતી હતી તે! પણ એના મનમાં એ જ સમયે સમાંતર વિચારો ચાલતા હતા, 'આમ તો હું પણ હર્યોભર્યો સંસાર મૂકીને જ ચાલી નીકળી છું. ફરક માત્ર એટલો છે કે માધવીના શ્વાસ ખૂટ્યા છે અને મારો વિશ્વાસ…'

"તું આવે છે?" માધવીએ ફરી પૂછ્યું. આ બધી વાતો થયા પછી ઘણી ઇચ્છા હોવા છતાં રીમાએ ના પાડી. માધવીએ અણગમાથી ફોન મૂકી દીધો.

રીમા વિચારતી રહી, 'જિંદગીનો કયો પડાવ છે આ? હવે અહીંથી ક્યાં લઈ જવાની છે જિંદગી? કે પછી અહીં જ બધું પૂરું થાય છે? આગળ કશું નથી, એક ડેડ એન્ડ મારી રાહ જોઈ રહ્યો છે…' પથારીમાં પડી પડી રીમા બારીમાંથી આવતા તડકાને ઝીલતી રહી. ક્યારેક આંખો મીંચીને તો ક્યારેક આંખો ઉઘાડીને તડકા તરફ જોતી રહી, 'આમ તો બધું જ આ તડકા જેવું હોય છે.' એના વિચારો ચાલી રહ્યા હતા, 'તમે ઇચ્છો કે નહીં, તમારી ચામડીને અડીને પસાર થઈ જાય, દઝાડે, તતડાવી નાખે… પણ એના વિના જીવન સંભવ નથી. આ તકલીફો, આ પ્રોબ્લેમ્સ, આ પીડાઓ જો હોય જ નહીં તો માણસની જિંદગીમાં રહે શું? શાના માટે દોડવાનું? શું મેળવવાનું? અને મેળવ્યા પછી શું ગુમાવવાનું?' રીમા ચહેરા પર સ્મિત આવી ગયું, 'હું ફિલોસોફર થતી જાઉં છું?' એણે જાતને પૂછ્યું પછી ઊભી થઈ. બાથરૂમમાં જઈને ચહેરા પર ક્યાંય સુધી પાણીની છાલકો મારતી રહી…

એણે ચહેરો ઉઠાવીને અરીસામાં જોયું તો એને લાગ્યું કે એનો ચહેરો બદલાઈ ગયો હતો. આ એ રીમા હતી જ નહીં! એ જોતી રહી. પોતાના જ પ્રતિબિંબની આંખોમાં આંખો નાખીને, પછી એણે પોતાની જાતને જ કહ્યું, "એક નવો અધ્યાય શરૂ થાય છે રીમા, જિંદગીનું એક નવું પ્રકરણ! એક કોરો કાગળ લઈને નવેસરથી લખવાનું શરૂ કર..."

*

"મારા ડેડી તને મળવા માગે છે." સોનાલી સેલફોન પર સુજયને કહી રહી હતી.

"વાઉ! તેં એમને કહી દીધું?"

"કહેવાની જરૂર જ ના પડી. મારાં મા-બાપ મને બહુ જ સારી રીતે ઓળખે છે. સુજય..." સોનાલીએ ઊંડો શ્વાસ લીધો, "મારી મમ્મી કદાચ..."

"કમ-ઓન... આપણે તો આવું નહીં જ વિચારવાનું." સુજયે કહ્યું, પણ એને પોતાનો જ અવાજ બોદો લાગ્યો, "હું આજે જ આવી જાઉં. બારની ફ્લાઇટ છે."

"હવે તને ફ્લાઇટના પૈસા ભારે નહીં પડે?" સોનાલી હસી પડી, "મારા બાપા પૈસાવાળા છે એવું કહેતો હતો તું તો..."

"મેરા સસુરા બડા પૈસેવાલા..." સુજયે ગાયું પછી ધીમેથી કહ્યું, "હું ઇમરજન્સી સમજું છું. તારી સાથે જ આવી શક્યો હોત. પણ એ લોકોનું મન જાણીને આવું તો વધારે સારું એવું મને લાગ્યું." સુજયનો અવાજ ભારે થઈ ગયો, "સોનુ, એ લોકો એમની નબળી ક્ષણોમાં મને સ્વીકારે એવું હું નહોતો ઇચ્છતો. તું એમની સાથે વાત કરે પછી..." એણે થોડી ક્ષણ ચૂપ રહીને ઉમેર્યું, "તારાં મમ્મી-ડેડી કદાચ મારા ડેડી વિશે અથવા મારા ક્રિશ્ચિયન હોવા વિશે અથવા નોન વેજિટેરિયન હોવા વિશે..."

"કમ ઓન સુજય... મારાં મમ્મી-ડેડીને એ બધા સાથે કોઈ નિસબત નથી. એ લોકો બહુ જુદાં છે."

"સમજું છું, પણ તેં જે કંઈ કહ્યું એ પછી મને લાગ્યું કે કદાચ ઓર્થોડોક્સ ગુજરાતી ધાર્મિક કુટુંબમાં... આઇ મીન... આઇ લવ યુ સોનુ... પણ તારાં મમ્મી-ડેડીને દુ:ખી કરીને મને કંઈ નથી જોઈતું. તું પણ નહીં..."

"ઓર્થોડોક્સ?" સોનાલી હસી પડી, "એ લોકો ઓર્થોડોક્સ નથી. સંસ્કૃતિ અને પરંપરામાં માને છે. સભ્યતાને આદર આપે છે. ધર્મ અમારા ઘરમાં દીવા-બત્તી કે પૂજા નથી સુજય, અમારા ઘરમાં ધર્મ એ જીવનશૈલી છે. તું અહીંયાં આવીશ એટલે સમજીશ. મારાં મમ્મી-પપ્પા જુનવાણી નથી, છતાં એવાં મૉડર્ન પણ નથી... મારા પપ્પા લેપટોપ વાપરે છે. મારી મમ્મી માઇક્રોવેવ ચલાવી શકે છે, પણ અમારા ઘરમાં કોઈ માણસ દુ:ખી થાય એ અમને ગમતું નથી. અમે યંત્રો કરતાં માણસમાં વધારે વિશ્વાસ કરીએ છીએ સુજય..."

"હું ક્રિશ્ચિયન છું એ કહ્યું તેં?"

"એ તો પહેલાં જ કહી દીધું હતું..." સોનાલી હસી રહી હતી, "એ લોકો તને પાસ કે નાપાસ તારા સ્વભાવ, તારા સંસ્કાર અને તારી સમજદારી પરથી કરશે. તારા ધર્મ કે તારા ખાવા-પીવાની ટેવો પરથી નહીં."

"થેન્ક ગૉડ... હું નીકળું છું." સુજયે મજાક કરી, "કહી દેજે મારા સસરાને, ક્વેશ્ચન પેપર તૈયાર રાખે."

*

19

સુજયના માન્યામાં નહોતું આવતું, કોઈ ગુજરાતી કુટુંબ આટલા આનંદથી અને આટલી સ્વાભાવિકતાથી એક વિધર્મી જમાઈને સ્વીકારી લે, એ પણ એમની એકની એક દીકરી માટે!

એ બપોરે નીકળીને સોનાલીને ત્યાં પહોંચ્યો ત્યાં સુધી એના મનમાં એક ફફડાટ હતો. સોનાલી ભલે કહેતી, પણ એ જાણતો હતો સંબંધોને, માણસના સ્વભાવને...

સુજયનાં માતા-પિતા એકબીજાની સાથે નહોતાં રહેતાં. દસ વર્ષના સુજયને બોર્ડિંગમાં મૂકીને એમણે છૂટાં પડવાનો નિર્ણય કર્યો હતો. બોર્ડિંગ સ્કૂલનું એક વૅકેશન સુજય મા સાથે, તો બીજું પિતા સાથે વિતાવતો. ફૂટબોલની જેમ આમથી આમ ફેંકાતો રહેલો સુજય ધીમે ધીમે માનવસંબંધોને કડવાશથી અને સ્પષ્ટતાથી ઓળખતો થઈ ગયો હતો. કહેવાના એક અને જીવવાના જુદા એવા કેટલાય સંબંધોને એ નાનપણથી જ ઓળખતો થઈ ગયો હતો.

એને માટે કુટુંબ નામની કોઈ સંસ્થા અસ્તિત્વ ધરાવતી જ નહોતી. બાળપણથી જ એકલવાયો અને અધૂરી ઓળખાણ સાથે જીવેલા સુજયને લાગતું કે લેવડ-દેવડ વિનાનો કોઈ સંબંધ સંભવી શકે જ નહીં. નિ:સ્વાર્થ પ્રેમ નામની કોઈ વસ્તુ છે જ નહીં. માણસ માત્ર એકબીજા સાથે સ્વાર્થને કારણે જોડાય છે અને સ્વાર્થ પૂરો થઈ જતાં છૂટો પડે છે...

સુજયની મમ્મી એને હંમેશાં પિતા વિરુદ્ધ અને પિતા હંમેશાં એની મમ્મી વિરુદ્ધ ચડાવતા રહેતા. બંને એકબીજાની ભૂલો મેગ્નિફાઇંગ ગ્લાસમાં જોઈને સુજયને પણ દેખાડવાનો પ્રયત્ન કરતા. દસ વર્ષનું બાળક મા-બાપના ઝઘડામાં એવું તો અટવાયું હતું કે એને સમજાતું જ નહોતું કે સાચું કોણ!

તેર વર્ષ સુધી - એટલે છ વૅકેશન એણે વારાફરતી મમ્મી-પપ્પા સાથે ગાળ્યાં. એ પછી સીધો શાળાના પ્રવાસમાં જોડાવા લાગ્યો. ઘરે જવાની ના પાડતો... મમ્મી-પપ્પા મળવા આવે તો પણ એમની સાથે હોટેલમાં રહેવાને બદલે હોસ્ટેલમાં જ રહેતો...

સમય વીતતો ગયો એમ એમ એની અંદર સંબંધો પરત્વે એક ઉદાસીનતા આવતી ગઈ. એને દરેક વખતે થતા અનુભવ માણસના માણસ પરત્વેના અભિગમને વધુ કડવો અને વધુ નિ:સ્પૃહ બનાવતા ગયા.

સુજયને ભાગ્યે જ મિત્રો બનતા, બનતા તો ટકતા નહીં... જે એક-બે મિત્રો એની બોર્ડિંગ સ્કૂલથી જાણતા એમની સાથે એનો સંબંધ એમ જ હતો. એ એને ઓળખતા - સમજતા. એની કડવાશનું કારણ અને એકલવાયા રહેવાની ટેવને સમજી શકતા. પણ દરેક માણસ માટે એ સંભવ નહોતું. સામાન્ય લોકોને સુજય અભિમાની, તોછડો અને વિચિત્ર લાગતો.

સોનાલીને પણ શરૂઆતમાં એવું જ લાગેલું.

પહેલા વર્ષે સોનાલી જ્યારે એન.આઇ.ડી.માં દાખલ થઈ ત્યારે સુજય એનાથી બે વર્ષ સિનિયર હતો. હલકા-ફૂલકા રેગિંગની એક સાંજે એની અને સુજયની ઓળખાણ થઈ. બાકીના લોકો જ્યારે હસતા-રમતા તોફાન કરી રહ્યા હતા ત્યારે એક ખૂણામાં બેસીને પુસ્તક વાંચી રહેલો સુજય એને 'સુડો' અથવા વેદિયો લાગેલો...

જેમ જેમ ઓળખાણ થતી ગઈ એમ ક્યારેક વિચિત્ર, ક્યારેક અભિમાની, ક્યારેક તોછડો અને બદઝુબાન તો ક્યારેક અસહ્ય રીતે કડવો લાગતો...

સોનાલી બને ત્યાં સુધી એનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરતી. જોકે એનું કામ જ્યારે જ્યારે જોવા મળતું ત્યારે સોનાલીને સમજાતું કે સુજય જિનિયસ હતો. બીજાથી જુદી રીતે વિચારી શકતો...

એનાં પોસ્ટર્સ, એનાં ગ્રાફિક્સ અને એણે કરેલી ડિઝાઇન્સ કે સબમિટ કરેલા પેપર્સ એના ક્લાસના બીજા બધા કરતાં જુદા રહેતા. પ્રોફેસર્સ પણ એને બહુ માન આપતા.

સોનાલી આ માણસના વ્યક્તિત્વના વૈવિધ્યને જોઈને નવાઈ પામતી, પણ બને ત્યાં સુધી એની સાથે ચર્ચામાં પડવાનું ટાળતી. એન.આઇ.ડી. નાની સંસ્થા હોવાથી સિનિયર જુનિયર જેવો બહુ તફાવત નહોતો રહેતો. મોટા ભાગના વિદ્યાર્થીઓ બહારથી આવતા, એટલે વાતાવરણ કોસ્મોપોલિટન રહેતું. છોકરા-છોકરીઓની હોસ્ટેલ વચ્ચે પણ આવન-જાવનના નિયમો બહુ કડક નહોતા.

ક્રિયેટિવ કામ કરતા લોકોની આ દુનિયા પ્રમાણમાં ધૂની માણસોથી ભરેલી હતી. અહીં કામ કરવાના કલાકો પણ નિશ્ચિત નહોતા. મોડી રાત્રે કામ કરતા વિદ્યાર્થીઓનું દૃશ્ય અહીં સામાન્ય હતું.

ખાસ કરીને સબમિશન હોય કે કામ સમયસર પૂરું કરીને આપવાનું હોય ત્યારે તો મોટા ભાગના લોકો મોડી રાત સુધી કામ કરતા. આવી જ એક રાત્રે સોનાલી કમ્પ્યુટર પર કામ કરી રહી હતી.

સામાન્ય રીતે એ એકલી ક્યારેય ના આવતી. કોઈની ને કોઈની કંપની શોધીને એ કમ્પ્યુટર રૂમમાં પોતાની સાથે લઈ આવતી. તે દિવસે એને કોઈ કંપની નહોતી મળી.

એ એકલી કામ કરી રહી હતી. એને સોંપાયેલી ડિઝાઇન્સ બનાવીને એણે બે દિવસમાં આપી દેવાની હતી. એક એડ્વર્ટાઇઝમેન્ટનો આખો કેમ્પેઇન તૈયાર કરવાનો હતો. હોર્ડિંગ, ડેન્ગલર, પ્રિન્ટ એડ્ અને જિંગલનું સ્ટોરી બોર્ડ પણ તૈયાર કરવાનું હતું.

કામમાં એકદમ ગૂંથાયેલી સોનાલીને ખબર જ નહોતી પડી કે એની જ બેચનો એક છોકરો કમ્પ્યુટર રૂમમાં દાખલ થઈ ગયો હતો.

અહીં નશો કરવો સામાન્ય બાબત ગણાતી. કેટલાક લોકો એમ માનતા કે નશો કરવાથી ક્રિયેટિવિટી વધે છે. ચરસની સિગરેટો અને હુક્કામાં ગાંજો ભરીને પીતા કેટલાક જુવાનિયાઓમાં આસામથી આવેલો રઘુ પણ હતો. રઘુ સોનાલીની બેચમાં એની જ સાથે ભણતો હતો.

રઘુ જે રીતે દાખલ થયો એ જોઈને જ સોનાલી સમજી શકી કે રઘુ નશો કરીને આવ્યો હતો. એણે સોનાલીને ડિસ્ટર્બ કર્યા વિના એક કમ્પ્યુટર ચાલુ કરીને પોતાનું કામ શરૂ કર્યું. થોડી વાર તો એ ચૂપચાપ પોતાનું કામ કરતો રહ્યો.

થોડી થોડી વારે એ માથું ઝુકાવીને કમ્પ્યુટર પર ઢાળી દેતો, શિથિલ થઈ જતો. વળી પાછો આંખો ઉઘાડીને પ્રયત્નપૂર્વક કામ કરવાનું શરૂ કરતો. થોડી ટેન્શનમાં અને થોડી પોતાના કામમાં પરોવાવાનો પ્રયત્ન કરતી સોનાલી પણ પોતાની રીતે પોતાનું કામ કરતી રહી.

થોડી વાર પછી રઘુએ સોનાલી સામે જોયું. સોનાલી મનોમન ફફડી ગઈ, પણ કંઈ બોલ્યા વિના પોતાનું કામ કરતી રહી. રઘુ થોડી વાર એને જોતો રહ્યો. પછી રઘુ ઊભો થયો, સોનાલીની પાસે આવ્યો.

“મને જરા મદદ કરીશ?” રઘુનો અવાજ લથડતો હતો, જીભ લસરી જતી હતી. આંખો નશાથી મીંચાઈ જતી હતી.

“અ...હા, બોલને...” સોનાલીએ સ્વાભાવિક રહેવાનો પ્રયત્ન કર્યો. રઘુએ એના ખભા પર હાથ મૂક્યો અને સોનાલીના કમ્પ્યુટરના સ્ક્રીન પર ઝૂકીને જોવા લાગ્યો, “વાઉ! નાઇસ ડિઝાઇન... નવા કેમ્પેઇનનું કામ કરે છે...”

“હા.” સોનાલીના ખભા પર રઘુએ લગભગ આખા શરીરનું વજન નાખી દીધું હતું, અથવા કહો કે નંખાઈ ગયું હતું

“તને ખબર છે, આખા ક્લાસમાં સૌથી સિન્સિયર તું એકલી જ છે. દરેક વખતે ટાઇમસર વર્ક સબમિટ કરે છે એ પણ જિનિયસ વર્ક...”

“થેન્ક યુ...” સોનાલીએ ખભા ઊંચા કરીને રઘુનો હાથ કાઢી નાખવાનો પ્રયત્ન કર્યો. હાથ કાઢવાને બદલે રઘુએ હથેળીમાં હથેળી પરોવીને સોનાલીના ગળાની આજુબાજુ પકડ મજબૂત કરી.

“આખા ક્લાસમાં સૌથી સુંદર પણ તું જ છે.” રઘુએ પોતાનો ચહેરો સોનાલીના માથા પર મૂકીને ઘસવા માંડ્યો. હવે એના હાથ સોનાલીના ખભા પરથી નીચે સરકવા લાગ્યા હતા.

“શું કરે છે?” સોનાલીએ ઝટકો મારીને એને ખસેડ્યો. રઘુનું પોતાનું સંતુલન નહોતું એટલે એ પડ્યો. એ કંઈ કરે તે પહેલાં કમ્પ્યુટર સ્વીચ ઓફ કર્યા વગર સોનાલી કમ્પ્યુટર રૂમની બહાર નીકળી. સામે નિર્જન કોરિડૉર હતો. એ દોડતી બહારની તરફ જવા લાગી. એનું ધ્યાન જ નહોતું અને સામેથી આવતા સુજય જોડે ભટકાઈ.

એણે સુજયને લગભગ પકડી લીધો. એ હાંફવા લાગી.

“મને... મને મારા... મારી હોસ્ટેલ સુધી...” સુજયે કમ્પ્યુટર રૂમની લાઇટ ઓન જોઈ. એણે સોનાલીને હળવેકથી પોતાનાથી છૂટી પાડી. એનો હાથ પકડ્યો.

“શું થયું?” સુજયે ખૂબ જ સ્વસ્થ અવાજે પૂછ્યું.

સોનાલીએ ડોકું ધુણાવીને ના પાડી, પણ ના પાડતાં પાડતાં એને ડૂમો ભરાઈ ગયો. આંખો પલળી ગઈ. એક સંરક્ષિત પરિવારમાં ઊછરેલી, વ્યવસ્થિત રીતે વર્તતા લોકોને જોઈને મોટી થયેલી સોનાલી રઘુનું આવું વર્તન જોઈને ગભરાઈ ગઈ હતી.

"કોણ છે ત્યાં?" સુજયે પૂછ્યું.

"ર...ર... રઘુ..."

"એનાથી ડરી ગઈ?"

સોનાલીએ ડોકું ધુણાવીને હા પાડી, "મારું કમ્પ્યુટર ઓન છે. વર્ક ચાલુ હતું..."

"ચલ, જઈને બંધ કરી આવીએ." સોનાલીએ સુજયને બાવડેથી પકડી લીધો. લગભગ ધ્રૂજતા હાથે એમ જ પકડીને એની સાથે કમ્પ્યુટર રૂમમાં પહોંચી. રઘુ હજુ એમ જ જમીન પર આંખો બંધ કરીને પડ્યો હતો એ કંઈ પણ અસંબદ્ધ બકવાસ કરી રહ્યો હતો. સોનાલીએ ફાઇલો બંધ કરીને કમ્પ્યુટર શટડાઉન કર્યું, પણ સુજયે રઘુને ઊભો કર્યો. એનો હાથ પોતાના ગળાની આસપાસ લપેટ્યો. સોનાલીની તદ્દન અનિચ્છા છતાં રઘુનો બીજો હાથ સોનાલીના ગળાની આસપાસ નાખ્યો. રઘુને લગભગ ઘસડતાં એની હોસ્ટેલ છોડ્યો.

ત્યાંથી સોનાલીની હોસ્ટેલ જતાં સોનાલીથી રહેવાયું નહીં.

"મને હંમેશાં લાગતું હતું કે..."

"કે હું વિચિત્ર, તોછડો, કોઈને મદદ ના કરું એવો અભિમાની માણસ છું, રાઇટ?"

"આઈ મીન..." સોનાલી એની સામે જોઈ રહી. સુજય એનાથી લગભગ દોઢ વેંત ઊંચો હતો. ભીને વાન હોવાથી બંગાળી માનો ચહેરો વારસામાં મેળવીને ખાસ્સો નમણો દેખાતો હતો. નિયમિત કસરતને કારણે એના શરીરનો બાંધો સુદૃઢ અને વ્યવસ્થિત હતો.

સોનાલીએ આજે પહેલી વાર સુજયને ધ્યાનથી જોયો હતો. કેમ્પસની અંદરની સ્ટ્રીટ લાઇટ્સના ઝાંખા અજવાળામાં બંને જણાં ચાલતાં જઈ રહ્યાં હતાં.

"તું આવો કેમ છે?" સોનાલીએ સીધું જ પૂછી નાખ્યું.

"તું આવી કેમ છે? રઘુ આવો કેમ છે? પ્રોફેસર બેનરજી આવા કેમ છે? પ્રોફેસર આશુતોષ આવા કેમ છે? આ એન.આઇ.ડી.નું કેમ્પસ આવું કેમ છે? આ દુનિયા આવી કેમ છે? મારી પાસે આના કોઈ જવાબો નથી..." સુજય અદબ વાળીને ચૂપચાપ ચાલી રહ્યો હતો.

સોનાલીની હોસ્ટેલ આવી ગઈ. અંદર જતાં પહેલાં સોનાલી એક ક્ષણ ઊભી રહી. એણે સુજયની આંખમાં જોયું, પછી ધીમેથી કહ્યું, "થેન્ક્સ..."

"નોટ અ પ્રોબ્લેમ." સુજય પાછો જવા લાગ્યો. પછી એક ક્ષણ ઊભો રહ્યો. સોનાલીની સામે જોયું અને ઉમેર્યું, "કાં તો જાતને સંભાળતાં શીખી જા અને કાં તો

મોડી રાત્રે કામ કરવાનું છોડી દે."

સોનાલી એની સામે જોઈ રહી.

એ દિવસથી એની અને સુજય વચ્ચે 'હાય-હેલ્લો'થી શરૂ કરીને નાની-મોટી વાત થવા લાગી. સોનાલીને સુજયની એકલતા પાછળના 'માણસ'માં રસ પડવા લાગ્યો હતો.

સુજય ભાગ્યે જ કશું બોલતો, સોનાલી પાસે વાતો કરવાના અનેક વિષયો રહેતા... મમ્મી-ડેડી, મુંબઈ, સ્કૂલ, બહેનપણીઓ, વીતેલો દિવસ... અને કરવાનાં કામ! સુજય મોટે ભાગે એને સાંભળતો રહેતો. એની કાળી આંખોથી નિઃશબ્દ તાક્યા કરતો.

"મારી જોડે લીવ-ઇન રહીશ?" વાત કંઈ બીજી જ ચાલી રહી હતી અને સુજયે અચાનક પૂછી નાખ્યું હતું.

"વ્હોટ?" સોનાલીથી લગભગ ચીસ પડાઈ ગઈ હતી, "તું મને એવી છોકરી સમજે છે?"

"એવી એટલે કેવી?"

સોનાલી પાસે એનો જવાબ નહોતો.

"તું મને ગમે છે... પણ ડર લાગે છે. લગ્નમાં હું માનતો નથી સોનાલી. તારા જેવી છોકરી સાથે લગ્ન કરીને તને દુઃખ આપવા કરતાં હું એક ટ્રાયલ લેવા માગું છું."

સોનાલી પહોળી આંખે એને સાંભળી રહી હતી, 'કોઈ માણસ આટલો બધો નિખાલસ અને પ્રામાણિક હોઈ શકે?' એને નવાઈ લાગી હતી. આ દંભની દુનિયામાં જીવતા લોકોમાં એક સાવ નિખાલસ અને પારદર્શક માણસનો પરિચય એને પ્રભાવિત કરી ગયો હતો. એણે સુજયને વધારે ઓળખવા માંડ્યો હતો.

હવે બોલવાને બદલે એ સવાલો પૂછતી... સામાન્ય રીતે જવાબ ટાળતો સુજય ધીમે ધીમે સોનાલી સામે ઊઘડવા માંડ્યો. છેલ્લાં ત્રણ વર્ષમાં સુજયના ક્લાસમાં ભણતા છોકરાઓએ એને પહેલી વાર હસતો જોયો હતો...

સુજય સોનાલીની રાહ જોતો...જાણે આખો દિવસ એના વિચારોમાંથી જાતને બહાર નહોતો કાઢી શકતો... એ ધીમે ધીમે સોનાલીની નિર્દોષતામાં, એની સ્વાભાવિકતામાં, એના સ્ત્રીત્વમાં અને એની સમજદારીમાં ઓગળવા લાગ્યો હતો.

જિંદગીમાં પહેલી વાર એને એવું લાગ્યું હતું કે અત્યાર સુધી એ જે માનતો રહ્યો એ બધું સાવ સાચું નહોતું.

સોનાલીના પરિચયે સુજયની દુનિયામાં એક નવો જ રંગ ભર્યો હતો...

"હું લગ્ન વિના સાથે રહેવામાં નથી માનતી." સોનાલીએ સુજયને સ્પષ્ટ કહ્યું હતું, "સમાજની સ્વીકૃતિ, માતા-પિતાની સંમતિ અને સંબંધનું નામ બહુ જરૂરી છે સુજય... હું કોઈ ક્રાંતિ લાવવા માગતી નથી. ખૂબ સીધી રીતે ઊછરી છું. સીધી

સરળ જિંદગી જીવવા માગું છું. મારો પતિ, મારાં સંતાનો, મારું ઘર અને પછી મારી કારકિર્દી. આ જ ક્રમે મારી જિંદગીની અગત્યતાઓ નક્કી છે…”

*

ત્રણ વર્ષના પરિચય પછી આજે સુજય કાયદેસર રીતે સોનાલીના ઘરમાં બેઠો હતો.

એનો હાથ માગવા આવ્યો હતો, સોનાલીનાં માતા-પિતા પાસે લગ્નની સંમતિ લેવા! એને પોતાને આશ્ચર્ય થતું હતું, પોતાની જાતમાં આવેલા બદલાવથી…

પણ આ પળે એ માધવી અને મહેન્દ્ર પારેખની સામે બેઠો હતો. એનો જીવ ફફડાટમાં હતો, મહેન્દ્ર પારેખ કોણ જાણે શું પૂછશે? આટલો પૈસાવાળો માણસ એની એકની એક દીકરીને મારા જેવા મુફલિસ, કુટુંબ વગરના માણસ જોડે પરણાવવા તૈયાર થશે કે નહીં?

*

20

મહેન્દ્ર પારેખ સુજયને પગથી માથા સુધી જોઈ રહ્યા. બેજ રંગનું બાંય વાળેલું ઢીલું કોટન શર્ટ નીચે કાર્ગો ખાખી પહેરેલા સુજયમાં પહેલી નજરે કોઈને પણ ગમી જાય એવું કશું નહોતું. નમણો ચહેરો અને કાળી આંખોમાં સ્વચ્છતા હતી, પણ એ સિવાય એ એવો આકર્ષક કે દિલધડક નહોતો જ દેખાતો.

સોનાલી પ્રમાણમાં બહુ જ સુંદર હતી. માના લાંબા વાળ અને એની મોટી આંખો સોનાલીને વારસામાં મળી હતી. મહેન્દ્રનો રંગ અને નાકનકશો એના ચહેરાની તેજસ્વિતામાં વધારો કરતા...

સોનાલી અને સુજયની જોડી નજરે જોનારને 'કાગડો દહીંથરું લઈ ગયો'નો વિચાર આપે એ સ્વાભાવિક હતું.

મહેન્દ્ર પારેખ સુજયની સામે બેઠા હતા. સુજય ડાઇનિંગ ટેબલ પર જમી રહ્યો હતો. ખૂબ સ્વાભાવિકતાથી હાથેથી દાળ-ભાત જમતા સુજયને જોઈને જમાનાના અનુભવી મહેન્દ્ર પારેખ એક વાત તો સમજી જ શક્યા કે સુજય કોઈ પ્રકારના આડંબરમાં નહોતો માનતો. દેખાડો કરવો કે ઔપચારિક બનવું એનો સ્વભાવ નહોતો. એ પહેલી જ વાતે એમણે સુજયને વધારેમાં વધારે માર્ક આપી દીધા.

મહેન્દ્ર પારેખે સુજયને ધીમેથી સવાલ પૂછ્યો, "અમે આ સંબંધ સ્વીકારી લઈએ, પણ તમારા ઘરના લોકો..."

"મારે ઘર પણ નથી ને ઘરના લોકો પણ નથી."

મહેન્દ્ર સુજયની સામે નવાઈથી જોઈ રહ્યા. આટલા સ્પષ્ટ જવાબથી કદાચ પપ્પાને ખોટું લાગશે એમ માનીને સોનાલી કંઈક કહેવા જતી હતી, પણ મહેન્દ્રએ હાથ ઊંચો કરી એને બોલતી રોકી, "એટલે?"

"એટલે એમ..." એ ક્ષણભર ખચકાયો. શું સંબોધન કરવું એનો વિચાર કર્યો અને પછી કહ્યું, "અંકલ, મારાં મમ્મી-પપ્પાના વર્ષો પહેલાં ડિવોર્સ થઈ ગયા છે. એ લોકો જુદા જુદા લોકોને પરણી પણ ગયાં છે. હું બોર્ડિંગમાં મોટો થયો. મારા નાના જીવતા હતા ત્યાં સુધી કદાચ એમને પૂછવા જેવો સંબંધ હતો, હવે તો એ પણ નથી રહ્યા."

"તમે અમારું ઘર જોઈ લીધું. સોનાલીને પણ ઓળખો છો." મહેન્દ્રએ ધારદાર નજરે સુજયની આંખોમાં જોયું, "તમને ખરેખર લાગે છે કે તમે સોનાલીને સુખી રાખી શકશો?"

સુજય ખડખડાટ હસી પડ્યો, "કોઈ, કોઈને કેવી રીતે સુખી કરી શકે?"

"એટલે?" માધવીને નવાઈ લાગી.

"આન્ટી...." સુજયે બહુ જ પ્રેમથી માધવી તરફ જોયું, "સુખી તો માણસે જાતે જ થવું પડે. હું એને માટે સગવડનાં સાધનો ઊભાં કરી શકું. એને મહેનત ના કરવી પડે,

તકલીફ ના પડે એવી જિંદગી આપી શકું. એને વફાદાર રહી શકું, પ્રેમ કરી શકું, પણ સુખ? સુખ કેવી રીતે આપી શકું?"

માધવી મહેન્દ્ર પારેખને એક જ ક્ષણમાં સમજાઈ ગયું કે એની દીકરી આ છોકરાને શા માટે પ્રેમ કરતી હતી.

"બેટા!" માધવી નવાઈથી સુજય સામે જોઈ રહી, "બહુ મોટી વાત કહી દીધી તેં."

"આન્ટી..." સુજય લાગણીશીલ થઈ ગયો, "તમે મને સોનાલી માટે પાસ કરો કે નાપાસ, પણ હું તમને મમ્મી કહીશ." સુજયની આંખો સહેજ ભીની થઈ ગઈ, "મારા મનમાં માનું જે ચિત્ર જ્યારે ઊપસ્યું ત્યારે ચહેરો કદાચ તમારા જેવો નહોતો. બાકી લગભગ બધું જ તમારા જેવું, બલકે તમે જ હતાં." સુજયે સ્મિત કર્યું, "તમને થશે કે હું મસકા મારું છું, નહીં?" માધવી હસી પડી, "પણ ખરેખર કહું છું. સોનાલી જ્યારે જ્યારે તમારા વિશે વાત કરતી ત્યારે મને હંમેશાં એમ લાગતું કે મા તો હંમેશાં તમારા જેવી જ હોય. તમારા ઘરેથી આવેલાં થેપલાં, મૂઠિયાં અને અથાણાંમાંથી તમારા હાથની સુગંધ આવતી મને. એ જ સુગંધ આજે અહીં જમવામાં છે."

"બસ હવે." સોનાલીથી બોલ્યા વિના ના રહેવાયું, "આવું બધું કહીશ એટલે કંઈ મારાં મમ્મી-પપ્પા ઇમ્પ્રેસ નહીં થઈ જાય."

"પણ તેં તો જે લખીને આપેલું એ આ જ હતું." સુજયે ભોળો ચહેરો કરીને કહ્યું, "હું બધું તો બરાબર બોલ્યો, આખે રસ્તે ગોખતો હતો."

"વ્હોટ?" સોનાલીએ ઊભા થઈને સુજયને એક ધબ્બો ઠોકી દીધો, "જૂઠું બોલે છે?" બધાં ખડખડાટ હસી પડ્યાં. મહેન્દ્ર પણ હસતાં હસતાં હળવો થઈ ગયો. અત્યાર સુધી વાતાવરણમાં જે વજન હતું એ અચાનક વિખરાઈ ગયું.

"બેટા, હું ઇચ્છું છું કે આ લગ્ન બને એટલાં જલદી થઈ જાય." માધવીનો અવાજ ગંભીર હતો.

"હું સમજું છું મમ્મી, પણ..."

"અહીં પણને અવકાશ નથી બેટા, હું જાઉં એ પહેલાં સોનાલીનાં લગ્ન થઈ જાય તો મને..." બાકીનું વાક્ય માધવી ગળી ગઈ. થોડી વાર બધાં ચૂપ રહ્યાં.

પછી સુજયે દૃઢ, પણ લાગણીભર્યા અવાજે કહ્યું, "હું તમારી દીકરી સાથે જરૂર પરણીશ, કારણ કે એ મારી જરૂરિયાત છે. સોનાલી વિના હું જ નહીં જીવી શકું અને એવું સ્વીકારતાં મને જરાય શરમ નથી આવતી..." એ થોડી વાર ચૂપ રહ્યો. મહેન્દ્ર એની સામે સ્થિર માપતી નજરે જોઈ રહ્યો હતો,

"પણ જ્યાં સુધી મારું ભણવાનું પૂરું ના થાય ત્યાં સુધી..."

"અમારું જે કંઈ છે તે સોનાલીનું જ છે બેટા." માધવી વધુ ને વધુ ઢીલી થતી જતી હતી.

"પણ સોનાલીનું જે કંઈ છે તે મારું નથી." સોનાલીએ ગૌરવભેર મહેન્દ્ર સામે જોયું. મહેન્દ્રએ પણ આંખોથી જ પુત્રીની પસંદગીને વખાણી, "કમ-સે-કમ એને એક ડિસન્ટ ઘર અને સાદું-સીધું, પણ સલામત જીવી શકાય એવી જિંદગી ના આપી શકું ત્યાં સુધી લગ્ન કરવાં મને યોગ્ય નથી લાગતાં."

"બેટા, હું રહું ના રહું..." માધવીનો ડૂમો હવે ગળા સુધી આવી ગયો હતો. મહેન્દ્ર જાણતો હતો કે એ રડી પડશે, પણ છતાંય એ માધવી અને સુજયની વાતચીતમાં વચ્ચે બોલ્યો નહીં.

"એમ તો અહીંથી પાછા જતાં મારું પ્લેન પડી જાય તો હુંય મરી જઈ શકું." સુજયે માધવીને કહ્યું. એની આંખોમાં એક અજબ જેવી સ્વચ્છતા હતી, "તમારી પહેલાં જતો રહું એમ પણ બને."

"શુભ શુભ બોલ દીકરા."

"હું પણ તમને આ વાક્ય કહી જ શકું."

"મારું ભવિષ્ય તો ડૉક્ટર્સ ભાખી ચૂક્યા છે."

"એ તો હું ગયો નથી કોઈ ડૉક્ટર પાસે, કોને ખબર?" સુજય એકદમ સહજતાથી અને તર્કબદ્ધ રીતે દલીલો કરી રહ્યો હતો, "હું ડૉક્ટર પાસે જાઉં તો એ મને તમારા કરતાંય ગંભીર જીવલેણ રોગ છે એવું કહી દે પણ આપણે શું કરીએ? તમે તમારી દીકરી મને નહીં પરણાવો?"

માધવી એની સામે જોઈ રહી. છોકરાની વાત સાચી હતી. અત્યાર સુધી રીમા, મહેન્દ્ર અને ડૉક્ટર કાપડિયા બધા જ એને આ વાત કહેતાં રહ્યાં હતાં, પણ સુજયે એને જે રીતે કહ્યું એ વાત એને સીધી ગળે ઊતરી ગઈ, "દાખલા તરીકે અમારાં લગ્નના બીજા જ દિવસે તમને ખબર પડે કે મને કોઈ રોગ છે, તો શું કરશો? તમારી દીકરીને પાછી લઈ જશો? છૂટાછેડા અપાવશો?"

મહેન્દ્ર પણ સુજયની વાત સાંભળી રહ્યો હતો. સોનાલી આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. મા સાથે આ વાત કઈ રીતે કરવી એની જિગ્સો ગોઠવતાં ગોઠવતાં એનું મન થાકી ગયું હતું, પણ સુજયે જે સ્વાભાવિકતાથી માધવી સાથે મૃત્યુની ચર્ચા કરવા માંડી હતી એનાથી એને લાગ્યું કે સુજય ઘેરાઈ આવેલાં વાદળોને વિખેરી નાખશે. એને એક જાતની રાહત થઈ ગઈ હતી.

"કોણ ક્યારે મરવાનું છે એની આપણને ક્યાં ખબર છે? પણ મરતા પહેલાં મરી જવાનો આપણને કોઈ અધિકાર નથી. સોનાલી સાથે મળેલી તમામ પળોને હું પૂરેપૂરી જીવીશ..." એણે જે નજરથી સોનાલી સામે જોયું, એનાથી મહેન્દ્રની છાતીનો ખૂણો ભીનો થઈ ગયો. સોનાલીને નખશિખ જાણે કોઈએ ફૂલોની ચાદર ઓઢાડી દીધી હોય એમ કોમળતા અને સુગંધથી એ પણ છલકાઈ ગઈ, "તમે મને એની સાથે ન પણ પરણવા દો એમ બને... તેમ છતાં એની સાથે મળેલો તમામ સમય મારા માટે તો એક ખજાનો જ હશે... કશું છીનવાઈ જશે કે જતું રહેશે એના ભયથી મળેલી પળને ના માણવી એ તો બેઉ બાજુનું નુકસાન કહેવાય. ખરું કે નહીં?"

માધવીને જાણે પહેલી વાર આ વાત સમજાઈ હોય એમ એ સુજય સામે જોઈ રહી, એની આંખોમાં એવું સ્પષ્ટ દેખાતું હતું કે એ સુજય સાથે સહમત હતી...

"સારું! હું અત્યારે એવું માની લઉં છું કે મેં મારી દીકરીનો હાથ એક સમજદાર, જવાબદાર અને પ્રેમાળ છોકરાના હાથમાં આપ્યો છે."

"એટલે હું પાસ?" સુજયે એવી રીતે પૂછ્યું કે માધવી હસ્યા વિના ના રહી શકી. એણે હસતાં હસતાં ડોકું હલાવીને સુજયને પોતાની નજીક બોલાવ્યો. સુજય ઊભો થઈને એની પાસે આવ્યો. માધવીએ હાથ ફેલાવીને એને નજીક બોલાવ્યો. સુજય માધવીને ભેટી પડ્યો અને બંને જણાં ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યાં.

"મોમ..." સુજયના અવાજમાં એક કંપ હતો, "તમને કંઈ નથી થવાનું, મને ખબર છે. જસ્ટ લીવ યોર લાઇફ એટ ફૂલેસ્ટ... પળ પળને જીવી લો. બસ!"

"બેટા, મને એમ હતું કે સોનાલીએ કેવોય છોકરો પસંદ કર્યો હશે. સાચું પૂછે તો હું ડરતી હતી... લગભગ ના પાડવાની માનસિક તૈયારી સાથે તને અહીંયાં બોલાવ્યો હતો. જૂઠું નહીં બોલું બેટા, પણ એણે જ્યારે મને ક્રિશ્ચિયન કહ્યું ત્યારે મને હતું કે..."

"ધર્મ ઉપરથી માણસ વિશે નક્કી કરવું આપણા સૌને સ્વભાવ છે. તમને દોષ નથી દેતો... પણ સાચું પૂછો તો મારો કોઈ ધર્મ જ નથી. મારા પિતા ક્રિશ્ચિયન છે એટલે કદાચ... બાકી હું કોઈ ધર્મમાં નથી માનતો. સચ્ચાઈમાં માનું છું, સારાઈમાં માનું છું, માણસાઈમાં માનું છું..."

"તને મળીને ખરેખર આનંદ થયો બેટા." મહેન્દ્ર પહેલી વાર બોલ્યો.

"અંકલ, હું બીજું કંઈ વચન નથી આપી શકતો, પણ એટલું વચન જરૂર આપું છું કે જાણી જોઈને અને બને ત્યાં સુધી અજાણતાં પણ તમારી દીકરીને દુ:ખી નહીં કરું."

"એ વાતનો હવે મને વિશ્વાસ છે બેટા."

"અને એક બીજી વાત કહી દઉં. સોનાલી મને પરણવાની ના પાડે તો અલગ વાત છે. બાકી હું મનથી આજે અને અહીંયાં જ તમારી દીકરીને મારી પત્ની માનું છું. આજથી એની તમામ જવાબદારી મારી છે. તમે એની ચિંતા છોડી દો..." પછી માધવી સામે ભીની અને વહાલસોયી નજરે જોયું, "તમારી જેટલી બાકી જિંદગી તમે માનતાં હો એટલી હવે પૂરેપૂરી જીવવાનો પ્રયાસ કરો અને છેલ્લી ક્ષણ સુધી જીવી લો..."

"હા, અમે ફાર્મહાઉસ જવાનાં છીએ. આવતી કાલે જ."

"મોમ!" સોનાલી નવાઈથી માધવી સામે જોઈ રહી, "તારી ટ્રીટમેન્ટ શરૂ થવાની છે."

"મારે કોઈ ટ્રીટમેન્ટ નથી કરવી. રેઇઝ અને કેમો નહીં લઉં હું...દવાઓ ખાઈશ, જરૂર પડશે તો. પણ સુજયની વાત સાવ સાચી છે. મારે ખૂબ શાંતિથી અને સુખથી મરવું છે." આ વખતે માધવીનો અવાજ ધ્રૂજતો નહોતો, "તારા પપ્પા મારી સાથે હોય અને મારું માથું એમના ખોળામાં હોય એ સિવાય મારે કંઈ નથી જોઈતું..."

"હું હંમેશાં તારી સાથે જ છું." મહેન્દ્ર ઊભો થયો એણે માધવીના ખભે હાથ મૂક્યો. માધવીએ એ હાથ ઉપર પોતાનો ગાલ મૂકી દીધો. સોનાલી પણ નજીક આવી ગઈ એણે માધવીને વળગીને એના ખભે માથું મૂકી દીધું. સુજય પણ માધવીની સાવ નજીક ઊભો હતો...

"આવું કુટુંબ અને આવાં સ્વજનો હોય તો માણસને જિંદગીમાં બીજું જોઈએ શું?" માધવીએ કહ્યું અને સુજયના માથે હાથ ફેરવ્યો, "હું તારી આભારી છું બેટા, મારી પાસે જે નથી એનો વિચાર કરી કરીને દુ:ખી થયા કરતી હતી. તેં મને મારી પાસે જે છે એનો અહેસાસ કરાવ્યો છે..."

"જે છે તે હંમેશાં રહેવાનું છે મોમ." સુજયે કહ્યું, "એ તમારી પાસેથી કોઈ નહીં લઈ શકે, મોત પણ નહીં. આઇ મીન ઇટ."

"આઇ નો..." માધવીએ કહ્યું. એ બંને છોકરાંઓને વહાલથી ભેટી પડી.

*

રીમા પડી પડી વાંચતી હતી, એનો સેલ રણક્યો. એણે ઉપાડ્યો, "તારી છોકરી હૉસ્પિટલમાં પડી છે." સુરેશનો અવાજ થોડો ચિંતામાં અને થોડો ચીડિયો હતો, "બ્લડ લોસ બહુ થયો છે... કદાચ લાંબો સમય હૉસ્પિટલમાં રહેવું પડશે."

"ઓહ!"

"તું તો મજામાં છે ને? વૅકેશન તો બરાબર માણી રહી છે ને?"

"ઓહ યેસ!" રીમાને પોતાના જ અવાજમાં સ્વસ્થતા પર આશ્ચર્ય થયું, "મારી જરૂર હોય તો આવી જાઉં."

"અહીં અમારે કોઈની જરૂર નથી. દેવીના મરી જાય તો અગ્નિસંસ્કાર સુધીમાં પહોંચી જજે." સુરેશ તાડૂક્યો, "એટલી જવાબદારી તો લઈશ ને? મા છે એની..."

"એમ કોઈ મરી નથી જતું..." રીમાએ એટલી જ શાંતિથી કહ્યું, "અને જે કંઈ થયું છે એની જવાબદારી એની પોતાની છે."

"હાસ્તો! હવે તો તું એમ જ કહીશ ને? એક જુવાન છોકરી લગ્ન પહેલાં પ્રેગનન્ટ થઈ જાય ત્યારે એક મા શાંતિથી પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરીને કહી દે..." સુરેશે જાણે તમાચો મારતો હોય એમ કહ્યું, "વાહ! બહુ સારી મા કહેવાય."

"હું જ્યારે સારી મા બનવા માગતી હતી ત્યારે તમે સારા પિતા બનવા ગયા. હું જે બાબત માટે એને રોકતી એ બધી જ બાબત માટે તમે એને પ્રોત્સાહિત કરી... જે જે બાબતમાં મેં ભયસ્થાન બતાવ્યાં એ બધી જ બાબતમાં તમે એને છૂટ આપી... તમારે એની નજરમાં સારા, વહાલા થવું હતું અને આજે જ્યારે એ સારાઈની, એ છૂટની જવાબદારી લેવાની વાત આવી છે ત્યારે તમને પરસેવો છૂટે છે?" રીમાએ એક એક શબ્દ છૂટો પાડીને શાંતિ અને સ્વસ્થતાથી કદાચ પહેલી વાર સુરેશને આટલું સ્પષ્ટ

કહ્યું હતું, "સુરેશ, જવાબદારી બહુ મોટો શબ્દ છે. જિંદગીમાં એ શબ્દ જ્યારે સમજાય ત્યારે મોટે ભાગે મોડું થઈ જતું હોય છે."

"તું કહેવા શું માગે છે? શું કર્યું છે મેં?" સુરેશની જીભ થોથવાવા લાગી હતી, એ સમજી શકતો હતો કે રીમા જે કહી રહી હતી એ વાતમાં તથ્ય હતું. દેવીનાને આટલી છૂટ ના આપી હોત તો આજે આ છોકરી જીવન-મરણ વચ્ચે લડતી આમ હૉસ્પિટલમાં ન જ પડી હોત, "મેં છૂટ આપી એને? મેં બગાડી એને? જે કંઈ થયું તે મારે લીધે થયું છે? અહીંથી હજારો કિલોમીટર દૂર બેસીને ડહાપણ કરવું સહેલું છે..."

"ખરી વાત છે. આજે હજારો કિલોમીટર દૂર છું હું, પણ જ્યારે એક જ છત નીચે રહેતાં હતાં ત્યારે પણ હું આ જ કહેતી હતી... ત્યારે તમને હું મૂરખ, પછાત, ગામડાની ગમાર લાગતી હતી... ઇંગ્લૅન્ડમાં રહેવા છતાં મારું મગજ સાવ દેશી લાગતું હતું. હવે વિદેશી મગજ સાથે, નવા જમાના સાથે તાલ મિલાવીને તમારી દીકરીને સંભાળવાની જવાબદારી તમારે લેવી પડશે સુરેશ." રીમાએ એટલી જ સ્વસ્થતાથી કહ્યું, "જે કંઈ થયું એ કોના લીધે થયું છે એની ચર્ચા કરવાને બદલે હવે આમાં તમે શું કરી શકો એનો વિચાર કરો તો કદાચ જે કંઈ બચ્યું છે એને સાચવી શકાશે..." એણે એક ઊંડો શ્વાસ લીધો અને ધીમેથી ઉમેર્યું, "મારી જરૂર પડે તો કહેજો. પહેલી ફ્લાઇટ લઈને આવી જઈશ, પણ તમારે કહેવું પડશે... હવે... મારી જરૂર છે એવું સ્પષ્ટ કહેવું પડશે. પછી જ નીકળીશ અહીંથી." આટલું કહીને સુરેશના જવાબની રાહ જોયા વિના એણે ફોન ડિસકનેક્ટ કર્યો. શાંતિથી બાજુમાં મૂક્યો અને આંખના ભરાઈ આવેલા ખૂણા હળવેકથી લૂછી નાખ્યા.

*

21

"માધવી…" મહેન્દ્રએ એના ચહેરા પર હાથ ફેરવ્યો.

માધવીએ આંખો ઉઘાડી ત્યારે સૂર્યનો કેસરી પ્રકાશ સીધો એના ચહેરા પર પડતો હતો.

એમના ફાર્મ હાઉસનું ઘર એવી રીતે બંધાયું હતું કે સૂરજ ઊગે અને સૌથી પહેલો પ્રકાશ એમના બેડરૂમમાં પલંગ પર આવે. માધવીના ચહેરા પર એ કેસરી પ્રકાશ ખૂબ સુંદર દેખાતો હતો. મહેન્દ્ર મુગ્ધ થઈને માધવીને જોઈ રહ્યો હતો.

માધવીએ મહેન્દ્રની સામે જોયું, "શું જુઓ છો?"

"તને જોઉં છું…" મહેન્દ્ર માધવીના ચહેરા પર ઝૂક્યો અને કપાળ પર એક હળવું ચુંબન કર્યું, "તને જ્યારે જોઉં છું ત્યારે દરેક વખતે મને એમ જ લાગે છે કે તને હું પહેલી વાર જોઉં છું. તને સ્પર્શવાની તરસ નથી ઘટતી."

"મહેન, આ તમારો પ્રેમ છે, બીજું કંઈ નહીં."

"છે! પ્રેમ છે, પણ આ પ્રેમ હું કરતો નથી, તું કરાવે છે માધવી… તારામાં કશુંક એવું છે, જે મને આટલો પ્રેમ કરવા મજબૂર કરી નાખે છે. બાકી તું તો જાણે છે મને, સાવ શુષ્ક, નીરસ માણસ છું હું…"

"હતા!" માધવી ખડખડાટ હસી પડી, "મને મળ્યા એ પહેલાં હતા. હવે નથી…"

"માધવી, તું કંઈ પણ કહે, આટલા વરસનો આપણો સંસાર અદ્ભુત રહ્યો."

"અરે! ફાર્મહાઉસમાં એક રાત વીતી નથી ને તમે વીતેલા સંસારનો હિસાબ માંડી દીધો? હજી તો બહુ કરવાનું છે તમારે. ખૂબ પ્રેમ, ખૂબ વહાલ…" ભરાઈ આવેલા ડૂમાને દબાવી દઈને માધવીએ કહ્યું, "ખૂબ સેવા પણ, કદાચ."

"સેવા?"

"હાસ્તો, પથારીમાં પડીશ ત્યારે સેવા નહીં કરો મારી?"

મહેન્દ્ર ધ્યાનથી માધવી સામે જોઈ રહ્યો. પછી કોણ જાણે એને શું થયું કે એકદમ ઝનૂનથી માધવીની નજીક જઈને એને એક પ્રગાઢ ચુંબન કર્યું, "મને સેવા કરવાનો વાંધો નથી માધવી, પણ ઈશ્વર માત્ર તારું જ સાંભળે છે. તારી લાગવગ ચાલે છે ત્યાં. એ તને કોઈની સેવા લેવા નહીં દે."

"ઇચ્છું તો હું પણ એવું જ…" માધવીએ મહેન્દ્રના ગળામાં હાથ નાખ્યો અને ઝભ્ભામાંથી દેખાતા એની છાતીના વાળ પર નાક ઘસ્યું, "પણ ક્યારેક એમ થાય કે તમારા હાથની સેવા પામવાનો અવસર પણ પામતી જાઉં - તમે માંદા પડો છો ત્યારે તો આખું ઘર ઉપરતળે કરો છો. સહેજ તાવ આવે એમાં તો જાણે…"

"કારણ કે મને માનો પ્રેમ નથી મળ્યો." મહેન માધવી સામે જોઈ રહ્યો, "તું પરણીને આવી ત્યારથી જ તારે મા, બહેન, પત્ની, પ્રેમિકા બધું જ બનવું પડ્યું..."

"સ્ત્રીમાં બધું હોય જ છે મહેન... હા, તમે મારામાં મા વધારે શોધી એવું મારે સ્વીકારવું પડે." એણે મહેનના વિખરાયેલા વાળમાં આંગળીઓ ફેરવી. કાન પાસેની આછી આછી સફેદી ઉપર ખૂબ નજાકતથી આંગળીઓ ઘુમાવતાં ઘુમાવતાં એણે કહ્યું, "બહુ લાડ કરાવ્યાં છે તમે, હવે મારો વારો."

"માધવી, હું સાચા હૃદયથી ઈશ્વરને પ્રાર્થના કરું કે તું ખૂબ લાંબુ જીવે... પણ સાથે સાથે એવી પ્રાર્થના પણ કરીશ કે તું જેટલું જીવે એટલું ખુશહાલ અને પીડા વગરનું જીવે. એક દિવસ પણ તારી આંખમાં જો શરીરની પીડાથી આંસુ આવે તો મારો ને તારા ભગવાનનો ઝઘડો થઈ જશે."

"મહેન, આ એક અઠવાડિયું તમે મને અહીંયાં લઈ આવ્યા છો એટલો સમય મારે જીવવું છે. પૂરેપૂરું...." માધવીએ ખેંચીને મહેનને પોતાની બાજુમાં સુવડાવી દીધો. એના ખભે માથું મૂકીને, એને લપેટાઈને એવી રીતે સૂતી જાણે શરીરને એક ઇંચ પણ એનાથી દૂર ન રાખવું હોય, "એ પછી કોઈ પણ પળે મરવા તૈયાર છું. મને એટલો પ્રેમ કરો મહેન્દ્ર, જેટલો તમે આ વીસ વર્ષમાં નથી કર્યો અને આવનારાં વીસ વર્ષમાં નથી કરવાના."

"આવનારાં વર્ષોની મને ખબર નથી માધવી, પણ ક્યારેક સમય કાઢીને તને પ્રેમ કરીશ એવું જરૂર વિચારતો હતો. એ સમય શોધવામાં વર્ષો વીતી ગયાં..." મહેન્દ્રની આંખો પલળી ગઈ, "મોટા ભાગના લોકોની જિંદગી એમ જ પૂરી થઈ જતી હોય છે માધવી, થોડી ગઈ કાલના અફસોસમાં અને થોડી આવતી કાલ પર ટાળવામાં..."

"મારી પાસે તો હવે આજ જ છે મહેન..." માધવીએ બહુ જ કોમળતાથી કહ્યું, "આ પળ જ મારી પોતાની છે. ક્યારે કઈ પળે શું પલટાઈ જાય એની આપણને બંનેને ક્યાં ખબર છે?"

"બધું બદલાઈ જશે માધવી. તારા માટેની મારી આસક્તિ નહીં બદલાય." મહેન્દ્રએ માધવીની આસપાસ લપેટાયેલો પોતાનો હાથ જરા વધુ કસ્યો, એને વધુ નજીક ખેંચી, "હવે તારો અધિકાર આપવો છે તને. આ અઠવાડિયું નહીં માધવી, રોજેરોજ - પળેપળ ખૂબ પ્રેમ કરીશ તને હું... તું કંટાળી જાય એટલો પ્રેમ કરીશ."

"હું ક્યારેય નહીં કંટાળું... તારા પ્રેમ માટે રોજેરોજ - પળેપળ તરફડતી રહી છું મહેન." એક ક્ષણ માટે એ રોકાઈ, મહેન્દ્રને ખ્યાલ આવ્યો કે આટલાં બધાં વર્ષોમાં માધવીએ પહેલી વાર તુંકારે સંબોધ્યો હતો! આટલાં વર્ષો મહેન્દ્ર એને વારંવાર કહેતો રહ્યો હતો, પણ માધવીએ ક્યારેય એને તુંકારે સંબોધ્યો નહોતો.

"મહેન, મેં કહ્યું નથી એનો અર્થ એવો નથી કે મને કોઈ અભાવ ક્યારેય નડ્યો નથી."

મહેન્દ્રએ નવાઈથી જોયું.

"તેં કહ્યુંને? વીસ વર્ષનો હિસાબ.." માધવીના ચહેરા પર સ્મિત હતું, પણ એ સ્મિતની પાછળ જાણે ઉદાસીની ગહેરી ખાઈ હતી. ઊગતા સૂરજનો તડકો કેસરીમાંથી સોનેરી થઈ ગયો હતો. માધવીની ગોરી ત્વચા એ સોનેરી તડકામાં ચંપાવર્ણી લાગતી હતી. એની આંખો થોડી કથ્થઈ લાગતી હતી...

"ખરેખર? હિસાબ કરવો છે તારે?"

"હિસાબ કરવા તો આવ્યાં છીએ મહેન." માધવીએ પોતાનું માથું મહેન્દ્રના ખભા પર ઘસ્યું, "ગુસ્સે નહીં થતો, પણ હું ખરેખર તને અહીંયાં હિસાબ કરવા લાવી છું. માણસ મરતા પહેલાં વીલ કરેને, એવું વીલ કરવું છે મારે... લાગણીઓનું, સંબંધોનું એક સરવૈયું કાઢીને જમા-ઉધાર બરાબર સરખાવીને જે કંઈ શેષ વધે છે તે બધું જ... તારા નામે લખી જવું છે."

મહેન્દ્ર ચૂપચાપ સાંભળી રહ્યો હતો. એક નવી જ માધવી એની સામે ઊઘડી રહી હતી.

"હું તને પરણીને આવી ત્યારથી શરૂ કરીને આજ સુધી મેં કંઈ માગ્યું નથી અને તને હંમેશાં એ વિશે ફરિયાદ રહી છે..."

"હમ્..." મહેન્દ્રએ માત્ર હોંકારો ભણ્યો.

"પણ મને ક્યારેય કશું માગવા જેવું લાગ્યું જ નહીં મહેન, અથવા એમ કહું કે જ્યારે કશું માગવાની ઇચ્છા થઈ ત્યારે લાગ્યું કે હું જે માગીશ - મારે જે માગવું છે તે તારી જ પાસે નથી..."

"એટલે?"

"સમય મહેન..." માધવી અસ્ખલિત બોલી રહી હતી. એને આટલું બોલતી મહેન્દ્રએ ભાગ્યે જ સાંભળી હતી. મહેન્દ્ર સમજી શકતો હતો કે આ વાત આટલી સ્પષ્ટતાથી અને આટલી વિસ્તારથી કહેવા માટે માધવીએ કેટલા દિવસથી મનમાં શું શું ગોઠવ્યું હશે. હવે એને સમજાયું હતું કે માધવી ફાર્મહાઉસ આવવાની આટલી આગ્રહી કેમ હતી!

"મહેન, તમે સતત વ્યસ્ત રહ્યા. તમારી કારકિર્દીમાં, પૈસા કમાવામાં, સફળ થવામાં..."

"પણ એ બધું તો મેં તારા માટે." મહેન્દ્રએ ઉમેર્યું, "સોનાલી માટે..." પછી શ્વાસ લઈને કહ્યું, "આપણા માટે."

"હા, હું મહેન્દ્ર પારેખની પત્ની છું... મિસિસ મહેન્દ્ર પારેખ! વચ્ચેનું નામ માધવી કોણ જાણે ક્યાં ખોવાઈ ગયું આ વર્ષોમાં."

"માધવી?!"

"હા મહેન, તમને કદાચ લાગ્યું હશે કે હું કંઈ જ બોલતી નથી. સવાલો પૂછતી નથી. મોટા ભાગે તમે જે કહો છો તેને માનવાનો પ્રયાસ કરું છું..." માધવી અચાનક જ

મહેન્દ્રને છોડીને સહેજ દૂર ખસી. પડખું ફરીને ઊંધી થઈ. પોતાનો ચહેરો મહેન્દ્રના ચહેરા પર આવે એવી રીતે, એણે મહેન્દ્રની આંખોમાં જોયું, "મને પણ સવાલો હતા મહેન... મારી જાત વિશે, આપણા સંબંધ વિશે, તમારી સફળતા વિશે અને મારા ભૂંસાતા જતા નામ વિશે."

"એટલે આટલાં વર્ષો તું સમાધાન કરતી રહી? કોમ્પ્રોમાઇસ?" મહેન્દ્રનો ચહેરો બદલાઈ ગયો, આંખો ઝીણી થઈ ગઈ, "સહન કરતી રહી મને? અને એ કહેવા લાવી છે અહીંયાં?"

"મહેન! મારી વાત પૂરી નહીં થવા દો?" મહેન્દ્રનો ચહેરો બદલાયો હોવા છતાં માધવીની સ્વસ્થતા એમ જ હતી. એણે કદાચ ખૂબ વિચાર્યું હશે, કલ્પ્યું પણ હશે કે પોતે જ્યારે આ કહેશે ત્યારે મહેન્દ્ર શું કરશે, અને એટલે જ અત્યારે એના ચહેરા પર નવાઈના બદલે સ્વસ્થતા હતી, "સમાધાન? પતિ-પત્નીનો સંબંધ એટલે જ સમાધાન... બે જુદા વાતાવરણમાં ઊછરેલા લોકો જિંદગીનાં અઢાર-વીસ વર્ષ સાવ જુદી રીતે જીવીને, જુદાં જુદાં સપનાં લઈને, સાવ જુદા વિચારો લઈને એક ઘરમાં એક છત તળે રહેવા માંડે... એ બંનેને સમાધાન તો કરવું જ પડે મહેન."

"તેં વધારે કર્યું હશે."

"એનું તે કંઈ માપ હોય?" માધવીના ચહેરા પર સ્મિત આવી ગયું.

"તો શું કહેવા માગે છે માધવી? મને સમજાતું નથી." મહેન્દ્રએ હથિયાર નાખી દીધાં.

"શરૂઆતનાં વર્ષો કદાચ થોડું મન માર્યું હશે મેં. તમારા ગમા-અણગમા ઓળખવાનો, ઓળખીને એ પ્રમાણે વર્તવાનો પ્રયાસ કર્યો હશે - ક્યારેક જબરદસ્તી પણ કરી હશે જાત પર." માધવી દૂર ઊગી ગયેલા સૂરજ સામે જોઈ રહી હતી. લગભગ જાત સાથે વાત કરતી હોય એમ કહી રહી હતી, "હવે યાદ નથી આવતું... પણ મારે જે કહેવું છે તે એ કે મારા બધા સવાલો, મારો તરફડાટ, ક્યારેક મન મારીને કરવું પડતું સમાધાન અથવા તમે જેને કોમ્પ્રોમાઇસ કહો છો એ બધું થતું રહ્યું, થઈ શક્યું, કારણ કે તમે મારી શ્રદ્ધાના દીવામાં તેલ પૂરતા રહ્યા."

"માધવી!" મહેન્દ્રની અંદર જાણે અચાનક કશુંક ઝળાંહળાં થઈ ગયું. એ જેને માધવીની ફરિયાદ સમજતો હતો અથવા માનતો હતો કે હિસાબ કરવાના નામે માધવી કદાચ વીતેલાં વર્ષોના અભાવને ખોલીને પોતાની પીડાઓ પોતાને દેખાડવાનો પ્રયાસ કરે છે, એ વાત તો કંઈક જુદી જ નીકળી!

"હા, આજે મારે એ જ કહેવું છે, જે મેં આટલાં વર્ષો ક્યારેય નથી કહ્યું." મહેન્દ્ર પોતાની જાતને પરાણે રોકી રહ્યો હતો. એને માધવીની આંખોમાં એક અપાર્થિવ તેજ દેખાતું હતું. આજ પહેલાં ક્યારેય નહીં જોયેલી માધવી જાણે મહેન્દ્રની સામે ફૂલની જેમ ખીલી રહી હતી, "એક સ્ત્રી પોતાની અંદર ઘણું બધું લઈને આવે છે, જ્યારે એ એક સંબંધમાં દાખલ થાય છે ત્યારે." માધવી હજીયે બહાર સૂરજ તરફ જોઈ રહી હતી. એની સહેજ ઊંચી થઈ ગયેલી ગ્રિવા અને ચિબુક અચાનક જ એના ચહેરા પર આવી ગયેલું આ અપાર્થિવ તેજ અને સૂરજનો તડકો મળીને એક અવિસ્મરણીય

ચિત્ર બનાવતાં હતાં. મહેન્દ્રને આ ક્ષણ અહીં જ ફ્રીઝ કરી દેવાનું મન થઈ ગયું, "મને આ સંબંધમાંથી આપ્યું એના કરતાં વધારે મળ્યું છે. શું કહો છો તમે પેલું?" માધવી મહેન સામે જોઈને હસી, "મેં ઇન્વેસ્ટ કર્યું એનાથી વધારે રિટર્ન મળ્યું... પ્રોફિટ! પ્રીમિયમ! કે પછી બોનસ!"

"માધવી, તું..."

"આ બધા શબ્દો તમારી જ પાસે સાંભળ્યા છે. આજે એનો અર્થ તમને જુદી રીતે સમજાવું છું. સંબંધનું પણ કંઈક આવું જ હોય છે. દર વખતે સંબંધ તો એ જ હોય છે, એના અર્થ બદલાતા જાય છે."

"મને ક્યારેય ખબર નહોતી માધવી કે તું આવું, આટલું વિચારી શકે છે."

"મનેય ક્યાં ખબર હતી કે તમે આટલો પ્રેમ કરી શકો છો. આજે આ પળે મને આપણી વચ્ચે જાણે એક નવી દોસ્તી થઈ રહી હોય એવી લાગણી થાય છે. મને એક નવો મહેન જડ્યો છે..." માધવી હજી એના ચહેરા પર, એના વાળમાં આંગળીઓ ફેરવી રહી હતી, "મારે આભાર જ માનવો પડે આ કેન્સરનો કે આપણો સંબંધ અહીં સુધી પહોંચી શક્યો."

"હા, હવે મને પણ એવું લાગે છે..." મહેન્દ્રએ માધવીને પકડીને પોતાના બાહુપાશમાં લઈ લીધી, "આજે પહેલા દિવસની સવાર જો આવી છે માધવી, તો અહીંનું અઠવાડિયું કેવું હશે એની કલ્પના પણ મને તર-બ તર કરી નાખે છે... મારે જીવી લેવું છે માધવી, હવે તને પ્રેમ કરવાને બદલે આ નવી માધવીનો પ્રેમ પામી લેવો છે મારે... ક્યાં હતી તું આટલાં વરસ?"

"તમારી અંદર... આજે તમે દરવાજા ખોલ્યા એટલે હું બહાર નીકળીને તમારી સામે આવીને ઊભી રહી ગઈ." માધવીનું વાક્ય પૂરું થાય એ પહેલાં મહેન્દ્રએ એના હોઠ બંધ કરી દીધા... સૂરજના પૂરેપૂરા અજવાળામાં ખુલ્લી ફ્રેન્ચ વિન્ડોઝમાંથી આવતા કણા તડકામાં બે શરીરો એકબીજામાં ઓતપ્રોત થઈ રહ્યાં હતાં અને એકબીજાના આત્માને છેક ઊંડે સુધી સ્પર્શી રહ્યાં હતાં.

*

રીમાએ એક ઊંડો શ્વાસ લીધો અને ધીમેથી કહ્યું, "મારી જરૂર પડે તો કહેજો. પહેલી ફ્લાઇટ લઇને આવી જઈશ, પણ તમારે કહેવું પડશે... હવે... મારી જરૂર છે એવું સ્પષ્ટ કહેવું પડશે. પછી જ નીકળીશ અહીંથી." આટલું કહીને સુરેશના જવાબની રાહ જોયા વિના એણે ફોન ડિસકનેક્ટ કર્યો. શાંતિથી બાજુમાં મૂક્યો અને આંખના ભરાઈ આવેલા ખૂણા હળવેકથી લૂછી નાખ્યા.

એની અંદરની મા હચમચી ગઈ હતી.

દેવીનાને ગર્ભપાત કરતી વખતે એક્સેસ બ્લડ લોસ થયો હતો. ખૂબ લોહી વહી જવાને કારણે એની દીકરી હજી બેહોશ હતી. એનું મન ક્યારનું દેવીના પાસે પહોંચી

ગયું હતું, પણ નીકળતી વખતે જે કંઈ બન્યું એ પછી કોણ જાણે કેમ, આ વખતે ભારત આવીને એની અંદર કશુંક બદલાઈ ગયું હતું.

બીજો કોઈ પણ પ્રસંગ હોત તો એ એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના પહેલી ફ્લાઇટ લઈને લંડન પહોંચી હોત. ત્યાં પહોંચીને કંઈ કેટલુંયે બોલવા સાંભળવાનું થઈ ગયું હોત... આ વખતે પહેલી વાર કદાચ મહામુશ્કેલીએ પણ, એણે પોતાની જાત પર કાબૂ રાખ્યો હતો.

એનામાં રહેલા વ્યક્તિએ એનામાં રહેલી માનો હાથ પકડીને રોકી રાખી હતી... છતાં તરફડાટ તો શરૂ થઈ જ ગયો હતો.

આંખો મીંચીને એણે ફરી એક વાર આંખ પર હાથ મૂકી દીધો. એની નજર સામે સાવ તાજી જન્મેલી દેવીનાની બંધ આંખોવાળા ગુલાબી ચહેરાથી શરૂ કરીને... ચાલતાં શીખેલી... પહેલી વાર સ્કૂલે જતી... સ્કૂલની ડિબેટમાં અને સ્પોર્ટ્સમાં કપ્સ જીતતી... ધીમે ધીમે મોટી થતી અને દલીલો કરતી જતી દેવીનાના અનેક ચહેરા પસાર થઈ ગયા.

એની અંદર ચાલી રહેલા વ્યક્તિ અને મા વચ્ચેના દ્વંદ્વમાં એની અંદરની મા ચીસો પાડીને કહી રહી હતી, "તું ખોટું કરે છે રીમા, તારે જવું જોઈએ."

"તારે ન જ જવું જોઈએ." એની અંદરની વ્યક્તિ એને સમજાવી રહી હતી, "આ જ સમય છે એમને પાઠ ભણાવવાનો."

"દીકરી જ્યારે બેહોશ હોય ત્યારે કયો પાઠ ભણાવીશ રીમા? જો એને કંઈ થઈ ગયું તો..." એ ઝટકાથી બેઠી થઈ ગઈ. એણે બાજુમાં પડેલો સેલફોન લીધો. એના ટ્રાવેલ એજન્ટને ફોન લગાડ્યો, "રીમા... રીમા પટેલ બોલું છું. મને લંડનની ફર્સ્ટ અવેલેબલ સીટ જોઈએ છે. કોઈ પણ એરલાઇન..."

"હોલ્ડ ઓન..." સામેથી જવાબ આવ્યો અને રીમા ધડકતા હૃદયે જવાબની રાહ જોઈ રહી.

*

22

“મેમ, સૌથી પહેલી ફ્લાઇટ નેક્સ્ટ વીક છે.”

“પણ મારે ઇમરજન્સી છે.”

“સૉરી. વહેલામાં વહેલી ફ્લાઇટ હું તમને ત્રણ દિવસ પછી કરી આપું. લંડનનો ટ્રાફિક હમણાં ફૂલ ચાલે છે.”

“પણ કોઈ કેન્સલેશન... બ્લોક કરાવેલી સીટ કોઈ ના લે... મારી દીકરી બીમાર છે.”

“મેમ... બ્રિટિશ એરવેઝમાં કાલે એક સીટ છે.”

“કરી દો.”

“પણ આજે જ કલેક્ટ કરવી પડશે.”

“કરી લઈશ. મને એક કલાક આપો.”

“જી મેમ, તમે પાસપોર્ટ અને બીજી વિગતો લઈને આવી જાવ. હું ટિકિટ રેડી રાખું છું.” પછી એણે જરાક અચકાઈને પૂછી જ નાખ્યું, “પેમેન્ટ કેશમાં જ કરશો ને?”

“હા.” રીમાએ ફોન મૂક્યો. એનું મન ચકરાવે ચડી ગયું. એ જવા તૈયાર તો થઈ હતી, પણ ત્યાં પહોંચ્યા પછી સુરેશ એની સાથે કેવું વર્તન કરશે એની એને કલ્પના નહોતી. એને ડર લાગતો હતો અને સાથે સાથે દીકરીની સખત ચિંતા થતી હતી. સુરેશને આટલી ખરાબ રીતે ના પાડ્યા પછી પણ પોતે જવા તૈયાર થઈ હતી એનાં પરિણામોની એને કલ્પના હતી જ. એ મનોમન ઈશ્વરને એક જ પ્રાર્થના કરી રહી હતી, દેવિનાના ક્ષેમકુશળ માટેની પ્રાર્થના. કોણ જાણે કેમ, ક્યારેય નહીં અને આજે એનું મન એક વિચિત્ર આશંકાથી ફફડતું હતું.

જે કંઈ થયું એ માટે સુરેશ ભલે એને જવાબદાર ઠેરવે, અને એનું મન જાણતું હતું કે એણે આ પરિસ્થિતિ ઊભી ન થાય એ માટે કેટલો પ્રયાસ કર્યો હતો. સુરેશને જે માનવું હોય તે માને, ખરું પૂછો તો અત્યારે રીમાને સુરેશની માન્યતાની ચિંતા નહોતી. એને ભય હતો તો બસ એક જ, “જો દેવિનાને કંઈ થઈ ગયું તો સુરેશ એને જીવનભર સંભળાવશે. એટલું જ નહીં, બીજા લોકોની સામે એને ખોટી ચીતરવામાં કંઈ બાકી નહીં રાખે, અને એ બધા પછી પોતે પોતાની જાતને માફ નહીં કરી શકે એ અલગથી.”

એ ઊભી થઈ. મોઢા પર પાણીની છાલકો મારી અને કપડાં બદલવા લાગી, પણ એના મનમાં સતત એક જ પ્રાર્થના ચાલતી હતી, “મારી દીકરીને હેમખેમ રાખજે મારા વહાલા. એનાથી ભૂલ થઈ ગઈ છે એમ માનીને એને માફ કરી દેજે... એવું હોય તો એના ભાગની સજા મને આપજે, પણ એને કોઈ રીતે તકલીફ ના પડે એટલું કરજે.”

એ ટિકિટ લઈને ઘેર આવી ત્યાં સુધીમાં તો એના હાથ-પગ ધ્રૂજવા લાગ્યા હતા. દેવિનાના વિચારો એને એવી રીતે ઘેરી વળ્યા હતા કે બીજું કંઈ સૂઝતું જ નહોતું. સુરેશનો ફોન લગાડવાનો પ્રયાસ એણે કરી જોયો, પરંતુ રીંગ વાગતાં જ સુરેશ ફોન કાપી નાખતો હતો.

એણે બે-ચાર વાર બીજા કોઈને ફોન કરી જોવાનો પણ વિચાર આવ્યો, પણ પછી એને વિચાર આવ્યો કે સગી દીકરીની ખબર પૂછવા પારકાને ફોન કરું તો કોઈ શું ધારે?

એ તદ્દન અસહાય - બેબસ અનુભવતી હતી પોતાની જાતને.

આવા દરેક પ્રસંગે એનો એક જ સહારો હતો, માધવી!

એણે માધવીને ફોન કરવાનો પ્રયત્ન કર્યો, પણ એનો ફોન બંધ હતો, મહેન્દ્રનો ફોન પણ સ્વીચઓફ હતો.

એણે અકળાઈને પોતાનો સેલ પલંગ પર છૂટો ફેંક્યો અને અસહાયતામાં રડી પડી. એને અત્યારે એક એવા ખભાની જરૂર હતી, જેના પર માથું મૂકીને એ છૂટા મોઢે રડી શકે. અત્યાર સુધી એની પાસે આવો એક જ ખભો હતો એ માધવી અત્યારે એની પહોંચની બહાર હતી - આ સ્થિતિ રીમા માટે અકલ્પ્ય હતી.

હજી ગઈ તે પળ સુધી માધવીની બીમારી વિશે જાણ્યા છતાં પણ રીમાએ એવું વિચાર્યું જ નહોતું કે માધવી ક્યારેક ના પણ હોય! રીમાની જિંદગીમાં માધવીની ગેરહાજરી હોય જ નહીં - હોઈ શકે નહીં એવું રીમા માનતી રહી હતી.

આજે, આ પળે એને પહેલી વાર સમજાયું હતું કે જો માધવી ના હોય તો શું થઈ શકે!

હવે રીમાની અંદર એક જબરદસ્ત ભય આકાર લેવા લાગ્યો હતો. માધવીના નહીં હોવાના સત્યની ગંભીરતા આ પળે એને પહેલી વાર સમજાઈ હતી... એ ગંભીરતાએ એની અંદર એક ઘેરો અંધકાર સર્જવા માંડ્યો હતો. એના હાથમાં લંડનની ટિકિટ હતી. હવે માત્ર થોડા કલાકોમાં એ મુંબઈ છોડી જવાની હતી. લંડનમાં એને માટે કયા સમાચાર અને કઈ પરિસ્થિતિ રાહ જોતી હતી એની એને પોતાને ખબર નહોતી સાથે જ એક વાર અહીંથી ગયા પછી માધવીને એ ફરી ક્યારે મળવાની હતી... એ વિશેના સવાલો એને કોરી ખાતા હતા.

એ કોઈ પણ રીતે જતા પહેલાં માધવીને મળવા માગતી હતી.

ફાર્મહાઉસ સુધી જવાનો સમય નહોતો રહ્યો બન્નેના ફોન સતત બંધ મળતા હતા...

રીમા બેબાકળી થઈ ગઈ હતી. એને માટે આ પળ એક ભયાનક કટોકટીની એવી પળ હતી જેમાં એણે જાતને સંભાળવાથી શરૂ કરીને આવનારી પરિસ્થિતિ માટે જાતને પૂરેપૂરી તૈયાર કરવાની હતી.

એ દર દસ મિનિટે ફોન લગાડવાનો પ્રયાસ કરતી રહી, પરંતુ એ માધવી સુધી પહોંચી શકી નહીં.

ઇન્ટરનેશનલ ફ્લાઇટના સમયના ત્રણ કલાક પહેલાં એરપોર્ટ પહોંચવાનું હોવાથી એને માટે નીકળી જવું અનિવાર્ય હતું. રીમા પોતાના નસીબ પર રડી પણ નહોતી શકતી... જે વ્યક્તિ એના જીવનની સૌથી અગત્યની અથવા કહો કે એકમાત્ર અગત્યની વ્યક્તિ હતી, એને મળ્યા વિના એણે આ શહેર છોડવાનું હતું અને એનાથીયે વધુ તકલીફ પહોંચે એવી વાત એ હતી કે હવે એ એને ફરી કદાચ નયે મળી શકે એવી પૂરેપૂરી સંભાવના હતી!

*

મહેન્દ્રએ થોડે દૂર પડેલો પોતાનો ફોન ઉપાડવાનો પ્રયાસ કર્યો. માધવીએ એના હાથ પર હાથ મૂકી દીધો. મહેન્દ્રએ માધવીની સામે જોયું, માધવીએ ડોકું ધુણાવીને ના પાડી.

“આપણે નક્કી કર્યું છે ને, આપણે અહીંયાં ફક્ત એક જ વાર ફોન ચાલુ કરીશું. રાત્રે સાડા નવથી સાડા દસ.”

“પણ કદાચ...”

“તમારી ઑફિસમાંથી, તમારા મિત્રોના કે બીજા કોઈના પણ ફોન અહીંયાં નથી લેવાના તમારે... તમે જ મને વચન આપ્યું હતું.”

“માધવી, સોનાલી કદાચ...”

“સોનાલીને ખબર છે કે આપણે ફોન બંધ રાખવાનાં છીએ. રાત્રે સાડા નવ વાગ્યે ફોન કરીશું આપણે એને.” માધવીએ મહેન્દ્રનો હાથ પકડીને એની આંગળીઓમાં આંગળીઓ પરોવી દીધી, “અહીં તો હું જ...” પછી એ હસી, “તમે કહેતા હતા ને કે હું કંટાળી જઈશ એટલો પ્રેમ કરશો, પણ મને લાગે છે આ બાર કલાક થયા એ પહેલાં તમે કંટાળવા માંડ્યા છો.”

“માધવી... આજ સુધી કોઈ દિવસ બૈરાની જેમ લડી નથી. હવે શું કામ લડે છે? હું કોઈ દિવસ તારાથી કંટાળું?” મહેન્દ્રએ માધવીના ગાલ પર હળવી ચૂમી કરી.

“મહેન, કોણ જાણે કેમ મને લાગે છે કે હું તમારી પળેપળની માલિક થઈ જાઉં. એટલી હદ સુધી કે તમારા મનમાં પણ બીજો કોઈ વિચાર ના આવવા દઉં. અહીં વીતાવેલા દિવસો માત્ર તમારી સાથેના દિવસો નહીં, તમારા મન, આત્મા અને શરીર બધાની સાથે તમને પૂરેપૂરા પામી લેવાના દિવસો હોવા જોઈએ.”

“એવું જ છે માધવી.” મહેનની આંખોમાં સચ્ચાઈ હતી, “ખરેખર એવું જ છે. આ બાર કલાક મારી જિંદગીના શ્રેષ્ઠ બાર કલાક છે એમ કહું તો ખોટું નથી. એવું નથી કે આપણે પહેલી વાર હોલીડે પર બહાર આવ્યાં છીએ. સોનાલીના ગયા પછી છેલ્લાં ત્રણ વર્ષથી તો આપણે એકલાં જ હોલીડે કરતાં રહ્યા છીએ, પણ તેમ છતાં અહીંનું એકાંત અલગ છે માધવી.”

“કેમ? કેમ અલગ છે કહો તો?” માધવીએ લાડ કર્યાં.

"કારણ કે આ આપણું ઘર છે, હોટેલનો રૂમ નહીં. અહીંની ઈંટે ઈંટમાં મારો પરસેવો અને તારાં સપનાં છે. અહીંની જમીન સાથે આપણી સંવેદના જોડાયેલી છે."

"આ સાચું છે, પણ આની આગળ એક બીજી વાત છે."

"બીજી વાત?"

"હા મહેન." માધવીનો અવાજ સાવ લાગણીભીનો થઈ ગયો, "આપણને બંનેને ખબર છે કે આ કદાચ આપણી જિંદગીઓનું સાથે ગાળેલું છેલ્લું એકાંત છે."

મહેન્દ્રએ માધવીના હોઠ પર હાથ મૂકી દીધા, "શટ અપ. મારે વાહિયાત વાતો નથી સાંભળવી."

"મારે કરવી પણ નથી." માધવી હસી પડી, "મહેન, આ છોકરો સુજય..."

"તને ગમ્યો?"

"સોનાલીને બહુ ખુશ રાખશે."

"મને પણ એવું લાગે છે. બહુ સાચો છે... જે માને છે તે કહે છે અને જે કહે છે તે જ માને છે."

"કેટલું આસાનીથી કહી દીધું કે એ હમણાં લગ્ન કરી શકે એમ નથી. બીજો કોઈ છોકરો હોત તો લાગણીવશ થઈને પણ આપણી વાત માની લેત." મહેન્દ્રએ એક પુરુષની જેમ વિશ્લેષણ કરી નાખ્યું, "એણે તો કશું જ નહોતું કરવાનું, ન કોઈને પૂછવાનું હતું, માત્ર હા જ પાડવાની હતી, પણ એને બદલે સાવ સાચું કહ્યું... એ મને તો ગમ્યું."

"તમે પણ આવા જ હતા."

"તને શી ખબર?"

"મને નહીં તો કોને ખબર? કમાતા થયા, જુદી રૂમ લીધી, પછી લગ્ન કરવા આવ્યા હતા..."

"તને જોઈ નહોતીને, જોઈ હોત તો કદાચ વહેલો આવી ગયો હોત." મહેન્દ્ર હસ્યો.

"સોનાલી માટે મેં પાનેતર કરાવીને રાખ્યું છે. મારા બધા દાગીના એને આપી દેજો." માધવી અચાનક જ બોલવા માંડી, "એક આ મંગળસૂત્ર મારા ગળામાંથી નહીં કાઢતા..." મહેન્દ્ર એની સામે જોઈ રહ્યો, "બાકી બધા દાગીના ઉતારી લેજો, પણ મને ઇલેક્ટ્રિ ક્રેમેટોરિમમાં જવા દો એ પહેલાં મંગળસૂત્ર નહીં કાઢતા પ્લીઝ..."

પહેલાં મહેન્દ્રને વિચાર આવ્યો કે એ માધવીને રોકે, પણ પછી એને લાગ્યું કે એને બોલી લેવા દેવી જોઈએ. એના મનમાં આ મૃત્યુનો વિચાર જડબેસલાક રીતે બેસી ગયો છે. એ જ્યાં સુધી પોતાની વાત કહી નહીં લે ત્યાં સુધી આવી વાતો એના મનમાં ઘૂંટાયા કરશે. એટલે એણે માત્ર માધવીની સામે ટગર ટગર જોતાં એને સાંભળ્યા કરી, "મહેન, તમે પરણીને લાવ્યા પછી આ મંગળસૂત્ર મારા શરીરનો ભાગ બની ગયું છે.

બહુ દાગીના કરાવ્યા તમે, ક્યારેય નહોતું કલ્પ્યું એટલા હીરા, મોતી, માણેક અને સોનું મારાં કબાટોમાં ખીચોખીચ ભરાઈ ગયાં, પણ સાચું કહું તો મોહ મને માત્ર આ મંગળસૂત્રનો જ છે."

"માધવી, તું જેમ કહીશ એમ જ થશે. પણ આ બધું તો ત્યારેને, જ્યારે તને કંઈ થાય..." હવે મહેન્દ્ર સહેજ લાગણીવશ થઈ ગયો, "એ પહેલાં હું જ ના રહું તો? જિંદગીનો કંઈ ભરોસો છે? મને હાર્ટઅટેક આવે અને તારી પહેલાં હું જ જતો રહું તો?"

"શા માટે આવે હાર્ટઅટેક?"

"શા માટે ન આવે? સતત મરવાની વાતો કરીને કેટલું ટેન્શન આપે છે મને." મહેન્દ્ર હસવા લાગ્યો. માધવીએ એનો ઝભ્ભો પકડીને માથું એની છાતીમાં સંતાડી દીધું. મહેન્દ્રએ માધવીનું માથું પોતાની છાતીસરસું ચાંપી રાખ્યું એ હળવે હળવે એના વાળમાં હાથ ફેરવતો રહ્યો.

*

છેક છેલ્લી મિનિટ સુધી રીમા માધવીનો ફોન ટ્રાય કરતી રહી, પણ મહેન્દ્ર અને માધવી બંનેના ફોન સતત બંધ મળતા રહ્યા. અકળાયેલી, કંટાળેલી રીમા ફ્લાઇટમાં બેસી ગઈ ત્યાં સુધી માધવીનો અવાજ સાંભળવાનો એનો પ્રયત્ન નિષ્ફળ જ રહ્યો.

મુંબઈ-લંડનની બ્રિટિશ એરવેઝની ફ્લાઇટે ટેક-ઓફ કર્યું ત્યારે કોણ જાણે કેમ, ઘણો કાબૂ રાખવા છતાં રીમા ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

બાજુમાં બેઠેલા એક મોટી ઉંમરનાં બહેને રીમાના ખભે હાથ મૂક્યો, "આપણા હાથમાં કશુંયે નથી બહેન, ધાર્યું તો બધું એનું જ થાય છે."

રીમા એમની સામે જોઈ રહી. પચાસેકથી વધુની ઉંમરવાળાં એ બહેન ખૂબ જ દેખાવડાં અને જાજરમાન હતાં. એમની સાડીના રંગ અને ચાંલ્લાવિહોણા કપાળ પરથી વિધવા હશે એમ ધારી શકાય, એમની આંખોમાં એક અજબ પ્રકારની ઉદાસી હતી. એમના કહેવા છતાં રીમા રડતી રહી એટલે એ હળવેથી રીમાનો ખભો પસવારતાં રહ્યાં.

રીમા ક્યાંય સુધી રડતી રહી. એરહોસ્ટેસ પાસે પાણી મંગાવી, એમણે રીમાને પાણી પીવડાવ્યું. પોતાની પર્સમાંથી વેટ-ટીશ્યૂ આપીને મોં લૂછવા કહ્યું. રીમા થોડી સ્વસ્થ થઈ. પછી એમણે હળવેથી પૂછ્યું, "કોઈ મુશ્કેલી છે બહેન? હું કંઈ મદદ કરી શકું?"

રીમાએ કોઈ જવાબ ના આપ્યો, માત્ર 'ના'માં ડોકું ધુણાવ્યું અને બારીની બહારનું આકાશ જોતી રહી. નવ કલાકની ફ્લાઇટમાં એણે કંઈ ખાધું-પીધું નહીં. ઉચાટ, ઉદ્વેગ, ચિંતા, અસહાયતાની મિશ્ર લાગણી એને અંદરથી સતત વલોવતી હતી.

એ બહેને એક-બે વાર એની સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો, પણ રીમા કોઈની સાથે વાત કરી શકે એવી એની મનઃસ્થિતિ જ નહોતી.

લંડન લેન્ડિંગની જાહેરાત થઈ કે રીમાએ બાજુમાં મૂકેલું પોતાનું પુલઓવર પહેરી લીધું. ઊભી થઈને બાથરૂમમાં ગઈ. ચહેરો ઠીક કર્યો. આછી લિપસ્ટિક લગાડી અને વાળ સરખા કર્યા...

એ આવીને પેલી બહેનની બાજુમાં બેઠી ત્યારે એ બહેનની આંખો સજળ હતી. રીમાએ એક અક્ષર બોલ્યા વિના એમનો હાથ પકડ્યો અને પંપાળ્યો, "લંડન પહેલી વાર આવો છો?"

"હા... મારા પતિની બહુ ઇચ્છા હતી સાથે યુરોપ જોવાની, હવે એ તો નથી રહ્યા, છોકરાંઓએ મને ધકેલી છે."

"સરસ. દુનિયા જોવી જ જોઈએ અને એકલા દુનિયા જોવાની મજા અલગ છે." પછી પર્સમાંથી કાર્ડ કાઢીને એમને આપ્યું, "આ મારું કાર્ડ છે. રીમા નામ છે મારું. લંડનમાં કંઈ પણ જરૂર પડે તો મને જરૂર સંપર્ક કરજો."

એ બહેને માત્ર ડોકું હલાવીને હા પાડી અને કાર્ડ પર્સમાં મૂકી દીધું.

રીમા ઘેર પહોંચી ત્યારે કેટલાય દિવસનું બંધ ઘર એને ખાવા ધાતું હતું.

એણે સુરેશનો ફોન લગાડ્યો, "રીમા..."

"હવે આવી છે? હવે શી જરૂર છે અહીંયાં? જે થવાનું હતું એ થઈ ગયું છે."

"શું? શું થઈ ગયું છે?" રીમાએ લગભગ ચીસ પાડતી હોય એવા અવાજે પૂછ્યું અને એનું હૃદય અમંગળની આશંકામાં ધડકવા લાગ્યું.

*

23

રીમાએ ચીસ પાડી, "શું? શું થઈ ગયું છે?"

"તને શું ફરક પડે છે? માત્ર બાળકને જન્મ આપવાથી મા નથી બની શકાતું રીમા." સુરેશના આ વાક્યે રીમાની છાતીમાં જાણે ઉઝરડો પડી ગયો.

"પ્લીઝ સુરેશ... દલીલો કરવાનો સમય નથી. પ્લીઝ, મને કહો, શું થયું છે? ક્યાં છે દેવીના?"

"એ મારે કહેવાની જરૂર નથી. જ્યારે અમને તારી જરૂર હતી ત્યારે તું ન આવી"

"સુરેશ!" રીમાના અવાજમાં ભયાનક આશ્ચર્ય હતું, "મેં તો તમને કહ્યું હતું. તમે જ મને ના પાડી."

"તો શું કરું? તને અહીંયાં બોલાવીને મારે કરવાનું શું? તેં કોઇ દિવસ અમારી ચિંતા જ નથી કરી રીમા."

"આ તમે બોલો છો? મેં સતત તમારી નજીક આવવાનો, તમારી સાથે રહેવાનો પ્રયાસ કર્યો છે. તમે જ હંમેશાં મને તમારાથી દૂર કરી છે."

"મારે તારી સાથે કોઈ દલીલ નથી કરવી."

"દલીલ તો મારે પણ નથી કરવી. મને માત્ર એટલું કહી દો કે દેવીના ક્યાં છે?"

"દેવીના હજી હૉસ્પિટલમાં છે." સુરેશે કહ્યું. પહેલી વાર રીમા એના અવાજમાં વેદના સાંભળી શકી. સુરેશનો અવાજ સહેજ ધ્રૂજી ગયો, "દેવીના... દેવીના ખરેખર મુશ્કેલીમાં છે."

"શું થયું છે એને?" રીમાનો અવાજ ફાટી ગયો.

"રીમા, હવે પછી કદાચ દેવીના ક્યારેય મા નહીં બની શકે."

રીમાએ ચીસ પાડી. એને ડૂમો ભરાઈ આવ્યો, "સુરેશ, તમે સમજો છો ને તમે શું બોલો છો?"

"હા, રીમા, એબોર્શન કરતાં ખૂબ બ્લડ લોસ થયો છે. દેવીનાનું ગર્ભાશય ચિરાઈ ગયું છે. હવે કદાચ..." એનો અવાજ રૂંધાઈ ગયો. આગળ બોલી શકવાની એની તૈયારી ન હતી એવું રીમા સમજી શકી.

રીમાને પણ જાણે કોઈ છાતી ભીંસી નાખતું હોય એવું લાગ્યું. રીમાએ પોતાની જાત પર જ વિશ્વાસ ન કરી શકાય એવા ધીમા અવાજે સુરેશને કહ્યું, "એમ હિંમત શું હારી જાવ છો? આપણે બીજો ઓપીનિયન લઈશું. એમ એક ડૉક્ટરના કહેવાથી કંઈ વાત પૂરી નથી થઈ જતી."

"રીમા, વાત પૂરી થઈ ગઈ છે. આપણે સ્વીકારીએ કે નહીં. આપણી દીકરીની જિંદગીમાં જે નહોતું થવું જોઈતું એ થઈ ચૂક્યું છે."

"સુરેશ..." રીમાને સહેજ અઘરું પડ્યું, છતાં એણે હિંમતથી કહ્યું,"તમે ઘરે આવી શકો? પ્લીઝ..."

સુરેશના અવાજમાં પણ એક નરમાશ આવી ગઈ, "પ્લીઝ કહેવાની જરૂર નથી. હું આવું છું." રીમાને જાણે એક બળ મળ્યું, એક સધિયારો... એનું મન ભરાઈ આવ્યું હતું, કોણ જાણે શું થવા બેઠું હતું એની જિંદગીમાં... એક તરફ માધવીની જિંદગી જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાઈ રહી હતી તો બીજી તરફ એની પોતાની દીકરીની જિંદગીમાં એક એવો ઝંઝાવાત ઊભો થયો હતો, જેનો કોઈ ઉપાય કદાચ ક્યારેય મળવાનો નહોતો. રીમા મનોમન જાતને જ દોષ દેતી રહી. સુરેશ ગમે તે કહે એની દીકરી સાથે જે કંઈ થયું એ માટે એ પોતે પણ જવાબદાર હતી જ એવું એને આ પળે લાગ્યું.

જો ખરેખર એને ચિંતા હોત તો એ દેવીનાને રોકી જ શકી હોત! ગુસ્સાથી કે ડરાવીને, પણ એ દેવીનાને આ દિશામાં જતી અટકાવી શકી હોત, કદાચ! પરંતુ, એણે પણ આખી વાતને પ્રમાણમાં કદાચ સહજતાથી લીધી હતી એવું એને અત્યારે લાગી રહ્યું હતું, પણ આ બધો તો નુકસાન થઇ ગયા પછીનો અફસોસ હતો. સુરેશ જે કહેતો હતો એ ખરેખર સાચું હોય તો દેવીનાની જિંદગી ખરાબે ચઢી ચૂકી હતી...

ઘરમાં એકલી બેઠેલી રીમા ફરી એક વાર એ જ ભય અનુભવવા લાગી, જે એણે પોતાના મુંબઇના ઘરમાં અનુભવ્યો હતો. એવી જ રીતે દીવાલો પાસે ખસવા લાગી, એ જ રીતે છત તૂટી પડવાનો ભય ઘેરી વળવા લાગ્યો, એ જ રીતે આંખે અંધારાં આવવા લાગ્યાં અને એ જ રીતે એનો શ્વાસ રૂંધાવા લાગ્યો.

એક હાંફ ચઢી ગઈ એને... એકસામટા બે-ત્રણ કિલોમીટર દોડી હોય એમ એનું આખું શરીર લસ્ત થઈ ગયું. છાતીમાં ભરાયેલો ડૂમો ગળા અને શ્વાસની વચ્ચે જાણે ડચૂરો બનીને બાઝ્યો હોય એમ એનો શ્વાસ રૂંધાવા લાગ્યો.

રીમા સમજી શકી કે આ ફરી એક વાર ડિપ્રેશનનો એટેક હતો. જો એ તાત્કાલિક કશું નહીં કરે તો ફરી એક વાર એ બધી પરિસ્થિતિ ઊભી થશે, જે મુંબઇના ફ્લેટમાં ઊભી થઈ હતી...

એણે મુખ્ય દરવાજો ખોલી નાખ્યો. એ બહાર પોર્ચમાં આવી ગઈ. ખુલ્લી હવામાં એને જરા સારું લાગ્યું, પણ છતાં આંખે આવતાં અંધારાં એમ જ હતાં. રૂંધાતો શ્વાસ વધુ ને વધુ રૂંધાતો જતો હતો. એ બહાર પોર્ચના ઓટલા ઉપર જ બેસી ગઈ અને જોર જોરથી શ્વાસ લેવા લાગી. વારંવાર પોતાની જાતને કહી રહી હતી...

"મને કંઈ નથી થવાનું... મને કંઈ નહીં થાય..."

બરાબર એ જ વખતે સુરેશની ગાડી એના કમ્પાઉન્ડના ગેટ પાસે આવીને ઊભી રહી. ઓટો ઇન્ડિકેટરથી કમ્પાઉન્ડના ગેટ આપોઆપ ખૂલ્યા, ગાડી અંદર દાખલ

થઇ. સુરેશ ગાડીમાંથી ઊતર્યો ત્યારે એને રીમાને જોઈને નવાઈ લાગી.

રીમાના ચહેરા પર પરસેવાનાં બુંદ જામી ગયાં હતાં, એની આંખો વિસ્ફારિત અને ભયગ્રસ્ત હતી, એ ઊંડા ઊંડા શ્વાસ લેતી હાંફી રહી હતી, એના હોઠ સુકાઈ ગયા હતા, એનું આખું શરીર ધ્રૂજતું હતું.

સુરેશને જોઈને એ ઊભી થઈને દોડી. સુરેશને એકદમ વળગી પડી અને એના શર્ટના કોલર પકડીને એને હચમચાવી નાખ્યો, "આવું કેમ થયું સુરેશ? આમાં હું જ જવાબદાર છું... મને જીવવાનો કોઈ અધિકાર નથી."

"રીમા..." સુરેશનો અવાજ શાંત હતો, પણ સ્વસ્થ નહીં. એના ઉપરથી કદાચ આ તોફાન ચોવીસ કલાક પહેલાં પસાર થઈ ચૂક્યું હતું એટલે એને માટે આ પરિસ્થિતિ પ્રમાણમાં સહેજ જાણીતી અને સહ્ય હતી...

"આઇ એમ સૉરી સુરેશ, આઇ એમ વેરી સૉરી... દેવીનાની જિંદગી બરબાદ કરવા માટે મને જે સજા કરો તે ઓછી છે, તમે સાચું કહેતા હતા..." ક્યારનો ગળામાં અટવાતો ડૂમો એક મોટા ધ્રૂસકા સાથે બહાર આવી ગયો અને રીમા સુરેશની છાતી પર માથું નાખીને જોર જોરથી રડવા લાગી.

વરસો પછી પતિ-પત્ની વચ્ચે કદાચ આ પળ આવી હતી, આટલી નિકટતા છેલ્લાં કેટલાંય વર્ષોમાં સુરેશ અને રીમા ક્યારેય અનુભવી શક્યાં નહોતાં. સુરેશને મનમાં વિચાર આવી ગયો, 'ખરેખર! દુ:ખ બે દુશ્મનોને પણ એકબીજાની નજીક લઈ આવતું હોય છે... અમારી પાસે કદાચ એટલું સુખ હતું કે જેને અમે સહી શક્યાં નહીં અને એકબીજાથી દૂર થતાં ગયા, આજે સહી ન શકાય એટલું દુ:ખ અમને ફરીથી એકબીજાની નજીક લઈ આવ્યું છે...' સુરેશનો હાથ અનાયાસ રીમાની પીઠ પર ફરવા લાગ્યો. એની આંખો ભીની થઈ ગઈ.

"સુરેશ, મારે દેવીનાને મળવું છે, હમણાં જ..."

"આ વિઝિટિંગ અવર નથી રીમા... હમણાં નહીં જઈ શકાય. હું સાંજે તને લઈ જઈશ."

"મારાથી સાંજ સુધી રાહ નહીં જોવાય સુરેશ... મારું કાળજું ફાટી જાય છે, એ છોકરી કોણ જાણે કઈ પરિસ્થિતિમાંથી પસાર થતી હશે..."

સુરેશ રીમાને હળવેથી દોરીને પોર્ચ તરફ લઈ ગયો. પોર્ચમાં પડેલા કેઈનનાં ચેર અને ટેબલ હતાં. એમાંની એક ખુરશી પર સુરેશે રીમાને હળવેથી બેસાડી પછી એની સામે જોયું. રીમાને સુરેશનો ચહેરો અજાણ્યો લાગ્યો. એણે સુરેશના ચહેરા પર આવો ખાલીપો અને આટલી પીડા ક્યારેય નહોતાં જોયાં.

"સાચું કહું રીમા, મને અને તને જેટલી તકલીફ પડી છે એટલી કદાચ એ છોકરીને નથી પડી. નવા જમાનાની અસર હશે કે નવી માનસિકતા, પણ એને ખાસ ફરક પડ્યો હોય એવું નથી લાગતું."

"શું?" રીમાના અવાજમાં નવાઈ તો હતી જ, પણ દર્દ ઊભરાઈ આવ્યું.

"હા, રીમા..." સુરેશના અવાજમાં થોડો અપરાધભાવ હતો, પહેલી વાર! "રીમા, એને જ્યારે મેં આ સમાચાર આપ્યા ત્યારે એણે મને શું કહ્યું ખબર છે?" રીમા આંખોમાં સવાલ લઈને એની સામે જોઈ રહી, "એણે મને કહ્યું કે જે થયું તે સારું જ થયું. હું એક જીવને પૃથ્વી પર લાવીને એની જિંદગી બરબાદ કરવાના પાપમાંથી છૂટી ગઈ."

આટલું સાંભળીને રીમાની છાતીમાં જાણે કોઈએ છરો ભોંકી દીધો હોય એમ ઊંડે સુધી કશુંક ખૂંચી ગયું. એની આંખો ભરાઈ આવી, સુરેશ આગળ બોલતો રહ્યો, "રીમા, એ છોકરીએ મને કહ્યું કે તમારા જેવાં મા-બાપ બનવા કરતાં તો મા નહીં બનવાનું જ સારું..." હવે સુરેશનો અવાજ ભીનો થવા માંડ્યો હતો, "એ છોકરી કહે છે કે તમારા જેવાં લોકોને મા-બાપ થવાનો અધિકાર નથી. રીમા, એ કહે છે કે આપણે એની જિંદગી બરબાદ કરી નાખી..."

"એ સાચું કહે છે સુરેશ...આપણા અંગત ઇગો, અંગત અહમ્, આપણી અંગત માન્યતાઓ અને અંગત ઘર્ષણોમાં આપણે એ ભૂલી ગયા કે આપણે બે કુમળી જિંદગીઓની જવાબદારી લીધી છે."

"હા, રીમા... શરીરનું સુખ શોધતો હું કોણ જાણે ક્યાંથી ક્યાં પહોંચી ગયો. ઈવાના સંબંધમાં દાખલ થયા પછી મેં તને ખૂબ અન્યાય કર્યો છે..."

"ન્યાય-અન્યાય, સારા-ખોટાની બહાર નીકળી ગયાં છીએ આપણે, હવે જો અગત્યનું હોય તો માત્ર એટલું જ કે આ છોકરીની જિંદગીમાં કોઈક રીતે આપણે..."

"નહીં થઈ શકે. હવે કશું નહીં થઈ શકે." સુરેશના અવાજમાં ભયાનક નિરાશા હતી જે રીમાને ઊંડે સુધી હચમચાવી ગઈ.

"એમ નિરાશ શું થઈ જાવ છો? ઈશ્વર છે હજી... એની ઇચ્છા વિરુદ્ધ પાંદડું પણ હાલતું નથી."

"ઈશ્વર? કયા ઇશ્વરની વાત કરે છે તું રીમા? જો ખરેખર ઈશ્વર હોય અને એની ઇચ્છા વિરુદ્ધ પાંદડું પણ ના હાલતું હોય તો આપણી સાથે આવું કેમ થયું? પૂછ તારા ઈશ્વરને કે આપણને એ ખોટી દિશામાં શું કામ લઈ ગયો? શા માટે આપણે એકબીજાથી દૂર, વધુ દૂર અને વધુ દૂર થતાં રહ્યાં?"

"જે થવાનું હતું તે થઈ ગયું સુરેશ..."

"હા! કદાચ!" સુરેશે ઊંડો નિઃશ્વાસ નાખ્યો, "હવે પતિ-પત્ની તરીકેના આપણા સંબંધો તો પૂરા જ થઈ ગયા છે." સુરેશના અવાજમાં એક નિખાલસ કબૂલાત હતી, "ઈવા સાથેના મારા સંબંધો પણ કંઈ બહુ સારા છે એવું માનવાનું કારણ નથી... કદાચ દરેક સંબંધનો અંત નિશ્ચિત જ હોય છે, આપણે એને જોઈ શકતા નથી તેથી આંધળા બનીને દોટ મૂકીએ છીએ." સુરેશ લગભગ સ્વગત બોલી રહ્યો હતો, "હું ચારે તરફથી ઘેરાઈ ગયો છું, એકલો પડી ગયો છું, જિંદગીની લડાઈમાં હારી ગયો છું એવું મારે સ્વીકારવું જોઈએ" સુરેશની આંખોમાં પાણી ધસી આવ્યાં હતાં, એ ઊંધો ફરી ગયો, એણે ઝડપથી આંખો લૂછી અને ઊંધા ફરીને જ ઉમેર્યું, "હું તને સાંજે

લેવા આવીશ." એ જવા લાગ્યો, રીમા ઊઠીને એની પાછળ ગઈ અને ગાડીનો દરવાજો ખોલી રહેલા સુરેશના ખભે હાથ મૂક્યો.

"સુરેશ, શું આપણે મા-બાપ તરીકે ખરેખર નાપાસ થયાં છીએ?"

"આપણે માણસો તરીકે જ નાપાસ થયાં છીએ, કદાચ." સુરેશ રીમાને કહેવાને બદલે જાણે પોતાની જાત સાથે જ વાત કરી રહ્યો હતો, "આપણાં સંતાનો આપણને ધિક્કારે છે. એકબીજાની સાથે આપણે જીવી શક્યાં નહીં. એકબીજાને છોડીને જ્યાં ગયાં ત્યાં ગોઠવાઈ શક્યાં નહીં..."

"હું ક્યાંય નથી ગઈ."

"તો જા..." સુરેશે હળવેથી એક ડગલું આગળ ખસીને રીમાનો હાથ પોતાના ખભેથી સરકાવી દીધો, "તો જા રીમા... સુખી થવાનો પ્રયત્ન કર. મને ખાતરી છે તારી જિંદગીમાં એકાદ માણસ એવો જરૂર આવશે, જે તને તારા ભાગનું સુખ આપશે!" સુરેશ ઝડપથી કારનો દરવાજો ખોલી એમાં બેસી ગયો અને રીમા ત્યાં જ ઊભેલી રહી ગઈ.

*

રાત્રે સોનાલી સાથે વાત કરીને માધવી હળવી થઈ ગઈ હતી. આંખો મીંચીને ઘસઘસાટ ઊંઘતી માધવી સામે મહેન્દ્ર એકીટશે જોઈ રહ્યો હતો. એના લયબદ્ધ શ્વાસ, બિડાયેલાં પોપચાં, ચહેરા પરની શાંતિ અને બાળક જેવી નિર્દોષતા...

માધવી મહેન્દ્રને એકદમ વહાલસોયી લાગી. મૃત્યુના ભય વિના, આવી રહેલી પળને તદ્દન સ્વાભાવિકપણે સ્વીકારીને જીવનને પૂરેપૂરું એના શુદ્ધ સ્વરૂપમાં સ્વીકારીને જે રીતે એણે બાકીના દિવસો જીવવા માંડ્યા હતા એ સ્વાભાવિકતા અને સરળતાની મહેન્દ્રને ઈર્ષા આવી ગઈ.

એણે નજીક જઈને માધવીના ગાલે ખૂબ હળવાશથી એક ચુંબન કર્યું અને એના માથા ઉપર એ જાગી ના જાય એવી સાવધાનીથી લાડભર્યો હાથ ફેરવી ત્યાંથી ઊભો થઈ ગયો.

એમના બેડરૂમને જોડાયેલો એક નાનકડો વરંડો હતો. લગભગ જમીનને અડીને જ હોય એવો, છતાં જમીનથી સાત-આઠ ફૂટ અધ્ધર...

મહેન્દ્ર આવીને એ વરંડામાં ઊભો રહ્યો. બહાર દેખાતા ખુલ્લા આકાશ અને એમાં ચમકતા તારાઓ સામે એકીટશે જોઈ રહેલા મહેન્દ્રને જાતજાતના વિચારો આવતા હતા અને નીકળી જતા હતા...

બરાબર એ જ વખતે મહેન્દ્રના સેલફોનની રિંગ વાગી. મહેન્દ્રએ ચોંકીને ઝભ્ભાના ખિસ્સામાંથી સેલફોન કાઢ્યો. માધવી સાથે નક્કી કર્યા છતાં એણે સેલફોન બંધ નહોતો કર્યો. ઑફિસનું કંઈ કામ કે કોઈ પણ જરૂરિયાત ઊભી થાય તો કોઈ પણ એમને સંપર્ક કરી શકે એવા ઉદ્દેશથી એણે માધવીના ઊંઘી ગયા પછી ફોન ફરી ચાલુ

કર્યો હતો… માધવી જાગી ના જાય એની સાવધાની રાખીને એણે ફોનમાં નંબર જોયા વિના ઝડપથી બટન દબાવીને વાત કરવા માંડી, "મહેન્દ્ર…"

"હું…" એક ઝીણો, ભીનો અવાજ એના ફોનમાં થઈને એના હૃદય સુધી પહોંચી ગયો, "હું રીમા બોલું છું."

"માધવી તો ઊંઘી ગઈ છે."

"સારું થયું." રીમાએ કહ્યું અને મહેન્દ્રને નવાઈ લાગી, "મારે તારી સાથે જ વાત કરવી છે. માધવી જાગી ન જાય એનું ધ્યાન રાખજે. બને તો રૂમની બહાર નીકળી જા." રીમાના અવાજમાં અચકાટ તો હતો, પણ એક જુદા જ પ્રકારની આત્મીયતા હતી, જે મહેન્દ્રએ પહેલાં ક્યારેય નહોતી અનુભવી.

"હું બહાર જ છું."

"મહેન્દ્ર…" રીમાના અવાજમાં એક કંપ હતો, "કોણ જાણે કેમ, તારો અવાજ સાંભળવાની ઇચ્છા થઈ ગઈ." એણે કહ્યું. એ પછી ક્ષણેકની ચુપકીદી બંને પક્ષે છવાઈ ગઈ.

*

24

"મહેન્દ્ર..." રીમાના અવાજમાં એક કંપ હતો, "કોણ જાણે કેમ, તારો અવાજ સાંભળવાની ઇચ્છા થઈ ગઈ." એણે કહ્યું. ક્ષણેકની ચુપકીદી બંને પક્ષે છવાઈ ગઈ, "દેવીના કહે છે કે મારા જેવી મા બનવા કરતાં મા ન બનવું વધારે સારું."

મહેન્દ્ર રીમાનો રડતો અવાજ સાંભળી રહ્યો. આટલે દૂરથી ફોન ઉપર શું કહી શકાય, કે શું થઈ શકે એ વિશે વિચારતો એ રીમાના ડૂસકામાં જાણે ઘસડાતો હતો.

મહેન્દ્ર સમજી શકતો હતો કે રીમાની માનસિક પરિસ્થિતિ શું હોઈ શકે? પણ અત્યારે એ પોતે પણ જે પરિસ્થિતિમાંથી પસાર થતો હતો એમાં રીમાની મદદ કરી શકવાની એની કોઈ ક્ષમતા નહોતી.

હજી હમણાં જ માધવી શાંતિથી સૂતી હતી. રીમા સાથે લાંબી વાત કરવાથી કદાચ માધવી જાગી જાય એવું પણ બને અને છતાં મહેન્દ્રનું હૃદય દ્રવી ગયું હતું. એ રીમાને સધિયારો આપવા માગતો હતો. એને સહેજ શાંતિ લાગે અથવા સારું લાગે એવી પરિસ્થિતિ ઊભી કરવા માગતો હતો, પણ એવું અઘરું હતું...

"રીમા..." મહેન્દ્રએ ધીમા પણ ખૂબ લાગણીભીના અવાજે કહ્યું, "દેવીના કંઈ પણ કહે, તારો આત્મા શું કહે છે?"

"સમજાતું નથી." રીમા સહેજ અચકાઈ, "હું તારી સાથે વાત કરવા માગતી હતી, પણ મહેન્દ્ર..." શું કહેવું એના જાણે શબ્દો ગોઠવતી હોય એમ રીમા થોડી વાર ચૂપ રહી. પછી એણે ધીમેથી કહ્યું, "તારી સાથે વાત કરવી મને અઘરી પડે છે. આપણે એવી નિકટતા ક્યારેય કેળવી શક્યાં જ નહીં મહેન્દ્ર... મારે માધવી સિવાય કોઈ છે જ નહીં વાત કરવા માટે."

"માધવી..." મહેન્દ્ર સહેજ અટક્યો. પછી એણે હિંમતથી કહી દીધું, "માધવી ઊંઘી ગઈ છે અને તું તો જાણે છે, અત્યારે એને કોઈ પણ વાતે ડિસ્ટર્બ કરવી એના માટે કેટલું નુકસાનકારક છે."

"મહેન્દ્ર, હું શું કરું? જિંદગીની નાની નાની વાતે તૂટીને માધવી પાસે દોડી આવવાની ટેવ પડી છે મને. સારા-ખરાબ તમામ પ્રસંગોએ મેં હંમેશાં માધવી સાથે જ મારી લાગણી વહેંચી છે. દેવીના હૉસ્પિટલમાં છે. એ ક્યારેય મા નહીં બની શકે, કદાચ."

"ઓહ ગૉડ!"

"મહેન્દ્ર, એ કહે છે કે એને એનાથી કોઈ તકલીફ નથી. મા નહીં બનવાનું ઓપ્શન એને વધારે યોગ્ય લાગે છે" રીમાનો અવાજ ફરી છલકાઈ ગયો, "મારા જેવી મા બનવા કરતાં! હું ખરેખર એટલી ખરાબ છું મહેન્દ્ર? પ્લીઝ મને સાચું કહેજે. સુરેશ કહે છે કે હું ખરાબ પત્ની છું. જય કહે છે કે હું ખરાબ મા છું. દેવીના કહે છે કે મેં એની જિંદગી બરબાદ કરી નાખી."

"જો રીમા, કોઈ શું કહે છે એના કરતાં તારો આત્મા શું કહે છે એ વધારે અગત્યનું છે."

"મહેન્દ્ર, હું સાચે જ ગૂંચવાઈ ગઈ છું. અટવાઈ, ગૂંગળાઈ ગઈ છું. ત્યાંથી અહીંયાં આવી, પણ અહીંયાં તો મારી કોઈ જરૂરત જ નથી. સુરેશ મને લેવા આવવાના છે. હું દેવીનાને મળવા જઈશ, પણ મારી અંદર જાણે કશું મરી ગયું છે. મારો આત્મા જ હશે, કદાચ."

મહેન્દ્રને અત્યાર સુધી ખ્યાલ જ નહોતો કે રીમા લંડનથી વાત કરી રહી છે. હવે એને સમજાયું કે એ લંડન પાછી ચાલી ગઈ છે. એ ચૂપચાપ રીમાની વાત સાંભળતો રહ્યો. એને સમજાતું હતું કે અત્યારે રીમાને માધવીની અથવા કોઈ પોતાની નજીકની વ્યક્તિની કેટલી જરૂર છે. કદાચ આવી જ લાગણી એને ડૉ. કાપડિયાએ પહેલી વાર માધવીના કેન્સરના સમાચાર આપ્યા ત્યારે થઈ હતી. એને પણ આવી જ રીતે કોઈકના ખભાની, કોઈ પોતાનાની જરૂરિયાતનો અહેસાસ થયો હતો.

"મહેન્દ્ર, આપણે આપણી સફળતાના રસ્તે આગળ વધતાં પુલ નથી બાંધતા, દીવાલો ચણતા જઈએ છીએ. એ દીવાલો ક્યારે આપણને ઘેરી વળે અને એકલા પાડી દે એની આપણને પોતાનેય ખબર નથી રહેતી, નહીં?"

"રીમા, તારી જાતને સંભાળ." મહેન્દ્ર એટલું જ કહી શક્યો.

"મજબૂત હોવાનાં મહોરાં પહેરીએ છીએ આપણે બધાં! કોઈની જરૂર નથી... એવું કેટલી આસાનીથી કહી દઈએ છીએ, પણ જ્યારે સમજાય કે કોઈની જરૂર છે ત્યારે સાથે સાથે એ પણ સમજાય છે કે જે કોઈ મદદ કરવા આવ્યું હતું એ સૌને આપણે વારાફરતી દૂર ધકેલી દીધા..." રીમા ફરી ડૂસકે ચડી ગઈ, "એટલા દૂર કે પાસે આવવા માગે તો પણ આપણે ચણેલી દીવાલો જ એમને રોકી લે."

"રીમા, શાંત થઈ જા. એક વાર દેવીનાને મળી આવ. હું માનું છું ત્યાં સુધી એને જોઈ લઈશ તો તારો ખાસ્સો ઉદ્વેગ શાંત થઈ જશે. બાકી જે થયું છે સત્ય છે. એને કોઈ રીતે બદલી નહીં શકાય. એટલે સ્વીકાર્યે જ છૂટકો." મહેન્દ્રએ કહ્યું અને પછી ધીમેથી ઉમેર્યું, "માત્ર ફિલોસોફી નથી ઝાડતો, હું પણ લગભગ આ જ પરિસ્થિતિમાંથી પસાર થાઉં છું ને..."

રીમા એની વાત સમજી શકી. થોડી વાર ચૂપ રહી. પછી ડૂસકાં સમેટી લેતાં એણે ધીમા અવાજે કહ્યું, "તારી વાત સાચી છે. આઇ વિલ ટ્રાય..." એણે ફોન ડિસકનેક્ટ કર્યો, પણ મહેન્દ્રની અંદર ક્યાંય સુધી એનાં ડૂસકાં પડઘાતાં રહ્યાં. એણે ફરી એક વાર માધવી સામે જોયું, લયબદ્ધ શ્વાસ, બિડાયેલાં પોપચાં, ચહેરા પરની શાંતિ એવી લાગતી હતી જાણે એને કશાયની ચિંતા નહોતી, કશાયથી ભય નહોતો...

મહેન્દ્ર થોડી વાર એને જોઈ રહ્યો. પછી એની પાસે ગયો અને એના ચહેરા પર હાથ ફેરવ્યો, મહેન્દ્ર ચોંકી ગયો. એનું શરીર સાવ ઠંડું હતું...

માધવીનું શરીર શિયાળામાં પણ પ્રમાણમાં હૂંફાળું રહેતું. એને ઠંડી ઓછી લાગતી, પણ ગરમી હંમેશાં એને કાયર કરી નાખતી. મહેન્દ્રએ ઘણી વાર એની મજાક પણ

કરી હતી, “ઉનાળામાં તારી પાસે આવવું નથી ગમતું, પણ શિયાળામાં તું એવી વહાલી લાગે છે…”

મહેન્દ્રએ ફરી એક વાર એના કપાળ પર, હથેળીઓમાં હાથ મૂકી જોયો… માધવીનું શરીર ઠંડું જ હતું. ડરી ગયેલા મહેન્દ્રએ એના નાક પાસે આંગળી રાખી. શ્વાસ ચાલતા હતા, પણ બહુ જ ધીમા હતા. મહેન્દ્રએ એની નાડીના ધબકારા માપવાનો પ્રયત્ન કર્યો અને એને સમજાયું કે એની નાડી પણ ધીમી ચાલતી હતી. મહેન્દ્રએ માધવીને હચમચાવી…

“માધવી… માધવી…”

સામાન્ય રીતે માધવી અડવાથી પણ જાગી જાય એટલી બધી કાચી એની ઊંઘ હતી, અત્યારે એણે આંખો પણ ના ખોલી. મહેન્દ્રએ ફરી એક વાર હતી એટલી શક્તિથી એને હચમચાવી, “માધવી… માધવી પ્લીઝ આંખો ખોલ, તને શું થાય છે?” મહેન્દ્ર ડરી ગયો હતો.

માધવીએ આંખો ના ખોલી તે ના જ ખોલી.

મહેન્દ્રએ ડૉ. કાપડિયાને ફોન લગાવ્યો, અને હકીકત કહી.

ડૉ. કાપડિયાએ માધવી ઉપર પાણી છાંટવાનું કહ્યું, એ પણ મહેન્દ્રએ કરી જોયું, પણ માધવી આંખો ખોલતી નહોતી.

ડૉ. કાપડિયાએ માધવીને ગાડીમાં નાખીને તાત્કાલિક ક્લિનિક પર લઈ આવવાની સૂચના આપી. મહેન્દ્ર એક ક્ષણ પણ ગુમાવ્યા વિના માધવીને ઉપાડી અને ગાડીમાં પાછલી સીટમાં સુવડાવી. ફાર્મ હાઉસથી મુંબઈ સુધી મહેન્દ્રની ગાડી ભયજનક સ્પીડથી દોડતી રહી. વચ્ચે વચ્ચે એ પાછળ જોતો રહ્યો… પણ માધવી તો શાંત, નિશ્ચેષ્ટ ઊંઘતી હતી! મહેન્દ્રનું આખું અસ્તિત્વ ઊથલપાથલ થઈ ગયું હતું.

લગભગ બે કલાક પહેલાં તદ્દન સામાન્ય અને પ્રેમાળ વર્તી રહેલી માધવી અચાનક જ આવી રીતે ચૂપ થઈ જાય એ મહેન્દ્ર માટે માની ના શકાય એવી બાબત હતી. એની અંદર કોણ જાણે કેટલાય વિચારો આવ્યા અને ભૂંસાઈ ગયા…

ડૉ. કાપડિયાના ક્લિનિક ઉપર મહેન્દ્ર પહોંચ્યો ત્યારે લગભગ રાતનો દોઢ વાગ્યો હતો. સ્ટ્રેચરની રાહ જોયા વિના માધવીને બે હાથે ઉપાડીને મહેન્દ્ર ડૉક્ટરના ક્લિનિકમાં દાખલ થયો.

“ડૉક્ટર… એ આંખો જ નથી ખોલતી.” મહેન્દ્રએ એને ડૉ. કાપડિયાના દર્દીને તપાસવાના ટેબલ પર સુવાડી. ડૉ. કાપડિયાએ પોતાની રીતે તપાસ કરવા માંડી… જેમ જેમ તપાસતા ગયા, એમ એમ એમના ચહેરા પર ગંભીરતાનાં વાદળ છવાતાં ગયાં.

“એમને…” ડૉ. કાપડિયા સહેજ અચકાયા, પણ પૂછી નાખ્યું, “ઊંઘની ગોળી લેવાની ટેવ હતી?”

"કોઈ દિવસ નહીં."

"જુઓ, ગેરસમજ નહીં કરતા, પણ મને લાગે છે એમણે ઊંઘની ગોળીઓનો ઓવરડૉઝ લીધો છે."

"વ્હોટ?" મહેન્દ્રનો અવાજ ફાટી ગયો, "પણ શું કામ?"

"એ તો હવે એ આંખ ખોલે ત્યારે જ ખ્યાલ આવે." ડૉ. કાપડિયાએ સાચવી સાચવીને એક એક શબ્દ ગોઠવીને મહેન્દ્રને કહ્યું, "જાણીજોઈને લીધો છે કે ભૂલમાં... એની પણ તપાસ કરવી પડે."

"તો તમે રાહ શાની જુઓ છો?"

"હું રાહ નથી જોતો. હું સ્ટમકવોશની તૈયારી કરું છું. મેં મારી આસિસ્ટન્ટને બોલાવી લીધી છે, પણ મહેન્દ્રભાઈ, એમણે સારી એવી ગોળીઓ લીધી છે અને ગોળીઓ લીધાને સારો એવો સમય થઈ ગયો છે."

"તમે શું કહેવા માગો છો એ સ્પષ્ટ કહો." મહેન્દ્રએ ડૉ. કાપડિયાને કોલરમાંથી પકડી લીધા.

"રિલેક્સ મહેન્દ્રભાઈ..." એણે કોલર છોડાવ્યા.

"રિલેક્સ?" મહેન્દ્રએ લગભગ ત્રાડ પાડી, "મારી પત્ની જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહી છે અને તમે કહો છો રિલેક્સ? ડૉક્ટર, તમારા માટે મૃત્યુ એ સામાન્ય શબ્દ હશે અને કદાચ નાનકડો પણ, તમે રોજ જોતા હશો આ બધું એટલે તમને ટેવ પડી ગઈ હશે. મારી પત્નીને કંઈ થઈ ગયું તો હું તમને..."

"જુઓ મહેન્દ્રભાઈ..." ડૉ. કાપડિયાનો અવાજ હજી સ્વસ્થ અને સંયત હતો.

"હું કશું જ જોવા કે સાંભળવા નથી માગતો, માધવીને જગાડો બસ... કોઈ પણ રીતે એની આંખો ઊઘડવી જોઈએ ડૉક્ટર..." મહેન્દ્ર નાના બાળકની જેમ રડી પડ્યો, "હું તમને હાથ જોડું છું."

"મને હાથ જોડવાથી શું થશે? માધવીબહેને જે કંઈ કર્યું છે એ સમજી વિચારીને કર્યું છે. કેન્સરની તકલીફ, ટેસ્ટ અને કિમોથેરપીની પીડા એમને નથી સહેવી... અને કદાચ એટલે એમણે આ પગલું..."

"યુ મીન..." મહેન્દ્રનો અવાજ ધ્રૂજી ગયો, "આપઘાત?"

"અથવા ઇચ્છામૃત્યુ!"

"માધવી..." મહેન્દ્ર માધવીના શરીર પર માથું મૂકીને રડવા લાગ્યો. ડૉ. કાપડિયાએ એને પકડીને ખુરશીમાં બેસાડ્યો... પોતે માધવીની ટ્રીટમેન્ટની તૈયારી કરવા લાગ્યા. એટલી વારમાં એમની આસિસ્ટન્ટ પણ આવી ગઈ. બંને જણાંએ મળીને માધવીના પેટમાં એક ટ્યૂબ ઉતારી, જેના વાટે ખૂબ પાણી નાખ્યું...

સ્ટમકવોશ કરીને ઊંઘની ગોળીની અસર કાઢવાનો પ્રયાસ કર્યો, પરંતુ એનું ચેતાતંત્ર શાંત થવા માંડ્યું હતું. એની નાડીના ધબકારા ધીમા પડતા જતા હતા, સાવ નહીં તો પણ માધવી ખાસ્સા અંશે બ્રેઇનડેડ અવસ્થામાં આવી ગઈ હતી. પગનાં તળિયામાં ચીપિયાની કે હાથની હથેળીમાં ચુભાવવામાં આવતી સોયની એને અસર નહોતી થઈ. એનો અર્થ એ હતો કે એના ચેતાતંત્રએ મગજને સંદેશા આપવાનું બંધ કરી દીધું હતું. એનાં પોપચાં ઉઘાડવાના પ્રયાસમાં ઢળી પડતાં હતાં આંખોની કીકીઓ ઉપર ચડી હતી. હોઠના ખૂણામાંથી આછું-સફેદ ફીણ નીકળવા લાગ્યું હતું...

ડૉ. કાપડિયાએ મહેન્દ્રની સામે જોયું.

એમની આંખોમાં લખેલી નિરાશા મહેન્દ્ર વાંચી શકતો હતો.

"શું? શું લાગે છે?"

"સોનાલીને ફોન કરી દો." ડૉ. કાપડિયાના એક જ વાક્યમાં ઘણું બધું આવી જતું હતું, "આપણે એમને લઈને બોમ્બે હૉસ્પિટલ જઈએ છીએ, પણ..."

"મેં એમ્બ્યુલન્સ માટે ફોન કરી દીધો છે. આઇ.સી.સી.યુ. એમ્બ્યુલન્સ પહોંચતી જ હશે." ડૉ. કાપડિયાની કુશળ આસિસ્ટન્ટના હાથ માધવીના ચહેરા પર ઑક્સિજન માસ્ક ગોઠવીને એને શ્વાસ લેવામાં સરળતા પડે એ માટે પ્રયત્ન કરી રહ્યા હતા.

ડૉ. કાપડિયા મહેન્દ્રની પાસે આવ્યા, ખભે હાથ મૂક્યો, "કેસ ગંભીર છે, પણ આશા છોડી દેવાની જરૂર નથી." એમના અવાજમાં રહેલો ખાલીપો મહેન્દ્રને સમજાયા વિના ના રહ્યો.

મહેન્દ્ર કશું બોલ્યો નહીં, પણ એને જાણે શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય એવું લાગ્યું. એણે બંને હાથે માથું પકડી લીધું અને માધવીના ઠંડા પડતા જતા શરીર સામે જોઈ રહ્યો.

"મહેન્દ્રભાઈ, માધવીબહેનની પહેલેથી જ ઇચ્છા નહોતી કે એમના ઉપર કોઈ સર્જરી કરવામાં આવે, કોઈ ટેસ્ટ લેવામાં આવે. કેમો કે એવી કોઈ ટ્રીટમેન્ટ એ લેવા નહોતાં માગતાં."

"જાણું છું પણ..."

"તમે નથી જાણતા. એમણે ફાર્મહાઉસ જતા પહેલાં મને ફોન કરેલો."

"શું?" મહેન્દ્રએ ફરી ડૉ. કાપડિયાને ખભામાંથી પકડીને હચમચાવી નાખ્યા, "તમે મને આજે કહો છો?"

"મારે કોઈ ખાસ વાત નહોતી થઈ. એમણે માત્ર મને એટલું જ પૂછ્યું હતું કે હું જેવી દેખાઉં છું એવી જ મરી શકીશ?" ડૉ. કાપડિયાનો અવાજ આજે પહેલી વાર ધ્રૂજી ગયો, "મેં એમને સમજાવ્યાં હતાં કે જીવવું હોય તો ટ્રીટમેન્ટ લેવી પડશે અને ટ્રીટમેન્ટનાં પરિણામ શું હોઈ શકે!"

"વ્હાય ડૉક્ટર, વ્હાય? તમારે એ બધું એને કહેવાની જરૂર શું હતી?"

"મેં માત્ર માહિતી આપી હતી, જે મારી ફરજ છે."

"એ માહિતીએ એનો જીવ લીધો ડૉક્ટર..." મહેન્દ્ર સાવ ઢીલો થઈ ગયો. એણે ડૉક્ટરના ખભા છોડી દીધા એ જાણે હાડકાંનો બનેલો એક ઢગલો અથવા માંસનો લોચો હોય એમ ધબ્ દઈને ખુરશી પર પટકાયો.

"માધવી... માધવી..." એનો ક્ષીણ, ભીનો, ધ્રૂજતો અવાજ ડૉ. કાપડિયાને આરપાર વીંધી ગયો, "તેં શું કામ કર્યું આવું?"

શાંત-નિશ્ચેષ્ટ સૂતેલી માધવીના ચહેરા પર એક તાજગી, એક તૃપ્તિ હતી. એક સ્મિત હતું એના ચહેરા પર, જે કદાચ પૂરેપૂરી જિંદગી જીવી ચૂકેલી સંતુષ્ટ સ્ત્રીના ચહેરા પર જ હોઈ શકે.

મહેન્દ્ર ઊઠ્યો. માધવીની નજીક ગયો. થોડી ક્ષણો એના ચહેરાને અપલક જોતો રહ્યો પછી એના ચહેરા પર હાથ ફેરવ્યો...

"એમ્બ્યુલન્સને ના પાડી દો."

"મહેન્દ્રભાઈ?!?" ડૉ. કાપડિયાના અવાજમાં ભયાનક આશ્ચર્ય હતું. એમની આસિસ્ટન્ટ પણ ફાટી આંખે નવાઈથી મહેન્દ્રની સામે જોઈ રહી.

*

25

મહેન્દ્ર ઊઠ્યો. માધવીની નજીક ગયો અને એના ચહેરા પર હાથ ફેરવ્યો...

"એમ્બ્યુલન્સને ના પાડી દો."

"મહેન્દ્રભાઈ?!?" ડૉ. કાપડિયાના અવાજમાં ભયાનક આશ્ચર્ય હતું. એમની આસિસ્ટન્ટ પણ ફાટી આંખે નવાઈથી મહેન્દ્રની સામે જોઈ રહી.

"નથી બોલાવવી એમ્બ્યુલન્સ."

"પણ મહેન્દ્રભાઈ..." ડૉ. કાપડિયા આશ્ચર્યચકિત થઈ ગયા.

"હા, ડૉક્ટર સાહેબ...જો ખરેખર એની એ જ ઇચ્છા હતી તો મારે એને રોકવી નથી."

"અરે પણ આ તો..."

"તમારા એક જ શબ્દે મારી વિચારવાની દિશા બદલી નાખી ડૉક્ટર સાહેબ..." મહેન્દ્રની આંખો છલકાતી હતી પણ એનો અવાજ એકદમ સ્વસ્થ હતો, "તમે ઇચ્છામૃત્યુ કહ્યું ને? મને લાગે છે તમે સાચા છો, મેં માધવીને એની ઇચ્છા પ્રમાણે જીવવા દીધી છે, મારાથી શક્ય એ બધું જ આપ્યું છે..." મહેન્દ્ર જાણે કોઈ કબૂલાત કરી રહ્યો હતો, "પ્રેમ પણ અને પીડા પણ... મારી માધવી જે રીતે જવા માગતી હોય એ રીતે એને વિદાય કરવી છે મારે! એ ખૂબ સુંદર છે ડૉક્ટર...અને એને જો આ સુંદરતા અકબંધ રાખીને આ દુનિયા છોડવી હોય તો મારે એને દુઃખી નથી કરવી." હજી મહેન્દ્ર બોલી રહ્યો હતો અને સફેદ યુનિફૉર્મ પહેરેલા બે માણસો ડૉક્ટરના ક્લિનિકમાં ધસી આવ્યા, "પેશન્ટ?" એક જણે પૂછ્યું.

"આ રહ્યાં..." ડૉક્ટર કાપડિયાએ માધવી તરફ આંગળી ચીંધી. સફેદ યુનિફૉર્મ પહેરેલા માણસે બીજા લોકોને ઇશારો કરીને અંદર બોલાવ્યા એટલે બે જણા સ્ટ્રેચર લઈને ધસી આવ્યા. એ બંને પણ સફેદ યુનિફૉર્મમાં સજ્જ હતા. પહેલાં અંદર આવેલા માણસે માધવીની નજીક જઈ એને સ્પર્શ કરવાનો પ્રયત્ન કર્યો અને મહેન્દ્રએ માનસિક રીતે અસ્થિર હોય એમ જોરથી બૂમ પાડી, "મેં કહ્યુંને એક વાર...માધવી ક્યાંય નહીં જાય."

"મહેન્દ્રભાઈ, સમજવાનો પ્રયત્ન કરો, એક એક ક્ષણ કીમતી છે."

"હવે કશું નથી કરવું."

"એવું ન ચાલે... હું ડૉક્ટર છું. દર્દીનો છેલ્લો શ્વાસ બાકી હોય ત્યાં સુધી મારાથી આશા ન છોડાય."

"હું કહું છું, એનો પતિ છું..."

"મહેન્દ્રભાઈ, આ લીગલ પ્રોબ્લેમ છે. કાયદેસરની ગૂંચ ઊભી થશે, આવું ન કરો..." ડૉક્ટર કાપડિયાએ માધવીની નજીક ઊભેલા પેલા માણસને ઇશારો કર્યો અને એ માણસે મહેન્દ્રને સલૂકાઈથી ખસેડીને બીજા માણસની સાથે મળીને માધવીને ઊંચકવાનો પ્રયત્ન કરવા માંડ્યો. પરંતુ, માધવીને અડતાં જ એ માણસે ડૉક્ટર કાપડિયા સામે જોયું, "આમનું શરીર તો સાવ ઠંડું છે... ડૉક્ટર, પ્લીઝ ચેક કરો.."

"ઓહ ગૉડ..." ડૉક્ટર કાપડિયા મહેન્દ્ર અને પેલા માણસને ધક્કો મારીને ધસી ગયા... અને માધવીના નાક પાસે હાથ ધર્યો, "મહેન્દ્રભાઈ, મોડું થઈ ગયું."

"થેંક ગૉડ..." મહેન્દ્રએ ઊંડો શ્વાસ લીધો, "મારી માધવી...જે ઇચ્છતી હતી એ જ કર્યું એણે..." એની આંખો ભરાઈ આવી. માધવીના શરીર પર પડતું નાખીને એ રડી પડ્યો, "માધવી... આઈ લવ યુ..." મહેન્દ્ર ધ્રૂસકે ધ્રૂસકે રડતો હતો, ડૉક્ટર કાપડિયાને સમજાતું નહોતું કે એમણે શું કરવું!

પેલા ત્રણ માણસો પણ અસમંજસમાં મુકાઈ ગયા.

"શું કરીએ ડૉક્ટર?"

"હવે લઈ જવાનો કોઈ અર્થ નથી." ડૉક્ટર કાપડિયાએ ખેદપૂર્વક કહ્યું.

પેલા પહેલા આવેલા માણસે બંને માણસોને ઇશારો કર્યો. એ સ્ટ્રેચર લઈને બહાર નીકળી ગયા. પછી એ માણસ ધીમેથી મહેન્દ્રની પાસે ગયો, "મને નથી ખબર આખો કેસ શું છે પણ એક વાત કહી દઉં, ઈશ્વરને જે ગમે છે એ જ થાય છે અને જે થયું તે એ ઈશ્વરને ગમ્યું છે એટલે થયું છે એમ માની લેશો તો દુ:ખ ઓછું થશે."

મહેન્દ્ર એક પણ શબ્દ બોલ્યા વિના રડતો રહ્યો.

પેલો માણસ ધીમે ધીમે બહાર નીકળી ગયો.

ડૉક્ટર કાપડિયાની આસિસ્ટન્ટ થોડી ડઘાયેલી હતી. એણે જિંદગીમાં કદાચ પહેલી વાર આવું કંઈ જોયું હતું. ડૉક્ટર કાપડિયા એની નજીક ગયા અને એના ખભે હાથ મૂક્યો, "ડેથ સર્ટિફિકેટ તૈયાર કર.. મારે સાઇન કરવી પડશે પછી જ માધવીબહેનને અહીંથી લઈ જઈ શકાશે."

"જી સર..." એ બહાર નીકળી ગઈ.

મહેન્દ્ર હજી રડી રહ્યો હતો. ડૉક્ટર કાપડિયાએ જઈને એના ખભા પર હાથ મૂક્યો. થોડી વાર એનો ખભો થપથપાવતા રહ્યા પછી ખૂબ ધીમેથી સ્વસ્થ અવાજે મહેન્દ્રને કહ્યું, "આમ જુઓ તો તમારી વાત સાચી છે મહેન્દ્રભાઈ... મારાથી આ છોકરીની સામે કે બીજા કોઈની હાજરીમાં ન કહેવાય પણ હું સ્વીકારું છું કે એક માણસ તરીકે, એક વ્યક્તિ તરીકે માધવીબહેને સાવ સાચો નિર્ણય કર્યો. અમારા પ્રોફેશનમાં મર્સીકિલિંગની રજા નથી. અમારી વિદ્યા અમને શીખવે છે કે દર્દીમાં છેલ્લો શ્વાસ બચ્યો હોય ત્યાં સુધી લડી લેવું, આશા ન છોડવી...પણ હું તમને એક વાત કહું? માધવીબહેનની જગ્યાએ માણસ તરીકે જો મારે નિર્ણય કરવાનો હોત તો મેં પણ આવો જ કોઈક નિર્ણય કર્યો હોત."

મહેન્દ્રએ સહેજ ચોંકીને ડૉક્ટર કાપડિયા સામે જોયું.

“હા, મહેન્દ્રભાઈ… માધવીબહેને મને સ્પષ્ટ કહ્યું હતું કે હું જેવી દેખાઉં છું એવી જ મરવા માગું છું. મારો ચહેરો બગડી જાય, મારા વાળ ખરી જાય અને મહેન્દ્રને છેલ્લે એવી માધવી યાદ રહે એવું નથી જોઈતું મારે…હું મહેન્દ્રના મનમાં છેલ્લી એ માધવી છોડીને જવા માગું છું જે, એ જ્યારે આંખ બંધ કરે ત્યારે એને દેખાય…” મહેન્દ્રની આંખો વહી રહી હતી. સામે ઊભેલા ડૉક્ટર કાપડિયા એને ધૂંધળા દેખાતા હતા, “મહેન્દ્રભાઈ.” ડૉક્ટર કાપડિયા હજી બોલી રહ્યા હતા ,“બહુ ઓછા લોકો આ વાતને સમજી શકે છે…આ સંવેદનશીલતા માટે માધવીબહેનને સલામ મારવી પડે.”

“સમજાતું નથી” મહેન્દ્રએ આંખો લૂછીને ડૉક્ટર કાપડિયા સામે જોયું, “એણે સાચું કર્યું કે ખોટું.. કદાચ એ સાજી થઈ હોત, ઘણાં વરસો જીવી શકી હોત…” મહેન્દ્રનો અવાજ ધ્રૂજી ગયો. “આને નેગેટિવિટી કહેવાય કે પોઝિટિવિટી ?”

“કશું પણ નક્કી શું કામ કરવું છે મહેન્દ્રભાઈ ?” ડૉક્ટર કાપડિયાના ચહેરા પર એક ફિક્કું સ્મિત આવી ગયું, “જે થવાનું હતું તે થઈ જ ચૂક્યું છે. માધવીબહેને પોતાનો નિર્ણય લઈ જ લીધો છે, એનો અમલ પણ કરી નાખ્યો છે. હવે એ વિશે ચર્ચા કરવાનો કોઈ અર્થ…”

“પણ ડૉક્ટર..” મહેન્દ્રએ વચ્ચે જ કહ્યું, “આપણને અધિકાર છે આવી રીતે આપણી જિંદગીનો અંત લાવવાનો ?”

“કોણ જાણે આ સવાલ ઉપર ચર્ચા આજે પણ ચાલે છે. પીડાયુક્ત જીવન કે પીડામુક્ત મૃત્યુ? અમારા મેડિકલ પ્રોફેશનનો મોટામાં મોટો સવાલ છે પણ તમને એક વાત કહી દઉં કે માધવીબહેને જે કંઈ કર્યું એને કોઇ પણ રીતે મૂલવવાને બદલે એમની જગ્યાએ ઊભા રહીને મૂલવી જોજો અને કદાચ તો જ તમે આ વાતને સમજી શકશો. કારણ કે જ્યાં સુધી તમે એમની જેમ નહીં વિચારો ત્યાં સુધી તમને એમની પીડા અને એમની વાત નહીં સમજાય…”

“મહેન…” મહેન્દ્રને જાણે માધવીનો અવાજ સંભળાયો. મહેન્દ્રએ ચોંકીને માધવી તરફ જોયું. માધવી શાંત, નિશ્ચેષ્ટ, ચહેરા પર એ જ પૂર્ણતૃપ્તિના સ્મિત સાથે સૂતી હતી, એની આંખો મીંચેલી હતી, ધીમા લયબદ્ધ ચાલતા શ્વાસ અટકી ચૂક્યા હતા પણ ચહેરો એટલો જ તાજગીસભર હતો. મહેન્દ્રએ એના ચહેરા પર હાથ ફેરવ્યો, ઠંડો પણ રેશમી ત્વચાનો સ્પર્શ મહેન્દ્રને છેક ભીતર સુધી થથરાવી ગયો.

“હવે આ સ્મિત મારે માત્ર તસવીરોમાં જોવાનું રહેશે!” મહેન્દ્રને વિચાર આવી ગયો, “માધવીની કંઈ કેટલીયે વસ્તુઓ ઘરમાં શ્વાસ લેતી રહેશે પણ માધવી નહીં હોય. ઘરમાં પહેરવાની એની સ્લિપરથી શરૂ કરીને એનું ટૂથબ્રશ, એનાં વાંચવાનાં ચશ્માં, એની સાડીઓ… ડ્રેસિંગ ટેબલ પર પડેલી કંકુની ડબી, એનું જામનગરથી ખાસ મગાવવામાં આવતું આંજણ… અને…” મહેન્દ્રને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી. મહેન્દ્રને અસંબદ્ધ અનેક વિચારો આવતા હતા, “લગ્નનાં 20 વર્ષે માધવીનો સ્પર્શ હવે હું નહીં અનુભવી શકું!”

"મહેન્દ્રભાઈ..." ડૉક્ટર કાપડિયા એને હચમચાવી રહ્યા હતા, "શું વિચારો છો મહેન્દ્રભાઈ?"

"ડૉક્ટર, સાથે જીવતી એક વ્યક્તિ હવે નથી એ વાત સ્વીકારવી કેટલી અઘરી છે નહીં?"

"મહેન્દ્રભાઈ... જે છે તે સ્વીકાર્યા વિના આપણો છૂટકો છે?"

"નથી જ... અને ધીમે ધીમે સ્વીકારીશ પણ ખરો.. પણ અત્યારે માધવીની બંધ આંખોની મને બીક લાગે છે... આ આંખો જ્યારે ખુલ્લી હતી ત્યારે હું કદી નથી ડર્યો એનાથી... અમે કોઈ દિવસ એકબીજા સાથે લડ્યાં નથી ડૉક્ટર.. પણ આજે મને એની સાથે ઝઘડવાનું, બૂમો પાડવાનું, એને ધમકાવી નાખવાનું મન થાય છે. અમે બંને એકબીજાનો હાથ પકડીને સાથે રહેવાનું વચન આપ્યું હતું." મહેન્દ્રનો શ્વાસ ફરી એક વાર રૂંધાવા લાગ્યો હતો, "એ આવી રીતે... પોતાને વિશે નિર્ણય કેવી રીતે કરી શકે? મને મૂકીને ક્યારેય પિયર નથી ગઈ એ... અને અચાનક..." એની આંખો ફરી એક વાર વહેવા લાગી હતી. ડૉક્ટર કાપડિયાએ એને બોલવા દીધો. એ જાણતા હતા કે અત્યારે મહેન્દ્રને આ આઘાતમાંથી બહાર કાઢવા જે કહેવું છે તે કહેવા જ દેવું પડશે...

મહેન્દ્ર સાવ અસંબદ્ધ અને શૂન્યમાં જોઈને બોલી રહ્યો હતો, એનો હાથ ધીમે ધીમે માધવીના ચહેરા પર ફરતો હતો.

"શું ફરક પડશે ડૉક્ટર? કોને? મારી જિંદગી અધૂરી થઈ ગઈ. એ સિવાય મુંબઈ શહેરમાં કંઈ નહીં બદલાય. મારા ઘરમાં માધવીના અવાજ વિનાની સવાર પડશે, મને જય શ્રીકૃષ્ણ કહીને જગાડતી માધવીને બદલે અલાર્મ વાગશે. હું બાથરૂમમાં જાઉં ત્યારે બૂમ મારીને કોને કહીશ કે ટુવાલ ભૂલી ગયો છું... કોણ મને વઢીને કહેશે કે ખીચડીમાં આટલું બધું ઘી ન ખાવ... એ બાથરૂમમાં લાંબા સમય સુધી બંધ રહે ત્યારે હું એને બૂમ પાડીને કહેતો, તારી ચા ઠંડી થાય છે... માધવી વિના મારી ચા ભલે ઠંડી પડી જાય પણ મેં કોઈ દિવસ પહેલો ઘૂંટડો ભર્યો નથી... ડૉક્ટર આવતીકાલની સવારથી મારે રોજ એકલા જ ચા પીવાની છે. તમને સમજાય છે એનો અર્થ શું થાય છે?" મહેન્દ્ર ફરીથી માધવીના શરીર પર પડતું નાખીને રડવા લાગ્યો...

ડૉક્ટર કાપડિયાની આસિસ્ટન્ટ ડેથ સર્ટિફિકેટનો પ્રિન્ટઆઉટ કાઢીને લઈ આવી, ડૉક્ટર કાપડિયાએ ટેબલ પર મૂકીને એના પર સહી કરી. એમણે ખભેથી પકડીને મહેન્દ્રને ઊભો કર્યો, બંને હાથે એનો ચહેરો પકડી એની આંખોમાં જોયું, "જનાર જતા રહે છે મહેન્દ્રભાઈ... એની પાછળ જવાતું નથી"

"નથી જવાતું ડૉક્ટર..." મહેન્દ્રના અવાજમાં વિક્ષિપ્ત મન ધરાવતા માણસના અવાજમાં હોય એવી ઘેલછા હતી, "જવાતું હોત તો હું પણ જતો રહેત.. અરે ડૉક્ટર, ચાના કપમાં થોડી ગોળીઓ મારે માટે પણ નાખી દીધી હોત તો શું જાત એનું?" એ બંને હાથે મોઢું ઢાંકી ફરી રડવા લાગ્યો.

"મહેન્દ્રભાઈ, આ ડેથ સર્ટિફિકેટ છે" ડૉક્ટરે એનો હાથ પકડી ચહેરા પરથી હટાવ્યો એની હથેળીમાં ડેથ સર્ટિફિકેટ મૂક્યું.

"એક કાગળ પર લખી દેવાથી વ્યક્તિનું અસ્તિત્વ ભૂંસાઈ જાય?"

"અસ્તિત્વ ક્યારેય નહીં ભૂંસાય મહેન્દ્રભાઈ... હવે માધવીબહેન તમારી સાથે જ જીવશે, એક અવાજ બનીને... એક યાદ બનીને... એક એવી સ્મૃતિ બનીને જે ક્યારેક તમને હસાવશે તો ક્યારેક રડાવશે."

"હસાવશે ક્યારેય નહીં ડૉક્ટર... હવે માધવીને યાદ કરીને મારે રડવાનું જ... કારણ કે એણે મને લગભગ અપંગ કરી નાંખ્યો છે. બે-ચાર વાર રિસાઈ હોત, મને મૂકીને પિયર જતી રહી હોત તો શીખ્યો હોત એના વિના જીવતાં... પણ એણે ક્યારેય એવું ના કર્યું ડૉક્ટર..." મહેન્દ્ર રડતાં રડતાં બોલી રહ્યો હતો. આટલું બધું રડવાને કારણે એના નાકમાંથી, એની આંખમાંથી તો પાણી વહી જ રહ્યું હતું. સાથે સાથે મોઢામાંથી લાળ પણ પડવા માંડી હતી..."બે બેડરૂમનો ફ્લૅટ અચાનક બાવીસ બેડરૂમનો થઈ જશે ડૉક્ટર... હવે ડબલ બેડ કાપી નહીં શકાય એટલે બાજુની ખાલી જગ્યા જોઈને રોજ રાતે રડવાનું..." મહેન્દ્ર હાથમાં ડેથ સર્ટિફિકેટ પકડીને રડી રહ્યો હતો અને ડૉક્ટર કાપડિયા ધીમે ધીમે એના ખભા પર હાથ ફેરવી રહ્યા હતા.

*

સોનાલી ઘરમાં દાખલ થઈ ત્યારે માધવીને પાનેતર પહેરાવીને સુવડાવી હતી. સોનાના દાગીના અને સંપૂર્ણ શણગાર કર્યો હતો.

સોનાલીએ સુજયનો હાથ પકડી લીધો. એ આખી ધ્રૂજતી હતી. સમાચાર મળ્યા પછી અમદાવાદથી મુંબઈની ફ્લાઇટમાં એણે ખૂબ ધીરજ રાખી હતી. સુજયને નવાઈ લાગે એટલી સ્વસ્થતાથી વર્તી હતી એ, પણ અત્યારે ઘરમાં દાખલ થતાં, માધવીને જોતાંની સાથે જ એની બધી હિંમત, બધી સ્વસ્થતા કડડભૂસ થઈને ભાંગી પડી.

"મા..." સોનાલીને ડૂમો ભરાઈ ગયો. ખૂણામાં બેઠેલો મહેન્દ્ર અચાનક જ ઘરડો લાગવા માંડ્યો હતો. થોડા જ કલાકોમાં જાણે એના ચહેરા ઉપર કોઈએ પાછલાં કેટલાંય વર્ષોથી ક્યારેય ના જોયેલી ઉંમર લખાઈ ગઈ હતી. એની આંખોમાં એક પ્રકારનો ખાલીપો હતો. એના ચહેરાની એક એક કરચલી એની પીડાની ચાડી ખાતી હતી.

સોનાલી ચૂપચાપ જઈને એની બાજુમાં બેઠી. એના બાવડે હાથ લપેટી, ખભે માથું મૂકી નિ:શબ્દ રડવા લાગી. મહેન્દ્રએ સોનાલીને ફોન પર બધું જ કહ્યું હતું એટલે સવાલ-જવાબ કરવાની કોઈ જગ્યા જ નહોતી, છતાં સોનાલીથી પૂછ્યા વિના ના રહેવાયું, "પપ્પા, મમ્મીએ શું કામ કર્યું આવું?"

"એને ખબર..." મહેન્દ્રને ફરી એક વાર આંસુ ધસી આવ્યાં, "હવે તો હું ઉપર જઈશ ત્યારે પૂછીશ." એણે સૂકા હોઠ પર જીભ ફેરવી અને બંને હથેળીઓ ચહેરા

પર ઘસીને આંસુ લૂછી નાખ્યાં, "ત્યાં સુધી રોજ જાતને પૂછીશ."

"પપ્પા, હું અમદાવાદ છોડીને અહીંયાં આવતી રહું?"

"કોઈ જરૂર નથી." મહેન્દ્રએ સોનાલીની સામે જોયું, "તારી મા ઇચ્છતી હતી કે હું એકલો રહું. તો હું એકલો જ રહીશ. એને કદાચ સમજાવવું હશે મને, કે એના વિનાની જિંદગી શું હોઈ શકે..." મહેન્દ્રની આંખમાં ફરી એક વાર આંસુ છલકાઈ આવ્યાં, "આ માધવી અને મારો અંગત ઝઘડો છે. તું એમાં નહીં પડતી."

સોનાલી મહેન્દ્રની સામે જોઈ રહી. ગઈ કાલ સુધી જે પિતા એને અત્યંત હેન્ડસમ, ખુમારીભર્યા અને સિંહ જેવા લાગતા હતા એ પિતાની આજે એને દયા આવી ગઈ.

*

26

"રીમા, શાંત થઈ જા. એક વાર દેવીનાને મળી આવ. હું માનું છું ત્યાં સુધી એને જોઈ લઈશ તો તારો ખાસ્સો ઉદ્વેગ શાંત થઈ જશે. બાકી જે થયું છે તે સત્ય છે. એને કોઈ રીતે બદલી નહીં શકાય. એટલે સ્વીકાર્યે જ છૂટકો." મહેન્દ્રએ કહ્યું અને પછી ધીમેથી ઉમેર્યું, "માત્ર ફિલોસોફી નથી ઝાડતો, હું પણ લગભગ આ જ પરિસ્થિતિમાંથી પસાર થાઉં છું ને..."

રીમા એની વાત સમજી શકી. થોડી વાર ચૂપ રહી. પછી ડૂસકાં સમેટી લેતાં એણે ધીમા અવાજે કહ્યું, "તારી વાત સાચી છે. આઇ વિલ ટ્રાય..." એણે ફોન ડિસકનેક્ટ કર્યો, પણ મહેન્દ્રની અંદર ક્યાંય સુધી એનાં ડૂસકાં પડઘાતાં રહ્યાં.

ફોન મૂકીને રીમા થોડી વાર સાવ શાંત, નિશ્ચેષ્ટ બેઠી રહી. એણે જાતને સોફા પર ઢાળી દીધી, આંખો મીંચી દીધી...

દેવીના જન્મી ત્યારે એને હાથમાં ઊંચકીને જે ભાવ અનુભવ્યો હતો લગભગ એ જ રોમાંચ એ અત્યારે ફરી અનુભવી રહી હતી. એની અંદર દેવીનના બાળપણથી શરૂ કરીને આજ સુધીની કેટલીયે ક્ષણો પસાર થઈ રહી હતી. રીમા બંધ આંખે જાણે કોઈ બ્લેક એન્ડ વ્હાઇટ ફિલ્મ જોતી હોય એવી રીતે એ પળોને જોઈ રહી હતી.

"હું ખરેખર સારી મા નથી બની શકી?" એણે જાતને પૂછ્યું... અને પછી દેવીના માટે જે કાંઈ કરતી રહી હતી એ બધા જ પ્રસંગોને ફરી એકવાર યાદ કરવાનો પ્રયાસ કર્યો.

સુરેશ ઘર છોડીને ચાલી ગયો ત્યારે પોતે જે રીતે બાળકોને સંભાળ્યાં હતાં, બાળકોની ફી, એમના રોજેરોજના ખર્ચા ઉપાડવા એણે જે રીતે દોડવું પડતું હતું, એક એક પાઉન્ડ બચાવવો પડતો હતો એ બધા જ પ્રસંગો એની નજર સામે તરવરી ગયા.

દેવીનાની માંદગીઓ વારંવાર આવતી રહેતી, એના વેક્સિનેશન અને એની બીજી જરૂરિયાતો, સ્કૂલનાં એડ્મિશન અને ટ્યૂશનની ફીસ પોતે કઈ રીતે ગોઠવતી એ આજે પણ રીમા ભૂલી નહોતી શકી.

લંડનની ઠંડીમાં જૂના ઓવરકોટથી ચલાવી લેતી. પુલઓવર વરસોવરસ સાચવીને રાખતી... નવાં કપડાં, દાગીના કે બીજી વસ્તુઓમાં પૈસા બગાડવાને બદલે છોકરાંઓની જરૂરિયાતોનો પહેલો વિચાર કરતી.

આ બધા સમય દરમિયાન સુરેશ ઇવાના પ્રેમમાં ગળાડૂબ હતો. લગભગ અઠવાડિયાનો મોટા ભાગનો સમય એ ઈવાને ત્યાં જ ગાળતો. દેવીનાને તાવ આવ્યો હોય તો આખી રાત એને પોતાં મૂક્યાં પછી પણ રીમાએ સવારે ઑફિસ તો જવું જ પડતું...

ક્યારેક થાકી જતી, ક્યારેક હારી જતી, જિંદગીની લડાઈમાં પોતાની જાતને એ માયૂસ અને નબળી અનુભવતી... પણ એ દરેક વખતે બાળકોના હસતા ચહેરા એને ફરી એક વાર જીવવા માટે, લડવા માટે મજબૂર કરી દેતા...

"જે સુરેશ આજે મને સ્વતંત્ર હોવા માટે, મજબૂત હોવા માટે અને એની સામે ઘૂંટણ નહીં ટેકવવા માટે વારંવાર દોષ દે છે એ જ સુરેશે મને આ ઘરના પુરુષ બનવાની ફરજ પાડી છે. પુરુષની જેમ જીવતાં જીવતાં, પુરુષની જેમ જવાબદારી લેતાં લેતાં હું ધીમે ધીમે મનથી પણ પુરુષ થઈ ગઈ... મને ખબર જ ના પડી કે મારામાંનું સ્ત્રીત્વ. મારી ભીનાશ, મારી સંવેદનશીલતા ક્યારે ધીમે ધીમે થીજીને એક બરફના ગચ્ચામાં પરિવર્તિત થઈ ગયા..." એણે આંખો લૂછી, "દેવીનાની વાત ખોટી ન પણ હોય કદાચ... સમયસમયાંતરે મારે એક મા તરીકે જે રીતે એની સાથે સંવેદનશીલતાથી વર્તવું જોઈતું હતું એવી રીતે હું ન પણ વર્તી હોઉં... જે ભીનાશ અને જે વહાલની અપેક્ષા એણે રાખી હશે મારી પાસે એ પૂરી નહીં થઈ હોય કદાચ..." રીતસર કદાચ મનોમંથન કરી રહી હતી, જાત સાથે! રીમા હથિયાર લઈને આડેધડ વીંઝી રહી હતી... પોતાને જ લોહીલુહાણ કરી નાખવાનો જાણે એણે નિર્ણય કરી લીધો હતો આજે...

"રીમા, દુનિયાની કેટલીયે મા નોકરી કરે છે, કામ કરે છે... વસઈથી ચર્ચગેટ પહોંચવા સવારે પાંચ વાગ્યાની ટ્રેન પકડતા પહેલાં રસોઈ કરીને નોકરી કરતી સ્ત્રીઓ છે મુંબઈમાં... તું કંઈ નવીનવાઈની નોકરી નહોતી કરતી." રીમાનું મન એને જ સવાલ કરી રહ્યું હતું, "એમાંની કેટલી સ્ત્રીઓ પોતાનું સ્ત્રીત્વ કે માતૃત્વ ગુમાવી બેસે છે?"

"હશે..." એના જ મને દલીલ કરી, "એ સ્ત્રીઓ જુદી હશે મારાથી... અથવા કદાચ એમના પતિ એમને વધારે પ્રેમ કરતા હશે, ચાહતા હશે વધારે..."

"એવું ન પણ હોય રીમા... એ સ્ત્રીઓ કદાચ માત્ર પોતાનાં સંતાનો માટે જીવતી હોય એવું ન બને?"

"હું પણ મારા સંતાનો માટે જીવી..." એણે મોટેથી બૂમ પાડી, આખા ઘરમાં કોઈ નહોતું. એનો જ અવાજ એને ફરી પાછો સંભળાયો. એણે કાને હાથ દઈ દીધા! છતાં મોટા અવાજે બોલતી રહી... ખાલી ઘરમાં એનો જ અવાજ ફરી ફરીને એને જ સંભળાતો રહ્યો, "કઈ આશાએ, કોના માટે જીવી હું? મારો પતિ મારો નહોતો! આ ઘર, જેને માટે હું રાત-દિવસ મારી જાત ઘસતી રહી એમાં મારું શું હતું? મારાં સંતાનો જેને માટે મેં આટલું બધું કર્યું એમણે મને છોડી દીધી..."

"રીમા, હવે જાતની દયા ખાવાનું બંધ કર..." જાણે એને કોઈકે કહ્યું. એ ચોંકી ગઈ, કોઈ એની અંદરથી કહી રહ્યું હતું, "શા માટે જાતને શહીદ સાબિત કરવા મથે છે? જે થવાનું હતું તે થઈ ચૂક્યું છે. વરસો વીતી ચૂક્યાં છે, પાછાં નથી આવવાનાં... સુરેશ તારાથી દૂર જઈ ચૂક્યો છે. કદાચ આવે તો પણ તું સ્વીકારીશ એને? તારાં સંતાનો પોતપોતાની દિશામાં આગળ વધી ગયાં છે. હવે તું એકલી છે, સાવ એકલી... તારી જાત સાથે, તારી પોતાની સાથે જીવવાનું શરૂ કર રીમા... જે વીતી

ગયું છે એના પર આંસુ સારતાં સારતાં ક્યાં સુધી તારા ઘા પર જામેલા પોપડા ઉખાડતી રહીશ?"

કોઈ ગેબી અવાજ સંભળાતો હોય એમ રીમા પોતાના જ ઘરમાં ચારેતરફ જોતી રહી, એ જાણતી હતી કે ઘરમાં કોઈ નહોતું. જે કાંઈ બનતું હતું, કહેવાતું હતું, સંભળાતું હતું એ બધું જ એની અંદર હતું...

"રીમા...." એ અંદરનો અવાજ કહેતો હતો, "ક્યાં સુધી કોઈ પાસે સુખની અપેક્ષા રાખીને તરસમાં તડફડતી રહીશ? ઊઠ રીમા, જાગ! હવે તારી દિશા શોધવાનો સમય થઈ ગયો છે. હાથ લંબાવીને માગવાથી સુખ નહીં મળે તને..." એ સાચે જ ઊભી થઈ ગઈ. આ ઘરની દીવાલો એને અચાનક અજાણી લાગવા માંડી. એનું મન આ ઘરની બહાર નીકળી ગયું. છતાં એ અવાજ એને કહી રહ્યો હતો, "જે જોઈએ છે તે બહાર શોધવાને બદલે આંખો મીંચીને એક પળ તારી અંદર જો... પૂછ તારી જાતને કે ખરેખર શું જોઈએ છે તારે?"

રીમાએ આંખો મીંચી, ઊંડો શ્વાસ લીધો, અદબ વાળીને જાણે જાતને બાહુપાશમાં લેતી હોય એમ પોતાના જ શરીરની આસપાસ હાથ ચસોચસ ભીંસી દીધા. બંધ આંખે એને જે દેખાયું એ દૃશ્યએ રીમાને ભીતરથી હચમચાવી દીધી...

એણે આંખો ઉઘાડી નાખી. એના કપાળ પર ભયથી પરસેવો વળી ગયો હતો.

એ કલ્પી નહોતી શકતી કે એના મનની અંદર આવી વાત ઘર કરી ગઈ હશે! ક્યારે, કઈ પળે આવ્યો હશે એને આ વિચાર... એને પોતાનેય ખબર ના પડી એવી રીતે આ વિચાર એના મનમાં દાખલ થઈ ગયો અને અત્યારે જાણે એણે જાતને જાણવાનો પ્રયત્ન કર્યો ત્યારે એ વિચાર નાગની જેમ ફૂંફાડો મારીને એની સામે ઊભો હતો!

રીમા ખરેખર ડરી ગઈ હતી...

આ વાતની માધવીને ખબર પડે તો?

*

"પપ્પા, હું અમદાવાદ છોડીને અહીંયાં આવતી રહું?"

"કોઈ જરૂર નથી." મહેન્દ્રએ સોનાલીની સામે જોયું, "તારી મા ઇચ્છતી હતી કે હું એકલો રહું. તો હું એકલો જ રહીશ. એને કદાચ સમજાવવું હશે મને કે એના વિનાની જિંદગી શું હોઈ શકે..." મહેન્દ્રની આંખમાં ફરી એક વાર આંસુ છલકાઈ આવ્યાં, "આ માધવી અને મારો અંગત ઝઘડો છે. તું એમાં નહીં પડતી."

સોનાલી મહેન્દ્રની સામે જોઈ રહી.

એ નજીક આવીને મહેન્દ્રની બાજુમાં બેસી તો ગઈ, પણ એની હિંમત નહોતી કે એ મહેન્દ્રને આશ્વાસનના બે-ચાર શબ્દો કહે. એ સમજણી થઈ ત્યારથી એણે એના માતા-પિતા વચ્ચે અજબ જેવો સેતુ જોયો હતો. એકબીજાની વાત શબ્દોમાં કહ્યા વગર સમજી જવાથી શરૂ કરીને બંને જણા વચ્ચે જે સાયુજ્ય અને સમજદારી હતાં

એની સોનાલી સાક્ષી હતી. આજે એની મા વગર એના પિતા કેટલા એકલા અને અસહાય થઈ ગયા હતા એ સોનાલી સમજી શકતી હતી.

એણે મહેન્દ્રને ધીમેથી પૂછ્યું, "રીમા આન્ટીને મેસેજ આપ્યો?"

મહેન્દ્રને અત્યારે પહેલી વાર યાદ આવ્યું કે રીમા સાથે વાત ચાલતી હતી. ફોન મૂક્યા પછી સડસડાટ જે રીતે ઘટનાઓ બનતી ગઈ એ પછી આ પળ સુધી રીમાને સમાચાર આપવાનો એને વિચાર જ નહોતો આવ્યો!

એણે સોનાલી સામે ચોંકીને જોયું, "ના... એને તો કહેવાનું રહી જ ગયું છે."

"ઓહ ગૉડ! એ મુંબઈમાં જ છે છતાં?"

"ના, લંડન ચાલી ગઈ... એક્ચ્યુલી એની સાથે વાત ચાલતી હતી ત્યારે જ આ બધું..." મહેન્દ્રની આંખો ફરીથી ભરાઈ આવી.

"નોટ અ પ્રોબ્લેમ ડેડ, હું એમને ફોન કરું છું. આમ પણ હવે એ પહોંચી તો શકશે જ નહીં."

"હા." મહેન્દ્રને રીમા ફોન પર જે રીતે રડી રહી હતી અને દેવીના વિશે કહી રહી હતી તે યાદ આવ્યું... 'કોણ જાણે દેવીના કેમ હશે? શું થયું હશે ત્યાં?' એને વિચાર આવ્યો. "હું ફોન કરું છું." એણે કહ્યું. એ ઊભો થઈ ગયો. ખૂણામાં મૂકેલો એનો સેલફોન લઈને બધા બેઠા હતા ત્યાંથી દૂર, ડ્રોઇંગરૂમમાં પથ્થરની બેઠક પાસે આવી ગયો.

*

પોતાના જ મનનો તાગ લેવાનો પ્રયત્ન કરતી રીમા ખરેખર ડરી ગઈ...

'માધવીને ખબર પડે તો?' એને વિચાર આવ્યો, 'એ કદાચ મને ક્યારેય માફ ના કરે...' પોતાના જ મનમાં આવેલા વિચાર અંગે એ અપરાધભાવ અનુભવી રહી. એણે આંખો બંધ કરીને, માથું ધુણાવીને વિચારો ખંખેરવાનો પ્રયાસ કર્યો, પણ જેવી આંખ બંધ કરી કે ફરી પાછું એ જ દૃશ્ય દેખાયું, જે એણે પળવાર પહેલાં જોયું હતું. એણે ડરીને આંખો ઉઘાડી નાખી. રીમા કંઈ સમજે એ પહેલાં ફોનની રિંગ વાગી...

એણે સેલફોન ઉપાડ્યો, 'મહેન્દ્ર...' ફોનના સ્ક્રીન પર નામ ઝળકી રહ્યું હતું. રીમાનું હૃદય જાણે એક ધડકારો ચૂકી ગયું.

"આને જ ટેલિપથી કહેતા હશે?" એણે જાતને પૂછ્યું અને ક્ષણવાર પહેલાં જોયેલું દૃશ્ય એની નજર સામે તરવરી ઊઠ્યું.

પિન્ક કલરની કલકત્તી સાડી અને લેસવાળો સફેદ બ્લાઉઝ પહેરીને રીમા ઊભી હતી, "તું પેસ્ટલ રંગોમાં ખૂબ સુંદર લાગે છે." મહેન્દ્ર એને કહી રહ્યો હતો.

એના બંને ગાલ પકડીને મહેન્દ્ર એનું કપાળ ચૂમતો હતો અને કહેતો હતો, "સ્વીટહાર્ટ! કમ્પ્લીટ લંચ એટલે કમ્પ્લીટ લંચ, સૂપ ટુ ડેઝર્ટ."

આ બંને દૃશ્યો રીમાની નજર સામે ભજવાયાં હતાં, ત્યારે એમાં રીમાની જગ્યાએ માધવી હતી. જ્યારે એણે પોતાની જાતને સવાલ પૂછ્યો કે આંખો મીંચ અને પૂછ તારી જાતને, શું જોઈએ છે? ત્યારે એ સવાલના જવાબમાં બંધ આંખે દેખાયેલા દૃશ્યમાં માધવીની જગ્યાએ એણે પોતાની જાતને જોઈ હતી.

એ ધ્રૂજી ઊઠી હતી!

આ વિચાર ક્યારે એના મનમાં આવ્યો હશે એની એને પોતાનેય ખબર નહોતી રહી... હજી કશું સમજે-વિચારે એ પહેલાં એના સેલફોન પર મહેન્દ્રનું નામ ઝબકી રહ્યું હતું.

“હલો...” રીમા કદાચ ફોન ન ઉપાડત, પણ માધવીની તબિયત અને એની પરિસ્થિતિના ભયમાં એનાથી જાતને રોકી શકાઈ નહીં.

“મહેન્દ્ર બોલું છું...” એના અવાજમાં સણસણતો વાગે એવો ખાલીપો હતો, “માધવીએ...” એ જાણે શબ્દો શોધી રહ્યો હતો, “માધવીએ ઊંઘની ગોળીઓનો ઓવરડૉઝ લીધો છે.”

“ઓહ માય ગૉડ!” રીમાથી ચીસ પડાઈ ગઈ, “ક્યાં છે એ? કેમ છે? સ્ટુપીડ... આવું કેમ કર્યું એણે?”

જવાબમાં મહેન્દ્ર તરફથી બસ એક મૌન હતું. થોડીક ક્ષણો બંને વચ્ચે એ મૌન અકબંધ રહ્યું, પછી મહેન્દ્ર તરફથી એક ડૂસકાએ રીમાના તમામ સવાલોનો જવાબ આપી દીધો.

“યુ મીન...” રીમાને પોતાના પગ જાણે માટીના બન્યા હોય અને રેતીમાં ધસી જતા હોય એવી લાગણી થઈ, “માધવી... એટલે તું એમ કહેવા માગે છે કે...”

“રીમા, માધવી હવે નથી.” મહેન્દ્રને આ વાક્ય બોલતાં કેટલી તકલીફ પડી હશે એ રીમા સમજી શકતી હતી. એણે આંખો મીંચી દીધી, અને કોણ જાણે કેમ, એને ફરી એક વાર એ જ દૃશ્ય એ જ રીતે દેખાયું!

‘આ શું થાય છે મને?’ એણે જાતને પૂછ્યું, અને ધ્રૂજતા અવાજે મહેન્દ્રને કહ્યું, “હું આવી જાઉં?”

“હમણાં તો બધા બહુ લોકો છે રીમા, તું ગમે તેટલી ઉતાવળ કરીશ તોય અંતિમક્રિયા પહેલાં તો નહીં જ પહોંચી શકે...” મહેન્દ્રનો અવાજ જાણે કોઈ ગુફામાંથી આવતો હોય એવો ઊંડો અને ક્ષીણ હતો.

“હા, પણ...” શું કહેવું એ રીમાને સમજાયું નહીં.

“બધાં ચાલ્યાં જાય પછી હું એકલો પડું ત્યારે આવજે...”

આ સાંભળીને રીમાની અંદર જાણે એક શારડી ફરી ગઈ. પળવાર પહેલાં પોતે જોયેલા દૃશ્ય સાથે એણે આ વાક્યને જોડી જોયું, અથવા એનાથી જોડાઈ ગયું!!

એની નજર સામે લાલ ચાંલ્લો કરેલા કપાળ સાથે માધવીની બે આંખો તરવરી રહી!

રીમાને મુંબઈમાં માધવી સાથે થયેલી વાત યાદ આવી ગઈ.

"બહુ નસીબદાર છે તું માધવી..." એનું ગળું ભરાઈ આવ્યું હતું, "મહેન્દ્ર જેવો પતિ પાછલા જનમના પુણ્યે જ મળે છે..."

"મારી કુંડળી બતાવી હતી ત્યારે એક બ્રાહ્મણે કહ્યું હતું કે સુખ બહુ છે આના નસીબમાં, પણ ભોગવી નહીં શકે..." માધવીએ રીમા સામે જોયું હતું. એની આંખ ભીની થઈ ગઈ હતી, "ત્યારે મારી માએ મારા માથામાં ટપલી મારીને કહેલુ, મૂઈ છે જ એવી... જપ નથી જીવને...ઠરીને બેસતી જ નથી..." માધવીએ રીમાના ખભે માથું મૂકી દીધું હતું, "ત્યારે મને ખબર નહોતી કે મારે સાચે જ ઠરીને બેસવાનો વારો નહીં આવે જિંદગીમાં...આટલા જલદી ઉચાળા ભરવા પડશે..." એ પછી માધવી છેક ઘર સુધી રીમાના ખભે માથું મૂકીને એમ જ, નિશ્ચેષ્ટ અને શાંત પડી રહી હતી.

રીમા ફરી એક વાર એ આખી વાતચીતને યાદ કરીને અચાનક જ થઈ ગયેલી બે નસીબોની સરખામણીને ફરી ફરીને મનોમન માપતી, તોળતી, મુલવતી રહી.

*

27

સવારે જાતે ચા બનાવીને ચાનો એક કપ લઈને પોતાના બેડરૂમમાં બનાવેલી સિટિંગ અરેન્જમેન્ટમાં ગોઠવાતા પહેલાં મહેન્દ્રએ રૂમમાં સરસરી નજર ફેરવી. ખરેખર કશું જ બદલાયું નહોતું. માધવીના કોરા કંકુની ડબ્બી, આંજણની નાનકડી સ્ટીલની ડબ્બી એકબીજાની બાજુમાં પડ્યાં હતાં. મોટા દાંતાનો એનો કાંસકો અને બે સોનાની બંગડીઓ એ જેમ રોજ ઉતારતી એવી જ રીતે ઉતારીને કાચના કટોરામાં ડ્રેસિંગ ટેબલ પર મુકાઈ હતી. એનાં નાનાં-મોટાં ઇયરરિંગ્સ, અને બે-ત્રણ પરફ્યુમ ડ્રેસિંગ ટેબલ પર ગોઠવાયેલાં હતાં. પલંગની ચાદર સળ વગરની ચોખ્ખી હતી, ઓશીકાં વ્યવસ્થિત રીતે મુકાયેલાં હતાં.

ઓરડાની દરેક વસ્તુ જેમ રહેતી હતી એમ જ હતી. કબાટમાં ચાવીના ઝૂડામાં ભરાવેલી ચાવીઓ લટકતી હતી. જે ખુલ્લી બારીમાંથી આવતા દરિયાના પવનને કારણે આછી આછી ઝૂલતી હતી.

મહેન્દ્ર એક તરફની ખુરશીમાં ગોઠવાયો. ટેબલ પર પોતાનો કપ મૂક્યો. સામેની ખુરશી ખાલી હતી. એની આંખો ભીની થઈ આવી.

સોનાલીનું સબમિશન ચાલતું હતું, એ રજા પાડી શકે એમ નહોતી. તેમ છતાં એ લગભગ પાંચ દિવસ રોકાઈ. સુજય અને સોનાલી હતા ત્યાં સુધી ઘર આટલું ખાલી નહોતું, કોઈ ને કોઈ બહાને વાતો થઈ જતી, માધવીને યાદ કરીને કે યાદ કર્યા વગર રડાઈ જતું...

જમવાનું શું બનાવવું... કોણ આવવાનું છે અથવા કોણ આવીને ગયું જેવી સાવ બિનજરૂરી વાતોમાં શબ્દો ઘરમાં ગુંજતા રહેતા. સુજય બને ત્યાં સુધી અવાજોને જીવતા રાખવાનો પ્રયત્ન કરતો. ઘણી વાર મહેન્દ્ર ટાળે તો પણ સવાલો પૂછતો, એને જવાબો આપવા મજબૂર કરી દેતો. મહેન્દ્ર સમજી શકતો હતો આ પરિસ્થિતિને... છતાં ક્યારેક એને સુજય પર ચીડ ચડી આવતી.

સુજય એની અકળામણ સમજતો, એના એકલા રહેવાની ઇચ્છા પણ સમજતો અને છતાં એને એકલો પડવા નહોતો દેતો.

"ડેડ..." સુજયના અવાજમાં સતત જિંદગી છલકાયા કરતી, "આજે આપણે બહાર જમવા જઈએ."

"ના, આજે નહીં..."

"કમ ઓન ડેડ... ઘણા દિવસથી આપણે બહાર નથી ગયાં, કાલે તો અમે જતા રહીશું, આજની સાંજ..."

"કાલે તો જતાં રહેશો ને? કાલથી હું એકલો જ છું ને? તો એની ટેવ મને આજથી જ પાડવા દો... જાવ તમે બંને જણા બહાર ફરી આવો."

સુજયે થોડી વાર એમની સામે જોયા કર્યું, પછી એ હળવેથી નજીક આવ્યો, એમના ખભે હાથ મૂક્યો, "તમે મારા સસરા નથી એવું માનીને એક મેન ટુ મેન વાત કરવી છે, કરું?"

"હમ્.." મહેન્દ્રની બિલકુલ ઇચ્છા નહોતી આ ચર્ચા આગળ વધારવાની, પણ સુજયનું અપમાન કરવું કે એને ચોખ્ખી ના પાડવી એને યોગ્ય નહોતું લાગતું.

"ડેડ, તમારામાં ને મોમમાં ફરક શું છે?"

"એટલે શું?"

"એટલે એમ કે મોમે પણ એવું ધારી લીધું કે મૃત્યુ આવવાનું છે અને આવે એ પહેલાં જ..."

"જો સુજય, મારે તારી સાથે..." મહેન્દ્રથી કહેવાઈ ગયું. એને આ વાત નીકળતાં જ ખૂબ તકલીફ પહોંચતી. માધવીએ જે કાંઈ કર્યું એ માટે એ પોતે જવાબદાર હતો એવું કોણ જાણે એને કેમ લાગ્યા કરતું હતું... એણે કોઈ સાથે આ વિષય પર ચર્ચા નહોતી કરી પણ એને લાગતું હતું કે માધવીને એ રોકી શક્યો હોત...

એની અંદરના અપરાધભાવને અત્યારે સુજય જે કહી રહ્યો હતો એનાથી ઉઝરડા પડતા હતા.

"ડેડ, તમને ગમે કે નહીં હું જાઉં એ પહેલાં મારે તમારી સાથે આ વાત કરવી છે."

મહેન્દ્ર કશું જ બોલ્યા વિના સુજય સામે એવી રીતે જોઈ રહ્યો જાણે કહેતો હોય, 'હા, બોલ.... હું સાંભળું છું...'

સુજય સમજી શકતો હતો કે મહેન્દ્ર એની ઇચ્છા વિરુદ્ધ આ વાત સાંભળી રહ્યો છે પણ એ મહેન્દ્રની મનઃસ્થિતિ બરાબર સમજતો હતો. એ પણ સમજતો કે જતા પહેલા આ વિશે વાત ન થઈ તો મહેન્દ્ર માટે આવનારી એકલતા જીરવવી અઘરી પડવાની છે એટલે એણે વાત ચાલુ રાખી, "ડેડ, મરતા પહેલાં મરી જવું એમાં કઈ બહાદુરી છે?"

મહેન્દ્ર જવાબ આપ્યા વિના એની સામે જોઈ રહ્યો, "હું જાણું છું કે મોમે તમારી સાથે વાત કરી હોત, સોનાલી કે મારી સાથે વાત કરી હોત તો આપણે આ પરિસ્થિતિને કદાચ નિવારી શક્યાં હોત." મહેન્દ્રની આંખો સહેજ ભીની થઈ ગઈ. સુજય જાણે એના મનની અંદર ઊતરીને એના મનની વાત કહી રહ્યો હતો, "પણ, હવે કશું જ બદલી નહીં શકાય ડેડ..."

"આ ફિલોસોફીનો શો અર્થ છે?" મહેન્દ્રથી અકળામણથી કહેવાઈ ગયું.

"ફિલોસોફી?' સુજય હસી પડ્યો, "ફિલોસોફીની વાત જ નથી.. આ તો જિંદગી છે ડેડ... સત્ય હકીકત... પ્લેન અને નિષ્ઠુર સત્ય..." એનો ચહેરો ગંભીર થઈ ગયો, "મોમ હવે નથી એ સત્ય છે, એટલે શું થઈ શક્યું હોત એની ચર્ચા કરવી વ્યર્થ છે." એ ગંભીર ચહેરે મહેન્દ્ર સામે જોઈ રહ્યો, "બીજાની સાથે તો આ ચર્ચા નક્કામી જ

છે, જાત સાથે પણ એ ચર્ચા કરવાનું છોડી દો ડેડ... તમારા બહાર નહીં જવાથી, એકલા બેસી રહેવાથી, અપરાધભાવ અનુભવ્યા કરવાથી કે દુઃખી થવાથી મોમને કોઈ ફરક પડશે કે નહીં મને ખબર નથી." એણે મહેન્દ્રનો હાથ પકડી લીધો, "પણ તમારી દીકરીને બહુ ફરક પડશે. મોમ હવે આ દુનિયામાં નથી પણ સોનાલી છે. એ તમારાથી દૂર છે. એ જાય છે ત્યારે કમ-સે-કમ એને એટલો અહેસાસ કરાવો, એટલી શાંતિ આપો કે ત્યાં પોતાનું કામ સારી રીતે કરી શકે."

મહેન્દ્રને સુજયની વાત સાવ સાચી લાગી. આટલા દિવસથી એ જે રીતે પોતાની જાતમાં ઘેરાતો રહ્યો હતો એમાંથી બહાર નીકળવા માટે આજે પહેલી વાર એને સુજયે હચમચાવીને જગાડ્યો હતો.

"બેટા..."

"ડેડ... મારું તો આ દુનિયામાં કોઈ નથી એટલે મારી જિંદગીમાં એકલા જીવવા સિવાય કોઈ ઓપ્શન નથી પણ તમારી પાસે દીકરી છે" એના ચહેરા પર ફરી એક વાર સ્મિત આવ્યું, એણે એના ટીશર્ટના કોલર ઊંચા કર્યા, "આટલો હેન્ડસમ, વ્હાલસોયો જમાઈ છે" એણે ફરી ગંભીર થઈને મહેન્દ્રની આંખોમાં જોયું, "તમે પોતે છો. એનાથી વધારે તમારે શું જોઈએ?"

મહેન્દ્ર કશું બોલ્યો નહીં, ચૂપચાપ સુજયની વાત સાંભળતો રહ્યો.

"ડેડ, આ સુખ અને દુઃખની ફીલિંગ આપણે જીવીએ છીએ ત્યાં સુધી છે. તમારા શ્વાસ ચાલે છે ત્યાં સુધી આ સંબંધો છે અને આસપાસની દુનિયા છે એ પછી તમે કંઈ પણ કરો - આ સ્પર્શ, આ સુખ ફરી પામી શકાતું નથી..." એ નજીક આવીને મહેન્દ્રના ગળામાં હાથ નાખી એને ભેટી પડ્યો, "આ એકબીજાને અડકી શકવાનું સુખ, આ એકબીજાની સાથે હોવાનું સુખ અને એકબીજાથી દૂર જવાનું દુઃખ અનુભવી શકાય ત્યાં સુધી અનુભવી લઈએ ડેડ!"

મહેન્દ્રએ સુજયને ભીંસી દીધો. એની આંખો ભીની થઈ ગઈ. આંસુના બે ટીપાં ગાલ પર થઈને સુજયના ખભા પર પડી ગયાં. એમ જ, ભેટેલા રહીને સુજયે કહ્યું, "ડેડ, આપણે બધા જ ધારણાઓ પર સંબંધ બાંધીએ છીએ અને ધારણાઓ પર જ તોડી નાખીએ છીએ. હવે તમે એકલા પડવાના છો એમ માનીને, ધારીને તમે આજથી જ એકલા રહેવા માગો છો..." એ છૂટો પડ્યો, સહેજ દૂર ગયો અને મહેન્દ્રની આંખોમાં જોઈ રહ્યો, "કોને ખબર ડેડ, જિંદગીનો એક દરવાજો બંધ થાય ત્યારે બીજો દરવાજો ઊઘડવાની રાહ જોતો હોય..."એ થોડી ક્ષણ ચૂપ રહ્યો, કહેવું કે નહીં એનો વિચાર કરતો હોય એમ, અને પછી કહી જ નાખ્યું, "હજી કોઈ પરફેક્ટ રિલેશનશિપ, એક અદ્ભુત સંબંધ આવે તમારી જિંદગીમાં... એવું ના બને?"

"વોટ? મારી ઉંમર 44 વર્ષની છે"

"સો વોટ ડેડ?" સુજયે એક મિત્રની જેમ એમનો ખભો થપથપાવ્યો, "જ્યાં સુધી આપણને અમુક વસ્તુ મળતી નથી ત્યાં સુધી આપણને એમ જ લાગે છે કે આપણી પાસે જે હતું એ જ ઉત્તમ હતું." મહેન્દ્રના બદલાતા હાવભાવ જોઈને એણે ઉમેર્યું,

"મોમ સાથેની રિલેશનશિપ, એમની સાથેનો સંબંધ પરફેક્ટ નહોતો એવું નથી કહેવા માગતો. પ્લીઝ, હું માત્ર એટલું જ કહેવા માગું છું કે કદાચ ક્યાંક-કોઈક એક એવી ક્ષણ તમારી રાહ જોતી હોય જેની તમને કલ્પના પણ ના હોય... એક એવો સંબંધ કદાચ તમારા દરવાજે આવીને ઊભો રહે, જે વિશે તમે વિચાર્યું પણ ના હોય"

મહેન્દ્ર હસી પડ્યો, "તું પણ..."

"વાય નોટ ડેડ? શું કામ નહીં? જિંદગીના કોઈ પણ વળાંકે જિંદગી પૂરી થઈ ગઈ છે એવું શું કામ માનવાનું? આગળ ક્યાંક બીજો રસ્તો જોડાતો હોય અને એ તમને કોઈ નવી જ દિશામાં લઈ જાય એવું કેમ ના બને?"

"એવું બનવા માટે મોડું થઈ ગયું છે એવું નથી લાગતું? તારી માએ મને એટલું આપ્યું છે કે મારી અંદર કશુંય પામવાની ઝંખના બાકી જ નથી રાખી, અને શરીર તો..."

"ડેડ, કોઈ પણ શક્યતાના દરવાજા બંધ નહીં કરવાના એવું હું તમને ફરી એક વાર કહું છું, માગવાની વાત નથી પણ આવે તો જાકારો નહીં જ આપવાનો... સમજો છો મારી વાત?"

મહેન્દ્ર એની સામે જોઈ રહ્યો, 'આટલી નાની ઉંમરમાં આ છોકરો કેવું અને કેટલું વિચારી શકે છે... ખરેખર જિંદગી જીવ્યા જેટલી મોટી કોઈ યુનિવર્સિટી નથી અને સંજોગોથી મોટો કોઈ શિક્ષક નથી.'

એ સાંજે મહેન્દ્ર બંને છોકરાઓ સાથે બહાર ગયો. ત્યાં જ, 'ગેલોર્ડ'- જ્યાં એ અને માધવી આખરી વાર ગયાં હતાં.

ત્યાં જઈને બેસતાં જ એણે સુજયની સામે જોઈને કહ્યું, "હું અને માધવી છેલ્લે અહીં આવ્યાં હતાં..." પછી સ્મિત કર્યું, "તારી વાત સાચી છે. ભય તમારા સુધી આવીને તમને દબાવી દે એ પહેલાં આપણે જ સામેથી જઈને ભય સાથે હેન્ડશેક કરવા જોઈએ."

"વેલ ડન ડેડ..." સુજયે મહેન્દ્ર સાથે હાથ મિલાવ્યો, "હું ડ્રિંક લઉં છું, તમને કોઈ વાંધો તો નથી ને?"

સોનાલી ડઘાઈ ગઈ.

"મને જરાય વાંધો નથી બેટા... જ્યાં સુધી તું દારૂ પીને છાકટો થઈને મારી દીકરીને તકલીફ ના આપે અને તારી જાતનો તમાશો ના કરે ત્યાં સુધી મને કોઈ વાંધો નથી." એણે હસીને ઉમેર્યું, "જિંદગીની એક નવી શરૂઆત તરીકે મને પણ તારી સાથે એકાદ ડ્રિંક લેવામાં વાંધો નથી."

"ડેડ!" સોનાલીએ નવાઈથી જોયું, "તમે..."

"કેમ? નવા સંબંધો અને નવી વ્યાખ્યાઓ શીખી શકાય તો નવો પ્રયોગ કેમ ન કરી શકાય જાત સાથે?"

"પછી તમે એકલા રહેવાના છો." એણે બહુ વિચિત્ર રીતે કહ્યું, મહેન્દ્ર એની વાતમાં રહેલો ગર્ભિત નિર્દેશ સમજી શક્યો અને હસી પડ્યો.

"હું કંઈ રોજ સાંજે ડ્રિંક નહીં લઉં ડાર્લિંગ...બીજું એ કે ઘરમાં હું ક્યારેય એકલો નહીં હોઉં... તારી મા હશે જ!"

સુજયે આનંદથી મહેન્દ્રની સામે જોયું, "મને બહુ આનંદ થયો ડેડ.. કે તમે આટલું વિચારી અને સ્વીકારી શકો છો."

"શીખી રહ્યો છું." મહેન્દ્રએ ફરી સ્મિત કર્યું, "આવડી જશે!"

સોનાલીએ નિરાંતનો શ્વાસ લીધો. આ બંને ભાવ મહેન્દ્રથી અજાણ્યા નહોતા રહ્યા એટલે એણે ધીમેથી સોનાલીને કહ્યું, "આ છોકરાના સૌથી મોટ ગુણ એની પારદર્શકતા અને સચ્ચાઈ છે અને જે સાચું બોલી શકે એ ક્યારેય ખોટું કામ કરી શકે નહીં."

આજે આટલા વખતે સુજયની આંખો પહેલી વાર પલળી ગઈ, "ડેડ, આઇ લવ યુ..." એણે કહ્યું. મહેન્દ્રએ જવાબ આપ્યા વિના એના હાથ પર હાથ મૂકીને સહેજ દબાવ્યો.

એ સાંજ ત્રણેય જણાં માટે કદાચ અવિસ્મરણીય સાંજ હતી.

માધવી ત્રણેની વચ્ચે સદેહે હાજર નહોતી પણ જાણે ટેબલની ચોથી ખુરશી પર એ બેઠી હતી. એનો અવાજ નહોતો સંભળાતો અહીં ચાલતી વાતચીતોમાં, પણ સતત કશું કહી રહી હતી એવું મહેન્દ્ર અનુભવી જ રહ્યો હતો...

એ સાંજે મહેન્દ્ર પોતાના ખભા પરના ઘણા બધા બોજથી મુક્ત થઈ ગયો. માધવીના મૃત્યુ માટે પોતાને જવાબદાર માનતો હતો, એને બદલે અત્યારે, આ પળે માધવી નથી એ વાતને સ્વીકારીને આવનારી જિંદગી જીવવાની છે - જીવવાની જ છે, એ વાતે પોતાની જાતને વધુ મજબૂત, વધુ દૃઢ બનાવતો જતો હતો!

સોનાલી પાછી ચાલી ગઈ હતી. હવે ઘરમાં કોઈ નહોતું. સોનાલીના ખૂબ આગ્રહ છતાં એણે કામવાળી બાઈને જેમ આવતી હતી એમ સાડા આઠ પછી જ બોલાવવાનો આગ્રહ રાખ્યો.

અત્યાર સુધી સવારની ચા માધવી બનાવતી. હવે મહેન્દ્રએ જાતે બનાવવા માંડી હતી.

ચા પીને, ન્હાઈને, શેવ કરીને મહેન્દ્ર પૂજા કરતો હોય લગભગ ત્યારે કામવાળી બાઈ આવતી.

એને લંચ માટેની જે કંઈ સૂચના આપવાની હોય એ આપીને મહેન્દ્ર ઑફિસ ચાલી જતો. બાઈ ખાવાનું બનાવીને ટિફિન તૈયાર કરી દેતી પછી ફોન કરતી એટલે ઑફિસથી પ્યૂન આવીને ટિફિન લઈ જતો...

સામાન્ય રીતે સાંજે મહેન્દ્ર પપૈયું, ખાખરા ને દૂધ કે બને ત્યાં સુધી બાફેલા મગ જેવું કશું ખાવાનું પસંદ કરતો. એણે સાંજનું કામ પણ જાતે જ કરવા માંડ્યું હતું.

વચ્ચેનાં વર્ષોમાં કોઈ દિવસ એને રસોડામાં પેસવાનો વારો નહોતો આવ્યો. પણ માધવી પરણીને આવી એ પહેલાંનાં થોડાં વરસો ચાલીના મકાનમાં એકલા રહેતાં, મહેન્દ્ર જાતે પકાવતાં શીખ્યો હતો... કદાચ આજે એને કારણે જ એની સાંજ કોઈ કામમાં વીતી જતી હતી.

ખુરશીમાં બેસીને ચાનો પહેલો સીપ લેતાં મહેન્દ્રને અનાયાસે જ એક વિચાર આવી ગયો, “પુરુષ પાસે પોતાનું કામ હોય છે. પોતાની સફળતા, પોતાનો પૈસો અને લડવા માટે રોજ સવારથી સાંજ સુધીનું એક વિશાળ કુરુક્ષેત્ર હોય છે. કદાચ એટલે એ બહુ સરળતાથી સંબંધને વિસારે પાડી શકતો હશે?” સામે ભીંત ઉપર માધવીની એક સુંદર તસવીર લટકતી હતી, એ તસવીરની સામે જોઈ રહ્યો, એનાથી પુછાઈ ગયું, “માધવી... તારી જગ્યાએ હું આમ ગયો હોત તો તું પણ આટલી જ સરળતાથી જીવતાં શીખી શકી હોત? એકલતાને જીરવી ગઈ હોત તું?”

તસવીર તો કોઈ જવાબ નહોતી જ આપવાની, પણ મહેન્દ્ર એકીટસે તસવીર સામે જોઈ રહ્યો હતો, ત્યાં એના સેલફોનની રિંગ વાગી... મહેન્દ્રએ બાજુમાં પડેલો ફોન ઉઠાવ્યો, ઘડિયાળ જોઈ, સાત...

“એક વાગ્યો હશે લંડનમાં... અત્યારે? રીમાને શું કામ પડ્યું હશે અડધી રાતે?”

*

28

"એક વાગ્યો હશે લંડનમાં... અત્યારે! રીમાને શું કામ પડ્યું હશે અડધી રાતે?"

એણે ફોન ઉપાડ્યો, "હલો... રીમા..."

"મહેન..."

મહેન્દ્રને ખૂબ નવાઈ લાગી. માધવી સિવાય એને કોઈ મહેન નહોતું કહેતું અને રીમાએ પણ કદાચ પહેલી વાર એને મહેન કહીને સંબોધ્યો હતો. મહેન્દ્રને લાગ્યું કે આ કદાચ એનો ભ્રમ પણ હોઈ શકે. રીમા અને એની વચ્ચે એવા અંગત સંબંધો જ નહોતા. એ મહેન્દ્ર જ બોલી હશે પણ પોતે માધવીના વિચારોમાં ખોવાયેલો હતો એટલે એને કદાચ મહેન્દ્રને બદલે મહેન સંભળાયું હશે એમ માનીને એણે વાતને ટાળી દીધી.

"હા, બોલ..." પોતાની નવાઈ જાહેર કર્યા વિના એણે પૂછ્યું, "મળી આવી દેવીનાને..."

"એણે મને મળવાની ના પાડી. માત્ર સુરેશને મળી. એક-બે દિવસમાં એને હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરશે એટલે એની મેળે એકલી રહેવાની છે."

"આટલો બધો વિરોધ?"

"સાચી છે એ... હવે મને ખોટું નથી લાગતું. મને જેમ યોગ્ય લાગ્યું એમ હું જીવી, હવે એને જેમ યોગ્ય લાગે છે એમ એ જીવે છે."

"યોગ્ય લાગે કે નહીં જીવવું તો પડે જ છે, બધાંએ..."

"મહેન્દ્ર" રીમાએ ઊંડો શ્વાસ લીધો, "હું ઇન્ડિયા આવું છું."

મહેન્દ્રને કહેવું હતું કે, આ વારંવારની અવરજવરમાં તારા કેટલા પૈસા બગડે છે! પણ, એ કશું બોલ્યો નહીં. માધવીના ગયા પછી એણે મહદ્અંશે જાતને નિર્લેપ કરીને જીવતાં શીખવા માંડ્યું હતું. માધવી હતી ત્યાં સુધી એ નાની નાની વાતમાં રસ લેતો, માધવી સાથે માથાકટ કરતો પણ માધવીના ગયા પછી એણે જાણે જિંદગીના વર્તુળને નાનું કરીને પોતાના પૂરતું સીમિત કરી નાખ્યું હતું. રીમા એના એ વર્તુળમાં ક્યાંય નહોતી આવતી.

"તે કંઈ જવાબ ના આપ્યો" રીમાએ ફરી કહ્યું.

"શું જવાબ આપું?" મહેન્દ્રના ચહેરા પર સ્મિત આવી ગયું, "આવ! મારી પરમિશનની તો જરૂર નથી જ..."

"મહેન્દ્ર, તેં મને કહ્યું હતું કે બધાં જતા રહે પછી આવજે, એટલે...." એણે ક્ષણેક અટકીને વિચાર્યું, "એટલે તને પૂછું છું."

"જો રીમા, ત્યારે મને લાગતું હતું કે માધવીના ગયા પછી હું બહુ એકલો પડી જઈશ, માધવીની સાથે જીવવાની જે ટેવ પડી છે એમાં આ ઘરનો ખાલીપો મને ખાઈ જશે."

"તો?"

"પણ હવે એવું નથી લાગતું!" બંને વચ્ચે એક મૌન લંબાતું ગયું. રીમાને શું કહેવું તે સૂઝ્યું નહીં.

થોડી વાર ચૂપ રહીને મહેન્દ્રએ કહ્યું, "એના ઠંડા ચહેરાને જ્યારે અડક્યો..." અચાનક જ જાણે ભૂતકાળમાં સરી પડ્યો હોય એમ સ્વગત બોલતો રહ્યો, "માધવીએ ક્યારેય મને એના પગને સ્પર્શ નથી કરવા દીધો, પગ દુખતા હોય અને હું કહું કે દબાવી દઉં તો મારાથી બે ફૂટ દૂર જતી રહે... મૃત્યુ પામ્યા પછી એના પગના તળિયાને સ્પર્શ્યો ત્યારે એની જીવતી ત્વચાને નહીં પણ કોઈ બરફની લાદીની સપાટીને સ્પર્શતો હોઉં એવી લાગણી થઈ મને! એને ગમતાં ગીતોની કેસેટ, એની ગમતી સાડીઓ, એની વસ્તુઓ... બધું જ... એમ જ..." એને ડૂમો ભરાઈ ગયો, "એ નથી!"

"મને પણ માધવી બહુ યાદ આવે છે." રીમાનો અવાજ રૂંધાઈ ગયો.

"મને યાદ નથી આવતી, મારી સાથે પ્રત્યેક પળે હોય છે! એને ઇલેક્ટ્રિક ક્રેમેટોરિયમમાં મોકલતી વખતે મેં એના ચહેરા સામે જોયું હતું. એક રેખા પણ અફસોસ કે પીડાની નહોતી. સ્મિત હતું એના ચહેરા પર... રીમા, એ ખુશ થઈને, સુખી થઈને, સંતુષ્ટ થઈને ગઈ છે."

"હા, મહેન્દ્ર... તેં ખૂબ આપ્યું એને..."

"આહ! મેં શું આપ્યું? એણે જ આપ્યું બધું! એના ચહેરા પરનું સ્મિત આપ્યા પછીનું સ્મિત હતું રીમા.... લેનારના સ્મિતમાં એક જાતની ઝાંખપ, થોડી ખિસિયાણા પડ્યાની, હાર્યાની લાગણી હોય છે. એના ચહેરા પરના સ્મિતમાં વિજય હતો, જિંદગી સામે જીત્યાનો, સંબંધમાં જીત્યાનો... કોને ખબર કઈ વાતનો?" મહેન્દ્રનો શ્વાસ તેજ ચાલવા લાગ્યો હતો.

"તું તો બહુ સેન્સિટિવ થઈ ગયો છે મહેન્દ્ર... મેં તને આવું અને આટલું બોલતો ક્યારેય નથી સાંભળ્યો."

"હું આવું અને આટલું ક્યારેય બોલ્યો પણ નથી. માધવીના ગયા પછી બોલવાનું વ્યસન થઈ ગયું છે. દિવસભર ચૂપ રહું છું પછી અચાનક બોલવા લાગું છું તો ક્યાં અટકવું એની ખબર નથી રહેતી..."

"હું આવું છું... પરમ દિવસે પહોંચીશ."

"ભલે..." મહેન્દ્રના અવાજમાં કોઈ આરોહ-અવરોહ નહોતા.

"મહેન્દ્ર.... તું ઠીક છે ને?"

“હા...હા...મને કોઈ પ્રોબ્લેમ નથી, હું જાત સાથે જીવતાં શીખી રહ્યો છું. ખરેખર તો મને પહેલી વાર ખબર પડી છે કે હું આટલા બધા સમયના અંતરાલ સુધી સાવ ચૂપ રહીને મારી અંદરના માણસ સાથે વાતો કરી શકું છું.” મહેન્દ્રએ ફરી શ્વાસ લીધો, “રાત પડ્યે જાતને પડખામાં લઈને ઊંઘી જાઉં છું. પહેલાં માધવી ફરિયાદ કરતી કે ઊંધા ફરીને નહીં સૂઈ જાવ.. મને એકલું લાગે છે... હવે કોઈ પણ બાજુ ફરું હું એકલો જ હોઉં છું એટલે ખાસ માધવી તરફ પીઠ કરીને સૂઈ જાઉં છું, જેથી મને એકલું ન લાગે...”

“મને તારી ચિંતા થાય છે મહેન્દ્ર...”

“મને પણ મારી ચિંતા થાય છે...”એણે હસીને કહ્યું, “ક્યારેક!”

“હું આવું પછી ખૂબ વાતો કરીશું.”

“હવે તો વાતો કરતાં પણ બીક લાગે છે.” એને ફરી એક વાર ફાર્મહાઉસમાં એની આંખોમાં આંખમાં નાખીને વાત કરતી માધવી યાદ આવી, “માધવી સાથે વાતો કરી એ પછી જ...”

“મહેન્દ્ર, આ શું....”

“તને નહીં સમજાય. માધવીની ફિક્સ ડિપૉઝિટ, એના ઇન્સ્યોરન્સના પેપર, બેંકલોકર્સ અને બીજી કેટલીયે જગ્યાઓએ એનું ડેથ સર્ટિફિકેટ અટેચ કરતી વખતે એક અજબ જેવી લાગણી થઈ આવી. થયું કે બધું જવા દઉં... જે થવાનું હોય તે થવા દઉં... આમાંથી શું લઈ ગઈ માધવી?” એ ક્ષણેક અટક્યો, “અને, હું પણ શું લઈ જવાનો છું? આ ઘર, આ ઑફિસ, ઇન્વેસ્ટમેન્ટ, બુઢાપા માટેની તૈયારી અને કામ નહીં થાય ત્યારે... એવા બધા વિચારો શું કામ લાગવાના છે?”

“તું ખરેખર કોઈ વિચિત્ર ફ્રેમ ઓફ માઇન્ડમાં છે. આવો વૈરાગ્ય થોડાક સમય માટે આવે મહેન્દ્ર... પણ એના પર કંઈ આવનારા દિવસનો આધાર નથી રહેતો. સમય સાથે બધું બદલાઈ જશે.”

“સમય સાથે બધું જ બદલાઈ જતું હોય છે...”

“એની વે... હું પરમ દિવસે પહોંચીને ફોન કરીશ.”

“ભલે” મહેન્દ્રએ કહી દીધું. એને ખ્યાલ આવ્યો કે રીમા જેટલી વાર ભારત આવતી એટલી વાર માધવી એને લેવા જતી. માધવીના ગયા પછી હવે રીમા પહેલી વાર આવી રહી હતી એટલે એણે ચોંકીને કહ્યું, “કેટલા વાગ્યાની ફ્લાઇટ છે? આઈ મીન ઇન્ડિયા ક્યારે પહોંચશે? કઈ એરલાઇન્સ છે? ફ્લાઇટ નંબર શું છે?”

“વેલ...” રીમાને સહેજ હસવું આવી ગયું, “હું મારા ફ્લૅટ પર પહોંચીને તને ફોન કરીશ, એવી ચિંતા કરવાની જરૂર નથી.”

“પણ, માધવી હતી ત્યાં સુધી...”

રીમાએ મહેન્દ્રની વાત વચ્ચે જ કાપી નાખી, "માધવી... હતી... ત્યાં... સુધી..." રીમા એક એક શબ્દ છૂટો પાડીને કહ્યું પછી ફરી હસી પડી.

"હું આવીશ લેવા..."

"જરૂર નથી મહેન્દ્ર... મુંબઈ શહેર અને એના રસ્તાઓ, કશુંય અજાણ્યું નથી મારા માટે... ઉજાગરો કરવાની જરૂર નથી."

"અહીં ઊંઘ જ કોને આવે છે?" મહેન્દ્રને કહેવું હતું પણ એ ચૂપ રહી ગયો.

"ભલે મહેન્દ્ર... પરમ દિવસે મળીએ."

"હા, રીમા... વેલકમ હોમ..." મહેન્દ્રથી કહેતાં કહેવાઈ ગયું પછી એને સમજાયું કે રીમા માટે હોમ તો ઇંગ્લૅન્ડ હતું... કે પછી ખરેખર અહીં જ એનું હોમ હતું... કોને ખબર?

*

સુજય અને સોનાલી બ્રિજ પર ત્રીજી વાર ચાલી રહ્યાં હતાં. એન. આઈ. ડી. થી બહાર નીકળીને જમણી તરફ સંસ્કાર કેન્દ્રથી આગળ જતાં સાબરમતી નદી પર બંધાયેલો સરદાર બ્રિજ સાંજના સમયે આવતાં-જતાં વાહનોની ભીડના અવાજોથી ભરપૂર હતો.

સામાન્ય રીતે સુજય અને સોનાલી મળવા માટે શાંત, એકાંત જગ્યા પસંદ કરતાં જે એમને કેમ્પસની અંદર જ મળી રહેતી. પણ મુંબઈથી આવ્યા પછી સોનાલી ભીડમાં કોઈકની સાથે રહેવાનું પસંદ કરતી એવું સુજય જોઈ શક્યો હતો.

સાંજના સમયે એને ટ્રાફિકની વચ્ચે, ટોળામાં રહેવું ગમતું. સામાન્ય રીતે આવા પ્રકારના અવાજોને ધિક્કારતી સોનાલી આજકાલ આવા અવાજોથી રાહત અનુભવતી હતી.

એ અને સુજય સરદાર બ્રિજ પર ત્રણ વખત ચક્કર મારી ચૂક્યાં હતાં. ત્રીજું ચક્કર પૂરું કરીને પાછા આવતાં બ્રિજની બરાબર વચ્ચે સોનાલી બંને કોણી પાળી પર ટેકવીને ઊભી રહી ગઈ, આવતાં-જતાં વાહનોની ભીડને જોઈ રહી, સુજય પણ એની બાજુમાં ઊભો રહ્યો.

"સોનુ...." સુજયે એની હથેળી પોતાના હાથમાં લઈ આંગળીઓમાં આંગળીઓ પરોવી.

"હં" સોનાલી બેધ્યાનપણે ટ્રાફિક જોયા કરતી હતી.

"મુંબઈથી આવ્યાં ત્યારથી જોઉં છું કે તારા મગજમાં કોઈ વાત ચાલે છે, તું કહેતી નથી પણ અટવાયેલી છે."

"નોટ રિયલી" સોનાલી હજી ટ્રાફિક જોઈ રહી હતી.

સુજયે એની ચીબુક પકડીને એનો ચહેરો પોતાની તરફ ફેરવ્યો, એની આંખોમાં આંખો નાખી, "ડેડીએ એકલા જીવવાનું છે. તું એમાં કશું જ નહીં કરી શકે. બને એટલી ઝડપથી સબમીશન પતાવીને એમની પાસે જઈ શકે... બસ એટલું જ..."

"સમજું છું..." સોનાલીએ ચહેરો ફેરવી લીધો. ફરી ટ્રાફિક જોવા લાગી, "હું નોકરી તો મુંબઈમાં જ શોધીશ."

"મને એમની સાથે રહેવામાં પણ વાંધો નથી." સુજય સોનાલી તરફ ધ્યાનથી જોઈ રહ્યો હતો.

સોનાલીએ હવે પોતાનો ચહેરો સુજય તરફ ફેરવ્યો, "ખરેખર કહે છે?"

"હાસ્તો...જેમ મારાં મા-બાપ સાથે રહીએ તેમ તારા ડેડી સાથે રહેવાનું, મુંબઈમાં ફ્લૅટ ભાડે લેવાથી શરૂ કરીને બીજી બધી માથાકૂટ પણ..." એના ચહેરા પર સ્મિત આવ્યું, થોડી શરારત અને થોડા વ્હાલ સાથે એણે કહ્યું, "તારા માટે તો મને ઘરજમાઈ બનવું પણ મંજૂર છે."

"હું તને કહેવાની હતી પણ..."

"સોનુ, મેં તને કહ્યુંને, મને વાંધો નથી પણ શાંતિથી વિચારજે કે આ કાયમી ઉકેલ છે? મુંબઈમાં સાથે રહીને પણ હું મારું કામ કરીશ, તું તારું કામ કરીશ... આખો દિવસ નોકરી કર્યા પછી મને તારા માટે અને તને મારા માટે સમય જોઈતો હશે. સંતાનો હશે, જવાબદારીઓ હશે, આપણી અલગ દુનિયા...અલગ સંસાર હશે."

"તો શું કરું?"

"હું તને કંઈ કરવાનું નથી કહેતો બલકે જેમ તું કહીશ એમ હું કરીશ... હું તારી લાગણી સમજુ છું, તારી જવાબદારી પણ સમજું છું." સુજયે આટલા બધા ટ્રાફિક અને અવરજવરની વચ્ચે એના બંને ગાલ પર પોતાના હાથ મૂક્યા, "સોનુ, જે કંઈ કરે તે સમજી વિચારીને કરજે... જો એમની જવાબદારી સ્વીકારે તો કાયમ માટે સ્વીકારજે. થોડા વખત પછી એમનું રોકવું-ટોકવું, તારી પાસેથી એમની અમુક અપેક્ષાઓ તને બોજ લાગવા માંડે તો બધાંની જિંદગીમાં પ્રોબ્લેમ થશે..."

"હું આ જ બધું વિચાર્યા કરું છું."

"એ હું જાણું છું એટલે આજે પૂછ્યું."

"હું શું કરું સુજય? મને કંઈ સમજણ નથી પડતી. તને પ્રેમ કરું છું એટલે તારા વગર નહીં રહી શકું, ડેડી એકલા છે એટલે એમને છોડીને જીવી નહીં શકું..."

"તારી કંપનીની કદાચ" સુજયે ક્ષણેક અટકીને એક એક શબ્દ સાવચેતીપૂર્વક બોલતાં સોનાલી સામે જોયા કર્યું, "એમને જરૂર નથી હવે!"

"એટલે?" સોનાલીની આંખો ઝીણી થઈ.

"એટલે એમ કે એમને સમજે તેવી, સાચવે તેવી અને ... કદાચ..." એણે ખભા ઊંચક્યા, "આઈ ડોન્ટ નો... પણ પ્રેમ કરે તેવી વ્યક્તિની જરૂર છે."

"હું પ્રેમ નથી કરતી? હું નહીં સાચવું? હું એમને સમજતી નથી?" સોનાલીને જરા ગુસ્સો આવી ગયો.

"એ બધું જ તું કરે છે અને કરીશ, મને ખાતરી છે." સુજયે ગાલ થપથપાવીને હાથ લઈ લીધા, "તું વન્ડરફૂલ દીકરી છે, કોઈ પણ માણસને ઈર્ષા થાય એવી સરસ દીકરી... પણ તું દીકરી છે. એમના જીવનની સ્ત્રી નથી."

"એટલે?"

"તારા ડેડની ઉંમર શું છે? 44?" સુજયે હિંમત કરીને કહી નાખ્યું, "હું પુરુષ છું, મને પૂછ... માત્ર સાચવે, સંભાળે કે સમજે એટલી જ જરૂરિયાત નથી હોતી આ ઉંમરે... શરીર પણ કશુંક માગતું હોય છે." સોનાલી એની સામે નવાઈથી જોઈ રહી, "જુએ છે શું? આપણે બધા સેક્સ શબ્દથી ભડકી જઈએ છીએ, આંખો બંધ કરીને, કાન પર હાથ મૂકીને, હોઠ ભીંસીને જાણે કશું સાંભળ્યું-જોયું નથી અને બોલાય તો નહીં જ એવી દૃઢ માન્યતા સાથે જાતને 'સંસ્કારી' અને 'સભ્ય' કહીએ છીએ..." એનો ચહેરો તમતમી ગયો હતો કે પછી આથમી રહેલા સૂરજના કેસરી પ્રકાશમાં એ ચહેરો સોનાલીને રક્તવર્ણો લાગતો હતો, "સાચી સભ્યતા એ છે કે આપણી નિકટની વ્યક્તિની જરૂરિયાતોને સમજવી જોઈએ... તું ભણેલી-ગણેલી છે. વાંચે છે, વિચારે છે એટલે કહું છું..." સુજય એની સામે જોઈ રહ્યો, "તારી મમ્મી નથી રહી એટલે હવે સ્મિતને પ્રેમ કરી શકાય... પણ સ્મૃતિ શરીરની જરૂરિયાતોને નથી સંતોષી શકતી. સ્વજનના મૃત્યુ પછી બે દિવસે, ચાર દિવસે, અઠવાડિયે પણ... આખરે જેમ ભૂખ લાગે, ઊંઘ આવે એવી જ રીતે શરીર પણ પોતાની જરૂરિયાત નાગની જેમ ફેણ ધરીને માગતું હોય છે. એ તને કહેશે નહીં, કહી શકશે પણ નહીં..." હવે સુજય લગભગ અસ્ત થઈ ગયેલા સૂર્ય સામે જોઈ રહ્યો હતો. સ્વગત કહેતો હોય એમ કહી રહ્યો હતો, "પુરુષના શરીરની રચના સ્ત્રી કરતાં જુદી હોય છે, સ્ત્રી કદાચ ઇચ્છાને મારતાં શીખી શકે છે અથવા શીખવા લાગે છે ધીરે ધીરે... પણ પુરુષ... ઇચ્છાને જેમ મારે એમ એની ઇચ્છા બમણા જોરથી ફૂંફાડા મારીને એને ડંખતી હોય છે. સોનાલી, તારા ડેડ એ ઇચ્છાઓના ઝેરથી લીલા થઈ જાય એ પહેલાં દીકરીને બદલે એમની દોસ્ત થઈને વિચાર કરજે. પ્લીઝ..."

સોનાલી સુજય સામે જોઈ રહી, એનું મગજ ખરેખર ચકરાવે ચડી ગયું.

*

29

લંડન એરપોર્ટ પર બેઠેલી રીમા જિંદગીને એક વાર રિવાઇન્ડ કરીને જોઈ રહી હતી. સુરેશ સાથેનાં લગ્ન…

અને, એ પછીની જિંદગી!

માધવી અને રીમા જ્યારે પરણ્યાં નહોતાં ત્યારે એકબીજા સાથે પત્રોમાં વાત કરતાં… માધવીના પત્રો હંમેશા લાગણીમાં તરબોળ અને સંવેદનાની સુગંધથી મહેકતા રહેતા. રીમાના પત્રોમાં ઇંગ્લૅન્ડ વિશે પોતાની કૉલેજ અને આસપાસ બનતી ઘટનાઓની વિગતો વધારે રહેતી.

રીમા પ્રમાણમાં વધારે સમજદાર અથવા દુન્યવી હતી, જ્યારે માધવી સપનાંઓમાં રાચતી. જિંદગી વિશે એની અને રીમાની વ્યાખ્યાઓ સાવ જુદી હતી.

રીમાને અચાનક માધવીનો એક પત્ર યાદ આવી ગયો. એમાં એણે લખ્યું હતું, “મને તો સીધોસાદો સરળ માણસ ગમે. જેને એક જ ચહેરો હોય અને જે બોલે એટલું જ સમજવું પડે…”

“સીધાસાદા માણસ સાથે જિંદગી પણ સીધીસાદી થઈ જાય. મને તો રોજ રોજ રોમાંચથી ભરેલી, ચમકતી, ઝાકઝમાળ જિંદગી જોઈએ.” રીમાએ માધવીને જવાબ લખ્યો હતો, “રોજેરોજ એકધારી, એકસરખી જિંદગી મને તો બોર કરી નાખે.”

“રોજ નવો ચહેરો લઈને મળતા માણસ સાથે કેવી રીતે જીવાય?” માધવીએ પૂછેલો સવાલ રીમાને ખરેખર તો હવે સમજાયો હતો, “માણસ તમારી સાથે ક્યારે કઈ રીતે વર્તશે એની કલ્પના ના હોય તો એ માણસ સાથે તમારે કઈ રીતે વર્તવું એ કેમ નક્કી થાય?”

“નવીનતા તો જિંદગીની સ્પાઇસ છે. રોજ નવો થઈને મળે એ માણસ સાથે સંબંધ ટકે, બાકી એકધારા નીરસ લગ્નજીવનથી તો ઉબાઈ જવાય… મને તો ખૂબ વિવિધતા જોઈએ.. ખૂબ રોમાંચ.. રોજેરોજ નવેસરથી સમજવો પડે એવો માણસ.. જેનાં એક પછી એક પડ ઊઘડતાં જાય. તમે એને ઓળખવાનો પ્રયત્ન કરતા હો પણ ઓળખાય નહીં, પકડાય નહીં, સમજાય નહીં એવો માણસ…જિંદગી જીવવાની મજા તો એવા જ માણસ સાથે આવે.”

રીમાને આજે એ પત્રવ્યવહાર તકલીફ આપી રહ્યો હતો.

પોતે જે નવીનતા, જે રોમાંચ શોધવામાં જિંદગીની સરળતાને ઉવેખતી રહી એ જ સરળતાએ માધવીનું જીવન સાર્થક કરી નાખ્યું હતું!

દરેક વખતે બે લીટીની વચ્ચે નહીં લખાયેલા, નહીં બોલાયેલા શબ્દો શોધતી રીમા આજે ખરેખર જે નહોતું એનું સત્ય સમજી હતી!

ખાલીપાથી ભરેલી જિંદગી અને ઠાંસોઠાંસ ભરેલી બેગ લઈને એરપોર્ટ પર બેઠેલી રીમા મનોમન પોતાની એકલતા વિશે વિચારીને રડું રડું થઈ ગઈ.

“જિંદગીના ચાર દાયકા આંખો મીંચીને વીતાવી નાખ્યા?” એણે પોતાની જાતને જ પૂછ્યું, “હવે આંખો ઊઘડી જ છે ત્યારે આસપાસ વેરાન ખાલીપા સિવાય કંઈ નથી...”

એ માધવીના મૃત્યુ પછી પહેલી વાર મુંબઈ જઈ રહી હતી. એને માટે માધવી અને મુંબઈ એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલાં હતાં. આજે માધવી વગરના મુંબઈ વિશે વિચારતાં પણ એની અંદર કશુંક સૂક્કું-બરડ તૂટી જતું હતું...

“ઇંગ્લૅન્ડમાં રોકાવા માટે કોઈ કારણ નથી અને મુંબઈ જવાની કોઈ જરૂરિયાત નથી. મારી પાસે બે દેશમાં મકાનો છે છતાં જ્યાં પાછા જવાની ઇચ્છા થાય એવું કોઈ ઘર નથી.” એણે વિચાર્યું, પછી આસપાસ જોઈને આંખ લૂછી નાખી.

એની ફ્લઇટનું બોર્ડિંગ એનાઉન્સ થઈ ગયું હતું. એ ઊભી થઈ અને હેન્ડ લગેજ ઊંચકીને બોર્ડીંગ માટે એરોબ્રિજ તરફ આગળ વધી.

કોણ જાણે કેમ એના પગમાં દર વખત જેવું જોર નહોતું.

*

મહેન્દ્ર છેલ્લા અડધા કલાકથી એરપોર્ટ પર ઊભો હતો. લંડનની ફ્લાઇટ આવી ગઈ હતી. પણ હજુ રીમા દેખાતી નહોતી.

મહેન્દ્રને પોતાની જ જાત માટે થોડો સંકોચ થતો હતો. પોતે આ રીતે અહીંયાં આવી ગયો એથી રીમા શું વિચારશે એવો વિચાર પણ આવ્યો એને, પણ રીમાનો ફોન આવ્યા પછી એને માટે જાતને રોકવી અઘરી હતી. રીમા જ્યારે પણ ભારત આવતી ત્યારે દરેક વખતે એને લેવા માધવી આવતી જ હતી. આજે માધવી નથી તેથી પરિસ્થિતિ બદલાય એ મહેન્દ્રને કોઈ રીતે મંજૂર નહોતું.

એણે આખી સાંજ રીમાને લેવા જવું કે નહીં એ વિશે જાત સાથે દલીલો કરવામાં કાઢી હતી. આખરે જીન્સ અને મરુન કલરનું ક્રોકોડાઈલનું ઓપન કલરનું ટીશર્ટ પહેરીને એ ઇન્ટરનેશનલ એરપોર્ટના ‘અરાઈવલ’ની બહાર ઊભો હતો.

રીમા ટ્રોલી ઉપર પોતાની બે બેગ મૂકીને ટ્રોલીને ધકેલતી બહાર આવી ત્યારે મહેન્દ્રને જોઈને એણે સ્મિત કર્યું. એના ચહેરા પર સહેજ પણ નવાઈ નહોતી.

એ ટ્રોલી ઘસેડીને મહેન્દ્ર સુધી આવી. મહેન્દ્રએ બહુ સ્વાભાવિક રીતે એના હાથમાંથી ટ્રોલી લઈ લીધી, પોતે એ ટ્રોલી ધકેલતો આગળ વધવા માંડ્યો.

સારાં એવાં ડગલાં બંને જણાં ચૂપચાપ સાથે સાથે ચાલતાં રહ્યાં. પછી મહેન્દ્રથી રહેવાયું નહીં એટલે એણે પૂછી નાખ્યું.

“તને નવાઈ ના લાગી?”

"સાચું કહું કે તને સારું લગાડું?" રીમાના ચહેરા પર સ્મિત આવી ગયું, "મને ખાતરી હતી કે તું આવીશ."

"કેમ?"

"એની મને નથી ખબર... પણ મેં તને ફોન કર્યો ત્યારથી મને ખાતરી હતી કે તું એરપોર્ટ આવીશ."

મહેન્દ્રને યાદ આવી ગયું. માધવી પણ આવું કહેતી. મહેન્દ્રના કોઈ વર્તન વિશે એ પહેલેથી જ કહી દેતી ત્યારે મહેન્દ્રને ખૂબ નવાઈ લાગતી. મહેન્દ્ર એને આશ્ચર્યથી જોયા કરતો અને પછી પૂછતો, "તને કેવી રીતે ખબર પડી?"

"એ નથી ખબર..." માધવી હસતી, "તમે છો જ એવા... તમારે વિશે કશું સંતાયેલું કે છૂપું રહી શકે જ નહીં."

"એટલે તું એમ કહેવા માગે છે કે હું કંઈ પણ ગુનો કરું તો હું પકડાઈ જ જાઉં?" મહેન્દ્ર પૂછતો, માધવી નજીક આવીને એને પોતાના બાહુપાશમાં લઈ લેતી.

"હા, તમે સાચે જ બહુ પારદર્શક અને ભલા છો... અને કદાચ એટલે હું તમને બહુ ચાહું છું."

"એટલે હું આવો પકડાઈ જતો પતિ ના હોત તો તું મને પ્રેમ ના કરત" મહેન્દ્ર માધવીને ચીડવતો.

"કદાચ, ન પણ કરત.." માધવીએ એક વાર કહ્યું હતું, "હું બધું જ સહી શકું, પણ છળ નહીં. મારે માટે તમારી સરળતા, તમારી સાદગી જ પ્રેમ કરવા લાયક ગુણો છે."

મહેન્દ્રએ રીમા સામે જોયું, "એટલે હું એટલો બધો પ્રેડિકટેબલ છું?"

"કેમ? પ્રેડિકટેબલ હોવાની બીક લાગે છે? કોઈ તને ઓળખી જશે અથવા સમજી જશે એ વાતથી ડરે છે તું?" રીમાએ સીધો જ સવાલ પૂછ્યો.

"ના, ડરતો નથી" મહેન્દ્રએ જવાબ આપ્યો, "માત્ર વિચાર આવે છે... કોઈ તમને ઓળખી જાય, સમજી જાય એનાથી તમે સામેના માણસ માટે સરળ નથી બની જતા?"

"તો? તારે અઘરા બનવું છે?" રીમાની આંખોમાં અજબ જેવો ભાવ હતો. એ મહેન્દ્રનો શબ્દેશબ્દ સમજવાનો પ્રયાસ કરતી હતી.

"ના... મને લાગે છે મારી સરળતા અને સાદગી મને બીજાઓથી જુદો પાડે છે."

"હા..." રીમા આગળ કંઈ કહેવા જતી હતી પણ નીચું જોઈ ગઈ. ચૂપચાપ મહેન્દ્રની સાથે કારપાર્ક તરફ ડગલાં ભરવા લાગી.

બંને જણાં ગાડીમાં બેઠાં.

"મને મારા ફ્લૅટ પર જ ઉતારી દે."

"પણ, તારું ઘર તો કોઈએ સાફ નહીં કર્યું હોય!" મહેન્દ્ર ડ્રાઇવ કરતો પોતાની જમણી બાજુ બારીની બહાર જોવા લાગ્યો,"માધવી નથી હવે..."

"જાણું છું" રીમા પણ પોતાની ડાબી બાજુની બારીની બહાર જોવા લાગી.

બંને જણાં જે વાત ટાળવા માગતાં હતાં આખરે એ વાત આવીને ઊભી રહી ગઈ હતી. રીમાએ લંડનથી નીકળતી વખતે જ નક્કી કર્યું હતું કે, એ મહેન્દ્ર સાથે ત્યાં સુધી માધવી વિશે વાત નહીં કરે જ્યાં સુધી મહેન્દ્ર સામેથી વાત નહીં કરે.

સામે મહેન્દ્રએ પણ નક્કી કર્યું હતું કે એ રીમા સાથે માધવીની વાતો કરીને એને વધારે ઉદાસ નહીં કરે.

અને છતાં, બંનેની વચ્ચે માધવીની વાત આવી જ ગઈ હતી!

એ બંનેને જોડતી કડી માધવી જ હતી. એ કડીને બહાર રાખીને બંને જણા બહુ લાંબો સમય સુધી વાતચીત કરી શકે એમ નહોતાં જ...

ખાસ્સીવાર સુધી બંને એકબીજાની વિરુદ્ધ દિશામાં બારીની બહાર સડસડાટ પસાર થતો રસ્તો જોતાં રહ્યાં. મહેન્દ્ર ચૂપચાપ ગાડી ચલાવતો રહ્યો જ્યારે રીમા ચૂપચાપ પોતાની જાત સાથે સંવાદ સાધવાનો પ્રયાસ કરતી રહી!

આખરે મૌનથી અકળાઈને મહેન્દ્રએ રીમા સામે જોયું.

"માધવીએ આવું નહોતું કરવું જોઈતું."

"એવો વિચાર મને પણ આવ્યો હતો પછી શાંતિથી વિચારતાં સમજાયું કે માધવીની જગ્યાએ હું હોત તો પણ કદાચ આમ જ કરત."

મહેન્દ્રએ નવાઈથી રીમા સામે જોયું, "આ તો મૂર્ખામી છે. આવતા મોતની સામે દોડીને જાતને હોમી દેવાની મૂર્ખામી..." મહેન્દ્રનો અવાજ ભીનો થઈ ગયો.

"નહીં સમજાય તને મહેન્દ્ર..." રીમાએ સ્વસ્થતાથી કહ્યું, "તું સ્ત્રી નથીને?"

"શું ફરક પડે છે સ્ત્રીમાં ને પુરુષમાં? મૃત્યુ બંનેને સરખું જ આવે છે..."

"ના, મહેન્દ્ર... સ્ત્રીને માટે એના સ્ત્રીત્વનું મૃત્યુ એ શારીરિક મૃત્યુથી પણ ભયાનક હોય છે."

"મને આ બધું નથી સમજાતું. હું તો એક જ વાત સમજુ છું. ગીતામાં લખ્યું છે કીડીથી શરૂ કરીને હાથી સુધી... સૌમાં એકસરખો જીવ છે, સૌને એકસરખી પીડા થાય છે અને મૃત્યુ સૌને એકસરખું આવે છે..."

"હા, પણ સ્ત્રી અને પુરુષ પ્રકૃતિએ ભિન્ન છે. પુરુષનું પુરુષત્વ એની સાથે મૃત્યુપર્યંત રહે છે. જ્યારે સ્ત્રીનું સ્ત્રીત્વ એની જિંદગીનાં તમામ વરસો એની સાથે ચાલતું નથી." રીમા મહેન્દ્ર સામે જોઈ બોલી રહી હતી, મહેન્દ્ર એની વાત સમજવાનો પ્રયાસ કરી રહ્યો હતો, "અમને એવું શીખવવામાં આવે છે મહેન્દ્ર, સદીઓથી... કે અમારું શરીર

જ અમારું સ્ત્રીત્વ છે. અમારી સુંદરતા જ્યાં સુધી ભોગ્ય છે ત્યાં સુધી જ અમે જીવીએ છીએ."

"એવું કંઈ નથી."

"એમ જ છે, નહીં તો મેનોપોઝમાં આવતી સ્ત્રીઓ આટલી બધી શા માટે પીડાય છે? સંતાનને જન્મ આપી શકવાની એની ક્ષમતા, પુરુષને સંતોષ આપી શકવાની એની આવડત જ એને સ્ત્રી બનાવે છે એવું એને જન્મથી શીખવવામાં આવ્યું છે. જ્યારે અમને એ સમજાય કે અમારી સુંદરતા, અમારું સ્ત્રીત્વ નહીં રહે ત્યારે અમારે માટે..." રીમાએ હોઠ પર જીભ ફેરવી, કદાચ એનું ગળું સુકાતું હતું. મહેન્દ્રએ સાઈડમાં મૂકેલી પાણીની બોટલ ઊંચકીને રીમાના હાથમાં આપી. રીમાએ ડોકું ધુણાવીને પોતાની વાત ચાલુ રાખી, "અમારે માટે, એટલે સ્ત્રીઓ માટે.. સ્ત્રીત્વ એ જ સર્વસ્વ છે. શરીરનું અસ્તિત્વ ત્યાં સુધી જ છે જ્યાં સુધી સૌંદર્ય..." એણે સ્મિત કર્યું, "સો કોલ્ડ સૌંદર્ય અને સ્ત્રીત્વ છે."

"માય ગૉડ.... તું કેટલું વિચારી શકે છે!"

"માધવીએ પણ આ જ બધું વિચાર્યું હશે" રીમાની આંખો ભરાઈ આવી, "હું સ્પષ્ટ કહી શકું છું કારણ કે મારી પાસે શબ્દો છે. મારી વાત કહી શકવાની સ્પષ્ટતા છે..." એની આંખમાંથી બે આંસુ ટપકી પડ્યાં, "આ જ શબ્દો અને સ્પષ્ટતા મારું હથિયાર પણ છે અને મારી નબળાઈ પણ..." જાતને ખૂબ રોકવા છતાં રીમા રડી પડી.

માધવીની ગેરહાજરી અને કહેવાયેલી આ વાત બંને ભેગાં થઈને એની આરપાર એક તીરની જેમ ઊતરી ગયાં હતાં.

મહેન્દ્રને આ બધું કહેતી વખતે એને સમજાયું હતું કે સુરેશે એની સાથેનો સંબંધ નકારીને એનું સ્ત્રીત્વ નકાર્યું હતું. એનું પત્નીત્વ નકાર્યું હતું એને કારણે રીમાને જે તકલીફ પહોંચી હતી એ આજે જાણેઅજાણે શબ્દોમાં વ્યક્ત થઈ ગઈ હતી.

"રડ નહીં" મહેન્દ્રએ રીમાને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો. એણે ફરીથી પાણીની બોટલ ધરી. રીમાએ પાણીની બોટલ એના હાથમાંથી લઈ લીધી અને એક ઘૂંટડો પાણી પીધું. પર્સમાંથી વેટટિસ્યુ કાઢીને મોં લૂછ્યું, ગાડીમાં ફ્લોરલ કોલોનની સુગંધ ફેલાઈ ગઈ...

"હું માત્ર માધવીના મૃત્યુ પર નથી રડતી મહેન્દ્ર... મારા પોતાના મૃત્યુ પર પણ રડું છું." મહેન્દ્રે ચોંકીને એની સામે જોયું, "હા, મહેન્દ્ર, મારામાં માધવી જેટલી હિંમત નથી અને જિંદગીનો મોહ પણ ખૂબ છે. બાકી મારું સ્ત્રીત્વ પણ સમાપ્ત થઈ ચૂક્યું છે. મારી પાસે પણ જીવવા માટે ખરેખર કોઈ કારણ નથી રહ્યું." એ બારીની બહાર જોઈને ફરીથી રડવા લાગી, "તારી પત્ની હિંમતવાળી હતી... મારી માધવી... જેણે જિંદગી પોતાની ટર્મ્સ પર જીવવાનું નક્કી કર્યું...જ્યારે એની શરતો પૂરી ન થઈ ત્યારે એક ક્ષણ પણ અચકાયા વિના શાંતિથી ચાલી નીકળી...મારા જેવી સ્ત્રીઓ

વાતો બહુ મોટી મોટી કરતી હોય છે મહેન્દ્ર... પણ જ્યારે ખરેખર નિર્ણય કરવાની ક્ષણ આવે ત્યારે અમે સૌથી નબળાં પુરવાર થઈએ છીએ."

"શું ગમે તેમ વિચારતી હોઈશ? આપઘાત માત્ર કાયરો કરે છે... માધવીએ મૃત્યુ સામે લડવાને બદલે મૃત્યુ સામે હાર સ્વીકારી લીધી." મહેન્દ્રની આંખમાંથી પણ પાણી ટપકી ગયાં, "મને અફસોસ એ વાતનો..."

"ગૌરવ થવું જોઈએ" રીમાએ કહ્યું, મહેન્દ્રથી રીમા સામે જોવાઈ ગયું. બંને જણ એકબીજાની આંખોમાં જોઈ રહ્યાં હતાં. રીમાની આંખોમાં અજબ જેવી વેધકતા હતી. એની આંખોમાંથી નીકળતું તેજ જાણે મહેન્દ્રની ભીતર કશાકનો ઉજાસ પાથરી રહ્યું હતું, "સામે ચાલીને મૃત્યુ સ્વીકારવું એ કાયરતાનું નહીં, બહુ હિંમતનું કામ છે. બાકી જીવવા માટે લોકો કેટલાં ફાંફાં મારતા હોય છે..." રીમાએ આંખો મીંચી લીધી, "મને જ જોને! જીવવાનું કોઈ કારણ નથી છતાંય જીવી રહી છું... ફક્ત એક જ કારણસર.... મરવાની તાકાત નથી..."

મહેન્દ્રની અંદર કશુંક હચમચી ગયું. એણે સાવ અનાયાસે જ ગીયર છોડીને હાથ લંબાવ્યો અને રીમાના હાથ ઉપર હાથ મૂકી દીધો.

*

રીમાએ ચોંકીને એની સામે જોયું. મહેન્દ્રની આંખો સ્વચ્છ હતી…

"મહેન… હું ખરેખર કહું છું જો માધવી જેટલી હિંમત હોત તો ક્યારનીયે આ દુનિયા છોડી દીધી હોત. જેમ જિંદગીને માણીએ છીએ એવી રીતે મૃત્યુને માણતાં આવડવું જોઈએ…."

"શું કામ? શું કામ આવું બધું વિચાર્યા કરે છે? મન શાંત રાખીને, પરિસ્થિતિ જેમ છે એમ સ્વીકારીને જીવતી કેમ નથી?"

રીમાએ મહેન્દ્રના હાથ નીચેથી પોતાનો હાથ સરકાવીને બંને હથેળીથી ચહેરો ઢાંકી દીધો. એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. કોણ જાણે કેટલા દિવસથી એના મનમાં આવા કેટલાય ડૂમાનાં નાનાં નાનાં ચોસલાં જામતાં ગયા હશે…

આજે અચાનક જ અસહાયતાનાં, અકળામણનાં એ ચોસલાં આંખોમાંથી પીગળીને વહેવા લાગ્યાં હતાં. રીમાને રસ્તા ઉપર દોડવાની ઇચ્છા થઈ ગઈ… આવતા-જતા ટ્રાફિકને જોઈને એને ચીસો પાડવી હતી, જોરજોરથી રડવું હતું, આવતા-જતા દરેક માણસને પકડી પકડીને એને કહેવું હતું કે એની સાથે શું થયું છે….

મહેન્દ્ર સ્ટીયરિંગ પર બંને હાથ કચકચાવીને રીમાની કોઈ મદદ નહીં કરી શકવા બદલ મનોમન અફસોસ કરતો રહ્યો.

રીમા બંને હાથ ચહેરા પર ઢાંકીને રડતી રહી.

"રીમા…" રીમાએ કોઈ જવાબ ન આપ્યો એ રડતી રહી, "પ્લીઝ રીમા, રડવાથી તો કંઈ નહીં થાય. હું તારી સ્થિતિ સમજી શકું છું…"

"તને નહીં સમજાય મહેન્દ્ર…" રીમાએ કહ્યું, "પરિસ્થિતિને સ્વીકારીને એની સાથે સમાધાન કરવાની મારી પ્રકૃતિ જ નથી. માણસ હોય કે પરિસ્થિતિ હું બંનેને મને જોઈતા બીબાંમાં ઢાળવાનો પ્રયત્ન કરું છું. એવું થઈ શકશે નહીં એની ખબર હોય છે મને… અને છતાં મરણિયા પ્રયાસો કરું છું." રીમાની આંખો સડસડાટ વહી રહી હતી, બંને હાથે આંસુ લૂછતી એ ધીમે ધીમે બોલી રહી હતી, "એ બધા પ્રયાસો પછી પણ જ્યારે પરિસ્થિતિ મારા કાબૂમાં નથી આવતી ત્યારે જાત પરનો કાબૂ ખોઈ બેસું છું, ધમપછાડા કરું છું…

"છતાં, કશું બદલી તો શકતી જ નથી.

"એટલે વધારે અકળાઉં છું… વધારે ઝનૂની થઈ જાઉં છું…

"તેથી, વધારે નિરાશા સાંપડે છે."

"હું શું કરું મહેન્દ્ર? હવે રાતોરાત તો કશું બદલી નહીં શકાય."

"હા, પરિસ્થિતિ તો નહીં જ બદલાય. બની શકે તો જાત બદલવાનો પ્રયત્ન કર.."

રીમા નીતરતી આંખે મહેન્દ્ર સામે જોઈ રહી. આંસુના પડદાને કારણે એને મહેન્દ્રનો ચહેરો ધૂંધળો લાગતો હતો.

"હવે કશુંય નહીં બદલાય મહેન્દ્ર... ન જાત, ન પરિસ્થિતિ અને ન ભવિષ્ય..."

"આ તો હારી જવાની વાત છે રીમા..."

"તો તને શું લાગે છે કે હજી મારી પાસે જીતવાના સંજોગો છે? શું છે મારી પાસે? જેને હથિયાર બનાવીને લડી શકું?"

"પણ દરેક વાતમાં લડવું શું કામ પડે? કેટલીક વાતોને એમ જ બસ, વહી ના જવા દેવાય?"

"મહેન્દ્ર, તું મને માધવી બનાવવા માગે છે?" રીમાથી થોડો તોછડો, થોડો વીંધતો સવાલ પુછાઈ ગયો.

"તું બની શકીશ?" મહેન્દ્રના ચહેરા પર આટલી ગ્લાનિ વચ્ચે પણ સ્મિત આવી ગયું.

"ના" રીમાએ મહેન્દ્રની આંખોમાં જોયું, "માધવી બની શકી હોત તો કદાચ..." એણે નિઃશ્વાસ નાખ્યો, "આ સ્થિતિમાં જ ન હોત મહેન્દ્ર..."

"રીમા, માધવીના ગયા પછી જેમ વધારે વિચારું છું એમ મને લાગે છે કે માધવી ખરેખર સુખી હતી. વસ્તુઓને અને વ્યક્તિઓને છૂટાં પાડી શકતી હતી. મને લાગે છે આપણો સૌથી મોટો પ્રોબ્લેમ ત્યાંથી જ શરૂ થાય છે."

"મને ફિલોસોફી નથી ગમતી."

"કે પછી ગળે નથી ઊતરતી."

"મારી જિંદગી મારી પોતાની છે મહેન્દ્ર..."

"આપણી સૌથી મોટી ભૂલ જ ત્યાં થાય છે. આપણે એમ માનીએ છીએ કે આપણી જિંદગી આપણી પોતાની છે, પણ એક સાદી વાત નથી સમજી શકતા."

"જો, મને કંઈ જ સમજાવવાનો પ્રયત્ન ના કર." રીમા હજી રડી રહી હતી.

"તને શું ખબર મારી સાથે શું થયું છે તે? મારી તકલીફ તને નહીં સમજાય."

મહેન્દ્રના ચહેરા પર ફરી સ્મિત આવી ગયું. એક માણસની તકલીફ ક્યારેય બીજા માણસને નથી સમજાતી, કારણ કે દરેકની તકલીફ પોતાની આગવી તકલીફ છે, અંગત તકલીફ છે, એને સહન કરવાનો દરેક માણસનો પોતાનો રસ્તો છે અને સાચું પૂછો તો આપણી મોટા ભાગની તકલીફો આપણે જાતે ઊભી કરતા હોઈએ છીએ." એ સહેજ હસ્યો, "માધવી આવું કહેતી ત્યારે હું પણ ચીડાઈ જતો..." એણે હાથ લંબાવીને ફરી એક વાર રીમાનો હાથ પકડવાનો પ્રયત્ન કર્યો, પણ રીમાએ ગુસ્સામાં હાથ ઝટકાવી નાખ્યો, "રીમા, ખરેખર વિચારી જો કે તારી એકલતા માટે...તારા તૂટેલા, તૂટતા સંબંધ માટે...જેને તું પીડા માને એવી આ પીડા માટે... ખરેખર કોણ જવાબદાર છે?"

"મહેન્દ્ર, તું ખરેખર એમ માને છે કે હું ખોટી છું? મેં ભૂલો કરી છે?"

"માધવી..." મહેન્દ્રથી અચાનક બોલાઈ ગયું, રીમાએ મહેન્દ્રની આંખોમાં જોયું અને મહેન્દ્રને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો, "સૉરી" એણે પોતાના ચહેરા પર હથેળી ઘસવા માંડી.

"બસ, મારે આ જ કહેવું છે. જે આ જગતમાં નથી એનું નામ તારા હોઠ પર આવી જાય છે અને હું જીવું છું તો પણ સુરેશને મારું નામ લેતાં..." રીમાને ફરી એક ડૂસકું આવી ગયું.

"સંબંધોનાં પોસ્ટમોર્ટમ ક્યાં સુધી કર્યા કરીશ?" મહેન્દ્રને ખરેખર આ સવાલ નહોતો પૂછવો પણ એને લાગ્યું કે રીમાને સમજાવવાનો હવે બીજો કોઈ રસ્તો નહોતો. કોઈ સીધો તીણો સવાલ જ એને આ મનોદશામાંથી બહાર કાઢી શકશે એવું એને લાગ્યું એટલે એણે પૂછી જ નાખ્યું, "તને ખબર છે કે તું જેને ખભે લઈને ફરી રહી છે એ લાશ છે... એના મૃત્યુનાં કારણો પણ તું સમજી ચૂકી છે." મહેન્દ્ર થોડીક ક્ષણો ચૂપ રહ્યો, "એ કારણો તું સ્વીકારતી નથી એ તારો પ્રોબ્લેમ છે..."

રીમા નવાઈથી મહેન્દ્ર સામે જોતી રહી.

"ધીમે ધીમે આ લાશનું વજન વધતું જશે સાથે તારી તકલીફ પણ... કોઈ પણ સંબંધ, વસ્તુ કે વિચારને આખરે તો છોડવા જ પડે છે. તરફડિયાં મારીને પણ...અને તરફડિયાં માર્યા વગર પણ..."

"આજકાલ રજનીશ બહુ વાંચતો લાગે છે" રીમાના ચહેરા પર કડવું સ્મિત આવી ગયું, "ભાષા બદલાઈ ગઈ છે તારી..."

"ના, વિચારો બદલાયા છે." મહેન્દ્રએ જરાયે વિચલિત થયા વિના કહ્યું, "માધવી હતી ત્યાં સુધી મને પણ જિંદગી વિશે થોડા જુદા ખ્યાલો હતા. લાગતું હતું કે કશુંયે ક્યારેય નહીં બદલાય. બધું આમ જ, આ જ રીતે ચાલ્યા જ કરશે પણ એવું થતું નથી રીમા... જિંદગી અને મૌસમ એક જેવાં છે. આપણને ગમે કે નહીં એનો સમય થાય એટલે બદલાઈ જાય."

"હવે જો તારું ભાષણ પૂરું થયું હોય તો મને ઘરે ઉતારી જા."

"ઘરે જઈએ છીએ પણ તારા નહીં...મારા..."

"પણ, ત્યાં તું એકલો રહે છે..." રીમાની આંખો પહોળી થઈ ગઈ.

આટલી ગરમ ગરમ ચર્ચામાં પણ મહેન્દ્રને હસવું આવી ગયું, "તો?"

"આઈ મીન..."

"તને મારો ડર લાગે છે?"

"કમ ઓન મહેન્દ્ર... સ્ટુપીડ જેવી વાત નહીં કર."

"તો?"

"તો એમ કે તને તકલીફ પડશે, નહીં ફાવે, આઈ મીન.. તારું રૂટીન..."

"રીમા, સીધી વાત કર. તને શું લાગે છે...." મહેન્દ્ર એની આંખોમાં જોઈ રહ્યો, "હું પણ એકલો છું, મને પણ કંપની જોઈએ છે, બે બેડરૂમનો ફ્લૅટ અચાનક પાંચ બેડરૂમનો થઈ ગયો છે, એક સ્કે.ફીટ પાંચના ગુણાકારમાં વધી ગયા છે... શાંતિ સન્નાટો બની ગઈ છે..."

"પણ, આસપાસ લોકો રહે છે મહેન્દ્ર..."

"એનાથી ખરેખર શું ફરક પડે છે રીમા?" મહેન્દ્ર થોડી વાર ચૂપ રહ્યો, "તારી અને મારી એકલતા બે જુદા જુદા એપાર્ટમેન્ટમાં આપણને અલગ અલગ કોરી ખાય એને બદલે થોડા દિવસ સાથે રહીને માધવીને યાદ ન કરી શકાય?"

રીમા થોડી વાર ચૂપચાપ મહેન્દ્ર સામે જોતી રહી. એ જાણતી હતી કે મહેન્દ્રની વાત સાચી હતી. એને એ પણ ખબર હતી કે અત્યારે ખરેખર એ કોઈ પણ સંજોગોમાં પોતાના ઘરે નહોતી જવા માગતી. એ એપાર્ટમેન્ટ ખોલતાં જ આખું ઘર એના અસબાબ સહિત રીમા પર તૂટી પડવાનું હતું, એને ચૂરચૂર કરી નાખવાનું હતું. એની રીમાને ખાતરી હતી અને છતાં કોણ જાણે કેમ એ મહેન્દ્ર સાથે અર્થહીન દલીલો કરી રહી હતી.

એને અહીંથી જતા પહેલાં જે કંઈ બન્યું હતું એ બધું ફરી એક વાર યાદ આવી ગયું. એના શરીરમાં હાડકાં થિજાવી નાખે એવું એક લખલખું પસાર થઈ ગયું.

ગાડી દરિયા તરફ ઊભી રાખીને મહેન્દ્ર થોડીવાર દરિયો જોતો રહ્યો. રીમાથી આ મૌન ન સહેવાયું. એ ગાડી ખોલીને બહાર નીકળી ગઈ. ટ્રાફિક સડસડાટ પસાર થઈ રહ્યો હતો. પસાર થતી ગાડીઓની હેડલાઇટ રીમા પર પડતી અને જાણે છાલક મારતી હોય એમ થોડીક ક્ષણો માટે એને પીળા પ્રકાશમાં ભીંજવીને નીકળી જતી...

રીમાને પોતાના ઘરમાં ગાળેલી એ છેલ્લી સાંજ ફરી ધ્રુજાવી ગઈ, "મારે ખરેખર એ ખાલી ઘરમાં જવું છે?" એણે પોતાના મનને પૂછ્યું. મહેન્દ્ર ગાડીમાં જ બેઠો હતો. એ મહેન્દ્ર તરફ જોઈ રહી.

એને લંડનના ઘરમાં પોતે કલ્પેલું એ દશ્ય યાદ આવી ગયું...

"હું એ ઘરમાં જઈને કશું એવું કરી બેસું જેનાથી મારા અને મહેન્દ્રના સંબંધને ઉઝરડો પડે અથવા માધવીના આત્માને..." રીમાએ પોતાના હાથ પોતાની શરીરની આસપાસ ચસોચસ લપેટી લીધા. જાતને કશું કરતાં રોકતી હોય એમ એણે મનને બાંધવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

"હું 40 વર્ષની છું" એણે જાતને જ કહ્યું...

"તો?" એનું જ મન એને પૂછી રહ્યું હતું, "તો પણ ડરે છે? શેનાથી? મહેન્દ્રથી? તારી એકલતાથી? માધવી સાથેના તારા સંબંધથી? કે તારે જે જોઈતું હતું તે તરફ કદાચ તારો હાથ લંબાઈ જાય એવા ભયથી..."

"હું કશાયથી નથી ડરતી.."

"તો તારે ઘરે કેમ નથી જતી?" એનું મન જાણે એને મુક્કા મારતું પૂછતું હતું, " તને ખબર છે કે એ દીવાલોનું એકાંત, ત્યાંનો સન્નાટો, ત્યાંનું અંધારું...બધું જ તને તોડવા માંડશે."

વાત તો સાચી જ હતી, રીમા ફરી એક વાર એ સાંજ યાદ કરી રહી.

એને ચારે તરફથી દીવાલો જાણે પોતાની તરફ ખસતી હોય એવું લાગ્યું હતું. આંખે અંધારું આવવા માંડ્યું હતું. ચીસાચીસ કરીને એણે ચારે તરફ દોડવા માંડ્યું હતું.

માથું ભીંતમાં પછાડવા માંડ્યું હતું.

રીમાને લાગ્યું હતું કે એનું માથું ફાટી જશે, એની નસોમાં વહેતું લોહી ધમધમવા લાગ્યું હતું...

જમીન પર અને ભીંતમાં માથા પછાડતી, વાળ ખેંચતી, ચીસો પાડતી રીમા ચારેતરફ આળોટતી હતી, જોર જોરથી રડતી હતી...

અને, અસંબદ્ધ બોલી રહી હતી...

...રડતાં રડતાં માથાં પછાડતાં એ ક્યારે બેભાન થઈ ગઈ એની એને પોતાને જ ખબર નહોતી...

એ ભયાવહ અનુભવમાંથી એને ફરીથી પસાર નહોતું જ થવું. સુરેશનો ફોન અને એ પછી એની સાથે ક્રમવાર થયેલી દરેક ઘટનાએ એને ધીમે ધીમે તોડી હતી. એની અંદર કશુંક એવું લીરેલીરા થઈ ગયું હતું જેને ફરી સાંધી શકાય એમ ન હતું. રીમા અત્યારે પોતાની જાતને એકદમ અસહાય, એકદમ એકલી અનુભવી રહી હતી. આજ સુધી આવી દરેક પરિસ્થિતિમાં એણે અકળાઈને, ચીડાઈને, એકલા પડીને, હારીને, થાકીને કે કંટાળીને હંમેશા માધવીને ફોન કર્યો હતો અથવા માધવી પાસે દોડી આવી હતી. એણે કલ્પના જ નહોતી કરી કે માધવી સિવાય પણ એણે પોતાના પ્રશ્નો સુલઝાવવાનો કોઈ દિવસ વારો આવશે.

આજે મુંબઈ હતું... પોતે હતી... પ્રશ્નો પણ હતા.. બસ, એક માધવી નહોતી..

માધવીની એ ગેરહાજરીએ રીમા અને મહેન્દ્રના સંબંધો પણ બદલી નાખ્યા હતા.

જાણે ખુરશીનો કે ટેબલનો એક પાયો ખસેડી લો એનાથી એનું સમતુલન ખોરવાઈ જાય એવી રીતે રીમા અને મહેન્દ્રના સંબંધનો એક અગત્યનો પાયો માધવીની ગેરહાજરીએ રીમા અને મહેન્દ્રના સંબંધનું સમતુલન પણ ખોરવી નાખ્યું હતું...

તદ્દન સરળ, સાદો, કોઈ ગૂંચવાડા વગરનો એક સંબંધ જાણે પચાસ મહોરાં પહેરીને એમની આસપાસ ભૂતાવળ બનીને નાચી રહ્યો હતો...

રીમા અદબ વાળીને ગાડીની બહાર ઊભી હતી.

મહેન્દ્ર ગાડીમાં બેઠો હતો, એ રીમાને પૂરેપૂરો સમય આપવા માગતો હતો, એ નક્કી કરવાનો કે એણે એની સાથે આવવું છે કે નહીં.

“હું મારી ફરજ પૂરી કરું છું.” એ જાણે જાતને નહીં પણ માધવીને કહી રહ્યો હતો, “હું એને એકલી નહીં છોડવાનો પ્રયત્ન કરીશ. પછી એ ન જ આવવા માગે તો હું દુરાગ્રહ નહીં કરું. આમેય દરેકે પોતાની એકલતાનો બોજ જાતે જ ઉઠાવવાનો હોય છે. હું રીમાને કે રીમા મને ક્યાં સુધી સંભાળી શકીશું?”

એ બેધ્યાનપણે વિચારતો હતો કે ગાડીનો દરવાજો ખૂલ્યો, મહેન્દ્ર ચોંકી ગયો. રીમા ગાડીમાં ગોઠવાઈ અને દરવાજો બંધ કરતાં એણે કહ્યું, “ચાલો... તારા ઘરે જ જઈએ છીએ.”

મહેન્દ્ર એની સામે એક ક્ષણ જોઈ રહ્યો.

“શું જુએ છે?” રીમાએ પૂછ્યું.

મહેન્દ્રએ જવાબ આપ્યા વિના ગાડી ગીયરમાં નાખી...

*

31

ઘરમાં દાખલ થતાંની સાથે જાણે આખું ઘર રીમાને વીંટળાઈ વળ્યું. દરેક વખતે એ આ ઘરમાં આવતી ત્યારે માધવી એને જે વહાલથી અને જે ઉષ્માથી આવકારતી એ જ વહાલ અને એ જ ઉષ્મા જાણે આ ઘરની દીવાલોમાંથી એના તરફ વહી આવતાં હતાં. સામે પથ્થરની બેઠક, એની આસપાસ મૂકેલાં કુંડાં... બધાં જાણે હવામાં ઝૂકી ઝૂકીને રીમાને આવકારી રહ્યાં હતાં.

રીમા ઘરમાં દાખલ થઈ, પાછળ બેગ લઈને મહેન્દ્ર આવ્યો. મહેન્દ્રએ શાંતિથી બેગ ખૂણામાં મૂકી, "ગેસ્ટરૂમમાં મૂકી દઉં?"

"એ રૂમ લગભગ મારો જ થઈ ગયો છે નહીં?" રીમાના ચહેરા પર એક ફિક્કું સ્મિત આવ્યું, "હું જેટલી સલામતી અને શાંતિ મારા પોતાના ઘરમાં નથી અનુભવી શકતી એટલી સલામતી અને શાંતિ મને આ ઘરમાં મળ્યા છે." મહેન્દ્રની આંખો તદ્દન સ્વચ્છ અને ભાવવિહીન હતી, "માધવીએ મને એ આપ્યું છે જે મને દુનિયાની કોઈ વ્યક્તિએ નથી આપ્યું."

"એવું તો હું પણ કહી શકું." બેગ લઈને ગેસ્ટરૂમ તરફ જતા મહેન્દ્રએ કહ્યું.

"મહેન્દ્ર...અહીંયાં નહીં આવવા પાછળ બીજું કારણ નથી."

"મેં પૂછ્યું?" મહેન્દ્ર ગેસ્ટરૂમ તરફ ચાલી ગયો. રીમા હજી સોફામાં જ બેઠી હતી.

એ ઇચ્છતી હતી કે મહેન્દ્ર એની સામે બેસે, મોડે સુધી એની સાથે વાતો કરે.. આ ઘરમાં એ લંડનથી આવે ત્યારે દરેક વખતે માધવી સાથે વાતો કરતાં રાત ક્યાં પૂરી થઈ જતી એની બંનેને ખબર નહોતી રહેતી.

આમ પણ પ્લેનમાં ઊંઘની ગોળી લઈને ઊંઘતી રહી હતી. એને વિચારવું નહોતું. કદાચ એટલે જ એણે પ્લેનમાં ઊંઘવાનું પસંદ કર્યું હતું. આઠ કલાકની લગભગ પાકી ઊંઘ લઈને ભારત ઊતરેલી રીમા અત્યારે તરત ઊંઘી શકે એવી સ્થિતિમાં નહોતી. વળી આ ઘરમાં માધવી વગર એને એક અજબ પ્રકારનો ખાલીપો લાગતો હતો. એને આ ઘરમાં દાખલ થતાંની સાથે જ ઘર પરિચિત લાગ્યું, વાતાવરણ પરિચિત લાગ્યું, પરિસ્થિતિ પરિચિત લાગી, પરંતુ માધવી વગરના આ ઘરમાં એને કોઈ રીતે ચેન પડે એમ નહોતું.

એ ખૂબ ખૂબ વાતો કરવા માગતી હતી. જે કંઈ થયું તે બધું કહી નાખીને પોતાનો ભાર ઉતારી નાખવા માગતી હતી.

*

"જિંદગીમાં ક્યારેય મેં મારો વિચાર નથી કર્યો." રીમા સુરેશ પાસે રડી પડી હતી.

"મેં એને સમજાવવાનો પ્રયત્ન કરી જોયો, પણ એ તો તારા વિશે વાત કરવા જ તૈયાર નથી."

રીમાએ ધીમે ધીમે જાતને સમજાવવા માંડી હતી. દેવીનાથી અને જયથી એણે જાતને મુક્ત કરવાનો સાચા અર્થમાં પ્રયત્ન કર્યો હતો. એમની જ આસપાસ ગોઠવાયેલી પોતાની જિંદગીને ઉઠાવીને પાનાની જેમ નવેસરથી ચીપીને નવેસરથી જીવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો.

આ ઉંમરે રીમા માટે આ અઘરું જ નહીં, અશક્ય જેવું જ કામ હતું. એનાં સંતાનો જે કંઈ માનતાં હોય, પણ રીમાએ સાચા અર્થમાં એના ઘર અને સંતાનો માટે જાત ઘસી નાખી હતી. બેન્કના અકાઉન્ટમાં સતત પૈસા જમા કર્યા કરતા હોઈએ અને અચાનક ખબર પડે કે ખાતામાં બિલકુલ બેલેન્સ જ નથી, લગભગ એવી સ્થિતિમાં મુકાઈ ગઈ હતી રીમા.

છતાં એણે હિંમત કરીને જાતને નવેસરથી જીવતાં શીખવવાનું નક્કી કર્યું હતું.

*

જો માધવી હોત આ પરિસ્થિતિમાં એને બહુ મોટી મદદ મળી હોત. એ ભારત આવી ત્યારે માધવીની જ આશાએ આવવાનું નક્કી કર્યું હતું.

ફોન પર સમાચાર સાંભળ્યા ત્યારે એને આઘાત જરૂર લાગ્યો હતો, પણ આ ઘરમાં દાખલ થતાં માધવીની ગેરહાજરી એ જે રીતે અનુભવી શકી એની એણે કલ્પના નહોતી કરી.

સંતાનો અને માધવી - કદાચ એને માટે જીવવાનાં એવાં બે કારણો હતાં, જેને લીધે રીમાની જિંદગી એને પોતાને પ્રમાણમાં સહ્ય લાગતી હતી...

જ્યારે જ્યારે એને નિરાશા થઈ ત્યારે ત્યારે એનાં સંતાનોના ભવિષ્ય અને માધવીના સ્નેહ અને સહાનુભૂતિએ એને જીવતી રાખી હતી.

આજે આ ઘરમાં માધવી નહોતી, રીમા પાસે કહેવા માટે એટલું બધું હતું, પૂછવા માટે અનેક સવાલો હતા પણ એવી કોઈ વ્યક્તિ નહોતી, જેની સાથે એ મનની વાત કરી શકે.

રીમાએ વિચાર્યું, “હું ક્યાંક માધવીને અને મહેન્દ્રને એક જ વ્યક્તિ તરીકે તો નથી જોઈ રહી?”

“એવું જ હશે.” એના જ મને એને જવાબ આપી દીધો “તને માધવીની ગેરહાજરી આ ઘરમાં દાખલ થતાંની સાથે સાલવી જોઈતી હતી. જેને માટે તું આ ઘરમાં આવતી હતી, આ ઘર સાથેનો તારો સંબંધ જેને કારણે હતો એ વ્યક્તિ હવે આ ઘરમાં, આ દુનિયામાં નથી અને છતાંય તને આ ઘરમાં એના વગર કશું ખૂટતું, કશું ઓછું લાગે છે છતાં નથી લાગતું... કેવી નવાઈની વાત છે?”

“શું વિચારે છે?” મહેન્દ્ર ગેસ્ટરૂમની બહાર આવી ગયો હતો.

“કંઈ નહીં. આમ જ...” રીમાએ ઊભા થવાનો પ્રયત્ન કર્યો, “હું જરા ફ્રેશ થઈ જાઉં.”

"તને કંઈ દેખાડવાનું તો છે નહીં. તારા રૂમનું બાથરૂમ, એનું ગીઝર અને મહેમાનો માટેના ટોવેલ ક્યાં રહે છે એની તને ખબર છે." મહેન્દ્રએ કહ્યું. રીમાએ સ્મિત કર્યું એ ગેસ્ટરૂમ તરફ આગળ વધી ગઈ.

મહેન્દ્ર પથ્થરની બેઠક પર બેસીને ઊછળતો સામેનો દરિયો જોઈ રહ્યો. એના મનમાં પણ ઘમસાણ ચાલી રહ્યું હતું.

સોનાલી અને સુજયના ગયા પછી આજે કેટલાય દિવસે એના ઘરમાં પોતાના સિવાય એક બીજી વ્યક્તિની હાજરી હતી. આ હાજરીથી એને સારું લાગતું હતું કે ખરાબ એની એને પોતાને જ સમજ નહોતી પડતી.

રીમાને અહીંયાં લઈ આવવાનો આગ્રહ કરતી વખતે મહેન્દ્રને પોતાને પણ આ પરિસ્થિતિની કલ્પના નહોતી.

આટલા દિવસ આ ઘરમાં સાંજ અને રાત એકદમ ચૂપચાપ પસાર થતી.

શબ્દ વિનાની કોરી એકલતા મહેન્દ્રને કોઠે પડી ગઈ હતી. ગેસ્ટરૂમ અને બીજા બેડરૂમનાં બંધ બારણાંઓ હવે સવારે સફાઈ કરવા માટે ખૂલતાં. એ પછી સીધા બીજા દિવસે સવારે ખૂલતાં.

ગેસ્ટરૂમમાંથી આવી રહેલો શાવરનો અવાજ મહેન્દ્રને રીતસર ડિસ્ટર્બ કરી રહ્યો હતો.

સાથે જ આ ઘરમાં એના સિવાય પણ એક જીવતી-ધબકતી વ્યક્તિ છે એ વિચારે મહેન્દ્રને રાહતની લાગણી થતી હતી.

એણે જાતને જ પૂછ્યું, "શું જોઈએ છે? કંપની કે એકલતા?"

એના મને એને કોઈ જવાબ ના આપ્યો.

"તું જાતે જ એને અહીં લઈ આવ્યો છે. હવે એ કેટલા દિવસ અહીં રહેશે એ નક્કી નથી. તારી એકલતા દૂર થશે અને સાથે સાથે તારું એકાંત ડિસ્ટર્બ થતું રહેશે." એના મને એને કહ્યું.

"શું વિચારે છે મહેન્દ્ર?" રીમા ગેસ્ટરૂમમાંથી બહાર આવી ત્યારે એના સ્કાય બ્લ્યૂ કલરના પજામાને કારણે ખૂબ નાની દેખાતી હતી. એના ભીના વાળમાંથી આછું આછું પાણી ટપકતું હતું. હમણાં જ ધોયેલો, ખૂબ ઊંઘેલો એનો મેકઅપ વગરનો તાજો ચહેરો સુંદર દેખાતો હતો.

"શું વિચારે છે એમ પૂછ્યું મેં." એણે પોતાના વાળમાં હાથ ફેરવ્યો અને પાણીની બે-ચાર બુંદ એના પજામાના ટી-શર્ટ પર ટપકી ગઈ. એ પલાંઠી વાળીને મહેન્દ્રની સામે પથ્થરની બેઠક પર જ ગોઠવાઈ ગઈ.

મહેન્દ્ર એની સામે જોઈ રહ્યો, "સાચું કહી દઉં?"

"હા હા વળી..."

"ખરાબ તો નહીં લાગે ને?"

"ખરાબ! ખરાબ શું કામ લાગે?"

"હું એમ વિચારતો હતો કે..." મહેન્દ્ર રીમાની આંખોમાં જોઈ રહ્યો. સહેજ ભૂખરી, સ્વચ્છ આંખે રીમા એને આગળ બોલતો સાંભળવા ઉત્સુક હતી, "તું અહીંયાં આવી તો છે, પણ આપણે કેટલા દિવસ સાથે રહી શકીશું

મને ખબર નથી."

રીમા હસી પડી, ખડખડાટ!

એ ખડખડાટ હસતી રહી અને મહેન્દ્ર એની સામે નવાઈથી જોતો રહ્યો. એ સહેજ અટકતી, આગળ કંઈ બોલવા જતી અને પછી ફરી પાછી હસી પડતી...

"એક વાત કહું?"

મહેન્દ્રએ ડોકું હલાવીને હા પાડી.

"હું પણ આ જ વિચારતી હતી." મહેન્દ્ર એની સામે નવાઈથી જોઈ રહ્યો, "હું ગાડીમાંથી ઊતરી ત્યારે એ જ વિચાર કરતી હતી. પછી લાગ્યું કે આજની રાત તો એકલા નથી જ રહેવું. એટલે તારી સાથે અહીં આવી ગઈ. બાકી તને સાચું કહું મહેન્દ્ર, મને આ સહાનુભૂતિ કે સિમ્પથી, કહેવાતો સાથ... જરાય ગળે નથી ઊતરતાં." મહેન્દ્ર એક પણ શબ્દ બોલ્યા વિના એની વાત સાંભળી રહ્યો, "જેને તમે સાથ કહો છો, સ્નેહ કહો છો અને સપ્તપદીનાં સાત વચનોમાં બાંધો છો એ પણ જો શરીરની આસપાસ ગોઠવાઈને પોતાની રીતે તૂટી-ફૂટી જતો હોય તો હું તને કે તું મને ક્યાં સુધી સાથ આપવાનાં?"

"શરીરની આસપાસ?" મહેન્દ્રએ જરા ચીડથી કહ્યું, "મારો અને માધવીનો સંબંધ શરીરની આસપાસ ગોઠવાયેલો નહોતો." રીમા હસી પડી અને તોય મહેન્દ્રએ પોતાનું વાક્ય પૂરું કર્યું, "તું તારા જ માપદંડથી તમામ સંબંધોને માપે છે, પણ બધા સંબંધો તું કહે છે તેવા અને તેટલા જ ના પણ હોય."

"વેલ..." રીમાએ ખભા ઊંચક્યા. એના ચહેરા પર હજી સ્મિત હતું, "હું શરીરની વાત કરું છું, સેક્સની નહીં. તારો અને માધવીનો સંબંધ પણ શરીર પૂરતો જ હતો મહેન્દ્ર, આજે માધવી શરીરથી હાજર નથી તો શું છે તારી પાસે?"

"એની સ્મૃતિ છે. એની સાથે ગાળેલાં વર્ષોની સુગંધ છે. અમારો સંબંધ છે..."

"મહેન્દ્ર, કાં તો તું જાતને છેતરે છે અને કાં તો મને."

"જો, મારે તારી સાથે કોઈ ચર્ચા નથી કરવી." મહેન્દ્ર ઊભો થઈ ગયો. રીમાએ કોઈ ઔપચારિકતા વિના એને હાથ પકડીને પથ્થરની બેઠક પર પાછો બેસાડી દીધો. મહેન્દ્રને પોતાને નવાઈ લાગી. કોઈ પણ એની સાથે આટલી અનૌપચારિક રીતે વર્તે કે આ ભાષામાં વાત કરે તો મહેન્દ્ર ચોક્કસ અમુક રીતે રિએક્ટ થાય, પણ આજે રીમા જે કંઈ બોલી એ પછી પણ મહેન્દ્ર સ્વસ્થ હતો. રીમાએ એને આવી રીતે

બેસાડી દીધો એ પછી પણ અકળાયા કે ચિડાયા વિના એ પાછો બેસી ગયો, એટલું જ નહીં રીમાની વાત સાંભળવા લાગ્યો.

"મહેન્દ્ર, આપણે કોઈ કારણ વગર શરીર અને સેક્સને જોડી દઈએ છીએ. ખરેખર હું શરીરની વાત કરું છું." એણે મહેન્દ્રની આંખોમાં જોયું, "માધવીએ પોતાનો દેહ છોડી દીધો અને તારાથી દૂર ચાલી ગઈ એ વાતે તું એને હજુ સુધી માફ નથી કરી શક્યો."

"વ્હોટ રબીશ..." મહેન્દ્રને રીમાની વાત સાંભળીને ગુસ્સો આવી ગયો, "તું કહેવા શું માગે છે?"

"હું એટલું જ કહેવા માગું છું કે તેં જિંદગીભર માધવીને તારી રજા સિવાય કંઈ કરવા જ દીધું નહીં સામે તારી મરજીથી જીવતાં જીવતાં એ પણ ભૂલી ગઈ કે એની પોતાની એક જિંદગી છે."

"તું અહીં સ્ત્રી - સ્વાતંત્ર્યનાં ભાષણ આપવા આવી છે?"

"ના... એ કરવા તો નથી જ આવી." રીમા હજુ હસી રહી હતી, "કારણ કે મેં આખી જિંદગી એ જ કર્યું."

"રીમા પ્લીઝ, મને ઊંઘ આવે છે." મહેન્દ્ર ઊભો થવા જતો હતો કે રીમાએ એને ફરી બેસાડી દીધો.

"મારી વાત પૂરી સાંભળીને તો જા."

"બોલ..."

"માધવી જેવા લોકો સુખી થઈ જાય છે. કારણ કે એ કોઈના માટે જીવે છે અને કોઈના માટે મરી પણ શકે છે. મારા જેવા લોકો જાત માટે જીવવાનો દાવો તો કરે છે, પણ જીવે છે બીજા માટે..." રીમાએ નિ:શ્વાસ નાખ્યો, "કે પછી મારા જેવા લોકો નથી પોતાના માટે જીવતા, નથી બીજાના માટે જીવતા... એ લોકો નથી આસાનીથી મરી શકતા કે નથી સહેલાઈથી જીવી શકતા. કોઈનો આધાર તો બની જ નથી શકતા, પણ પોતે જેને આધાર માનતા હોય એવી વ્યક્તિ ના રહે ત્યારે એને સમજાય છે કે એમનો ક્રૂર સ્વાર્થ એમને એકલાં જીવતાં પણ શીખવાડી દે છે."

મહેન્દ્ર રીમા સામે જોઈ રહ્યો, 'કેટલું સાચું બોલી રહી છે આ!' એને વિચાર આવ્યો, 'માધવી તો ખરેખર કંઈ અજબ જેવું જીવી ગઈ અને એટલું જ અજબ મૃત્યુ પણ પામી. એ નથી તો પણ એ છે અને એ હતી તો પણ એ નહોતી.'

"શું વિચારે છે? મારી વાત ખોટી છે? એ હાજર હતી તો પણ એવી રીતે જીવી, જાણે હાજર ના હોય. માત્ર તારી ઇચ્છા, તારા ગમા-અણગમા, તારા સુખ અને તારા શોખ... હવે નથી તો પણ આ ઘરના કણ કણમાં એનો સ્પર્શ, એની સહજતા, એની સાદગી અને એનો સ્નેહ ધબકે છે..."

મહેન્દ્ર રીમાની બુદ્ધિથી અને એની વિચારવાની રીતથી સાચે જ પ્રભાવિત થયો હતો. એરપોર્ટથી હમણાં સુધી રીમાએ એની સાથે જે કંઈ વાત કરી એ વાતમાં રીમાની કુશાગ્ર બુદ્ધિ, એનું વાંચન, એનું શબ્દો પરનું પ્રભુત્વ, ઝીણામાં ઝીણી વાતને છૂટી છૂટી પાડીને જોવાની એની આવડત અને પછી એના પર પોતાનો અભિપ્રાય આપી શકવાની એની કુશળતાએ મહેન્દ્રને એક નવી જ રીમાનો પરિચય કરાવ્યો હતો.

અત્યાર સુધી એ જે રીમાને ઓળખતો હતો એ માધવીની મિત્ર હતી. લંડનથી આવતી, સતત ફોર્મલ વસ્ત્રો પહેરતી, મેકઅપ કરેલી, સોફેસ્ટિકેટેડ અને બ્રિટિશ એટિકેટમાં અતડી અને ઔપચારિક રહેતી રીમા...

...માધવીને પોતાની સાથે બહારગામ લઈ જતી, શોપિંગ કરતી કે થોડા દિવસ એના ઘરમાં મહેમાન બનીને રહેતી રીમા...

આજે એની સામે પથ્થરની બેઠક પર જે બેઠી હતી એ સાવ જુદી હતી.

આજની રીમાની આંખોમાં મહેન્દ્રને ક્યારેય નહીં જોયેલી ચમક દેખાઈ હતી.

એને યાદ આવી ગયા હતા એવા કેટલાય પ્રસંગો, જ્યારે એણે માધવીને વારંવાર કહ્યું હતું, "મારી સાથે વાતો કર..."

"હું શું વાતો કરું?" માધવી સાદગીથી કહેતી, "મારી પાસે તમને રસ પડે એવી વાતો ભાગ્યે જ હોય છે. નથી તમારા જેટલું વાંચન, નથી તમારા જેટલી બુદ્ધિ, નથી તમારી જેમ બહુ બધા લોકોને મળતી..."

મહેન્દ્ર માધવીની વાતથી ક્યારેય ચીડાતો તો ક્યારેક હસી પડતો, "તારા રસોડાની વાત કર... તારા બાળપણની, તેં હમણાં શું વાંચ્યું એની વાત કર."

માધવી પ્રયાસ કરતી, મહેન્દ્રને રસ પડે એવી કોઈ વાત કરવાનો. પણ થોડીક જ વારમાં મહેન્દ્રનો રસ ઊડી જતો, જે માધવી પણ જોઈ શકતી. બંને વચ્ચે આટલો મનમેળ હોવા છતાં અમુક પ્રકારની વાતચીત નહોતી જ થઈ શકતી.

ધીમે ધીમે મહેન્દ્રએ એ આગ્રહ છોડી દીધો હતો.

આજે કેટલાંય વર્ષો પછી મહેન્દ્રની સામે એક એવી સ્ત્રી બેઠી હતી, જે એની આંખોમાં આંખો નાખીને દલીલો કરી રહી હતી, એવી દલીલો, જેના મહેન્દ્ર પાસે જવાબ નહોતા...

ચુમ્માલીસ વર્ષની જિંદગીમાં પહેલી વાર મહેન્દ્રને એક એવી સ્ત્રી મળી હતી, જે પોતાની કુશાગ્ર બુદ્ધિથી, પોતાની તાર્કિક દલીલોથી અને જિંદગી વિશેની પોતાની આગવી ફિલોસોફીથી મહેન્દ્રને અભિભૂત કરી રહી હતી.

*

32

મહેન્દ્ર પથારીમાં સૂતો હતો, પણ કોણ જાણે કેમ એને ઊંઘ નહોતી આવતી.

દરિયાનાં મોજાંનો અવાજ એણે ખોલી નાખેલી કાચની બારીઓમાંથી એના રૂમમાં પછડાતો અને પડઘાતો હતો. એને જાણે એનો આખો રૂમ દરિયો બની ગયો હોય એવી લાગણી થતી હતી. દીવાલો ફીણની બની હોય એમ બહારથી પસાર થતાં વાહનોના પ્રકાશમાં ઘડીભર ઊભરાતી અને ઘડીભર ઝાંખી થઈ જતી હતી. ફર્શ રેતીની બની હોય ઘડી ઘડી સરક્યા કરતી હતી. એનો પલંગ હલેસા વગરની હોડી હોય એમ અહીંથી ત્યાં ફંગોળાતો હતો.

પડખાં બદલતાં બદલતાં મહેન્દ્ર થાકી ગયો હતો. એક ઓરડામાં ધસી આવેલો દરિયો, એક બહારનો દરિયો અને એક એની ભીતર હિલોળા લેતો દરિયો... મહેન્દ્ર જાણે સેળભેળ થતા દરિયાઓનો કોઈ ફંગોળાતો-અથડાતો જીવ બની ગયો હતો.

એની અને રીમા વચ્ચે થતી રહેલી વાતચીતના અંશ મોજાંની જેમ ઉફણાતા હતા!

*

"મહેન, આજે મને એવું લાગે છે કે હું તને વીસ વર્ષ પહેલાં મળી હોત તો કેટલું સારું થાત." રીમા અચાનક બોલી બેઠી હતી. બંને વચ્ચે જાણે વજનદાર પથ્થર પડ્યો હોય એમ વાતાવરણ ડૂબવા લાગ્યું હતું.

મહેન્દ્ર રીમાની બુદ્ધિથી, એની વિચારવાની રીતથી સાચે જ પ્રભાવિત થયો હતો. અત્યાર સુધી જે રીમાને ઓળખતો હતો એ અને આ રીમા સાવ જુદાં હતાં. ધારદાર આંખો અને એથીયે વધુ ધારદાર શબ્દો સાથે રીમા મહેન્દ્રને જિંદગીની ફિલોસોફી વિશે કહેતી હતી અને મહેન્દ્ર સાંભળી રહ્યો હતો.

"ખરેખર આપણે મૃત્યુથી નથી ડરતા મહેન્દ્ર! આપણે જ મરી જવાનું હોય તો પછી ડરવાનું શું? એ પછીના સુખ કે દુઃખ વિશે આપણને ક્યાં ખબર જ છે? આપણે આપણા મૃત્યુથી નથી ડરતાં..." મહેન્દ્ર રીમાને બોલતી સાંભળી રહ્યો હતો, "આપણે ડરીએ છીએ સ્વજનના મૃત્યુના વિચારથી. કોઈના વિના જીવવું પડશે એ વિચાર ડરાવે છે."

"એવું નથી..." મહેન્દ્રને જવાબ નહોતો સૂઝ્યો.

"વિચારી જો. તેં કોઈ દિવસ એવી કલ્પના કરી હતી કે તારે માધવી વિના જીવવું પડશે?"

મહેન્દ્રએ ડોકું ધુણાવીને ના પાડી.

"એટલે જ... એટલે જ આપણને ડર લાગે છે. ગીતા આપણે બધા વાંચીએ છીએ, સાંભળીએ છીએ, વાસાંસિ જિર્ણાની યથા વિહાય... આત્મા જૂનાં વસ્ત્રો ત્યાગે છે, સાપ કાંચળી ઉતારે છે, વૃક્ષનું થડ નવી છાલ પહેરે છે, પણ આપણે નવી જિંદગી

સાથે ગોઠવાઈ શકતા નથી. બાજુમાં શ્વાસ લેતું શરીર અચાનક જ શ્વાસ વગરનું બની જાય ત્યારે જિંદગીની કિંમત સમજાઈ જાય છે."

"એમ જ હશે. એ હતી ત્યારે એના શરીર વિશે ક્યારેય આટલો વિવશ નહોતો હું." મહેન્દ્રથી અનાયાસે કહેવાઈ ગયું, "એના શરીરને ઇલેક્ટ્રિક ક્રેમેટોરિયમમાં સોંપતી વખતે પહેલી વાર એની ત્વચા, એની કમરનો વળાંક, એનાં સ્તન, એના હોઠ, એના બે શ્વાસોની વચ્ચે જિવાઈ જતી જિંદગી મને કીંમતી લાગવા માંડી. મારી અને માધવી વચ્ચે શરીર ક્યારેય અગત્યનું નહોતું, પણ મને પહેલી વાર માધવી શરીરથી ખૂટવા માંડી છે."

"હું સમજી શકું છું." રીમાએ અનાયાસે હાથ લંબાવીને મહેન્દ્રના હાથને સ્પર્શી લીધો. મહેન્દ્રએ હાથ પાછો લેવાને બદલે ત્યાં જ રહેવા દીધો.

"રીમા, અમે પુરુષો બહુ જ સ્વાર્થી હોઈએ છીએ. અમારા માટે જ્યાં સુધી પત્ની હાજર હોય ત્યાં સુધી એનું કોઈ મહત્ત્વ નથી. ઘરમાં ના હોય ત્યારે જ અમને પત્નીની જરૂરિયાત સમજાય છે."

"એવું તું કહે છે. સુરેશે ક્યારેય એવું નથી કહ્યું. એના અને મારા સંબંધો ફક્ત ઝઘડાના સંબંધો રહ્યા. બંનેમાંથી કોણ કેટલું ખરાબ છે, કોને શું નથી આવડતું, કોનામાં કેટલા અવગુણ છે એ શોધવાની અને કહેવાની હરીફાઈ થતી રહી આ બધાં વર્ષો દરમિયાન."

"વેલ!" મહેન્દ્રને હસવું આવી ગયું, "તારા જેવી સ્ત્રી સાથે કદાચ મારે પણ એમ જ થયું હોત. પુરુષની પાચનશક્તિ નબળી હોય છે. આટલી બધી બુદ્ધિશાળી અને સફળ સ્ત્રીઓ અમને પચતી નથી. એટલે અમે ઊલટી કરી નાખતા હોઈએ છીએ." એણે હસતાં હસતાં કહ્યું, "એની રસોઈમાં ભૂલો શોધીને, એના સ્ત્રીત્વમાં ખોટ કાઢીને કે પછી એ પથારીમાં બહુ ઠંડી છે એવું કહીને અમને એક જાતનો ક્રૂર આનંદ આવે છે."

રીમા કશું બોલવા જતી હતી, પણ મહેન્દ્રએ હાથ ઊંચો કરીને એને રોકી, "અમે અમારી પત્નીને બહુ સ્વાભાવિકપણે કહી શકીએ કે એ ઠંડી છે, સેક્સમાં નબળી છે… પણ જો એણે કોઈ દિવસ કહી દીધું તો અમારું પુરુષત્વ ફાટીને લીરેલીરા થઈ જાય છે. રીમા, પુરુષનું પૌરુષત્વ તો અદ્ભુત અને અખંડ જ હોય એવું અમે માની જ લઈએ છીએ. અમને કોઈ સર્ટિફિકેટની, કોઈ પ્રમાણપત્રની જરૂર નથી એમ માનીને આંખો બંધ કરીને પથારીમાં સાબિત કરી દઈએ છીએ કે અમે શ્રેષ્ઠ છીએ."

"મહેન!"

"બોલી લેવા દે મને. આ બધું હું માધવીને નથી કહી શક્યો, પણ હવે મને ક્યારેક વિચાર આવે છે કે મેં એને ક્યારેય એની ઇચ્છા - અનિચ્છા, ગમા - અણગમા ખાસ કરીને, પથારીમાં… પૂછ્યાં જ નથી."

"કોઈ નથી પૂછતું." રીમાથી ઠંડો નિઃશ્વાસ નખાઈ ગયો, "પત્નીને કોઈ નથી પૂછતું. એ બધી કાળજી લેવાતી હોય છે લગ્નની બહારના સંબંધમાં." રીમાના અવાજમાં ચીડ ભળી ગઈ. એક ધાર નીકળી આવી. એની આંખો આછા પ્રકાશમાં જાણે

સળગવા લાગી, "પત્ની સાથેનું સેક્સ પાંચ મિનિટની વસ્તુ હોય છે, જ્યારે મિસ્ટ્રેસ સાથે આખી રાત જાગી શકાય છે."

"એવું કેમ હશે?"

"કારણ કે લગ્ન અને સેક્સને હિન્દુસ્તાની પુરુષ સાથે સાથે નથી જોઈ શકતો. એને માટે લગ્ન ડાઇનિંગ ટેબલથી શરૂ કરીને સામાજિક પ્રસંગો સુધી ફેલાય છે. હીરાના દાગીના પહેરીને સામાજિક પ્રસંગોએ મુશ્કુરાતી પત્ની એનાં સફળ લગ્નની વ્યાખ્યા છે." રીમાની આંખો ભરાઈ આવી, "મહેન, ફક્ત પતિના ગમા-અણગમા કે એની ઇચ્છાને સેક્સ નથી કહેવાતું. જે સ્ત્રીને પતિ ના હોય અથવા જે સ્ત્રીને પતિ હાથ પણ ના લગાડતો હોય એ સ્ત્રીને શરીર નથી હોતું? એના શરીરને ઇચ્છાઓ નથી હોતી? એના શરીરમાં વહેતું લોહી રેફરિજરેટરમાં મૂકેલી પાણીની બોટલની જેમ જામી જાય છે?"

"રીમા, હું સમજી શકું છું."

"તું? તું શું સમજી શકે છે? તું કંઈ જ નથી સમજી શકતો. મને આજ સુધી એક જ વ્યક્તિ સમજી શકી છે અને એ માધવી..."

"એમ જ હશે. કારણ કે માધવી બધાને સમજી શકતી હતી. બસ, એને સમજવામાં હું મોડો પડ્યો." મહેન્દ્રની આંખો પણ ભીની થઈ ગઈ, "અમારા જેવા પુરુષો બદમાશ હોય છે. પ્રેમના નામે અમે બહુ બધું લઈ લઈએ છીએ અને સલામતી આપીને જાણે ઉપકાર કરી દઈએ છીએ."

"એ સલામતી ટકતી નથી મહેન..." રીમાએ આંખના ખૂણા લૂછી નાખ્યા, "સલામતીથી વધારે ડરાવનારો, રહસ્યમય અને બોદો બીજો કોઈ શબ્દ નથી." એણે હોઠ પીસ્યા, "મારું ચાલે તો એ શબ્દ હું ડિક્શનરીમાંથી કઢાવી નાખું."

"છોડ, આપણે બહુ સિરિયસ વાત પર ચડી ગયાં." મહેન્દ્રને લાગ્યું કે રીમાને તકલીફ થઈ રહી છે, "માણસ લગ્ન કરે છે સુખી થવા માટે. સાથ માટે. સાથે સાથે બુઢા થવા માટે અને એવું ના થાય તો કોઈ શું કરી શકે? આમ તો તારી અને મારી બંનેની પરિસ્થિતિ એક જેવી નથી? માણસ હોય કે માણસ ના હોય, લગ્ન પૂરાં થાય એટલે લગ્ન પૂરાં જ થઈ જાય. સુખનો એક સમય - થોડા દાયકા સમેટાઈ જાય, બસ!"

"સુખ અને લગ્નને ખરેખર એકબીજા જોડે ખરેખર કોઈ સંબંધ જ નથી મહેન્દ્ર, એ તો આપણો કન્સેપ્ટ છે. આપણને લાગે છે કે લગ્ન કરવાથી સુખી થઈ જવાશે..." એ હસવા લાગી, "સુખ એ લગ્નની બજારમાં મળતો કોઈ આઇસક્રીમ નથી."

"રીમા, તું ભૂલી કેમ નથી જતી?"

"ભૂલી જ ગઈ છું... યાદ હોત તો કદાચ આટલી સરળતાથી વાત ન કરી શકત. મારા માટે તારામાં અને સુરેશમાં કોઈ ફેર નથી."

"એવું ના કહે. મેં ક્યારેય માધવીને છેતરી નથી." મહેન્દ્રએ ધીમા અવાજે કહ્યું, "બીજી સ્ત્રી તરફ નજર ઉઠાવીને જોયું નથી. મનથી અને શરીરથી ફક્ત એક જ

સ્ત્રીને ચાહી છે, સંવેદી છે, સન્માની છે, એનું નામ માધવી છે. મારા જીવનની પહેલી સ્ત્રી માધવી છે અને આખરી સ્ત્રી સોનાલી…"

"આખરી સ્ત્રી વિશે આટલી ઉતાવળ નહીં કર મહેન્દ્ર." રીમાએ જાણે કાતર લઈને મહેન્દ્રની વાત કાપી નાખી. મહેન્દ્ર નવાઈથી એની સામે જોઈ રહ્યો, "હજી ઉંમર જ શું છે તારી? તારા જીવનમાં કોઈ સ્ત્રી નહીં આવે એવું ખાતરીપૂર્વક કેવી રીતે કહી શકે છે?"

"હવે જગ્યા નથી."

"આહ!" રીમાએ જોરથી કહ્યું, "હમણાં જગ્યા નથી એમ કહે તો હું માની લઈશ. આપણા બધાના જીવનમાં ધીમે ધીમે ખાલી જગ્યાઓ થતી જાય છે. જિંદગીને આદત છે પાણીની જેમ વહ્યા કરવાની, પોતાનો રસ્તો શોધી કાઢવાની. ગમે તે વાસણમાં ભરો, એ એની સપાટી શોધી જ કાઢે." એણે સ્મિત કર્યું અને મહેન્દ્રનો હાથ થપથપાવ્યો, "જિંદગી વિશે કોઈ સ્ટેટમેન્ટ આત્મવિશ્વાસથી ના કરવું મહેન્દ્ર! કારણ કે આપણે જેવું સ્ટેટમેન્ટ કરીએ કે તરત જિંદગી એને ખોટું પાડવાના કામે લાગી જાય છે. કોણ જાણે એને શું મજા આવે છે, પણ માણસનો આત્મવિશ્વાસ તોડીફોડીને એને પોતાનું જ કહેલું ખોટું પડતું દેખાડવામાં જિંદગી ક્રૂર આનંદ લે છે. ઉતાવળ નહીં કર…"

"રીમા, તને શું લાગે છે? ચુમાળીસ વર્ષે મને પ્રેમ થશે?"

"ન પણ થાય…" રીમાએ હસીને કહ્યું, "સેક્સ તો થઈ શકે ને?"

"રીમા!!"

"અરે વાહ! આપણે સચ્ચાઈથી આટલા ભાગીએ છીએ કેમ? દરેક વખતે સ્ત્રીના શરીરને અડતા પહેલાં એને એવી ખાતરી અપાવવાનો પ્રયત્ન દરેક પુરુષ કરે છે એ એને પ્રેમ કરે છે! પણ એવું હોતું નથી મહેન્દ્ર, મોટા ભાગના સંબંધોમાં જરૂરિયાત હોય છે, કેવળ જરૂરિયાત."

"તું ઇંગ્લૅન્ડમાં રહી છે."

"પણ હિન્દુસ્તાનમાં જન્મી છું." રીમાએ કડવાશથી કહ્યું, "અને સુરેશ પણ હિન્દુસ્તાની પુરુષ છે."

"દરેક હિન્દુસ્તાની પુરુષ સુરેશ નથી હોતો."

"દરેક હિન્દુસ્તાની પુરુષ મહેન્દ્ર પણ નથી હોતો." રીમાની આંખો અચાનક જ તરલ થઈ ગઈ અને એનાથી કહેવાઈ ગયું, "હું તને વીસ વર્ષ પહેલાં મળી હોત તો?"

એક સાવ નાજુક ચુપકીદી બંનેની વચ્ચે આવીને ગોઠવાઈ ગઈ.

રીમાએ આ વાક્ય કહી નાખ્યા પછી હવે આગળ શું વાત કરવી એ જાણે બંનેને નહોતું સમજાતું.

રીમા માટે પણ પોતે જે બોલી ગઈ એ સાવ અજાણી વાત હતી. એણે ક્યારેય નહોતું વિચાર્યું કે આટલી સ્વાભાવિકતાથી મહેન્દ્રને આવું કંઈ કહી બેસશે. મહેન્દ્ર એને માટે હંમેશા માધવીનો પતિ હતો.આજે જે મહેન્દ્ર સાથે વાત કરી હતી એ મહેન્દ્રએ એ પહેલી જ વાર મળી હતી. એ આટલી આસાનીથી ખૂલીને, આટલી સ્વાભાવિકતાથી વાત કરી શકે એ જ રીમા માટે નવી ઘટના હતી.

રીમા અને મહેન્દ્ર એ પછી ક્યાંય સુધી ચૂપચાપ બેસી રહ્યાં... બહાર ઘૂઘવતો સમુદ્ર અને ફરફરાટ કરતી વહી આવતી સમુદ્રકિનારાની મોડી રાતની હવા...

એક ખૂબ નાજૂક અને છતાં દૃઢ ચુપકીદી.

સવારના ત્રણ વાગવા આવ્યા હતા. બંને જ્યારે પોતપોતાના રૂમમાં સૂવા ગયાં ત્યારે બંનેની અંદર કશુંક બદલાયું હતું, કાં તો ગૂંચવાયું હતું અને કાં તો ઉકેલાયું હતું.

સંબંધોનું એક નવું સમીકરણ બંને વચ્ચે શરૂ થઈ ચૂક્યું હતું.

“આ ફક્ત દોસ્તી હતી?” મહેન્દ્રએ પોતાના જ મનને પૂછ્યું, “કેટલાય સમયથી કોઈની સાથે ખૂલીને વાત નથી કરી શક્યો એટલે અચાનક આટલું બધું બોલાઈ ગયું?”

પડખાં બદલી રહેલા મહેન્દ્રને આખીય વાતચીત દરિયાનાં ઘૂઘવતાં મોજાંની સાથે સંભળાઈ રહી હતી.

*

એ ઊંઘવાનો પૂરેપૂરો પ્રયત્ન કરી રહ્યો હતો, પણ બે પાંપણોની વચ્ચે સહેજ જગ્યા બાકી રહી જતી હતી.

ગેસ્ટરૂમમાં સૂતેલી રીમા સમજી નહોતી શકતી કે એને શું થતું હતું. આ ઘરમાં એણે ક્યારેય આટલું અસ્વાભાવિક કે આટલી અસુવિધા નહોતી લાગી. એના પોતાના ઘર કરતાં વધારે શાંતિ અને સુવિધા એને અહીંયાં લાગતાં, પણ આજે આ ઘર એને ખાવા ધાતું હતું. હમણાં જ ઊભા થઈને પોતાના ફ્લૅટ પર જઈ શકાય તો રીમા ચાલી જવા માગતી હતી.

“ક્યાંથી શરૂ કરીને કઈ ચર્ચામાં ઊતરી ગઈ હું!” રીમા પોતાના જ મન સાથે દલીલો કરી રહી હતી, “આખીયે વાતમાં એવું કહેવાની શી જરૂર હતી...”

એને પોતાના જ કહ્યા પર ક્ષોભ થતો હતો, “શું ધાર્યું હશે એણે મારા વિશે! હું આટલાં વરસોથી એને આવી રીતે જોતી હોઈશ... એમ વિચારતો હશે!”

રીમા પડખાં બદલતાં થાકી.

એ ઊઠીને બેઠી થઈ ગઈ.

એણે અરીસામાં જોયું, પોતાના ચહેરા પર આંગળીઓ ફેરવી, વાળની ડાઈ ઘટી ગઈ હતી... આછી આછી સફેદી છેક મૂળમાંથી ઊગી આવી હતી... આંખોની નીચે

બહુ જ આછી ઝીણી ઝીણી રેખાઓ ઊપસવા લાગી હતી, નાકની નીચેથી શરૂ થઈને હોઠની બંને તરફ ધ્યાનથી જુઓ તો દેખાય એવી ‘લાફિંગ લાઇન’ દેખાવા લાગી હતી…

“હું શું કરી રહી છું? શા માટે કરી રહી છું?” એણે જાતને પૂછ્યું…

અરીસામાં દેખાતું એનું પ્રતિબિંબ હસી પડ્યું અને એના પ્રતિબિંબને જવાબ આપ્યો, “તું છેતરી રહી છે રીમા, તારી જાતને અને…”

“અને કોને? માધવીને?”

“માધવી?” એના પ્રતિબિંબે પૂછ્યું, “માધવી તો હતી જ નહીં આજે તમારા બેની વચ્ચે આજે… તમે બે જ જણાં હતાં. તું અને મહેન્દ્ર…”

એ અરીસામાં દેખાતા પોતાના પ્રતિબિંબ સામે જોઈ રહી…

એને પોતાને પોતાની ભીતર કશું વલોવાતું, કશું છલકાતું, કશું ઊભરાતું લાગ્યું…

*

33

રીમા પોતાના ઓરડામાંથી બહાર આવી. સ્લાઈડિંગ વિન્ડો પાસે ઊભી રહી અને સામે ઊછળતો દરિયો જોઈ રહી.

કોણ જાણે કેમ એને લાગતું હતું કે કોઈ પણ એક કારણસર મહેન્દ્ર પણ જાગતો હશે! એણે મહેન્દ્રના રૂમ તરફ જોયું, એના રૂમની લાઇટ બંધ હતી. દરિયા સામે બેસવાથી એને સારું લાગ્યું. સામે ઊછળતો દરિયો એની પોતાની અંદર ઊછળી રહેલા ઉન્માદ કરતાં ઘણો વધારે લાગ્યો. કદાચ દરિયાની સાથે પોતાની જાતને સરખાવીને એને લાગ્યું કે, પોતે પ્રમાણમાં શાંત હતી. એ થોડી વાર એમ જ બેસી રહી, અદબ ભીડીને... જાતની આસપાસ પોતાના બંને હાથ એવી રીતે લપેટ્યા એણે, જાણે પોતે જ જાતને પોતાના બાહુપાશમાં લેતી હોય.

એને અચાનક જ એક વિચાર આવી ગયો અને વિચારની સાથે જ એક સ્મિત પણ આવ્યું એના ચહેરા પર, 'કેટલા વખતથી મને કોઈ અડ્યું જ નથી. એક વેલમેઇનટેન્ડ મકાનની જેમ મારી અંદર કોઈ વસતું નથી. હું સાવ ખાલી છું, શ્રેષ્ઠ ફર્નિચર અને ઇમલશન દીવાલો સાથે મારું આખું શરીર સજાવેલા તરતીબથી ગોઠવેલા એક એવા ઘર જેવું છે જેમાં બધું જ છે... માણસ સિવાય!'

રીમાને લાગ્યું કે એના શરીર પર જાળાં બાઝી ગયાં છે. અસ્પૃશ્યતાનાં જાળાં... વિસ્મૃતિનાં જાળાં!

આંખો મીંચીને એણે યાદ કરવાનો પ્રયાસ કરી જોયો, 'કેવું લાગતું હતું જ્યારે કોઈ સ્પર્શતું હતું... કેવું લાગતું હતું સુરેશ એને બંને હાથે લપેટીને એના કઠોર આલિંગનમાં લઈ લેતો...'

રીમા સુરેશ સાથે ગાળેલી એ બધી જ પળો યાદ કરી રહી હતી. જે એણે લગ્નના બે દાયકામાં બેડરૂમના બંધ બારણાંની પાછળ વીતાવી હતી.

પેરાલિસિસ થઈ ગયો હોય એમ રીમાની બધી જ સંવેદના બધિર થઈ ગઈ હતી...

એણે મગજ પર ખૂબ દબાણ આપ્યું, પણ એને કશું યાદ ન આવ્યું. સુરેશ નામનો માણસ એની જિંદગીમાં ક્યારેય હતો જ નહીં!

જેની સાથે જિંદગીના બે દાયકા વીતાવ્યા એ માણસનો સ્પર્શ પણ ભુલાઈ જાય એટલી હદે એની સંવેદનાઓ મરી ગઈ હતી?

એની આંખો મીંચેલી જ હતી, એ ઊંડા ઊંડા શ્વાસ લઈ રહી હતી...

એને લાગ્યું કે સુરેશ સાથે ગાળેલી એક પણ પળ એટલી મધુર, એટલી સ્મરણમાં રાખવા જેવી નહીં હોય. કદાચ એટલે જ ભુલાઈ ગઈ...

રીમાને એટલું ચોક્કસ યાદ હતું કે સુરેશ માટે એ કોઈ પણ એક સ્ત્રી જેવી સ્ત્રી હતી. કદાચ, રીમાની જગ્યાએ મીના, ટીના કે હેમા હોત તો પણ સુરેશ આમ જ વર્ત્યો

હોત. સુરેશની જરૂરિયાત પત્ની કે પ્રણય નહોતી. એની જરૂરિયાત હતી બ્રિટિશ પાસપોર્ટ ધરાવતી એક સ્ત્રી. જે એને લંડન લઈ જાય, બે ટાઇમ રસોઈ કરીને એને જમાડે. એને બે સંતાનોની ભેટ આપે…

સુરેશ માટે રીમા જુદી નહોતી, એ 'કોઈ પણ એક' સ્ત્રી હતી!

એની ભીતર એ બધું જ જાગ્યું ઊઠ્યું, જે કેટલાય સમય પહેલાં એણે પોતાની ભીતર સાવ ઊંડે દાટી દીધું હતું.

એની આંખો સામે એનું લંડનનું ઘર સાકાર થઈ ગયું. બહારની લૉન, પાછળ બેકયાર્ડ એમાં ઉગાડેલા વાલોળ અને રીંગણાના વેલા, ભારતથી લઈ ગયેલા ફુદીના અને લીલી ચા વાવીને બનાવેલાં કંડા… એ વરંડા, રંગીન ફૂલો, ડ્રોઇંગરૂમના સોફા, ખુરશીઓ, ટીવી રૂમ, મેઈડ… હુવરનો અવાજ, કોફી મશીનનું બઝર, સવારના નાસ્તાના સમયે ફેલાતી ચુપકીદી અને ફક્ત ન્યૂઝપેપરનાં પાનાં પલટવાનો વારંવાર બદલાતો અવાજ, ટોસ્ટ પર લગાડાતા બટરનો અવાજ, પ્યાલામાં ઊંડેલાતી ચાની ધારનો અવાજ…

એ સિવાયની સ્મશાન જેવી શાંતિ, ડ્રોઅરમાં વિભક્ત થઈ જતો રોજિંદો વ્યવહાર, ચોસલામાં વહેંચી શકાય એવો સમય.. અને ફક્ત સમય… સમય… સમય… વધારાનો સમય, ખૂટતો સમય, બાંધતો સમય, છૂટતો સમય…

તૂટતો સમય, હાંફતો સમય… થાકી જતો, ત્રાસી જતો, ચીસ પાડી ઊઠતો સમય… ધ્રૂસકે ધ્રૂસકે રડતો સમય…

ધીમે ધીમે એક પથારી પર સૂતેલાં બે શરીરોને એકબીજાથી યોજનો દૂર કરી દેતો સમય…

હાથ અડે તો પણ ચોંકી જવાય એટલો સર્તક સમય… બે મનની જેમ છૂટી પડી જતી બે અલગ ક્વિલ્ટમાં જાતને ઢાંકી-ઢબૂરીને પડખું ફરી જતો સમય…

રીમાને ફરી એક વાર ગભરામણ થવા લાગી.

દીવાલ પર લટકતી માધવીની તસવીર એની સામે જોઈ રહી હતી. તસવીરમાં દેખાતી બે ભાવવાહી કાળી આંખો જાણે રીમાને કહી રહી હતી, "જીવી લે… હજી સમય છે તારી પાસે…"

રીમા જાણે સાચે જ તસવીર સાથે વાત કરી રહી હોય એમ તસવીર સામે જોઈને બોલી રહી હતી, "બધું જ… બધું જ તારું આપેલું છે માધવી… હવે શું માગું તારી પાસે? ભય લાગે છે કશું માગતાં."

એ માધવીની તસવીર સામે જોઈ રહી.

તસવીર જાણે એની આંખોમાં આંખો નાખીને એને કહી રહી હતી, "રીમા!" તસવીરનો અવાજ પણ માધવીના અવાજની જેમ સહજ, સ્વસ્થ અને છતાં ગંભીર હતો, 'કોઈ પણ સ્ત્રી પુરુષની વચ્ચેના આકર્ષણનો અર્થ એ નથી કે એમણે લગ્ન કરી

લેવાં. આકર્ષણ કોઈના પણ માટે થઈ શકે રીમા... ટકતું નથી. તું તો જાણે છે મારાં લગ્ન કઈ સ્થિતિમાં થયાં. આજે હું મહેન્દ્ર માટે જે અનુભવું છું એ પહેલી વાર મળી ત્યારે નહોતી અનુભવી શકી... મને એક વાત સમજાઈ હતી. મહેન્દ્ર સાથે જીવવું સાચા અર્થમાં જીવવું બની રહેશે..."

"માધવી!" રીમા લગભગ સ્વગત બોલતી હોય એમ બોલીને એણે આંખો મીંચી દીધી. એને અચાનક પોતાના ખભા પર કોઈનો સ્પર્શ અનુભવાયો.

એ જાણતી હતી એ સ્પર્શ કોનો હતો. એને પાછળ જોવાની જરૂર નહોતી.

"કેમ જાગે છે?"

"તું કેમ જાગે છે?"

"મને નથી ખબર.."

"મને પણ નથી ખબર.." મહેન્દ્રનો અવાજ સંભળાયો, સાથે જ રીમાના ખભા પર મુકાયેલા એના હાથની પકડ સહેજ વધી.

રીમાએ પાછળ ફરીને જોયું. એણે ખભે હાથ મૂકીને ઊભેલા મહેન્દ્રની આંખોમાં કશુંક સાવ અજાણ્યું હતું.

રીમાએ આ પહેલાં કોઈ પુરુષની આંખોમાં આવા ભાવ ક્યારેય નહોતા જોયા. એની આંખો જાણે રીમાની આસપાસ વીંટળાવા લાગી હતી. ખુલ્લી સ્લાઇડિંગ વિન્ડોમાંથી ધસી આવતા પવનની જેમ મહેન્દ્રની આંખો પણ રીમાને થથરાવી ગઈ.

બંને વચ્ચે કશુંક ચુંબકીય બનવા લાગ્યું.

રીમાને લાગ્યું કે એના પગ જમીન પર નથી, એ હવામાં તરે છે. ફર્શ અને છતની વચ્ચે ક્યાંક હળવે હળવે ઊડી રહી છે. પાણી પર તરતી હોય એમ - ફ્લોટ થઈ રહી છે. એણે ચહેરો થોડો ઊંચો કરીને મહેન્દ્ર સામે જોયું.

મહેન્દ્રએ એનો હાથ પકડ્યો. એને ઊભી કરી. ચાવી દીધેલા પૂતળાની જેમ રીમા ઊભી થઈ, મહેન્દ્રએ એનો હાથ ખેંચ્યો, રીમા નજીક આવી. મહેન્દ્રએ એના ચહેરાને ચિબૂકથી ઊંચો કરી એના હોઠ પર હોઠ મૂકી દીધા.

રીમાને લાગ્યું કે કશુંક સાવ કોમળ, ફૂલની પાંદડી જેવું, સહેજ ખારું એના હોઠને સ્પર્શ્યું... એના અંતરતમ સુધી ગુલાબની પાંદડીઓ વેરાઈ ગઈ, અસ્તિત્વ આખું સુગંધથી તરબતર થઈ ગયું. એક એક રોમ સજીવ થઈ આવ્યું. એની ભીતર એક અભીપ્સા, એક ઝંખના વહેવા લાગી.

એના શરીરમાં વહેતું લોહી પહેલાં હૂંફાળું અને ધીમે ધીમે ગરમ થવા લાગ્યું. જાણે કોઈ સ્વયંસંચાલિત - ઓટોમેટિક રમકડું હોય એમ એના બંને હાથ ઊંચકાયા અને મહેન્દ્રના ખભે મુકાઈ ગયા.

"પ્રથમ ચુંબન!" એને વિચાર આવ્યો... અને સાથે જ એ વિચારને જાણે કોઈએ મુક્કો મારીને ચૂર ચૂર કરી નાખ્યો.

"પ્રથમ ચુંબન?" એની ભીતરથી કોઈએ પૂછ્યું, "કોને છેતરે છે? મહેન્દ્રને કે તારી જાતને? આ પહેલાં સુરેશનાં કંઈ કેટલાંય તીખાં-તીવ્ર-તૂરાં ચુંબનો તારા હોઠ પરથી પસાર થઈ ગયાં છે."

"હા!" એનો સંવાદ મનોમન ચાલી રહ્યો હતો, "હા, મેં માણ્યાં નથી, સહ્યાં છે એ ચુંબનો. એ ભાગ્યે જ કશું આપતાં હતાં, એમાં એક માગણી હતી, સવાલ હતો હંમેશા... મારા શરીરની માગણી, મને પુછાતો સવાલ! મારી પાસે અપેક્ષા રહેતી હતી એ ચુંબનોમાં, સમર્પિત થઈ જવાની."

મહેન્દ્રના હોઠ હવે એના હોઠ પર નહોતા છતાંય એને જાણે પોતાના હોઠ પર સ્પર્શેલા મહેન્દ્રના હોઠ અનુભવી શકાતા હતા...

"આજ સુધી કોઈ સ્પર્શ, કોઈ ચુંબને મને આવી રીતે જગાડી નથી!" એને કહેવું હતું..."આ પ્રેમ છે. પોતે પોતાનામાં એક પૂર્ણ ક્ષણ છે આ... આ ચુંબન મારા હોઠ પર નહીં, મારા હૃદય પર, મારા આત્મા પર થયું છે. મેં પહેલી વાર અનુભવ્યું છે આવું સંગીત, આવી સુગંધ અને આવો સ્પર્શ..." પણ એ ચૂપ રહી. ચૂપચાપ મહેન્દ્રની સામે તાકતી રહી.

મહેન્દ્ર એનો હાથ પકડીને ઊભો હતો. એની આંખોમાં પણ એક સવાલ હતો પણ એ સવાલ સુરેશ જેટલો કઠોર, નિર્મમ, સ્વાર્થી કે શારીરિક નહોતો. એ સવાલમાં સંવેદના હતી, સમજદારી અને સ્વસ્થતા હતી.

રીમાએ કશું જ બોલ્યા વિના એમની વચ્ચેનું એક ડગલાનું અંતર ભૂંસી નાખ્યું. એ આગળ વધી અને બંને હાથ મહેન્દ્રની આસપાસ લપેટીને એની છાતી પર માથું મૂકી દીધું.

મહેન્દ્રની આંખોમાંના સવાલનો જવાબ હતો આ!

કશું જ બોલ્યા વિના, કશું જ કહ્યા વિના બંને વચ્ચે જાણે એક અજબ જેવો સંવાદ રચાઈ ગયો હતો.

મહેન્દ્રએ અચાનક જ રીમાના આશ્ચર્ય વચ્ચે એને ઊંચકી લીધી. મહેન્દ્રના બે હાથોમાં ઊંચકાયેલી રીમા ઢીંગલીની જેમ એના ગળામાં હાથ નાખીને ઝૂલી રહી હતી.

પોતે માણસ નહીં પણ હવા હોય એવો અશરીરી અનુભવ હતો આ! પોતે આટલી હળવી, આટલી નાજુક છે એવી જાણે એને પોતાને જ ખબર નહોતી અત્યાર સુધી...

મહેન્દ્રના સ્પર્શે એની ભીતર સંતાયેલું કશુંક ખૂબ હળવું, ખૂબ નાજુક અને ખૂબ મૃદુ સજીવ કરી નાખ્યું હતું. વીતતી જતી પ્રત્યેક ક્ષણ સાથે એ વધુ ને વધુ ધબકતી, વધુ ને વધુ સજીવ, વધુ ને વધુ સ્ત્રી બનતી જતી હતી...

વીતતી દરેક ક્ષણ સાથે એ મહેન્દ્રને વધુ ને વધુ પોતાનો, વધુ ને વધુ ઇચ્છનીય, વધુ ને વધુ પુરુષ બનતો અનુભવી રહી હતી...

એણે સવારે આંખો ખોલી ત્યારે એનું માથું મહેન્દ્રના ખભા પર હતું. મહેન્દ્ર તદ્દન બેખબર, નાના બાળક જેવો પ્રગાઢ નિદ્રામાં હતો. ઓરડામાં એક નીરવતા હતી. વરસાદનાં વાદળો જેવું ઘેરાયેલું એક મૌન, વર્ષાઋતુની જાંબુડી સાંજ જેવું...

ગમે ત્યારે વરસી શકે એવું!

એણે બાજુમાં સૂતેલા મહેન્દ્ર તરફ ધ્યાનથી જોયું. આજ સુધી જોયેલા મહેન્દ્ર કરતાં આ મહેન્દ્ર જુદો લાગતો હતો!

આ માધવીનો પતિ નહોતો - આ મહેન્દ્ર પારેખ નહોતો જે ચેક્સવાળું કે સ્ટ્રાઇટ્સવાળું કે પ્લેઈન શર્ટ પહેરીને કફનાં બટન બંધ કરાવવા માધવી પાસે આવતો... આ એ મહેન્દ્ર નહોતો જે માધવીને જોઈને પુલકિત થઈ ઊઠતો હતો. આ એ મહેન્દ્ર પણ નહોતો જે માધવીને પોતાની બાજુમાં બેસાડીને, ગાડી ચલાવીને પોતાને ઉતારવા માટે એના ફ્લેટ પર આવતો...

આ તો કોઈ જુદો મહેન્દ્ર હતો... આનું નામ મહેન્દ્ર પણ હતું કે નહીં ભગવાન જાણે.

આ એક એવો માણસ હતો જેને રીમાએ સદીઓથી ઝંખ્યો હતો. જિંદગીના ચાર દાયકા વીત્યા પછી રીમાને મળેલો આ એક એવો માણસ હતો જેણે રીમાને એના 'હોવા'નો, પોતાના અસ્તિત્વનો, એના સ્ત્રીત્વનો અર્થ સમજાવ્યો હતો.

રીમાનું રોમરોમ તૃપ્ત હતું.

તદ્દન શાંત અને અનઆંદોલિત...

કશુંક ઠરી ગયું હતું એની નસોમાં. ગઈ કાલ રાત સુધી સતત ઊકળતું, ઊભરાતુ, છલકાતું કંઈક સાવ સ્થિર થઈ ગયું હતું.

રીમાથી અનાયાસે મહેન્દ્રના ચહેરા પર હાથ ફેરવાઈ ગયો. એની સ્નિગ્ધ ત્વચા પર રીમાની હથેળી એવી રીતે ફરી જાણે રેતી પર સમુદ્રની લહેર આવીને પાછી વળી જાય.

આંખો મીંચીને ઘસઘસાટ ઊંઘતા મહેન્દ્રના ચહેરા પર એક સ્મિત આવી ગયું... "ગુડ મોર્નિંગ માધવી" એ બબડ્યો.

રીમાની અંદર કશુંક ખટ્ટાક દઈને બટક્યું ને, તૂટી ગયું.

ખચાક દઈને કોઈ તલવારે કંઈક કાપી નાખ્યું હોય એવી લાગણી થઈ એને. એ ઝટકાથી ઊભી થઈ ગઈ, પણ એને અચાનક ખ્યાલ આવ્યો કે એણે પહેરેલા ગાઉનનો એક હિસ્સો મહેન્દ્રના શરીરની નીચે દબાયેલો હતો. એ ઊભી થતાં જ પછડાઈ. મહેન્દ્રની આંખ ખૂલી ગઈ.

રીમાને પોતાની પાસે ખેંચીને મહેન્દ્રએ પડખામાં લેવાનો પ્રયત્ન કર્યો, પણ રીમાને એના શ્વાસ રૂંધાતા લાગ્યા. એણે બંને હાથ પહોળા કરીને પોતાની આસપાસ લપેટાયેલો મહેન્દ્રનો હાથ ખસેડી નાખ્યો. એ મહેન્દ્રની નીચે દબાયેલો ગાઉનનો હિસ્સો ખેંચીને ઊભી થઈ ગઈ.

"મારું નામ શું છે મહેન્દ્ર?" એના સ્વરમાં અજબ જેવી કડવાશ હતી.

"રીમા!" મહેન્દ્ર હજી થોડો ઊંઘમાં હતો અને થોડો આશ્ચર્યમાં.

"હું તને પૂછું છું મારું નામ શું છે?" રીમાનો સ્વર વધુ કડવો થઈ ગયો.

"મેં તને ઊંઘમાં માધવી કહ્યું?" મહેન્દ્ર પૂરેપૂરો જાગી ગયો. એ ઝટકાથી બેઠો થઈ ગયો, "હું સમજી શકું છું..."

"શું સમજી શકે છે તું?" રીમાએ લગભગ ચીસ પાડી, "એક માણસના આખેઆખા અસ્તિત્વને નકારીને, એનામાં કશુંક બીજું રોપીને, તારી પોતાની રીતે, તને જે જોઈએ તે મેળવી લઈને, સવારે બ્રશ કરતો હોય એટલી સ્વાભાવિકતાથી આગલી રાતના બધા જ ઇમોશન્સ થૂંકી નાખીને મને કહે છે કે તું સમજી શકે છે? શટ અપ.." રીમા પગ પછાડતી ઓરડાની બહાર નીકળી ગઈ.

હજી હમણાં જ જાગેલો, પલંગમાં બેઠેલો મહેન્દ્ર એને બહાર નીકળી જતી જોઈ રહ્યો..."માધવીએ ક્યારેય આટલા જોરથી, આવી રીતે અને આ ભાષામાં મારી સાથે વાત નથી કરી." એને વિચાર આવી ગયો.

*

34

રીમા પગ પછાડતી ઓરડાની બહાર નીકળી ગઈ.

ત્યાં બેઠેલો મહેન્દ્ર એને બહાર નીકળતી જોઈ રહ્યો... "માધવીએ ક્યારેય આટલા જોરથી, આવી રીતે અને આ ભાષામાં મારી સાથે વાત નથી કરી." એને વિચાર આવી ગયો, "માધવી હંમેશા મારું માન રાખતી, પોતાની વાત કહેવી પણ હોય તો શાંતિથી, નમ્રતાથી, બને ત્યાં સુધી સમય જોઈને કહેતી." મહેન્દ્રને એ બધા જ પ્રસંગો યાદ આવ્યા, જ્યારે પોતે કદાચ એને નહીં ગમતું વર્ત્યો હતો છતાંય એ ક્યારેય મગજ ગુમાવ્યા વિના બને ત્યાં સુધી પરિસ્થિતિને સાચવી લેતી.

રીમાના વર્તનથી મહેન્દ્રને નવાઈ લાગી હતી.

એને વિચાર આવ્યો, "કમાતી સ્ત્રી કદાચ આવી રીતે વર્તતી હશે?"

"આર્થિક રીતે સ્વતંત્ર સ્ત્રી ઘણીબધી બાબતોમાં પોતાની જાતને લગભગ પુરુષ જ સમજવા માંડે છે." મહેન્દ્રનો એક મિત્ર કહેતો, "એને લાગે છે કે પોતે કમાઈ શકે છે એટલે પુરુષ કરી શકે એ બધા જ કામો કરી શકે છે. હું તો બૈરાને નોકરી કરવા દેવાની વિરુદ્ધમાં છું. એનું કારણ આ જ છે."

મહેન્દ્રને અત્યારે આ વાત યાદ આવી અને ચહેરા પર સ્મિત આવી ગયું.

માધવીનો અવાજ ભાગ્યે જ ઊંચો થતો. એને જે કંઈ કહેવું હોય તે પસંદ કરેલા શબ્દો ગોઠવીને કહેતી. સામેનાને ખરાબ ન લાગે, તકલીફ ન પહોંચે એનો પૂરો ખ્યાલ રાખતી. કોઈક વાર એને ખરાબ લાગ્યું હોય તો પણ પોતાને પહોંચેલું દુઃખ પોતાના સુધી રાખીને સામેના માણસને એનો અહેસાસ પણ ન થાય એવો માધવીનો પ્રયાસ રહેતો.

મહેન્દ્રને કદાચ પહેલી વાર કોઈએ આવી રીતે જવાબ આપ્યો હતો. એની જિંદગીના ચાર દાયકામાં કોઈએ એની સાથે આવી રીતે વાત નહોતી કરી...

"જોકે મેં પણ એને માધવી કહીને તકલીફ પહોંચાડી..." મહેન્દ્રને વિચાર આવ્યો, "એની વાત ખોટી નથી. આખી રાત મારી સાથે ગાળ્યા પછી સવારે હું એના નામના બદલે માધવીનું નામ બોલું તો કોઈ પણ ગુસ્સે થઈ જાય." એ મનોમન દલીલ કરી રહ્યો હતો, "એણે મને મહેન્દ્રને બદલે સુરેશ કહ્યું હોત તો?"

એને રીમાની વાત સાચી લાગી એટલે એ ઊભો થયો અને ફ્રેશ થઈને બહાર પહોંચ્યો ત્યાં સુધીમાં રીમાએ નહાઈને કપડાં બદલી લીધાં હતાં.

"ઘણી જલદી તૈયાર થઈ ગઈ?" મહેન્દ્રને શું કહેવું તે સૂઝ્યું નહીં. એ ખરેખર અપરાધભાવ અનુભવી રહ્યો હતો. કોઈ પણ રીતે રીમાનો મૂડ ઠીક કરવા માગતો હતો, "નાસ્તામાં શું ખાઈશ? ચલ, હું નાસ્તો બનાવી આપું."

"જેવી રીતે માધવી માટે લંચ બનાવતો હતો એમ જ?" રીમાથી બોલાઈ ગયું.

બંને વચ્ચે થોડીક ક્ષણ તદ્દન ચુપકીદી છવાઈ ગઈ. રીમાને પણ પોતાની ભૂલ સમજાઈ, એણે આગળ વધીને મહેન્દ્રનો હાથ પકડી લીધો, "મહેન્દ્ર, આઈ..એમ..સૉરી.."

"નો, આઈ..એમ..સૉરી…" મહેન્દ્ર જે મુદ્દા પર આવવા માગતો હતો એ આટલી સરળતાથી આવી જશે એવી એને કલ્પના નહોતી, "તને તકલીફ થાય એ સ્વાભાવિક છે. મારે માધવીનું નામ નહોતું લેવું જોઈતું."

"તે લીધું નથી મહેન્દ્ર, તારાથી લેવાઈ ગયું છે. અને મને તકલીફ પણ એટલે જ થઈ, કદાચ.." રીમા એની આંખોમાં આંખો નાખીને જોઈ રહી, "તું ગઈ કાલે રાત્રે કોના શરીરને પ્રેમ કરતો હતો મહેન્દ્ર? મારા કે માધવીના?"

"શું બોલે છે તું એનું ભાન છે?"

"ભાન તો તને નહોતું… મારી જગ્યાએ તારી જાતને મૂકી જો." રીમાનું ગળું ભરાઈ આવ્યું, "તમે કોઈ માણસને સંપૂર્ણ વિશ્વાસ સાથે તમારા મન અને શરીર સોંપો, એ પછી તમને ખબર પડે કે એ માણસ તમારા શરીર દ્વારા કોઈ બીજા સુધી પહોંચવાનો પ્રયત્ન કરતો હતો તો કેટલું અપમાન, કેટલી અવહેલના લાગે એની કલ્પના છે તને?"

"એવું નથી રીમા…"

"એવું નથી? તો શું છે?"

"માધવી મારા જીવનનો અભિન્ન ભાગ છે. એને ગયે હજી…"

"એને ગયે હજી થોડાક દિવસો થયા છે એટલે તું એને ભૂલી નથી શકતો… સમજી શકું છું, સ્વીકારી પણ શકું છું! છતાં એનો અર્થ એવો નથી કે તું રીમાને માધવી સમજીને પ્રેમ કરે, તું ના પાડી શક્યો હોત મને."

"તું મારી પરિસ્થિતિ…"

"સમજું છું." રીમાએ વચ્ચે જ કહ્યું, "તારી પરિસ્થિતિ બરાબર સમજું છું. એટલે મને આટલી અકળામણ થાય છે."

"રીમા, તું માને છે એવું નથી… કાચી ઊંઘમાં થોડીક ક્ષણો માટે મને એવું લાગ્યું એ સાચું, પરંતુ ગઈ કાલ રાતની વાત…"

"મહેન્દ્ર, આપણે થોડી સ્પષ્ટતા કરી લઈએ. હું કે તું 16 કે 17ના નથી. કોઈ કોઈને ભોળવીને, પટાવીને, મૂરખ બનાવીને કંઈ જ કરતું નથી. તારી અને મારી બંનેની શારીરિક જરૂરિયાતો છે અને પૂરેપૂરી સમજદારીથી આપણે આ જરૂરિયાતોના જગતમાં પ્રવેશ્યાં છીએ."

"બસ, એટલું જ?"

"નહીં તો બીજું શું? તું એવું તો નહીં જ કહે કે તું મને પ્રેમ કરે છે…" રીમા હસી પડી, "અને, તું કહીશ તો હું માનીશ પણ નહીં. ખરેખર તો પ્રેમ નામનો શબ્દ આ

જગતમાં ક્યાંય છે જ નહીં. એ માત્ર શબ્દ છે. કોઈ અનુભવ, કોઈ લાગણી, કોઈ અનુભૂતિ નથી. માણસે પોતાની જરૂરિયાતોને સંતોષવા માટે સંબંધને આપેલું એક રૂપાળું ટાઇટલ છે."

"રીમા!"

"નવાઈ લાગે છે ને! પણ આ જ સાચું છે." રીમાનો ચહેરો બદલાઈ ગયો, એની આંખો થોડી તરલ થઈ આવી, અવાજ થોડો મૃદુ થયો, એનો ચહેરો રડું રડું થઈ રહ્યો હતો પણ એણે જાતને સંભાળી લીધી, "અમુક ઉંમર પછી બંધાતા સ્ત્રી અને પુરુષના સંબંધમાં એક જ શબ્દ કામનો છે અને એ છે સમજદારી... એ સમજદારીને તમે બીજા કયાં કયાં સ્વરૂપોમાં ઢાળો છો એનો આધાર તમારા ઉપર છે. બાકી ટીનએજર જેવી કોઈ ઘેલછા તું કરે એવી મારી અપેક્ષા નથી અને હું કરું તો મને શોભે પણ નહીં. આકાશના તારા કોઈ તોડી લાવતું નથી મહેન્દ્ર.. ઇચ્છે તો તોડી શકતું પણ નથી. બસ, આ ઉંમરે કોઈ દિલ અને વિશ્વાસ ના તોડે એટલું પૂરતું છે."

"વાતને ક્યાંથી ક્યાં લઈ જાય છે..."

"આપણી વચ્ચે આ સ્પષ્ટતા થવી જરૂરી હતી."

"કઈ સ્પષ્ટતા રીમા?"

"પુરુષોની એક ટેવ હોય છે" મહેન્દ્ર કંઈ બોલવા જતો હતો એને હાથ ઊંચો કરીને રીમાએ રોક્યો, "મારો અનુભવ છે... એટલે કહું છું."

"શું અનુભવ છે તારો?" મહેન્દ્રને સહેજ ગુસ્સો આવી ગયો હતો. કેટલી નાની વાતમાંથી રીમાએ વાતને કેટલી મોટી કરી નાખી હતી એવું એને લાગતું હતું. એ રીમાની નજીક આવ્યો, એણે બંને હાથે એનો ચહેરો પકડ્યો.

રીમાએ એની આંખોમાં આંખો નાખી, "પુરુષ ક્યારેય બધું તોડીફોડીને નવેસરથી શરૂ કરી જ શકતો નથી. આમ તો કહેવાય છે કે સાહસ પુરુષનો ગુણ છે પણ હું જ્યાં સુધી જોઈ શકી છું અને સમજી શકી છું ત્યાં સુધી સ્ત્રીમાં નવેસરથી શરૂ કરવાનું સાહસ હંમેશાં વધારે હોય છે. તમને બધું એવું ને એવું જોઈએ છે ગોઠવેલું... ઉપર ઉપરથી ચોખ્ખું દેખાવું જોઈએ..."

"રીમા... આ બધાની શું જરૂર છે?" મહેન્દ્ર વાત પૂરી કરવા માગતો હતો પણ રીમાને સવારે લાગેલો ચટકો એટલો તો ચણચણતો હતો કે એ લગાતાર બોલે જતી હતી.

"મહેન્દ્ર, જો માધવી તારા મનમાંથી નીકળી જ નહોતી તો મારી નજીક શું કામ આવ્યો? હું... હું કોઈ લગ્નેતર સંબંધ નથી તારો... કોઈ એક્સ્ટ્રામેરીટલ અફેર નથી, સમજણ પડે છે તને?"

હવે મહેન્દ્રની ધીરજ સહેજ ખૂટી ગઈ હતી, એને લાગ્યું કે વાત લંબાઈ રહી છે. વળી રીમાની આટલી લાંબી લાંબી વાતોએ એની અંદર રહેલા પુરુષના અહમ્ પર એક

નાનકડો આઘાત કર્યો હતો એટલે મહેન્દ્ર એ રીતે પણ છંછેડાયો હતો. એણે બંને હાથે રીમાનો ચહેરો પકડી રાખ્યો હતો, એને જોરથી ધક્કો મારીને છોડી દીધો.

“જો, માધવી મારા જીવનનો અગત્યનો ભાગ છે અને રહેશે. એમાં ખાસ કાંઈ બદલાવાનું નથી. મારી જિંદગીનાં વીસ વર્ષ - બે દાયકા ગાળ્યા છે મેં...હું એને ચાહું છું આજે પણ...” રીમાની આંખો ભીની થઈ ગઈ. એણે દાંત નીચે હોઠ દબાવીને આંસુને બહાર આવતાં રોકી લીધાં પણ મહેન્દ્રનો એક એક શબ્દ એના મનને જાણે છેદી-ભેદી નાખતો હતો. એ મહેન્દ્ર સામે

જોઈ રહી હતી. હવે મહેન્દ્રએ પણ જાણે રીમાને સાચું મોઢે કહી દેવાનું નક્કી કરી લીધું હતું.

“તારી સાથેનો સંબંધ કેમ અને શું કામ છે એના એનાલિસિસમાં મારે નથી પડવું... આ સંબંધ છે અને જેમ છે તેમ સ્વીકારી શકતી હોય તો આગળ ચાલશે.”

“એટલે?” રીમાનો અવાજ ફરી એક વાર ઊંચો થઈ ગયો.

“એટલે માધવી સાથે તારી કોઈ સરખામણી જ નથી રીમા... તું સમજી લે...”

“તું કહેવા શું માગે છે મહેન્દ્ર?” ઘણા પ્રયત્ન છતાં રીમાની આંખમાંથી પાણી ટપકવા માંડ્યું, “હું માધવી બનવા માગતી જ નથી... તું શોધે છે મારામાં, માધવીને...”

“હું તને એ જ સમજાવવા માગું છું. તારી અને માધવી વચ્ચે ‘હતી’ અને ‘છે’ નો ફરક છે... એ હતી અને તું છે! એ મારી ગઈ કાલ હતી અને તું આજ છે.”

“શબ્દોમાં સારું લાગે છે, પણ માધવી ક્યારેય કદાચ તારી ગઈ કાલ નહીં બની શકે.”

“રીમા, મારે માટે માધવી ગઈ કાલ જ છે આ પળે પણ... એનું નામ બોલાઈ જવું એ કોઈ બહુ મોટો ગુનો નથી.”

“મેં ક્યાં કહ્યું કે ગુનો છે. હું માત્ર એટલું જ કહેવા માગું છું કે માધવી તારા મનમાંથી નીકળતી નથી અને જ્યાં જગ્યા નથી ત્યાં હું કેવી રીતે દાખલ થાઉં?” મહેન્દ્ર ખડખડાટ હસી પડ્યો. રીમા આટલું બોલ્યા પછી બંને હાથે ચહેરો ઢાંકીને ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી, “મારે માટે ક્યાંય જગ્યા નથી, કોઈનીયે જિંદગીમાં એવું કોઈ સ્થાન જ નથી જે માત્ર મારું હોય, મારા માટે હોય, મારી એકલીનું હોય...”

“તું કોની વાત કરે છે મહેન્દ્રની કે સુરેશની?” મહેન્દ્રએ પૂછ્યું અને માધવીએ ચોંકીને એની સામે જોયું, “તું જાણે-અજાણે મને સુરેશ માની બેઠી છે રીમા.”

“શટઅપ...”

“ગુસ્સે થવાથી કંઈ નહીં થાય. જેવી રીતે સુરેશે બીજી સ્ત્રી માટે તને ઇગ્નોર કરી...”

“છોડી દીધી કહેવાય એને.” રીમાના અવાજમાં ભારોભાર કડવાશ હતી, “તને એ શબ્દ વાપરતાં તકલીફ થતી હશે, મને નથી થતી...”

"રીમા, આપણા ઘાને જાતે જ ખોતરીને એમાંથી લોહી કાઢ્યા કરવું એને બહાદુરી ના કહેવાય."

"મહેન..." રીમા હજી રડી રહી હતી. એના રુદનમાં આક્રોશ પણ ભળ્યો હતો એટલે એનો અવાજ વચ્ચે વચ્ચે તરડાઈ જતો હતો. "સુરેશે મારી સાથે જે કંઈ કર્યું તે, એની ફરિયાદ નથી રહી હવે, પણ અહીં તારી બાજુમાં, તારા પલંગ પર રાત ગાળ્યા પછી તું મને માધવી કહીને બોલાવે એ કેવી રીતે સહન કરું?"

"એક વાત કહું?" મહેન્દ્ર થોડી વાર રીમા સામે જોઈ રહ્યો. પછી ખૂબ સૌમ્યતાથી એના ગાલ પર હાથ ફેરવીને આંસુ લૂછી નાખ્યાં. એને ખેંચીને પોતાની નજીક લીધી. રીમાએ પ્રતિકાર કર્યો, છતાં મહેન્દ્રએ એનું માથું ખેંચીને પોતાની છાતી પર દબાવી દીધું. બે-ચાર ક્ષણ ધમપછાડા કર્યા પછી શાંત થઈ ગઈ. એને થોડી વાર એમ જ પકડી રાખ્યા પછી મહેન્દ્રએ ધીમે ધીમે એના વાળમાં હાથ ફેરવવા માંડ્યો. અત્યંત સ્વસ્થતાથી, છતાં મૃદુતાથી પોતાની વાત કહેવા માંડી, "રીમા, તું મારી સામે કદાચ નહીં સ્વીકારે, પણ મનોમન તને હંમેશાં એવું લાગતું હતું કે માધવી તારાથી બહેતર જિંદગી જીવે છે."

રીમા માથું ઊંચકવા ગઈ, એને જવાબ આપવો હતો પણ મહેન્દ્રએ ફરી એનું માથું છાતી સાથે દબાવી દીધું, "મારી વાત સાંભળી લે પહેલાં... તું હંમેશાં માધવી જેવું જીવવા માગતી હતી. એમાં મહેન્દ્ર નામનો પુરુષ ક્યાંય નહોતો કદાચ. કોઈ તને ચાહે, તારું ધ્યાન રાખે, તારી નાની નાની વાતોની ચિંતા કરે, તારાં નાનાં નાનાં સુખોમાં રસ લે, તારા ગમા-અણગમા સમજે એવું નહોતું જોઈતું તારે?" રીમા એક પણ અક્ષર બોલ્યા વિના મહેન્દ્રની વાત સાંભળી રહી, "માધવીને એ બધું જ મળતું હતું અને છતાં એને કશુંક ખૂટતું હતું."

"એને કશુંયે નહોતું ખૂટતું, એ ખૂબ સુખી હતી."

"દુ:ખી હતી એવું નથી કહેતો. સવાલ તમારી અંદર કશુંક ખટવાનો છે. એ 'કશુંક' શું છે એ તમે શોધી કાઢો ત્યારે જ આત્મા જંપતો હોય છે. માધવીનો બેચેન આત્મા એની પાસે જે હતું એનું સુખ માણવાને બદલે જે નહીં હોય એનો વિચાર કરીને પીડાતો રહ્યો... પરિણામ આપણે બધાંએ જોયું." એણે ઊંડો નિ:શ્વાસ નાખ્યો, "ભોગવ્યું પણ ખરું." હવે રીમાને માથું ઊંચકીને મહેન્દ્રની આંખોમાં નહોતું જોવું. મહેન્દ્રની છાતી પર મુકાયેલું પોતાનું માથું એને અજબ જેવું સુખ આપી રહ્યું હતું. થોડી વાર પહેલાં ગરમ થઈ ગયેલી એની બધી જ નસો ધીમે ધીમે શાંત થતી જતી હતી. મનમાં ઊઠેલા અનેક સવાલો જાણે પોતે જ જવાબો બની ગયા હતા. એ શાંત થઈને મહેન્દ્રની વાત સાંભળી રહી, "ખોટું નહીં લગાડતી, ગુસ્સે પણ નહીં થતી. મને જવાબ નહીં આપે તો પણ ચાલશે. પણ ખરેખર તો મારાથી વધારે તું માધવીમય હતી ગઈ કાલે..."

રીમાના હાથ અનાયાસે ઊંચકાયા. મહેન્દ્રની આજુબાજુ લપેટાઈ ગયા. એક રીતે મહેન્દ્ર સાચું કહી રહ્યો હતો એવો આ સ્વીકાર હતો. રીમાને પોતાના ઇંગ્લૅન્ડમાં ઘરમાં જોયેલું સપનું યાદ આવી ગયું.

"મેં શા માટે માધવીની જગ્યાએ મારી જાતને જોઈ? મહેન્દ્ર કદાચ સાચું જ કહે છે. મને માધવી જેવી જિંદગી જોઈતી હતી. ધીરે ધીરે કદાચ મેં માધવીની જ જિંદગી માગી લીધી." રીમાને વિચાર આવ્યો અને એણે માથું ઊંચું કરીને મહેન્દ્ર સામે જોયું, "માધવી જાણતી હશે?"

"ખબર નથી... હવે એની ચિંતા પણ નથી. એક વાત સમજ રીમા, તું અને માધવી જુદાં છો. પેથોલોજિકલી - લોહીથી જ જુદાં છો. બંધારણથી જુદાં છો. હું તને માધવી કે માધવીને રીમા સમજી શકું જ નહીં..." એણે ધીમેથી ઉમેર્યું, "એ તો હવે રહી જ નથી એટલે એની ચર્ચા કરવાનો અર્થ નથી, પણ તું શાંત મને વિચારજે. આપણી વચ્ચેની માધવીને હું તો શું, તું પણ નહીં ખસેડી શકે."

"તું સાચું કહે છે." રીમાએ ફરી એક ડૂસકું લીધું, "મારી જિંદગીમાં કદાચ કોઈ પૂરેપૂરો - આખેઆખો સંપૂર્ણપણે મારો હોય એવો સંબંધ લખાયો જ નથી..."

મહેન્દ્રના હાથ એના વાળ પસવારતા રહ્યા. રીમા ક્યાંય સુધી રડતી રહી.

*

35

મહેન્દ્રએ એને રડવા દીધી પછી ધીમેથી કહ્યું, "જે નથી એનો વિચાર કરીને જે છે એને આપણે વેડફી રહ્યાં છીએ."

"નથી? એ છે મહેન્દ્ર.. એ ચારે તરફ છે..."

"ભલે રહી. એના અસ્તિત્વને સ્વીકારીને પણ આપણે જીવી જ શકીએ."

"આપણે નહીં, કદાચ તું જીવી શકે. એક સ્ત્રી માટે બીજી સ્ત્રીને સ્વીકારવી લગભગ અશક્ય હોય છે. ખાસ કરીને એ જે પુરુષને પ્રેમ કરતી હોય એ પુરુષના મનમાં કોઈ બીજી સ્ત્રીનો વિચાર પણ ચાલે છે એ વાત એને માટે વલોવી નાખનારી હોય છે."

"જો રીમા, માધવી એક આલ્બમ છે... મારી જિંદગીના ભૂતકાળનું આલ્બમ... હું એમાંના ફોટા ભૂંસી તો નહીં જ શકું."

"અને, હું એ આલ્બમમાં ક્યાંય મારી જાતને શોધી શકતી નથી...કોઈ બીજાના ફેમિલી ફોટોમાં ભૂલથી ગોઠવાઈ ગઈ હોઉં એવું લાગ્યા કરે છે."

"તારે જેમ વિચારવું હોય એમ વિચારી શકે છે, પણ હું તને એક વાત બહુ સાચી કહીશ... જેમ સુરેશ તારી જિદંગીનો ભૂંસી ન શકાય એવો ભૂતકાળ છે એમ માધવી મારા વીતી ગયેલા દિવસોનું અનિવાર્ય તત્ત્વ.."

"તું સમજતો નથી. હું સુરેશને છોડીને આવી છું. એને મારી જિંદગીમાંથી કાઢીને ફેંકી દીધો છે મેં. હવે એની કોઈ જગ્યા નથી મારી જિંદગીમાં... અહીં આવતા પહેલાં મેં બધું જ ખાલી કરી દીધું... બધા લીટા ભૂંસી નાખ્યા."

"વેલ" મહેન્દ્ર હસી પડ્યો, "તારે ત્યાં જગ્યા ઓછી છે એટલે કદાચ ખાલી કરવું પડે. મારે ત્યાં બહુ વિશાળ જગ્યા છે. હું માધવીની સાથે સાથે તને પણ સમાવી શકું." એણે રીમાના ગાલ પર હાથ ફેરવ્યો, "તને જગ્યા નહીં ખૂટે એ મારું તને વચન છે."

"ભાગ પાડીને જ જીવવું હોત તો અહીં શું કામ આવી હોત? સુરેશના ઘરમાં કે એની જિંદગીમાં..." રીમાએ આગળ બોલવાનુ ટાળ્યું પણ મહેન્દ્ર એના નહીં કહેવાયેલા શબ્દોમાં બોલાયેલી વાત સમજી શક્યો.

"જો રીમા, હું કવિ નથી. મારી પાસે બહુ શબ્દો નથી, પણ તને એક વાત કહી દઉં, આપણે બધા જ જિંદગીના ભાગ પાડીએ છીએ. દરેક વસ્તુ માટે આપણી પાસે જુદાં જુદાં ખાનાં હોય છે અને બધું જ વહેંચાયેલું, અધૂરું... આપણા ભાગે આવતું હોય તેટલું લઈને સુખી થવાના વલખાં મારીએ છીએ." એ બહુ સ્વસ્થ અવાજે કહી રહ્યો હતો, "આપણી પાસે શું છે એનું સુખ નથી જોઈતું આપણને, બીજા પાસે શું નથી એ જાણીને મજા પડે છે! આપણી પાસે બીજા કરતાં શું વધારે છે, શું ચડિયાતું છે એ જ જીવવાનું કારણ બની રહે છે..."

"હું કોની સાથે સરખામણી કરું છું? કોના કરતાં ચડિયાતી થવાનો પ્રયાસ કરું છું? જે પોતે જ નથી એની પાસે શું નથી એ જાણીને શું સુખ મળશે મને? પુસ્તકોમાં વાંચેલા વાક્યો જિંદગીમાં કામ નથી લાગતાં મહેન્દ્ર..."

"જાણું છું પણ હું જે વાક્યો વાપરું છું એ ક્યાંય વાંચેલાં નથી. મારી પોતાની જિંદગીમાં અનુભવેલાં છે, જીવેલાં છે."

"મને લાગે છે આપણે કારણ વગર ચર્ચા કરી રહ્યાં છીએ" રીમા અચાનક ઊભી થઈ ગઈ, "આ સંબંધ ક્યાંય નથી પહોંચવાનો."

"ક્યાં પહોંચવું છે તારે? આટલો બધો પ્રવાસ કરીને થાકી નથી હજી?" મહેન્દ્ર હસવા લાગ્યો, "શાંતિથી પલાંઠી વાળીને બેસ, સતત

દોડતા રહેવાનું નામ જિંદગી નથી રીમા.. દરેક વખતે એક જગ્યાએથી નીકળીને ક્યાંક પહોંચી જવું, એટલું જ નથી કરવાનું માણસે... એનાથી આગળ, એના સિવાય પણ ઘણું છે."

"શું છે?" રીમાએ તોછડાઈથી પૂછ્યું,"જેને આસાનીથી ખંખેરી નાખી શકાય એક એવો સંબંધ?"

"તને એક વાત કહું?" મહેન્દ્ર એકાદ ક્ષણ રીમાનો જવાબ મેળવવા અટક્યો પછી એણે પોતાની વાત કહી જ નાખી, "જિંદગીની એક પણ ક્ષણને આપણે આસાનીથી ખંખેરી શકતા જ નથી કારણ કે આપણે જીવેલી દરેક ક્ષણ આપણી સાથે જોડાઈ જતી હોય છે. એમાં બોલાયેલા શબ્દો, અનુભવાયેલી સંવેદના, આપણી અંદર ઊતરીને આપણા લોહીમાં ભળી જતી હોય છે. હું ભૂલી જઈશ અથવા ભૂલી ગયો છું એવું કહી દેવું સહેલું છે રીમા. એવું કહેવાથી આપણા અહમ્‌ને સારું પણ લાગે છે એની ના નહીં, પણ વિચારી જો... તારી જિંદગીની કઈ પળ ભૂલી શકી છે તું? આગળ જોતાં શીખ." મહેન્દ્રએ એનો હાથ પકડીને બેસાડવાનો પ્રયાસ કર્યો.

"આગળ જ જોઈ રહી છું" રીમાએ ઊભા ઊભા જ કહ્યું, "હું આજે અહીંથી જઈશ મહેન્દ્ર..."

"જઈશ? ક્યાં જઈશ?"

"પહેલાં તો ગામ... પછી નક્કી કરીશ."

"એટલે?"

"એટલે એમ મહેન્દ્ર કે હું જ્યાંથી શરૂ કર્યું ત્યાં જ પાછી જવા માગું છું."

"રીમા?"

"હા, મહેન્દ્ર... મને લાગે છે કે ભૂલ છેક પહેલેથી સુધારવી પડે... પહેલું બટન જ્યાંથી ખોટું બીડાયું ત્યાં સુધીનાં બધાં બટન ખોલવાં પડશે મારે.. જે ધરતી છોડીને નીકળી અને જેને હું ભૂલી ગઈ છું એ ધરતી પર પાછી જવા માગું છું..."

"પછી?"

"પછી તો જે થશે તે."

"રીમા, ત્યાં હવે કોણ છે? ત્યાં જઈને શું કરીશ?"

"મેં ક્યાંક વાંચ્યું હતું, જે જ્યાં ખોવાયું હોય એને ત્યાં જ શોધ... મેં મારું બાળપણ, મારું વ્યક્તિત્વ જ્યાં ખોયું છે ત્યાં જઈને શોધીશ."

"મને હજીયે લાગે છે કે તું ભૂલ કરે છે. એ ગામમાં તને કોઈ ઓળખતું નથી. એક પણ ઘર એવું નથી, જ્યાં જઈને તું રહી શકે."

"છે... અમારું પોતાનું ઘર છે, મારા પપ્પાનું. જ્યાં મારાં ફોઈ રહે છે. હું એમની સાથે રહીશ. ત્યાં મારી સ્કૂલ છે, મારી સ્કૂલની બહેનપણીઓ છે અને સૌથી અગત્યની મારા બાળપણની સ્મૃતિઓ છે."

"તું ભૂલ કરે છે. વીતી ગયેલા સમયને ગમે તેટલો ખેંચીતાણીને પણ પાછો નથી લાવી શકાતો. થાકી જઈશ..."

"થાકી જઈશ તો પાછી આવીશ... પણ અત્યારે તો જઈશ."

"જેવી તારી ઇચ્છા." મહેન્દ્ર થોડી વાર કંઈ ના બોલ્યો. પછી જાણે છેલ્લો પ્રયત્ન કરતો હોય એમ કહ્યું, "એકલી જઈશ?"

"હું તો એકલી જ છું મહેન્દ્ર! એ ગામમાંથી એકલી જ નીકળી હતી તો પાછી પણ એકલી જ જઈશ."

"જેવી તારી ઇચ્છા..." એ પછી મહેન્દ્ર કશું જ ના બોલ્યો. એણે ચા બનાવી, ઉપમા બનાવી. બંને જણાએ નાસ્તો કર્યો, પણ જાણે ઘરમાં એક અજબ જેવી ચુપકીદી પ્રવર્તતી રહી.

કામવાળી બાઈ આવી. રીમાને જોઈને એને નવાઈ લાગી. એ રીમાને ઓળખતી હતી, "છેક હવે આવ્યાં?"

"મને... મારી દીકરી બીમાર હતી." રીમાને આટલા મોડા આવવા બદલ એણે અપરાધભાવ જગાડી દીધો, "આવવાની હતી પણ..."

"આ દુનિયા જ એવી છે મેડમ, અમારાં ભાભી હતાં ત્યાં સુધી બધું જુદું હતું. હવે જાણે બધા જ માણસો બદલાઈ ગયા. સાહેબ એકલા છે, પણ કોઈ ચિંતા નથી કરતું."

"સાહેબને બહુ તકલીફ નથી. મેં વાત કરી એમની સાથે."

"અરે મેડમ, પુરુષની જાત કોઈ દિવસ મોઢું ખોલીને કહે? તકલીફમાં હોય તો પણ તકલીફ નથી એવું જ કહે... એમના કરતાં એમનું અભિમાન મોટું હોય." બાઈ કામ કરતી જતી હતી અને બોલતી જતી હતી. એણે આમતેમ જોઈ લીધું, પરંતુ મહેન્દ્ર પોતાના રૂમમાં ચાલી ગયો હતો, "રિસાઈને સાસરે ગયેલી પત્ની વિના કાચું ખાય, પણ માફી માગીને બોલાવે છે કોઈ દિવસ? એનું જ નામ પુરુષ મેડમ! એકલો મરી

જાય, પણ નીચો નમીને કોઈને કહે નહીં કે હું એકલો છું." રીમા ચૂપચાપ સાંભળી રહી હતી, "હું રોજ આવું છું. હું જોઉં છું સાહેબને, કંઈ બોલતા જ નથી. સાંજે તો રસોઈ કરવા પણ નથી બોલાવતા... બહેન, માણસને માણસની જરૂર હોય. એને એકલા ગોંધી રાખો તો ભલભલા ગાંડા થઈ જાય."

"હું સમજી નહીં."

"મને એવું થાય છે કે આ કામ છોડી દઉં." બાઈ ધીમે રહીને મુદ્દા પર આવી, "સોનાલીબેન આવે પછી આવીશ."

"અરે! ત્યાં સુધી મહેન્દ્ર એકલો શું કરે?"

"તમે સમજતાં નથી મેડમ, મારો ઘરવાળો મને આવવાની ના પાડે છે. માણસનું મન ને રાંધેલું અન્ન ક્યારે બગડી જાય એની ક્યાં ખબર છે?"

"તું એમ કહેવા માગે છે કે મહેન્દ્ર..." રીમાનો અવાજ એકદમ ઊંચો થઈ ગયો, "તારામાં અક્કલ છે?"

"જુઓ મેડમ, અહીંયાં બીજું કોઈ તો છે નહીં. તમે ભાભીના ખાસ બહેનપણી હતાં એટલે કહું છું. ઘરમાં અમે બે જ જણાં હોઈએ છીએ. હું અને સાહેબ, ન કરે નારાયણ ને કોઈ દિવસ..." એણે બંને હાથ ગાલે અડાડ્યા, "ના બાબા ના... હું તો રાહ જ જોતી હતી કે કોઈ આવે તો કહી દઉં. ગમે તેમ કરો, તમે સાહેબને કહી દેજો. હું કાલથી નહીં આવું."

"અરે પણ..."

"મેડમ, મારાથી નહીં અવાય. મારો ઘરવાળો બહુ વહેમાય છે. સાહેબ દેખાવડા છે, ઘરડા તો ના જ કહેવાય, પૈસાવાળા છે અને એકલા... કોઈનોય ધણી વહેમાય. મારે તો મારું ઘર સાચવવાનું." એણે રીમા સામે જોયું, "તમે ગઈ કાલે આવ્યાં?"

"હા."

"તે તમારા ઘરવાળા નથી આવ્યા?"

"ના."

"અહીંયાં એકલાં રહ્યાં?"

"હા."

"રોકાવાનાં છો?"

"ના."

"એ જ તો હું પણ કહું છું. સાહેબની ગમે તેટલી દયા આવે, પણ એકલા બાઈમાણસથી અહીંયાં થોડું રહેવાય? ભાભી હતાં ત્યાં સુધી વાત જુદી હતી."

"તું હવે તારું કામ કરીશ?" રીમા અકળાઈને ત્યાંથી ઊભી થઈ ગઈ.

"હું તો મારું કામ જ કરું છું. મને દયા પણ બહુ આવે છે સાહેબની, પણ શું કરું?" બાઈની બડબડ ચાલુ હતી. રીમા લાંબો વિચાર કર્યા વિના સીધી જ ધમધમ કરતી મહેન્દ્રના બેડરૂમમાં દાખલ થઈ ગઈ. મહેન્દ્રના બાથરૂમનો દરવાજો ખુલ્લો હતો. એ હજી હમણાં જ નહાઈને નીકળ્યો હતો. કમરે ટુવાલ વીંટાળીને શેવ કરી રહ્યો હતો.

"આ બાઈ કાલથી નથી આવવાની." "ભલે."

"શું ભલે? તું જમવાનું શું કરીશ?"

"કરીશ કંઈક વ્યવસ્થા. એકલા માણસ માટે બહુ તકલીફ નહીં પડે. ઘરના કામ માટે બીજો માણસ રાખી લઈશ. મને તો દસેક દિવસથી લાગતું હતું કે હવે આ ટકશે નહીં."

રીમાને હસવું આવી ગયું, "તેં એની સાથે કંઈ અડપલું કરેલું કે?"

"શટ અપ..." મહેન્દ્રનો હાથ ધ્રૂજી ગયો. એને દાઢી પર સહેજ ચીરો પડી ગયો. એમાંથી લોહી નીકળવા લાગ્યું. રીમાએ બાજુમાં રાઉન્ડ હેન્ગર પર લટકાવેલો નૅપ્કિન ખેંચીને એની દાઢી પર દબાવી દીધો.

મહેન્દ્રથી અનાયાસે રીમાના ખભાની આસપાસ હાથ વીંટળાઈ ગયો. રીમા એની સામે જોઈ રહી.

"નહીં જા." મહેન્દ્રએ લાગણી ભીના અવાજે કહ્યું.

"લોકો શું કહેશે ખબર છે? આ બાઈ તારું કામ છોડે છે, કારણ કે તું એકલો રહે છે."

મહેન્દ્ર હસી પડ્યો, "તું મારી સાથે રહીશ તો નહીં છોડે."

"બાઈ તો નહીં છોડે કદાચ, પણ દુનિયા આખી તારી સાથેનો સંબંધ છોડી દેશે. હું એક પરણેલી સ્ત્રી છું અને તું એક પરણેલો પુરુષ."

"હું એક વિધુર છું અને તારું લગ્ન પૂરું થઈ ચૂક્યું છે."

"મહેન, આ વાત જેટલી સરળ તને અને મને લાગે છે એટલી કદાચ બીજાને ન પણ લાગે."

"બીજા?" મહેન્દ્રએ નવાઈથી પૂછ્યું, "બીજા કોણ? તારા અને મારા સિવાય આ સંબંધ માટે કોઈની રજા લેવાની છે?"

"મહેન્દ્ર, મારી સાથે જે થવાનું હતું તે થઈ ચૂક્યું છે, પણ સમાજમાં તારી પ્રતિષ્ઠા છે. તારું નામ છે. લોકો તને ઓળખે છે... કાલે ઊઠીને મારા લીધે..." એણે થૂંક ગળે ઉતાર્યું, ક્ષણેક શ્વાસ લીધો, શબ્દો ગોઠવ્યા અને કહ્યું, "કહેનારા તો એમ પણ કહી શકે કે માધવીએ મારા જ લીધે આપઘાત કર્યો."

"વ્હોટ રબીશ... આપણે જાણીએ છીએ કે સત્ય શું છે."

"કોને કોને સમજાવવા જઈશ?"

"મારે કોઈને સમજાવવાની જરૂર નથી."

"ના મહેન, મને આ બરાબર નથી લાગતું."

"કોણ કહે કે તું આટલાં વર્ષ લંડનમાં રહી છે?"

"લંડન સાથે આપણી વાતનો શો સંબંધ છે?"

"પશ્ચિમ આધુનિક છે. ઉદાર વિચારો ધરાવે છે. સ્ત્રી-પુરુષના સંબંધને લગ્નનું લેબલ લગાડ્યા વિના સ્વાભાવિક રીતે સ્વીકારી શકે છે. આટલાં વર્ષ ત્યાં રહ્યા પછી પણ..."

"મહેન્દ્ર, માણસ ગમે ત્યાં રહે, એનો ઉછેર અને સંસ્કાર એની અંદર રોપાયેલા હોય છે. હું મારા ગામની મહેંક અને મારી ધરતીનો રંગ મારી અંદર લઈને જીવતી રહી. ઉપરના રંગઢંગ બદલી નાખ્યા, માનતી રહી કે હું બદલાઈ છું, પણ ખરેખર એવું થયું નહોતું મહેન્દ્ર... હું તો એ જ હતી. બે ચોટલામાં રિબિન નાખીને, ખભે ખાખી દફ્તર ભરાવી સ્કૂલમાં જતી રીમા... માધવીની સાથે બોર તોડતી - કાચી કેરી ખાતી... જિંદગીનાં સપનાંઓને બોરસલીનાં ફૂલની જેમ રૂમાલમાં ભેગાં કરી એની સુગંધ લેતી... એક મુગ્ધ છોકરી! પશ્ચિમનો ઢોળ ચડ્યો તો ખરો મારી ઉપર, પણ ભીતરની માટી એ જ રહી ગઈ."

"હું તને સમજી નથી શકતો રીમા, ચોવીસ કલાકમાં મેં તારી અંદર એકથી વધારે રીમા જોઈ છે."

રીમા હસી પડી. એણે મહેન્દ્રના ચહેરા સાથે પોતાનો ચહેરો ઘસ્યો. મહેન્દ્રના ચહેરા પર લાગેલું ફીણ રીમાના ચહેરા પર લપેટાઈ ગયું, "ખરેખર મારી અંદર એકથી વધારે રીમા છે, પણ એ કઈ અને કેટલી છે એ હું પણ નથી સમજી શકી!"

રીમા હસતી હતી અને બાઈ હાથમાં ઝાપટ મારવાના કટકા સાથે બેધ્યાનપણે મહેન્દ્રના રૂમમાં દાખલ થઈ. મહેન્દ્રનો રીમાના ખભા પર મુકાયેલો હાથ અને રીમાના ચહેરા પર લાગેલું ફીણ! કોઈ ગેરસમજની જગ્યા જ નહોતી. બાઈ બે ક્ષણ માટે રીમાની આંખોમાં જોઈ રહી. એક સાથે એની આંખોમાં કેટલાય ભાવ આવ્યા અને ચાલી ગયા. પછી એણે હાથમાંનો કટકો જમીન પર ફેંક્યો, પગ પછાડ્યો અને બહાર નીકળી ગઈ.

ડઘાયેલી હાલતમાં ઊભાં રહી ગયેલાં રીમા અને મહેન્દ્ર મેઇન ડોર અથડાઈને બંધ થવાનો અવાજ આવ્યો ત્યારે ચોંક્યાં, પછી એકબીજાથી છૂટાં પડી ગયાં.

*

36

બહારનો દરવાજો ધડાકા સાથે બંધ થયો.

"આ બાઈ…" રીમાની આંખો ઝૂકી ગઈ, "શું ધારતી હશે આપણા વિશે?"

"ધારવાનું શું છે? જે જોયું એમાં ખોટું શું હતું?"

"યુ મીન, હું એવી છું?"

"એવી એટલે? મને હજી નથી સમજાતું કે તું શું ઇચ્છે છે? આપણી વચ્ચે ગઈ કાલે રાત્રે જે કંઈ થયું એમાં છુપાવવા જેવું શું છે?"

"હું પરણેલી છું."

"શટઅપ રીમા, આ તને હમણાં યાદ આવ્યું? આપણા બધાનો આ જ પ્રોબ્લેમ છે. જ્યાં સુધી કોઈ ના જાણે ત્યાં સુધી આપણને ખોટું કરવામાં કોઈ વાંધો નથી આવતો, પણ જો કોઈને ખબર પડે કે આપણે કંઈક ખોટું કર્યું છે તો તરત…"

"તું કહેવા શું માગે છે? આ બાઈ બહાર જઈને સો લોકોને કહેશે… તારા અને મારા સંબંધ વિશે."

"તો? તો શું થશે?"

"તને તો કોઈ ચિંતા નથી, કારણ કે માધવી છે નહીં, પણ હું…?"

"તારું શું? તારે સુરેશ સામે તારી ઇમેજ સાચવી રાખવી છે ખરું? શા માટે? કોઈ દિવસ એ સંબંધ પાછો સંધાશે એવી આશા છે તને?" મહેન્દ્રએ રીમાનો ચહેરો પોતાના બે હાથ વચ્ચે પકડ્યો.

"મને નથી ખબર." રીમાએ ચહેરો ઝુકાવી દીધો.

"નક્કી કર રીમા, શું જોઈએ છે? જે જોઈતું હોય એને માટે માણસે પહેલા નિર્ણય કરવો પડે છે અને મેળવ્યા પછી પરિણામ ભોગવવાની તૈયારી રાખવી પડે છે."

"મને પરિણામનો ડર નથી લાગતો. તું સમજતો નથી."

"નથી સમજતો? તો સમજાવ, શાનો ડર લાગે છે તને?"

"લોકો ધારશે કે તારો ને મારો અફેર હતો… પહેલેથી… આઇ મીન…"

"લોકો? લોકો કોણ?"

"આ દુનિયા, આપણી આસપાસના લોકો, આ સમાજ."

"મને કોઈની ચિંતા નથી. કોણ મારા વિશે શું ધારે છે એવું વિચારીને હું જીવી શક્યો નથી અને જીવી શકું પણ નહીં."

"જો..." રીમાએ શબ્દો ગોઠવ્યા, "સુરેશ તો પહેલેથી જ માનતો હતો કે આ દેશમાં મારો કોઈ એવો સંબંધ છે જેને કારણે હું વારંવાર અહીંયાં આવું છું. હવે એને કદાચ ખાતરી થઈ જાય."

"તો?" એને હસવું આવી ગયું, "એને ખાતરી થાય એનાથી શો ફરક પડશે તને કે મને?"

"હું નથી ઇચ્છતી કે સુરેશ મારા પર કોઈ આરોપ મૂકીને પોતાની જાતને નિર્દોષ સાબિત કરે."

"રીમા, અંગત સંબંધોમાં આટલી બધી આંટીઘૂંટી શા માટે? કોઈ નિર્દોષ છે, કોણ ગુનેગાર છે, કોણ કેટલું સારું છે ને કોણ કેટલું ખરાબ છે એ જ નક્કી કર્યા કરીશ જીવનભર?"

"મહેન, સુરેશે મને તરછોડી દીધી એવા સમયે જ્યારે હું સાવ એકલી અને ખરાબ મન:સ્થિતિમાં હતી. પોતે જ્યાં સુધી લંડનમાં સેટલ ના થયો ત્યાં સુધી મારો પૂરેપૂરો ઉપયોગ કર્યો. જ્યારે સેટલ થઈ ગયો ત્યારે એનો ફાયદો મારાથી નાની, મારાથી જુવાન અને મારાથી સુંદર છોકરીને મળી ગયો."

"એમ જ થાય છે. પુરુષની સ્ટ્રગલમાં એના જીવનની પહેલી સ્ત્રી ખભેખભો મિલાવીને સાથે ચાલે છે. પુરુષ આગળ નીકળી જાય છે, એ ત્યાં જ ઊભી રહી જાય છે અને આગળ નીકળી ગયેલા પુરુષને એક બીજી સ્ત્રી મળી જાય છે."

"તારા જીવનમાં પણ કોઈ સ્ત્રી છે?" રીમાના મનમાં કેટલાય દિવસોથી ઘોળાતો સવાલ એણે પૂછી નાખ્યો.

"મને એટલો સમય નથી મળ્યો. માધવીએ એવી તક પણ ના આપી."

"તું એમ કહેવા માગે છે કે માધવી તારો ચોકીપહેરો કરતી હતી? કમઓન..."

"કરતી હોત તો કદાચ તક મળી ગઈ હોત અથવા મેં લઈ લીધી હોત. માધવીએ એટલો ભરોસો મૂક્યો મારામાં કે એને છેતરતાં ડર લાગતો હતો મને." મહેન્દ્રનું ગળું ભરાઈ આવ્યું, "તને નહીં સમજાય. પુરુષને માટે સૌથી મોટો ભય એનામાં મુકાયેલો વિશ્વાસ હોય છે."

"એટલે?"

"એટલે એમ કે શંકા કરતી, ઝઘડા કરતી, વાતેવાતે ઓછું લાવતી પત્નીને છેતરવી સહેલી છે. પરંતુ વિશ્વાસ મૂકતી, શ્રદ્ધા રાખતી અને તમને પ્રેમ કરતી સ્ત્રીને છેતરવી અઘરી છે."

"કદાચ એટલે જ મારા અને સુરેશ વચ્ચે છેતરપિંડી સહેલી બની ગઈ."

મહેન્દ્ર ઝંખવાઈ ગયો, "એવું કહેવાનો ઇરાદો નહોતો મારો."

"ઇરાદાની ચર્ચા નથી, વાત તો સાચી જ છે ને? તને મળીને મને પહેલી વાર સમજાયું છે કે એક પુરુષને ખરેખર શું જોઈતું હોય છે?"

"શું જોઈતું હોય છે?" મહેન્દ્રના ચહેરા પર સ્મિત આવી ગયું.

"શ્રદ્ધા. તમને બધાને એવી સ્ત્રી જોઈતી હોય છે, જે નતમસ્તક ચરણમાં રહે, તમે કહો એમ કરે."

"મૂરખ છે તું." મહેન્દ્ર હસતો રહ્યો, "નતમસ્તક ચરણમાં રહે એવી નહીં, પરંતુ પુરુષ જે કરે એમાં શ્રદ્ધા રાખે અને એને સંભાળી શકે, સાચવી શકે એવી સ્ત્રી જોઈએ છે." એ જાણે મનોમન માધવીનો વિચાર કરતો હતો એવું રીમાને લાગ્યું. એને થોડી તકલીફ થઈ, પણ એ બોલી નહીં.

"થોડી મા, થોડી બહેન, થોડી પત્ની હોય, થોડી પ્રેમિકા... ક્યારેક દોસ્ત બને તો ક્યારેક દુશ્મન થઈને થોડો ઝઘડો કરી લે તો પણ ચાલે."

"ટૂંકમાં, એક જણે બધા રોલ કરવાના, ખરું?"

"રોલ નહીં કરવાના, થોડું થોડું બધું જીવવાનું. પ્રોબ્લેમ ત્યાંથી જ શરૂ થાય છે. આપણે રોલને જિંદગી અને જિંદગીને રોલ માનીએ છીએ... જે જીવવાનું છે એને નિભાવીએ છીએ અને જે નિભાવવાનું છે એને જીવવા માંડીએ છીએ."

"ઉફ! તારી ફિલોસોફી."

"ફિલોસોફી નથી, સત્ય છે. અનુભવમાંથી જન્મેલું સત્ય."

"જો અનુભવમાંથી જન્મેલા સત્યની વાત ના કરીશ, કારણ કે દરેકનો અનુભવ જુદો હોય અને અનુભવ જુદો હોય તો સત્ય પણ જુદું જ હોય."

"યેસ... નાવ યુ ગોટ ઇટ... બે જુદાં સત્યો એકબીજાની સામે આવીને ઊભાં રહે એમાંથી જ શરૂ થાય મતભેદ અને મતભેદમાંથી મનભેદ. હું ભગવાનનો આભાર માનું છું કે અમારી સાથે ક્યારેય આવું ના થયું."

"કોની સાથે શું થાય છે એ આપણે નક્કી નથી કરી શકતાં." રીમાનો અવાજ અચાનક લુખ્ખો થઈ ગયો. મહેન્દ્રથી છૂટી પડીને એ બાથરૂમની બહાર જવા લાગી. એણે બહાર નીકળતાં નીકળતાં કહ્યું, "બહુ સાદી વાત છે મહેન્દ્ર, જ્યારે જિંદગીમાં બધું સારું થાય ત્યારે તમારી સફળતાનું રેય તમે બહુ લોકોને આપી શકો છો, પણ જ્યારે તમારી સાથે કંઈ ખોટું થાય ત્યારે એને માટે એ જ લોકો તમને જવાબદાર ઠેરવે છે."

"ચર્ચા પૂરી થાય છે." મહેન્દ્રએ તાળી પાડી. એ શેવ કરવા લાગ્યો.

બાથરૂમની બહાર નીકળી ગયેલી રીમા બેડરૂમમાં લગાડેલા માધવીના ફોટા સામે આવીને ઊભી રહી. એની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં. મહેન્દ્ર સાથેનો સંબંધ ક્યાંથી ક્યાં પહોંચી ગયો હતો...

"આવો એક માણસ જિંદગીમાં મળ્યો હોત તો કદાચ હું પણ તારી જેમ…" એણે માધવીની તસવીરને કહ્યું અને આંખો લૂછી નાખી.

મહેન્દ્ર નાહીને બહાર નીકળ્યો ત્યારે રીમાએ પોતાની બેગ્સ ફરીથી પેક કરીને ડ્રોઇંગરૂમમાં લાવીને મૂકી દીધી હતી.

મહેન્દ્રએ એની સામે જોયું, "તો તારે જવું જ છે."

"હા."

"મને હજી એવું લાગે છે કે…"

"તું કહી ચૂક્યો છે. હવે આપણે એ વિશે ચર્ચા નહીં કરીએ."

"રીમા, ત્યાં… આઇ મીન ગામમાં… તને નહીં ફાવે."

"હું ત્યાં જવા માગું છું મહેન્દ્ર, અને ઇચ્છું છું કે તું મને રોકે નહીં."

"વેલ!" મહેન્દ્રએ ખભા ઊંચક્યા, "તારે જેમ કરવું હોય એમ કર, પણ એક વાત કહી દઉં." એણે રીમાની નજીક આવીને એના ચહેરા પર માર્દવથી હાથ ફેરવ્યો, "આ તારું ઘર છે… તને જ્યારે મન થાય ત્યારે તું આવી શકે છે."

"મને નથી સમજાતું, હું સાચું કરી રહી છું કે ખોટું…" રીમાથી કહેવાઈ ગયું, "આ માધવીનું ઘર છે."

"હવે માધવી જ નથી."

"એથી એનું ઘર મારું નથી થઈ જતું."

"રીમા, એક ઘરમાં એકથી વધારે લોકો નથી રહી શકતા? એ બધા એને પોતાનું ઘર નથી કહેતા?"

"કહેતા હશે."

"રીમા, તું કારણ વગર જે પરિસ્થિતિ માટે અપરાધભાવ અનુભવે છે એ પરિસ્થિતિ ખરેખર છે જ નહીં. જે નથી એને માટે દુ:ખી થઈને શો ફાયદો?"

"કોણ જાણે? પણ મારા મનમાં રહી રહીને એક જ સવાલ આવે છે." રીમા હજી પોતાનું વાક્ય પૂરું કરે એ પહેલાં મહેન્દ્રએ એની આંખોમાં જોઈને કહ્યું, "તને એવું લાગે છે કે તારી સાથે ઇવાએ જે કંઈ કર્યું એ જ તું માધવી સાથે કરી રહી છે? તેં ઇવાને આશ્રય આપ્યો, તારા ઘરમાં રાખી, એનાં સુખ-દુ:ખમાં સાથ આપ્યો અને એણે તારા જ પતિ સાથે…"

"કદાચ." રીમાનો ચહેરો ઝંખવાઈ ગયો. એને લગભગ પકડાઈ ગયાની લાગણી થઇ.

"તો એ વાત ખોટી છે. ઇવાએ તારી સાથે જે કંઈ કર્યું અથવા એનાથી જે કંઈ થઈ ગયું એમાં કદાચ તું પણ જવાબદાર છે."

"હું? હું કેવી રીતે જવાબદાર છું? મેં તો મારાથી બનતું બધું જ કર્યું."

"હા, પણ એ બધું જ કર્યાની વ્યાખ્યા સુરેશની જરૂરિયાતો સાથે કદાચ મેળ નહીં ખાતી હોય."

"પુરુષ છે ને... તું પુરુષનો જ પક્ષ લઈશ."

"તું અત્યારે બધું જ જુદી દિશામાં વિચારી રહી છે. મારી વાત નહીં સમજાય તને. જા, થોડા દિવસ જઈ આવ. હવે મને પણ એવું લાગે છે કે તારે જવું જોઈએ." એણે કહ્યું અને ઘરની બારીઓ બંધ કરવા માંડી, "હું તો ઘર બંધ કરવા માંડ્યો, ભૂલી ગયો કે તું ઘરમાં જ છે."

"ના ના, હું તારી સાથે જ નીકળું છું."

"ક્યાં જઈશ?" મહેન્દ્ર ફરી હસી પડ્યો, "મને એ સમજાય છે કે તારો કોઈ પ્રોબ્લેમ છે, પણ એ નથી સમજાતું કે તારો પ્રોબ્લેમ શો છે? ચૂપચાપ બેસ. મને તપાસ કરવા દે કે બોમ્બે-ભાવનગરની કઈ ફ્લાઇટ ક્યારે જાય છે. એરપોર્ટ બેસી રહેવા કરતાં તો ઘરમાં આરામ કરવો સારો જ છે." એ મુખ્ય દરવાજા સુધી પહોંચ્યો. રીમાને કશું જ કહેવાની તક આપ્યા વિના એણે છેલ્લું વાક્ય કહ્યું, "હું નીકળું છું. તારી ફ્લાઇટની તપાસ કરીને ટિકિટ મંગાવી લઈશ."

મહેન્દ્ર દરવાજો બંધ કરીને ચાલી ગયો. મહેન્દ્રના જતાં જ જાણે આખું ઘર પત્તાંનો મહેલ હોય એમ તૂટી પડ્યું.

ઘરની શાંતિ પાંચ ગણી થઈ ગઈ અને વ્યાપ દસ ગણો વધી ગયો...

રીમા પથ્થરની બેઠક તરફ ગઈ, ત્યાં ઊભી રહી એ દરિયો જોવા લાગી. ગઈ કાલ રાતના દરિયા કરતાં આજે સવારનો દરિયો સાવ જુદો લાગતો હતો. અંધારામાં ઘૂઘવતો દરિયો એની ઇચ્છાઓની જેમ ઉછાળા મારતો, ઉફણાતો દરિયો હતો અને સવારના અજવાળામાં દેખાતો દરિયો સોનેરી રંગનો, શાંત, ગંભીર, સમજદાર દરિયો લાગતો હતો...

એણે નજીક પડેલા સોફામાંથી કુશન લઈને પથ્થરની બેઠક પર જ લંબાવી દીધું. આંખો મીંચીને આરામ કરવાનો, શાંત થવાનો પ્રયાસ કરવા લાગી, પણ ગઈ કાલ સાંજથી અત્યાર સુધી બનેલી બધી જ ઘટનાઓ સિનેમાની જેમ એની આંખો સામે રહી રહીને સજીવ થતી ગઈ...

"કઈ વાતે આટલી વિચલિત થાય છે?" એના મને એને પૂછ્યું.

"આ માધવીનું ઘર છે. માધવીનો પતિ. માધવીનો સંસાર..." એની અંદર જાણે કશુંક ફરી એક વાર વલોવાયું.

"આ બધું જ તને ગઈ કાલે રાત્રે પણ ખબર હતી રીમા, મહેન્દ્ર સાથેની એક એક પળ, એક એક સ્પર્શ માણ્યો છે તેં. જુઠ્ઠું નહીં બોલતી."

"હા..." રીમા પોતાના જ મન સામે હારી ગઈ.

"તો અફસોસ શાનો થાય છે? જે માણ્યું એનું સુખ તારી બેગમાં ભરી લે અને નીકળી જા અહીંથી..."

"પણ..."

"પણ?" એના મને જ એને સવાલ પૂછી નાખ્યો, "આ પણ શું છે એ ખબર છે તને? તારે અહીં જ રહેવું છે. આ સુખ તારું પોતાનું બનાવી લેવું છે એ વાત તું સારી રીતે સમજે છે, પણ સ્વીકારતી નથી."

રીમાએ માથું હલાવ્યું, વિચારો ખંખેરવાનો પ્રયાસ કર્યો, પણ એવું કશું જ થઈ શક્યું નહીં... એનું મન એની સાથે દલીલો કરતું રહ્યું અને એના વિચારો એને વિચલિત કરતા રહ્યા.

રીમાએ ઊભા થઈને ચહેરા પર પાણીની છાલકો મારી. પછી પોતાના પર્સમાંથી એક નોટ કાઢીને ચિઠ્ઠી લખી, "હું જાઉં છું મહેન્દ્ર... મારા પોતાના ઘરે. મારી ટિકિટની ચિંતા કરવાની જરૂર નથી..." ક્ષણેક વિચાર કરીને ચિઠ્ઠી ફાડી નાખી, પછી ફોન ઉપાડ્યો, મહેન્દ્રનો નંબર ડાયલ કર્યો... ડિસકનેક્ટ કર્યો અને આખરે સેલફોન ઉપાડીને મેસેજ ટાઇપ કર્યો, "હું જાઉં છું. મારા ફ્લેટ પર. ત્યાંથી ગામ જઈશ. મારી ચિંતા કરીશ નહીં. જરૂર પડશે તો એસએમએસ કરીશ. મારો નંબર તારી પાસે છે, ના હોય તો સેવ કરી લેજે."

મહેન્દ્રએ સેલફોન પર મેસેજ વાંચ્યો.

એને પહેલાં સહેજ ગુસ્સો આવ્યો અને પછી હસવું આવી ગયું.

એણે ઇન્ટરકોમ ઉપાડ્યો, "મહેર, ભાવનગરની ટિકિટનું શું થયું?"

"થઈ ગઈ છે સર."

"ટિકિટ હાથમાં આવે એટલે ડ્રાઇવરને હું કહું તે સરનામે મોકલીને ટિકિટ પહોંચાડી દેજે."

"ઓ.કે. સર."

ફોન મૂકીને મહેન્દ્ર ફરી એક વાર પોતાના કામમાં ગૂંથાઈ ગયો.

મહેન્દ્રના ઘરમાંથી નીકળતા પહેલાં રીમા માધવીની તસવીર સામે ઊભી રહી. એની આંખોમાં આંખો નાખી અને ધીમેથી કહ્યું, "બની શકે તો મને માફ કરજે..."

*

37

ભાવનગર ઊતરીને ટૅક્સી લઈને રીમા ગામમાં પહોંચી ત્યારે રાત થવા આવી હતી.

રીમાએ ભાવનગર જેવું ધાર્યું હતું એવું સહેજેય નહોતું. હવે તો લગભગ શહેર થઈ ગયું હતું. મોટા રસ્તા, ખૂબ બધાં વાહનો, બજારોમાં ઝગમગતી લાઇટો અને ભીડ...

રસ્તે ઊભા રહીને ખાતા લોકો, રેસ્ટરન્ટ્સ, કપડાંની દુકાનો, દાગીનાની દુકાનો...

રીમા પહોળી આંખે શહેરને જોઈ રહી હતી. એણે પર્સમાંથી એડ્રેસ કાઢ્યું, "ક્રેસન્ટ સર્કલ જવું છે..."

ટૅક્સીવાળાએ જમણી તરફ વાળીને ગાડી સડસડાટ લઈ લીધી.

ચોકમાં આવીને એણે રીમાને પૂછ્યું, "કઈ બાજુ?"

રીમાને સમજાતું નહોતું કે એણે કઈ તરફ જવાનું છે. સ્કૂલના દિવસોમાં પગે ચાલીને એ આ જ રસ્તાઓ પર ફરી હતી. ત્રણ દાયકામાં આ શહેર ત્રીસ ગણું મોટું થઈ ગયું હતું એવું એને લાગ્યું.

એણે ફરી એડ્રેસ કાઢ્યું, "અંબિકા સોસાયટી..."

ડ્રાઇવરે પસાર થતા એક માણસને બૂમ પાડીને ઊભો રાખ્યો, "એ ભાઈ..." માણસ નજીક આવ્યો, "અંબિકા સોસાયટી ક્યાં આવી?"

"કઈ અંબિકા સોસાયટી? ફ્લેટ કે બંગલા?"

"બંગલા..." રીમાએ ઉતાવળે કહ્યું.

"કોને ત્યાં જવું છે?" પેલો માણસ જરા જાણીતો લાગ્યો, "હું ત્યાં જ રહું છું."

"જશુમતીબેનને ત્યાં."

"જશુમતીબેન? કયો નંબર?"

"બાવીસ." રીમાએ હાથમાં પકડેલી ચિઠ્ઠીમાં જોયું.

"જશવંતીબેન..." પેલા માણસે આત્મવિશ્વાસ સાથે કહ્યું.

"હા, હા, જશવંતીબેન... હું ભૂલી ગઈ. મારાં ફોઈ થાય."

પેલો માણસ એની સામે નવાઈથી જોઈ રહ્યો. સૌરાષ્ટ્રમાં રહેતો એક માણસ તદ્દન સ્પષ્ટ રીતે વિદેશી દેખાતી આ સ્ત્રી સામે જોઈને સહેજ હસી પડ્યો, "તમારાં ફોઈનું નામ ભૂલી ગયાં? કેટલાં વર્ષે આવ્યાં?"

"ઘણાં વર્ષે." રીમાએ કહ્યું અને કાચ ચડાવી દીધો. પછી તરત જ ખ્યાલ આવ્યો કે હજી એ માણસે એડ્રેસ તો સમજાવ્યું જ નહોતું. એટલે કાચ ઉતાર્યો, "અંબિકા સોસાયટી..."

"બહુ ઉતાવળમાં છો મેડમ." સૌરાષ્ટ્રના માણસો અમથાય ફુરસદમાં હોય છે અને એમાંય આ તો જમીપરવારીને પાન ખાવા નીકળેલો, ટહેલતો માણસ...

"અંબિકા સોસાયટીનો રસ્તો સમજાવશો, પ્લીઝ?"

માણસે ડ્રાઇવરને કહ્યું, "અહીંથી સીધા જાવ, પહેલા સિગ્નલથી વળી જજો." રીમાએ કાચ ચડાવી દીધો અને નિરાંતનો શ્વાસ લીધો.

"બીજા લોકોમાં આટલો બધો રસ શું કામ લેતા હશે? હું કેટલાં વર્ષે આવી એની સાથે એને શું મતલબ?"

"અહીંયાં બધા એવા જ હોય મેડમ, તમારા અમેરિકા જેવું નહીં." ડ્રાઇવરની વિદેશની વ્યાખ્યા અમેરિકામાં પૂરી થઈ જતી હતી.

"એની વે, જલદી લઈ લો."

ટેક્સી આખરે જશવંતીબેનના ઘરની સામે જઈને ઊભી રહી. રીમા નીચે ઊતરી. ઓટલાના પગથિયાં ચડી બારણું ખખડાવ્યું.

કોઈ જવાબ નહીં.

એણે ફરી બારણું ખખડાવ્યું. અંદરથી ઘસાયેલો, માંદલો અવાજ આવ્યો, "ઉઘાડું છું ભઈ ઉઘાડું છું..." થોડીક ક્ષણો રાહ જોયા પછી દરવાજો ખૂલ્યો.

તદ્દન કૃશકાય થઈ ગયેલાં, પાંપણના વાળ પણ ધોળા થઈ ગયા હતા એવાં, ચહેરા પર અનેક કરચલીઓવાળાં જશવંતીબેને દરવાજો ખોલ્યો, "કોણ?" બહારથી આવતી લાઇટને રોકવા એમણે આંખ પર છાજલી કરી.

"હું છું, રીમા..."

"રીમા કોણ?"

"હું રીમા... મનોહરભાઈની દીકરી..." રીમાએ નીચા નમીને પગે લાગવાનો પ્રયત્ન કર્યો, પણ જશવંતીબેનને બહુ ખ્યાલ આવ્યો હોય એવું લાગ્યું નહીં.

એ પોતાની નવાઈમાં ડૂબેલાં હતાં, "અરે રીમા! તું અટાણે?" જશવંતીબેને આગળ વધીને એનાં ઓવારણાં લીધાં. રીમાની આંખો ભરાઈ આવી, "આવડી નાનકડી જોઈ હતી. પછી તારાં લગનમાં જોઈ ને તે પછી સીધી આજે. ક્યાંથી ઓળખું બેટા? હવે તો આંખનુંય કાચું થઈ ગયું છે."

"કંઈ વાંધો નહીં. હું બેગ લઈ લઉં." એ બહાર જવા લાગી.

"લે, અહીં રહેવાની છે?" જશવંતીબેનના અવાજમાં રીમાએ કલ્પ્યો હતો એવો ઉમળકો નહોતો જ.

"હા." રીમાએ બહાર જઈને ટેક્સીના પૈસા ચૂકવ્યા, પોતાની બેગ ઉતારી. બંને હાથે લઈ જઈને ઓટલા ઉપર મૂકી.

"જો બેટા, હું તો અહીં એકલી રહું છું. સવાર-સાંજનું ટિફિન આવે છે. કામ કરવાવાળી બાઈ એક જ વાર આવે છે. તને આંય ફાવશે નહીં."

"ફોઈ..." રીમાને એમના વર્તનથી ખરેખર આઘાત લાગ્યો હતો. આ એ જ ફોઈ હતાં, જે રીમા માટે જીવ કાઢવા તૈયાર હતાં. લંડન જતી નાનકડી રીમાને વળગીને રડ્યાં હતાં. આ મકાન રીમાના પિતાની માલિકીનું હતું, પરંતુ ફોઈ જીવે ત્યાં સુધી એમને વાપરવા માટે રીમાના પિતાએ આપી દીધું હતું. જશવંતીબેન નાની ઉંમરે વિધવા થયેલાં. એમના ભરણપોષણની તમામ જવાબદારી રીમાના પિતાએ લીધેલી. એમના નામે ફિક્સ ડિપૉઝિટ અને જીવે ત્યાં સુધી આ મકાન લખી આપેલું...

રીમા એમની સામે જોતી રહી.

ઘરમાં સપાટાભેર ફરી વળતાં, અડધા કલાકમાં આખા કુટુંબની રસોઈ કરીને બહાર નીકળી જતાં આ જશવંતી ફોઈ હવે માંડ માંડ ચાલી શકતાં હતાં. દૃષ્ટિ અને કાન હજીયે સરવા હતા, પરંતુ શરીર સાવ નંખાઈ ગયું હતું.

"જો બેટા, તારા બાપનું મકાન છે એ સાચું, પણ હું જીવું ત્યાં લગી તો હું રહીશ. વેચવા નહીં દઉં..." એમનો અવાજ અનાયાસે જ ઊંચો થઈ ગયો, "મારી પાસે લખાણ છે હોં..."

"હું મકાન વેચવા નથી આવી."

"નહીં? તો શું કામ આવી છે?"

"તમારી સાથે રહેવા." રીમાએ બાળપણમાં કરતી એમ જ એમના ગળામાં હાથ નાખી દીધા. જશવંતીબેનને પણ કોણ જાણે શું થઈ ગયું તે એમણે એને છાતીસરસી ચાંપી દીધી અને રડવા લાગ્યાં.

"મને થયું કે હવે હું મરું ત્યાં સુધી તારાથી રાહ નહીં જોવાય, એટલે બી ગઈ..." એમની ઘરડી સફેદ પાંપણોવાળી આંખોમાંથી આંસુ નહોતાં નીકળતાં, પણ અવાજ ભીનો થઈ ગયો. કરચલીવાળી ચામડીનો સ્પર્શ રીમાને કંઈક અજબ જેવો ભય જગાડી ગયો, "આ ઉંમરે ક્યાં જાઉં? આગળપાછળ કોઈ છે નહીં. મરી જઈશ પછી મકાન તારું જ છે."

"મારે મકાન નથી જોઈતું ફોઈ, હું તો તમારી પાસે રહેવા આવી છું."

"આટલાં વરસ સુધી હું મરી કે જીવી એ પૂછ્યું નથી અને હવે એકદમ આવી ગઈ એટલે મને થયું કે..."

"ફોઈ... આપણે સવારે વાત કરીશું." રીમાએ ગળામાંથી હાથ કાઢ્યા અને ધીમેથી પૂછ્યું, "હું કયા રૂમમાં બેગ મૂકું?"

"ઊભી રહે." જશવંતીબેને ધ્રૂજતા હાથે એને થોભવાનો ઇશારો કર્યો અને ડગુમગુ થતાં પગલે અંદરના રૂમ તરફ ગયાં. પાછા આવ્યાં ત્યારે નાડીમાં બાંધેલી ચાવીઓનો

એક ઝૂડો એમની પાસે હતો. ઝીણી આંખો કરીને ધ્રૂજતા હાથે એમણે એમાંથી ચાવી શોધી કાઢી અને પોતાના રૂમની બાજુના બંધ રૂમનું તાળું ધીમે ધીમે કરીને ખોલ્યું.

"એકલી રહું છું બેટા, બધે તાળાં મારી રાખું છું. ચાર રૂમનું ઘર છે. શું કરું?"

"કાંઈ વાંધો નહીં." રીમાએ કહ્યું તો ખરું, પણ એની ધીરજ ખૂટી ગઈ હતી.

રૂમ જોઈને એને અકળામણ થઈ આવી. લોખંડનો એક પલંગ, જેના પર એક જૂનું ગાદલું ચાદર વગર નાખેલું હતું. પંખાનાં પાંખિયાં પર કાળાશ જામી ગઈ હતી. દીવાલો પર ભેજથી પોપડા ઊખડતા હતા... કચરા-પોતાં થતાં હશે એટલે જમીન અને ઓરડો પ્રમાણમાં ચોખ્ખાં હતાં. ઓરડાની અંદર એક બારણું હતું, જે બાથરૂમ હશે એમ ધારીને રીમાએ ખોલ્યું.

દેશી પ્રકારનું ટોઇલેટ અને નળની નીચે એક જૂની-ક્ષારવાળી ડોલ મૂકેલી હતી. ઘણા વખતથી નહીં વપરાતા બાથરૂમમાં દીવાલો પર ઊતરેલા કાટના રેલા હતા, ટાઇલ્સ ઉપર ક્ષાર જામી ગયો હતો.

રીમાને કમકમાં આવી ગયાં.

"તું જા, પણ તને ફાવશે નહીં." મહેન્દ્રએ કહ્યું હતું એ એને યાદ આવી ગયું.

"ફાવશે ને?" ફોઈ પૂછતાં હતાં. રીમાએ ડોકું ધુણાવીને હા પાડી અને એક અક્ષર બોલ્યા વિના પોતાની બેગ ઓટલા પરથી લાવીને અંદર મૂકી. ફોઈએ મુખ્ય દરવાજો બંધ કરીને અંદર તાળું માર્યું અને ફરી એક વાર ડગુમગુ ચાલતાં પોતાના ઓરડા તરફ જવા લાગ્યાં.

રીમા ફોઈએ બતાવેલા રૂમમાં ગઈ.

ફોઈ પોતાના રૂમમાં જઈને, લાઇટ બંધ કરીને પલંગ પર સૂઈ ગયાં...

રીમાને જોરજોરથી રડવાનું મન થઈ ગયું.

બાળપણની બધી જ યાદો એક ઝટકામાં ભૂંસાઈ ગઈ. આ ઘર, આ ઘર સાથે જોડાયેલી સ્મૃતિ, છોકરાંઓનો શોરબકોર, રસોડામાંથી આવતી ભૂખ જગાડી મૂકતી સ્વાદિષ્ટ સોડમ... મા અને પપ્પા...

આ ઘરમાં હવે કશું જ નહોતું રહ્યું.

ભેંકાર - અવાવરું - ખંડેર જેવું થઈ ગયું હતું આ મકાન.

એ લોખંડના પલંગ પર બેસી ગઈ અને માથે હાથ દઈને થોડીક ક્ષણો એમ જ અન્યમનસ્ક જેવી બેસી રહી.

એના પેટમાં બિલાડા બોલતા હતા, પણ ફોઈએ ખાવાનું પૂછ્યું સુધ્ધાં નહીં. આ ઘરમાં રસોડું સતત ધમધમતું રહેતું. બહારના નાસ્તા કદી આવતા નહીં. છોકરાંઓને જ્યારે ભૂખ લાગે ત્યારે ગરમ નાસ્તા બનાવી આપવાનો રિવાજ હતો.

આ જ જશવંતી ફોઈ જાતજાતનાને ભાતભાતના નાસ્તા બનાવતાં. એમના હાથની રસોઈનો સ્વાદ રીમાની જીભ પર હજીયે એવો જ તાજો હતો!

"હવે?" એણે જાતને જ પૂછ્યું, પણ કોઈ જવાબ ના મળ્યો.

ચાદર વગરના ગાદલા પર એણે આડા પડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ બંધિયાર ઘરની અને ધૂળ ભરેલા ગાદલાની વાસ એના ગળા સુધી જતી રહી.

બે-ત્રણ છીંક ખાઈને એ બેઠી થઈ ગઈ.

બેગ ખોલીને ટોવેલ કાઢ્યો અને ગાદલા પર પાથર્યો... ટૂંકો પડ્યો એટલે દુપટ્ટો કાઢ્યો...

માંડ માંડ વ્યવસ્થા કરીને એ ઓશીકા વગરના ગાદલા પર આડી પડી ત્યારે એનું ડૂસકું છૂટી ગયું.

"શું કામ આવી હું અહીંયાં?" એને અફસોસ થઈ ગયો, "મહેન્દ્રની સાથે શાંતિથી એના ઘરમાં જ રહી શકી હોત. એણે તો કહ્યું જ હતું. હું જ કારણ વગરના સિદ્ધાંત અને અપરાધભાવમાં ઘસડાઈ ગઈ."

એ રડતી હતી કે બહાર બારણું ઠોકવાનો અવાજ આવ્યો.

જશવંતી ફોઈ ફરી એ જ રીતે, "ઉઘાડું છું ભઈ, ઉઘાડું છું..." કરતાં ડગુમગુ ચાલે મુખ્ય દરવાજા તરફ ગયાં.

બારણું ખોલ્યું તો સામે હમણાં જ ભટકાયેલા પેલા ભાઈ ઊભા હતા. એમને જોઈને રીમા તરત જ પોતાના રૂમમાં ચાલી ગઈ.

"માધવ, તું?" જશવંતી ફોઈએ નવાઈથી પૂછ્યું, "અટાણે કેમ?"

"તમારે ઘેર મહેમાન હતાં, પહોંચી ગ્યાં?"

"હા, ભઈ હા..." જશવંતી ફોઈનો અવાજ કંટાળેલો હતો.

"કાંઈ ખાધાપીધાની વ્યવસ્થા કરી કે એમ જ?"

"હું શું કરવાની? મારું ટિફિન તો જમી ગઈ. બાકી હતું તે વાળુંવાળાને દઈ દીધું."

"તે મોકલો આપણે ઘેર... આપણે ત્યાં તો એક માણસનું વધારાનું હોય જ છે." માધવના અવાજમાં અજુગતું પોતાપણું હતું, "મહેમાનને કંઈ ભૂખ્યા ના સુવાડાય..."

"રીમા..." જશવંતી ફોઈનો અવાજ એના કાને અથડાયો, પણ એણે જવાબ ના આપ્યો, "રીમા..." ફોઈએ ફરી બૂમ પાડી, કોઈ જવાબ નહીં, "ઊંઘી ગઈ લાગે છે."

"હજી હમણાં તો અહીંયાં ઊભાં હતાં." માધવ પૂરેપૂરા અધિકાર સાથે એના રૂમ સુધી આવી ગયો, "ઊંઘી જવાનો ઢોંગ કરશો એ નહીં ચાલે." એ ખૂબ જાણીતો હશે એટલે ફટ કરતી રૂમની લાઇટ કરી નાખી.

રીમા ચમકીને બેઠી થઈ ગઈ.

"ઉફ!" રીમા મનોમન અકળાઈ ગઈ, "કયા પ્રકારનો માણસ છે?"

"ચાલો ચાલો, એમ જમ્યા વિના સુવાય નહીં."

"મારે..." રીમાએ અચકાતાં કહ્યું, "મારે નથી જમવું, ભૂખ નથી."

"તમે તો કહો, અમને ખબર ના હોય? છેક અમેરિકાથી..."

"મુંબઈથી." રીમાએ જરા તોછડાઈથી કહ્યું, "હું અમેરિકા નહીં, લંડન રહું છું."

"એ બધું એક જ." માધવ હસવા લાગ્યો, "અમારા માટે તો ભારતની બહાર એટલે બધું એક જ. તમારા દેશમાં એવું ચાલતું હશે. અમારે ત્યાં મહેમાનને ભૂખ્યા સુવાડો તો પાપ લાગે. પછી તમે પાછાં જઈને કહોને..."

"હું કોઈને કંઈ નથી કહેવાની, અત્યારે મારે સૂઈ જવું છે."

"સારું, હું થોડાં ખીચડી-શાક આપી જાઉં?"

"આ તો પાછળ જ પડી ગયો." રીમાએ કંટાળાથી એની સામે જોયું, "પણ મારે નથી ખાવું."

"બેટા, બે કોળિયા ખાઈ લે, માધવ તો ઘરનો છે. તારી બહેનપણી ખરીને? પારૂલ... એની વહુ થાય."

"પારૂલ?" રીમાના ચહેરા પર અચાનક આનંદ છવાઈ ગયો.

"નહીં ત્યારે? હું તો તમારી વાતો સાંભળી સાંભળીને થાકી ગયો છું ને તમે તો મારી જોડે સીધે મોઢે વાતેય નથી કરતાં."

"ઓહ સૉરી! મને ખબર નહીં કે તમે..."

"અરે વાહ! હું પારૂલનો ઘરવાળો ના હોત તો તમે મારી જોડે આવી જ રીતે વાત કરત? હું તમને પ્રેમથી જમવા બોલાવવા આવ્યો, પણ તમે તો..."

"ખરેખર... આઇ એમ સૉરી."

"આ પરદેશથી આવેલા લોકોનો એક જ ત્રાસ - વાતે વાતે થેન્ક યુ ને વાતે વાતે સૉરી..." માધવ તદ્દન અનૌપચારિક રીતે હસી રહ્યો હતો. રીમા જરા સંકોચાઈ હતી, "તો આવો છો ને? પારૂલ ગરમ ભાખરી ઉતારતી જ હશે."

રીમા કશું બોલ્યા વિના ઊભી થઈ ગઈ, "હું જઈ આવું ફોઈ."

"ઝટ આવજે પાછી, વાતો કરવા ના બેસતી, મારે સૂઈ જવું છે."

રીમા માધવની સાથે બહાર નીકળી...

"પારૂલને કંઈ કહેતાં નહીં."

"શાના વિશે?" રીમાએ નવાઈથી એની સામે જોયું.

"તમારા વરે તમને કાઢી મૂક્યાં છે ને?" માધવ રીમા સામે જોઈને કહી રહ્યો હતો, "તમારા ઘરવાળા સુરેશભાઈ મારા કાકાના દીકરાના સાળા થાય." એ હસવા લાગ્યો, "તમારે ત્યાં તો આવું બધું ચાલે, પણ અમારે ત્યાં હો-હા થઈ જાય હોં."

રીમાને ભયાનક આઘાત લાગ્યો હતો, હજારો કિલોમીટર દૂર બનેલી ઘટના આ નાનકડા ગામમાં ચર્ચાઈ ચૂકી હતી!

*

રીમાએ માધવની સામે જોયું, “ફોઈને…”

“એમને શું કહેવાનું? એ તો હવે ખર્યું પાન કહેવાય. એમને આ વાતની ખબર હોય કે ના હોય, શું ફેર પડે?” એના ચહેરા પર એક વિચિત્ર પ્રકારનું સ્મિત હતું. એ સ્મિતમાં શું હતું, રીમાને સમજાયું નહીં, પણ એ ધ્યાનથી માધવની સામે જોતી રહી, “તે તમે કાયમ માટે…”

“ખબર નથી.” રીમાએ સાચું બોલવાનો પ્રયત્ન કર્યો.

“કોઈક ગોરી સાથે લફરું છે, હેં ને?”

‘ઉફ્! આ માણસ તો આંગળી આપતાં પહોંચો પકડી રહ્યો છે.’ રીમાને ચીડ ચડી ગઈ. એ જવાબ આપ્યા વિના એની સાથે ચાલતી રહી.

“પણ તમને કહું, આ ગોરી છોકરીઓ હોય છે જ એવી. માખણ જેવી ચામડી, મકાઈના ડોડા ઉપર હોય એવા રેશમી-સોનેરી વાળ અને…” એણે રીમાનાં સ્તનોના ઉભાર સામે જોયું, “એમના શરીર પણ ભરેલાં… હવે એક પુરુષને બીજું શું જોઈએ?” રીમાએ કોઈ જવાબ આપ્યો નહીં, છતાં માધવ બકતો રહ્યો, “અને તમને કહું, આવી છોકરીઓ હોશિયાર હોય છે. એમને ઘણું આવડે. આપણાં બૈરાંની જેમ નહીં…” પછી લગભગ રીમાના કાનમાં કહેતો હોય એમ કહ્યું, “હું જોઉં છું ઘણી વાર પેલી ફિલ્મોમાં… એમાં ગોરી જ છોકરીઓ હોય છે. જે સિફતથી… અને હિંમતથી…” એના ચહેરા પર નરી લાલસા ટપકતી હતી. બહુ દિવસનો ભૂખ્યો માણસ ભોજનની વાત કરતાં જેમ લાળ પાડે એમ માધવનો ચહેરો હસું હસું થઈ રહ્યો હતો, “આપણાં બૈરાંને તો એવું આવડે જ નહીં.”

“તમે સેક્સની વાત કરો છો?”

“હેં?” માધવના ચહેરા પરથી જાણે રંગ ઊડી ગયો. ઘડીભર પહેલાં એ જે રસથી લાળ ટપકાવતાં પોતાની વાત કહી રહ્યો હતો એને બદલે જાણે ચોરી કરતાં પકડાયો હોય એવા ભાવ એના ચહેરા પર આવી ગયા હતા.

“દરેક વખતે પુરુષ માત્ર સેક્સ માટે જ લગ્નની બહાર જતો હોય છે?” રીમાએ બીજી ગોળી છોડી. માધવ ઢળી પડવાની તૈયારીમાં હતો. એણે માંડ માંડ જાતને સંભાળી. રીમાના બે આકરા પ્રહારથી વીખરાઈ ગયેલા - તહસનહસ થઈ ગયેલા એના પુરુષત્વને એણે માંડ માંડ એકઠું કર્યું અને રીમા ઉપર વળતો પ્રહાર કર્યો.

“આમ જ તડતડ બોલતાં હશો…” એણે ખભા ઉલાળ્યા, “માણસ બીજે જ જતો રહે ને?”

રીમાને કોઈએ ઊભી ચીરી નાખી હોય એવું લાગ્યું. એની બધી હિંમત અને ચીડ જાણે એકસામટાં ઓસરી ગયાં. માધવે એક જ વાક્યમાં એને કોડીની કરી નાખી હતી.

"તમે જોવા આવ્યા હશો, કેમ?"

"જોવા નથી આવ્યો, પણ સમજી શકું છું. મારી બૈરી આવી રીતે બોલેને તો આડે હાથે લઈ નાખું. પૂછજો પારૂલને, તમારી તો બહેનપણી છે ને?"

"તમે એના પર હાથ ઉપાડો છો?"

"ઉપાડવોય પડે. બૈરાની જાતને બહુ લાંબી જીભ સારી નહીં."

"અને પુરુષની જાતને લાંબી જીભ સારી એમ?"

"જુઓ, હું તમને માનથી મારા ઘેર જમવા લઈ જાઉં છું. મહેમાનની જેમ આવો, મને બૈરાં જોડે જીભાજોડી કરવાનો શોખ નથી."

"મને પણ તમારા જેવા પુરુષો જોડે વાત કરવી ગમતી નથી."

"તે ક્યાંથી ગમે? સાચું સાંભળવું આ દુનિયામાં કોઈને ગમતું નથી. બૈરું ગમે તેટલું રૂપાળું હોય, ચપડ-ચપડ જીભ ચલાવે એટલે ધણી બહારવટિયો જ થઈ જાય."

"મારે નથી આવવું તમારી સાથે." રીમા ત્યાં જ ઊભી રહી ગઈ. એણે હાથ જોડ્યા, "થેન્ક યુ, હું પાછી જાઉં છું."

માધવને કદાચ આવા પ્રતિભાવની કલ્પના નહીં હોય એટલે એ ગૂંચવાઈ ગયો. જવાબ આપ્યા વિના ત્યાં જ ઊભો રહીને થોડીક ક્ષણ રીમા સામે જોતો રહ્યો. પછી એણે સાવ ધીમેથી કહ્યું, "ચાલો હવે."

"મેં કહ્યુંને, મારે નથી આવવું." રીમાનો અવાજ વધારે ઊંચો થઈ ગયો, "તમે સમજો શું તમારા મનમાં? કેટલી ઓળખો છો મને? મારા વિશે સ્ટેટમેન્ટ પર સ્ટેટમેન્ટ કરો છો... હું બોલતી નથી ત્યાં સુધી?"

"જુઓ..." માધવ શબ્દો શોધવા લાગ્યો, "મારા મનમાં પાપ નથી. આ તો તમારું ભલું ઇચ્છું છું એટલે કહું છું."

"ગેટ લોસ્ટ... તમે છો કોણ મારું ભલું ઇચ્છનારા? જે ભાષા તમે વાપરી... એક્સ-રેટેડ ફિલ્મો જુઓ છો? ગોરી છોકરીઓ સેક્સમાં સારી હોય છે એટલે સુરેશ જતો રહ્યો, એમ? તમારું કામ કરો મિસ્ટર, ભાવનગર જેવા ગામમાં રહીને તમે બીજું વિચારી પણ શું શકો?"

"તો શું કામ આવ્યાં છો અહીં?" હવે માધવ પણ ઉશ્કેરાઈ ગયો, "કોઈ સંઘરતું નથી ત્યારે ને? જાવ તમારે જ્યાં જવું હોય ત્યાં... મને તમારી કંઈ પડી નથી. આ તો જશુબા બિચારાં હેરાન થતાં'તાં એટલે... બાકી તમારાં જેવાને કાઢી જ મૂકવાં જોઈએ. સુરેશભાઈએ બરાબર કર્યું છે."

રીમાને ડૂમો ભરાઈ આવ્યો, પણ આ માણસની સામે રડવું એને પોતાનું સ્વમાન વધારે હણવા જેવું લાગ્યું એટલે ઊંધી ફરીને ચાલવા લાગી.

"ઊભાં રહો હવે, મૂકી જાઉં. રસ્તો નહીં જડે." માધવ દોડીને પાછળ આવ્યો.

"શટ અપ..." રીમાએ કહ્યું અને વધુ ઝડપથી ચાલવા લાગી.

"મર ત્યારે..." માધવે કહ્યું. એ ઊંધો ફરીને સડસડાટ પોતાની દિશામાં આગળ વધી ગયો.

રીમાને જતાં-આવતાં બધાં વાહનો પોતાની ઉપર ધસી આવતાં હોય એવું લાગવા માંડ્યું. એ જેમ ઝડપથી ચાલતી ગઈ એમ એના હૃદયના ધબકારા વધતા ગયા. એને ગભરામણ થવા લાગી. આંખોમાંથી સડસડાટ આંસુ વહી રહ્યાં હતાં. શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. છતાં એ સડસડાટ ચાલતી હતી.

માધવે કહેલી બધી જ વાતો જાણે એને રહી રહીને ખીલાની જેમ ભોંકાતી હતી.

એક અજાણ્યો માણસ આટલી તોછડાઈથી અને આટલી નિર્દયતાથી વર્તી શકે એ અનુભવ એને માટે નવો પણ હતો અને અસહ્ય પણ...

કોણ જાણે કેટલી વાર સુધી એ ચાલતી રહી. નાનકડા ગામના રસ્તા સૂમસામ થવા લાગ્યા હતા. રાહદારીઓ ઘટવા લાગ્યા હતા. પસાર થતા એકલ-દોકલ વાહન સિવાય ભાગ્યે જ કોઈ અવરજવર હતી. મોટા ભાગની દુકાનો પણ બંધ થઈ ચૂકી હતી.

રીમા ચાલતી રહી. ખાસ્સી વારે એને ખ્યાલ આવ્યો કે આ એ રસ્તો નહોતો, જે રસ્તે એ ગઈ હતી.

એ ખૂબ ગભરાઈ ગઈ. અજાણ્યા શહેરમાં પહેલી રાત્રે આ અનુભવ એને ભીતર સુધી ડરાવી ગયો. એની પાસે પર્સ પણ નહોતું. ફોઈનું એડ્રેસ લખેલી ચિઠ્ઠી એણે પર્સમાં મૂકી હતી. અંબિકા સોસાયટી સિવાયનું કશું જ એને યાદ નહોતું.

આગળ ત્રણ રસ્તા છૂટા પડતા હતા. વચ્ચે નાનકડો ચોક બનાવવામાં આવ્યો હતો. આ જગ્યા એને માટે સાવ નવી હતી. આગળ જતાં ત્રણ રસ્તામાંથી કયા રસ્તે જવું એની અસમંજસમાં એ બરાબર વચ્ચે ઊભી રહી ગઈ. બેબાકળી થઈને આમતેમ જોવા લાગી...

એને કંઈ સમજાયું નહીં. આખરે એણે પસાર થતા એક સાઇકલ સવારને રોક્યો, "ભાઈ..."

પેલો બ્રેક મારીને ઊભો રહ્યો, "બોલો."

"આ અંબિકા સોસાયટી..."

"ક્રેસન્ટ સર્કલ?"

"હા, હા." રીમાએ રાહતનો શ્વાસ લીધો, "ક્યાંથી જવાનું?"

"જવાનું તો આમ..." પેલા માણસે હાથથી ઊંધી દિશા બતાવી. પછી રીમાને પગથી માથા સુધી જોઈ, "પણ તમે જઈ શકશો? અહીં ક્યાંથી પહોંચી ગયાં? દોઢ-બે કિલોમીટર દૂર છે."

"જઈશ." રીમાએ દઢ નિર્ધાર કરતી હોય એમ કહ્યું, "મને બરાબર રસ્તો સમજાવી દો."

એનો રડેલો ચહેરો, ગભરાયેલા હાવભાવ, વિદેશી રંગઢંગ અને અજબ જેવી હાલત જોતા સાઇકલ સવારે ડરતાં ડરતાં કહ્યું, "સાઇકલ પર બેસતાં આવડે છે?"

"હેં?" રીમાએ નવાઈથી એની સામે જોયું.

"સાઇકલ પર બેસતાં આવડતું હોય તો હું થોડે સુધી ઉતારી દઉં, પછી તમારે હાલી નાખવું પડશે."

"પણ તમે?" રીમાએ સાઇકલસવારને પહેલી વાર ધ્યાનથી જોયો. વીસેક વર્ષનો મધ્યમ વર્ગનો છોકરો હશે. આગળ ટિફિન લટકાવેલું હતું એટલે નોકરીએથી પાછો ફરતો હશે એવું રીમાએ ધાર્યું. એકવડિયો બાંધો, આંખે ચશ્મા, આછા અજવાળામાં પણ એના ચહેરાની નિર્દોષતા દેખાઈ આવતી હતી.

"મેં રસ્તો જોયો છે." એણે સ્મિત કર્યું, "રાજુ નામ છે મારું. અહીં જ રહું છું." એણે હાથ લંબાવીને કહ્યું.

"સારું." રીમાએ ઝાઝું વિચાર્યા વિના એની પાછળના કરિયર પર મોટરસાઇકલ પર બેસતી હોય એમ બેસવાનો પ્રયત્ન કર્યો, પણ એને ફાવ્યું નહીં.

રાજુએ થોડી વાર પ્રયત્ન કરવા દીધો. પછી હસીને કહ્યું, "આગળ બેસવું પડશે બહેન..."

"આગળ?" રીમાનાં ભવાં તણાઈ ગયાં. પછી બહેન શબ્દ પર ધ્યાન ગયું એટલે ઊતરીને આગળ આવી. રાજુ સામે જોઈને ઊભી રહી, "કેવી રીતે બેસું?"

રાજુ અને એણે ચારેક મિનિટની માથાકૂટ બાદ માંડ માંડ 'એડ્જસ્ટ' કર્યું. રીમા એક બાજુ પગ રાખીને જેન્ટ્સ સાઇકલના આગળના 'ડાંડા' પર 'ગવર્નર' પકડીને ગોઠવાઈ ગઈ.

રાજુના શરીરના પરસેવાની ગંધ રીમાના નાકમાં પેસી જાય એટલી નજીક બેઠી હતી એ, પણ કોણ જાણે કેમ એને જરાય ભય નહોતો લાગતો.

રાજુ કંઈક કંઈક વાત કરી રહ્યો હતો. ભાવનગર વિશે, પોતાના વિશે કંઈક કહી રહ્યો હતો. વચ્ચે વચ્ચે રીમાને સવાલ પૂછતો હતો. રીમા જવાબ આપતી હતી...

અંબિકા સોસાયટીની પહેલાંના વળાંક પર રાજુએ એને ઉતારી ત્યારે રીમાએ હસીને રાજુને કહ્યું, "થેન્ક યુ!"

"એમાં થેન્ક યુ શું બહેન? તમે તો મે'માન કહેવાવ. મદદ તો કરવી પડે ને? નહીં તો પાછા જઈને અમને વગોવો."

"રાજુ, અહીંયાં બાવીસ નંબરમાં ઊતરી છું. કંઈ કામ હોય તો આવજો."

"કામ નો હોય તો નો આવું?"

"તોય આવજો." રીમા હસી પડી, "ચાલો ત્યારે આવજો..." રીમા જવા લાગી.

રાજુએ બૂમ પાડી, "બહેન..."

'મેડમ' સાંભળવા ટેવાયેલી રીમાને 'બહેન' સાંભળી ખૂબ સારું લાગ્યું. એણે રાજુ સામે જોયું.

"બહેન, પાછાં ક્યારે જવાનાં છો?"

"ખબર નથી."

"તમે જશો એ પહેલાં મળવા જરૂર આવીશ." રાજુએ કહ્યું અને પછી સાઇકલ લઈને સડસડાટ નીકળી ગયો. રીમા ક્ષણેક ઊભી રહીને એને જતો જોઈ રહી અને ધીમા ડગલે અંબિકા સોસાયટીના ખાંચામાં વળી.

ચાલતી ચાલતી બાવીસ નંબર પાસે આવી ત્યારે એણે જોયું કે અંધારામાં માધવ ઓટલા પર બેઠો હતો.

"ક્યાં ગયાં હતાં?"

"તમારું કામ કરો. મને સવાલો નહીં પૂછવાના." રીમાએ છણકો કર્યો, "તમે અહીંયાં શું કરો છો?"

"અજાણ્યું ગામ છે, કંઈ થઈ જાય તો મારું નામ આવે. તમે અહીંથી મારી સાથે ગયાં હતાં. આજકાલ આવા બનાવો બહુ બને છે."

"તમને શરમ નથી આવતી?"

"કોઈનું ધ્યાન રાખવું એ કંઈ ગુનો નથી." માધવે લગભગ ધમકાવતો હોય એમ કહ્યું, "જુઓ મેડમ, અહીંયાં બધા તમે ધારો છો એટલા સારા નથી."

"એ તો મેં જોઈ લીધું." રીમાએ દાઢમાંથી કહ્યું, "એને માટે બધાને મળવાની જરૂર નથી. તમે એક જ પૂરતા છો. હવે તમે જાવ અહીંથી."

"તે બેસી થોડો રહીશ?" માધવે તોછડાઈથી કહ્યું અને બારણું ખખડાવ્યું.

"આવું બાપલા આવું..." અંદરથી ફોઈનો ધ્રૂજતો અવાજ આવ્યો. માધવે અવાજ થાય એમ બે હાથ જોડીને નમસ્કાર કર્યા.

"તમારાં જેવા બૈરાં તો..."

ઓટલાના પગથિયા ઊતરીને એ સડસડાટ સોસાયટીના મુખ્ય ગેટ તરફ ચાલવા લાગ્યો.

બારણું ખૂલ્યું, રીમા અંદર દાખલ થઈ, "જમી?"

"હા." રીમા સીધી અંદર જવા લાગી.

"માધવ તો તને શોધતો અહીં આવ્યો હતો. બધી વાત કરી એણે." ફોઈના અવાજમાં રીમાને પકડી પાડ્યાની એક છૂપી કડવાશ હતી, "આમ ને આમ કરીશ તો જિંદગીમાં કોઈ જોડે નહીં ફાવે. હવે લગનના વીસ વર્ષે ઘરમાંથી નીકળીને જઈશ ક્યાં?"

"ફોઈ, તમે સૂઈ જાવ." રીમા પોતાના રૂમમાં જતી રહી.

"મનેય થયું કે આટલાં વર્ષે ફોઈ કેમ યાદ આવી? આટલાં વરસમાં તો હું મરી કે જીવી એય કોઈએ જોયું નથી અને એકદમ હેત ઊભરાઈ આવ્યું? પછી થયું કે હશે..." ફોઈ બડબડ કરતાં પોતાના ઓરડામાં ગયાં અને સૂતાં સૂતાં પણ બોલી રહ્યાં હતાં, "પણ હવે સમજાયું કે આ તો વખાની મારી આવી છે. કોઈ સંઘરે નહીં તે જાય ક્યાં? સ્વભાવેય છે લવિંગિયા મરચા જેવો. કોઈ સંઘરે તોય શી રીતે?" એમનો અવાજ સહેજ નરમ થયો, "જો બહેન, સ્ત્રીની જાતે તો દબાઈ-ચંપાઈને જ રહેવું પડે. એમ વાતે વાતે માથાં ઊંચકવાથી કંઈ જિવાય નહીં. હજીયે સમય છે. પાછી જતી રહે ને માફી માગી લે." એ સતત બોલી રહ્યાં હતાં, "ગોરીયે આપણી જોડે રહે તો શું વાંધો? પહેલાંના જમાનામાં રાજાઓ બે-ચાર રાણી રાખતા'તા કે નહીં?"

રીમાને ફોઈના શબ્દો માથામાં હથોડાની જેમ વાગતા હતા. એ ઊભી થઈ. એણે પહેલાં ફોઈના અને પછી પોતાના ઓરડાનો દરવાજો બંધ કર્યો. પછી પલંગ પર લગભગ પડતું નાખ્યું...

ફરી એક વાર એનું રુદન છલકાઈ પડ્યું.

"હું આ શોધવા આવી છું અહીંયાં? આ અપમાન, આ અવહેલના... આ ગોસિપ... બીજાની જિંદગીઓમાં કરાતો ચંચૂપાત... જાણ્યા-સમજ્યા વિના ગુનેગાર હોવાનું સર્ટિફિકેટ..." એ ક્યાંય સુધી મોઢા પર હાથ દબાવીને રડતી રહી. ધીરે ધીરે એની આંખો મીંચાઈ ગઈ.

*

39

સવારે આંખ ખૂલી ત્યારે રીમાએ સૌથી પહેલું કામ મહેન્દ્રને ફોન કરવાનું કર્યું.

"બોલ..." મહેન્દ્રનો અવાજ હજુ ઊંઘરેટો હતો.

રીમાના ઘરમાં જશુફોઈના બોલાતા શ્લોકોનો અવાજ ગૂંજી રહ્યો હતો, "તું સાચું કહેતો હતો, અહીંયાં કશું જ નથી."

"તારે શું જોઈએ છે?" મહેન્દ્રથી પુછાઈ ગયું.

"મને નથી ખબર." રીમાનું ડૂસકું નીકળી ગયું, "હું શોધ્યા કરું છું. શાંતિ, સલામતી, સ્નેહ... મને નથી ખબર મહેન્દ્ર, મને નથી ખબર."

"સૌથી પહેલાં એ નક્કી કર કે શું શોધે છે, બાકી ભટકતી રહીશ."

"મુંબઈ પાછી આવી જાઉં?"

"જગતમાં ક્યાંય પણ જઈશ રીમા, તારે તારી અંદર સ્થિર થઈ જવું પડશે."

"મહેન્દ્ર, એક સ્ત્રી માટે પુરુષ ખરેખર આટલો બધો જરૂરી હોય છે? અહીં બધા મને જુદી નજરે જુએ છે. હું ત્યક્તા છું... પતિએ છોડી દીધેલી!" રીમા રડતી હતી. ફોઈ એના રૂમમાં આવ્યાં અને બારસાખ પાસે ઊભાં રહીને એને રડતી જોઈ રહ્યાં. રીમાએ આંસુ લૂછી નાખ્યાં, "હું તને પછી ફોન કરીશ."

"કોણ હતું?"

"કોઈ નહીં. એક દોસ્ત..."

"આ બધી દોસ્તી-ભાઈબંધીમાં જ લગન તૂટી ગયાં તારાં. હવે સુધર." ફોઈએ જાણ્યા-સમજ્યા વિના બોલી નાખ્યું, "સ્ત્રીની જાતને આ બધું શોભે નહીં. તારા બાપા જીવતા હોત તો કાનપટ્ટી પકડીને મૂકી આવત."

"ફોઈ, હું આજે જ મુંબઈ પાછી જતી રહીશ."

"એ તો મને ખબર જ હતી." ફોઈએ કડવાશથી કહ્યું, "મને જેવી ખબર પડી ગઈ ત્યારથી જ ખાતરી હતી. પણ જો, હું તારી માની જગ્યાએ કહેવાઉં. પોતાના એ પોતાના ને પારકા એ પારકા. તારો ધણી તને જેવી રીતે રાખશે એવી રીતે બીજા નહીં રાખે... ગમે તેમ રાખે તોય ધણિયાણી અને રખાતમાં ફેર."

"બસ ફોઈ..." રીમાથી બૂમ પડાઈ ગઈ.

"મને તો બસ કરીશ, લોકોના મોઢે ગરણું નહીં બંધાય. કાલે માધવ બોલ્યો છે. ચાર દિવસમાં ગામ આખું વાત કરશે." ફોઈએ ઊંડો શ્વાસ લીધો, "તું મને ના કહેત તો હું જ તને કહેવાની હતી કે કાલ પરમ દિવસે પાછી મુંબઈ ભેગી થઈ જા."

"હું તમારી પાસે..." રીમાથી રડાઈ ગયું.

"જો બેટા." ફોઈએ થોડી સહાનુભૂતિ અને દયાથી કહ્યું, "તું મને વહાલી છે એની ના નહીં, પણ સોનાની કટારી ભેટમાં ખોસાય - પેટમાં નહીં. તારી ભૂલ છે તો મારે તને કહેવું જોઈએ. હું તારી માની જગ્યાએ છું." એમણે નજીક આવીને રીમાના માથે હાથ ફેરવ્યો, "પાછી જતી રહે બેટા, પોતાનો માણસ એ પોતાનો માણસ."

"તમે સમજતાં નથી ફોઈ."

"એમ? નહીં સમજતી હોઉં તારા જેટલું, પણ એક વાત ચોક્કસ સમજું છું કે તું ખોટી છે." ડગુમગુ થતાં ફોઈ ત્યાંથી ચાલી ગયાં. રીમા બે હાથે ચહેરો ઢાંકીને રડવા લાગી.

ઊઠીને રોજિંદાં કામો પરવારીને રીમા નહાઈ ત્યાં એક જાડી-બટકી સ્ત્રી રીમાના નામની બૂમો પાડતી દાખલ થઈ.

"તમે?" રીમાએ નવાઈ અને અણગમાથી એની સામે જોયું. એ સ્ત્રી રીમાને ભેટી પડી. એના શરીરમાંથી મસાલા અને પરસેવાની વાસ આવતી હતી. રીમાએ એને સહેજ ધક્કો મારીને દૂર કરી, પણ એ સ્ત્રી તો વધુ નજીક આવી ગઈ.

"તેં મને ના ઓળખી?"

"ના." રીમાના અવાજમાં અણગમો સ્પષ્ટ હતો. પેલી સ્ત્રીએ એના હાથ હજી પકડી રાખ્યા હતા.

"મને ખબર છે તારે ગઈ કાલે એમની સાથે બોલવાનું થયું હતું, પણ શું કરું બહેન? એમનો સ્વભાવ જ એવો છે. ગમે તેમ બોલી નાખે..."

"એમની?" રીમાએ આંખો ઝીણી કરી. એને તરત જ ખ્યાલ આવ્યો કે આ પારૂલ હતી. માધવની પત્ની અને એની બાળસખી. હવે રીમા પારૂલને ભેટી પડી, "કેવી થઈ ગઈ છે?" રીમાની આંખોમાં ફરી એક વાર પાણી આવી ગયાં.

"તું એવી ને એવી રહી છે. હું એમના તરફથી માફી માગવા આવી છું. તું આજે મારે ઘેર જમવા આવ."

"નથી જમવું મારે. કેટલીયે હોટેલો છે ભાવનગરમાં. ક્યાંય પણ જમી લઈશ." રીમાએ સખત નફરતથી કહ્યું.

"હોટેલમાં શું કામ જમે? એમણે મને મોકલી છે તારી માફી માગવા."

"ગમે તેમ પોતે બોલે પછી માફી માગવા તને મોકલે?" રીમાએ ઉશ્કેરાઈને કહ્યું, "ખરેખર અફસોસ થતો હોય તો પોતે માફી માગવી જોઈએ."

"બહેન, એ તો એમ જ હોય. પુરુષની જાત કોઈ દિવસ માફી માગતી હશે? એક વાર હિમાલય વાંકો વળી જાય, પણ પુરુષ વાંકો ના વળે."

પારૂલ સાવ ભોળપણથી હસી રહી હતી. રીમાને એની દયા આવી ગઈ.

"તારી સાથે પણ આવી જ રીતે વર્તે છે?"

"પારકા જોડે ગમે તેમ બોલે એ પોતાના સાથે શું બાકી રાખે? કહે જોઉં…" પારૂલે રીમાને એક હળવી થપકી લગાવી. એને આખી વાતમાં કશું ખોટું કે અજુગતું લાગતું જ નહોતું, "મને બોલે, મારાં મા-બાપને બોલે, ક્યારેક હાથ પણ ઉપાડી લે." પારૂલના ચહેરા પર હજીયે સ્મિત હતું, "શું કરીએ? રહેવાનું તો એમની સાથે જ છે ને?" રીમાની આંખો ફરી છલછલાઈ આવી. એણે પારૂલના ખભે હાથ મૂકી દીધો.

"કેટલાં બાળકો છે?"

"બે, એક દીકરી ને એક દીકરો. મોટાં છે. હું અહીંયાં આવતી હતી ત્યારે મારી પાછળ પડી ગયાં." એણે ખૂબ ક્ષોભથી ઉમેર્યું, "ફોરેનની વસ્તુઓનો બહુ ક્રેઝ છે એમને." પારૂલે ધીમેથી ઉમેર્યું, "તું આવે છે ને જમવા?"

"હેં?" રીમાએ બેધ્યાનપણે કહ્યું, "હા… હા…"

"ચાલ ત્યારે, હું જાઉં…" પારૂલ બહાર નીકળવા જતી હતી, પછી અચાનક પાછી ફરી અને રીમાના ખભે હાથ મૂક્યો, "ચાલને તુંય… અહીં બેસીને શું કરીશ? બેય જણા બેસીને વાતો કરીશું." એના ચહેરા પર એક અજબ પ્રકારનું પ્રેમાળ-હૂંફાળું સ્મિત કાયમ રહેતું હતું. એ સ્કૂલના સમયથી આવી જ હતી. થોડી જાડી, બટકી. કાયમ બીજા માટે ઘસાઈ છૂટતી, પ્રેમાળ, સરળ…

રીમાએ એક ક્ષણ વિચાર કર્યો અને પછી પારૂલનો હાથ પકડી લીધો, "હા, ચલ." એ સડસડાટ અંદર ગઈ. ફોઈના ઓરડાના દરવાજા પાસે ઊભી રહી, "હું પારૂલના ઘેર જાઉં છું."

"ત્યાં બધું ભરડવા ના બેસતી." ફોઈએ ફરી ચાબુક મારી.

રીમા જવાબ આપ્યા વિના બહાર આવીને સેન્ડલ પહેરવા લાગી. ઊભા થઈને એણે કહ્યું, "ચાલ."

"આમ જ?" પારૂલની આંખમાં નવાઈ હતી.

"હા…" રીમાએ સ્વાભાવિકતાથી કહ્યું, "કેમ?"

"તારે કંઈ લેવાનું નથી?" પારૂલની આંખોમાં આશા હતી.

રીમાને અચાનક લાગ્યું કે એણે 'ફોરેનની વસ્તુઓના ક્રેઝ'ની વાત કદાચ ઇરાદાપૂર્વક કરી હતી. રીમાને શરમ આવી ગઈ. એ લંડનથી કશું જ નહોતી લાવી. અહીં રહેતા લોકોને કદાચ પરદેશથી આવતા મહેમાનો પાસે અમુક પ્રકારની અપેક્ષા હશે.

"હું… હું બહુ ઉતાવળમાં આવી એટલે…"

"ના, ના…" પારૂલને લાગ્યું કે પોતે પકડાઈ ગઈ…

"પારૂલ…" રીમાએ એના બંને ખભે હાથ મૂકી દીધા, "તું મારી બહેનપણી છે. તારાથી કંઈ નહીં છુપાવું. હું મારું ઘર છોડીને આવી છું. મારી દીકરી મારી સાથે

બોલતી નથી. મારો દીકરો એક ગોરી છોકરી સાથે પરણ્યા વગર રહે છે અને સુરેશ…" રીમાએ દાંત નીચે હોઠ દબાવી દીધો.

"એટલે તારા છૂટાછેડા થઈ ગયા?"

"ના, પણ… હું અને સુરેશ સાથે નથી રહેતાં."

"અહં…" પારૂલે વાતને બહુ સિરિયસલી લીધી હોય એવું લાગ્યું નહીં, "આવી રીતે તો હુંય બે-ચાર વાર પિયર જતી રહેલી. પછી એ આવીને મનાવી ગયા. બે વાસણ હોય તો ખખડે. ચાર દહાડા આપણા વગર કાઢે એટલે આપમેળે ઠેકાણે આવી જાય. બહેન, પેટ અને પેટની નીચેના ભાગની ભૂખ પુરુષ નામનું પ્રાણી નથી વેઠી શકતું. જીજાજી પણ તને સમજાવવા આવી જ જશે, જોજેને…" પારૂલ હજીયે એવું જ હસી રહી હતી - સરળ અને નિષ્પાપ…

રીમાને વિચાર આવ્યો કે પોતે એના જેટલી સાદી અને સરળ હોત તો કેટલું સારું થાત.

એણે કશું જ બોલ્યા વિના પારૂલનો હાથ પકડીને કહ્યું, "ચાલ."

બંને જણાં ચાલતાં ચાલતાં પારૂલને ઘેર પહોંચ્યાં. આખે રસ્તે પારૂલ જાતજાતની વાતો કરતી રહી. પોતાનાં સંતાનો વિશે, પોતાનાં સાસુ વિશે, માધવ વિશે, પોતાની તબિયત વિશે, કઢાવી નાખેલા ગર્ભાશય વિશે.

રીમાના ચૂપચાપ સાંભળતી રહી. જરૂર પડે ત્યાં 'હં…' - 'હા…' કરતી રહી.

*

રીમાના ફોન પછી મહેન્દ્ર વિચલિત થઈ ગયો. એણે રીમાનો નંબર ટ્રાય કર્યો, પણ રિંગ વાગતી રહી.

રીમા ઉતાવળમાં ફોન ફોઈને ઘરે જ ભૂલી ગઈ હતી.

એ જે રીતે રડી અને વિચલિત થઈ એ પછી મહેન્દ્રનો જીવ ક્યાંય નહોતો ચોટતો. એને સતત રીમાની ચિંતા થતી રહી…

એ રહી રહીને નંબર ટ્રાય કરતો રહ્યો.

રીમા આખી બપોર પારૂલને ઘેર રોકાઈ. પારૂલ અને રીમા બંને જણા આખી બપોર જાતજાતની વાતો કરતાં રહ્યાં.

માધવ જમવા આવ્યો.

રીમાની સામે એ જે ઔપચારિકતાથી અને સંકોચથી વર્ત્યો એનાથી રીમાને હસવું આવી ગયું. ગઈ કાલના માધવ અને આજના માધવમાં આસમાન-જમીનનો ફેર હતો.

પારૂલ ગરમ રોટલી ઉતારતી હતી ત્યારે એની બાજુમાં ડાઇનિંગ ટેબલ પર બેઠેલી રીમાએ એની સામે જોયું અને ધીમેથી કહ્યુંયે ખરું, "કેમ આજે નથી સંભળાવવી

ખરી-ખોટી?"

માધવે ભયભીત આંખે એની સામે જોયું, "મેં તો તમારા ભલા માટે કહ્યું હતું. તમે બધું પારૂલને નથી કહ્યું ને?"

"હજી તો નથી કહ્યું." રીમાને મજા આવવા લાગી હતી, "પણ વિચારું છું કે કહી જ દઉં. તમને ગોરી છોકરીઓ આટલી બધી ગમતી હશે એવી મને નહોતી ખબર."

"જુઓ…" પારૂલ રોટલી લઈને બહાર આવી કે માધવ નીચું જોઈને જમવા લાગ્યો. એના ગયા પછી એણે રીમા સામે એંઠી આંગળી ઊંચી કરીને કહ્યું, "મને છંછેડતા નહીં, બાકી ગામ છોડાવીશ."

"એ તો હું અમસ્તીયે છોડી જ દેવાની છું, પણ પારૂલને ખબર પડી જાય કે ગમે ગઈ કાલે રાત્રે શું બોલ્યા, એનો તમને ડર લાગે છે એ જોઈને મને ખૂબ સારું લાગ્યું." રીમાએ તુચ્છકારથી કહ્યું, "તમે બધા એકસરખા છો. પુરુષ ભારતમાં રહે કે ઇંગ્લૅન્ડમાં, એને માટે સ્ત્રી વાપરવાની એક વસ્તુ છે."

"હા છે, તો?" હવે માધવે પણ શરમ મૂકીને કહ્યું, "તમને પણ સામે ઘણું જોઈએ છે."

"શટ-અપ…" રીમાએ કહ્યું, "મારે તમારી સાથે ડિસ્કશન નથી કરવું. આજ પછી જો પારૂલ પર હાથ ઉપાડ્યો છે કે એની સાથે ખરાબ રીતે વર્ત્યા છો તો…"

"તો?" માધવે થાળીમાં કોળિયો પછાડ્યો, "શું કરી લઈશ તું?" એણે ફરી એંઠા હાથે ચપટી વગાડી, "અત્યારે, અબઘડી રવાના કરી દઈશ, લઈ જજે તારી સાથે." પછી હસી પડ્યો. એના મોઢામાં રહેલું ખાવાનું એના હાસ્યને જુગુપ્સાપ્રેરક અને વિકૃત બનાવતું હતું, "તું શું લઈ જવાની? તારા પોતાનાં જ ઠેકાણાં નથી."

રીમાને હાડોહાડ અપમાન લાગી આવ્યું, પણ એ ચૂપ રહી.

એને ચૂપ થઈ ગયેલી જોઈને માધવને ઓર શૂર ચડ્યું, "મારા ઘરમાં પલિતો ચાંપવાનો વિચાર મૂકી દેજે. ચૂપચાપ જઈને તારું પોતાનું સંભાળ. આવી મોટી સલાહ આપવા…" માધવ થાળીને હાથ પછાડીને ઊભો થઈ ગયો. ગરમ રોટલી લઈને આવેલી પારૂલ આ આખાય સંવાદથી અજાણ હતી, પણ એણે માધવનો બદલાયેલો ચહેરો જોયો…

કશું જ બોલ્યા વિના એ રોટલી લઈને પાછી ફરી ગઈ.

*

મોડી બપોર સુધી વારંવાર રીમાનો ફોન ટ્રાય કરીને થાકેલા મહેન્દ્રએ આખરે ઇન્ટરકોમ ઉઠાવીને મહેરને ફોન કર્યો, "ભાવનગરની ટિકિટ બુક કરો."

"તમારી?" મહેરે નવાઈથી પૂછ્યું.

"નહીં તો, તમારી?"

મહેન્દ્ર ક્યારેય આવી રીતે ના બોલતો. મહેરને ખૂબ નવાઈ લાગી, પણ એણે કોઈ રિએક્શન આપ્યા વિના કહ્યું, “જી સર…” અને સાતમી મિનિટે મહેન્દ્રને ટિકિટ બુક થયાનું જણાવી દીધું. મહેન્દ્રએ ઘડિયાળ જોઈ. ફ્લાઇટ નીકળવામાં બે કલાકની વાર હતી. એ ઊભો થયો અને ઑફિસની બહાર નીકળી ગયો.

કોઈ સૂચના આપ્યા વગર આવી રીતે અચાનક મહેન્દ્ર આટલાં વર્ષોમાં પહેલી વાર બહારગામ જતો હતો. એનો મિજાજ જોતા મહેરને કોઈ સવાલ ન પૂછવાનું જ યોગ્ય લાગ્યું.

મહેન્દ્રએ ઘરે આવીને બે જોડી કપડાં લીધાં, થોડા કેશ નાખ્યા અને ડ્રાઇવરને એરપોર્ટ લઈ જવાની સૂચના આપી.

ગાડીમાં બેઠો બેઠો પણ મહેન્દ્ર સતત રીમાનો ફોન ટ્રાય કરતો રહ્યો.

રાત્રે ચાર્જ નહીં કરેલો એનો ફોન હવે બંધ મળતો હતો!

મહેન્દ્ર ભાવનગર પહોંચ્યો ત્યારે રાત પડી ગઈ હતી.

રીમાએ આપેલા એડ્રેસ પર શોધતો-શોધતો એ પહોંચ્યો અને બારણું ખખડાવ્યું ત્યારે ફરી એ જ રીતે અંદરથી ફોઈનો ધ્રૂજતો અવાજ સંભળાયો, “જો તો… કોણ છે?”

દિવસ આખો પારૂલને ઘેર ગાળીને પાછી ફરેલી રીમા એના અને માધવના સંબંધો વિશે વિચારતી આંખ ઉપર હાથ મૂકીને સૂતી હતી. એણે ઊઠીને દરવાજો ખોલ્યો. સામે મહેન્દ્રને ઊભેલો જોઈને એનાથી લગભગ ચીસ પડાઈ ગઈ, “તું? અહીં?”

*

40

મહેન્દ્ર ભાવનગર પહોંચ્યો ત્યારે રાત પડી ગઈ હતી.

રીમાએ આપેલા એડ્રેસ પર શોધતો-શોધતો એ પહોંચ્યો. બારણું ખખડાવ્યું ત્યારે ફરી એ જ રીતે અંદરથી ફોઈનો ધ્રૂજતો અવાજ સંભળાયો, “જો તો... કોણ છે?”

દિવસ આખો પારૂલને ઘેર ગાળીને પાછી ફરેલી રીમા એના અને માધવના સંબંધો વિશે વિચારતી આંખ ઉપર હાથ મૂકીને સૂતી હતી. એણે ઊઠીને દરવાજો ખોલ્યો અને સામે મહેન્દ્રને ઊભેલો જોઈને એનાથી લગભગ ચીસ પડાઈ ગઈ, “તું? અહીં?”

એણે પાછળ જોયું અને ધાર્યું હતું એવી જ રીતે ફોઈનો અવાજ સંભળાયો, “કોણ છે?”

“અ...બ...” શું કહેવું તે રીમાને સમજાયું નહીં. એ મહેન્દ્રની સામે જોઈ રહી હતી.

મહેન્દ્રની આંખોમાં અજબ જેવો ભાવ હતો, “તેં સવારે ફોન મૂક્યો ત્યારથી હું ફોન ટ્રાય કરું છું.”

“ફોન? હા, એ જરા...”

“રીમા, મને તારી ચિંતા થઈ ગઈ.” એણે હાથ લંબાવીને રીમાના ગાલ પર હાથ મૂક્યો. મહેન્દ્રની આ કાળજી, આ લાગણી અને પોતાના માટેની ચિંતા રીમાને ભીતર સુધી ભીંજવી ગઈ. પોતાના ગાલ પર મુકાયેલા મહેન્દ્રના હાથ પર એનાથી હાથ મુકાઈ ગયો.

“આ શું તાયફો છે?” ફોઈનો કડક અવાજ સાંભળીને રીમા ઝંખવાણી પડી ગઈ. ફોઈએ મહેન્દ્રની નજીક આવીને આંખો ઝીણી કરીને એનો ચહેરો જોયો, “કોણ છો ભાઈ? અને અડધી રાતે આ શું ચાલે છે?”

“હું મુંબઈથી આવું છું. મારું નામ મહેન્દ્ર છે.”

“શરમ નથી આવતી?” ફોઈએ કશું સાંભળ્યા, સમજ્યા વિના સીધો હુમલો કર્યો, “આ છોકરીની જિંદગી બરબાદ થવા બેઠી છે તમારા લીધે.” રીમા વચ્ચે કશું બોલવા ગઈ, પણ મહેન્દ્રએ આંખના ઇશારાથી એને રોકી અને ફોઈને બોલવા દીધાં, “આ બધું સારું નથી લાગતું. તમારી ઉંમર જુઓ, એની ઉંમર જુઓ... લાજશરમ નેવે મૂકી છે? સમાજનો તો વિચાર કરો.”

“ફોઈ, મારો ફોન ના લાગ્યો એટલે એમને ચિંતા થઈ.”

“ઓહો... એટલે સીધા અહીં પહોંચી ગયા, કેમ?” ફોઈએ બંને હાથ કમર પર મૂકીને અદાથી કહ્યું, “પણ એક વાત સમજી લે છોકરી, હું આ માણસને ઘરમાં નહીં પેસવા દઉં. કાલ સવારે કોઈ જાણે તો થૂ-થૂ થાય, ખબર છે? ધૂળ પડે મારા ધોળામાં.”

"પણ અત્યારે એ ક્યાં જાય?"

"મને પૂછીને અહીંયાં આવ્યો છે?"

"ફોઈ..."

"હું તને સીધેસીધું અને ચોખ્ખું કહી દઉં છું." હવે ફોઈએ બંદૂક મહેન્દ્ર તરફ ફેરવી, "આ છોકરીનો પીછો છોડી દે. તું તારા રસ્તે પડ ભાઈ, એને એની જિંદગી જીવવા દે. તારે તો ઠીક છે, ખંખેરીને..."

"ફોઈ..." રીમાએ બૂમ પાડીને કહ્યું, "બહુ થયું હવે. મને ગમે તેમ બોલો એ ચાલે, પણ આમને ગમે તેમ બોલશો તો હું નહીં ચલાવી લઉં."

"કેમ? તારો શું સગો થાય છે?" ફોઈ સહેજ પણ નમતું જોખવા તૈયાર નહોતાં.

"સગા તો તમે થાવ છો, પણ તમારા કરતાં વધારે ચિંતા એમને છે."

"તે હોય જ ને... મફતની મજા કોને નથી ગમતી?"

રીમાની આંખો ફરી ગઈ. ગઈ કાલ સાંજથી અત્યાર સુધીમાં એની ધીરજ ખૂટી ગઈ હતી. ફોઈના આ છેલ્લા વાક્યે તીરનું કામ કર્યું. એણે એક સેકન્ડ ફોઈની આંખોમાં જોયું અને પછી દાંત પીસ્યા, "એમને અહીંયાં નહીં રહેવા દો... પણ મને તો જવા દેશો ને? હું જ જાઉં છું અહીંથી."

"એક વાર ગઈ તો પાછી પેસવા નહીં દઉં." ફોઈએ ધમકી આપી.

"મારે આવવું પણ નથી." એ અંદર ગઈ. પોતાનાં બદલેલાં કપડાં ગોળ ગોળ કરીને હાથમાં જ લઈ લીધાં અને બેગની ઝીપ બંધ કરી. પાથરેલો ટોવેલ અને ચાદર વાળીને હાથમાં ઊંચકેલાં કપડાંની સાથે લઈ લીધાં અને ધમ ધમ કરતી બહાર આવી.

"જાય તો છે, પણ આ તને અડધે રસ્તે પડતી ના મૂકે તો મને કહેજે..."

"રીમા, આવી રીતે જવું બરાબર નથી." મહેન્દ્રએ એને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ રીમાનું મગજ છટકેલું હતું. એણે ગુસ્સાથી પહેલાં ફોઈ સામે અને પછી મહેન્દ્ર સામે જોયું.

"તને આમનાથી ડર લાગતો હોય તો તુંય ના લઈ જતો મને તારી સાથે, પણ હું હવે અહીંયાં એક મિનિટ રોકાવા માગતી નથી."

"જા, જા... ઠોકર ખાઈશ ત્યારે સમજ પડશે."

"ઠોકર ખાઈને રસ્તામાં પડી રહીશ, પણ તમારા ઘેર પાછી નહીં આવું." રીમાને ડૂમો ભરાઈ આવ્યો, "કેટલી આશાઓ અને સપનાં લઈને આવી હતી તમારી પાસે. મારું બાળપણ ફરી એક વાર જીવવું હતું મારે. આ ગલી, આ શહેર સાથે મારાં મીઠાં સ્મરણો હતાં." એની આંખોમાંથી ઝરઝર આંસુ વહેવા માંડ્યાં, "તમે બધું જ પૂરું કરી નાખ્યું. એક ઝટકામાં આ શહેર સાથેનો મારો સંબંધ તોડી નાખ્યો તમે. હું તમને

ક્યારેય માફ નહીં કરું." રીમા ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી. મહેન્દ્રએ એની પીઠ પર હાથ ફેરવવાનો પ્રયત્ન કર્યો તો રીમા એની છાતી પર માથું મૂકી રડવા લાગી. મહેન્દ્ર પાસે એને પંપાળ્યા સિવાય બીજો કોઈ છૂટકો નહોતો. એણે સંકોચ સાથે એની પીઠ પર હાથ ફેરવવા માંડ્યો.

ફોઈએ ત્રાડ પાડી, "આ બધો તમાશો મારે અહીંયાં નથી જોઈતો. નીકળો બંને જણાં અહીંથી..."

મહેન્દ્રએ ધીમે ધીમે રીમાને બહારની તરફ દોરવા માંડી. પાછળ ફોઈનો અસ્ખલિત વાણીપ્રવાહ એમના માથામાં હથોડાની જેમ ઝીંકાતો હતો, "નફ્ફટ માણસને નહાવા-નીચોવાનું શું હોય? લાજશરમ નેવે મૂકીને ભેટાભેટી કરે છે બેય જણા... ઘોર કળજુગ છે... આવા ને આવા ધંધા કર્યા હશે પછી ધણી ઊભી શેનો રાખે? હે ઈશ્વર! સારું થયું એનો બાપ આ બધું જોવા જીવ્યો નહીં. બાકી આઘાતથી હાર્ટએટેકમાં મરી જાત."

રીમા અકળાઈને જવાબ આપવા જતી હતી, પણ મહેન્દ્રએ એને છાતીસરસી પકડી રાખી. રીમાને વધુ ને વધુ રડવું આવતું હતું અને ફોઈ જે મોઢામાં આવે તે બોલી રહ્યાં હતાં.

બંને જણા ઓટલો ઊતરતાં હતાં કે કાઇનેટિક પર બેઠેલાં માધવ અને પારૂલ દાખલ થયાં.

આખો સીન જોઈને માધવે બ્રેક મારી, પારૂલ ઝડપથી નીચે ઊતરીને એમની પાસે આવી ગઈ. માધવ સિટી વગાડવા લાગ્યો.

રીમા ફોઈના વાગ્બાણથી ખિજાયેલી તો હતી જ, એમાં માધવે સિટી વગાડી એટલે એનું મગજ ઓર ગયું. એણે આગઝરતી નજરે ભીની આંખે માધવ સામે જોયું, "શું છે?"

"તો આમને લીધે તમને ઘરમાંથી તગેડ્યાં છે?" માધવે આંખો નચાવી, "શું મિસ્ટર? તમારે ઘરબાર નથી?"

"તમે તમારું કામ કરો." મહેન્દ્રએ જાત પર સંયમ રાખવાનો પૂરેપૂરો પ્રયાસ કર્યો.

"હું મારું કામ જ કરું છું." માધવને ચાનક ચડી હતી, "આવી રીતે છડેચોક લફરાંબાજી કરતાં શરમ નથી આવતી તમને? આ મારી વાઇફ છે." એણે પારૂલ તરફ આંગળી ચીંધી, "તોય મને ચીટકીને નથી બેસતી."

"એ તમારો પ્રોબ્લેમ છે."

"ઓ ભાઈ! જાહેરમાં તાયફા કરવાનો એટલો જ શોખ હોય તો ફોરેન જતા રહો. ત્યાં જાહેરમાં જે કરવું હોય તે કરવા દે છે." એણે ચુંબન કરવાનો ગંદો ચાળો કર્યો, "પછી કર્યા કરજો ચુમાચાટી..."

"શટ-અપ..." મહેન્દ્રનું મગજ છટકી ગયું, "આ ભાઈ કોણ છે?"

"મૂરખ છે." રીમાએ તિરસ્કારથી કહ્યું, "તમે તમારી જાતને સમજો છો શું?" એણે સીધું જ માધવને પૂછ્યું.

"જુઓ બહેન, ચર્ચા મારી નહીં તમારી છે."

"તમે રહેવા દો ને..." પારૂલે એને વારવાનો પ્રયાસ કર્યો. પણ એણે જે દૃશ્ય જોયું હતું એ પછી માધવને પોતાના ગઈ કાલે થયેલા અપમાનનો બદલો લેવાની સોનેરી તક નજર સામે દેખાતી હતી.

"રહેવા દઉં?" એણે જોરજોરથી બોલવા માંડ્યું, વાળું કરીને પરવારેલાં મોટા ભાગનાં ઘરોમાં નવરાં બેઠેલાં સ્ત્રી-પુરુષો ટીવી બંધ કરીને આ જીવતો- જાગતો તમાશો જોવા હાજર થઈ ગયાં. લોકોને ટોળે વળતાં જોઈને રીમાને સહેજ સંકોચ થયો, પણ મહેન્દ્ર હિંમતથી એના ખભે હાથ વીંટાળીને ઊભો રહ્યો. મહેન્દ્રની હિંમત જોઈને માધવે વધુ જોરથી બોલવા માંડ્યું, "મારે શી પંચાત? આમેય હું આ બેનને ક્યાં ઓળખતો હતો? આ તો તારી બહેનપણી છે એટલે રાત્રે લેવા આવ્યો. સમજાવવા ગયો તો ઊલટાના મારી સામે થયાં... આવા લોકો લાજશરમ વિનાનાં હોય. અત્યારે પણ જે રીતે ઊભાં છે એ દેખાતું નથી?"

ધીમે ધીમે ટોળું નજીક આવવા લાગ્યું હતું. માધવ જોરજોરથી બોલી રહ્યો હતો. અંદર જતાં ફોઈ અટકીને ઓટલા પર જ ઊભાં હતાં. પારૂલ શરમ અને સંકોચથી ઝૂકી ગઈ હતી. રીમા ચારે તરફ જોઈ રહી હતી.

"બહું થયું..." એણે જોરથી કહ્યું. નીચે પડેલી પોતાની બેગ ઉપાડી લીધી. મહેન્દ્રનો હાથ પકડીને ચાલવા માંડ્યું.

પાછળ માધવનું અટ્ટહાસ્ય એને તીરની જેમ ખૂંપી ગયું, "જેણે મૂકી લાજ, એનું નાનુંસરખું રાજ... રાજ કરજો રાજારાણી..."

એની સાથે સાથે આખું ટોળું ખડખડાટ હસ્યું. રીમાએ પગ વધુ ઝડપથી ઉપાડવા માંડ્યા. હસતા ટોળાની સાથે ફોઈએ મૂકેલી પોક એને સંભળાતી હતી...

*

હોટેલ પેરેડાઇઝના રિસેપ્શન પર બંનેને ઊભેલાં જોઈને આધેડ વયના રિસેપ્શનિસ્ટે મહેન્દ્રને પૂછ્યું, "તમારાં વાઇફ છે?"

"ના."

"તો?"

"મારી..." મહેન્દ્રએ થૂંક ગળે ઉતાર્યું, "ફ્રેન્ડ છે."

"ફ્રેન્ડ!" આધેડ વયના રિસેપ્શનિસ્ટના ચહેરા પર એ જ ગંદું-મર્માળું સ્મિત આવી ગયું. એણે રીમાને પગથી માથા સુધી ફરી એક વાર જોઈ, "આ ભારત છે. આવી ફ્રેન્ડશિપ ફોરેનમાં ચાલે." પછી એ હસી પડ્યો, "અહીં ભાવનગર સુધી ફ્રેન્ડશિપ કરવા આવ્યાં છો? સૉરી! તો તમને બંનેને એક રૂમ નહીં અપાય."

"કેમ?" મહેન્દ્ર હવે અકળાઈ ગયો હતો.

"પોલીસ કેસ થાય." રિસેપ્શનિસ્ટે પોતાનું અધકચરું જ્ઞાન મહેન્દ્રને સલાહરૂપે આપ્યું, "અચાનક રેડ પડે ને તમે પકડાવ તો તમારી જોડે અમારેય ચક્કી પીસવી પડે."

"એવો કોઈ નિયમ કે કાયદો નથી."

"કાયદા તમે અમારા કરતાં વધારે જાણતા હશો, કાં?" એણે પહેલાં પૂછ્યું પછી પોતે જ હસી પડ્યો, "તમારે તો જાણવા જ પડેને, આવા ધંધા કરવા હોય તો."

"વ્હોટ નોનસેન્સ..." રીમાએ કહ્યું.

"ઓયે... તું ચૂપ રહે." પેલો સીધો તુંકારા પર આવી ગયો, "અંગ્રેજીમાં ગાળ બોલીશ એથી હું બી નહીં જાઉં. તારા જેવી બાઈઓ ઘણી જોઈ મેં."

"જુઓ, અમે કાલે સવારની ફ્લાઇટમાં મુંબઈ જતા રહીશું."

"ને રાતે રેડ પડે તંયે?"

"હું સાચું નામ-સરનામું લખાવું છું. આ એની મરજીથી મારી સાથે રહે છે..."

"સાચું નામ-સરનામું? અમને કેમ ખબર પડે?" પેલો માણસ ખંધું-ગંદું હસી રહ્યો હતો.

"તો?" મહેન્દ્રએ હથિયાર નાખી દીધાં, "શું કરીએ કહો?"

"બે રૂમ રાખો." પેલાએ એક આંખ મારીને ગંદો ઇશારો કર્યો, "તમતારે એક રૂમમાં પડ્યાં રહેજો ને... કંઈ બીક જેવું લાગશે તો હું ફોન પર કહી દઈશ. તરત બીજા રૂમમાં ગરી જજો."

"શીટ..." મહેન્દ્રએ માથું ધુણાવ્યું, "શું મગજ છે લોકોનાં..."

"શું કરું?" પેલા માણસે મહેન્દ્રની વાત પર ધ્યાન આપ્યા વિના પૂછ્યું, "રૂમ જોઈએ છે કે નહીં?"

"જોઈએ છે." મહેન્દ્રએ કહ્યું તો ખરું, પણ એને સંકોચથી મરવા જેવું લાગ્યું.

"બે ને?" પેલા માણસને પણ મહેન્દ્રને નીચે દેખાડવામાં જાણે મજા આવતી હતી, "એક એ.સી. ને એક નોન એ.સી.?" એ હસ્યો, "આમ તો એ.સી.માં જ રહેવાનાં ને?"

"ના, બંને એ.સી., ડીલક્સ..." મહેન્દ્રએ સામે લગાડેલા પાટિયા પર વાંચીને કહ્યું અને ખિસ્સામાંથી વોલેટ કાઢીને હજાર-હજારની બે નોટ એના ટેબલ પર પછાડી. એની સામે રાખેલું રજિસ્ટર ખેંચી લીધું અને નામ-સરનામું લખવા માંડ્યું.

એણે રીમાની એન્ટ્રી કરવાની તૈયારી કરી કે પેલાએ હાથ વચ્ચે મૂક્યો, "એમનું એમને જ લખવા દો. અક્ષર જુદા પડવા જોઈએ." મહેન્દ્રએ ઘૃણાથી એની સામે જોયું, "અમે તો રાત-દિવસ આ જ કરીએ ભાઈ, શું જમાનો આવ્યો છે!" એણે નિ:સાસો નાખ્યો,

"ખાણીપીણીની વ્યવસ્થા કરવાની છે?" પેલા માણસે ફરી એક વાર ગંદું હાસ્ય કર્યું અને બે ચાવીઓ મહેન્દ્ર તરફ સરકાવી.

"ના." મહેન્દ્રએ પોતાની બેગ ઉપાડી અને રીમાને ઉપરની તરફ આવવાનો ઇશારો કર્યો.

"સાહેબ..." મહેન્દ્ર અટક્યો. એણે પેલા માણસ સામે જોયું, "બેસ્ટ ઓફ લક..."

મહેન્દ્ર તિરસ્કારથી ડોકું ધુણાવીને ઉપર ચડવા લાગ્યો. સીડી ચડતાં રીમાને ફરી રડવું આવી ગયું. મહેન્દ્ર કશું જ બોલ્યા વિના ચૂપચાપ ઉપર ચડતો રહ્યો.

રૂમમાં આવીને રીમા પલંગ પર પછડાઈ, "એક પુરુષ કંઈ પણ કરે, એને સમાજ માફ કરે છે અને એક સ્ત્રી..."

"હું પણ પુરુષ છું, મને કોઈએ માફ નથી કર્યો."

"એમ તું કહે છે. ગંદી નજરો મારી સામે તાકીને જોતી હતી."

"રીમા, નજર ગંદી કે સારી નથી હોતી... એની પાછળ રહેલો વિચાર ગંદો કે સારો હોય છે."

"મને ફિલોસોફીમાં કોઈ રસ નથી." એણે લગભગ ચીસ પાડીને કહ્યું, "મને ભૂખ લાગી છે."

"ચીસો ના પાડ." મહેન્દ્ર હસી પડ્યો, "પેલાને થશે કે આપણે ઝઘડો થયો. આવા સંબંધોમાં ઝઘડા નથી થતા..."

"હું તને મારી નાખીશ." રીમા અકળાઈને મહેન્દ્ર પાસે આવી અને એનું શર્ટ કોલરમાંથી પકડી લીધું. મહેન્દ્રએ પોતાના બંને હાથ રીમાની આજુબાજુ વીંટાળ્યા. એને નજીક ખેંચી અને એના ઉગ્ર વિરોધ છતાં એના હોઠ પર હોઠ મૂકી દીધા.

મહેન્દ્રની પીઠમાં મુક્કા મારતી, રડતી, છૂટવા મથતી રીમા એ પ્રગાઢ ચુંબનની અસરમાં ધીમે ધીમે શાંત થઈ ગઈ. મુક્કા મારતા એના હાથ મહેન્દ્રની પીઠ પર ફરવા લાગ્યા અને જાણે કોઈ વશીકરણની અસર હેઠળ હોય એમ એનું શરીર ધીમે ધીમે ઢીલું, લસ્ત થવા લાગ્યું...

*

મહેન્દ્રએ પોતાના બંને હાથ રીમાની આજુબાજુ વીંટાળ્યા. એને નજીક ખેંચી અને એના ઉગ્ર વિરોધ છતાં એના હોઠ પર હોઠ મૂકી દીધા.

મહેન્દ્રની પીઠમાં મુક્કા મારતી, રડતી, છૂટવા મથતી રીમા એ પ્રગાઢ ચુંબનની અસરમાં ધીમે ધીમે શાંત થઈ ગઈ. મુક્કા મારતા એના હાથ મહેન્દ્રની પીઠ પર ફરવા લાગ્યા અને જાણે કોઈ વશીકરણની અસર હેઠળ હોય એમ રીમાનું શરીર ધીમે ધીમે ઢીલું, લસ્ત થવા લાગ્યું...

“મહેન...” રીમાએ નશાની અસર હેઠળ હોય એમ કહ્યું, “તું છેક અહીં સુધી આવી ગયો? મારા માટે?”

“ના, મારા માટે.” મહેન્દ્રના અવાજમાં સહેજ ભીનાશ હતી, “તારો ફોન ના લાગ્યો ને મને અકળામણ થવા લાગી. મુંબઈમાં બેઠા બેઠા તારી ચિંતા કરતાં કરતાં હાર્ટઅટેક આવી જાય એને બદલે જેતપુરમાં તારા પડખામાં મરી જવું સારું.”

“પોલીસ કેસ થાય.” રીમાએ પેલા રિસેપ્શનિસ્ટના ચાળા પાડતાં કહ્યું, બંને હસી પડ્યા.

હસતાં હસતાં મહેન્દ્રના હાથ ફરી એક વાર રીમાના શરીરને વીંટળાઈ વળ્યા. એના હોઠ રીમાના હોઠ પરથી સરકતા સરકતા એની સુંવાળી ગરદન પર થઈને એનાં સ્તનોના ઢોળાવ સુધી આવી ગયા. રીમાની ત્વચાનો એક એક ટુકડો જાણે સજીવ થતો ગયો. ચોવીસ કલાક અહીંયાં રહીને અનુભવેલી તકલીફ મહેન્દ્રના સ્પર્શમાં ધીમે ધીમે ભૂંસાઈ રહી હતી.

જિંદગીનાં કેટલાંય વર્ષો પછી રીમા આવો ઋજુ છતાં પૌરુષી સ્પર્શ અનુભવી રહી હતી. એના ખભા, બાવડાં, કાનની બૂટ પર સ્પર્શતા મહેન્દ્રના હોઠ એક નવો જ ઉન્માદ જગાડી રહ્યા હતા. મહેન્દ્રની હથેળીઓ એની કમર પરથી સરકતી સરકતી એના સ્તન સુધી પહોંચી હતી. રીમા જાણે જાતને ખોઈ રહી હતી.

પહેલી વાર મહેન્દ્રના ફ્લૅટમાં એની અંદર એક આછી અપરાધભાવના હતી. માધવીના ઘરને કારણે એ મહેન્દ્ર સાથેની એ ક્ષણો પૂરેપૂરી માણી શકી નહોતી.

બંને તરફ હાથ લાંબા કરો તો દીવાલને અડી જાય એટલા નાનકડા આ રૂમમાં રીમા જાણે એક વહેતી નદી બની ગઈ હતી. એનું રૂંવેરૂંવું મહેન્દ્રના સ્પર્શમાં ભીંજાઈને સજીવ બની જવા માગતું હતું. કેટલાંય વર્ષોની તરસ એના હોઠ પર આવી ગઈ હતી. એની હથેળીઓ મહેન્દ્રની આરસપહાણ જેવી પીઠ પર બેચેન બનીને સરકી રહી હતી.

ગરમ શ્વાસ અને ધગધગતા લોહીની અજબ જેવી મહેંક આખા ઓરડામાં ફેલાઈ હતી. એરકન્ડિશનની ઘરઘરાટી ગરમ શ્વાસના અવાજમાં શાંત થઈ ગઈ હોય એવું લાગતું હતું.

થોડી મિનિટો પછી જ્યારે બંનેને પોતાના અસ્તિત્વનું ભાન આવ્યું ત્યારે રીમાએ મહેન્દ્રના કાળાધોળા વાળથી ભરેલી પહોળી છાતીમાં પોતાનું માથું ઘસતા કહ્યું, "આ શું થઈ રહ્યું છે આપણને બંનેને?"

"મને પણ નથી ખબર... પણ તારો વિચાર આવે છે ને મારી અંદર કશું જીવતું થઈ જાય છે." મહેન્દ્રની આંગળીઓ ફરી રીમાના સુંવાળા વાળમાં ફરવા લાગી. રીમા લગાતાર એની છાતી પર ચુંબનો કરી રહી હતી.

કમર સુધીની ચાદર ઓઢીને ઊંધી સૂતેલી રીમા કોઈ રોમન શિલ્પ જેવી લાગતી હતી. એની તંગ ત્વચા ઉપર ફરતી મહેન્દ્રની હથેળીઓ તૃપ્ત થઈ રહી હતી.

"રીમા, શરીર આટલું બધું સુખ આપી શકે એવી મને ખબર નહોતી."

"મને પણ..." રીમાએ ઊંચું જોયું અને મહેન્દ્રના ગળા પર ચુંબન કર્યું, "આજ સુધીના તમામ અનુભવો ફક્ત શરીર પૂરતા હતા. તારો સ્પર્શ મારા શરીર પર થાય છે, પણ એ પહોંચે છે મારા મન સુધી - મારા આત્મા સુધી. હું વારંવાર તારો એ સ્પર્શ અનુભવવા બેચેન થઈ જાઉં છું મહેન્દ્ર, શરમ આવે છે આવું કહેતા. પણ સાવ નવાસવા ફિઝિકલ અનુભવમાંથી પસાર થતી છોકરીની જેમ મને રહી રહીને તારા સ્પર્શનો રોમાંચ થઈ આવે છે." રીમાના કમર સુધીના ઉઘાડા શરીર પર મહેન્દ્રની આંગળીઓ કોઈ પેઇન્ટરની જેમ સરકી રહી હતી.

"આ જ વાત મારે પણ તને કહેવાની હતી. મારા લગ્નજીવનમાં સંતોષ હતો. શરીરના સુખ માટે મેં વલખાં નથી માર્યાં, પણ તને અડકું છું તો મારી અંદર એક અજબ જેવી ભૂખ ઊઘડે છે, તરસ જાગે છે... વારંવાર એ અનુભવ કરવાની ઇચ્છા થાય છે." એ છત તરફ જોઈને હસી પડ્યો, "આ ઉંમરે!"

"ખરેખર, મને એમ હતું કે હવે શરીર ધીમે ધીમે ઠંડું થઈ જશે. જરૂરિયાતો પૂરી થઈ. ઝંખનાઓ આમ જ મરી જશે ધીમે ધીમે, પણ તેં તો..."

"મેં નહીં તેં..."

"અચ્છા!" રીમા ફરી એક વાર મહેન્દ્રની નજીક સરકી આવી. ફરી એક વાર ગરમ શ્વાસ એકબીજામાં ગૂંથાવા લાગ્યા. ફરી એક વાર બે શરીર એકબીજામાં ઓગળી જવા માટે બેચેન થઈ ગયાં. ફરી એક વાર ત્વચા પર સરકતી આંગળીઓ લાસ્યનું નૃત્ય કરવા લાગી... ફરી એક વાર તૃપ્તિનું એ શાંત સંગીત બંનેના અસ્તિત્વને છલકાવી ગયું.

મહેન્દ્રના ખભે માથું મૂકીને એને લપેટાઈને રીમા ઘસઘસાટ ઊંઘતી હતી. અચાનક દરવાજા પર કોઈ જોરથી હાથ પછાડતું હોય એવો અવાજ આવ્યો. રીમા ચોંકીને જાગી, મહેન્દ્ર ઘસઘસાટ ઊંઘતો હતો. થોડી વાર પછી ફરી એવો જ બારણું ધમધમાવવાનો અવાજ આવ્યો. રીમાએ મહેન્દ્રને જગાડ્યો.

ઝડપથી કપડાં પહેરીને એમણે બારણું ખોલ્યું.

"શું જોઈએ છે?" મહેન્દ્રએ દરવાજો ખોલ્યો તો માધવ સામે ઊભો હતો.

"બારણું ખોલતા આટલી વાર શું કામ થઈ? આ બાઈ તમારા રૂમમાં શું કરે છે?"

"તમારે શી પંચાત છે?"

"અમારા ગામમાં આવી અનીતિ નહીં ચાલે. બે રૂમ બુક કરાવ્યા છતાં આ તમારા રૂમમાં કેમ સૂતી છે?"

"જુઓ મિસ્ટર, તમે જરા વધારે પડતી માથાકૂટ કરો છો."

"માથાકૂટ હું નથી કરતો, પણ હવે થશે."

"એટલે?"

"હું પોલીસને લઈને આવ્યો છું."

"વ્હોટ નોનસેન્સ..." બરાબર એ જ વખતે પોલીસની વર્દીમાં સજ્જ એક માણસ મૂછો આમળતો સામે આવ્યો.

"શું ચાલે છે આ બધું?"

"શું બધું?"

"આ બધા ધંધા..." એણે ખંધાઈથી રીમા સામે જોયું, "પરણેલાં છો બહેન? હસબન્ડ ક્યાં છે તમારા? આ તો નહીં જ હોય."

"આ મારા હસબન્ડ નથી." રીમાએ એમની આંખમાં આંખ નાખી. મહેન્દ્રને નવાઈ લાગે એવી દૃઢતા અને હિંમતથી રીમાએ જવાબ આપ્યો, "મારા હસબન્ડ લંડન રહે છે."

"તો તમે આ ભાઈ સાથે શું કરો છો? છાનગપતિયાં?" પેલો પોલીસ હસવા લાગ્યો.

"આ સવાલ પૂછવાનો તમને કોઈ અધિકાર નથી."

"છે, અધિકાર છે. આ કોઈ વેશ્યાવાડો કે અનીતિનું ધામ નથી."

"મોઢું સંભાળીને બોલો."

"બોલવા જેવું ક્યાં કંઈ રાખ્યું જ છે. ચાલો બહેન."

"ક્યાં?" રીમાએ પૂછ્યું.

"પોલીસ સ્ટેશન. સ્ટેટમેન્ટ આપવું પડશે."

"પણ ગુનો શું છે?"

"એડલ્ટ્રી... વ્યભિચાર..." હસતાં હસતાં એણે ઉમેર્યું, "તમે પણ પરણેલાં જ હશો ને? તમારાં વાઇફ તો જાણતાં જ નહીં હોય કે તમે જેતપુરમાં ગુડાયા છો. ઑફિસના કામે નીકળ્યા હશો." એ ફરી હસવા લાગ્યો, "બિઝનેસ ટ્રીપ ઉપર."

"મારી વાઇફ હવે આ દુનિયામાં નથી."

"અને આમના હસબન્ડ આ દેશમાં નથી. વાહ ભઈ વાહ!"

"તમે અહીંથી જશો?"

"ના. તમને લીધા વિના કેવી રીતે જાઉં? ચાલો પોલીસ સ્ટેશન..."

અત્યાર સુધી શાંતિથી વાત કરી રહેલા મહેન્દ્રનું મગજ અચાનક ગયું, "નથી આવતો."

"તમે પોલીસની કાર્યવાહીમાં આડખીલી બનો છો."

"એમ! બે નિર્દોષ માણસોને પોતપોતાના રૂમમાંથી જગાડીને, એક રૂમમાં ભેગાં કરીને લાંચ માગવાના ગુના હેઠળ વિજિલન્સમાં વર્દી ઉતરાવી લઈશ. જ્યાં સુધી સારી રીતે વર્તું છું ત્યાં સુધી સમજીને અટકી જાવ. આ અમારી અંગત જિંદગી છે, અમારી અંગત બાબત. માધવભાઈને વહાલા થવા માટે તમારી નોકરી જોખમમાં ના મૂકો."

મહેન્દ્રનો અવાજ અને એની વાત સાંભળીને અત્યાર સુધી અભિમાનમાં ચૂર થઈને વાત કરી રહેલો, મૂછો આમળતો પોલીસના ડ્રેસમાં આવેલો માણસ ઠંડો પડી ગયો, "આ બધું સારું નથી થતું ભાઈ."

"તમે તમારું કામ કરો."

"એ તો બરાબર છે પણ..." હવે એની પાસે કહેવા જેવું ખાસ કંઈ હતું નહીં, "ચલો માધવ."

અત્યાર સુધી એમની જીભાજોડી માણી રહેલો માધવ પણ સહેજ ઢીલો પડી ગયો, "હું... હું... સુરેશભાઈને ફોન કરું છું."

"કરી જ દો." રીમાએ જોરથી કહ્યું, "નંબર ના હોય તો હું આપું."

"ખરા બેશરમ માણસો છે." માધવ ધીમેથી બહાર જવા લાગ્યો. પોલીસ પણ એની પાછળ પાછળ સરકીને ચાલવા લાગ્યો.

"ગુડ નાઇટ..." મહેન્દ્રએ જોરથી કહ્યું અને બારણું પછાડ્યું. બારણું જેવું બંધ થયું કે રીમા રડી પડી.

"આવું કેમ થાય છે મહેન્દ્ર? બે માણસોને સુખી થવાનો અધિકાર નથી? પ્રેમ કરવાનો અધિકાર નથી?"

"તું પ્રેમ કરે છે મને?" આટલા બધા ટેન્શન વચ્ચે મહેન્દ્રએ મૃદુતાથી રીમાનો ચહેરો ચીબુક પકડીને ઊંચો કર્યો.

"કદાચ..." રીમા શરમાઈ ગઈ, "આ ઉંમરે કહેવું બહુ વિચિત્ર લાગે છે, પણ હા, હું તને પ્રેમ કરવા લાગી છું."

"મારી સાથે લગ્ન કરીશ?"

"વ્હોટ?" રીમાનો અવાજ ઊંચો થઈ ગયો.

"અરે, એક સીધોસાદો સવાલ પૂછ્યો છે. બૂમો શું કામ પાડે છે?"

"મહેન્દ્ર, તારી દીકરીનાં લગ્ન થવાનાં છે અને તું મને?"

"આ બે બાબતો એકબીજાથી તદ્દન જુદી છે." મહેન્દ્ર હસી પડ્યો, "મારાં લગ્ન થવાથી એનાં લગ્ન અટકી નહીં જાય. હું એને બદલે લગ્ન નથી કરતો."

"તને મજાક સૂઝે છે. લોકો શું કહેશે?"

"લોકોને જે કહેવું હતું તે કહેવાઈ ચૂક્યું."

"પણ..."

"હા કે ના..."

"મારા ડિવોર્સ... સોનાલી... દેવીના... આઇ ડોન્ટ નો..." રીમાના કપાળ પર કરચલી પડી ગઈ.

મહેન્દ્ર હજી હસી રહ્યો હતો, "નવાઈની વાત છે. સાવ નાનકડી જુવાન હોય ત્યારે લગ્ન એ કોઈપણ સ્ત્રી માટે પ્રેમની મંઝિલ હોય છે. અમુક ઉંમર પછી સ્ત્રીને પ્રેમ તો કરવો હોય છે, લગ્ન નથી કરવા હોતાં."

"શટઅપ..." રીમાના ચહેરા પર સ્મિત આવી ગયું, "મેં ના નથી પાડી."

"હા ય ક્યાં પાડી છે?"

"મારે સુરેશની સાથે વાત કરવી પડશે?"

"એની પરમિશન માગીશ?"

"મહેન પ્લીઝ..." રીમા એની સામે ખાલી આંખે જોઈ રહી, "મારા લીગલ ડિવોર્સ બહુ અઘરા છે. લંડનની કોર્ટમાં છૂટાછેડાનો કેસ દાખલ કરવો પડે, મારે લંડન જવું પડે અને..."

"મને વગર લગ્ને તારી સાથે રહેવામાં વાંધો નથી. લગ્ન તારી સલામતી છે. કાલે સવારે મને કંઈક થઈ જાય તો..."

"હજી તો જીવવાનું શરૂ કર્યું છે અને આવું બોલે છે?"

"ખરેખર તો એક રાતમાં જીવી લીધું મેં." મહેન્દ્રએ ખેંચીને રીમાને છાતીસરસી ચાંપી દીધી, "હું દુ:ખી નહોતો રીમા, પણ આટલો સુખી ક્યારેય નહોતો. દરેક માણસની જિંદગીમાં એક સોલમેટ હોય છે, જેને સાચા અર્થમાં બેટરહાફ કહેવાય. તમારી જ અધૂરી ઝંખનાઓ, અધૂરી ઇચ્છાઓ અને અધૂરાં સપનાંઓ જ્યાં પહોંચીને પૂરાં થાય એવો એક સંબંધ... એ તું છે રીમા, અને આવું કહેતા હું કોઈને અન્યાય નથી કરતો. જે જીવ્યો તે સાચું જ હતું. જે જીવું છું તે પણ સાચું જ છે."

"મહેન... મેં આટલું બધું પૂછ્યું જ નથી."

"પણ મારે કહેવું હતું એટલે કહ્યું." મહેન્દ્રએ વીખરાયેલાં કપડાં ભેગાં કરવા માંડ્યાં અને ઘડિયાળ જોઈ, "અહીંથી ભાવનગર એરપોર્ટ પહોંચતાં બે કલાક લાગશે. હવે નીકળવું જોઈએ."

સામાન પેક કરીને રીમાએ શાવર લીધો. બ્લ્યૂ ડેનિમ અને પિન્ક કલરની કર્તી પહેરીને એ બાથરૂમમાંથી બહાર નીકળી કે મહેન્દ્ર એની નજીક આવી ગયો, "ટેક્સી આવી ગઈ છે."

"મહેન્દ્ર..." એણે ધ્યાનથી જોયું તો રીમાની આંખો રડેલી હતી, "તું ખરેખર મારી સાથે લગ્ન કરવા માગે છે?"

મહેન્દ્રએ ડોકું હલાવીને હા પાડી, "સીરિયસલી."

"ઓ.કે. હું મુંબઈ જઈને મારા વકીલને મળીશ. એની સાથે ચર્ચા કરીને સુરેશને ડિવોર્સ પેપર્સ મોકલી આપીશ. લગ્ન ભારતમાં થયાં હતાં એટલે છૂટાછેડા પણ અહીં થઈ જ શકે." પછી એણે ઊંડો શ્વાસ લઈને સીધું જ પૂછી નાખ્યું, "આ બધું કરતા પહેલાં સોનાલીને પૂછવું છે?"

"તને શું લાગે છે?" મહેન્દ્રની આંખો છલકાઈ, "હું અહીંયાં આવતા પહેલાં મારી દીકરીને કહીને આવ્યો છું."

"એટલે... સોનાલી..."

"જો આપણે આપણાં સંતાનો પાસેથી એવી અપેક્ષા રાખતાં હોઈએ કે એ કશું ના છુપાવે તો આપણે પણ એમ જ વર્તવું જોઈએ. સોનાલીને કોઈ બીજું કહે એને બદલે મેં જ કહ્યું."

"અને એણે..." રીમાના શબ્દો અટવાઈ ગયા.

"એણે કહ્યું કે..." મહેન્દ્ર સોનાલીના! શબ્દો યાદ કરતાં હસી પડ્યો, "એણે કહ્યું કે-યુ આર નોટ બ્રીગીંગ અ મધર ફોર મી... તમે મારા માટે મા નથી લાવતા, તમારા માટે કમ્પેનિયન લાવો છો એટલું યાદ રાખજો."

"માય ગોડ!" રીમાની આંખો છલકાઈ આવી, "તારી દીકરીને અદ્ભુત રીતે ઉછેરી છે તેં."

"મેં નહીં, માધવીએ." મહેન્દ્રએ સંપૂર્ણ સચ્ચાઈથી કહ્યું. આંખો લૂછી નાખી, "ચાલ નીકળીએ."

રીમા આગળ વધીને એને ભેટી પડી, "આઇ લવ યુ..."

"આઇ લવ યુ ટુ..."

*

42

મુંબઈ એરપોર્ટ ઊતરીને મહેન્દ્રએ રીમાની સામે જોયું, "ઘરે જ આવે છે ને?"

"હા" રીમાએ કોઈ પ્રકારના આડંબર કે થરકાટ વગર કહ્યું, "હું આજે જ વકીલ સાથે વાત કરી લઈશ. મારે એક દિવસ પણ નથી વેડફવો."

"રીમા, કોઈ પણ નિર્ણય કરતા પહેલાં વિચારી લે."

"જો, આખી ફ્લાઇટ દરમિયાન હું એ જ વિચારતી રહી. સવાલ એ નથી કે મારે તારી સાથે રહેવા માટે સુરેશથી છૂટા પડવું છે. સવાલ એ છે કે મારે સુરેશનું નામ મારી પાછળથી કાઢી નાખવું છે. જે સંબંધ રહ્યો જ નથી એને માટે હું શા માટે મારી જાતને તકલીફ આપું?"

"રીમા, સ્વસ્થતાથી વિચારજે અને શાંતિથી નિર્ણય કરજે. જિંદગી તું માને છે એટલી..."

"ગઈ કાલે રાતના અને આજે સવારના મહેન્દ્રમાં ફેર છે." રીમાના અવાજમાં સહેજ વ્યંગ આવી ગયો, "ડરી ગયો છે? માંડ માંડ જે મુક્તિનો અહેસાસ મળ્યો છે એ ફરી એકવાર જવાબદારી લેવાથી કદાચ.."

"જવાબદારી? આ ઉંમરે કઈ જવાબદારી લેવાની છે રીમા? તારી પાસે તારું ઘર છે, પૈસા છે. તું ઇચ્છે તો મુંબઈમાં તને જોબ પણ મળી શકે."

"જવાબદારી પૈસાથી જ લઈ શકાય? એટલું જ કરવાનું હોત તો કદાચ મારે ને સુરેશને કોઈ પ્રોબ્લેમ જ ના થયો હોત. તમે પુરુષો માનો છો કે સ્ત્રી માટે પૈસા, ઘર, પોતાની આવક... બસ આટલું જ સલામતીની વ્યાખ્યામાં આવે છે." એ સહેજ હસી પડી, "મારા જેવી સ્ત્રીઓ માટે આમાંનું કશું જ સલામતીની વ્યાખ્યામાં નથી આવતું."

"જાણું છું રીમા..."

"નથી જાણતો. તું નથી જાણતો મહેન કે મારા માટે માથું મૂકવા માટેનો એક ખભો એટલે જ સલામતી..."

"એ ખભો તને હંમેશા મળશે એવું મારું વચન છે. તું સુરેશ સાથે જોડાયેલી હોય કે સ્વતંત્ર...." મહેન્દ્રએ કહ્યું. રીમાની આંખો છલકાઈ આવી. એણે મહેન્દ્રના ખભે માથું મૂકી દીધું અને એની આંખોમાંથી બે-ચાર આંસુ ટપકીને મહેન્દ્રના ટી-શર્ટમાં ચૂસાઈ ગયાં.

ઘરે આવીને મહેન્દ્રએ પહેલું કામ સોનાલીને ફોન કરવાનું કર્યું. બંધ બારણે બાપ-દીકરી વચ્ચે કોણ જાણે શું વાત ચાલતી રહી! બહાર રીમા બેચેન થઈ રહી.

"મહેન..." એણે બારણું નોક કર્યું.

થોડી વારે મહેન્દ્રએ દરવાજો ખોલ્યો, "સોનાલી શનિ-રવિ અહીંયાં આવે છે."

"પણ…"

"મેં જ કહ્યું છે."

"તેં એની સાથે શું વાત કરી?"

"જે છે તે કહ્યું."

"યુ મીન…"

"આઈ મીન…" મહેન્દ્ર હસ્યો," એરપોર્ટથી તને અહીંયાં લઈ આવ્યો ત્યાંથી શરૂ કરીને આજે આપણે ઘરે આવ્યાં ત્યાં સુધી બધું જ." એણે રીમાના ગાલ પર હાથ ફેરવ્યો, "મારી દીકરી પુખ્ત છે, સમજદાર છે, હું એનાથી પહેલાં પણ કશું નહોતો છુપાવતો અને આજે પણ કશું નથી છુપાવતો."

રીમા કશું બોલી નહીં, પણ એણે આગળ વધીને મહેન્દ્રને આલિંગનમાં લઈ લીધો, "ક્યારેક એવું લાગે છે કે તું જિંદગીમાં બધું જ પામ્યો છે અને હું બધેથી જ અધૂરી રહી ગઈ."

"આ તો બધાં મનનાં કારણો છે. એવું કશું જ નથી હોતું. સોનાલી તને પણ એટલું જ ચાહે છે."

"પણ, એ તારી દીકરી છે."

મહેન્દ્ર હસી પડ્યો, "ના, એ માધવીની દીકરી છે. હું તને માત્ર એટલું કહેવા માગું છું કે આપણે કશું વહેંચવાનું નથી. એકબીજા પાસે જે છે તે લઈને એકબીજાને મળવાનું છે, બમણું કરવાનું છે…"

"મહેન્દ્ર, તને ખરેખર લાગે છે કે એવું થઈ શકશે? આપણે બંને અધૂરાં છીએ."

"કોણે કહ્યું? હું ક્યારેય અધૂરો નહોતો. હું અધૂરો નથી. મારે માટે જિંદગીનો અર્થ તારા કરતાં જુદો છે એ સાચું, પણ સાથે સાથે એટલું કહીશ કે બે માણસોના અર્થ જુદા હોય એટલે એમની જિંદગીઓ જુદી નથી પડી જતી."

"મહેન્દ્ર, તું મને પહેલાં કેમ ના મળ્યો?"

"મળ્યો હોત તો કદાચ તેં મને ના પાડી હોત." મહેન્દ્રના અવાજમાં સચ્ચાઈ હતી, "અને, કદાચ મેં પણ તને ના પાડી હોત. મારે માટે એ વખતે સ્ત્રીની કલ્પના અને તારે માટે એ ઉંમરે પુરુષની કલ્પના આજના કરતાં જુદા જ હતાં."

"એવું કેમ થાય છે મહેન્દ્ર? સમય સાથે આપણી અંદર બધું જ બદલાય છે, આપણી વ્યાખ્યાઓ પણ બદલાઈ જાય છે, જરૂરિયાતો પણ બદલાઈ જાય છે અને ગમા-અણગમા પણ… હિંમત વધી જાય છે."

"કારણ કે જે ખોઈ બેસવાનો ભય હોય એ ખોઈ ચૂક્યા હોઈએ છીએ ત્યાં સુધીમાં… વર્ષો, સંબંધો અને લાગણીઓ વેડફાઈ ચૂક્યાં હોય છે, પછી જે સાચું હોય એ જોતાં અને કહેતાં બીક નથી લાગતી."

"આપણે સાથે સુખી રહી શકીશું?"

મહેન્દ્ર ખડખડાટ હસી પડ્યો, "કદાચ ન પણ થઈએ. ઝઘડા પણ થાય... એનીયે મજા લેવાની છે. સવાલ સાથે જીવવાનો છે, સાચું જીવવાનો છે. જેવું જીવવું છે તેવું જીવવાનો છે. કોઈ પણ સંબંધ આખેઆખો મીઠો તો ન જ હોઈ શકે. એમાં સહેજ ખારાશ, સહેજ તૂરાશ, સહેજ કડવાશ પણ હોવી જોઈએ. એક સંપૂર્ણ સ્વાદ એટલે આવા બધા સ્વાદોનું સંમિશ્રણ એટલું તો સમજે છે ને તું? માત્ર સુખ જ સુખની આશા સંબંધને તોડીફોડી નાખે છે."

"તું સાચો છે. મને સતત એવું લાગતું રહ્યું કે સુરેશ સાથેના મારા ઝઘડા અમારા સંબંધને તોડી નાખશે, પણ મારે એ ઝઘડાને સંવાદ તરીકે જોવા જોઈતા હતા. ગુસ્સામાં થયેલો સંવાદ પણ સંવાદ તો હોય જ છે. ખરેખર સંબંધને જે વસ્તુ તોડી નાખે છે એ છે મૌન... બે લોકો ચૂપ થઈ જાય ત્યારે સમજવું કે હવે સંબંધમાં તિરાડ પડી છે. વાતો થયા કરે ત્યાં સુધી ક્યાંક પહોંચવાની આશા બાકી રહે છે... કારણ કે વાતો સેતુ છે અને સેતુ હોય તો બે કિનારા વચ્ચે અવરજવર થઈ શકે. મૌન સેતુને તોડી નાખે છે, બધું વિખેરી નાખે છે એ પછી બે લોકો વચ્ચે વાતચીત કે અવરજવર થઈ શકતી નથી!"

"કદાચ સાચી વાત છે. સુરેશ અને મારી વચ્ચે પણ એમ જ થયું હશે."

"ખેર, હવે શું?"

"હવે તું એને ફોન કર અને ડિવોર્સની વાત કર."

"એટલી સરળતાથી પતશે એમ માને છે?"

"અત્યાર સુધીમાં ભાવનગરથી લંડન ફોન પહોંચી ગયો હશે." મહેન્દ્ર વોર્ડરોબમાંથી પોતાના ઝભ્ભો-લેંઘો કાઢી નહાવા જતો હતો.

એના હાથમાં ઝભ્ભો-લેંઘો જોઈને રીમાએ પૂછ્યું, "ઓફિસ નથી જવાનો?"

"ના, આજનો દિવસ તારી સાથે ઘરમાં રહીશ. સાંજે ફિલ્મ જોવા જઈશું અથવા ચાલવા. પછી બહાર જમીને આવીશું."

"મહેન્દ્ર!"

"કેમ? મને રજા લેવાનો અધિકાર નથી?" મહેન્દ્રએ કહ્યું એને માધવી સાથે થયેલો આ જ સંવાદ યાદ આવી ગયો. ગઈ કાલે રાત્રે રીમાને આવું કશું જ નહોતું થયું. આજે આ ઘરમાં પાછા ફરીને એને ફરી માધવી યાદ આવવા લાગી.

'મહેન્દ્ર લગ્નની વાત તો કરે છે, પણ જો માધવી આમ જ આ ઘરના ખૂણેખૂણામાં જીવશે તો હું મહેન્દ્ર સાથે સુખેથી નહીં જ રહી શકું.' એને વિચાર આવ્યો. એ કશું બોલી નહીં. મહેન્દ્ર એના ચહેરાના પલટાતા હાવભાવ જોઈ રહ્યો અને પછી ન્હાવા જતો રહ્યો.

બપોરે બંને જણા જઈને જાણીતા લોયર વિજય મ્હાત્રેને મળી આવ્યા. એમનું કહેવું હતું કે ડિવોર્સનો કેસ લંડનમાં જ કરવો જોઈએ. ત્યાં છૂટાછેડાના કાયદા પ્રમાણમાં સરળ છે અને સાથે સાથે સ્ત્રીઓની તરફેણમાં પણ છે. પ્રોપર્ટી ત્યાં છે એટલે કેસ પણ ત્યાં થાય એ રીમાના ફાયદામાં હતું.

પાછા ફરીને રીમા ઢળતી સાંજ સુધી મહેન્દ્રના ખભે માથું મૂકીને વિચારતી રહી. મહેન્દ્રએ પણ જાણીજોઈને એના વિચારોને ડિસ્ટર્બ ના જ કર્યા. ખાસ્સી વારે રીમાએ મહેન્દ્ર સામે જોયું, "તો પછી હું આવતા અઠવાડિયે જ લંડન જતી રહું?"

"એટલું જલદી?"

"હવે કેટલી જિંદગી બચી છે એની આપણને ક્યાં ખબર છે? જે કરવું હશે એમાં ઉતાવળ જ કરવી પડશે."

"એમ?" મહેન્દ્રની નજરમાં શરારત ઊતરી આવી. એ કશું બોલ્યો નહીં, પણ એણે રીમાને નજીક ખેંચી. વશીકરણ થયું હોય એમ રીમા ખેંચાઈ આવી. મહેન્દ્રએ એની આસપાસ પોતાનું મજબૂત બાવડું લપેટ્યું, "જે કરવું હશે તેમાં..." મહેન્દ્રનો અવાજ ઇચ્છાના ઘેનમાં વધુ સૂરીલો થઈ ગયો.

"હા." રીમાએ એના હોઠ પર પોતાના હોઠ મૂકી દીધા. હળવેથી કર્તાનાં બટન ખોલવા માંડ્યાં...

મહેન્દ્રની છાતી પર એના કાળા-ધોળા વાળની વચ્ચે માથું મૂકીને, આંખો મીંચીને પડેલી તૃપ્ત રીમાએ ધીમેથી કહ્યું, "મારે તારી સાથે જીવવું છે."

"મારે પણ..." મહેન્દ્રની આંગળીઓ એના વાળમાં ફરી રહી હતી.

શનિવારે સવારે સોનાલી અને સુજય ઘરે પહોંચ્યાં ત્યારે રીમાએ ધાર્યું હતું એવું કશું જ બન્યું નહીં.

વાતાવરણ તદ્દન નોર્મલ અને પ્રફુલ્લિત હતું. રીમાએ ઉપમા, કૉફી અને સમારેલાં ફ્રુટ્સ તૈયાર રાખ્યાં હતાં.

"વાઉ!" ઉપમાની ચમચી મોઢામાં મૂકતાં સુજયે આંખો મીંચી દીધી, "આને રાંધતાં શીખવાડજો, પ્લીઝ..."

"તું જ શીખી લે." સોનાલીએ કહ્યું એ હસી પડી, "મને તો આમ પણ શીખતાં બહુ વાર લાગે છે. રાંધતાં એનાથી પણ વધારે."

"તમે બંને અહીંયા રહેજોને... હું બંને ટાઇમ..."

"આન્ટી, કોઈ વચનો ના આપશો." સુજયે રીમાની આંખોમાં આંખો પરોવી, "હવે તમારે તમારી જિંદગી જીવવાની છે. અમે અમારી જીવીશું." રીમા નવાઈથી સુજય સામે જોઈ રહી, "હવે તમારે હરવા-ફરવા, દુનિયા જોવાનો સમય છે. એકબીજા સાથે બેસવાનો, એકબીજાની સાથે વાતો કરવાનો... તમને જે ગમે તે કરવાનો સમય છે.

પ્લીઝ, કોઈની જવાબદારી નહીં લેતાં." એણે સોનાલી સામે આંગળી ચીંધી, "અને એમાંય આ આળસુની તો નહીં જ..."

"શટ અપ, હું જરાય આળસુ નથી." સોનાલીએ કહ્યું.

"આવું તારા સિવાય બીજું કોઈ કહે છે?" સુજયે કહ્યું.

"હું." રીમા વચ્ચે કૂદી.

"મને ખબર જ હતી, મધર્સ આર ઓલવેઇઝ લાઇક ધીસ..." સુજય બોલ્યો.

તરત જ સોનાલીના મોઢામાંથી નીકળી ગયું. "શી ઇઝ નોટ માય મધર." સોનાલીએ ફટાક દઈને કહ્યું.

રીમાનું મોઢું પડી ગયું. મહેન્દ્ર પણ સહેજ અપસેટ થઈ ગયો.

થોડી વાર સુધી કોઈ કશું બોલ્યું નહીં. પછી સુજયને લાગ્યું કે એ નહીં બોલે તો વાતાવરણ આટલું જ વજનદાર રહેશે. એટલે એણે કહ્યું, "અફકોર્સ નોટ, પણ એ તને મા જેટલો જ પ્રેમ કરે છે."

બોલ્યા પછી સોનાલીને પણ કદાચ પોતાના વાક્યની અસર સમજાઈ હતી, એટલે એણે પણ વાત વાળી લીધી, "હા, એ સાચું છે." રીમાનો ચહેરો હજુ પણ મુરઝાયેલો જ હતો. એટલે સોનાલી ઊભી થઈ. રીમા પાસે આવી, એના ગળામાં હાથ નાખ્યા અને ધીમેથી કહ્યું, "આઇ એમ સૉરી... હું તમને દુઃખ પહોંચાડવા નહોતી માગતી."

"કંઈ વાંધો નહીં." રીમાએ ફિક્કું સ્મિત કર્યું, "તારી વાત સાચી તો છે જ બેટા, એટલે ખરાબ લાગે તો પણ એ સત્ય છે."

"આન્ટી..."

અત્યાર સુધી મહેન્દ્ર કશું જ બોલ્યો નહોતો. એણે સોનાલી સામે સીધી, તીવ્ર નજરે જોયું. "આ લગ્ન વિશે મને તારો અભિપ્રાય જોઈએ છે બેટા, સાચો!"

"આ તમારી જિંદગી છે ડેડ, એમાં મારે શું કહેવાનું હોય?"

"જિંદગી મારી છે, પણ સંબંધ આપણા સૌનો છે. હું નથી ઇચ્છતો કે..." એણે રીમા સામે જોયું. કહેવું કે નહીં એનો એક ક્ષણ માટે વિચાર કર્યો અને પછી કહી જ નાખ્યું, "હું નથી ઇચ્છતો કે કાલે સવારે તારી અને રીમા વચ્ચે..."

"અમે સાસુ-વહુ નથી ડેડ."

"એ તારે સમજવાનું છે."

"મને તારી સાસુ બનવામાં વાંધો નથી." રીમાએ કહ્યું. સુજયે જોરથી તાળી પાડી.

"બિલકુલ... તમે સોનાલી સાથે સાસુની જેમ જ વર્તજો, કારણ કે એને ખરેખર એક સાસુની જરૂર છે, જે હું આપી શકું એમ નથી."

"શટ અપ..." સોનાલીએ ફરી કહ્યું અને બધાં હસી પડ્યાં.

એક નાનકડા વાક્યને બાદ કરતાં શનિ-રવિ ઘરમાં એકંદરે ખૂબ શાંતિ રહી. ઘરના સૌએ સાથે બેસીને રીમાના ડિવોર્સની, મહેન્દ્ર અને રીમાનાં લગ્નની ચર્ચા કરી લીધી.

રવિવારની સાંજે રીમા સોનાલી માટે થેપલાં પેક કરતી હતી ત્યારે એનો સેલ રણક્યો.

"હા સુરેશ!" રીમાએ ફોન ઉપાડ્યો ત્યારથી જ એને ખબર હતી કે ભાવનગરથી ચંપાયેલી દીવાસળીએ જબરદસ્ત આગ લગાડી હશે.

"પેલા રાસ્કલના ઘરમાં છે કે તારા ફ્લૅટમાં?"

"મહેન્દ્રના ઘેર છું." રીમાનો અવાજ તદ્દન સ્વસ્થ અને સંયત હતો.

"પહેલાં પણ ત્યાં જ રહેતી હતી." સુરેશ એની બધી જ બ્રિટિશ એટિકેટ ભૂલીને બરાડા પાડી રહ્યો હતો, એટલા જોરથી કે ફોનની બાજુમાં ઊભેલા લોકો એનો અવાજ અને વાત સ્પષ્ટ સાંભળી શકતાં હતાં, "ફ્લૅટ તો મને દેખાડવા લીધો હતો સાલ્લી... પહેલાં પણ આના ચક્કરમાં જ વારેવારે ઇન્ડિયા ભાગી જતી હતી. તમે બે જણાએ મળીને બિચારી માધવીને મારી નાખી."

"શટ અપ..." રીમાનો અવાજ તરડાઈ ગયો.

"એમ મને ચૂપ કરવાથી કંઈ નહીં થાય. અહીંથી તો સતી સાવિત્રી બનીને રડતી રડતી ગઈ હતી. આખી જિંદગી મને ઇવા સાથેના સંબંધો માટે કોસતી રહી, પણ પોતે ઇન્ડિયામાં શું મસ્તી મારતી હતી એની કોઈને ગંધ પણ ના આવવા દીધી... સાલ્લી, રાં..."

"બહુ થયું સુરેશ, તમે પીધેલા છો. મગજ ઠેકાણે આવે ત્યારે ફોન કરજો."

"મારું મગજ હવે ઠેકાણે આવ્યું છે. તને ઠેકાણે પાડી દઈશ એટલું યાદ રાખજે." સુરેશે બીજી બે-ચાર ગાળો દીધી. રીમાએ ફોન ડિસકનેક્ટ કરી નાખ્યો. ત્યાં ઊભેલા બધાના ચહેરા પર એક અજબ પ્રકારની ગંભીરતા છવાઈ ગઈ. હવે શું થશે એ સવાલ સૌના ચહેરા પર હતો.

*

43

સુરેશે ગાળો દેવા માંડી એટલે રીમાએ ફોન ડિસકનેક્ટ કરી નાખ્યો. એ એટલા મોટેથી બોલતો હતો કે ફોનની આજુબાજુમાં ઊભેલા લોકો પણ એનો અવાજ સાંભળી શકતા હતા.

રીમાએ ફોન ડિસકનેક્ટ કર્યો અને ત્યાં ઊભેલા ત્રણેય જણાની સામે જોયું, "હવે?" સોનાલીએ પૂછ્યું.

"હવે શું?" રીમાના અવાજમાં ઉચાટ નહોતો.

"હવે સુરેશ અંકલ તમને આસાનીથી ડિવોર્સ નહીં આપે."

"કમ-ઓન, એ તો અમસ્તો પણ નહોતો આપવાનો. ઇંગ્લૅન્ડમાં છટાછેડાના કાયદા અલગ છે બેટા, મને ખબર છે મને તકલીફ પડવાની છે."

"આન્ટી..." સુજય ચિંતામાં હતો, "હું એવું કહેવા માગું છું કે તમે એકલાં લંડન ન જાવ."

"કેમ? મને મારી નાખશે?" રીમાના ચહેરા પર સ્મિત આવી ગયું.

"મારી નાખવાની વાત નથી. આવી પરિસ્થિતિમાં લડવા માટે..."

"બેટા, હું આખી જિંદગી મારી લડાઈ હું એકલી જ લડી છું. હજી પણ હું એકલી જ લડીશ. બીજા કોઈએ આમાં દુ:ખી થવાની જરૂર નથી."

"હું બીજો કોઈ છું?" અત્યાર સુધી ચૂપચાપ સાંભળી રહેલા મહેન્દ્રને લાગી આવ્યું, "સુજય સાચું કહે છે, હું તારી સાથે આવવાનો છું."

"પત્યું!" રીમાના ચહેરા પર હજી પણ સ્મિત હતું, "તને જોયા પછી છૂટાછેડા આપતો હશે તોય નહીં આપે."

"જે થાય તે, હું તારી સાથે આવવાનો છું, બસ."

"આ ભાવનગર નથી." રીમા હસી, "વિઝા લેવા પડશે, પેપર્સ કરવા પડશે."

"અભણ નથી હું." મહેન્દ્ર પણ હસી પડ્યો.

સોનાલી અને સુજયને એરપોર્ટ મૂકીને પાછા આવતાં બંને જણાએ ઘણી દલીલના અંતે આખરે એવું નક્કી કર્યું કે મહેન્દ્ર અને રીમા સાથે જ લંડન જશે. રીમા આનાં પરિણામો જાણતી હતી, પણ મહેન્દ્રની જીદ સામે એનાથી ઝાઝી દલીલો ન થઈ શકી.

એક અઠવાડિયું પરદેશ જવાની તૈયારીમાં અને પેપરવર્કમાં વીતી ગયું. મહેન્દ્ર પહેલાં ઘણી વાર પરદેશ જઈ આવ્યો હતો. એટલે એના વિઝા અઘરા ના પડ્યા.

લુફ્તાન્સાના વિમાનમાં મહેન્દ્રના ખભે માથું મૂકીને સૂતેલી રીમાને રહી રહીને એક જ વિચાર આવતો હતો, 'મારી જિંદગીમાં આવો દિવસ પણ આવશે એવી મને કલ્પના

નહોતી. આખી જિંદગી કોઈના પ્રેમ માટે, કોઈની લાગણી માટે તરફડીને કાઢ્યા પછી મને જે મળ્યું છે એનો પરમ સંતોષ છે. હવે છૂટાછેડા થાય કે નહીં, મહેન્દ્ર સાથે જીવી શકું કે નહીં, મને કોઈ પરવા નથી.'

મહેન્દ્રની આંગળીઓ હળવે હળવે એના વાળમાં ફરતી રહી.

બંને જણાએ રસ્તામાં ખૂબ વાતો કરી.

લંડનની ફ્લાઇટ રીમાને હંમેશાં લાંબી લાગતી. આજે સમય ક્યાં પૂરો થઈ ગયો એની એને ખબર જ ના પડી.

એરપોર્ટ ઊતરીને મહેન્દ્રએ રીમાને કહ્યું, “મારો એક મિત્ર રહે છે. રાકેશ પટેલ, હું એને ત્યાં રહેવાનો છું. મારે વાત થઈ ગઈ છે.” એણે આમતેમ જોયું, “લેવા પણ આવ્યો હશે.”

“તેં મને કહ્યું નહીં?” રીમાનાં ભવાં તણાઈ ગયાં.

“રીમા, હું તારી મદદ કરવા આવ્યો છું. તારા માટે સવાલો ઊભા કરવા નહીં.”

“પણ...”

“મને ખબર હતી કે તું મને તારા ઘરે નહીં રાખી શકે. તું શું કામ તારા ઘરમાં ન રહે? આ બંને સવાલો પર વિચાર કરતાં મને લાગ્યું કે મારે મારી વ્યવસ્થા કરી લેવી જોઈએ.”

“મહેન, હું જેમ જેમ તને ઓળખતી જાઉં છું તેમ તેમ મને સમજાય છે કે હું તને શું કામ પ્રેમ કરું છું.”

“અચ્છા! એટલે પ્રેમ કરવા માટે પણ કારણો શોધવાં પડે, ખરું ને?” રીમાએ એના ગળામાં હાથ નાખીને ચૂમી ભરી લીધી. અહીંયાં લંડનમાં આવી રીતે જાહેરમાં વહાલ કરવા ઉપર કોઈ પ્રતિબંધ નહોતો. લાગણીની અભિવ્યક્તિ કોઈ સંકોચ વિના કરવી એ પશ્ચિમની કેટલીક ઉત્તમ બાબતોમાંની એક છે.

પહેલાં પરદેશ જતા મહેન્દ્રને હંમેશાં આ વિચાર આવતો રહેતો. પેરિસની ગલીઓમાં, રોમનાં દેવળોમાં, વેનિસની ગોન્ડોલાઝમાં એને હંમેશાં એક આવી અભિવ્યક્તિ કરવાનો ઉછાળો આવતો, પરંતુ માધવીના સંકોચશીલ સ્વભાવને કારણે એ આવું કંઈ કરતાં અચકાતો. પરદેશના તમામ પ્રવાસો વખતે એણે હંમેશાં એક એવા સાથીની કલ્પના કરી હતી કે જેનો હાથ પકડીને રખડવાની મજા આવે. આજે પહેલી વાર એને રીમામાં એ કલ્પના સાકાર થતી દેખાઈ હતી.

“સાંભળ, આખો દિવસ તો તારા છૂટાછેડાની કાર્યવાહી નહીં ચાલે ને? મને લંડન બતાવ. હું તારી સાથે તારું શહેર જોવા માગું છું.”

“જરૂર. તું ન કહેત તો પણ હું તને લઈ જવાની હતી.” હજી બંને જણાં વાતો કરતાં કરતાં બહાર નીકળતાં હતાં કે એક ઊંચો, કાળો, સ્માર્ટ માણસ હાથ હલાવતો પાસે આવી પહોંચ્યો.

"હાય મહેન્દ્ર!" રીમાને સમજતાં વાર ન લાગી કે આ જ રાકેશ પટેલ હશે, "તમે રીમા..." એણે હાથ લંબાવ્યો. રીમાએ હેન્ડશેક કર્યા, "ચાલ, તારી ભાભી રાહ જુએ છે." એણે મહેન્દ્રને કહ્યું. પછી ફરી રીમા સામે ફર્યો, "તમને લેવા કોઈ આવવાનું છે?"

રીમાએ ખભા ઉલાળ્યા.

"અમે ઉતારી દઈએ?" રાકેશે પૂછ્યું. હજી એનું વાક્ય પૂરું થાય એ પહેલાં સૂટ પહેરેલો, દેખાવડો સુરેશ ત્યાં આવીને ઊભો રહી ગયો. એણે ધારદાર નજરે ત્રણેય જણા તરફ જોયું.

"તું આવવાની છે એની ખબર આપવાની તસદી પણ ના લીધી?"

"છતાં તું એરપોર્ટ આવી ગયો ને?"

"આને સાથે લઈને આવી છે? શરમ નથી આવતી?"

"આ એરપોર્ટ છે, આપણું ઘર નથી. બૂમો પાડવાની જરૂર નથી." રીમાએ નમ્ર છતાં દૃઢ અવાજે કહ્યું, "આપણે ઘરે જઈને વાત કરીશું."

"ઘર? કોનું ઘર?" સુરેશના ચહેરા પર ખંધુ સ્મિત આવી ગયું, "એ ઘર તારું નથી રીમા."

"એ ઘર મારું જ છે ને મારું જ રહેવાનું છે." રીમાને શરમ આવતી હતી કે રાકેશની સામે આ બધી ચર્ચા આવી રીતે શરૂ થઈ ગઈ, પણ હવે એની પાસે જવાબ આપ્યા સિવાય છૂટકો નહોતો. સુરેશે કોઈ ઔપચારિકતા વિના સીધી આક્ષેપબાજી શરૂ કરી દીધી હતી.

"ભૂલી જા. કોઈ પણ ઘર, ઘરવાળીનું હોય છે. તું હવે ઘરવાળી નથી રહી. તું તો રખડતી થઈ ગઈ છે."

રીમાની આંખો નીચી થઈ ગઈ. એક ક્ષણ માટે એને વિચાર આવ્યો કે સુરેશના મોઢા પર તમાચો જડી દે. પછી ચૂપ રહીને એણે પોતાની ટ્રોલી ધકેલવા માંડી.

"એક મિનિટ." મહેન્દ્રએ એને રોકી. રાકેશ પાસેથી કાર્ડ લઈને એના હાથમાં આપ્યું, "કંઈ પણ જરૂર પડે તો મને ફોન કરજે."

"હાસ્તો! હવે તને નહીં કરે તો કોને કરશે?" સુરેશના ચહેરા પર ફરી એ જ ખંધુ સ્મિત આવ્યું.

"હું આશા રાખું કે તમે રીમા સાથે ખરાબ વર્તન નહીં કરો." એણે સુરેશને કહ્યું.

સુરેશ હસ્યો, "અને કદાચ ખરાબ વર્તન કરો તો મારે કારણ વગર વચ્ચે પડવું પડશે." રીમાને અચાનક જ એક સલામતીનો અહેસાસ થયો. આજ સુધી કોઈએ એની આવી ચિંતા નહોતી કરી.

"હં..." સુરેશે ખભા ઊંચક્યા, "એ મારી પત્ની છે." હસીને ઉમેર્યું, "આ ઘડીએ તો છે. હું જેમ ઇચ્છું તેમ વર્તું એની સાથે, તમે કંઈ નહીં કરી શકો."

"જોઈશું." મહેન્દ્રએ વાત ટૂંકાવી. એણે રીમા સામે જોયું, "અડધી રાત્રે પણ જરૂર પડે તો ફોન કરજે."

"આમ પણ તમારી જરૂર તો અડધી રાત્રે જ પડતી હશે ને?" સુરેશે ખૂબ ખરાબ રીતે ટોણો માર્યો. રીમા એક પણ શબ્દ બોલ્યા વિના ટ્રોલી ધકેલતી ચાલવા લાગી.

એ બંનેના ગયા પછી રાકેશે મહેન્દ્ર સામે જોયું, "શું વાત છે?"

"કહું છું..." મહેન્દ્રએ પણ પોતાની ટ્રોલી ધકેલવા માંડી.

દિવસ આખો મહેન્દ્ર અને રાકેશ વાતો કરતા રહ્યા. મહેન્દ્રએ એને બધી વાત કરી. રાકેશે પરિસ્થિતિ સમજવાનો પ્રયાસ કર્યો. મહેન્દ્રને કાયદા સમજાવ્યા. પોતાની ઓળખાણના બે-ચાર માણસોને સુરેશની વિગતો શોધવા કામે લગાડ્યા.

રાકેશ પાસે મોટું હાઉસ હતું. ખૂબ કમાતો હતો. ગ્રોસરીના ચેઇન સ્ટોર્સ હતા. કાર રેન્ટલનું કામ પણ કરતો. એસ.એસ.સી. ભણીને આફ્રિકા ભાગી ગયેલો. વીસ વર્ષમાં આર્થિક રીતે સારો એવો સધ્ધર થઈ ગયો હતો.

લંડનમાં ખાસ્સી ઓળખાણો અને પહોંચ હતી. ગુજરાતી સમાજમાં લગભગ સૌ એને ઓળખતા. બીજાની નાની-મોટી મદદ કરવી, નવા આવનારાઓને નોકરી-વિઝા અપાવવા... એક પાક્કા પટેલની જેમ 'ઘસાઈ છૂટવું' રાકેશનો સ્વભાવ હતો.

રાકેશ અને મહેન્દ્ર ઘરે પહોંચ્યા પછી સાંજ સુધી વાતો કરી રહ્યા હતા. રીમાનો કોઈ ફોન કે સમાચાર આવ્યા નહીં ત્યારે મહેન્દ્રને ચિંતા થઈ.

"શું થયું હશે?" એનાથી પૂછ્યા વિના ના રહેવાયું.

"માણસ માથાનો ફરેલો લાગ્યો. ખરેખર એમને એકલા જવા દેવા નહોતાં જોઈતાં."

"શું કરીએ? ફોન કરું?"

"દોસ્ત..." રાકેશ હસી પડ્યો, "હું ક્યારેય આવી પરિસ્થિતિમાંથી પસાર નથી થયો. એટલે સમજાતું નથી કે શું કરવું જોઈએ..." પછી એણે મહેન્દ્રના ખભે હાથ મૂક્યો, "થોડી વાર રાહ જોઈએ, પછી નક્કી કરીએ." એણે ઘડિયાળ જોઈ. સાત વાગવા આવ્યા હતા.

*

રીમા ટ્રોલી ધકેલતી આગળ જઈ રહી હતી. સુરેશ લગભગ દોડતો એની સાથે થઈ ગયો, "ક્યાં જાય છે?"

"તેં કહ્યુંને કે ઘરે નથી આવવાનું, તો મારી વ્યવસ્થા કરી લઈશ." રીમાએ નક્કી કર્યું હતું કે આ વખતે એ કોઈ બાબતે ઢીલી નહીં પડે. જિંદગીનાં વીસ વર્ષ એણે જે રીતે

કાઢ્યાં હતાં એ પછી માંડ મળેલા સુખને એ જવા દેવા તૈયાર નહોતી. સોનાલી અને સુજય સાથે વાત થયા પછી તો એનામાં વધારે હિંમત આવી ગઈ હતી.

“મેં તો અમસ્તુ કહ્યું.” સુરેશનો અવાજ બદલાઈ ગયો, “એ તારું જ ઘર છે. હું તને કેવી રીતે રોકી શકું? તું કાયદેસર માલિક છે એ ઘરની.”

“ચલો, તને યાદ તો છે!” રીમા ચૂપચાપ ટ્રોલી ધકેલતી રહી. સુરેશ એની જોડે ચાલતો રહ્યો. એણે પાર્કિંગમાં થોડે દૂર મહેન્દ્ર અને રાકેશને એમની ગાડીમાં સામાન ગોઠવતા જોયા. રીમા પોતાની બેગ ઉપાડે તે પહેલાં સુરેશે બેગ ઉપાડીને બૂટમાં મૂકી દીધી. દોડીને દરવાજો ખોલ્યો. રીમાને હસવું આવી ગયું, પણ એ કશું બોલી નહીં.

એરપોર્ટથી ઘર સુધી બંને વચ્ચે એક શબ્દની પણ આપ-લે ન થઈ. રીમા બારીની બહાર સડસડાટ પસાર થઈ જતી ગાડીઓ જોતી રહી. વાદળ ઘેરાયેલાં હતાં. લંડનનું વાતાવરણ રીમાને હંમેશાં ગમતું. એ બહાર ફેલાયેલી ઠંડક અને ગોરંભાયેલું આકાશ જોતાં મહેન્દ્રના વિચારો કરતી રહી.

“છોકરાંઓ ઘરે આવ્યાં છે.” સુરેશે ગાડી ગરાજમાં પાર્ક કરતાં કહ્યું, “તારી રાહ જુએ છે.”

“છોકરાંઓ એટલે...”

“જય અને દેવીના...” થૂંક ગળે ઉતારીને ઉમેર્યું, “જયની ગર્લફ્રેન્ડ પણ આવી છે. તું રિએક્ટ નહીં થતી.”

“હું? હું શું કામ રિએક્ટ થાઉં?”

“એ... પરણ્યા વગર રહે છે. તને નથી ગમતું ને?”

“એમ તો તમે પણ પરણ્યા વગર રહો છો.” એણે વેધક નજરે સુરેશ સામે જોયું, “અને હવે તો હું પણ...”

“રીમા!” સુરેશે એને બોલતી અટકાવી. રીમા પોર્ચનાં પગથિયાં ચઢીને દાખલ થઈ ત્યારે મુખ્ય દરવાજો ખુલ્લો હતો. દેવીના, જય અને જયની ગર્લફ્રેન્ડ મારીઆ ડ્રોઇંગરૂમમાં બેઠાં હતાં. રીમા દાખલ થઈ કે દેવીનાની વેધક નજર જાણે એની આરપાર ઊતરી ગઈ.

“હાય બેટા!” રીમાએ સ્વાભાવિકતાથી કહ્યું, પરંતુ મારીઆ સિવાય કોઈના ચહેરા પર સ્મિત ના આવ્યું. મારીઆ ઊભી થઈને રીમાને ભેટી.

“વેલ કમ હોમ!” મારીઆએ કહ્યું.

“હવે આ એનું ઘર નથી.” દેવીનાના અવાજમાં ચીડ અને તિરસ્કાર હતાં, “એ ઘર સાથેનો સંબંધ પૂરો કરવા આવી છે. રાઇટ મોમ?”

“રાઇટ.” રીમાએ સહેજ પણ અચકાયા વિના કહ્યું, “સારું થયું કે તમે લોકો બધું જાણો છો. મારે કહેવામાં સમય નહીં બગાડવો પડે.”

“તને શરમ નથી આવતી?” એની પાછળ બેગ લઈને દાખલ થઈ રહેલા સુરેશનો અવાજ ફાટી જતો હતો. એણે અત્યાર સુધી જાત પર રાખેલો બધો જ કાબૂ એ ગુમાવી બેઠો હતો, “મને માધવે ફોન કર્યો હતો. બધું જ કહ્યું.”

“હું ક્યારે આવવાની છું એ પણ એણે જ કહ્યું હશે.”

“બીજું કોણ કહે?”

“મને એ નથી સમજાતું સુરેશ કે એને આટલો બધો રસ શા માટે છે?”

“સગો છે મારો! મારી ભલાઈ...”

“અચ્છા! આટલાં વર્ષે?” રીમાથી હસી પડાયું, “એની વે, સારું થયું તમે એરપોર્ટ આવી ગયા, સાથે સાથે છોકરાંઓને પણ મળી લીધું. આપણે કાલે સવારે કોર્ટમાં જઈને પેપર્સ ફાઇલ કરી દઈએ.”

“તું કહેવા શું માગે છે?”

“હું ગુજરાતીમાં બોલું છું સુરેશ! હું અહીં સુધી જે કામ માટે આવી છું એ જેટલું જલદી પૂરું થાય એટલું સારું.”

“તું ખરેખર છૂટાછેડા લેવા માગે છે? પેલા રાસ્કલ માટે?”

“સુરેશ! એક સમયે તમારે પણ ડિવોર્સ જોઈતા હતા, ઇવા માટે...”

“મારી વાત જુદી છે.”

“કેમ?”

“બસ, જુદી છે.” સુરેશે બૂમ પાડી, “આ છોકરાંઓની સામે તું જે કંઈ બકવાસ કરી રહી છે એનાથી શું અસર પડશે એનું ભાન છે તને?”

“આ જ છોકરાંઓએ મને ક્યારની તરછોડી દીધી છે. દેવીનાએ મને મળવાની ના પાડી હતી. જય મારી સાથે વાત કરવા તૈયાર નહોતો... મારા પર શું અસર પડી એની ચિંતા કરી છે એમણે?”

દેવીના અને જયના ચહેરા ઊતરી ગયા હતા. મારીઆ સમજતી નહોતી, પણ ઊંચા થયેલા અવાજો પરથી અને જયે એને કહેલી વાત પરથી એટલું સમજી શકતી હતી કે ચર્ચા કઈ બાબતની હતી.

“એમને એમની જિંદગી જીવવાનો અધિકાર છે.” એણે અંગ્રેજીમાં કહ્યું, “મને જયે બધી વાત કરી છે.”

“શટ અપ.” જયે જોરથી બૂમ પાડી અને ઘરમાં એક સન્નાટો છવાઈ ગયો.

*

44

"બૂમો પાડવાથી તમારી વાત સાચી સાબિત નહીં થાય." રીમાએ શાંતિથી કહ્યું. સામાન્ય રીતે નાની નાની વાતમાં વિચલિત થઈ જનારી રીમાની શાંતિ આજે ઘરના સૌને આશ્ચર્યચકિત કરી રહી હતી. સુરેશને હતું કે આ બધી સ્થિતિમાં રીમા રડવા લાગશે, ડરી જશે. એને બદલે રીમા એકદમ સ્વસ્થ હતી.

"મોમ, તને આ સારું લાગે છે?" દેવીના નજીક આવી.

"શું?" રીમાએ ખૂબ નિરાંતે પૂછ્યું.

"આ ઉંમરે તું લગ્ન કરવા નીકળી છે?"

"કેમ? હું શું ખોટું કરું છું? તારી કે તારા ભાઈની જેમ વગર પરણ્યે કોઈની સાથે નથી રહેતી."

"લોકો સાંભળશે તો કેવું લાગશે?" દેવીનાએ કહ્યું, એણે રીમાને રીતસર હસવું આવી ગયું.

"આ તમે બધાં શું બોલો છો?" રીમાએ કહ્યું એણે શાંતિથી સુરેશ સામે જોયું, "તમને શું લાગે છે? તમે આવી રીતે બૂમો પાડશો એટલે મારો નિર્ણય બદલાઈ જશે? ભૂલ કરો છો તમે."

"તું જેને માટે મને છોડવા તૈયાર થઈ છે એને તો હું જીવતો નહીં રહેવા દઉં."

"મેં તો આવું કંઈ નથી કર્યું." રીમાએ સુરેશને કહ્યું, "તું જ્યારે મને છોડીને ઇવા સાથે રહેવા ચાલી ગયો ત્યારે મને શું થયું હશે એવો વિચાર પણ નહોતો આવ્યો તને? આજે હું મારી જિંદગી જીવવા નીકળી છું ત્યારે તને ગુસ્સો આવે છે, કેમ?

"કારણ કે મારે ગામમાં હાંસીપાત્ર નથી થવું."

"તને શું લાગે છે? લોકો આપણા વિશે નથી જાણતાં?"

"જાણે જ છે, એટલે જ તને કહું છું કે આ બધા છૂટાછેડાના તાયફા રહેવા દે."

"તાયફા? આમાં કોઈ તાયફો નથી. તું ચૂપચાપ સહી કરી દે તો આપણી વચ્ચે પ્રોબ્લેમ જ નથી."

"ચૂપચાપ સહી કરી દે? તું કોની સાથે વાત કરે છે એનું ભાન છે તને?" સુરેશનો હાથ તમાચો મારવા માટે ઊંચો થઈ ગયો. એ રીમા ઉપર ધસી ગયો, પણ એનો હાથ રીમાના ગાલ પર વીંઝાય એ પહેલાં જ રીમાએ પકડી લીધો. આજે પહેલી વાર સુરેશે રીમાની આંખોમાં કશું એવું જોયું, જે એણે આટલાં વર્ષોમાં ક્યારેય નહોતું જોયું. રીમાની આંખોમાંથી એક તેજ વરસતું હતું. એના ચહેરા ઉપર અજબ જેવી દઢતા હતી.

"બસ..." એણે સુરેશનો હાથ જોરથી પકડ્યો.

"હું મારી નાખીશ તને, અને તારા આશિકને પણ… ભાવનગરમાં મારાં સગાંવહાલાં છે. ત્યાંથી વારંવાર ફોન આવે છે. લોકો પૂછપરછ કરે છે. તારે તો ઠીક છે. આવી લફરાબાજી ચાલ્યા કરે, પણ ત્યાં મારાં સગાંઓ બધાં…"

"સુરેશ, તું તો કહેતો હતો કે તારું કોઈ સગું નથી… લંડન આવ્યા પછી તેં કોઈ સાથે સંપર્ક રાખ્યો હોય એવું મને યાદ પણ નથી! હવે અચાનક?"

"એ મારો પ્રોબ્લેમ છે. હું સંબંધ રાખું કે ના રાખું. મને લોકો અમુક રીતે વાત કરે એ પસંદ નથી."

"જો મારે આગળ ચર્ચા નથી કરવી. હું માત્ર એટલી જ વાત કરવા માગું છું કે તું શાંતિથી ડિવોર્સના પેપર્સ કરાવ અને એના પર સહી કરી દે. તું જો શાંતિથી આ બધું પૂરું કરી શકે તો આપણને બંનેને ઓછી તકલીફ રહેશે."

દેવીના રડવા લાગી, "મોમ, આ તેં શું માંડ્યું છે? મારી બધી ફ્રેન્ડ્સ મને પૂછે છે."

"મારી ફ્રેન્ડ્સ પણ મને પૂછતી હતી દેવીના, પણ ત્યારે તને તારી માની ચિંતા નહોતી. હું છેક મુંબઈથી ફક્ત તને મળવા આવી હતી. તારી ચિંતા કરતી હતી, પણ તેં મને મળવાની ના પાડી. ત્યારે તને તારી માનો વિચાર ના આવ્યો અને આજે અચાનક…"

"છોરું-કછોરું થાય, માવતર થઈને કમાવાતર થાય છે?"

"તું તો બહુ સારું ગુજરાતી બોલી શકે છે." રીમાએ સુરેશ સામે પહોળી આંખો કરીને જોયું.

"આ સામસામે ચોપડાવવાનો સમય નથી." દેવીનાએ કહ્યું, "મોમ, પ્લીઝ… સમજવાનો પ્રયત્ન કર. ભાવનગરથી પંકજકાકા, મનુમાસી, બધાના ફોન આવી ગયા છે. તું તારા બોયફ્રેન્ડ સાથે હોટેલમાં રહી એ વાત બધાંને ખબર પડી ગઈ છે."

"એમાં ખોટું શું છે? તારા ડેડી એની ગર્લફ્રેન્ડ સાથે રહેતા હતા, જય એની ગર્લફ્રેન્ડ સાથે રહે છે."

"તું મારી મા છે." દેવીના જોરજોરથી રડતી હતી.

"તને આજે સમજાયું છે દેવીના. ગઈ કાલ સુધી તને આ જ માની કિંમત નહોતી. આજે આ મા રહેવાની નથી એવી ખબર પડી એટલે તને ડર લાગવા માંડ્યો છે."

જયની આંખમાં પાણી આવી ગયાં. એણે ધીમેથી ઉમેર્યું, "આ બધી પ્રોપર્ટીની વહેંચણી માટે પણ ઝઘડા થશે."

"તમે નક્કી કરી લો, ઝઘડો શાનો છે? પ્રોપર્ટીનો? લોકો હસશે એનો કે પછી તમારી માએ પહેલી વાર પોતાના માટે કંઈ વિચાર્યું છે એનો?"

"તું સમજવા જ નથી માગતી." જય ચીડાઈ ગયો, "ભારતમાં રહેતાં હોત તો આ બધું મારા નામે કરવું પડત."

"ગેટ લોસ્ટ…" દેવીનાએ કહ્યું, "મારો પણ ભાગ છે."

"હું આ બધું વેચીને, પૈસા લઈને ઇન્ડિયા જતી રહેવાની છું. આમાં કોઈનો ભાગ નથી. આ મારી મહેનતની કમાણી છે અને એના પર માત્ર મારો અધિકાર છે."

"મોમ, અમને માફ કરી દે. તું અમારી સાથે આવું ના કરી શકે. આ બધું બેન્ક બેલેન્સ, પ્રોપર્ટી તારે શું કરવાં છે? તું કેટલું જીવીશ?" રીમાનો જવાબ સાંભળીને જયનો અવાજ નરમઘેંસ જેવો થઈ ગયો હતો, પરંતુ એનો સવાલ સાંભળીને મારિયાની આંખો ફરી ગઈ.

એની ગર્લફ્રેન્ડ મારિયા આ તમાશો જોઈ રહી હતી. એ બધું સમજતી તો નહોતી, પણ જે વાતચીત થઈ રહી હતી એ શું છે એનો એને અંદાજ હતો. એ ધીમેથી ઊભી થઈ. રીમાની નજીક આવી. એને ખભે હાથ મૂક્યો અને કહ્યું.

"આન્ટી, ડોન્ટ ફોરગીવ ધેમ." રીમાની આંખો છલછલાઈ આવી.

"ધે આર માય ચિલ્ડ્રન…" રીમાથી કહેવાઈ ગયું, "આઇ લવ ધેમ." એણે જય અને દેવીના સામે જોયું, "હું તમને દુઃખી કરવા નથી માગતી, પણ હવે એકલવાયી જિંદગી નહીં જીવાય મારાથી. મને એ જ નથી સમજાતું કે તમે મને કઈ બાબત માટે રોકી રહ્યા છો? તમારા બધાની પોતાની જિંદગી છે. એ રસ્તે જતાં તમે મારો વિચાર પણ નથી કર્યો હવે જ્યારે હું મારી જિંદગી જીવવાનો પ્રયત્ન કરું છું ત્યારે તમને…" હવે રીમા રડી પડી, "શું ઇચ્છો છો? હું રડતી-કકળતી, જિંદગીમાં શું ગુમાવ્યું એના હિસાબો માંડતી અહીં રહું? આ ભૂતિયા ઘરની ચાર દીવાલો વચ્ચે ગોળગોળ ઘૂમ્યા કરું?"

"નાઆઆઆઆ." સુરેશનો અવાજ ફાટી ગયો હતો. એ રીમાની ઉપર ધસી ગયો અને રાક્ષસની જેમ એને તમાચા-મુક્કા મારવા માંડ્યો. એનાં કપડાં પકડીને એને હચમચાવવા માંડ્યો. એના વાળ મુઠ્ઠીમાં પકડીને એને હલબલાવી નાખી.

"સ્ટોપ ઇટ…" મારિયાએ બૂમ પાડી. ઘરનો જ ફોન ઉપાડીને સુરેશને ધમકી આપી, "હવે તમે આ નહીં અટકાવો તો હું પોલીસને ફોન કરીશ."

"તારાથી જે થાય તે કરી લે." સુરેશ પોતાના કાબૂની બહાર નીકળી ગયો હતો. એનું મગજ ફાટફાટ થતું હતું.

"હલો… પુલીસ?" મારિયાના બે જ શબ્દોએ એ ઘરમાં હાજર બાકીના ચાર જણાના ચહેરા પર મુઠ્ઠીભર કાજળ લીંપી દીધું.

દસમી મિનિટે સાયરન વગાડતી પોલીસની જીપ સુરેશના હાઉસની બહાર ઊભી હતી. કોઈ કશું સમજે તે પહેલાં બોબીઝ ઘરમાં દાખલ થયા અને સુરેશને લઈને ચાલવા લાગ્યા.

ડઘાયેલો જય પણ કશું કરી ના શક્યો.

સુરેશના ગયા પછી દેવીનાએ આંસુ લૂછીને રીમાની સામે જોયું, "હું તને ક્યારેય માફ નહીં કરું."

"મારા માટે તું મરી ગઈ છે." જયે કહ્યું. મારિયા સામે જોઈને ઉમેર્યું, "હવે પછી મને ફોન કરવાનો પ્રયત્ન નહીં કરતી." જય અને દેવીના ઘરની બહાર નીકળી ગયાં. રીમા સોફા પર બેસી પડી. એની અંદર કશું ભાંગી ગયું હતું.

"તમે ચિંતા ના કરો. જિંદગી આનું નામ છે." મારિયાએ એના ખભે હાથ ફેરવ્યો. ભાંગી પડેલી રીમા ધ્રૂસકે ધ્રૂસકે રડતી હતી.

મારિયા ક્યાંય સુધી ત્યાં જ બેસી રહી. એ ઘરમાં એક નિ:શબ્દ વજનદાર હવા થીજી ગઈ હતી.

આખરે રીમા ઊભી થઈ અને મોઢું ધોયું. પોતાની બેગમાંથી કપડાં કાઢી કપડાં બદલ્યાં, પછી મારિયાને કહ્યું, "હું પોલીસ સ્ટેશન જાઉં છું."

"યુ મીન..." મારિયાની આંખો આશ્ચર્યથી પહોળી થઈ, "તમે એને છોડાવશો?"

"હા." રીમાએ એકાક્ષરી ઉત્તર આપ્યો. પોતાની પર્સ ઊંચકી ઘરની બહાર નીકળી ગઈ. મારિયાએ ખભા ઊંચા કર્યા.

"ધીસ ઈઝ ઇન્ડિયન વીમેન!"

રીમા હજી મુખ્ય દરવાજા સુધી પહોંચી પણ નહોતી કે એના સેલફોનની રિંગ વાગી.

"મહેન..." રીમાનો અવાજ ડૂમાથી તરડાઈ ગયો હતો.

"શું થયું?" મહેન્દ્ર એકદમ ચિંતાતુર થઈ ગયો.

"સુરેશ પોલીસ કસ્ટડીમાં છે."

"અરે બાપરે!"

"હું અત્યારે ત્યાં જ જાઉં છું."

મહેન્દ્રએ ફોન ઓન રાખીને રાકેશ સાથે વાત કરી. રાકેશ તરત જ નીકળવા તૈયાર હતો. રીમાએ પોતાના એરિયાના પોલીસ સ્ટેશનનું નામ આપ્યું. ટૅક્સી સુધી પહોંચવા ઝડપથી ચાલવા લાગી.

પોલીસ કસ્ટડીમાં સુરેશ સાચે જ અકળાયો હતો. રીમા, મહેન્દ્ર અને રાકેશને સાથે જોઈ એને ગુસ્સો તો ઘણો આવ્યો, પરંતુ રાકેશ ત્યાંના લૉર્ડની ઓળખાણ લઈને આવ્યો હતો. પાંચેક મિનિટમાં એનો વકીલ પણ આવી પહોંચ્યો. રાકેશે એને છોડાવ્યો. સુરેશ અકળાયેલો, શરમિંદો થઈને એકલો એકલો પોલીસ સ્ટેશનની બહાર ચાલવા લાગ્યો.

"સુરેશ..." મહેન્દ્રએ બૂમ પાડી, સુરેશ અટક્યો તો નહીં, પણ એના પગ ધીમા થઈ ગયા. મહેન્દ્ર ઝડપથી એની નજીક પહોંચ્યો, એણે સુરેશના ખભે હાથ મૂક્યો, "તૂટી ગયેલા સંબંધને અહમ્‌ના વાઘા પહેરાવીને તારી જિંદગીમાં પ્રશ્નો શા માટે ઊભા કરે

છે?" સુરેશ સમસમી ગયો, પણ કશું બોલ્યો નહીં, "જો, રીમાને તો તેં ક્યારની મુક્ત કરી દીધી છે. તું તારી જિંદગી જીવી રહ્યો છે..."

"તારે અય્યાશી કરવી છે..."

"ના, મારે લગ્ન કરવાં છે."

"તને ખબર છે, હું રીમાને મુક્ત કરું તો આ ઘર અને અમારાં બધાં જ જોઇન્ટ ઇન્વેસ્ટમેન્ટ મારે એને આપી દેવા પડે. પછી મારી પાસે પાછલી જિંદગી માટે શું રહે?"

"એટલો જ પ્રોબ્લેમ છે?"મહેન્દ્ર સહાનુભૂતિથી એની સામે જોઈ રહ્યો હતો. રીમા અને રાકેશ ત્યાં સુધીમાં એમની નજીક આવી ગયાં, "આ ઘર રીમા તારા નામે કરી આપે તો?"

"શા માટે કરી આપું? મારી મહેનતના પૈસા છે આ ઘરમાં. મારા પરસેવાની કમાણી છે. આ ઘરનો એક પણ ઇન્સ્ટોલમેન્ટ એણે નથી ભર્યો. લીગલ કારણોસર એનું નામ છે બસ."

"નહીં આપતી... હું પણ સહી નહીં કરું." સુરેશની આંખોમાંથી અંગારા વરસતા હતા, એ ફરી એક વાર ધ્રૂજવા લાગ્યો હતો. એનો પારો ચડવા લાગ્યો હતો, "તારે ભારત જવું હોય અને આ..." એણે મહેન્દ્ર સામે આંગળી ચીંધીને ગાળ દીધી, "આની સાથે જીવવું હોય તો એની કિંમત ચૂકવવી પડશે." એના ચહેરા પર એક ક્રૂર સ્મિત આવ્યું.

"રીમા, આપી દે એને બધું." મહેન્દ્રએ હળવેથી રીમાનો ખભો પસવાર્યો, "તારા માટે આ દેશમાં હવે કશું નથી."

"પણ આ બધું..." રીમાને ફરી ડૂમો ભરાઈ આવ્યો. એણે લૂસલૂસ ખાઈને ભાગતાં ભાગતાં કરેલી નોકરી, સ્નો ખૂંદતાં નાનાં બાળકોને સ્કૂલમાં મૂકીને મોડા પહોંચવા બદલ સાંભળેલી કચકચ, એની મહેનત અને એનાં વીતેલાં વર્ષોની મુશ્કેલીઓ એને યાદ આવી ગઈ, "આ બધું મારા લોહી-પરસેવાની કમાણી છે."

"તારે શું જોઈએ છે એ તારે નક્કી કરવાનું છે. કોર્ટમાં જઈને લડી-ઝઘડીને આ બધું લેવા માટે તારે મહિનાઓ અહીંયાં રહેવું પડશે." મહેન્દ્રના અવાજમાં ગજબની મૃદુતા હતી, "આપણી કેટલી જિંદગી બચી છે એની આપણને ખબર નથી. બચેલા દિવસોને સુખેથી જીવવાને બદલે એવી સંપત્તિ મેળવવા માટે વાપરી નાખવા છે, જેમાંનું કશું જ તારી સાથે નથી જવાનું...?"

"એટલે તું એમ કહેવા માગે છે કે..."

"હા ભાભી." રીમાને 'ભાભી'નું સંબોધન સાંભળીને તપતી ધરતી પર વરસાદ પડ્યો હોય એવી લાગણી થઈ, રાકેશ ખૂબ શાંતિથી એને કહી રહ્યો હતો, "મહેન્દ્ર પાસે શું નથી? તમે બંને સુખેથી જીવી શકો એ માટેનું બધું જ છે. જતાં રહો ભાભી, અને આ માણસને જે જોઈતું હોય તે બધું જ આપી દો."

"હું વિચારીને કહીશ." રીમાએ કહ્યું.

"હું તને અત્યારે એકલી નહીં જવા દઉં. મને આ માણસનો વિશ્વાસ નથી."

"મારા હાથમાં આવી તો મારી જ નાખીશ એ નક્કી છે. હું જેલમાં જઈશ, પણ આને તો કંઈ નહીં જ મળે..." સુરેશ દાંત પીસી રહ્યો હતો. રીમા ધ્રૂજી ગઈ. એ જાણતી હતી કે સુરેશ આવું કરી શકે. થોડા જ કલાકો પહેલાં સુરેશે એને જે બેરહમીથી મારી હતી એ પછી એને કોઈ ચાન્સ નહોતો જ લેવો.

"હું... તમારી સાથે આવું?" એણે રાકેશને પૂછી નાખ્યું.

"મોસ્ટ વેલ કમ..." રાકેશે ખભા ઊંચક્યા. રીમા સુરેશની સામે જોયા વિના રાકેશની ગાડી તરફ ચાલવા લાગી.

"મને કહેતી હતીને કે સહી કરી દે..." સુરેશે રસ્તા પર ઊભા ઊભા બૂમ પાડી, "હવે હું તને કહું છું કે સહી કરી દે... તરત છોડી દઈશ."

રીમા ગાડી સુધી પહોંચી ગઈ હતી. કોણ જાણે એને અચાનક શું થયું કે એ ત્યાંથી પાછી ફરી, મોટી મોટી ડાંફો ભરતી સુરેશ પાસે આવી, એની સાવ નજીક ઊભા રહીને એની આંખોમાં જોયું, "ઓલરાઇટ..." એણે કહ્યું, "હું કાલે જ સૉલિસિટર પાસે જઈને બધી જ મિલકત મારાં સંતાનોને નામે કરી દઈશ. તને પેપર્સ મળી જશે."

"મારા નામે..." સુરેશે કહ્યું.

રીમાએ તડાક દઈને એના ગાલ પર તમાચો માર્યો. "ભૂલી જા... હું તને ચોવીસ કલાક આપું છું. કાલે સાંજ સુધીમાં નક્કી કરીને મને કહી દેજે. જો તારો જવાબ હા હશે તો હું પરમ દિવસે પેપર્સ કરીશ. નહીં તો બધું આમ જ મૂકીને ઇન્ડિયા જતી રહીશ. પ્રોપર્ટી સીલ કરાવી દઈશ..."

રીમા ઊંધી ફરીને રાકેશની ગાડી તરફ જવા લાગી. ત્યાં ઊભેલા ત્રણ પુરુષો એક સ્ત્રીમાં અચાનક આવેલો આ બદલાવ જોઈ રહ્યા.

*

45

સુરેશ ઘરની અંદર પાછો ફર્યો ત્યારે એના પગમાંથી જોર જતું રહ્યું હતું. એને કલ્પના પણ નહોતી કે રીમા આટલી બદલાઈને પાછી આવશે. ગઈ કાલ સુધી જે રીમા દરેકેદરેક વાતમાં સુરેશ પર આધારિત રહેતી હતી એ રીમાએ આજે હાથ ઊંચકીને સુરેશને તમાચો મારી દીધો હતો.

"શું કહે છે?" જયે સુરેશને પૂછ્યું.

"પ્રોપર્ટી તમારા નામે કરવાનું કહે છે. તને અને દેવીનાને સરખા ભાગે."

"યુ મીન..." દેવીનાએ આંખો ઝીણી કરી.

"એ કહે છે કે મને કશું જ નહીં આપે. બધું જ એના નામે છે કારણ કે બધી જ મોર્ગેજ લોન એના નામે હતી." સુરેશે નિઃસાસો નાખ્યો, "એનો નિર્ણય આખરી ગણાશે, કારણ કે કાગળ ઉપર એ માલિક છે."

"કાગળ ઉપર નહીં ડેડી, સાચે જ મારી મમ્મી માલિક છે આ બધાની." જયે ધીમેથી પણ મક્કમ અવાજે કહ્યું, "આ બધું એની મહેનતના કારણે ઊભું થયું છે. સાચું પૂછો તો તમારી પાસે ક્યારેય એવી જોબ નહોતી કે તમે..."

"જય?"

"ડેડ, સત્ય સ્વીકારી લો." જયે અદબ વાળી, "મોમે તમને છોડી દીધા છે. હવે થોડા વખતમાં તમારે આ બધું છોડવું પડશે."

"બે મિનિટ પહેલાં તો તમે બંને જુદું કહેતાં હતાં."

"પણ અમને સમજાયું ડેડ, કે અમે ગમે તે રીતે વર્ત્યાતોય મારી મમ્મીએ અમારો વિચાર કર્યો, આઈ થીંક દેવીનાએ પણ એવું જ વિચાર્યું હશે."

"હા..." દેવીનાએ હોઠ ભીંસ્યા, "હું મારી મમ્મી સાથે સારી રીતે નથી વર્તી પણ એણે આ બધું વેચવાને બદલે અમને આપવાનું નક્કી કર્યું એ જ બતાવે છે કે મારી મમ્મી કેટલી..."

"એટલે તમે એવું ઇચ્છો છો કે હું એના આ નિર્ણયને સ્વીકારી લઉં?"

"તમારી પાસે બીજો કોઈ રસ્તો નથી" જયના ચહેરા સ્મિત આવી ગયું.

"એ મને કશું જ આપવા તૈયાર નથી, નથીંગ!" સુરેશ હતાશ ચહેરે સંતાનો તરફ જોઈ રહ્યો.

"ગ્રેટ!" દેવીનાએ આંચો નચાવી, "મને ખબર હતી કે મારી મમ્મી સાચો જ નિર્ણય લેશે."

"યસ. એણે ક્યારેય ખોટો નિર્ણય નથી લીધો." જયનો અવાજ બદલાઈ ગયો હતો. સુરેશ નવાઈથી જોઈ રહ્યો. પાંચ મિનિટ પહેલાં જે જય જોરજોરથી બૂમો પાડીને વાત કરતો હતો એ જ જય હવે તદ્દન જુદા અને નીચા સૂરમાં બોલી રહ્યો હતો.

"સંપત્તિ માણસને ક્યાંથી ક્યાં લઈ જાય છે! પાંચ મિનિટ પહેલાં તમને હું સાચો લાગતો હતો હવે અચાનક તમારી મા સાચી લાગે છે." સુરેશે નંખાયેલા-થાકેલા અવાજે કહ્યું.

"મે બી!" દેવીના તદ્દન નિર્લેપ અવાજે કહ્યું, "ડેડ, મારી માએ જ્યારે અમારો વિચાર કર્યો છે ત્યારે મારે સાચું બોલવું જોઈએ. સાચું એ છે કે તમે ક્યારેય અમારા માટે ઘરે નહોતા. તમે અમારા માટે કંઈ નથી કર્યું. આજ સુધી જે કંઈ થયું અને કર્યું એ બધું મારી માએ કર્યું છે."

"આ તું બોલે છે?" સુરેશે નવાઈથી કહ્યું.

"હા ડેડી, હું મારી માને અન્યાય કરતી રહી." સુરેશ છોકરાઓના આ બદલાવથી આશ્ચર્યચકિત થઈ ગયો. હવે એને ખાસ કંઈ કહેવા જેવું નહોતું રહ્યું. આ એનો જ ઉછેર હતો. એણે જ બાળકોને આ દિશામાં વિચારતાં શીખવ્યું હતું.

એણે એક છેલ્લો પ્રયત્ન કરી જોયો, "બેટા, આ ઉંમરે હું ક્યાં જઈશ?"

અત્યાર સુધી જય કશું જ નહોતો બોલ્યો પણ હવે એણે સુરેશની આંખોમાં આંખો પરોવી, "તમે ઇવા સાથે રહેવા ગયા ત્યારે મારી માનો વિચાર કર્યો હતો?"

"વ્હોટ?" સુરેશ જય પર ધસી ગયો, "મને કલ્પના નથી આવતી કે તમે લોકો રીમાના નિર્ણયથી આટલા બદલાઈ શકો છો."

"દરેક માણસને અધિકાર છે કે એ પોતાના વર્તન પર વિચાર કરે અને પોતાની ભૂલ સુધારે. એની વે અમે નીકળીએ છીએ." દેવીના ઊભી થઈ ગઈ. એણે મારિયા તરફ જોયું, "હું ડિનર કરીને મારા અપાર્ટમેન્ટ પર જઈશ, આવવું છે?"

મારિયા પણ ઊભી થઈ. એણે જય તરફ જોયું, જય પણ ઊભો થઈ ગયો. કોઈ ઔપચારિકતા વિના ત્રણે જણા ઘરની બહાર નીકળવા લાગ્યાં. સુરેશ લગભગ એમની પાછળ દોડ્યો, "એટલે તમે હવે તમારી માના પક્ષમાં છો?" એણે અંગ્રેજીમાં પૂછ્યું.

અત્યાર સુધી કશું જ નહીં બોલેલી મારિયા અચાનક સુરેશની સામે ઊભી રહી ગઈ, "આ પક્ષ તમે પાડ્યા છે. બંને જણા એક થઈને સંતાનને ઉછેરે તો જ સંતાનોનો ઉછેર સાચી રીતે થઈ શકે છે. તમે ઘર છોડી ગયા ત્યારે તમને કલ્પના પણ નહોતી કે રીમા આન્ટી પણ ક્યારેક પોતાની જિંદગી વિશે વિચારશે અને આવો નિર્ણય લઈ લેશે..." એણે સ્મિત કર્યું, "તમે પુરુષો હંમેશા એવું માનો છો કે એક સ્ત્રી ક્યારેય પોતાની રાખમાંથી ઊભી થઈને સંઘર્ષ નહીં કરે... પણ હવે સમય બદલાયો છે..."

"મારે ભાષણ નથી સાંભળવું." સુરેશે જોરથી કહ્યું. માથે હાથ દઈને પોર્ચમાં મૂકેલી ચેરમાં બેસી ગયો. છોકરાઓ ધીમે ધીમે બહાર નીકળ્યાં. સૌ પોતપોતાની દિશામાં

નીકળી ગયા. રાતનું અંધારું અને સન્નાટો સુરેશને ઘેરી વળ્યાં.

રીમા, રાકેશ અને મહેન્દ્ર ઘરે પહોંચ્યા ત્યારે ગાડીમાંથી ઊતરતાં રીમાએ ધીમેથી મહેન્દ્રને પૂછ્યું, "આમના ઘરે કોઈને પ્રોબ્લેમ તો નહીં થાય ને?"

"ના." રાકેશે સ્મિત કર્યું, "મારી પત્ની પટેલ છે ખરી પણ સાવ જુદી છે. તમે મળશો તો સમજાશે."

"હું જાત જાતના અનુભવોમાંથી પસાર થઈને આવી છું એટલે સહેજ ડર લાગે છે." રીમાને ડૂમો ભરાઈ આવ્યો, "મને હજી સુધી એ નથી સમજાતું કે એક માણસ પોતાની બધી જવાબદારી પૂરી કરીને પોતાની જિંદગી પોતાની રીતે જીવવા માગે તો એમાં કોઈને શું વાંધો હોઈ શકે?"

"આ દુનિયા એટલી સહેલાઈથી તમને તમારી જિંદગી જીવવા દેતી નથી. માણસો કંટ્રોલમાં રહેવા જોઈએ. જો બધા પોતાની રીતે જીવવા લાગે તો પછી બિચારા સમાજના ઠેકેદારો શું કરે?" રાકેશ હસતો હસતો ગાડીમાં ઊતર્યો. એણે રીમાને આવકાર આપીને અંદર આગળ વધવા કહ્યું.

રીમા સંકોચ સાથે ઘરમાં દાખલ થઈ…

"હાય!" એક શોર્ટ્સ પહેરેલી પાતળી, ઊંચી સ્ત્રી ખભા સુધીના પર્મ કરેલા વાળ ઝટકોરતી બહાર આવી.

"માય વાઇફ" રાકેશે ઓળખાણ કરાવી.

"આવો." એણે એટલી સ્વાભાવિકતાથી કહ્યું જાણે રીમાને વર્ષોથી ઓળખતી હોય! રીમા ઘરમાં દાખલ થઈ, આટલું મોટું સુઘડ અને વ્યવસ્થિત ઘર જોઈને રીમા ઘરનાં વખાણ કર્યા વિના ન રહી શકી.

"આ બધી પમ્મીની કમાલ છે" રાકેશે પત્ની તરફ હાથ કર્યો, "થોડા વર્ષો પહેલાં નડિયાદથી અહીંયાં લાવ્યો ત્યારે મને લાગતું હતું કે આ બાઈ સાથે જીવી નહીં શકાય પણ આજે મારો બિઝનેસ, ઘર અને છોકરાંઓ બધું જ પમ્મી એકલી જ મેનેજ કરે છે."

"અને, રાકેશ સોશિયલ સર્વિસ કરે છે." પમ્મી હસી.

ગરમ ગરમ ખીચડી, કઢી, કરકરા લોટની ભાખરી અને બટાકાનું લસણવાળું સુક્કું શાક જોઈને રીમાને નવાઈ લાગી.

"રાકેશને જમવાનું તો પૂરું જ જોઈએ, એ પણ ગુજરાતી." પમ્મીએ વાળ ઊંચા કરીને બટરફ્લાય ક્લિપ ભરાવી. નખશિખ અંગ્રેજી દેખાતી પમ્મી ઉર્ફે પ્રમીલા લંડનમાં જ જન્મી હોય એટલુ ચેસ્ટ ઓક્સફર્ડ અંગ્રેજી બોલતી હતી, "રાકેશે વાત કરી મને. ડોન્ટ વરી, તમે સાચો નિર્ણય કર્યો છે. જિંદગીભર કોઈની ગુલામી કરીને ના જ જિવાય." રીમા એની સામે જોઈ રહી, "આપણે વેર નથી લેતાં… પણ તમને મહેન્દ્રભાઈ ગમતા હોય તો તમને તમારી જિંદગી જીવવાનો અધિકાર છે."

"લુક! સુરેશની સ્થિતિ દયાજનક છે. હું સમજું છું પણ..." મહેન્દ્રને સમજણ નહોતી પડતી કે એણે આમાં શું બોલવું જોઈએ.

"આ સ્થિતિ એણે જાતે ઊભી કરી છે. ઘરની બહાર પહેલાં એ ગયા છે." પમ્મીએ જરાય ડર્યા વિના મહેન્દ્રની આંખમાં જોઈને કહ્યું, "જે પુરુષ ઘર છોડીને જાય એણે ઘરવાળીની આશા છોડી દેવાની."

"પમ્સ, મને એક વાત કહે તો" રાકેશે બાજુમાં બેઠેલી પત્નીના ઘૂંટણ પર હાથ મૂક્યો, "હું આવું કંઈ કરું તો તું પણ મને આમ છોડી દઈ શકે?"

"ફોર શ્યોર!" પમ્મી હાથે ખીચડી-કઢી ચોળીને ખાતી હતી, "મને તો બીજા પુરુષની પણ જરૂર ના પડે. કોઈ મળે ત્યાં સુધી રાહ ન જોઉં હું. એક વાર ઘરમાંથી બહાર ગયો કે તારે માટે દરવાજા બંધ."

"જોઈ મારી પટલાણી?!" રાકેશે પમ્મીના પગ પર નાનકડી ટપલી મારી.

"બિલકુલ" પમ્મીએ આગળ આવી ગયેલી લટને ઝટકાવીને પાછળ નાખી, "હું તો તને માફ પણ ના કરું."

"જાણું છું મારી મા" રાકેશે હસતાં હસતાં કહ્યું, "પમ્મી મૂળ ઓડ ગામની છે. અમારે ત્યાં પટેલોમાં કહેવત છે ઓડ - માથાફોડ."

"હા...હા... તે તમે નારવાળા, કંઈ બહુ વખાણવાલાયક નથી." પમ્મી હસવા લાગી, "તમારે માટે શું કહેવત છે તે કહી દઉં?"

"બસ...બસ... હવે." રાકેશે વાત બદલી નાખી.

એ પછી ખાસ્સી વાર સુધી જાત જાતની વાતો થતી રહી. બધાં મોડી રાત સુધી જાગ્યાં. પમ્મીએ કૉફી બનાવી.

રીમાને ઘરની બહાર એક ઘર મળી ગયું. રાત્રે જ્યારે સહુ સૂવા માટે ઊભાં થયાં ત્યારે પમ્મીએ રીમા અને મહેન્દ્રની સામે જોયું, "આવો તમારો રૂમ બતાવી દઉં." રીમા સંકોચથી ઊભી રહી, પમ્મીએ એના ખભે હાથ મૂક્યો, "એક જ રૂમમાં સૂશોને તમે?" એના ચહેરા પર એકદમ સ્વાભાવિક સ્મિત હતું.

રીમા છેક ઊંડે સુધી લાગણીવશ થઈ ગઈ. એની આંખો છલકાઈ આવી. એને ભાવનગરની હોટલરૂમનો અનુભવ યાદ આવી ગયો. એની ભીની આંખો જોઈને પમ્મીએ એને ધીમેથી કહ્યું, "રીમા, હું બહુ ભણેલી નથી પણ જિંદગીમાં એક વાત શીખવી છે મારા બાપાએ." એણે ખૂબ લાગણીપૂર્વક રીમાના ગાલ પર હાથ મૂક્યો, "એવું કોઈ કામ કરવું નહીં જે કહી ન શકાય...અને એવું કશું જ કહેવું નહીં જે કરી ન શકાય.. સમજે છે?" રીમાએ ડોકું ધુણાવીને ના પાડી, "આપણે જે કરીએ એ બધું જ આપણા આત્માને કબૂલ હોવું જોઈએ. જાહેરમાં સ્વીકારી શકીએ, અંગ્રેજીમાં કહીએ તો 'સ્ટેન્ડ બાય' થઈ શકે એવું કામ કરવું. એવું કોઈ વચન ન આપવું કે જે આપણે ન કરી શકવાના હોઈએ. હું જાણું છું તું મહેન્દ્રભાઈને ચાહે છે અને આટલા

ખરાબ દિવસ પછી ફોર શ્યોર તમને બે જણને એકબીજાની સાથે સમય ગાળવો ગમે... તો એમાં કાંઈ ખોટું નથી. ઓલરાઇટ?"

એણે રીમાને ગેસ્ટરૂમમાં બધી સવલતો કરી આપી. બહાર નીકળતાં પોતે જ ખેંચીને દરવાજો બંધ કરી દીધો.

રીમા પલંગ પર બેસી ગઈ. એની આંખો છલકાઈ પડી. આખા દિવસની પકડી રાખેલી હિંમત અને તાકાત જાણે અચાનક જ હાથમાંથી છૂટી ગયાં. ખેંચીને પકડી રાખેલું કોઈ ઇલાસ્ટિક છૂટી જાય અને ઢીલુંઢસ થઈ જાય એવી રીતે એનું તંગ શરીર ઢીલું થઈ ગયું...

"હવે શું કામ રડે છે?" મહેન્દ્રએ નજીક આવીને એના માથે હાથ ફેરવ્યો, રીમા બંને હાથ લપેટીને એની કમ્મર પર માથું મૂકીને રડવા લાગી. મહેન્દ્ર એના માથે હાથ ફેરવતો રહ્યો.

"જેને હું પહેલી વાર મળી છું એવી સ્ત્રી મને કેટલી આસાનીથી

સ્વીકારે છે અને જેમને હું મારા પોતાના માનીને અહીંથી હજારો કિલોમીટર દૂર એમની પાસે પહોંચી એ લોકોએ મને અપમાનિત કરવામાં અને દુઃખ આપવામાં કંઈ બાકી રાખ્યું નહીં."

"પોતાનાં અને પારકાં એ તો આપણો કોન્સેપ્ટ છે રીમા, બાકી એક ઋણાનુબંધ હોય છે, માણસ અને માણસની વચ્ચે." મહેન્દ્રએ એનો ચહેરો ચિબૂકથી પકડીને ઊંચો કર્યો. ઝૂકીને એના કપાળ પર ચૂમી કરી, "આના પરથી સમજવાનું ફક્ત એટલું જ કે મૉડર્ન કોઈ જન્મથી નથી હોતું. એની શીખવાની તૈયારી અને સ્વીકારવાની આવડત એને મૉડર્ન બનાવે છે. આ પમ્મી..." એણે હસીને ઉમેર્યું, "આ પ્રમીલા. તારા જેટલા જ અથવા કદાચ થોડા ઓછા સમયથી લંડનમાં રહે છે પણ એણે પશ્ચિમની વિચારસરણીને સાચા હૃદયથી સ્વીકારી છે. સાથે ભારતીયતા છોડી નથી. ખીચડી-ભાખરી-શાક બનાવે છે અને એક સ્ત્રી-પુરુષના લગ્ન વગરના સાચા સંબંધને પણ સ્વીકારી શકે છે... પતિ ખરાબ રીતે વર્તે તો છોડી દેવા તૈયાર છે પણ સામે પક્ષે પતિને જે કરવું છે એ કરવા દે છે અને એની બધી જ જવાબદારી ઉપાડે છે... મને લાગે છે સાચા અર્થમાં આધુનિક થવું એટલે આધુનિક કપડાં પહેરવાં એટલું જ નહીં. જ્યાં, જેની પાસે જે સારું હોય તે સ્વીકારીને નવા સમય સાથે કદમ મિલાવવા એટલે આધુનિક બનવું."

"મહેન્દ્ર..." રીમા ઊભી થઈને મહેન્દ્રને ભેટી પડી.

"હવે સૂઈ જા. આખી રાત નથી સૂતી અને સવારથી ખૂબ ટેન્શનમાં દિવસ ગયો છે તારો."

"આજે મારા શહેરમાં આપણે સાથે પહેલી રાત ગુજારીએ છીએ." રીમાએ મહેન્દ્રના હોઠ પર હોઠ મૂકી દીધા અને પછી મહેન્દ્ર માટે જાણે આસપાસનું જગત વિસરાતું ગયું...

એકબીજામાં ઓતપ્રોત થઈને બંનેએ ખૂબ વહાલ કર્યું… ખૂબ વાતો કરી… સવાર ક્યાં પડી ગઈ એની એમને જ ખબર ના રહી.

સવારે પમ્મીએ ઇન્ટરકોમ પર રિંગ વગાડી, "અમે બ્રેકફાસ્ટ માટે રાહ જોઈએ?"

"અમે બે મિનિટમાં નીચે આવીએ છીએ." રીમાએ પોતાના ભીના વાળમાંથી મહેન્દ્રના ચહેરા પર પાણી ઝટકોર્યું… મહેન્દ્રએ એને પાસે ખેંચીને ચૂમી…

"જલદી કર."

"શું?" મહેન્દ્રએ તોફાની આંખોથી પૂછ્યું, "શું કરું?"

"યુ આર ટુ મચ" રીમાએ આંખો પહોળી કરી. એ દરવાજો ખોલીને નીચે ઊતરી ગઈ.

બ્રેકફાસ્ટ ટેબલ પર રાકેશે એને વકીલનું એડ્રેસ અને બધી જ વિગતો આપી. રીમાને ગાડીની ચાવી આપી, "તમે તો લંડનમાં ગાડી ચલાવો છો એટલે તમને તકલીફ નહીં પડે."

"પણ તમે…" રીમાએ ગાડીની ચાવી લેતાં વિવેક કર્યો.

"આ પમ્મીની ગાડી છે. એ મારી લઈ જશે. મારે તો ક્યાંય જવાનું છે જ નહીં." રાકેશ હસ્યો.

"જરૂર પડે તો હું તમારી સાથે આવું." પમ્મીએ કહ્યું.

"હમણાં તો જરૂર નથી" રીમાએ મહેન્દ્ર સામે જોયું, "હું આજે બધા પેપર્સ કરાવી લઈશ પછી જરૂર પડશે તો વાત કરીશું."

"ડરવાની જરૂર નથી. તમે જે કરી રહ્યાં છો તે બરાબર છે. આમ પણ બધું તમારાં સંતાનોનું જ છે. પાછળ કશું જ બાકી નહીં રાખતાં જેને માટે પાછાં આવવું પડે." રીમાએ આભારવશ થઈને પમ્મીનો હાથ પકડી લીધો. એની આંખો ભરાઈ આવી. એને માધવી યાદ આવી ગઈ.

*

46

રીમાની અપેક્ષા નહોતી એટલી સહેલાઈથી પેપર્સ થઈ ગયા. લગભગ બધું જ સડસડાટ આગળ વધ્યું અને ત્રણ જ દિવસમાં રીમાના બધા જ પેપર્સ થઈ ગયા.બાળકોને નામે બધું જ ટ્રાન્સફર કરીને રીમાએ દસ્તાવેજ કરી નાખ્યા.

બધું જ પૂરું કરીને સાંજે રીમા રાકેશના ઘરમાં દાખલ થઈ ત્યારે પમ્મીએ રીમાને બહાર જ પકડી લીધી.

“તારે અહીં જ ઊભા રહેવાનું છે.”

“કેમ?” રીમા થાકેલી પણ હતી અને ઉદાસ પણ.

“મેં કહ્યું એટલે... તારે માટે સરપ્રાઇઝ રાહ જુએ છે.”

“ઓલ રાઇટ..” રીમા કોઈ સરપ્રાઇઝ કે આનંદના મૂડમાં નહોતી છતાં પમ્મીએ કહ્યું એટલે ઊભી રહી. પમ્મી પાછી અંદર ગઈ ને થોડી વારમાં બહાર આવી.

“કમ ઇન.” પમ્મીએ કહ્યું અને રીમા ધીમા પગલે અંદર દાખલ થઈ.

“ઓહ માય ગૉડ!” રીમાની આંખો નવાઈથી પહોળી થઈ ગઈ. ડ્રોઇંગરૂમ સજાવેલો હતો... સેન્ટર ટેબલ પર કેક હતી. રાકેશના થોડા અંગત મિત્રો હાજર હતા.

રીમા દાખલ થઈ કે સહુએ તાળી પાડીને એનું સ્વાગત કર્યું. રીમાની આંખમાં પાણી આવી ગયાં. સામે અદબ વાળીને ઊભેલા મહેન્દ્રને જોઈને એનાથી રહેવાયું નહીં. એ દોડીને મહેન્દ્રને ભેટી પડી. મહેન્દ્રને ભેટતાં જ એણે ક્યારનું રોકી રાખેલું રુદન સડસડાટ વહી નીકળ્યું.

મહેન્દ્રને વળગીને રડતી રીમા અને એને આશ્વાસન આપતા મહેન્દ્રનું દશ્ય ત્યાં હાજર સહુની આંખો ભીંજવી ગયું.

“લોકો લગ્ન માટે પાર્ટી આપે એ તો મને ખબર હતી, પણ ડીવોર્સની પાર્ટી હોય એવું મેં પહેલી વાર જોયું.” રીમાએ આંખો લૂછીને સહુ તરફ સ્મિત કર્યું.

“પ્રસંગનું મહત્ત્વ નથી, મહત્ત્વ છે માણસને આનંદ થવાનું.” રાકેશે કહ્યું એ હસી પડ્યો, “આઇડિયા અમારી પમ્મીનો હતો.”

“પમ્મી...” રીમાની આંખો ફરી છલકાઈ પડી, “ગયા જનમનો ઋણાનુબંધ હશે આપણી વચ્ચે.”

“હું ગયો જનમ અને આવતા જનમમાં માનતી જ નથી. જનમ એક જ હોય છે. જે થાય છે તે આજે અને હમણાં જ થાય છે.” પમ્મીએ ગાવા માંડ્યું, “જો ભી હૈ બસ યહી એક પલ હૈ...”

ત્યાં હાજર સહુ મહેમાનો પમ્મીની સાથે ગાવામાં જોડાયાં. પમ્મીએ રીમા પાસે કેક કપાવી. સાંજ એકદમ લાગણીશીલ બની ગઈ.

સહુના ગયા પછી રીમા સાવ એકલી, બેકયાર્ડમાં ઊભી હતી ત્યારે પમ્મીએ આવીને એના ખભે હાથ મૂક્યો, "શું વિચારે છે?"

"કંઈ નહીં. વિચારું છું કે જેની સાથે આટલાં વર્ષો જીવી એનાથી છૂટા પડવાનું દુ:ખ કેમ નથી થતું?"

પમ્મી ખડખડાટ હસી પડી, "જેની સાથે જીવી એમ ન કહેવાય રીમા, જેની સાથે રહી એમ કહેવાય. જીવવું અને રહેવું એ બે સાવ જુદી વાતો છે."

રીમા આ નડિયાદથી આવેલી ગ્રેજ્યુએશન પણ પાસ ન થયેલી પટલાણી તરફ નવાઈથી જોઈ રહી.

"શું જુએ છે?" પમ્મીએ એને ધબ્બો માર્યો.

"જોઉં છું કે તું કેટલી જુદી છે, કેટલું જુદું વિચારી શકે છે. આઇ એમ શ્યોર તું એટલું બધું વાંચતી નથી પણ..."

"રીમા, જિંદગીને જીવવી પડે છે, રોજ રોજ.. એક એક વસ્તુ શીખવાડે છે આ જિંદગી. વાંચવાથી કે વિચારવાથી જીવતાં નથી આવડતું." એના ચહેરા પર એક સ્વચ્છ-નિર્દોષ સ્મિત હતું, "હું તમારા બધા જેટલી બુદ્ધિશાળી નથી, પણ તમને એક વાત કહી દઉં, "હું તમારા કરતાં વધુ પ્રેક્ટિકલ છું, બહુ વિચાર્યા કરવાથી, ગણતરીઓ કરવાથી કે ડરવાથી નથી જિવાતું. માણસે સતત ધબક્યા કરવું પડે છે અને એ ધડકતા-ધબકતા રહેવાથી જ જે મળે છે એને હું જિંદગી કહું છું." એની આંખો સહેજ ભીની થઈ, "તને ખબર છે રાકેશને પરણી એ પહેલાં હું બીજા કોઈને પ્રેમ કરતી હતી."

"વ્હોટ?" રીમા આશ્ચર્યચકિત થઈ ગઈ.

"હા. આ વાત રાકેશ જાણે છે."

"એટલે...યુ મીન..."

"હું તો એની સાથે ભાગી જવાની હતી. રાકેશ મને મળવા આવ્યા ત્યારે મેં એમને કહ્યું હતું કે મારે એમની જોડે નથી પરણવું."

"એટલે?"

"મેં રાકેશને કહ્યું હતું કે મારે એમની સાથે લગ્ન નથી કરવાં. હું કોઈ બીજાને ચાહું છું અને એની જ સાથે પરણીશ."

"પછી?"

"પછી શું રાકેશને તો તું ઓળખે જ છે. એણે ચોખ્ખું કહી દીધું કે હું જબરજસ્તી તારી સાથે લગ્ન કરવા માગતો નથી. એ પોતાને ઘેર પાછો ચાલી ગયો." પમ્મીએ નિ:સાસો નાખ્યો, "મારાં માતાપિતાએ એ રાત્રે મને ખૂબ મારી. એમણે રાકેશ સાથે

લગ્ન કરવા દબાણ કર્યું. મેં ગાંઠ વાળી લીધી કે હું રાકેશ સાથે લગ્ન નહીં કરું. ઘર છોડીને ભાગી નીકળી."

"ઓહ ગૉડ!" રીમાથી પમ્મીનો હાથ પકડાઈ ગયો.

"પચ્ચીસ વર્ષ થઈ ગયાં આ વાતને.." પમ્મીના ચહેરા પર હજીયે વરસાદ પડી ગયા પછી નીકળેલા ઉઘાડ જેવું સ્મિત હતું, "હું એ છોકરાને ઘેર પહોંચી. જેના ગળાડૂબ પ્રેમમાં હતી, જે મારે માટે જીવ આપી દેવાનો દાવો કરતો હતો. અમે બંને ભાગી નીકળ્યાં..." પમ્મીએ અદબ વાળી દીધી અને આકાશ તરફ જોવા લાગી. થોડી વાર સાવ શાંતિ પથરાયેલી રહી, રીમા રાહ જોતી રહી કે પમ્મી પોતાની વાત આગળ કહે. પમ્મીએ પોતાની વાત આગળ વધારી, "અમે ત્રણ દિવસ મુંબઈમાં સાથે રહ્યાં." એનો અવાજ સહેજ ભીનો થયો, "પૈસા પૂરા થઈ ગયા એટલે એણે અડધી રાતે મને અજાણ્યા શહેરમાં છોડી દીધી."

"વ્હોટ?" રીમાએ ફરી પૂછ્યું.

"હા! રાતના એક વાગે 'સિગરેટ લઈને આવું છું' કહીને નીકળેલો માણસ ક્યારેય પાછો જ ન આવ્યો. હોટેલના માણસોએ મારી પાસે હતા એટલા પૈસા અને સોનાની ચેન લઈ મને જવા દીધી. હું કંઈ કરી શકું એવી સ્થિતિમાં જ નહોતી... પાછા ઘરે જવાનો તો સવાલ જ નથી આવતો. આપઘાત કરવાની ઇચ્છા થઈ ગઈ. કોણ જાણે કેમ મારી પર્સમાંથી પૈસા ફેંદતાં મને રાકેશનું કાર્ડ જડી આવ્યું. મને થયું કે આપઘાત કરતાં પહેલાં મારે એની માફી માગવી જોઈએ એટલે મેં એને ફોન કર્યો. રાકેશે મારી બધી જ વાત સારી રીતે સાંભળી. મને પાછા નડિયાદ આવવાનું કહ્યું." કોઈ નવલકથા વાંચતી હોય એટલી બધી નવાઈ અને કુતૂહલથી રીમા એની વાત સાંભળી રહી હતી.

"પછી?" રીમાથી પૂછ્યા વિના ના રહેવાયું.

"પછી શું? પછી હું નડિયાદ પાછી ગઈ. પોતાનાં મમ્મી-પપ્પાની મરજી વિરુદ્ધ ગામલોકોની અને ન્યાતની કેટલીયે વાતો સાંભળીને રાકેશે મારી સાથે લગ્ન કર્યાં."

"એટલે, બધું જાણવા છતાં..."

"હા," પમ્મીએ કહ્યું, "એ જાણતો હતો કે હું ત્રણ દિવસ જેની સાથે રહી આવી છું એણે મને કાચી-કુંવારી તો પાછી નહીં જ મોકલી હોય તેમ છતાં એણે મારી સાથે લગ્ન કર્યાં, એટલું જ નહીં, આજ સુધી ક્યારેય મને એ વિશે એક સવાલ નથી પૂછ્યો કે એક ટોણો નથી માર્યો. અમારે ગમે તેટલા ઝઘડા થાય પણ રાકેશે ક્યારેય મને આ બાબતે કશું જ નથી કહ્યું. ઊલટાનું ક્યારેક કોઈ વાત કાઢે તો એ હંમેશાં એ વાતને ટાળી દે છે."

"રાકેશભાઈ માટે માન થઈ જાય એવું છે."

"માન?" પમ્મીએ આંખો લૂછી, "હું એની પૂજા કરું છું."

"સાચે જ આવો માણસ ભાગ્યે જ મળે છે."

"ભાગ્યે જ? મેં તો આવો બીજો માણસ જોયો જ નથી. સ્ત્રીના ચારિત્ર્યને એક ચાબૂક બનાવીને એના ઉપર જ વીંઝતા લોકો બહુ મળ્યા છે મને, પરંતુ સ્ત્રીના સન્માનને અકબંધ રાખીને એની સાથે જીવનારા ભાગ્યે જ કોઈ હોય છે."

"પમ્મી..." રીમા જાણે ઊંઘમાંથી જાગી હોય એમ એણે કહ્યું, "તારી વાત સાંભળીને મને લાગ્યું કે..."

"તારી વાત તો સાવ સાદી છે, ખરું?"

"હા." રીમાએ ડોકું ધુણાવ્યું, "મારા કરતાં ઘણી ઝંઝાવાતી જિંદગી જીવી ગઈ તું..."

"એ મને નથી ખબર પણ મને એક વાત ચોક્કસ ખબર છે કે આ માણસ જેનું નામ રાકેશ છે, એણે મારી જિંદગીમાં એક એવી જગ્યા લઈ લીધી છે જે ભગવાનથી પણ આગળ છે."

રીમા અને પમ્મી એકબીજા સામે જોઈ રહ્યાં. પછી કોણ જાણે કઈ લાગણીથી ખેંચાઈને એકબીજાને ભેટી પડ્યાં.

બે સ્ત્રીઓની ભાષા જાણે ખોવાઈ ગઈ. આંસુ જ એમની ભાષા બની ગઈ.

એ રાત્રે રીમા શાંતિથી ઊંઘી ગઈ. સવારે આંખ ખૂલી ત્યારે એનો ઇન્ટરકોમ વાગી રહ્યો હતો.

"હા..." એણે ફોન ઉપાડ્યો.

"તમને મળવા સુરેશભાઈ આવ્યા છે."

"શું?" રીમાએ કહ્યું. એને પોતાના કાન પર વિશ્વાસ ના પડ્યો.

"સુરેશભાઈ તમારી નીચે રાહ જુએ છે." પમ્મીએ ફરી કહ્યું, રીમા ઝડપથી તૈયાર થઈને નીચે જવા લાગી ત્યારે મહેન્દ્ર ઊંઘતો હતો. એણે ટેબલ પર પડેલી મ્યુચ્યુઅલ કન્સેન્ટના કાગળોની ફાઇલ ઉપાડી લીધી. એ નીચે પહોંચી ત્યારે સુરેશ ડ્રોઇંગરૂમમાં ચા પી રહ્યો હતો.

"આ કોઈ નાટક ના કરે તો સારું.." રીમાએ મનોમન કહ્યું. ખૂબ સલૂકાઈથી સ્મિત કરીને એની પાસે પહોંચી. સુરેશ એને જોતાં જ ઊભો થઈ ગયો.

"રીમા, મારે તારી સાથે વાત કરવી છે."

"શું વાત કરવી છે?" રીમાએ ત્યાં બેઠેલાં પમ્મી, રાકેશ તરફ એક નજર નાખી.

"અંગત... અંગત વાત કરવી છે."

"આ બધાં અંગત જ છે... તમારે જે કહેવું હોય તે અહીં જ કહી શકો છો."

"અ..." એ સહેજ અચકાયો, "હવે કશું જ થઈ શકે એમ નથી?" એણે ડરતાં ડરતાં પૂછ્યું.

"શું?" એણે ખભા ઊંચક્યા, "શું કરવું છે તમારે?"

"રીમા, આપણે વીસ વર્ષ સાથે રહ્યાં છીએ. હું ઈવાને છોડી દઈને તારી પાસે આવવા તૈયાર છું, બધું જ ભૂલી જવા તૈયાર છું."

રીમા ખડખડાટ હસી પડી, "રીમાને છોડીને ઇવા પાસે અને ઇવાને છોડીને રીમા પાસે... ક્યાં સુધી આમ ફર્યા કરશો? તમારી જિંદગી કઈ દિશામાં જાય છે એનો વિચાર કરો સુરેશ..." સ્વસ્થ અવાજે એણે કહ્યું.

"મને મારી ભૂલ સમજાઈ ગઈ છે. હું તારા વગર નહીં જીવી શકું."

"પ્લીઝ સુરેશ!" રીમાને અહીં બેઠેલા સૌની સામે થતી આ વાત સહેજ અકળાવી ગઈ.

"ખરેખર કહું છું, તું ભૂલી જા મહેન્દ્રને. હું તને માફ કરી દેવા તૈયાર છું."

"માફ?" રીમા ઉશ્કેરાઈ ગઈ, "તમે મને શું કામ માફ કરો? કઈ બાબતે?"

"રીમા, તું ભલે મહેન્દ્ર સાથે..." એણે ત્યાં બેઠેલા બંને જણા તરફ જોયું.

"મહેન્દ્ર સાથે શું?" રીમાએ સુરેશની આંખોમાં આંખો પરોવી, "હું મહેન્દ્ર સાથે સૂઈ ગઈ એમ કહેવું છે? એ કોઈ ગુનો નથી. અને જો માફ કરવાની જ વાત હોય તો પહેલાં તમારે મારી માફી માગવી જોઈએ."

"રીમા..." સુરેશ રીતસર થોથવાઈ રહ્યો હતો. એનું ગળું ભરાઈ આવ્યું, આંખો સહેજ ભીની થઈ ગઈ, "મને ઇવાએ કાઢી મૂક્યો છે."

"તો?" રીમાને આ વાક્ય સાંભળીને કોઈ જ અસર ના થઈ. એને પોતાને પણ નવાઈ લાગી. ખરેખર તો એને આનંદ થવો જોઈતો હતો. આ જ પળની એણે કેટલી રાહ જોઈ હતી. આજે સુરેશ એની માફી માગતો હતો, એને પાછી લેવા આવ્યો હતો છતાં સુરેશ જાણે કોઈ અજાણ્યો માણસ હોય એવી રીતે એની અંદર કોઈ જ લાગણી નહોતી થતી.

"રીમા, ફરી એક વાર જિંદગી શરૂ કરીએ. એકબીજાને સમજવાનો પ્રયત્ન કરીએ. પ્લીઝ!"

"સુરેશ, તમે માત્ર દસ દિવસ મોડા પડ્યા છો." રીમાએ કહ્યું એણે આંખો મીંચી દીધી. એની આંખોમાંથી પણ બે આંસુ ટપકી જ પડ્યાં, "આ જ વિચાર તમને થોડા દિવસ વહેલો આવ્યો હોત તો કદાચ આપણે ખૂબ સારી રીતે રહેતાં હોત."

"રીમા..."

"હવે કશું જ ના કહેશો." રીમાએ હાથ જોડ્યા, "આ પેપર્સ પર સહી કરી દો પ્લીઝ." રીમાએ સાથે લાવેલા પેપર્સ ટેબલ પર મૂકી દીધાં.

ઓરડામાં સ્તબ્ધતા પથરાઈ ગઈ.

સુરેશ થોડી વાર રીમા સામે જોતો રહ્યો. પછી રીમાએ પોતાની પાસેની પેન ઉઘાડીને એના હાથમાં આપી. સુરેશે પેન લઈ ધ્રૂજતા હાથે કાગળોમાં સહી કરી દીધી.

એની આંખોમાંથી એક ટીપું કાગળ પર પડી ગયું.

સુરેશ ઊભો થયો અને ભાંગેલા પગલે ધીમે ધીમે ડ્રોઇંગરૂમની બહાર જતો રહ્યો.

ઓરડામાં થોડી વાર સાવ શાંતિ પથરાયેલી રહી. પછી પમ્મીએ હળવેથી રાકેશ સામે જોયું. બંનેની નજર મળી અને બંને જણા એકસાથે હસી પડ્યાં. રીમાને નવાઈ લાગી. આવા પ્રસંગે એમને હસવું કઈ રીતે આવ્યું!

"ખરાબ નહીં લગાડતી રીમા..." પમ્મીએ કહ્યું, "કદાચ આપણા બંનેની જિંદગી એકબીજાને અડીને પસાર થઈ ગઈ છે."

"હું સમજી નહીં." રીમાએ કહ્યું.

"રાકેશ સાથે પરણવાનું નક્કી કર્યા પછી મયૂર આ જ રીતે મારી માફી માગવા આવ્યો હતો." પમ્મી જાણે ભૂતકાળમાં ખોવાઈ ગઈ હતી, "મારી સગાઈ રાકેશ સાથે નક્કી થઈ એ સાંજે જ મયૂર મારા પપ્પાના ઘરે આવ્યો હતો. આવી જ રીતે મારી માફી માગીને મારી સાથે લગ્ન કરવા માટે વિનંતીઓ કરી હતી, પરંતુ..."

"...પરંતુ એક સ્ત્રી માટે પુરુષ એટલે પથારીમાં સુખ આપે તે નહીં, એના સન્માનની રક્ષા કરે તે, એના સ્વમાનને સાચવે તે... એના ખરાબ સમયમાં એની બાજુમાં ઊભો રહીને, એનો હાથ પકડીને એને સધિયારો આપે તે... હું તારી વાત સમજી જ શકું છું. આ જ સુરેશ આજે મારા માટે સાવ પારકો અને અજાણ્યો થઈ ગયો છે. હવે હું મહેન્દ્ર વિના જીવી નહીં શકું."

"મેં પણ મયૂરને આ જ કહ્યું હતું." પમ્મી ઊભી થઈને ચાના કપ એકઠા કરવા લાગી, "સ્ત્રીનું શરીર એક વાર કોઈને સોંપાઈ જાય એટલે એ મનથી પણ એની જ થઈ જાય છે એવું માનનારા પુરુષો ભૂલ કરે છે. એ માને છે કે સ્ત્રી એના શરીરની સાથે સાથે મન પણ આપતી હોય છે પણ ખરેખર ઊંધું હોય છે."

"હા, સ્ત્રી જેને મન આપે એને જ શરીર આપે છે."

"તમે સ્ત્રીઓ વાતો કરો, હું નીકળું છું." રાકેશ ઊભો થયો.

"રાકેશભાઈ, અમે કાલે નીકળીએ છીએ."

"કેમ?"

"બસ! અહીંનાં બધાં જ કામ પતી ગયાં. સુરેશે સહી પણ કરી દીધી. હવે આવતા વર્ષે ફોર્મલ ડિવોર્સ લેવા આવવું પડશે. મેં ટિકિટ પણ કરાવી દીધી છે." રીમાએ આંખો લૂછી, "તમે જે કંઈ કર્યું એનો ઉપકાર હું જિંદગીભર નહીં ભૂલું."

*

47

રીમા અને મહેન્દ્ર મુંબઈ ઊતર્યાં ત્યારે મોડી સાંજ થઈ ગઈ હતી. બંને જણા ટૅક્સી કરીને ઘરે પહોંચ્યાં. ઘરમાં દાખલ થતાં જ મહેન્દ્રએ રીમાને એક મિનિટ બહાર જ ઊભા રહેવાનો ઇશારો કર્યો. રીમા ઊભી રહી. મહેન્દ્ર દોડતો અંદર ગયો અને અંદરથી પરફ્યુમ લઈ આવ્યો. એણે પરફ્યુમ છાંટીને એનું સ્વાગત કર્યું. રીમાની આંખો ભરાઈ આવી. એ મહેન્દ્રને ભેટી પડી.

"મહેન, તને મળીને મને પહેલી વાર સમજાયું છે કે જિંદગી કેટલી સુંદર અને વહાલથી છલકાતી હોઈ શકે."

"હું આવું નહીં કહી શકું." મહેન્દ્રના ચહેરા પર સ્મિત આવ્યું, મને માધવીએ ખૂબ પ્રેમ આપ્યો છે. હું ધરાઈ જાઉં એટલો.

"જાણું છું. આ ઘરમાં જેટલી વાર પગ મૂકું છું એટલી વાર માધવીનો ચહેરો મારી નજર સામે આવી જાય છે."

"રીમા, તને એક વાત કહું?"

"જાણું છું. બહુ જ સારી રીતે જાણું છું કે માધવી આ ઘરમાં આપણી સાથે સતત જીવવાની છે. આ ઘર ક્યારેય માધવીને ભૂલીને નહીં જીવી શકે. હું જાણું છું, પરંતુ એક વાત મારે પણ તને કહેવી છે.

"જો હું ક્યારેય માધવીને યાદ નહીં કરું."

રીમા આગળ વધીને એને ભેટી પડી, "હું એવું નથી ઇચ્છતી. હું માત્ર એક જ વાત કહેવા માગું છું, મારામાં માધવીને નહીં શોધતો ક્યારેય. હું માધવી નહીં બની શકું."

"જાણું છું." મહેન્દ્ર એને વહાલ કરતો રહ્યો.

એ રાત્રે રીમાએ રસોઈ બનાવી. બંને જણાં સાથે જમ્યાં. ખાસ્સીવાર સુધી બારી પાસે બેસી વાતો કરતાં રહ્યાં. આખરે ઊંઘવા જતી વખતે મહેન્દ્રએ રીમાને ધીમેથી કહ્યું, "ચાલ, ઊંઘી જઈએ."

"તારા બેડરૂમમાં?" રીમાથી પુછાઈ ગયું.

"ના. આપણા બેડરૂમમાં." મહેન્દ્રએ કહ્યુ. રીમા એમ જ સ્થિર ઊભી રહી. કોણ જાણે એના પગ બેડરૂમ તરફ જવા ઊપડ્યા નહીં. મહેન્દ્રએ એનો હાથ પકડ્યો, "ચાલ, રીમા.."

"મહેન, એ રૂમમાં..." આટલું બધું થઈ ગયા પછી પણ રીમાનું મન માધવીના બેડરૂમને પોતાના બેડરૂમ તરીકે સ્વીકારવા તૈયાર નહોતું. ત્યાં જઈને એ મહેન્દ્રની બાજુમાં - એના પડખામાં સૂઈ શકશે એવું એને નહોતું લાગતું.

મહેન્દ્રએ એની આંખમાં જોયું, "રીમા, આપણે નવેસરથી જીવતાં શીખવું પડશે. તારે આ ઘરને, એ બેડરૂમને નવેસરથી ઇન્ટીરિયર કરવો હોય તો મને વાંધો નથી. તું તારી ઇચ્છા અને કલ્પના મુજબ કંઈ પણ બનાવી શકે છે, પણ આપણે સુખેથી સાથે રહેવું હોય તો અમુક વસ્તુઓને સ્વીકારવી પડશે."

"સમજું છું મહેન્દ્ર, પ્રયત્ન પણ કરું છું..."

"તારે એ રૂમમાં નથી આવવું?" રીમાએ ડોકું ધુણાવીને ના પાડી. મહેન્દ્ર ચૂપચાપ ગેસ્ટરૂમ તરફ આગળ વધી ગયો. રીમા એની પાછળ પાછળ ગેસ્ટરૂમમાં જઈ પહોંચી.

થોડા દિવસ આમ જ ચાલતું રહ્યું. રીમા અને મહેન્દ્ર ઘરમાં સાથે રહેતાં. મહેન્દ્ર સવારમાં બ્રેકફાસ્ટ કરીને ઑફિસ જતો. સાંજે પાછો આવતો, બંને બહાર જતાં, સાથે જમતાં, વાતો કરતાં, પણ સૂતી વખતે રીમા બેડરૂમમાં જવા તૈયાર નહોતી.

મહેન્દ્રએ પણ એને સમજાવવાનું, આગ્રહ કરવાનું છોડી દીધું હતું.

જિંદગી ફરી એક વાર એક રુટિનમાં ગોઠવાતી જતી હતી. સવારથી સાંજ રીમા ઘરમાં એકલી રહેતી. બધું આમતેમ ફેંદતી, ગોઠવતી, શોધતી, સમય પસાર કરતી રહેતી.

મહેન્દ્ર જાય ત્યારથી જ એને સાંજની પ્રતીક્ષા થવા લાગતી કારણ કે આખો દિવસ ઘરમાં ભાગ્યે જ કશું કામ હતું.

એક દિવસ સાંજે રીમાએ અચાનક જ મહેન્દ્રને કહ્યું, "હું પણ કામ કરવા માગું છું. આખો દિવસ ઘરમાં રહેવું મારે માટે શક્ય નથી."

"અરે પણ..."

"મહેન, તું જતો રહે છે પછી દિવસ જાણે ખાવા ધાય છે. એટલા બધા વિચારો આવે છે કે મગજ ફાટફાટ થવા લાગે છે."

"ડાર્લિંગ..." મહેન્દ્ર એના ટૂંકા વાળમાં આંગળીઓ ફેરવતો હતો, "તું કામ કરે એની સામે મને શો વાંધો હોઈ શકે? તું ઇચ્છતી હતી કે તારે ઘર સંભાળવું છે, આરામ કરવો છે."

"પણ હવે મને ઘરમાં નથી ગમતું. આમ પણ આ ઘર મારું નથી. આ ઘરમાં કશું જ એવું નથી જેની સાથે મારો ભૂતકાળ જોડાયેલો હોય."

મહેન્દ્ર કશું બોલ્યો નહીં, પણ એને રીમાની આ વાત સ્પર્શી ગઈ. એણે રીમા માટે જોબ શોધવા માંડી. એક જાણીતી મોબાઇલ કંપનીમાં ગેસ્ટ રિલેશનની જોબ રીમાને આસાનીથી મળી ગઈ. હવે બંને જણા સાથે બહાર નીકળી જતાં અને લગભગ સાથે જ પાછાં ફરતાં.

થોડા દિવસોમાં આ રુટિન પણ ગોઠવાઈ ગયું પરંતુ, રીમા કોઈ રીતે મહેન્દ્રના બેડરૂમમાં ઊંઘવા માટે જઈ શકતી નહોતી.

ઘણું સમજાવા છતાં રીમા માટે એ બેડરૂમ 'માધવીનો બેડરૂમ' જ રહ્યો. એને એ ક્યારેય પોતાનો બેડરૂમ લાગી શક્યો જ નહીં. મહેન્દ્રએ પણ હવે ત્યાં સૂવાનું છોડીને ગેસ્ટરૂમમાં જ રહેવા માંડ્યું હતું.

દિવસો એમ જ વીતતા ગયા.

રીમાને મુંબઈ આવ્યે થોડા મહિના થઈ ગયા. કોણ જાણે કેમ, આ વખતે રીમા મુંબઈ વિશે કોઈ જુદી જ લાગણી અનુભવતી હતી. ગયા વખતે મુંબઈ આવી ત્યારે પણ માધવીની ગેરહાજરી તો હતી જ, પરંતુ આ વખતે માધવીની ગેરહાજરી એને વધારે તીવ્રતાથી સાલતી હતી. મહેન્દ્ર એને ખાસ્સો સમય આપતો અને રીમા પણ એ સમયનો પૂરેપૂરો ઉપયોગ કરવાનો પ્રયાસ કરતી.

ગયા વખતના મુંબઈ નિવાસ અને આ વખતના મુંબઈ નિવાસ વચ્ચે રીમાની અંદરથી કશું ખોવાઈ ગયું હતું. એ ઘણો પ્રયત્ન કરતી હતી, ખોવાયેલી લાગણીને શોધવાનો. પણ જાણે કશું અધૂ રું - પારકું લાગતું હતું એને. એ પોતે જ નહોતી સમજી શકતી કે એને શું ખૂટે છે. પરંતુ આ ઘરમાં એને સતત એવું લાગ્યા કરતું કે એના આખા દિવસમાંથી સાંજના છેડે કશું બાદ થઈ જતું હતું!

"રીમા..." એક દિવસ મહેન્દ્રએ પણ પૂછી જ નાખ્યું, "શું થાય છે તને? આપણે મુંબઈ આવ્યા ત્યારથી જોઉં છું કે તું ઉદાસ રહે છે. એકલી રહે છે...."

"એવું કંઈ નથી..." રીમાએ વાત ટાળવાનો પ્રયાસ તો કર્યો, પરંતુ એના અવાજમાં રહેલી ખાલીપણાની લાગણી મહેન્દ્રથી છાની ના રહી શકી.

"તું અહીંયાં સુખી નથી?"

"એવું કંઈ નથી મહેન, પણ..." રીમા કહેતી કહેતી અટકી ગઈ.

"કહી નાખ." મહેન્દ્ર જાણતો હતો, પરંતુ એને રીમાના મોઢે સાંભળવું હતું.

"મહેન, આપણે બે જણા એકબીજા તરફ આકર્ષાઈ ગયાં એ સાચું, પરંતુ પ્રેમ તો તું માધવીને જ કરે છે."

"શા માટે એવું વિચારે છે? માધવી હવે નથી."

"એથી પ્રેમ નથી એવું કેવી રીતે કહી શકાય?" રીમાની આંખો કોરી હતી, પણ આખો ચહેરો રડુંરડું થઈ ગયો હતો, "તું નાની નાની વાતમાં માધવીને યાદ કરે છે. સતત એની વાતો કરે છે, જાણે-અજાણે તારાથી એની અને મારી સરખામણી થઈ જાય છે."

"રીમા!"

"કદાચ પૂરેપૂરો નહીં ઓળખતી હોઉં તને, પણ આ બાબતમાં હું ખોટી નથી. પોતાના પડખામાં સૂતેલો પુરુષ પૂરેપૂરો પોતાનો નથી એ વાત કોઈ પણ સેન્સિટિવ સ્ત્રી બહુ આસાનીથી જાણી શકે છે. એટલું જ નહીં, એને માટે એનાથી મોટું દુ:ખ બીજું કોઈ નથી."

"રીમા, હું તારો જ છું. તું શા માટે આવું વિચારે છે? જેનું અસ્તિત્વ જ નથી એના વિશે ચર્ચા કરીને શો ફાયદો?"

"મહેન, હું ઘણા દિવસથી તને કહેવાનો વિચાર કરતી હતી, પણ મને લાગે છે મારે આ ઘરમાં ન રહેવું જોઈએ."

"મૂરખ જેવી વાત નહીં કર." મહેન્દ્રનો અવાજ સહેજ તરડાઈ ગયો, "મારી સાથે રહેવા, આ ઘરમાં જીવવા તો તું બધું છોડીને હજારો કિલોમીટર દૂર આવી છે. હવે અહીં જ રહેવાનું છે એવું નક્કી છે."

"એવું કોણે નક્કી કર્યું મહેન?"

"મેં." મહેન્દ્રથી કહેવાઈ ગયું, પણ એણે તરત જ સુધાર્યું, "આપણે... આપણે બંનેએ."

"ત્યારે એવી ખબર નહોતી મહેન્દ્ર કે માધવી જીવે છે."

"તારી અંદર જીવે છે. મેં એનું મૃત્યુ સ્વીકારી લીધું છે."

"ચલો એમ જ હશે, હું નથી સ્વીકારી શકતી, બસ? પણ મને લાગે છે હું મારા ફ્લૅટમાં શિફ્ટ થઈ જાઉં."

"કારણ વગરનાં કોમ્પ્લિકેશન્સ છે આ. બિનજરૂરી ગૂંચવાડા ઊભા કરે છે તું. કોઈ જરૂર નથી આ બધું વિચારવાની. જિંદગીમાં માંડ સુખ આવ્યું છે તો ભોગવ."

"કદાચ મારા નસીબમાં સુખ નહીં હોય મહેન્દ્ર, પણ મને રોજ અહીં ગૂંગળામણ થાય છે. રોજ કોઈના ઘરમાં રહેતી હોઉં એવી લાગણી થાય છે. રોજ મારી અંદર એક હિસ્સો મારો પોતાનો નથી રહેતો." બોલતાં બોલતાં રીમાની આંખમાં આંસુ આવી ગયાં, "પ્લીઝ, મને સમજવાનો પ્રયત્ન કર."

"નથી સમજી શકતો." મહેન્દ્રએ ચોખ્ખું જ કહી દીધું, "આ તારી અંદર ઊભા કરેલા બિનજરૂરી પ્રોબ્લેમ્સ છે, જે તને ક્યારેય સુખી નહીં થવા દે. જે છે તેને ભોગવવું નથી, જે નથી એની કલ્પનાઓ કરીને પ્રશ્નો ઊભા કરવા છે." મહેન્દ્રના અવાજમાં સહેજ ચીડ હતી.

"તું સુરેશની જેમ બોલે છે." રીમાએ કહ્યું અને રડી પડી, "તું મને સમજી નથી શકતો."

"પણ પ્રેમ કરું છું એ અગત્યનું નથી? બહુ બુદ્ધિ વાપરીને પ્રેમ નથી થઈ શકતો રીમા, એને માટે થોડી બેવકૂફી, થોડી અંધશ્રદ્ધા, થોડી નાદાની જરૂરી હોય છે."

"મહેન્દ્ર, પ્લીઝ મને જવા દે. મને લાગે છે કે હવે મારી જિંદગીમાં કોઈ પુરુષની જગ્યા ખાલી નથી."

"એટલે?" મહેન્દ્રને ખરેખર દુઃખ થયું.

"હું એકલી જ જીવવા માગું છું." એ મહેન્દ્રની પાસે આવી. એણે બંને હાથે મહેન્દ્રનો ચહેરો પકડ્યો, એની આંખોમાં જોયું, "ગેરસમજ નહીં કરતો. તેં ખૂબ આપ્યું છે મને. હું આ સમજી શકી એની પાછળ પણ કદાચ તું જ છે."

"એટલે મારી સામે જ આ બધું…"

"હું તને દુ:ખ પહોંચાડવા નથી માગતી. માત્ર એટલું જ સમજાવવા માગું છું મહેન્દ્ર કે આપણે બે જણા જુદું માનીએ છીએ, જુદું વિચારીએ છીએ અને જુદું જીવવા સર્જાયાં છીએ… હું માધવીના વિચારમાંથી નીકળી જ નથી શકતી."

"એમાં મારો શો વાંક?"

"કોઈનો કંઈ વાંક નહીં મહેન્દ્ર. કાઢવો જ હોય તો વાંક આપણા ઉછેરનો, આપણી માન્યતાનો, આપણે જે રીતે જીવ્યા તેનો કાઢી શકાય. બસ!"

"રીમા, તારી પાસે તારી જોબ છે, આ ઘર છે, હું છું. મારી દીકરીએ તને સ્વીકારી લીધી છે. હવે પ્રોબ્લેમ ક્યાં છે?"

રીમા તદ્દન સાચું બોલી ગઈ, "પ્રોબ્લેમ મારી અંદર જ છે."

"એનું હું શું કરું રીમા?"

"કંઈ નહીં. તું કરી શકીશ પણ નહીં…" એણે મહેન્દ્રના ગાલ થપથપાવ્યા, "માટે જ કહું છું મને જવા દે."

"હું રોકતો નથી, પણ…" મહેન્દ્ર કંઈક કહેવા જતો હતો, પરંતુ રીમાએ આગળ વધીને એના હોઠ પર હોઠ મૂકી દીધા. એક પ્રગાઢ ચુંબનમાં મહેન્દ્રના સવાલો અને રીમાની પીડા એકમેકમાં ઓગળતાં રહ્યાં.

રીમા બે જ દિવસમાં પોતાનો ફ્લૅટ ઠીક કરાવીને ત્યાં ચાલી ગઈ. એની જોબ ચાલુ રહી. મહેન્દ્ર ત્યાં આવતો, ક્યારેક રોકાઈ જતો. મહેન્દ્ર જોઈ શકતો હતો કે આ ઘરમાં રીમા વધારે પોતાપણું અનુભવી શકતી હતી. એનું હાસ્ય કોઈ ભાર વગરનું હતું. એની ઊંઘ વધારે ગાઢ હતી આ ઘરમાં!

એણે ફરી ક્યારેય રીમાને પોતાના ફ્લૅટ પર રહેવાનું કહ્યું નહીં અને રીમા પણ જાણે એ વાત ભૂલી ગઈ હોય એમ જ જીવવા લાગી.

*

સોનાલીનાં લગ્ન સુજય સાથે નક્કી થઈ ગયાં.

સોનાલી પરીક્ષા આપીને ઘરે આવી ત્યારે એને ખબર પડી કે રીમા પોતાના ફ્લૅટ પર શિફ્ટ થઈ ગઈ હતી. મહેન્દ્રએ ખભા ઊંચા કરીને કહ્યું, "વેલ, એને અહીં નથી ફાવતું."

"કેમ?"

"એને આ ઘર માધવીનું લાગે છે. આ ઘરમાં માધવી સતત જીવતી હોય એવી લાગણી થયા કરે છે રીમાને."

સોનાલીની આંખોમાં પાણી ગયાં. પોતાની મા માટે આ સ્ત્રીને આટલી બધી લાગણી અને સન્માન હતાં એ વાતે એનું હૃદય ભરાઈ આવ્યું.

એક દિવસ એ રીમા પાસે આવી, "આન્ટી..."

"હા બેટા..."

"હું આખા ઘરનું ઇન્ટીરિયર ફરીથી કરું છું. તમને ખાસ કાંઈ બદલવું હોય તો કહી દો."

"પણ કેમ? તારા ઘરનું ઇન્ટીરિયર સરસ છે. બદલવાની જરૂર નથી."

"આન્ટી, આ સારું તો છે પણ તમારું નથી. તમે મારા પપ્પા માટે બધું જ છોડીને આવ્યાં છો તો અમે પણ ઇચ્છીએ છીએ કે તમને આ ઘર પોતાનું લાગે એ બધું જ કરીએ. શું અને ક્યાં બદલવું છે એટલું કહી દો, બાકીનું બધું થઈ જશે. બેડરૂમમાં લગાડેલો માનો ફોટો તો હું મારી સાથે લઈ જવાની છું, મારે સાસરે."

રીમા થોડી વાર સોનાલી સામે જોઈ રહી પછી આગળ વધી. એણે સોનાલીની આંખમાં જોયું અને બંને હાથ એના ગાલ પર મૂક્યા, "સોનુ, મને માધવીના ફોટા સામે વિરોધ નથી. હું એ રૂમમાં નથી સૂતી કારણ કે ત્યાં માધવીનો ફોટો છે..." એણે સ્મિત કર્યું, "એવું નથી."

"તો આવડું મોટું ઘર છે, આટલો કમ્ફર્ટેબલ રૂમ છે, તમે શા માટે એ બેડરૂમમાં નથી સૂતાં આન્ટી?"

"બેટા, એ ઘરમાં મારી જગ્યા પહેલાં પણ ગેસ્ટરૂમમાં હતી અને હજી પણ ગેસ્ટરૂમમાં જ છે. હું તારા ઘરમાં મહેમાન છું; માધવીના ઘરમાં."

"તો પપ્પા?"

"એ મારી જિંદગીમાં છે જ." રીમાએ સ્મિત કર્યું, "હું એની જિંદગીમાં નથી."

"આન્ટી!"

"તું ઘણી નાની છે આ બધું સમજવા માટે." રીમાએ સોનાલીને બાથમાં લઈ લીધી, "તું તારાં લગ્નની તૈયારી કર અને જ્યાં મારી જરૂર હોય ત્યાં મને કહેજે."

સોનાલીનાં લગ્ન થઈ ગયાં.

રીમા લંડન જઈને પોતાના ડિવોર્સ ફાઇનલ કરી પેપર્સ લઈને આવી ગઈ...

સમય પાંખ પહેરીને ઊડતો રહ્યો. મહેન્દ્ર અને રીમા પોતપોતાના ઘરમાં જીવી રહ્યાં છે!

અઠવાડિયે બે વાર, પાંચ કે ક્યારેક રોજ... મળે છે, સાથે સમય ગાળે છે. મહેન્દ્ર રીમાને ઘરે રોકાઈ જાય છે, પરંતુ માધવી આજે પણ રીમાની નજર સામે ક્યારેક આવીને ઊભી રહી જાય છે.

મહેન્દ્ર માધવી વિના જીવતાં શીખી ગયો છે, પણ રીમા આજે પણ માધવીની સાથે જ જીવે છે.

એક સંબંધનો પત્ર ક્યારેક લખાય છે... તો ક્યારેક અધૂરો જ રહી જાય છે.

એક સાંજને સરનામે એ પૂરો લખાયેલો કે અધૂરો પત્ર રોજ મોકલી દેવાય છે...

ક્યારેક પહોંચી જાય છે તો ક્યારેક ડૂબતા સૂરજ સાથે એના અક્ષરો આકાશના રંગોમાં ભળીને સળગી જાય છે.

* * *

કાજલ ઓઝા વૈદ્યનાં પુસ્તકો

નવલકથા

કૃષ્ણાયન

કૃષ્ણના જીવનની ત્રણ સ્ત્રીઓ. રાધા, રુક્મિણી અને દ્રૌપદી — પ્રેયસી, પત્ની અને મિત્ર... માણસ થઈને જીવી ગયેલા ઈશ્વર સાથે પોતાના મનની વાત કરે છે. અંગ્રેજી, મરાઠી, હિન્દી ભાષામાં અનુવાદિત અને ગુજરાતીમાં પાંચ વર્ષમાં અગિયાર આવૃત્તિ જીવી ચૂકેલી ધબકતી નવલકથા.

દ્રૌપદી

સ્ત્રીઓને પુરાણોનાં પાનાંઓમાંથી જગાડીને સદીઓથી એમની આંખો પર છવાઈ ગયેલાં ઊંઘનાં આવરણ હટાવીને મારે કશુંક એવું કહેવું છે, જેમાં એ સ્ત્રીઓ તો છે જ — સાથે સાથે થોડીક હું છું, થોડાક તમે છો અને થોડીક આપણી સહભાગે વહેંચાતી સમસંવેદનાઓ છે.

આ દ્રૌપદી 'આજની' છે — હજી જીવે છે ક્યાંક, તમારા અને મારામાં પણ...!

મધ્યબિંદુ

જે સ્ત્રીને પતિ અને પ્રેમીની વચ્ચે બે જિંદગી જીવતાં આવડે છે એવી સ્ત્રીના પ્રણયની સંવેદનશીલ અને છતાં હૃદયમાંથી નીકળતી સાચી વાત. 'દિવ્ય ભાસ્કર'ના વાચકોને સ્પર્શી ગયેલી પહેલી બોલ્ડ ગુજરાતી નવલકથા.

મૌનરાગ

અંજલિ પોતે જ પોતાની કેદી છે! અંજલિ અને એની આ પીડા... સાથે સાથે વહેતા અનિરુદ્ધ અને અક્ષયની બંધ હોઠોમાં કહેવાતી લગ્નજીવનથી લંબાઈને ભૂતકાળના પ્રેમસંબંધ સુધી ફેલાતી વ્યથા-કથા.

છલ (ભાગ 1-2)

નિયતિ અને રેવતી... એક જેવી દેખાતી બે ટ્વીન બહેનોની તદ્દન જુદી જિંદગીની રસપ્રદ વાર્તા.

પારિજાતનું પરોઢ

ધર્મની ગાદી પર બેઠેલા એક એવા માણસની કથા જે ધર્મની વ્યાખ્યા ધરમૂળથી બદલવા માગે છે. 'ધર્મ પ્રેમ છે કે પ્રેમ જ ધર્મ?' એ સવાલ સૌને પૂછતી એક વિધર્મી પ્રેમીઓની સ્વધર્મ કથા.

એક સાંજના સરનામે

આથમતી સંધ્યાએ પાંગરતા પ્રણયની એક એવી વાત, જેમાં પ્રેમની વ્યાખ્યા નવેસરથી લખવાનો પ્રયાસ છે. અનેક જુદાં સ્થળ અને સંવેદનોમાં જીવતી સ્ત્રીઓના મનોભાવોના તાણાવાણા ગૂંથીને બનાવેલું એક ભાતીગળ પોત એટલે નવા સમયની નવલકથા.

તારા વિનાના શહેરમાં

જાતથી ભાગતી રાધિકાના પ્રવાસની એવી વાત જેમાં પડાવ તો અનેક આવે છે, પરંતુ મંઝિલ ક્યાંય મળતી નથી. પ્રેમ પામવાનો પ્રયત્ન ખરેખર આટલી બધી પીડા આપતો હશે? 'મુંબઈ સમાચાર'ના વાચકોએ વખાણેલી નવલકથા.

પોતપોતાની પાનખર (ભાગ 1-2)

અનાહિતા અને શિવાંગી વચ્ચે જીવતા કરણને પોતાનું અસ્તિત્વ શોધવું છે. અસ્તિત્વની આ શોધમાં નીકળી પડેલા ત્રણેય જણાના રસ્તામાં સવાલોની સાથે સાથે સંબંધો અને સત્યો એવી રીતે સેળભેળ થઈ જાય છે કે ત્રણેય એકબીજામાં ગૂંથાઈને એકસાથે જીવવા મજબૂર થઈ જાય છે. સમય સાથે વહેતી સંબંધોની સંવેદનશીલ નવલકથા.

લીલું સગપણ લોહીનું

શૈલરાજ અને સિકંદર... લોહી એક ને સગપણ કાંઈ નહીં! વેરમાંથી વહાલ સુધીના વિસ્તૃત પ્રવાસની વેદના એક પછી એક એવા વળાંક લે છે જેમાં માણસના માણસ સાથેના સંબંધની એક સુંદર વાર્તા સર્જાય છે. 'સંદેશ'ના પાના ઉપર વાચકોની સાથે વહેતી રહેલી નવલકથા.

સત્ય-અસત્ય (પ્રકાશ્ય)

બિનજરૂરી રીતે ફક્ત શોખ માટે કે વાતને ટાળી જવા માટે જૂઠું બોલતો સત્યજીત... પ્રિયંકા અને આદિત્યની આ પ્રણયકથા સાવ જુદી રીતે આકાર પામે છે. કૃષ્ણએ મહાભારતમાં કહ્યું હતું, 'મિથ્યા અને અસત્ય વચ્ચે તફાવત છે.' સત્યજીતના સત્ય અને અસત્યને એકબીજા સાથે તાણાવાણામાં ગૂંથીને સર્જાતી એક આગવી સંવેદનશીલ નવલકથા.

સન્નાટાનું સરનામું

અહીં બધાં જ પાત્રો પોતે જ પોતાની દયા ખાય છે... પોતાના દુર્ભાગ્ય પર અફસોસ કરે છે, પોતાના અભાવ સાથે એકાકાર થઈને જીવે છે.

ખાલીપો એમનું ભાગ્ય છે, વિફળતા એમની નિયતિ! અહમ્ અને સ્વમાન વચ્ચેની ભેદરેખા ઓળંગીને બહાર નીકળી જતી સ્ત્રીનાં સંવેદનોની એક એકલવાયી કથા.

ચહેરા પાછળ ચહેરો

એક સુપરસ્ટારની જિંદગી પર પીએચ.ડી. કરવા નીકળેલો યુવાન સપડાય છે એક થ્રિલરમાં. અંડરવર્લ્ડ ડૉન અને ફિલ્મ સ્ટાર દીકરીની વચ્ચેના વમળમાં અટવાતા એક

ગુજરાતી યુવાનની જિંદગીમાં આવતા ઉતાર-ચડાવની કથા.

શુક્ર-મંગળ

પાને-પાને જકડી રાખતી, સંબંધોનાં સમીકરણોને ઉથલાવી-પલટાવી અને વેરવિખેર કરી નાખતી અંડર વર્લ્ડ સાથે જોડાયેલા વેર અને પ્રણયની એક જબરજસ્ત થ્રીલર.

પૂર્ણ-અપૂર્ણ (ભાગ 1-2)

જેમ માણસથી ભૂલ થાય એમ ક્યારેક સર્જનહાર પણ ગૂંચવાઈ જતો હશે. પુરુષની પૂરેપૂરી માનસિકતા ધરાવતું સ્ત્રીનું શરીર કે સ્ત્રીની સંપૂર્ણ માનસિકતા અને નજાકત ધરાવતું પુરુષનું શરીર બહુ નવાઈની વાત નાથી. આપણા સમાજનો, આપણી દુનિયાનો અને આપણે જ્યાં શ્વાસ લઈએ છીએ એ જ જગતનો હિસ્સો છે, આવા લોકો. `ગુજરાતીમાં કશું નવું લખાતું નથી, રીસર્ચ થતું નથી.'નાં મહેણાંને ટાળીને લખાયેલી એક ટ્રાન્સસેક્સ્ક્સ્યુઅલ વિષયની નવલકથા.

દરિયો એક તરસનો

માનસશાસ્ત્રના પ્રશ્નો પર નવલકથાઓ ગુજરાતી ભાષામાં ઓછી લખાઈ છે. 'પર્સનાલીટી ડિસઓર્ડર' ઓછાવત્તા અંશે બધામાં હોય છે. 'દરિયો એક તરસનો' વિક્ષિપ્ત-વિખંડિત-વિખરાયેલાં વ્યક્તિત્વોની એક એવી જીગ્સો છે જેના કેટલાક ટુકડાઓ ખોવાઈ ગયા છે. આપણી ઇચ્છા અને સંબંધના સત્ય વચ્ચેની ખાલી જગ્યા એટલે 'દરિયો એક તરસનો'.

ધુમ્મસને પેલે પાર

અમેરિકાની ભૂગોળ ખૂંદવાની સાથે સાથે માણસના મનની ગલીઓમાં ભટકતાં ભટકતાં સર્જાયેલી આ નવલકથા મારા હૃદયની ખૂબ નજીક છે. છેલ્લા દસ-બાર મહિનામાં તમામ જાહેર કાર્યક્રમોમાં મને એક પ્રશ્ન અચૂક પુછાતો રહ્યો, 'આ કલ્યાણી એટલે તમે જ?' 'આ કલ્યાણીના પાત્રમાં તમે ક્યાંક તમારી જાતને જુઓ છો?' અનેક વાચકો પત્રો-ઈમેલ્સ અને એસએમએસ અને ફેસબુક દ્વારા મારામાં—કાજલ ઓઝા વૈદ્યમાં કલ્યાણીને—તો કલ્યાણીમાં લેખક કાજલને શોધતા રહ્યા...

નવલિકા

સંબંધ તો આકાશ

સ્ત્રી-પુરુષના સંબંધોને આવરી લેતી બાર ટૂંકી વાર્તાઓ, જેમાં મા-દીકરાથી શરૂ કરીને લગ્નેતર સંબંધ સુધીના આકાશને કલમથી આંબવાનો એક સંનિષ્ઠ પ્રયાસ પ્રત્યેક વાર્તામાં વિસ્તરે છે.

કાજલ ઓઝા વૈદ્યની વાર્તાઓ

આ ટૂંકી વાર્તાઓનો બીજો સંગ્રહ છે. ત્રણ લઘુનવલ અને બીજી ટૂંકી વાર્તાઓ સાથે આ સંગ્રહમાં જુદા પ્રકારની, જુદા અવાજની ટૂંકી વાર્તાઓ સંકલિત કરવામાં આવી છે.

હાર્ટબ્રેક પછીની એક સવાર

જુદાં જુદાં સામયિકોમાં લખાયેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ.

કવિતા

શેષયાત્રા

એકમાત્ર કવિતાસંગ્રહ, જે મનની પીડામાંથી ઉદ્ભવતી સ્ત્રી-સંવેદનાની કવિતાઓને ઉજાગર કરે છે.

નાટક

પરફેક્ટ હસબન્ડ

`વાત એક રાતની' અને `પરફેક્ટ હસબન્ડ' — ગુજરાતી ભાષાનાં બે એવાં નાટકો, જે રંગમંચ પર ધૂમ મચાવી ચૂક્યાં છે.

નિબંધો — લેખો

સર્ચલાઇટ

આ લેખો અણસમજમાંથી પ્રગટેલી એક એવી સમજ છે, જે કદાચ કોઈના અંધરાઈ રહેલા રસ્તાઓ ઉપર પ્રકાશ પાથરીને એમને દિશા બતાવી શકે. આ લેખો 'ફૂડ ફોર થોટ' છે, વિચાર માટેનું અમૂલ્ય ભાથું...

એકબીજાને ગમતાં રહીએ

'સંદેશ'નાં પાનાં ઉપર 'સંબંધોનાં સમીકરણ' નામે ઉકેલાતી રહેલી સમસ્યાઓનો એક એવો સંગ્રહ, જે સુખી થવાની નાની નાની ફોર્મ્યુલાઝ તમારા સુધી લઈને આવે છે. ગુજરાતી ભાષામાં પ્રેમ અને પરિણયની છણાવટ કરતો પહેલો મૌલિક લેખસંગ્રહ.

મોસમ એકબીજાની...

જિંદગીના દરેક તબક્કે આપણે જે ઇચ્છીએ તે આપણને નથી મળતું એ સત્ય સહુ સમજે છે. વાતચીતમાં કે સલાહ દરમિયાન આ સત્યનું આપણે પુનઃઉચ્ચારણ પણ કર્યા કરીએ છીએ, તેમ છતાં આ સત્ય સ્વીકારતા નથી! માણસમાત્રને શોધ છે 'સાચા પ્રેમની'... 'સાચા સંબંધની'... શબ્દમાં વ્યક્ત થતી દરેક લાગણી સાચી નથી હોતી અને દરેક સાચી લાગણી શબ્દમાં વ્યક્ત થઈ શકતી નથી આટલું સમજી લઈએ...સ્વીકારી લઈએ તો કદાચ 'એકબીજાને ગમતાં રહીએ'. આ પુસ્તક 'દિવ્ય ભાસ્કર'ની 'મધુરિમા' પૂર્તિમાં પ્રકાશિત થતી કોલમ 'એકબીજાને ગમતાં રહીએ'ના લેખોનો સંગ્રહ છે.

સ્નેહ એકબીજાનો...

આ લેખો સાથે જીવવામાં મદદ કરે છે! કોઈ પણ બે માણસોને સાથે જીવવા માટે જે સમજદારી, સ્નેહ કે સરળતાની જરૂર પડે એ બાબતોને પોતાની અંદર રોપવામાં કે

ઉગાડવામાં આ લેખો મદદ કરી શકે એવો પ્રયાસ કરવામાં આવ્યો છે. સંબંધો બાંધવા સહેલા છે, નિભાવવા અઘરા છે અને ટકાવવા તો એથીયે અઘરા છે. આ લેખો એવો પ્રયાસ કરે છે કે બને ત્યાં સુધી એકબીજાને પ્રેમ કરતી બે વ્યક્તિઓ એકબીજાથી દૂર ન થાય અને જો દૂર થવાનો નિર્ણય કરે તો પણ એમની વચ્ચે એક મિત્રતા કાયમ રહી શકે.

સમજણ એકબીજાની...

જિંદગીના દાખલામાં રીતના માર્ક બધાને મળે જ છે, પણ તાળો મળે ત્યારે જ દાખલો સાચો કહેવાય છે... કેટલાકની જિંદગીમાં તાળો મેળવવાનો સમય વીતી જતો હોય છે, તો કેટલાકને પોતાની ભૂલ એવા સમયે સમજાય છે જ્યાં દાખલો ફરીથી ગણવાની તક હજી બાકી હોય છે... 'એકબીજાને ગમતાં રહીએ' એ એક એવી કોલમ છે જ્યાં દાખલાની રીત વિશે ચર્ચા કરવાને બદલે સાચો તાળો મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવાનું મેં નક્કી કર્યું છે!

સાથ એકબીજાનો...

ક્યાં ખાડો છે, ક્યાં ટ્રેપ છે, ક્યાં ફસાઈ શકાય અને ક્યાંથી સરળતાથી નીકળી શકાય... ક્યાં રસ્તો બંધ છે અને કયા રસ્તે જિંદગી સહેલાઈથી સામે મળી શકશે એવી સાદી વાતો 'વામા' (જન્મભૂમિ, ફૂલછાબ, કચ્છમિત્ર)ના આ લેખોમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે. આ કોઈ એક સ્ત્રી કે પુરુષને ઉદ્દેશીને લખાયેલા લેખો નથી, આ બે વ્યક્તિઓના સંબંધોમાં પડતી ગૂંચને ઉકેલવાના સહજ અને સાદા પ્રયાસોની એક નોંધપોથી છે.

સુખ એકબીજાનું...

'વામા', 'પ્રાણવાયુ' અને 'મધુરિમા'ની સાથે સાથે લખાતા રહેલા લેખોમાંથી પસંદ કરેલા કેટલાક લેખોનો સંગ્રહ. ખરું પૂછો તો સુખ એક દોઢ ફૂટ દૂર જ સમાંતર ચાલતું હોય છે, તમારી રાહ જોતું, તમે એને હાથ લંબાવીને અડી લો — અવાર-નવાર એ માટે સતત તૈયાર ટુકડે ટુકડે ને ટીપે ટીપે માણી લેવાનું સુખને, આખેઆખું સુખ પાણીપુરીની જેમ કોઈ તૈયાર કરીને આપે ને તમે મોઢામાં મૂકીને એનો સ્વાદ લો એવું શક્ય જ નથી. આપણા બધાનો પ્રોબ્લેમ એ છે કે, આપણને સુખ સતત જોઈએ છે, એક સરખું — અવિરત અટક્યા વગરનું, મશીનની જેમ ચાલવું જોઈએ સુખ! સુખ એટલે આ પળ....સુખ એટલે હમણાં મળ્યું તે!

સત્ય એકબીજાનું...

સત્યને અનેક પરિમાણ છે. દસ દિશામાં ફેલાયેલા આકાશ જેવું અસ્તિત્વ છે એનું. પોતાપણામાંથી શરૂ થઈને પોતાના જ હોવામાં પૂરું એવું એક અસીમ, અનાદિ, અનંત અસ્તિત્વ... સત્યની શોધ જ્યાંથી શરૂ થાય છે ત્યાં જ પૂરી થાય છે! માણસની જિંદગીનાં બે સત્યો ક્યારેય બદલાતાં નથી — એક જન્મ અને એક મૃત્યુ. ખરેખર તો આ બંને બિંદુઓની વચ્ચેનો પ્રવાસ એટલે 'જિંદગી'.

શ્રદ્ધા એકબીજાની...

આપણે જેટલી વાર કહીએ કે હું ખુશ છું, મજામાં છું, સ્વસ્થ છું – એ દરેક વખતે આપણે એ સાંભળતા હોઈએ છીએ. સાંભળેલી વાત મનમાં રજિસ્ટર થાય છે. એ રજિસ્ટ્રેશન સમયસમયાંતરે રિકોલ અને રિમાઇન્ડ થાય છે. આ રિમાઇન્ડર્સ કે રિકોલ થવાની પ્રક્રિયા આપણને ખરાબ સમયમાં 'પોઝિટિવિટી' તરીકે મદદ કરે છે.

મરજી એકબીજાની...

ઘણી વાર એવું બને કે આપણી નજર સામે પડેલી વસ્તુ પણ આપણને ન દેખાતી હોય. આપણે બધું જ ઊથલપાથલ કરી નાખીએ તેમ છતાં આપણને એ વસ્તુ ન દેખાય, પણ બીજો માણસ આવીને તરત જ આપણને એ વસ્તુ શોધી આપે. હું કદાચ આવો જ પ્રયત્ન કરું છું. બધું જ ઊથલપાથલ કરી નાખ્યા પછી પણ મારા વાચકને સામે જ પડેલું જે સુખ અથવા શાંતિ અથવા મૌન અથવા એકાંત અથવા સમજ નથી દેખાતી, એ હું દાખલ થઈને એમના હાથમાં મૂકી આપવાનો પ્રયત્ન કરું છું.

સંગાથ એકબીજાનો...

બે જણાંને એક જ દિશામાં જવું હોય અને સાથે સાથે ચાલી નીકળે એને 'સંગાથ' કહેવાય. આ સંગાથ એટલે સધિયારો, આ સંગાથ એટલે સલામતી, આ સંગાથ એટલે સાથે સાથે રસ્તો કાપવાની સાઝેદારી. આ પુસ્તકનું નામ 'સંગાથ' એટલા માટે છે, કારણ કે આ 'એકબીજાને'... મણકાનું દસમું પુસ્તક છે. કહેવાય છે કે દરેકનો 'દસકો' આવે છે. એ દસકામાં માણસ શ્રેષ્ઠ આપે છે ને શ્રેષ્ઠ પામે છે.

સંવાદ એકબીજાનો...

આજના સમયમાં કમ્યુનિકેશનનાં સાધનો બહુ વધ્યાં છે. બધાં કહે છે કે દુનિયા નાની થઈ ગઈ છે. ગ્લોબલી લોકો એકબીજાની નજીક આવ્યા છે, પણ એક વાર ફરી વિચારીએ તો સમજાય કે ખરેખર મન એકબીજાથી દૂર થઈ ગયાં છે. જેને ગઈ કાલ સુધી શેરીના નાકે રોજ મળતા હતા એને વૉટ્સઍપ કરીને બર્થડે વિશ કરીએ છીએ આપણે? પતિ-પત્ની એક જ ઓરડામાં બેસીને પોતપોતાના મોબાઇલ પર, પોતપોતાના મિત્રો કે સ્વજન સાથે વાત કરે છે, ને એકબીજા સાથે વાત નથી કરતા. આવું થાય છે? સંતાન અને માતાપિતા પોતપોતાના રૂમમાં પોતપોતાનાં ટીવી જુએ છે... ડાઇનિંગ ટેબલ પર સંતાન એના વૉટ્સઍપમાં અને પિતા એના બિઝનેસમાં બિઝી છે? તો સંવાદ ક્યાં છે? આ પુસ્તક 'સંવાદ એકબીજાનો' મારા વાચકના હાથમાં પહોંચે ત્યારે ભીતરના સંવાદની સાથે, સ્વજન સાથેનો સંવાદ પણ સાધી શકે એવી મારી શુભેચ્છા છે.

શબ્દ એકબીજાનો...

આપણે સામાન્ય રીતે સાંભળવા ટેવાયેલા નથી. માત્ર કહેવું જ ગમે છે... હવે જો બંને જણા કહેવાનું જ નક્કી કરે તો કોણ કોનું સાંભળે? જ્યારે સાંભળતા નથી ત્યારે સમજતા પણ નથી... ને સમજતા નથી માટે સંબંધનું મૂલ્ય કરી શકતા નથી. આ પુસ્તક 'શબ્દ એકબીજાનો' આપણી જીભની સાથે સાથે આપણી શ્રવણેન્દ્રિયને પણ જગાડવાનું કામ કરે એવો મારો પ્રયાસ છે. અંગ્રેજીમાં 'ટુ હિયર' અને 'ટુ લીસન ટુ'

આવાં બે ક્રિયાપદ છે. એક સાંભળવું અને બીજું ધ્યાનથી સાંભળવું... હું ઇચ્છું છું કે આપણે સૌ એકબીજાને ધ્યાનથી સાંભળીએ, પછી સમજવા માટે પ્રયત્ન નહીં કરવો પડે એની મને ખાતરી છે.

મન — માઇનસથી પ્લસ

લાગણીનાં બંધનોમાં બંધાતા પહેલાં કે સંબંધમાં પ્રવેશતા પહેલાં સમજવાં જ જોઈએ એવાં કેટલાંક સત્યોની નાનકડી હેન્ડબુક! અપેક્ષાઓના લિસ્ટની બહાર નીકળીને સંબંધને સમજવાની, ફરિયાદોના લિસ્ટને ટૂંકું કરવા માટેની સાવ સરળ, છતાં ખૂબ જ ઉપયોગી એવી નાની નાની વાતોનો એવો સંગ્રહ જે આપણે બધા જ જાણીએ છીએ; જરૂર છે તો માત્ર એને ઓળખીને આવકારવાની.

ગેટ વેલ સૂન

મન સાથે જોડાયેલી કેટલીક સર્વસામાન્ય સમસ્યાઓ વિશેના લેખો. મોટા ભાગના સહુ જે વાતને જાણે છે, પણ સમજી શકતા નથી એવી સાદી વાતોની સમજણપૂર્વક કરાયેલી છણાવટ. નાના-મોટા સહુને ઉપયોગી નીવડે તેવી, સંબંધો સુધારવાની, જિંદગીને વધુ રસપ્રદ બનાવવાની સાવ સરળ ફોર્મ્યુલા. દરેક પ્રકરણ સાથે એક એવું પ્રશ્નપત્ર જેના પ્રામાણિક જવાબો તમને એક નવા અજવાળા સાથે જોડી દેશે.

આઈ લવ યુ...

દરેક વ્યક્તિ ઇચ્છે છે કે એનાં લગ્ન આદર્શ હોય. ભાંગી ગયેલા, તૂટી ગયેલા લાગતા, મૃત:પ્રાય થઈ ગયેલાં લગ્ન પણ ફરીથી નવપલ્લવિત થઈ શકે છે. જરૂર છે થોડી સમજદારીની, થોડા સ્વીકારની, થોડા પ્રયત્નની અને થોડા સમાધાનની. આ પુસ્તક જાદુની લાકડી નથી. અનુભવમાંથી જન્મેલાં સાદાં સમીકરણો છે જે લગ્નને થોડું ખાતર, થોડું પાણી, થોડો તડકો જરૂર પૂરો પાડી શકશે.

મારી મમ્મી, મારા પપ્પા (ભાગ 1-2)

આ પુસ્તક માતા-પિતાના મનમાં એક વિચાર મૂકવાનો પ્રયાસ છે. એવા વિષયો કે વાતો — જેમના વિશે કદાચ એમણે વિચાર્યું જ નહીં હોય એ બધું એમની સામે મૂકીને એક એવો પ્રયત્ન કર્યો છે, જેનાથી માતા-પિતા અને બાળકની વચ્ચે એક સંવાદ-ડાયલોગ સર્જાઈ શકે. બહુ મોડું થઈ જાય એ પહેલાં જો સંતાન સાથેના સંબંધોમાં સીરિયસ ઇન્વેસ્ટમેન્ટ કરવામાં આવે તો જિંદગીનાં પાછલાં વર્ષોમાં મળતું સ્નેહ, સન્માન અને સલામતીનું પેન્શન છેલ્લા શ્વાસ સુધી અકબંધ રહી શકે છે.

અનુવાદ

પ્રેમની પાંચ ભાષા

ડૉ. ગેરી ચેપમેનના વર્લ્ડ બેસ્ટ સેલર 'ફાઇવ લવ લેંગ્વેજીસ'નો અનુવાદ. તમારા પ્રિયજનને હૃદયની વાત કહેવાનો સાચો અને સરળ રસ્તો.

જીવનસાથી

શોભા ડેના બેસ્ટ સેલર 'સ્પાઉસ'નો અનુવાદ. લગ્નસંબંધો ઉપર લખાયેલું સુંદર પુસ્તક. આ પુસ્તક એવા લોકો માટે છે જે લગ્નના નશાને જીવનભર સાચવી રાખવા માંગે છે

સંકલન

પ્રેમ — ચુંબન — પ્રાર્થના — આંસુ — સ્મિત

ત્રણ ભાષામાં સંકલિત કરાયેલી સર્વપ્રથમ ફોટો બુક. પરિકલ્પના અને સંકલન દ્વારા દૃશ્ય અને શબ્દને નજીક લાવી જીવનના વિવિધ વિષયોને એકબીજા સાથે સાંકળતી ભેટ આપવા લાયક ઉત્તમ પુસ્તિકાઓ.

પત્રો

વ્હાલી આસ્થા

પિતાએ પુત્રીને લખેલા પત્રો એક નાજુક સંબંધના બદલાતા રંગોને આલેખવાનો પ્રયાસ છે. સ્ત્રીલેખકે લખ્યા હોવા છતાં આ પત્રો એક પિતાના હૃદયની લાગણીઓને વર્ષોવર્ષ વાચા આપે છે. 7થી ૨૫ વર્ષની ઉંમર સુધી પુત્રીને સંબોધીને લખાતા પિતાના આ પત્રોમાં દરેક પિતાએ પોતાની પુત્રીને કહેવાની વાતો છે.

પ્રિય નમન

લગ્નની પહેલી એનીવર્સરીથી પચ્ચીસમી એનીવર્સરી સુધી પતિ-પત્નીના એકબીજાને લખાતા રહેલા પત્રો. જે સંબંધોનાં સત્યોથી શરૂ કરીને અપેક્ષાઓની પીડા સુધી વિસ્તરે છે. લાગણીઓના એવા તાણાવાણા જેમાં દરેક વાચક પોતાના લગ્નજીવનનું પ્રતિબિંબ તો નિહાળી જ શકશે, પરંતુ ક્યાંક પોતાને પ્રશ્નો પૂછીને પરિસ્થિતિ સુધારી શકશે તો ક્યાંક સંવેદનાઓના પ્રવાહમાં વહેતાં વહેતાં પોતાનાં વીતેલાં વર્ષોમાં ભીંજાશે પણ ખરાં.

તને, જિંદગી...

જિંદગીને સંબોધીને લખાયેલા એવાં પત્રો જેમાં આપણાં સૌની જિંદગીને ક્યાંક ને ક્યાંક વણી લેવાઈ છે. સ્વયં સાથેનો સંવાદ છે આ પત્રોમાં. 'હું'ને બદલે 'અમે' વાપર્યું છે એનું એકમાત્ર કારણ એ છે કે આ વાત ક્યાંક ને ક્યાંક, કોઈક ને કોઈક રીતે સહુને સ્પર્શે તેવી વાત છે. મહિનાના ત્રીસ દિવસના ત્રીસ પત્રોમાંથી કોઈ પણ એક પત્ર ખોલીને વાંચવામાં આવે તો એમાંથી એકાદ વાક્ય તો એવું મળી જ આવે, જેની સાથે વાંચનારનો અંગત સંબંધ સ્થપાઈ જાય.

ઓડિયોબુક

તારા ચહેરાની લગોલગ

આદિત્ય, નીશા અને આકાશ એકબીજાંની સાથે ફક્ત પત્રોમાં વાત કરે છે... એકબીજા સુધી પહોંચવાના પ્રયાસમાં એક ન સમજાય તેવી અસમંજસતા સર્જાય છે.

એકબીજાને લખાતા પત્રોમાંથી સર્જાતો એક ઝંઝાવાતી પ્રણયત્રિકોણ.

પ્રેમપત્રો

અહીં એક એવો અંગત સંવાદ જાહેરમાં વંચાયો છે, જે આપણા બધા માટે સાવ જાણીતો સંવાદ છે. બંધ આંખે કે ટોળાની વચ્ચે એકાદ ક્ષણ માટે એકલા પડીને આપણે બધાએ આ સંવાદ અનુભવ્યો છે. અહીં લખાયેલાં ગીતો સાચા અર્થમાં યુગલગીતો છે. બે જણાંના કંઠે ગવાતાં એવાં ગીતો, જેમાં બે જણાની વાત કહેવાઈ છે.


CYGNET GROUP


eશબ્દ
indian-ebooks